એચ. પી. બી. થિઓસોફિકલ પ્રોપેગેન્ડા સીરીઝ. નં૦ ૩

गुप्तज्ञान संहिता.

ભાષાંતર કરી રચનાર

થિઓસોફિકલ સોસાયટીનો એક સભાસદ.

પ્રગટ કરનાર

એચ. પી. બી. થિઓસોફિકલ પ્રોપેગેન્ડા સોસાયટી.

सत्यात् नास्ति परो धर्मः ।

"દેશી મિત્ર" પ્રેસ સુરત.

કીંમત ૧૨ આના.

અનુક્રમણિકા.

ખંડ ૧.

પ્રવેશક.

ખંડ ૨.

વિશ્વોત્પત્તિ.

ખંડ ૩.

મનુષ્યોત્પત્તિ.

પ્રસ્તાવના.


ઇ૦ સ૦ ૧૮૭૫માં **તત્વ વિવેચક સભા** (થિયોસોફિકલ **મંડળી**) સ્થાપવામાં આવી ત્યાર પછીના બે દાયકામાં સભાના મૂળ સ્થાપક **મૅડમ બ્લાવાત્સ્કીએ** એકેક કરતાં કીમતી **અનેક** ગ્રંથો બહાર પાડ્યા, **પરંતુ** તે સર્વે ગ્રંથો ઈંગ્રેજી ભાષામાં લખાયલા હોવાથી કેટલાક ગુર્જરવાસીઓ તે લખાણોથી માહીત નથી, તે અર્થે આ સાધ્વી શ્રીના "**ગુપ્ત જ્ઞાન**" **નામના** ઉત્કૃષ્ટ **ગ્રંથમાં** જે **જે** વિષયો આર્ય ધર્મને લગતા હતા તે લગભગ સર્વે તારવી કાઢી **આ** પુસ્તક રચી પ્રસીદ્ધ કર્યું છે. તે ઉપરાંત **સભા** તરફથી પ્રગટ થતાં મહાવારી ચોપાનીયાં તથા પત્રોમાંથી **કેટલાક** અગત્યના વિષયોનું પણ અત્રે ભાષાંતર આપ્યું છે. છેલ્લા ખંડમાં "**માર્ગ પ્રકાશિની**" નામના ગ્રંથનું ભાષાંતર **દિવાન બહાદુર શ્રિનિવાસરાવની** ટીકા સાથે આપ્યું છે. **આ પુસ્તકમાં મૂળ** લખાણનો **સહજજ** અંશ છે; લગભગ સર્વે વિષયો **સભાના** જ્ઞાનસિદ્ધ **આગેવાન** મંત્રીઓએ ઈંગ્રેજી ભાષામાં લખ્યા છે, તે ગુર્જર **પ્રજાની** જાણ માટે ગુર્જર ભાષામાં **પ્રગટ** કરીએ છીએ. તે વાંચી જો થોડાક **પણ** ગુર્જરવાસીઓ પોતાના ધર્મનું મહત્વ **અને** ખરૂં સ્વરૂપ પારખતા થશે તો ભાષાંતર કર્તાનો પ્રયાસ સફળ થયો એમ ગણાશે. **છેલ્લે એ** કહેવાનું કે ભાષાને લગતા વિગેરે બીજા સમગ્ર દોષને માટે ક્ષમા ચાહુ છઉં.

અર્પણપત્રિકા.

કૈલાશવાશી પ્રભાત કુંવેરબાઇજી સાહેબ તે સ્વસ્થાન ધરમ્પોરના કૈલાશવાશી રાજાજી સાહેબ માહારાણા શ્રી નારણદેવજી રામદેવજીના કૈલાશવાશી પાટવી કુંવર શ્રી ધરમદેવજીના રાણી સાહેબ ગંગા સ્વરૂપ વાંસદાવાળા શ્રી નંદકુંવર બાસાહેબના કુંવરી થતાં હતાં. એ બાઇજી સાહેબનો જન્મ સા૦ ૧૯૩૪ના જેઠ સુદ ૯ રવીવારે સવારે સાતવાગે થયો હતો. એઓ પોતાના સદગુણી માતાના પ્રયત્નથી તથા પોતાની સંસ્કારવાળી બુદ્ધિથી સારો વિદ્યાભ્યાસ કરી પોતાના સ્વધર્મ ઉપર પુરતું લક્ષ આપતા હતાં, તેમજ એ ધર્મીષ્ટ બાઇજી સાહેબ સ્વધર્માચરણથી તથા પોતાનાં સર્વ ઉપરની માયાથી ધરમપુર તથા મોસાળ પક્ષ વાંસદા રાજ્યોની સદગુણી સ્રીઓને અત્યંત પ્રીય થઈ પડયાં હતાં. એવામાં એ સદગુણી બાઇજી સાહેબને દૈવ ઇચ્છાથી ઝેરી તાવ લાગુ થયો. જે માટે એમના મામા સ્વસ્થાન વાંસદાના રાજાજી સાહેબ માહા રાઉલ શ્રી પ્રતાપસીંહજી ગુલાબસીંહજી મહારાજ સાહેબ તેમજ એમના કાકા સ્વસ્થાન ધરમપુરના રાજાજી સાહેબ માહારાણા શ્રી મોહનદેવજી નારણદેવજી માહારાજ સાહેબ તથા એમના માતુશ્રી તરફથી ઉપાચો કરવામાં તથા ધનનો વ્યય કરવામાં બાકી રાખવામાં આવી ન હતી. પરંતુ ઈશ્વરેચ્છાથી કેટલાક દીવસની માંદગી ભોગવી સંવત ૧૯૫૩ના વઇસાખ વદ૧૩ને વાર સનીને દીવસે પ્રભાત સમયે પોતાના માતુશ્રી, કાકા, મામા, વીગેરે સગાં સંબંધીઓની માયાને દુર કરી સર્વના મનને શોક ઉપજાવતાં છેલ્લા પ્રણામ કરીને પોતાના ઉત્તમ ગુણો તથા સ્વધર્માચરણ જન્ય પુન્યને માત્ર સાથે લઇ કીર્તીરૂપ શરોર કાયમ રાખી કૈલાશવાશી થયાં. આ વખતે એમની ઉમર ૧૯ વર્ષની હતી. એમને હમેશ પોતાની બહેનપણી સ્રીઓને ધર્મ વીષેની તેમજ સંસારી કેળવણી મળે એવી આતુરતા રહેતી હતી તેથી એમના એ સદગુણો તથા પરમ પ્રેમના સ્મર્ણાર્થે એમના માતુશ્રી ગંગા સ્વરૂપ શ્રી નંદકુંવર બા સાહેબના આશ્રય હેઠળ આ "गुप्तज्ञान संहिता" નામનો લઘુ ગ્રંથ અર્પણ કર્યો છે.

છેવટે ઇશ્વર પાસે હમારી એજ પ્રાર્થના છે કે આ જ્ઞાનોન્નતી અર્થે બહાર પડેલું પુસ્તક વાંચવાથી અધ્યાત્મીક મંડળના જીજ્ઞાસુઓને જે કંઇ આનંદ થાય, બોધ મળે અને સ્વધર્મમાં પ્રીતી બંધાય તેથી થતું, સઘળું પુન્ય તે કૈલાશવાશી પ્રભાતકુંવર બાઇજી સાહેબને ઇશ્વર અર્પણ કરો.

ભાષાંતર કર્તા.



ૐ

ખંડ ૧

પ્રવેશક.

ધર્મરાજા યુધિષ્ઠિરના સનેની હાલ ૫૧મી સદી ચાલે છે. શ્રી કૃષ્ણને સ્વધામ ગયાને લગભગ પાંચ હજાર વર્ષ પૂરાં થવાં આવ્યાં છે. કળીયુગનો આ રીતે પેહેલો હફતો પૂરો થાય છે. આ લાંબા કાળમાં આ હિંદ દેશ શા શા વિટંબણામાંથી પસાર થયો છે, કેવા કેવા ત્રાસ તે ઉપર વર્તિ રહ્યા છે! ઇતિહાસ કર્તાને અને કોઇ પણ ગંભિર વિચારક માટે આ પાંચ હજાર વર્ષનું ચીત્ર અજબ આકર્ષણ ધરાવે છે. કહેવાય છે કે શ્રી કૃષ્ણના સ્વધામ પધાર્યા પછી કળીયુગનો આરંભ થયો. પરંતુ તે અગાઉથીજ તેની છાયાથી હિંદ દેશ છવાઇ ગયો હતો, કુરૂ અને પાંડવનું મહા યુદ્ધ મચી રહ્યું હતું, સગાં સગાંઓમાં, પિત્રાઇ પિત્રાઇઓમાં, રાજ્ય લોભ અને લક્ષ્મીલોભ અર્થે અતી ઘોર અને ઉગ્ર વૈર ઉત્પન્ન થયું હતું, અને તે વૈરે તેમનો લગભગ સમૂળગો નાશ આણી મેલ્યો હતો. ધર્માવતાર અને ધર્મરાજા એવા યુધિષ્ઠિરનામાં પણ સેહજ અધર્મનો આભાસ દીસતો હતો. તે સમયને હાલ પાંચ હજાર વર્ષ થયાં છે, અને કળીયુગની છાયા ધાડી ને ધાડી થતી ચાલી આ દેશને શી અવસ્થામાં લાવી મેલ્યો છે તે તો આપણને પ્રત્યક્ષ નજરે પડે છે.

હિંદની આગલી સ્થિતિ કેવી હતી? લોકો ઐકયતા અને સંપથી સુખી રહેતા હતા. કુદરતને અનુસરીને તેઓ ચાર વર્ણ—ચાર વિભાગમાં વહેંચાઇ ગયા હતા. બ્રાહ્મણો તત્વજ્ઞાન અને આત્મજ્ઞાનનો શ્રદ્ધા અને ઉત્સાહથી અભ્યાસ કરતા, અને યોગ્ય પુરૂષોને તે ઉત્તમ જ્ઞાનનો બોધ અને ઉપદેશ દેતા. ક્ષત્રીઓ રાજ્યનીતિ અને યુદ્ધકળામાં કુશળ હતા. વૈશ્યો વ્યાપાર અને ખેતીમાં રોકાયલા રહેતા. અને શુદ્રો આ ઉપલા ત્રણે વર્ગની ભક્તિથી સેવા કરતા. આ વિભાગો કુદરતના કાયદાને અનુસરીને પાડેલા હતા, અને જ્યાં સુધી આ ચાર વિભાગો સ્વચ્છ હાલતમાં જળવાઇ રહ્યા, ત્યાં સુધી દેશમાં વ્યવસ્થા, જ્ઞાન, સંપ અને સુખ એ

સર્વે જળવાઇ રહ્યાં હતાં પણ જ્યારથી આ ચાર મૂખ્ય વર્ણમાં ભેદ પડવા માંડયા, જ્યારથી આ ચાર વર્ણની વાજબી અને નિયમીત હદ ભાંગી પડી, ત્યારથી લોકોમાં અવ્યવસ્થા, અજ્ઞાન, દુઃખ, કુસંપ અને કંકાસ, અને અનાચાર પ્રસરી રહ્યા. ચાર વર્ણને બદલે હાલ તો કાંઇ સેંકડો બલકે હજારો ન્યાતો ઉભરાઇ જાય છે; એટલુંજ નહીં પણ આ ન્યાતો તો કાંઇ અનેક તડાંઓમાં વહેંચાઇ ને અનેક ઉપન્યાતોને જન્મ આપે છે. આ સઘળું શું દેખાડે છે ! એટલુંજ કે અજ્ઞાન વધતુંજ જાય છે; કુસંપ પણ વધતોજ જાય છે; અને દેશના ભવિષ્ય માટે સારી આશાઓ બાંધવી મિથ્યા ભાસે છે. સંપ અને ઐકયતાથી પ્રજાનો ઉધ્ધાર થાય છે, અને દેશ ઉન્નતિ પામે છે, લોક સુખમાં રહે છે. અનેક ન્યાતો અને અનેક તડાંઓમાં વહેંચાઇ જવાની વધી પડેલી વલણુથી અજ્ઞાન વધી પડયું છે. લોકોમાં તરેહવાર મત અને વહેમ જડ ઘાલી બેઠા છે. તેમના આચાર વિચારમાં દુષ્ટ અને વિચિત્ર ફેરફાર થયા છે. સ્ત્રી કેળવણી પણ ઘણે ઠેકાણે વગોવાય છે. જ્યાં સ્ત્રી કેળવણીની અછત, ત્યાં નીતિમય ઘર કેળવણીની આશા કયાંથી રખાય ? પૂર્વે માતાઓ પોતાના બાળકોને કેવી રીતે ઉછેરતી અને ઉપદેશ દેતી તેનું ચિત્ર ઇતિહાસ અને પુરાણોમાં મળી આવે છે. આ અજ્ઞાનથી સંસારમાં પણ સડો પેઠો છે. વિપરીત ક્રૂર રીવાજોથી સંસારના સુખમાં પણ ખલલ પહોંચે છે અનીતીને પૂષ્ટી મળે છે. જ્યાં સુધી સંસારની આ સ્થિતિ ચાલુ રહેશે, જ્યાં સુધી સંસારમાં પેસી ગયલો સડો સમૂળગો નાશ પામશે નહિ, ત્યાં લગી દેશ સુધારાને એક ભારે અને કઠણ અટકાવ નડતો રહેશે.

દેશી પ્રજા અને દેશી રાજા એ બંનેનો અરસપરસ સંબંધ કેવો છે? 'રાજા' એ શબ્દજ કેવો હલકો થઇ પડયો છે, ને કેવાં હલકાં વિશેષણરૂપે વપરાય છે ? આજ બતાવે છે કે લોકોમાં આ વર્ગ વીશે કેવું હલકું મત બંધાયલું છે. જે ઉત્તમ તથા કલ્યાણકારી રાજ્યનીતિ ધર્મશાસ્ત્રમાં દર્શાવી છે તેથી આ વર્ગ બીલકુલ બેનસીબ રહયો છે. અને હાલ તો તેમને નવીન ભાષામાં કાંઇ નવીન કેળવણી મળે છે, જે દુર્ભાગ્યે એટલી તો અધુરી અને કાચી હોય છે કે તેથી કાંઇ પણ લાભ થવાના કરતાં ઉલટો વધુ ગેરલાભ ઉત્પન્ન થાય છે ધર્મશાસ્ત્રમાં જે રાજધર્મ પ્રગટ કર્યો છે તેનો જો સંપુર્ણ અભ્યાસ કરાવ્યો હોય તો આ વર્ગથી દેશને અગણિત ફાયદા થાય. કેમકે આ રાજ્યનીતિના નિયમો દેશનાજ મહાન પુરૂષોએ રચ્યા છે; તે દેશને, લોકને, અને તેમના આચાર વિચારને અતિ અનુકુળ છે; અને ઘટે છે કે આવી ઉત્તમ રાજ્યનીતિની કેળવણીનો લાભ તેમને મળવો જોઇયે.

જે રીતે હાલ લોકો સંસાર ચલાવે છે તે વીશે જ્યારે વિચાર કરીએ છીયે, તો તેથી આપણને ખુશી થવાને કાંઇ કારણ મળતું નથી. પૂર્વે લોકોએ પોતાના જીવન કાળના ચાર સુતરા અને સાદા વિભાગ પાડયા હતા. તે ચાર આશ્રમો માણસની સર્વ શારીરિક, માનસિક અને આત્મિક શક્તિઓને ઘટીત અગત્યતા અને પુષ્ટી આપતા હતાં.

પ્રથમ પચ્ચીશ વર્ષ સુધી બ્રહ્મચારી રહીને સર્વ પ્રકારનું જ્ઞાન સંપાદન કરવામાં આવતું હતું, અને શરીર તથા મનની તેમને સંપૂર્ણ કેળવણી મળતી હતી. જ્ઞાની અને સદાચારી ગુરૂઓથી શિષ્યો સ્વચ્છ જ્ઞાન અને શુભ અને શુધ્ધ આચાર મેળવતા હતા. ધર્મનીતિ તો

આ કેળવણીનો પાયો હતો, તેથી લોકો ધર્મિષ્ટ, જ્ઞાનવાન અને નીતિવાન રહેતા હતા. જ્યારે આ કેળવણી પુરી થતી ત્યારે જેઓની વલણુ સંસારી જીંદગી પ્રત્યે રહેતી, તેઓ સંસાર માંડીને ગૃહસ્થાશ્રમના ધર્મ બજાવતા હતા. પોતાને લાયકને ઉદ્યમ કરીને પોતાના કુટુંબનું પોષણુ કરતા અને બીજા આશ્રમો પ્રત્યે પોતાની સર્વે વાજબી ફરજો અદા કરવામાં આતુર રહે 'તા. ગ્રહસ્થાશ્રમ માંડવામાં મહા જોખમો સમાયલાં છે; ભવિષ્યની પ્રજાનો તે ઉપર આધાર રહેલો છે; અને તેવા ભારે જોખમવાળા આશ્રમ માટે તેઓ પોતાની આગલી બ્રહ્મચારી તરીકેની પચ્ચીશ વર્ષ સુધી લીધેલી અનેક રીતની કેળવણીથી યોગ્ય થતા હતા. આ ભાર અને જોખમ તેમને માથે પચ્ચીશ વર્ષ સુધી રહેતાં હતાં. ત્યાર પછીના પચ્ચીશ વર્ષ સુધી તેઓ વાનપ્રસ્થ અવસ્થા ધારણુ કરીને વનવગડામાં કાળગમન કરતા હતા, સંસારથી વેગળા રહેતા ને સંસારથી મન વિરક્ત કરતા. પચ્ચીશ વર્ષ આ આશ્રમમાં ગાળીને તેઓ અંતે સન્યસ્ત ગ્રહણુ કરતા, સંસાર સાથેના સર્વ સંબંધથી અલગા થતા અને જે માટે મનુષ્ય માત્રે અત્રે જન્મ લીધો છે તે સર્વોત્તમ કાર્ય સાધવાને અતી ગાઢ પ્રયત્ન કરતા,- તેઓ આત્માનું ચિંતન કરતા અને મોક્ષ માર્ગ શોધતા.

માણુસની જીંદગીના આવા સુતરા અને યોગ્ય ભાગ પાડવાથી તેની શારીરિક, માનસિક અને આત્મિક શુધ્ધીપર સરખું ધ્યાન અપાતું હતું, અને તે માટે પુરતી જોગવીઇ મળતી હતી. બ્રહ્મચારી અને ગ્રહસ્થ તરીકે ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગ સ્વચ્છ રીતે સચવાતો હતો; પ્રજા ઉત્પન્ન કરવામાં કામ, કુટુંબનું પોષણુ કરવા માટે અર્થ, અને ધર્મ એ ત્રણેનો ઘટીત ઉપયોગ કરવામાં આવતો હતો, અને કામ અને અર્થ સાધતાં ધર્મના લોપ થતો નહતો. જ્યારે આ પ્રમાણે સંસાર તરફની તેના સર્વે ફરજો અદા થતી, ત્યાર પછીજ તે વાનપ્રસ્થ અને સન્યાસ આશ્રમમાં રહીને મોક્ષ માટે સાધન શોધતા હતો. આ ઉત્તર વયમાં મન વશ રાખી અને જિતેંદ્રિય થઈ તે પરમાત્માનું ધ્યાન ધરતો. હાલમાં પણુ સન્યાસીઓ બહુ મળી આવે છે. પણુ મોટો ભાગ માત્ર ડોળઘાલુઓ અને ઢોંગી ધુતારા હોય છે. ભગવા લુગડાં પહેરતાં અને દંડ હાથમાં ધરતાં કાંઈ વાર લાગતી નથી. પણુ જો કે મોટો ભાગ માત્ર ડોળઘાલુ છે, તોપણુ લોક લાગણી તેમને માટે અજબ માન ધરાવે છે. તેઓ સર્વેનું સન્માન થાય છે, અને ધર્મિષ્ટ લોક આશા રાખે છે કે હજારો ખોટા સન્યાસીને દાન આપતાં કોઇ કદાચ તેઓમાંથી કોઇ ખરો નર નીકળી આવે, અને તેમને કોઇ ખરા સાધુનું દર્શન થાય.

હાલ બ્રાહ્મણો જ્ઞાન મેળવવાનું અને તે શીખવવાનું છોડી દેઇને, બ્રહ્મજ્ઞાનને એક કોરે મુકીને, પરમાર્થ તજીને, સ્વધર્મ ત્યાગ કરીને, માત્ર સ્વલાભ અને સ્વાર્થપર દ્રષ્ટી રાખીને, કોઇક રાજ ખટપટમાં ગુંથાયલા છે, કોઇક શુદ્રશેવામાં રોકાયલા છે, કોઇક રસોઇ કરવાનું કામ લેઈ બેઠા છે, ને બાકીના ભિક્ષા માગતા ફરે છે, અને ભિક્ષા માગવામાં કાંઇક વડાઇ સમજે છે. કોઇક થોડાજ એવા છે કે જેઓ પોતાના અસલ ધર્માચારને વળગી રહી પોતાની યોગ્ય ફરજો બજાવ્યા જાય છે. ભારત અને પુરાણુ વાંચતા માલમ પડે છે કે તે કાળમાં રૂષીઓના આશ્રમો ઠામેઠામ નદીકાંઠે કે પર્વત કે અરણ્યમાં નજરે પડતા, તેમના આશ્રમો યોગ્ય સિંખોથી ઉભરાઇ જતા, વેદઘોષના પડઘા અને યજ્ઞના ધુમાડા ગગને ચહતા ચાલુ રહેતા. પણુ

જ્યારથી લોક સ્વાર્થ અને દુષ્ટ આચરણ પકડતા ગયા, ધર્મપરની આગલી દ્રઢ આસ્થા અને ભાવ શાંત અને કમ થવા માંડયા, રાજાઓ વ્યસની થવા લાગ્યા, કપટ અને કુસંપ, અજ્ઞાન અને અનીતિ વધવા મંડયાં, ત્યારથી આ આશ્રમો પણ વીખરાતા ગયા; ઉજ્જડ થવા લાગ્યા, અને જે ખરા સાધુઓ હતા, તેઓ પોતાનો વાસો ત્યાંથી સદાનો ઉઠાવીને કોઇ ગુપ્ત ગુફામાં કે પર્વતની ખોમાં કે ઘાડા વનમાં વસ્તીથી અતી દુર ગુપ્ત એકાંતવાસ કરવા લાગ્યાં.

હવે હાલના હિંદ દેશ કરતાં પૂર્વે આર્યાવર્ત અથવા આર્યદેશની સીમા હાલ જેમને પારકા દેશ તરીકે ગણીએ છીએ ત્યાં સુધી લંબાતી હતી. અસલ આર્યાવર્તમાં હાલનો હિંદ દેશ, ઇરાન દેશ, તથા મધ્ય એશીયા ખંડનો કેટલોક ભાગ સમાઇ જતા હતા. ઇરાનમાં પણ પૂર્વે રૂષીઓનો વાસો હતો; અને સૌથી વધુ આ મહાન પુરૂષોના મૂખ્ય સ્થાનનો વાસો ટીબેત—પુરાણમાં અને ઇતિહાસમાં જેને ઉત્તરકુરૂ કહે છે—તે તરફ હતો. આ વીશે પુરતી સાબેતી પૂરાણોમાંથી મળી આવશે. હીમવાન એવા અચળ હીમાલયની ખીણોમાં, અને તેની ઉત્તરે આવેલા આ ઉત્તરકુરૂ દેશમાં તેઓ અતી પ્રાચીન કાળથી વસતા આવ્યા છે. અને વળી, વસે છે. રૂષીઓ માત્ર હિંદુ ધર્મનાજ હોવા જોઇએ એ વિચાર બહુ ભૂલ ભરેલો છે; સર્વે વર્ણમાંથી અને સર્વ ધર્મોમાંથી યોગ્ય પુરૂષો સ્વયત્નથી તથા ચિત્તશુદ્ધીથી આ પદ્વી પ્રાપ્ત કરી શકે છે. આ મહત્પદ પ્રાપ્ત કર્યું કે ક્યારે મરવું અને ક્યારે જન્મવું એ તેમની સ્વેચ્છાપર આધાર રાખે છે. માટે તેઓ પોતાના જ્ઞાન અને યોગ સિદ્ધીના બળે એકેક પછી એકેક જન્મ લે છે, અનેક દેશમાં દેખાવ આપે છે, અને જેમ બની શકે તેમ માણસ જાતના કલ્યાણ માટે તત્પર રહે છે; આ રૂષીઓ અને મહા પુરૂષોમાં પણ તેઓના જ્ઞાન અને સિદ્ધીબળ પ્રમાણે અનેક પદ્વીઓ હોય છે; અને કેટલાક પોતાના ઉત્તમ જ્ઞાન અને શ્રેષ્ટ સિદ્ધીના બળે તેમનાપર ઉપરીપણું મેળવી મહાચોહાનો કહેવાય છે. એવા પરમાર્થિ રૂષીઓનું એક મહા મંડળ બનેલું છે, અને તે મંડળના સર્વ બંધુઓ જગતના સુધારા અને કલ્યાણ માટે કાંઈ હજારો વર્ષોથી મંડેલા છે. આ કળીયુગમાં પણ તેઓ હસ્તી ધરાવે છે, અને સર્વે કાળે અને સર્વે દેશમાં અને જુદી જુદી પ્રજાઓમાં કાંઇ પણ પક્ષપાત વગર પોતાથી ફાવે તેમ જોઇતા સહાય અને ઉત્તેજન આપતા રહ્યા છે. કોઇ પુછશે કે "તેઓ આવી મોટી શક્તિ ધરાવે છે ત્યારે પૃથ્વીપર પ્રગટ દેખાવ આપીને દેશને આબાદ કાં નથી કરતા, દુઃકાળનું દુઃખ કેમ નથી ટાળતા, મરકી અને રોગનો ઉપાય સૂચવી તેમનો અટકાવ કેમ નથી કરતા ? પણ આપણને આ યાદ રાખવું જોઇએ કે કર્મના નિયમની વચ્ચે તેઓથી કદી અવાય નહિ. આપણે અનેક અનુભવ અને જ્ઞાન મેળવવાને જન્મ્યા છીએ. તે અનુભવ અને જ્ઞાન આપણાજ પ્રયત્ન અને આપણાજ કર્મનુ પરીણામ હોવું જોઇએ. માટે જ્યારે જગતના મહાન કર્મીક નિયમને હાની ન પુગે અને જ્યાં તેવી રીતે બની શકે તોજ આ પુરૂષો વચ્ચે પડીને કાંઈક ગુપ્ત સૂચનાથી કે કોઇ યોગ્ય સાધનથી અણદીઠ રીતે માણસ જાતને સહાય આપતા રહે છે.*

---

* તેમનું ગુપ્ત રહેવાનું બીજું પણ એક કારણ છે. પદાર્થ કે પ્રાણી માત્રની આસપાસ સૂક્ષ્મ આકાશીક "જ્યોતિ" કે "તેજ" વીંટલાયલું રહે છે, અને આ "જ્યોતિ"માં તે પદાર્થ કે પ્રાણીના ગુણદોષ પોતામાં ખેંચી લેવાની ખાસીયત છે. હાલમાં આપણે જાણીએ છીએ કે માણસો કેવાં દુષ્ટ હોય છે, ત્યારે તેમની "જ્યોતિ"માં કેવી મલિન અસરો સમાયલી છે એ વિચારી લેવું સહેલ છે. આ લીધેજ આ પરમાર્થિ પુરૂષો જો વસ્તીમાં ભળતા રહે તો તેમના પરમાર્થે કામમાં ઉલટી હરક્તો નડયા કરે. તે લીધે આ કળીયુગમાં આવી મલિન અસરોથી દુર રહેવા માટે તેઓ પર્વતોની એકાંત ગુફાઓ કે ખીણોમાં વાસ રાખે છે, અને જ્યારે અતી અગત્ય હોય છે ત્યારેજ માત્ર વસ્તીમાં ભળે છે.

જ્યારથી હિંદમા સસ્કૃત ભાષાને ઓછું ને ઓછું ઉત્તેજન મળતું ગયું, જ્યારથી સંસ્કૃતસાહિત્યના ઓછો ને ઓછો અભ્યાસ થતો ગયો તેમ તેમ આ જરૂરનું થઇ પડયું કે પ્રાકૃત અને દેશી ભાષાઓ મારફતે સાધારણલોકોને તેમની સમજમાં આવે એવી રીતે જે જ્ઞાન અને નીતિ સંસ્કૃત શાસ્ત્રમાં સમાયલાં હતાં તેનો પ્રસાર કરવો. અને તેને લીધેજ આપણે જોઇયે છીયે કે મોટા સાધુઓ જન્મ લેઇને સંસ્કૃત શ્લોકને બદલે દેશી ભાષામાંજ ભજન અને કાવ્યના પુસ્તકો રચીને પોતાથી બનતી લોક સેવા બજાવી ગયા. આ પ્રમાણે હિંદી ભાષામાં તુલસીદાસે રામાયણ ગાયું, સૂરદાસે શ્રી કૃષ્ણ મહીમા વિસ્તાર્યો, કબીરજીએ વૈરાગ્ય અને વિવેક બોધક પદો રચી આપ્યાં; ગુર્જર ભાષાને નરસીંહ મેહતાએ જ્ઞાન અને ભક્તિના પદથી દીપાવી; પ્રખ્યાત એવા તુકારામ બાવાએ કાંઈ સેકડો અભંગો જોડી આપ્યાં; મહારાષ્ટ્રની મરેઠી ભાષામાં જ્ઞાનોબાની જ્ઞાનેશ્વરી જેવો બીજો કયો અપ્રતિમ ગ્રંથ છે? દક્ષીણ હીંદુસ્થાનમાં સંસ્કૃતથી તદન જુદીજ તામીલ અને તેલંગુ ભાષા બોલાય છે ત્યાં પણ જોઇશુ તો જ્ઞાન અને બોધથો ભરપુર એવા ઉત્તમ ગ્રંથો અને કાવ્યો આ મહાન સાધુઓએ લોક કલ્યાણ અર્થે પ્રસીદ્ધ કર્યા છે. આ રીતે હિંદની મૂખ્ય દેશી ભાષાઓમાં જ્ઞાન દર્શાવતા આવા કાંઇક ગ્રંથો પ્રગટ થયા છે. તેમના રચનાર કોણ હતા? કહેવાના જરૂર નથી કે લોકમતે તેમને મહા સાધુ તરીકે ઓળખ્યા છે, ને તેમનુંજ નામ જપે છે, અને તેમનાજ સુવચનો ગોખે છે.

એજ પ્રમાણે યુરોપના ઇતિહાસપર જો બારીક દ્રષ્ટી અને ધ્યાનથી જોઇએ છીએ તો ત્યાં પણ આ પરમાર્થી સાધુઓની હાજરી સ્પષ્ટ ભાસે છે. તેમને મનથી આર્ય અને યવન, શક અને મ્લેચ્છ, એ સર્વે સમાન છે; અને પ્રજાની જેવી સ્થિતિ હોય, જેવો દેશ હોય અને જેવી ભાષા હોય તે સર્વેને અનુકુળ પડે એવા સાધનવડે સૌથી શ્રેષ્ટ જે આત્મવિદ્યા તેનો પ્રસાર કરવાને સદા આતુર રહે છે. યુનાનના તત્વજ્ઞાની પ્લેટો અને પાઇથાગોરાસ (યવનાચાર્ય) મીસરના સીકંદર્યા શેહેરના પ્રસીદ્ધ ભાષ્યકારો જાંબલીકસ, પ્લોટીનસ અને પ્રોકલસ, રોમના ગ્રંથકારો વર્જિલ અને પૉલ્યો, સ્પેન દેશના અરબ ફીલસુફો ઇબ્નરશીદ અને અબુસીના—ઇરાનના સુફીઓ, મવલાના જલાલુદીન રૂમી અને હાફીઝ—જરમનીના આત્મજ્ઞાનીઓ પૅરેસેલસ અને બેહેમન—ફ્રાન્સના ઍલીફાસ અને કાંઉટ માર્તિન, ઇટાલીના બ્રુનો અને ડાવીન્સી વિદ્વાનો, ઇંગલાંડના ડૉકતર ફ્લડ અને ડી—એ સર્વે જ્ઞાની ફીલસુફો અને ગ્રંથકારો અને કવીઓના નામ કામથી સર્વે ભણેલા વર્ગો બીનવાકેફ નથી. આ સર્વે ગ્રંથકારોએ આપણા રૂષીઓ અને સાધુઓની પેઠે લોકોના હીત માટે ઉત્તમ એવું આત્મજ્ઞાન પ્રગટ કર્યું છે, ખરૂં કહેતાં તે સિદ્ધ કરવાને માર્ગ તેમણે દેખાડયો છે. આ જ્ઞાનીઓમાંના કેટલાક ઉપર જણાવેલા ઉત્તરકુરૂમાં વસતા મહાપુરૂષોના મંડળ સાથે ઘાડો સંબંધ ધરાવતા હતા.

દરેક સદીના ઉત્તર ભાગમાં તેઓ તત્વજ્ઞાન અને આત્મજ્ઞાનનો ફેલાવો કરતા હતા અને કરતા રહ્યા છે. તે વીશે યુરોપમાં આ જ્ઞાનના ખાસ અભ્યાસ માટે ઉભી થયેલી કેટલીક મંડળીઓની ઇતિહાસમાંથી નોંધ પણ મળી આવે છે, અને હજુ પણ તેમની કેટલીક શાખાઓ ગુપ્ત રીતે પોતાની હસ્તી ચાલુ રાખી શકી છે. તે મંડળીઓ 'રૉસીક્રૂસ્યન,' 'ઇલ્યુમીનાટી,' 'ફ્રાઈ મેસન,' વીગેરે નામ હેઠળ યુરોપ ખંડમાં પ્રખ્યાત અને પ્રસીદ્ધ છે. પરતું આ સર્વે

મંડળીઓનું કામ કાંઈક ચોકસાઈથી, અતી સંભાળથી અને અતી ગુપ્તપણે લઈ ચલાવવામા આવતું હતું; કેમકે તે કાળમાં યુરોપના લોકો વધારે અજ્ઞાન અને વધારે ધર્માંધ હતા. ખ્રીસ્તી પાદરીઓ સાધારણ લોકથી પણ વધારે ધર્માંધ અને ઝનુની હતા. તેથી આ મંડળીઓને પોતાનું કામ સંભાળ અને સાવચેતીથી લેવું પડતું હતું. પણ આ ચાલુ ખ્રીસ્તી ૧૯મી સદીની શરૂઆતથી યુરોપના ભણેલા લોકોમાં વિચીત્ર ફેરફારો થયા. હિંદ દેશ પણ ઇંગ્રેજી કંપનીને હાથ આવતો ગયો; કેટલાક ભલી લાગણીવાળા ઇંગ્રેજોમાં આ દેશની ભાષા અને સાહિત્ય જાણવાની જીજ્ઞાસા ઉત્પન્ન થઇ; તેઓ પંડીતો પાસેથી સંસ્કૃત ભાષાનું જ્ઞાન લેવા લાગ્યા, અને તે ભાષાનું જ્ઞાન મેળવીને સંસ્કૃત પૂસ્તકોના ઇંગ્રેજીમાં તથા યુરોપની બીજી ભાષાઓમાં ભાષાંતરો પ્રગટ કરવા લાગ્યા. આથી અતી અગત્યની અસરો અને પરીણામો ઉત્પન્ન થયાં. યુરોપના વિદ્વાનો ઉલટથી આ મહા ભાષાની પોતાની ભાષાઓ સાથે સરખામણી કરવા લાગ્યા, અને તેઓએ તુર્ત શોધી કાઢયું કે આ સર્વે ભાષાનું મૂળ સંસ્કૃત ભાષામાં હતું, એટલુજ નહીં પણ તેઓએ આ પણ શોધી કાઢયું કે યુરોપની મૂખ્ય પ્રજાઓ પણ એશીઆ ખંડની આર્ય પ્રજાની માત્ર શાખાઓ હતી. તેઓ સર્વેની મૂળ ભાષા પણ એકજ અને તેમની મૂળ જાતી પણ એકજ હતી. અને ત્યારથી તેઓ સંસ્કૃત ભાષા અને સંસ્કૃત સાહિત્ય પ્રત્યે માનપૂર્વક જોવા લાગ્યા, તેના અભ્યાસ માટે યુરોપની મૂખ્ય પાઠશાળાઓમાં ખાસ વર્ગો અને ખાસ શીક્ષાગુરૂઓ નીમાયા તે વીશેની તેઓની ઉલટ અને ઉમંગ હજુ સુધી ચાલુ રહ્યાં છે.

બીજું આ કે ચાલુ ખ્રીસ્તી સદીની વચમાં યુરોપ અને અમેરીકાના કેટલાક લોકમાં કાંઈક વિચીત્ર દેખાવ દેખાવા લાગ્યા. કાંઇક તેમને વિસ્મય પમાડે એવા બનાવ બનવા લાગ્યા. આપણામાં પ્રેત પિશાચની હસ્તી અસલથી માનવામાં આવી છે; સાધારણ લોકો હજુ માને છે, અને જ્યારે પણ કોઇ માણસને તેના શરીરની કે મનની રોગીષ્ટ હાલતને લીધે તેને પ્રેત કે પીશાચ સાથે સંબંધ થાય છે કે તેઓ તુર્ત તેનો ઉપાય શોધે છે, કોઇ મંત્ર જાણનારને કે ભૂવાને બોલાવે છે અને તુર્ત તે સંબંધ તોડવાના ઇલાજ કરે છે. જેમ હાલના કેટલાક શીખેલા લોકો આ વાતોને હસી કાઢે છે, અને કાંઈ પણ તજવીજ કે તપાસ કર્યા વીના એકદમ તેમને મિથ્યા કે મૂર્ખ વહેમ માને છે, તેમ યુરોપમાં અને અમેરીકામાં પણ શીખેલા વર્ગો આ ભૂત પ્રેતોની વાતને ખાલી વહેમ અને મનની નબળાઈનું પરીણામ માનતા હતા અને હજી પણ કેટલાક એમજ માને છે. ઉપર કહ્યું છે તેમ આ સદીની વચમાં પચાસ વર્ષની વાતપર યુરોપ અને અમેરીકાના લોકો ભૂત અને પ્રેતોને જોવા લાગ્યા; પહેલાં તો તેઓ સર્વે અતી વિસ્મય પામ્યા, પણ જ્યારે તેઓને પોતાના મૃત્યુ પામેલા વાહલાંઓ તથા મીત્રોના આકારો દેખાવા લાગ્યા કે આ પવન આખા દેશમાં ઉડી રહયો. તેઓ આ પ્રેત પીશાચની ખરી હકીકતથી બીનવાકેફ હતા. તેમને જેમ હિંદુસ્તાની જાણતા હતા તેમ ખબર ન હતી કે આ વહેવારમાં કેટલો ગેરલાભ, કેટલી હાની અને કેટલું જોખમ સમાય છે. તેઓ માત્ર પોતાના વહાલાં સગાં કે મિત્રોના આકાર જોઇને છક થઇ ગયા, કાંઈ અજબ હર્ષ તેમના દીલમાં ઉત્પન્ન થયો. હવે તેઓ સમજવા લાગ્યા, અને આ પ્રેત પીશાચો સાથે વાતચીતનો વહેવાર રાખવા લાગ્યા, તેઓ સાથે સંદેશા ચલાવવાની નવી નવી રીતો શોધી

કાઢી, અને આ પ્રેતો તરફથી મળેલા જુદા જુદા સંદેશાના બહુ પુસ્તકો પ્રગટ કરવા લાગ્યા એટલુંજ નહિ પણ તેઓનો એક મોટો પંથ ઉભો થયો, લાખો લોક તે પંથમાં સામેલ થયા, અને "પ્રેતાવાહન મંત્ર માનનાર" એવે નામથી પોતાને ઓળખાવવા લાગ્યા. આ ઉપરથી તે દેશોમાં તરેહવાર ચર્ચા ઉત્પન્ન થઈ, અને કેટલાક ભલા વીદ્વાનો જો કે આ સઘળું તેઓ એક જાતનું દીવાનાપણું અને વહેમ માનતા હતા, તો પણ સચાઇ શોધી કાઢવાને તેઓ સંભાળથી તે વીશે અનેક અખ્તરા અને પ્રયોગ કરવા લાગ્યા, અને તેવીશે અતી બારીક તપાસ ચલાવીને તેઓના સર્વે સંદેહ મટી ગયા, અને તેમની પુરતી ખાતરી થયાથી તેઓએ સાફ દીલથી અને હીમ્મતથી જાહેર કર્યું કે જો આ બાબતમાં કેટલાક ઠગારાઓ લોકોની ઉલટ જોઇ પોતાનું કામ સાધવા તેમને ઠગતા હતા, અને પ્રેતોને નામે ખોટા ઢોંગ કરી બજાવતા હતા, તો પણ આ વાત તો નક્કીજ હતી કે ભૂત પ્રેતોના આકારો ખરેખર જોવામાં આવતા હતા, તેઓ જીવતા માણસો સાથે સંદેશા ચલાવતા હતા, અને કે તે વાત કાંઇ વહેમ ગણી હસી કાઢવા જોગ હતી નહિ, પરંતુ તે વીશે ગંભીરાઇથી તેપર ધ્યાન આપવું જોઇતું હતું. પણ આ વીદ્વાનો પણ એનુ ખરું કારણ અને ભેદ શો હતો તે જાણી શક્યા નહિ. એ વીશે આગળ વધુ જણાવીશું.

ત્રીજું—આ સદીની શરૂઆતમાં યુરોપના વીદ્વાનો નવી નવી વીદ્યાઓ મેળવવા લાગ્યા, અને તેના પરીણામરૂપે અતી અગત્યની શોધો તેમને હાથ આવી; વરાળ યંત્રથી તેઓ અગ્નિરથો ચલાવવા લાગ્યા, વહાણો પણ વરાળ યંત્રથી ચલાવવાનું શોધી કાઢવામાં આવ્યું, અને તેથી જળ કે જમીનપરની સફર સહેલી અને ટુંકી થઇ પડી; લોકોને તેથી એક બીજા દેશમાં જવાનું સવલ થઇ પડયું, અને તેનો તેઓ બનતો લાભ લેવા લાગ્યા; આગળની જુદાઇ ઓછી થવા લાગી અને તેઓમાં એખલાસ વધવા લાગ્યો. આ પછી બીજી એથી પણ અગત્યની શોધ કરવામાં આવી; વીજળીથી તારના દોરડાં મારફતે સંદેશા મોકલવાની રીત જાહેર થઇ; સર્વે દેશો તારનાં દોરડાંથી જોડવામાં આવ્યા, અને અરસપરસ વહેવારમાં આથી એટલો તો ફેરફાર થઇ ગયો કે રાજ્યદ્વારી, વ્યાપારી અને સંસારી બાબતોનો મામલો એકાએક ફેરવાઇ ગયો તે સાથે ગામેગામ અને શેહેરેશેહેર વર્તમાનપત્રો પ્રગટ થવા માંડયાં. કેટલાંક રાજ્યમાં ફરજીયાત કેળવણીનો કાયદો લાગુ પાડવામાં આવ્યો, અને તેથી સાધારણ લોકો જેઓ કેળવણીથી તદન બેનસીબ રહેતા તેઓને પણ હવે કાંઇક કેળવણી મળવા લાગી, અને લોકો દરેક વિષય કે બાબત વીશે પુરતી છુટથી વિચાર કરવા લાગ્યા, અને વર્તમાનપત્રો મારફતે અને અનેક બીજી રીતે વિચારો જાહેર કરવા લાગ્યા. તે સાથે કેટલાક વીદ્વાન પુરૂષો ધર્મના સંબંધમાં પણ સ્વતંત્ર તપાસ કરવા લાગ્યા, અને તેઓને ખ્રીસ્તી ધર્મમાં ઘણીક ખામી અને દોષ જણાવા લાગ્યાં, ખ્રીસ્તી ધર્મગુરૂઓ ઉપરથી તેઓ વિશ્વાસ ઉઠાવતા ગયા અને તેમની તરફ તિરસ્કાર દેખાડવા લાગ્યા, તેમના મતો અને ખુલાસાઓ અને પુરાવા તેમને નબળા અને બેહુદા માલમ પડયા, અને માણસાઇ ગુણ ધરાવનારા અને વળી ખ્રીસ્તી ધર્મગુરૂઓ કહેતા હતા તેવો અતી દયાળુ અને તે સાથેજ અતીક્રૂર એવો ઇશ્વર તેમને ખ્યાલી દીસવા લાગ્યો. આ સઘળું ખરું હતું. ખ્રીસ્તી ધર્મગુરૂઓ પાસેથી કાંઇ વિકટ સવાલ વીશે ખુલાસો માગવામાં આવતો, કાંઇ ગુંચવણભરેલી બાબત વીશે પ્રશ્ન કરવાંમાં આવતો, ત્યારે તેઓ પાસે આજ ઉત્તર હતો કે જુ-

શ્વરના એવા મરજી". સ્વતંત્ર વિચાર કરવાને શીખેલા પુરૂષોને આ ઉત્તર કેવળ મૂર્ખાઇભરેલો અને ઉડાઉ લાગતો હતો. આ ઉપરથી આ કહેવાતા ધર્મગુરૂઓનું ખરા ધર્મ વીશેનું અજ્ઞાન સ્પષ્ટ ભાસતું હતું, તેઓ સંસારની કેટલીક ગુંચવણ ભરેલી બાબદોનો ખુલાસો કરવાને અશક્ત હતા, અને તેનું કારણ આજ કે જે કર્મનો નિયમ આપણા જ્ઞાનીઓ જાણતા હતા તેની તેઓને કાંઇ પણ જાણ હતી નહિ. આનું દેખાઇતું પરીણામ એ આવ્યુ કે આ વીદ્વાનો ખ્રીસ્તી મતની સામે બોલવા લાગ્યા, અને આ ધર્મ છોડી દેઇ નાસ્તીક થવા લાગ્યા. વળી કેટલાક વીદ્વાનો વીદ્યામાં અતી કુશળ થતા ગયા અને કુદરતની અગણિત વીગતો અને બનાવોપર બહોળી તપાસ અને ઉંડો વિચાર કરીને (તેમના મનથી નવો એવો) કુદરતનો પ્રગ્રહી કરણનો કાયદો શોધી કાઢયો. તેઓ માનવા લાગ્યા કે પૂરૂષ કે आत्मा જેવું કાંઇ છેજ નહીં, પણ સઘળે પ્રકૃતિ જડ પદાર્થજ છે. આ જડ પદાર્થની રજકણો અને અણુઓ એક બીજા સાથે મળે છે, અને કુદરતીજ આવા સંયોગથી ગતિ, ગરમી, અને બીજી શકિતઓ ઉત્પન્ન થાય છે, અને છેવટે તેઓમાં જીવન શકિત આવ્યાથી જંતુ રૂપે દીસે છે. આ સાદા અને સુક્ષ્મ જંતુઓ રફતે રફતે પોતાંમાંથી બીજાં જંતુઓ ઉત્પન્ન કરે છે. જંતુની એક જાતીમાંથી જુદા જુદા સંજોગોને લીધે અનેક જાતો થાય છે, તેઓના આકારમાં અને કદમાં પછી ફેરફાર થવા માડે છે; પ્રથમ તેઓ ભીનાસવાળી જગ્યામાં કે કાંઇ પ્રવાહી પદાર્થમાં ઉત્પન્ન થાય છે, પછી આકારમાં બદલાતાં અને કદમાં વધતાં તેઓ ચઢતી ઉતરતી અનેક જાતીમાં વહેંચાઇ જાય છે. જળમાં તેઓ મચ્છાદીરૂપે દેખાય છે; પછી હવામાં ઉડતાં પક્ષીઓ થાય છે; પછી પેટે ચાલનારાં અને જમીનપર વસનારા પ્રાણીઓ થાય છે; તેમાંથી વધીને ક્રમે ક્રમે તેઓ વધારે ચઢીયાતાં પ્રાણીઓને ઉત્પન્ન કરે છે. કુદરતની આ ક્રિયામાં બે કાયદાઓ પોતાનું કામ લે છે. એક તો આ કે જીવવા માટે આ પ્રાણીઓમાં કસાકસી (struggle for existence) ચાલે છે, અને બીજો આ કે આ કસાકસીમાં સર્વથી યોગ્યજ બચી જઇ જીવવા પામી ઓલાદ વધારતા જાય છે. તેઓમાંથી જે વધારે શક્તિ ધરાવેછે તે બીજા નિર્બળ અને અશક્ત પ્રાણીઓને મારી નાખેછે, અને જે માત્ર વધારે બળવાળા એટલે વધારે યોગ્ય તેઓજ માત્ર બચી જાય છે, અને આ બચી ગયલા 'યોગ્ય" પ્રાણીઓથી તેમની જાત બચે છે. તેઓ કહે છે કે કુદરતનો કાયદો આજ છે. પરંતુ આટલાપરજ તેઓ અટકતા નથી. તેઓ તો કહે છે કે માણસને પણ આજ કાયદો લાગુ પડે છે; તેઓમાં પણ જે બળવંત હોય તેણે કમજોર અને નબળાનો ઘાણ કાઢવામાં આચકો ખાવો નહિ, કેમકે કુદરતમાં આપણે સર્વે સ્થળે અને સર્વે બીજાં પ્રાણીઓમાં એમજ જોઇયે છીએ. સરવે જનાવરો ઉપર તેઓ વાનર જાતીને મુકે છે, અને જણાવે છે કે પુછડીયા અને વગર પુછડીયા— ઉરાંગ ઉટાંગ, ચીમપાંઝી વિગેરે--ચોક્કસ જાતના વાનરોપરથી માણસો ઉતરી આવ્યાં છે, તેમજ આ વાનરો આપણા વડવા હતા ! ! તેઓ કહે છે કે વાનરપરથી માણસ થતાં વચમાં બન્નેને થોડું થોડું મળતુ એક પ્રાણી (missing link) હોવું જોઇયે. જો કે તેઓ માણસ અને વાંદર વચ્ચેના સાંધારૂપ આવા પ્રાણી વીશે અતી ખોળ કરે છે, તો પણ તેની જડ કે નીશાની પૃથ્વીપર તેમને કહિં પણ જડતી નથી અને જડશે પણ નહિ.

પ્રગટીકરણનો નિયમ ચોક્કસ હદ સુધી ખરો છે. પણ એની સંપૂર્ણ વિગત આપણને પુરાણમાંથી મળી આવે છે. પરંતુ આ નિયમ ત્યાં પ્રગટ દર્શાવ્યો નથી; કેમકે પુરાણની ભાષા અલંકારીક છે. તે સર્વે ભેદમાં લખાયલાં છે, અને જેઓ આ અલંકારી અને ભેદી ભાષા ઉકેલતાં જાણે છે તેઓ પ્રથમ જ્ઞાની અને ગુરૂ પાસે જ્ઞાન પામેલા પુરૂષો હોવા જોઇએ. તેઓ પુરાણનો ખરો અર્થ અને મર્મ તુર્ત સમજે છે. તેમાં પ્રાણીઓની ઉત્પત્તિ વીશે ઘટતો ખુલાસો મળે છે. પરંતુ યુરોપના વિદ્વાનો આત્માને વહેમ ગણીને કુદરતથીજ સઘળું બને છે એમ માની જડવાદનો સ્વિકાર કરવા લાગ્યા, અને પોતાના વિચારો તથા દલીલો વર્તમાન પત્ર અને પુસ્તકદ્વારા પ્રગટ કરવા લાગ્યા. પશ્ચિમ તરફની યુરોપિયન વિદ્યાના આ અગ્રેસરોની પૂઠે ચાલનારા બીજા ઘણા નીકળી આવ્યા, અને આ રીતે નાસ્તિક મત ધરાવનારા જડવાદીઓ યુરોપ તથા અમેરીકામાં ઉભરાઈ જવા લાગ્યા. તેમની સામે થવા માટે ખ્રિસ્તી ધર્મગુરૂઓ પાસે કાંઇ સંગીન અને અસરકારક દલીલ કે કારણો હતાં નહિ; કેમકે આ દલીલો તથા કારણો પૂર્વ તરફના શાસ્ત્રમાંજ બારીક ધ્યાન આપ્યાથી મળી આવે છે. જે સાધારણ લોકોમાં હવે કેળવણીનો પ્રસાર થવા માડયો હતો, તેઓ પણ આ વર્ગમાં સામેલ થતા ગયા.

પણ આ કામ આટલામાંજ અટક્યું નહીં. તેમના છાંટા આ દેશ સુધી પણ ઉડવા લાગ્યા. સને ૧૮૫૪ના કેળવણી સંબંધી કાયદાથી હિંદુસ્થાનમાં ઇંગ્રેજી પાઠશાળાઓ ઉઘાડવામાં આવી; અને આખા દેશમાં ઇંગ્રેજી શીખાડવાની ગોઠવણ કરવામાં આવી. દેશી ભાષાનું ઘણુંજ કાચું જ્ઞાન લેઈને નાના બાળકોને ઇંગ્રેજી વર્ગોમાં દાખલ કરવામાં આવ્યાં અને તેમનું ધ્યાન સ્વદેશી ભાષાના ભોગે માત્ર આજ ભાષા ઉપર રોકાવા લાગ્યું. નિશાળોમાં ભણીને તેઓ મોટી ઇંગ્રેજી પાઠશાળાઓમાં વધુ અભ્યાસ કરવા લાગ્યા. પણ આપણે જોયું છે કે યુરોપના વિદ્વાનો નાસ્તિક મત અને જડવાદનો સ્વિકાર કરતા હતા; તેવા વિચારો ત્યાંની પાઠશાળામાં ફેલાતા હતા; તે વિદ્વાનોએ પોતાના મત દર્શાવનાર પુસ્તકો રચી પ્રસીદ્ધ કર્યાં હતાં : અને તેજ પાઠશાળાઓમાં તેવા ગુરૂઓના હાથ નીચે કેળવણી પામેલા પુરૂષો હિંદની ઇંગ્રેજી પાઠશાળાઓમાં શીક્ષાગુરૂ નીમાતા હતા. હિંદના જુવાન વિદ્યાર્થીઓ આવા પુરૂષો પાસે શિખતા હતા, અને વળી ઉપલાં મત દર્શાવનારા પુસ્તકોનો અભ્યાસ કર્યાથી અને સંસ્કૃત તથા દેશી સાહિત્યની માહીતી ન ધરાવ્યાથી તેઓ પણ આ નવાં મત તરફ દોરવાઇ જતા અને જાય છે. તેઓ તેના ગુણ દોષ પારખવાને અશક્ત હતા, કેમકે તેમણે સંસ્કૃત ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો નહિ. ધાર્મિષ્ઠ માબાપો પોતાના પુત્રોના આવા છકેલ વિચારોથી દીલમાં દુભાતાં હતાં, પણ તેનો કાંઇ પણ ઉપાય તેમને સુઝતો નહીં. આ જુવાન વિદ્યાર્થીઓ પોતાના ધર્મ તરફ અતિ બેદરકાર રહેતા, અને પોતાના વડીલો જે ધર્માચાર પાળતા તેને માત્ર વહેમ ગણતા.

વળી કેટલીક નિશાળો અને પાઠશાળાઓ ખ્રિસ્તી પાદરીઓએ ઉભી કરી હતી, અને ત્યાં દેશી ધર્મ તરફ દેખીતો તિરસ્કાર બતાવતા. તેમને ખ્રિસ્તી ધર્મ શીખાડવાની સામી કોશેશ થતી; અને જો કે આ કોશેશો ઘણું કરીને નિષ્ફળ નીવડતી અને તે નિવડે છે તોપણ આ

જુવાન વિદ્યાર્થીઓ સ્વધર્મપર અણુગમો ધરાવતા. અને તે જાણવાની તેઓમાં સઘળી જીજ્ઞાસા અને ઉત્કંઠા મરણ પામી હતી. ટુંકમાં આ વિદ્યાર્થિઓના આચારવિચારમાં વિચીત્ર ફેરફાર થયા હતા. જ્યારે એક બાજુ આ જુવાન વર્ગની જડવાદ તરફની આ નાસ્તિક વલણથી હિંદી પ્રજાનું ભવિષ્ય ધાસ્તીમાં આવી પડયું હતું, ત્યારે બીજી બાજુ વૃદ્ધ વર્ગોમાં ધર્મજ્ઞાન જુજ હતું, અને તેઓ પણ કાંઈક વહેમોમાં ડુબતા હતા. આર્ય ધર્મ પડતી સ્થિતિમાં તો હતો, પણ જ્યારે આ બન્ને તરફથી તે ધુરંધર ધર્મની આવી ધાસ્તીભરેલી દશા જોઇને હિંદની પ્રજાનું કલ્યાણ કરવા, એક બાજુથી જુવાન વર્ગને જે ઉપર હિંદનું ભવિષ્ય લટકેલું હતું, જે ઉપર હિંદની ભવિષ્યની આશાઓ બંધાયલી હતી—તે વર્ગને નાસ્તિક જડવાદ તરફ તણાતા અને દોરાતા અટકાવવાને તથા બીજી તરફ બાકીના વૃદ્ધ વર્ગને વહેમ જાળમાંથી છોડવવાને તથા બન્નેને તેમના પ્રાચીન આર્ય ધર્મની ખરી ખુબી અને ખરા ભેદથી વાકેફ કરવાને અતિ અગત્યનું થઇ પડયું.

યુરોપની, અમેરીકાની, તથા હિંદની સઘળી પ્રજા—એટલે કે સઘળી આર્ય પ્રજાઓ—આવા સંકોચમાં આવી પડી હતી. ક્યાં તો તેઓ સઘળા નાસ્તિક અને જડવાદ માનનારા થાય, કે યા તો તેઓ વધારે ધર્માંધ, વધારે ઝનુની, અને વધારે વહેમી થતા જાય. આ લીધે જે પરમાર્થી તથા પરોપકારી મહામંડળનો ઉત્તર કુરૂમાં વાસો છે, અને જેઓ માણસનું કલ્યાણ કરવાની કોઈ પણ તક ચુકતા નથી, તે મંડળના મહાન પુરૂષોએ આર્ય પ્રજાઓને આ એવડી ધાસ્તીમાંથી ઉગારવાને પોતાનું ગુપ્ત જ્ઞાન પ્રગટ કરવાની જરૂર જોઇ.

વળી કઈ ભાષામાં આ અત્યાર સુધી સાધારણ લોકોથી ગુપ્ત રાખેલું જ્ઞાન પ્રગટ કરવું તે પણ ખુલ્લું હતું. માણસનુંજ કલ્યાણ કરવાની તેમની નેમ હતી; અને આ વખત પૃથ્વીના સુધરેલા દેશમાં—શું યુરોપ કે અમેરીકા કે હિંદ—એ સર્વે દેશોમાં, એક ભાષા અતિ વિસ્તર્ણું હદમાં પ્રસાર પામી હતી, લગભગ હિંદ અને જાપાન સુધીની સુધરેલી પ્રજાઓમાં તે ચાલુ હતી, અને તે ભાષા આપણે જાણીએ છીએ તેમ ઈંગ્રેજી ભાષા હતી. આ લીધે એજ ભાષામાં આ ગુપ્ત જ્ઞાનપ્રગટ કરવાનું સવળ થઇ પડયું.

હવે તે જ્ઞાન કેવા પુરૂષો મારફતે લોકની જાણમાં લાવવું તે વિશે તે પરમાર્થી મંડળે, કહેવામાં અડચણ નથી કે આપણાજ આર્ય રૂષિઓએ—પૂર્વેથીજ યોગ્ય ગોઠવણ કરી મુકી હતી. હિંદમાં સાધારણ લોકો તો એમજ માનતા થયા હતા કે રૂષિઓ કે મહાત્માઓ આ કળીયુગમાં હતાજ નહિ; પણ થોડાક વિરલ પુરૂષો જેઓ ધર્મ વીશે તથા યોગ વિદ્યા અને જ્ઞાન મેળવવા વીશે અતિ ઉત્કંઠા ધરાવતા. તેઓ આ મહાન સાધુઓની હૈયાતીથી બીનવાકેફ ન હતા, અને ઘણી વેળા તેમના દર્શન વટીક કરવાને ભાગ્યવંત થયા હતા. આવા જ્ઞાન માટે ખરી ઉલટવાળા પુરૂષોથી તેઓ કદી દુર રહેતા નહિ, પણ ઉલટું તેમના સમાગમમાં આવી તેમને હરેક રીતે ઘટીત આશ્રય અને ઉત્તેજન આપતા હતા. આપણે જોયું છે કે યુરોપમાં પણ આગલી સદીઓમાં સત્યજ્ઞાન ફેલાવનારી કેટલીકએક મંડળીઓને તેઓએજ જન્મ આપ્યો

હતો. પરંતુ કેટલાક કારણોને લીધે તેઓની હસ્તીની સાધારણ પ્રજાને કાંઇ પણ જાણ હતી નહિ. હાલ તે કારણોમાંના કેટલાક દુર થયાં છે, અને તેથીજ ધીમે ધીમે તેમના કામ અને હામ વિશે વધારે ને વધારે અજવાળું પડતું જાય છે. હિંદનો મામલો બારીક હતો, આર્યધર્મ સજીવન કરવો હતો, અને તે સાથે હવે ઝનુની તુર્ક અને મોગલાઇ દોર નાબુદ થયો હતો; હિંદી પ્રજાને પોતાનો ધર્મ પાળવામાં કાંઇક સાતસો વર્ષ સુધી જે હરકતો અને અડચણો આ પરદેશી દોરથી નડતી હતી, તે સઘળી હવે મટી ગઇ હતી. હિંદમાં ઇંગ્રેજી અમલ તળે ધર્મ સંબંધી પ્રજાપર કાંઇ પણ અંકોશ હતો નહિ; યુરોપમાં પણ જુલમી, ઝનુની અને ક્રૂર ખ્રિસ્તી ધર્મ ગુરૂઓનો દોર અને તોર નબળો પડી ગયો હતો; લોકમાં સ્વતંત્ર વિચાર કરવાની ટેવ પડી હતી; લોકોમાં વધારે છુટાપણું ફેલાયું હતું. આ કારણોને લીધે તેઓએ પોતાની હસ્તી ગુપ્ત રાખવાની કાંઇ પણ જરૂરીયાત જોઇ નહિ. જ્યારે આ વાતના પ્રથમ સહેજ ઇસારા કરવામાં આવ્યા, જ્યારે આ વાત વર્તમાન પત્રોમાં ચરચાવા લાગી, ત્યારે લોકોમાં વિચિત્ર લાગણીઓ જન્મ પામી. કેટલાક આ વાત માનવાનેજ સાફ ના પાડતા. કેટલાક ખુલ્લું કહેતા કે એ માત્ર સઘળો ઢોંગ હતો અને કેવળ મતલબ સાધવા આમ લોકોને ભંભેરવામાં આવ્યા હતા, પણ કેટલાક એવા પણ હતા કે જેઓએ આ વાતનો ઘટતો તોલ કર્યો. ઘટતી તપાસ ચલાવી, ઘટતો વિચાર કર્યો, અને તેઓને આ ખબર અતિ આવકારદાયક થઇ પડી. જે તીક્ષ્ણ લાગણીવાળા સ્વદેશાભિમાની પુરૂષો લોકના આચાર વિચાર જોઇ નિશ્વાસ નાખતા તેઓમાં હવે હિમ્મત આવી. તેઓ ભવિષ્ય માટે જે નિરાશા ધરાવતા હતા અને લોક ઉપર જે કાળું વાદળું લટકેલું જોતા હતા તે દુર થવા વિશે તેમનાં દીલમાં હવે આશા આવી; અને તેઓએ આ તક જતી ન મેલતાં, આ વાત હસી ન કાઢતાં, ઉલટ પકડી આ જ્ઞાન ફેલાવવા લાગ્યા, અને જે પુરૂષો મારફતે આ જ્ઞાન પ્રગટ કરવામાં આવ્યું તેમને પોતાથી બનતી સહાય આપવા ઉમંગથી ઉતરી પડયા.

આ મહાન સાધુઓએ આ ગુપ્ત જ્ઞાન ફેલાવવાનું કામ મેડમ બ્લાવાટસ્કીને સોંપ્યું હતું, અને તેમના ખાસ સહાયક તરીકે કર્નલ આલકાટને ચુંટી કાઢયા હતા. આ ઠેકાણે આ બન્નેનું ટુંક જન્મચરિત્ર આ કામ માથે લેવાની તેમની યોગ્યતા દેખાડી આપશે.

આ બાઇ—હેલીના પેત્રાવના બ્લાવાટસ્કી—ઇ. સ. ૧૮૩૧માં રૂશીઆ દેશની દક્ષિણમાં નીપર નદીના કાંઠાપર આવેલાં ઇકાતેરી નાસલાવ ગામમાં અતિ ઉંચ કુળમાં જન્મ પામી હતી. જેમ આપણે કેટલાક સાધુના બાળચરિત્રમાં જોઇએ છીએ તેમ બાલ્યાવસ્થામા એમની ચાલ ચલણથી, એમની વિચિત્ર પ્રકારની વાણીથી, વિશ્વ-દ્રષ્ટિથી, અને એમના સંબંધમાં વારંવાર બનતા એવા વિલક્ષણ બનાવોથી એમના માતા પીતા, સગાંઓ અને ઓળખીતાઓ વિસ્મય પામતાં હતાં. તેઓ અતિ જલદી ઉશકેરાઇ જતાં, અને તે સાથે ઘણા હઠીલાં દીસતાં, તોપણ તેમનું દીલ દયાળું અને કોમળ હતું. આ લીધે ૧૮૪૮માં જ્યારે તેમની ઉમર ૧૭ વર્ષની હતી ત્યારે તેમની દાસીએ મજાકમાં કહ્યું કે 'તારો સ્વભાવ એવો છે કે આ ઘરડો જુનરલ બ્લાવાટસ્કી (જે તે સમયે ભોગજોગે રસ્તેથી જતો હતો તેને આંગળીથી દેખાડીને) પણ તેમની

સાથ પરણાવાનું મન ન કરે." આટલુંજ મૅડમને ઉશકેરવાને બસ હતું. તેઓએ તુર્તજ તે વિશે જૅનરલને પૂછ્યું અને તેણે તો તે માગણી કબુલ કરી. આ રીતે તેઓ વચનથી બંધાઇ ગયાં અને લગભગ સાઠ કે સીતેર વર્ષના આ વૃદ્ધ પુરૂષ સાથ આ સત્તર .વર્ષની બાળાને પરણવું પડયું. પણ તુર્તજ સંસાર માટેની તેઓની અયોગ્યતા જણાઇ આવી અને સંસાર પ્રત્યેનો એમનો કુદરતી અભાવ જાગ્રત થયો. લગ્ન પછી થોડાજ દીવસમાં તેઓ તીફલીસમાં પોતાના સગાંઓ પાસે નહાસી ગયાં. ત્યાંથી તેમના સગાંઓએ ઑડેસામાં તેમના પીતા કર્નલ હાન તરફ આ બાળાને રવાના કરી, પણ ત્યાં જવાને બદલે તેમણે કૉંસટેન્ટીનોપલ તરફ રસ્તો લીધો, અને ત્યાંથી તુર્કી, યુનાન, મીસર વીગેરે દેશોમાં મૂસાફરી કરવા લાગ્યાં. ત્યારથી લગભગ વિશ વર્ષ અનેક દેશોમાં ભટકતાં રહ્યાં. દરેક ઠેકાણે કાંઇ અજાયબ જેવી વસ્તુ કે કાંઇ ચમત્કાર કે ભેદ અને ગુપ્ત વિદ્યા જાણવાની તેમનામાં હદ બહારની જીજ્ઞાસા હતી. બાળપણથીજ તેઓને મંડળીના ભોકળા અને હાલી રીતભાત અને તાઝીમ તવાઝા વીગેરેનો અતિ કંટાળો હતો, અને પોતાના ચાકરોના અને બીજા ગરીબ લોકના બાળકો સાથ હરવું ફરવું તેમને અતિ ગમતું હતું. આ ભટકતી જીંદગી ગુજારતાં તેમને જોઇતો ખરચ તેમના પીતા પૂરો પાડતા હતા. બાળપણથી સ્વપ્નમાં કે એકાંત સમયે તેમને એક પુરૂષનો આકાર દીસતો હતો, અને પ્રથમ તેઓ ખ્રિસ્તી ધર્મ પ્રમાણે એમજ સમજતાં કે આ કોઇ તેમની સંભાળ લેનાર એક દેવતા કે ફરેશતો હતો. કેમકે જ્યારે પણ તેમની જીંદગી કાંઈ જોખમમાં આવતી, તેજ વેળાએ આ આકાર તેમની તુર્ત સંભાળ લેતો અને તેમનું રક્ષણ કરતો. અને ત્યારથી તેઓ પોતાને તેની ખાસ સંભાળ અને દેખરેખ તળે છે એમ માનતાં. પણ જ્યારે ઇ. સ. ૧૮૫૧ માં તેઓ ઇંગ્લાંડમાં મુસાફરી કરતાં હતાં, ત્યારે તેમને આ આકારનો ખરો ભેદ માલમ પડયો. તે વખતે તેમના પીતા કર્નલ હાન પણ તેમની સાથે લંડનમાં હતા. એક દીવસ બહાર ફરવા નીકળતાં રસ્તામાં સામેથી કેટલાક હિંદી રાજ્યવંશીઓનું ટોળું આવતું જોયું. પણ તેઓની મધ્યે એક ઉંચા કદના ગંભીર દેખાવના રજપુતને જોઇને મૅડમ દીંગમૂઢ બની ગયાં, કારણકે તે કોઇજ નહિ પણ સદા તેમની મદદે આવતો આકારવાળો પુરૂષ હતો. મૅડમ તેની સાથ બોલવા એકદમ ધસતાં હતાં, તેટલાંજ તેણે ઇસારત કર્યાથી ત્યાંજ સ્તબ્ધ થઇને ઉભા રહ્યાં. બીજે દીવસે લંડનના એકાદ જાહેર બાગમાં આ વિલક્ષણ બનાવપર વિચાર કરતાં એકાંતમાં ફરતા હતાં, ત્યારે પાછો તેજ પુરૂષ તેમની પાસે આવ્યો, અને લંડનમાં તે હિંદી રાજવંશીઓ સાથે કાંઇ અગત્યના ગરજદારી કામસર આવ્યા હતા એમ કહી, તેમની સાથ કાંઇ ખાનગી વાત કરવાને ઇચ્છા જણાવી બોલ્યો કે મારે એક મહાભારત કાર્યમાં તમારી મદદની જરૂર છે. હવે મૅડમને સઘળો ભેદ ખુલ્લો થયો, તેઓને તુર્ત જ્ઞાન થયું કે પૂર્વ જન્મમાં તેઓ આ પુરૂષના શિષ્ય હતાં, અને જે પુરૂષના તેમને દર્શન થયાં હતાં તે કોઇજ નહિ પણ તેમનો ગુરૂ હતો. પછી તેમના ગુરૂએ તેમને જણાવ્યું કે થોડાં વર્ષ પછી ગુપ્ત જ્ઞાન ફેલાવવા માટે એક મંડળી સ્થાપવાની હતી અને તેણે માગણી કરી કે મૅડમે તે મંડળી સ્થાપવાનું કામ હાથ ધરવું. તે કામમાં જેજે અડચણો ભોગવવી પડશે, જેજે કષ્ટ વેઠવાં પડશે, તેનું એક ટુંક વર્ણન

આપી ઉમેર્યું કે તે કામ માટે યોગ્ય થવા માટે ત્રણ વર્ષ તેમને ટિબેટ(ઉત્તર કુરૂ)માં યોગાભ્યાસમાં ગાળવાં પડશે. આ બાબત વિશે પોતાના પીતા સાથ ત્રણ દીવશ મસલત કરી, તેમની સલાહ લઇ, આ માગણી કબુલ કરવાને નિશ્ચય કર્યો, અને તુર્તજ પછી લંડન છોડી હિંદુસ્થાન તરફ નીકળી પડયાં. આ દેશમાં ઘણા વખત ફરી સીકીમને રસ્તે ટીબેટમાં દાખલ થવાને કોશેશ કરી. પણ સરહદપરના ઇંગ્રેજી અમલદારને કાને જ્યારે ખબર ગઇ કે એક યુરોપીઅન સ્ત્રી સરહદ ઓળંગી ગઇ છે કે લાગલાં માણસો દોડાવી તેમને પાછાં બોલાવી મંગાવ્યાં. આથી આ વાર તેમની કોશેશ નિષ્ફળ ગઇ, પણ બીજીવાર મધ્ય એશિયામાંથી ટિબેટ દેશમાં દાખલ થવાનો તેમનો યત્ન સફળ થયો, અને પોતાના ગુરૂના આશ્રમમાં ત્રણ વર્ષ કાઢયાં. તેમના ગુરૂ હિંદમાં રાજ્ય કરી ગયલા મોર્ય વંશના એક વંશજ હતા અને જાતે રજપુત હતા. આ આશ્રમ પાસે તેમના ગુરૂના સખા એવા એક બીજા મહાત્માનો વાસો હતો જે જાતે બ્રાહ્મણ હતા. જો કે મહાત્માઓ સર્વે લોકપર સમાન દ્રષ્ટિથી જુએ છે, તોપણ આ બે આર્ય મહાત્માઓ પોતાના દેશ માટે અતિ દાઝ ધરાવતા હતા. હિંદના પડતીનું મુખ્ય કારણ આજ હતું કે તેની અસલી બ્રહ્મવિદ્યા, વહેમ અને અજ્ઞાનથી ગુંગળાઇ ગઇ હતી; માટે બ્રહ્મવિદ્યા સજીવન કરી, લોકમાં ચઢતે દરજ્જેના આચારવિચાર ફેલાવવાને, અને આ વહેમ અને અજ્ઞાન દૂર કરવાને તેઓ ખરાં સ્વદેશાભિમાનથી ઇચ્છતા હતા. વળી હિંદુઓ લાંબો કાળ પારકા અમલ તળે રહ્યાથી સ્વતંત્ર કામ કરવાને કે સુધારો દાખલ કરવાને કેવળ અશક્ત હતા; કેળવાયલા લોક યુરોપની માત્ર બહારથી શોભાની રીતભાતો વીગેરેથી અંજાઇ જઇ અનુકરણ કર્યા કરતા હતા, અને કોઇ પરદેશી તેમના લાભ અર્થે કાંઇ કામ માથે ઉઠાવી લે તોજ તેઓ તે કામ પાછળ મંડતા. જો કે હિંદુઓનાં તન પરજાતને વશ હતાં, તોપણ ઘણાકનો ભાવ હજી પોતાના અસલી ધર્મપર હતો, અને હજી તેને વળગી રહ્યા હતા. પણ ઇંગ્રેજી કેળવણી તળે તેમના મન પણ પરવશ થવાની ધાસ્તીમાં હતાં. તેઓ યુરોપીયન વિચારો તરફ વધુને વધુ ઢળતા જતા હતા અને આ રીતે તેઓ પોતાનું તન અને મન એ બન્ને પશ્ચિમવાસીઓને અર્પણ કરવાની અણીપર હતા. આ લીધે બ્રહ્મવિદ્યાનો હિંદમાં પ્રસાર કરવાનું કામ પણ પરદેશી યુરોપીઅનોને સોંપવાનું તેઓને યોગ્ય લાગ્યું.*

પોતાના ગુરૂના આશ્રમમાં મેડમે ત્રણ વર્ષ યોગાભ્યાસ કર્યો, ગુપ્ત વિદ્યાનું બહોળું જ્ઞાન પ્રાપ્ત કર્યું, અને જે કામ પોતે માથે લેવાનું વચન આપ્યું હતું, તે કામ પાર પાડવા માટે આશ્રમ છોડી તેઓએ પાછી પોતાની ભટકતી જીંદગી શરૂ કરી. ૧૮૭૦ થી તે ૧૮૭૩ પર્યંત તેઓ યુરોપ અને મીસરમાં મુસાફરી કરવા લાગ્યાં; મીસરમાં થોડાક માણસો સાથ પ્રેતાવાહનતંત્ર વિગેરે બાબતો વીશે શોધખોળ કરવાને એક મંડળી પણ સ્થાપી, પણ કાંઇક કારણને લીધે તે ભાં

---

* સીનેટ સાહેબ આપણને ખાતરી આપે છે કે મેડમના કહેવાપરથી તેઓ પૂર્વ જન્મમાં એક હિંદુ અબળા હતાં અને તે વેળાજ યોગવિદ્યાનું જ્ઞાન મેળવ્યું હતું અને પોતાના સ્વદેશ હિંદપર અતિ પ્રેમ ધરાવતાં હતાં, પરંતુ આ દેશને એક યુરોપીઅન તરીકે વધારે સહાય કરી શકાશે એવા વિચારથી જ તેમણે યુરોપમાં જન્મ લીધો હતો. મેડમ જ્યારે રશીયન પત્રોમાં કે માસીકોમાં આ દેશના ધર્મ કે વ્યવહાર ઉપર લખાણ કરતાં ત્યારે "રાધાબાઈ" એ નામ ધારણ કરતાં.

ગી પડી. પરંતુ તેમને સદા પોતાના ગુરૂનો આશ્રય હતો; સદા ગુરૂનો પ્રસાદ ચાખતાં હતાં, અને તેનીજ આજ્ઞાથી* તેઓએ ૧૮૭૪માં ફ્રાંસના હાવરબંદરથી અમેરીકાના વ્યાપારી પાયતખ્ત ન્યુયાર્ક જવા માટે પહેલા વર્ગની ટીકિટ ખરીદ કરી. પણ જેવા તેઓ આગબોટ ઉપર ચઢતાં હતાં તેવાજ ડક્કા-પર એક સ્ત્રીને બે બાળકો સાથ રડતી દીઠી; તુર્ત તે સ્ત્રી પાસ જઇને પુછયાથી જણાયું કે સ્ત્રીને કોઇ ઠગારાએ ઠગીને ખોટી ટીકિટ આપી હતી અને તેની પાસે અમેરિકા જવા માટે એક પાઇ પણ હતી નહિ. માયાળુ દીલના મૅડમે તુર્ત પોતાની પહેલા વર્ગની ટીકિટ બદલી ત્રણ ત્રીજા વર્ગની ટીકિટ લઈ પોતે તુતક ઉપર અતિ અગવડ ભોગવી અમેરીકા આવી પહોંચ્યાં. ન્યુયોર્કમાં થોડા માસ રહ્યાં કે તેમને પાછી ગુરૂ તરફથી આજ્ઞા થઇ કે તેમને વરમોંટ શહેરમાં જવું. કારણકે આ શહેરમાં તેમનો હવે પછીનો સાથી અને સહાયક કર્નલ આલકાટ પ્રેતાવાહનતંત્રના પ્રયોગોની તપાસ પોતાની ખાતરી માટે ચલાવતો હતો. કર્નલ આલકાટ વિશે અત્રે ટુંકમાં જણાવશું કે તેઓ અમેરીકામાં ઘણા જાણીતા ગ્રહસ્થ હતા. તેઓ પ્રથમ કાયદાના ધંધામાં જોડાયલા હતા; પણ પોતાના દેશમાં જયારે ગુલામી વ્યાપાર બેસાડી દેવાને માંહોમાંહેની લડાઈ થઇ, ત્યારે તેઓએ દેશાભિમાનથી પોતાનો ધંધો છોડી લશકરમાં દાખલ થઇ અનેક પ્રકારની અડચણોમાંથી પસાર થઇ અંતે કર્નલની પદ્વી મેળ-વી; પણ લડાઇમાં વેઠેલી સખ્તીથી તેમના શરીરને રોગ થયાથી તેઓ લશકરમાંથી નીકળી લડાઇખાતાંમાં મોટા દિવાની અધીકારપર નીમાયા. આ પછી તેઓએ પૂર્ણ ભક્તિથી દેશની સેવા બજાવી. લડાઇ બંધ પડ્યા પછી તેઓએ જેમ લગભગ બીજા સર્વેએ કર્યું હતું તેમ ન કરી કાંઇપણ 'પેનશમ' લેવા વગર સરકારી નોકરી છોડી પોતાનો આગલો ધંધો શરૂ કર્યો. આગળ લખ્યું છે તેમ તે વખતે અમેરીકામાં લોકો પ્રેતો તથા પીશાચો જોવા લાગ્યા હતા, અને કર્નલ આલકાટને તે વિશે ખરૂં ખોટું જાણવાની અતિ ઉત્કંઠા ઉત્પન્ન થઇ. અને તેઓ વરમોંટ શેહેરમાં એડી નામના કુટુંબમાં જ્યાં આવા બનાવો બનતા હતા, ત્યાં તરેહવાર ખાસ અંગત અખ્તરાઓ કરવા લાગ્યા. આ એડી કુટુંબના ઘરમાં તેમને મૅડમ બ્લાવાટસ્કી સાથે પ્રથમ મેળાપ થયો. મૅડમના આવ્યા પછી તે ઘરમાં બનતા પ્રયોગોએ નવો રંગ પકડયો, તેઓ વધારે ને વધારે આશ્ચર્યકારક બનતા ગયા, અને તે વખતે કર્નલ આલકાટે તે વિશેનું લખેલું વર્ણન જાહેર વર્તમાનપત્રામાં છપાયાથી ત્યાં ભારે ચર્ચા ઉઠવા લાગી. પ્રેતાવાહન તંત્ર માનનારાઓ તો પોતાના મિત્રો તથા સગાંઓના આકાર જોઇ હરખાઇ જતા હતા, પણ તેઓ એ પ્રયોગોમાં સમાયલા જોખમ વિશે અજ્ઞાન હતા. તે લીધે મૅડમ આસ્તે આસ્તે તે વિશેના ખરા ખુલાસાના ઇસારા કર્નલ આલકાટના કાનપર નાખવા લાગ્યાં; કર્નલ આ-લકાટને પણ તે ખુલાસા વાજબી લાગ્યા, અને મૅડમે તેમની વલણ જોઇને મહાત્માઓની હૈયાતી વિશે, તેઓનાં જ્ઞાન અને તેઓની નેમ વાશે કર્નલને વાકેફ કર્યાં. કર્નલ આલકાટે

* મહાન જ્ઞાનીઓ કુદરતની સઘળી શક્તિઓપર કાબુ ધરાવે છે, અને તેઓને પોતાના શિષ્યો સાથ વાતચીત કરવામાં કે સંદેશો મોકલવામાં ગમે તેટલાં દૂર હોય તોપણ પોતાના યોગ સિદ્ધિના બળ-થી અડચણ નડતી નથી એ માનવું હિંદવાસીઓને મુશ્કેલ થઇ પડશે નહિ.

ઉલટથી તે કામમાં મદદ આપવા અને તે નેમ પાર પાડવાનું માથે ઉઠાવ્યું. તેમને મૅડમના ગુરૂ અને તેમના મિત્ર મહાત્માનું તથા બીજા રૂષિઓનું દર્શન થયું. તેમણે પોતાનો ખાનગી ધંધો છોડી દીધો, અને પોતાની બાકીની જીંદગી આ મહાભારત કાર્યને અર્પણ કરી.

મહાત્માઓ કેવી શકિત ધરાવે છે તે પુરવાર કરવા માટે મૅડમે તેમને ઘણાક પ્રસગ આપ્યા, અને સમજ પાડી કે જો કે તે અતિ આશ્ચર્યકારક હતા તોપણ તેમાં કાંઈ ચમત્કારીક કે કુદરતથી ઉલટું હતું નહિ. યોગ વિદ્યાના જ્ઞાનથી કેટલી સિદ્ધિ હાથ આવે છે તે વિશે લોકની માત્ર ખાત્રી કરવા આ અખ્તરાઓ કરવામાં આવતા હતા. આ પ્રમાણે કર્નલની આગેવાની હેઠળ શુભ મુહુર્ત જોઇ ૧૮૭૫ની ૧૭મી નવેંબરની સાંજના જ્યારે થોડાક વિદ્વાનો અને સત્ય શોધકો હાજર હતા ત્યારે "થીયોસોફીકલ" (આત્મ વિદ્યા ફેલાવનારી) મંડળી સ્થાપવામાં આવી; અને તે મંડળીની ત્રણ નેમો નક્કી કરવામાં આવી.

૧. ન્યાત, જાત, મત, પંથ કે વર્ણનો કાંઇ પણ ભેદ ન રાખતાં સામાન્ય ભ્રાતૃભાવથી જોડાયલું એક મંડળ ઉભું કરવું.

૨ આર્ય તથા પૂર્વતરફના બીજા ધર્મશાસ્ત્રો, સાહિત્ય, વિદ્યા અને ફીલસુફીના અભ્યાસને ઉત્તેજન આપવું.

૩. તત્વજ્ઞાન તથા આત્મજ્ઞાન વીશે શોધ ખોળ કરવી.

સભાસદોપર એકજ ફરજીયાત કલમ નાખી હતી, અને તે આ કે ભ્રાતૃભાવને માન્ય કરવું અને સત્યની શોધ કરવી. તે શિવાય બીજા કોઇ પણ વિષય વિશે તેમને સ્વતંત્ર વિચાર કરવાની છુટ છે. ઈ. સ. ૧૮૭૭માં મૅડમે અને કર્નલે પોતાના મહાત્મા ગુરૂની સામેલગીરી અને મદદથી "ઍસીસ-અનવેલ્ડ"* નામનો કીમતી ગ્રંથ પ્રગટ કર્યો, અને તેમાં ધર્મ, ફીલસુફી, તત્વજ્ઞાન તથા તંત્ર વિદ્યાનું થોડુંક સ્પષ્ટ વિવેચન કરી લોકલક્ષ આત્મવિદ્યા તરફ દોડાવ્યું. આ ગ્રંથથી 'થીયોસોફીકલ' મંડળીનો પાયો મજબુત થયો, અને લોકમાં તે વીશે પૂછપરછ થવા લાગી. પછી અમેરિકામાં મંડળીનું સૂકાન કેટલાક વિદ્વાન ગ્રહસ્થોને સોંપી ફરીથી ગુરૂની આજ્ઞાથી મૅડમ અને કર્નલ હિંદ તરફ ઉપડી આવ્યાં.

પ્રથમ મુબાઇમાં ૧૮૭૯ની આખેરીમાં ઊતર્યાં, અને ત્યાં ત્રણેક વર્ષ રહી મદ્રાસ પાસેના આધ્યાર ગામમાં મંડળી માટે જાથુકનું મકાન બાંધ્યું, અને "થીયોસોફીસ્ટ" નામનું માસિક ચોપાન્યુ પ્રગટ કર્યું. કર્નલ આલકાટ આ દેશમાં શહેરે શેહેર ફરી ભાષણો આપવા લાગ્યા, અને જે ધારતીમાં હિંદી પ્રજા ચોક્કસ સંજોગોને લીધે

* જેમ આ દેશમાં દેવીની પૂજા થાય છે, તેમ પ્રાચીન કાળમાં મીસર દેશમાં "ઍસીસ" (શક્તિ)ની પૂજા થતી હતી. આ ગ્રંથમાં અસલી ધર્મોનો ખરો ભેદ ખુલ્લો કરવામાં આવ્યો હતો અને તેથી તેને આ યોગ્ય નામ આપ્યું હતું.

આવી પડી હતી. તેમાંથી ઉગરવાનો માર્ગ જણાવ્યો, અને આર્ય ધર્મશાસ્ત્રની ખરી ખુબી અને ખરા અર્થથી તેમને માહીત કર્યા. લોકમાં ધર્મ સંબંધી તેમની મંદ પડી ગયેલી લાગણી પાછી સજીવન થઇ, તેઓ પોતાની ગાઢ નિદ્રાવસ્થામાંથી જાગ્રત થયા, અને તેમના મનમાં કાંઇ નવીન આવેશ, કાંઇ નવીન તેજ દાખલ થયું. અંગ્રેજોના આગેવાન વર્તમાનપત્ર "પાયોનીઅર"ના અધીપતી સીનેટ સાહેબ અને વડી સરકારના તે વખતના સેક્રેટરી જાણીતા હ્યુમ સાહેબ આ વિષયપર ધ્યાન આપવા લાગ્યા; તેઓએ આવકારથી મૅડમની સીમલા તથા પ્રયાગમાં પરોણાગત કરી, અને ખરી હકીકત જાણવાને એટલી તો આતુરતા દેખાડી કે મૅડમે તેમને પોતાના મહાત્મા ગુરૂઓ સાથ સંબંધ કરાવી આપ્યો. પછી આ બન્ને વિદ્વાન ગ્રહસ્થોએ ધર્મ સંબંધી અને વિદ્યાસંબંધી અનેક પ્રશ્નના ઉત્તર આ મહાત્માઓની કૃપાથી મેળવ્યા. અને મૅડમે જેમ અમેરિકામાં કર્યું હતું તેમ અહીં પણ તેમની પૂરતી ખાત્રી કરવા માટે યોગસિદ્ધિના પ્રત્યક્ષ પુરાવા આપી અને કહેવાતા ચમત્કારોનો ખરો ખુલાસો જણાવી, ગુપ્ત વિદ્યા અને જ્ઞાન વિશેના તેમના સર્વે સંદેહ દૂર કર્યા. આ કૃપાળુ મહાત્માઓ સાથે મૂખ્ય કરી આકાશ માર્ગે પત્ર વ્યવહાર ચાલતો હતો. અને આ પત્રદ્વારા જે જ્ઞાન તેમને મળ્યું તે "બુદ્ધ ધર્મ રહસ્ય પ્રકાશ" (Esoteric Buddhism) વીગેરે પુસ્તકોમાં પ્રગટ કર્યું. આ ગ્રંથોપર સઘળી સુધરેલી દુનિઆનું ધ્યાન ખેંચાયું.

પણ હવે આર્ય ધર્મના સર્વથી હડહડતા વેરી ખ્રિસ્તી પાદરીઓમાં અતિ ગભરાટ થઇ રહયો, તેઓ કાંઇ પણ કરી આ કામને ભાંગી પાડવાનો નિશ્ચય કરી બેઠા, ને વ્યાજબી કે ગેરવ્યાજબી કાંઇ પણ ન જોતાં મૅડમના એક ફ્રેંચ નોકરને (જેને તદન નિરાધાર હોવાથી કાંઇક સહજ ઉપકારના બદલામાં મૅડમે પોતાના ઘરમાં આશ્રય આપ્યો હતો) લાલચ આપી તેની મારફતે મૅડમપર આ સઘળું ઢોંગ અને દગાબાજી હતી એવું ખોટું આળ મૂકયું. આ ઉપરથી લંડનની પ્રેતાવાદ તંત્ર વીગેરે વિશે શોધ ખોળ કરનારી મંડળીએ એક આડતો મોકલ્યો; તે પણ આ પાદરીઓના ભણાવ્યાથી એકતરફી મત બાંધી લઇ મૅડમ સામે જાહેર લખાણ કરવા લાગ્યો. મૅડમની ઇચ્છા આ વિશે ઇંગ્રેજી અદાલતમાં આ આળ માટે ફર્યાદ કરવાની હતી. પણ આ બાબતનો ગુપ્ત જ્ઞાન સાથે સંબંધ હતો, અને કેવી રીતે અંગ્રેજી અદાલતોમાં તે કામ ચલાવી શકાય તે વિશેની અડચણો અને મુશકેલી લક્ષમાં લઇ તે વિચાર માંડી વાળવામાં આવ્યો; પણ સીનેટ વીગેરે બીજા સભાસદોએ આ તહોમતનો પૂરતો રદ્યો પ્રગટ કર્યો. અને ઉભું કરેલું ધતિંગ પડી ભાગ્યું. આ વખતે મૅડમની દેહ લથડી પડી હતી. અને તેમની ઇંગ્રેજી વૈદે તાકીદ કર્યાથી ઇ॰ સ॰ ૧૮૮૪માં તેમને હિંદ છોડી યુરોપ જવું પડયું અને પાછાં હિંદ તરફ આવી શકાયું નહિ. બે કે ત્રણ વર્ષ તેઓ જર્મનીમાં પોતાનો મૂખ્ય અને મહાભારત ગ્રંથ,–'ગુપ્તજ્ઞાન'–સઘળા ધર્મ અને વિદ્યાનું રહસ્યજ્ઞાન, લખવામાં રોકાયાં. આ ગ્રંથમાં પણ

તેમના બન્ને ગુરૂઓની સામેલગીરી હતી. જો કે તેમની પાસ માત્ર ગણત્રીના પુસ્તકો હતાં, પણ તે ગ્રંથ લખતાં તેમને બીજાં અતિઘણા પુસ્તકો વિશે ઇસારા કરવા પડતા કે ઉતારા ટાંકવાં પડતા પણ તે સર્વે ફકરા પોતાના યોગ સિદ્ધિના બળ વડે તેઓ આકાશમાં *જોઇ ઉતારી લેતાં. તેઓ શરીરે સ્થુળ હોવાથી તેમનાથી ઝાઝું ચલાઇ શકાતું નહતું, અને વળી પોતાના લખાણમાં એટલાં રોકાયલાં રહેતાં કે બહાર ફરવા જવાને માટે ફુરસદ તો હતીજ નહિ. મહીનાના મહીના પર્યંત પોતાના ખાનગી ઓરડામાં સવારથી તે રાત્રે સાત વાગા સુધી માત્ર એકજ કલાક ભોજન માટે વિશ્રામ-લઇ, સદા લખવાપર મંડેલાંને મંડેલાં રહેતાં.

સીનેટ સાહેબે પણ અત્રેથી વીલાયત જઇ ત્યાં "થીયોસોફીકલ" મંડળીની એક શાખા સ્થાપી, સત્યશોધકોનું એક નાનું પણ અતિ ઉમંગી મંડળ ઉભું કર્યું હતું. તેઓ હવે મૅડમની હાજરી લંડનમાં માગતા હતા, અને તેમની માગણીને આધીન થઇ; તેઓ લંડનમાં એકવાર ફરી આવી, "થીયોસોફીકલ" મંડળીનો પાયો ઇંગ્લાંડમાં પણ મુસ્તકીમ કર્યો. ત્યાં તેમની હાજરીથી અજબ અસર થઇ; થોડાક વિશ્વાસુ અને ભક્તિમાન શિષ્યો તેમના પાદ આગળ શિક્ષણ લેવા બેઠા; "ગુપ્તજ્ઞાન" નામનો અમૂલ્ય ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો; રહસ્યના અભ્યાસ માટે એક ખાસ વર્ગ ઉભો કર્યો; અને "લ્યુસીફર" (શુક્ર) નામનું બીજું માસિક ચોપાનીયું પ્રવર્તાવવા માડયું; અને તે સાથ ફ્રાંસની રાજધાની પેરીસમાં પણ "લ-લોટસ" (પદ્મ) નામનું ત્રીજું ચોપાનીયું ફ્રેંચ ભાષામા પ્રગટ કરવા માડયું. તેઓએ પછી "થીઓસોફી (આત્મજ્ઞાન)ની ચાવી" તથા "સુવર્ણમય સુબોધ વચન" એ નામના બે કીમતી ગ્રંથ બાહાર પાડયા. આ સઘળાં લખાણોથી વીલાયતના જુદા જુદા ધર્મવાળા તથા મુખ્ય કરીને નાસ્તિક જડવાદીઓ ઉપર અસર થવા લાગી, અને આ નાસ્તિક પંથની એક મુખ્ય અને પ્રસિદ્ધ આગેવાન "મીસીસ આની બીસાંટ" (હાલમાં આ દેશમાં પ્રખ્યાત થયલી 'આન્નાબાઇ') પોતાના નાસ્તિક વિચારને ફરી તપાસી આત્મજ્ઞાન ઉપર વિશ્વાસ આણવા લાગ્યાં. તેમણે પણ પ્રેતાવાહન તંત્ર, પ્રાણવિનીમય † (mesmerism) વીગેરેને લગતા અખ્તરાઓ અજમાવી જોયા હતા, અને તેઓને તે વિશે "થીયોસોફી"-માંથી મળતો ખુલાસો ખરો લાગ્યો, અને જેમ અનેકના બાબતમાં બન્યું હતું, તેમ આ આત્મવિદ્યા તેમના મન અને અંતઃકરણ એ બન્નેને એકસરખો સંતોષ આપી શકી; મૅડમના હાથ તળે આ વિદ્યાનો અભ્યાસ કરવા માંડયો, આર્યધર્મશાસ્ત્રો વાંચવાં લાગ્યાં, અને આપણે જોયું છે તેમ હિંદમાં સર્વે સ્થળે ફરી પોતાના સુભાષિત અને ચિત્તવેધક ભાષણો કરી વારંવાર જણાવ્યું કે પોતે મૅડમના, વેદ-ઉપનિષદના, તથા મહાત્મા આર્ય રૂષીઓના તેઓ અંતે આ સત્ય હાથ આવ્યા માટે કેટલા આભાર તળે આવ્યાં છે. એમને પણ પોતાના ગુરૂના દર્શન થયાં છે, અને એમના કહેવા પ્રમાણે તેની પાસેથી શિક્ષણ ગ્રહણ કરે છે.

* જુઓ ચીત્રગુપ્તનો વિષય.

† આ વિશે ગુજરાતના પ્રસિદ્ધ લેખક રા૦ રા૦ મ. ન. દ્વીવેદીનું "પ્રાણ વિનીમય" નામનો ગ્રંથ જુઓ.

મૅડમની દેહ સદા રોગી હતી. જો કે તેઓ એક યોગીની હતાં, તોપણ પોતાના યોગી મંડળના સખ્ત નિયમ પ્રમાણે સ્વલાભ માટે યોગ સિદ્ધિનો ઉપયોગ કરવાની સખ્ત બંધી હતી, અને તેથી આ દેહ દુઃખ ખમવા શીવાય છુટકો હતો નહિં. તેઓ ત્રણથી ચારવાર મરણ કાંઠે હતા; વૈદોએ તેમની આશા છોડી હતી. તોપણ તેમનું કામ હજી અધુરૂં હતું, અને તેથી તેમના ગુરૂએ તેમને થોડાં વધુ વર્ષ જીવી આ દેહનું તીવ્ર દુઃખ ભોગવવું કે તુર્ત મરણથી તેમાંથી છુટવું એ તેમની મુનસફીપર સોંપ્યું. મૅડમને પોતાનો ગ્રંથ પુરો કરવો હતો; મંડળીને વધારે મજબુત પાયાપર મુકવાની હતી; કેટલાક યોગ્ય શિષ્યોને બ્રહ્મવિદ્યાની ખરી ચાવી સ્વાધીન કરવાની હતી; અને તેથી પોતાની ફરજપર ધ્યાન આપી, થોડાં વર્ષ સુધી જીવવા કબુલ થયાં; અને ત્યારે તેમના ગુરૂએ આ રોગી દેહની વેદના ખમવાનું બળ આપી તેમની જીંદગીની દોરી લંબાવી. * તે પછી તેમનો ગ્રંથ સમાપ્ત થયો હતો; તેમના પછી કામ ઉપાડી લેવા અતિ ઉમંગી શિષ્યો હતા; અને તેથી આ સર્વ વાતની ચિંતા દૂર થવાથી ૮મી મે ૧૮૯૧માં તેમનો દેહપાત થયો. † યોગીયોની હાલત સાધારણ માણસ સરખી નથી હોતી. મરવું ક્યારે અને જન્મવું ક્યારે એ તેમનાં હાથમાં છે. મૅડમના ખાસ શિષ્યો કહે છે કે મરણ પછી તેઓને તેમના અનેકવાર દર્શન થયાં છે, અને હજી પણ પોતાના યોગબળવડે પોતાના પરમાર્થી કામ ઉપર નજર રાખે છે. આ તેમનું ટુંક જન્મ ચરિત્ર છે.

સત્યયુગમાં લોકો સદા આત્મજ્ઞાનમાં નિમગ્ન રહે છે; ત્રેતાયુગમાં દરેક સદીના છેલ્લા ૭૫ વર્ષ સુધી આત્મજ્ઞાન ફેલાવનારો ઝરો વહેતો રહે છે; દ્વાપર યુગમાં છેલ્લાં ૫૦ વર્ષ સુધી આ વેગ ચાલુ રહે છે; પરંતુ કળિયુગમાં દરેક સદીના છેલ્લાં ૨૫ વર્ષ પર્યંત એકાંતમાં વાસો કરી રહેલા પણ લોકકલ્યાણપર સદા લક્ષ આપી રહેલા પરમાર્થી સાધુઓ આત્મવિદ્યા ફેલાવવાને યત્ન કરે છે, અને પૃથ્વીપર કેટલીક મહા ગુણકારક શુભ શકિતઓનો રેલો વહેતો કરે છે. આ પ્રમાણે આ કળિયુગની દરેક સદીના છેલ્લાં ૨૫ વર્ષોમાં તેમના સદા ચાલુ આવા પ્રયત્નોની સાબેતી આપણે પૂર્વે જણાવી ગયા છીયે. તેમ દુનિઆના જુદા જુદા દેશોના ઇતિહાસીક બનાવો બારીકીથી તપાસ્યાથી તુર્ત મળી આવશે. હાલની ચાલુ સદીના છેલ્લાં ૨૫ વર્ષ હજી પુરાં થયાં નથી; હજી પણ આગલી સદીઓના કરતાં વધારે વેગથી આ શુદ્ધ પવિત્ર પ્રવાહ વહેતો રહ્યો છે; કેટલાક યોગ્ય પુરૂષો સિદ્ધ સાધુના દર્શન મેળવવાને ભાગ્યશાળી થયા છે; અને આ પ્રયત્ન કાંઇક ગુપ્તને બદલે પ્રસિદ્ધ રીતે ચાલુ

---

*નાદ-કે-શબ્દમાં સમાયલી ભેદી અસરો વિશે બોલતા "ગુપ્તજ્ઞાન"ના ગ્રંથમાં મૅડમ લખે છે તે વિશે જુઓ "નાદ"ખંડ પમો.

† વીલાયતમાં હાલ અસલી આર્ય રીતી મુજબ મડદાંઓને બાળવા તરફ ત્યાંના વિદ્વાનો મતો ઉચ્ચારે છે, અને લંડન તથા બીજાં શહેરોમાં સુધરેલી રીત પ્રમાણે તેમને બાળી દેવાની ભઠ્ઠીઓ ઉભી કરી છે. મૅડમના શરીરને તે પ્રમાણે બાળી તેની રાખોડી યુરોપ, અમેરીકા, અને હિંદમાં મંડળીના મુખ્ય મથકોમાં રાખવામાં આવી છે.

થઇ રહ્યા છે; અને તેમના ભાવિક સેવકો અનેક ભાષણો અને લખાણો મારફતે તે કીમતી બોધ ફેલાવવાને કાંઇ પણ બાકી રાખતા નથી. આ મહાભારત કાર્યને મેડમે પોતાનું તન-મન-અને ધન-પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું હતું. જન્મથીજ તેઓ આ કાર્ય માટે નીમાયલાં હતાં; તેમની જીંદગીનો પૂર્વ ભાગ આ કામ માટે જોઇતી યોગ્યતા સંપાદન કરવામાં અનેક રીતનાં કષ્ટ અને અનેક તરેહની હેરાનગતી વચ્ચે પસાર થયાં હતાં; અને તેમની જીંદગીનો ઉત્તર ભાગ આ કામ પાર પાડવાના સાધન તરીકે "થીયોસોફીકલ" મંડળી સ્થાપવામાં, આત્મ-વિદ્યા ફેલાવવામાં, અને જે લોકો સુકાન વગરના વહાણની પેઠે વિચાર સમુદ્રમાં અહિં તહિ ડોલતા હતા તેમને ખરો માર્ગ દર્શાવવામાં પુરો થયો હતો. જન્મથી તે દેહ મર્ણપર્યંત તેમનું આજ કામ હતું, અને તે સફળ કરવામાં તેમને શું શું વેઠવુ પડ્યું છે, તેમના વૈરી શત્રુઓએ તેમના વીશે કેવી કેવી નિંદા પ્રગટ કરી છે, અને તેમના હેતુઓ ઉપર કેવા કેવા શક નાખ્યા છે અને તેમના કામમાં પોતાથી બને તેમ અટકાવ નાખવામાં કપટી પુરૂષોએ શું શું ફાંફા માર્યાં છે, તે કદી પણ સંપૂર્ણ વર્ણવી શકાય નહીં. અંતે સત્યનો જયજ છે.

ખંડ. ૨.

વિશ્વોત્પત્તિ.

"આ ગ્રંથની નેમ આ પ્રમાણે દર્શાવી શકાય: પાશ્ચાત્ય જડવાદીઓ જેમ માને છે તેમ કુદરત કાંઇ 'પરમાણુઓનો અચાનક સંયોગ' નથી તે દેખાડી આપવું, અને વિશ્વની યોજનામાં માણસને તેની યોગ્ય જગ્યાએ મૂકવો; સર્વે ધર્મોના મૂળરૂપી પ્રાચીન સત્યોને દુર્દશામાંથી બચાવવાં; અને જે જ્ઞાન–ધર્મરૂપી મૂળમાંથી આ સર્વે ધર્મો ઉગી નીકળ્યા છે તે મૂળ સ્પષ્ટ જણાવવું; છેવટે પાશ્ચાત્ય વિદ્યાએ કુદરતની ગુપ્ત કોતરોમા કદી પણ પ્રવેશ કર્યો નથી તે પ્રત્યક્ષ કરી આપવું.

"જો આ નેમ કાંઇક પણ અંશે પાર પડી તો લેખક તેટલાથીજ સંતોષ માની લેશે. માણસ જાતની સેવા અર્થે તે લખવામાં આવ્યો છે, અને માણસ જાત અને ભવિષ્યની પ્રજાજ તેના તોલ કરશે."— **મેડમ બ્લાવાટસ્કી કૃત "ગુપ્તજ્ઞાન" ગ્રંથનો પ્રસ્તાવના.**

હવે જે ગુપ્તજ્ઞાન પ્રગટ કરવામાં આવ્યું છે, અને જેથી આર્ય ધર્મશાસ્ત્રનોજ નહિ પણ બીજાં સર્વ ધર્મશાસ્ત્રના ભેદમાં લખેલાં વાકયો અને કથાઓનો ખુલાસો મળે છે, તે જ્ઞાન શું છે, તે આપણને શું સમજાવે છે તથા શીખવે છે તે ઉપર હવે ધ્યાન આપીએ.

"થીયોસોફી"નો ખરો અર્થ આત્મ-વિદ્યા કે બ્રહ્મ-વિદ્યા થાય છે. પૂરાણમાં આપણે જોઇએ છીએ કે પૂર્વે ગુપ્તજ્ઞાનની ચાર શાખા હતી, તે ચાર વિદ્યામાં વહેંચાયલું હતું. પ્રથમ 'યજ્ઞવિદ્યા,' કે જેથી ચોક્કસ ક્રીયાકર્મથી કુદરતની કેટલીક ગુપ્ત શકિતઓને ગતિ આપ-વામાં આવતી હતી. બીજી 'માહાવિદ્યા' જે વિદ્યાનો તાંત્રીકો ઘણી વખત દુષ્ટ ઉપયોગ કરી ઇંદ્રજાળ, જાદુ વીગેરે દુષ્ટ કર્મ કરતા હતા. ત્રીજી 'ગુહ્ય વિદ્યા,' કે જેથી 'આકાશ' તથા શબ્દમાં રહેલી શકિતઓની માહિતી મળતી, અને જેની ઉપર આખા મંત્ર શાસ્ત્રનો પાયો રચાયો હતો, અને જેથી કુદરતની અનેક શકિતઓ અને તેમના અરસપરસ સંબંધની જાણ થતી હતી. ચોથી 'આત્મવિદ્યા' કે 'બ્રહ્મવિદ્યા,' જે આત્મા કે જીવનો પરમાત્મા કે બ્રહ્મ સાથે યોગનો માર્ગ દર્શાવનારી વિદ્યા હતી.

જે પુરૂષ સર્વજ્ઞાની અને પરમાર્થી થવા ઇચ્છે છે, જે શ્રી કૃષ્ણના અતિ વિકટ માર્ગમાં પેસવા માગે છે, તેણે બીજી બધી વિદ્યાઓ પડતી મુકી આ ચોથી સર્વોત્તમ બ્રહ્મવિદ્યાનો અભ્યાસ કરવો જોઇયે. પ્રથમની ત્રણ વિદ્યાઓ માત્ર ખનિજ પદાર્થ, વનસ્પતિ તથા પ્રાણી વર્ગ, એટલે કે પ્રકૃતિના આ ત્રણ પ્રાંત ભેદના મૂળગુણો અને શક્તિઓપરથી રચાયલી છે. પુરૂષ (આત્મા) સાથ તેમનો કાંઇ પણ સંબંધ નથી, પણ માત્ર પ્રકૃતિ સાથે તેમને લાગતું વળગતું છે. આ ત્રણે વિદ્યાઓની માહિતી મેળવવાને કાંઇ મોટી અડચણ નડતી નથી, કાંઇ નીતિની જરૂર પડતી નથી; પણ કોઇ પણ સ્વાર્થી કે દુષ્ટ પુરૂષ પણ તે થોડી કે ઘણી જાણી શકે છે પણ આત્મ-વિદ્યા પ્રત્યે જોતાં તેઓ કાંઇ પણ વજન ધરાવતી નથી, ઉલટું તેઓ અતિ હાનીકારક થઇ પડે છે. આત્મ-વિદ્યામાં તેઓ સર્વે સમાઇ જાય છે, પણ આત્મ-વિદ્યા જાણનારાઓ આ ત્રણે વિદ્યાનો દુષ્ટ અને મલીન ભાગ દુર કરી કાંઇક પરમાર્થી અને કલ્યાણકારી કાર્ય સાધવામાં અગત્ય પડે ત્યારે રૂડો ઉપયોગ કરી શકે છે. જેઓ આત્મ-વિદ્યાને પડતી મુકી માત્ર ઉપલી ત્રણ વિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત કરવા પાછળ મંડે છે, તેઓ આગળ ચાલતાં પોતાને નીતિથી ભ્રષ્ટ કરે છે, અને છેવટ એ આવે છે કે તેઓ પોતાના આત્માના ભોગે અતિ દુષ્ટ તંત્ર સાધનાર કે "દુગપા" (વામમાર્ગી) થવા પામે છે, અને મેલી વિદ્યામાં પ્રવીણતા મેળવીને પોતાના આત્માને દુષણ લગાડી અધોગતિ પામે છે. માટે સાધારણ માણસોને જ્યાં સુધી આ વિદ્યાઓનો વાસ્તવિક અને રૂડો ઉપયોગ કરતાં ન આવડે, ત્યાં સુધી તેમનાથી દૂર રહેવામાં અતિ લાભ સમાયલો છે. કેમકે જ્યાં સુધી તેમનું અંતઃકરણ મેલું છે, જ્યાં સુધી ઇંદ્રિઓ તેમને વશ નથી, જ્યાં સુધી સ્વાર્થીપણું તેમની ઉપર દબાણ કરી રહ્યું છે, ત્યાં સુધી આ વિદ્યાઓમાં હાથ ઘાલ્યાથી તેમનો આ ભવજ નહિ પણ અનેક ભવ બગડે છે, અને કુકર્મના ભાર તળે અનેક જન્મો પર્યંત કચડાતા રહે છે. માટે જે મોક્ષ ઇચ્છે છે, તેણે સદા સ્વાર્થથી મોકળા થવાનો પ્રયત્ન જારી રાખી, સદા પરમાર્થમાં તત્પર રહી, કેવળ આત્મવિદ્યાના નિયમો શીખવા તથા તે પ્રમાણે ચાલવા ઉપરજ લક્ષ આપવું ઘટે છે. કેમકે આત્મવિદ્યાના અભ્યાસથી અતી લાભકારક પરિણામો નીપજે છે, સ્વાર્થથી તે અટકતો રહે છે, અને પરકલ્યાણી અને પરદુઃખભંજન થતાં શીખી પોતાના જીવનું તારણ કરવામાં નિશ્ચય સફળ થાએ છે. આ આત્મવિદ્યા મોક્ષ માર્ગ દર્શાવે છે. માણસ માત્ર ત્રણ પ્રશ્નનો ઉત્તર જાણવા ઇચ્છે છે; "હું કોણ છું ? શા માટે જનમ્યો છું ? મરણ પછી કયાં જઇશ ?" આ ત્રણ પ્રશ્નનો આત્મ-વિદ્યા ઉત્તર આપે છે, અને તેમ કરતાં બ્રહ્માંડ તથા પિંડ, જગત તથા માણસ તેમની ઉત્પત્તિ, સ્થાન, અને લયનું, સંપૂર્ણ વર્ણન આપે છે. આ જ્ઞાન આર્ય ધર્મશાસ્ત્રમાં પૂર્વથી સમાયલું છે, પણ 'થાયોસોફીકલ" મંડળીના સ્થાપનારા આ જ્ઞાન જે ભેદી તથા અલંકારી કથાઓના રૂપમાં દર્શાવ્યું છે, તે કથારૂપી કોટલું દૂર કરી અંદરનું ગુપ્તજ્ઞાન કે રહસ્ય સ્પષ્ટ સમજાવે છે.

विश्वोत्पत्ति

જગતની ઉત્પત્તિ, સ્થિતિ, અને લયનું વર્ણન આપવા પહેલાં આ ગુપ્તજ્ઞાનના ત્રણ મૂળ સિદ્ધાંતો જાણવા જોઇએ. પ્રથમ

(૧.) સર્વ વ્યાપક, અનંત, અંતરયામી, અચ્યુત બ્રહ્મ શું છે તે ઉપર કદી વિચાર કરી શકાય નહિ, તેનો ભેદ માણુસ કદી પણ કળી શકે નહિ. તે શું છે તે કદી કહેવાય નહિ, પણ તે શું નથી તે ઊપરથી એક રીતે તેની કાંઇ જાણ થાય છે. ઉપનિષદમાં તેને માત્ર तत् 'તે' કહે છે. સૃષ્ટિમાં જે થઇ ગયું છે, છે, અને થશે, જે સર્વે પ્રગટ કે ગુપ્ત છે, એ સર્વેનું તે अमूलम मूलम् (મૂળવિનાનું મૂળ) છે. તેમાંથી સર્વે પ્રગટે છે, અને ફરી તેમાં લય પામે છે. સંસ્કૃતમાં તેને सत् પણ કહે છે, જે વિશે કાંઇ પણ કલ્પના કરવી કે તર્ક ઉઠાડવા વ્યર્થ છે. પણ તેનો કાંઇ વિચાર કરીએ તો તે ગતિ-રૂપે જણાય છે, અને આ બ્રહ્મિક ગતિને "માહાશ્વાસ" કહે છે આ બ્રહ્મ આપણને पुरुष અને प्रकृति રૂપે દીસે છે. पुरुष સર્વે ચિત્ત અને ચૈતન્યનું મૂળ છે, અને તેની ક્રિયાથી સર્વે જગત્ ઉત્પન્ન થાય છે. प्रकृति કે मूलप्रकृति સર્વે સૂક્ષ્મ કે સ્થુળ વસ્તુનું મુળ છે. આ બન્નેના અરસ પરસ સંબંધ વગર કાંઇ પણ ઉત્પન્ન થતું નથી. पुरुष ને प्रकृतिની ઉપાધી વગર ચિત્ત કે ચૈતન્યનો અનુભવ થતો નથી, અને प्रकृति પણ पुरुषના સંબંધ વગર માત્ર એક મિથ્યા કલ્પના થઇ રહે છે. परब्रह्म સદા અદ્વિતિય છે, પરતું જગતમાં દ્વિતિય રૂપે ભાસે છે. અવિકારી, શુદ્ધ અને સ્વતંત્ર બ્રહ્મ સકળ પ્રગટ કે અણદીઠ જગતનું અનંત અને અવિના-શી મૂળ છે એતરેય ઉપનિષદમાં કહ્યું છે કે "પ્રથમમાં આ બ્રહ્મ હતું" 'પ્રથમમાં' એટલે કે માયાવી જગતના પ્રગટ થવા પહેલાં અવિનાશી અને અવિકારી 'બ્રહ્મ' નિર્ગુણ હોવું જોઇયે. 'બ્રહ્મ' જ્યારે સૃષ્ટિ રૂપે વ્યક્ત થાય છે, ત્યારે 'બ્રહ્મા' કહેવાય છે. જેમ કરોળીઓ પોતાના શરીરમાંથીજ તાંત કાઢી પોતાની જાળ વણે છે તેમ 'બ્રહ્મ' વિશ્વનું નિમિત્ત અને ઉપાદાન કા-રણ એ બંને છે. * સકળ સૃષ્ટિ તેનાથી ટકી રહે છે, તેમાંથી પ્રગટ થાય છે. અને તેમાં ફરી લીન થાએ છે. બ્રહ્મા'નો 'બ્રહ્મ' ઉગવું, ફુલવું, એ ધાતુ છે; અને 'વિષ્ણુ' એ "વિષ્=ફેલાવું" ધાતુ ઉપરથી નીકળ્યો છે; આ પ્રમાણે બ્રહ્મા-વિષ્ણુનો અર્થ 'અનંત વ્યોમ કે આકાશ' થાય છે, અને દેવ-તાઓ, ઋષિઓ, મનુષ્યો, અને બીજી સર્વે વસ્તુ આ અનંત આકાશની માત્ર વિભુતીઓ છે. પરબ્રહ્મ કેવળ સત છે, અને મૂળપ્રકૃતિ તેનાપર એક જાતનો જાણે પડદો છે. આ મૂળ પ્રકૃતિ પ્રથમ અવ્યક્ત હોય છે, પણ જ્યારે સૃષ્ટિ પ્રગટ થવાનો કાળ આવે છે, ત્યારે તે વ્યક્ત થવા માડે છે; અને સાત ચડ ઉતર પંક્તિમાં વહેંચાઇ જાય છે. જો આટલું સમજણમાં રાખવામાં આવશે કે "એકાનેક" એટલે માત્ર એકજ સર્વ-વ્યાપક तत्त्व છે, જે સદા

* માટીનો ઘડો ઘડનાર કુંભાર એ ઘડાનું નીમિત્ત કારણ છે અને માટી એ ઉપાદાન કારણ છે.

અનંત, અજ, અને અવિનાશી છે, અને આ માયાવી જગતમાં સૂર્ય મંડળોથી તે બારીકમાં બારીક પરમાણુ સુધી જે સર્વે દીસે છે તે માત્ર આ એકજ અદ્વિતિય તત્ત્વના વિવિધ રૂપો અને આકારો છે, તો આ સૃષ્ટિવર્ણન સમજવામાં સર્વેથી મોટી અડચણ દૂર થશે.

આ મૂળ તત્ત્વમાં સદા ગતિ ચાલુ રહેછે, જે ગતિને અલંકારરૂપે "મહાશ્વાસ' કહે છે. જ્યારે શ્વાસ બહાર કઢાય છે, ત્યારે મૂળપ્રકૃતિ વિકાસ પામે છે, એટલે કે મન્વંતરનો આરંભ થાય છે, સૃષ્ટિ ઉત્પન્ન થવા માંડે છે; અને જ્યારે શ્વાસ પાછો અંદર ખેંચી લેવાય છે, ત્યારે પ્રલયનો કાળ આવે છે, એટલે સકળ જગત પાછું જે મૂળમાંથી પ્રગટ થયું હતું તેમાં લય પામે છે. પુરૂષ અને પ્રકૃતિના અરસપરસ સંબંધથી આ ક્રીયા ચાલુ રહેછે. કાંઈ અસંખ્ય મન્વંતરો અને પ્રલય થયા છે, અને સદા થતા રહેશે. મન્વંતર કાળને 'બ્રહ્માનો દીવસ' એવું અલંકારી નામ આપ્યું છે, અને પ્રલયકાળને 'બ્રહ્માની રાત્રી' કહેછે. ઉપર કહ્યુંછે તેમ મૂલ પ્રકૃતિની સાત ચઢ ઉતર પંક્તિઓ હોયછે, તેમાંથી પણ અસંખ્ય ઉપપંક્તિઓ ઉત્પન્ન થાયછે તે સર્વે કેવળ એકજ તત્ત્વના માત્ર રૂપો અને આકારો છે; આ તત્વતે સર્વેનું મૂળ છે. પુરૂષ અને પ્રકૃતિનો સંબંધ થવો જરૂરનો છે. પણ તે સંબંધ શાથી થાયછે ? આ સંબંધ 'ફોહાત' એટલે "દૈવપ્રકૃતિ" મારફતે થાયછે. તેને "આદિ-શક્તિ" પણ કહેછે. પુરૂષ (=ઇશ્વર=મહત્) માં જે વિચાર કે સંકલ્પ હોયછે તે આ 'ફોહાત' કે 'આદિ-શક્તિ' મારફતે પ્રકૃતિમાં પ્રવેશ કરેછે; એટલે કે આ "ફોહાત"ની ભેદી ક્રીયાથી પ્રકૃતિ જુદાં જુદાં રૂપો પકડેછે; "ફોહાત"ની આ ક્રીયાને આપણે કુદરતના કાયદા તરીકે જાણીએ છીએ. ઇશ્વર કાંઈ એક વ્યકતિ નથી; 'ઇશ્વર' શબ્દ એ "ધ્યાન-ચોહાન" એટલે રૂષિ-પ્રજાપતિના સ કળ વર્ગનું ખાસ નામ છે સૃષ્ટિને ઉત્પન્ન કરવામાં આ 'ધ્યાન-ચોહાનો" મૂખ્ય ભાગ લે છે. પુરૂષમાંથી આપણને ચિત્ત કે ચૈતન્ય મળેછે, અને પ્રકૃતિમાંથી જુદી જુદી ઉપાધિ મળેછે, અને આ ઉપાધિ મારફતે ચૈતન્યનો સ્વાનુભાવ થાયછે. 'ફોહાત' એ પુરૂષ અને પ્રકૃતિ વચ્ચેનો ભેદી સાંધો છે, જે દરેક પરમાણુમાં વીજળીક શકિત નાખી તેમાં જીવ મુકેછે. નીચેના કોઠાપરથી તે વિશે વધારે સમજ પડશે:

૧. કૈવલ્ય—વેદાંતમાં જેને પરબ્રહ્મ કહે છે જે સત તથા અસત એ બન્ને છે.

૨. અવ્યક્ત ઇશ્વર—જેને 'પ્રથમ કારણ' કહે છે.

૩. પુરૂષ—પ્રકૃતિ, પ્રાણ;—વ્યક્ત ઇશ્વર.

૪. મહત્—જે પ્રકૃતિમાં થતા સઘળા વિકારોનો પાયો છે, અને જેને 'મહા બુદ્ધિ' પણ કહે છે.

એકજ સત. જે અદ્વૈત છે, તે માયાને લીધે દ્વૈત ભાસે છે.

(૨) વળી ગુપ્તજ્ઞાન કહે છે કે સૃષ્ટિઓ ભરતી તથા ઓટની પેઠે કાંઇ અસંખ્યવાર પ્રગટ થાય છે અને નાશ પામે છે. કુદરતમાં જ્યાં પણ જોઇશું ત્યાં આવા ઉલટા ઉલટાં ગુણવાળી દ્વંદ્વની અનેક જોડી મળી આવે છે. ઉજાસ અને અંધારૂં—દિવસ અને રાત્રી—જન્મ અને મરણ—ઉંઘવું અને જાગવું, વીગેરે. કુદરતના મુખ્ય નિયમોમાંનો આ એક મુખ્ય નિયમ છે.

(૩) આ ગુપ્તજ્ઞાન વધુ કહે છે કે દરેક જીવ જે પરમાત્માનો એક અંશ છે, તેને કાળચક્ર અને કાર્મિક કાયદા પ્રમાણે આ 'બ્રહ્માના દીવસ'માં સર્વ યોનિમાં પસાર થઇ કાંઇ અગણિત પુનર્જન્મ લેવાની ફરજ પડે છે. કારણકે પરમાત્માનો અંશ જે જીવ તે મન્વંતર કાળમાં માયાવી સૃષ્ટિની અંદર અનેક રૂપ અને આકારમાંથી પસાર ન થાય, અને પ્રથમ કુદરતી ગતિથી અને પાછળથી સ્વયત્નથી અને પુરૂષાર્થથી (જેની ઉપર અલબત કર્મનો અંકોશ રહે છે) સ્વતંત્રતા ન મેળવે, અને આ પ્રમાણે ચૈતન્યની સર્વ અવસ્થામાંથી-હલકાં 'મનસ્'થી તે ઊંચ 'મનસ્' સુધી, ખનીજ અને વનસ્પતિ વર્ગમાંથી તે શ્રેષ્ટ "ધ્યાની-બુદ્ધ," (દેવતાઓ) સુધી—ચઢતો ચઢતો ન જાય, ત્યાં સુધી તે જીવ કદી પણ સ્વતંત્ર થાય નહિ અને શુદ્ધ જ્ઞાન મેળવી શકે નહિ. આ શીલસુફી પ્રમાણે માણસને કાંઇ પણ ખાસ હક કે સત્વ મળતાં નથી. પરંતુ અગણિત પુનર્જન્મમાં પોતાનાજ પ્રયત્નથી જે કાંઇ શક્તિ કે સત્તા મેળવે છે તેજ તેનું ધન છે.

આ લીધેજ કહેવાય છે કે સૃષ્ટિ 'બ્રહ્મ' અને 'બ્રહ્મા' છે, અને સૃષ્ટિમાં જે કાંઇ તત્વો છે તે આ મૂળ તત્વના માત્ર રૂપો છે: અને જે કાંઇ રૂપો કે આકારો આપણે દેખીએ છીએ તે માત્ર માયા ગણાય છે. "બ્રહ્મ" બ્રહ્મા રૂપે પ્રગટ થવા માંડે છે ત્યારે પ્રલયકાળ પુરો થવા આવે છે. અને નવા મન્વંતરનો આરંભ થાય છે, અને જે જીવો લગ સ્થિતિમાં હતા તેઓ સહજ ચંચળ થવા માંડે છે. (અત્રે 'જીવ શબ્દથી બારીકમાં બારીક પરમાણુથી તે મોટામાં મોટાં સૂર્યમંડળો સમજવાં) પછી મન્વંતરના પ્રારંભમાં મહા ચોહાનો ધ્યાની-બુદ્ધો અથવા દેવતાઓ સાત વર્ગમાં વહેંચાઇ જઇને સૃષ્ટિ અને સૂર્યમંડળોની બાંધણી રચવામાં રોકાય છે. કુદરતના કાયદા અમલમાં મેલનાર આ ધ્યાનીઓ હોય છે. તેઓ પ્રકૃતિને યોગ્ય અવસ્થા આપીને સૂર્યમંડળો, ગ્રહો, અને પૃથ્વીઓ બનાવતા જાય છે.

માયાનું બળ ભારે છે. જેમ જેમ આપણે ચઢતી ચઢતી અવસ્થાનો અનુભવ મેળવતા જઇયે છીએ, તેમ તેમ આપણને માલમ પડતું જાય છે કે માત્ર માયાને ખરી વસ્તુ તરીકે માનવાની આપણે ભૂલ કરતા હતા; આ પ્રમાણે જેમ જેમ આપણે એકેક અવસ્થા ચઢતા

જાણયે છીએ, તેમ તેમ આપણી ભૂલો સુધરતી જાય છે, અને માત્ર જ્યારે આત્માનો પરમાત્મા સાથે યોગ થાય છે ત્યારેજ માયાની જાળમાંથી આપણો છુટકો થાય છે.

'બ્રહ્માનો દિવસ' પુરો થતાં જ્યારે 'બ્રહ્માની રાત્રી' આવે છે, ત્યારે સર્વે 'કાર્ય' (પરીણામ) નાશ પામે છે અને 'કારણ' માત્ર રહી જાય છે; અને જ્યારે 'બ્રહ્માનો દિવસ' થાય છે, ત્યારે તે 'કારણ'માં લીન થયલા જીવો પાછા સજાગ્રત થાય છે. ધર્મશાસ્ત્રમાં આપણે અનેક ત્રિમૂર્ત્તી જોઇયે છીએ, અને અલંકારમાં તેમના વિશે માતા, પીતા, પુત્ર શબ્દો વાપરવામાં આવે છે.

પીતા	...	પુરૂષ	...	સૃષ્ટિ	...	બ્રહ્મ
માતા	...	પ્રકૃતિ	...	સૂર્ય મંડળ	...	ધ્યાન-ચોહાન
પુત્ર	...	સૃષ્ટિ	...	પૃથ્વી	...	માણસ

ધ્યાન-ચોહાનોની આજ્ઞામાં 'ફોહાત' સદા રહે છે. અને તેમની આજ્ઞા પ્રમાણે તેઓના સંકલ્પ અમલમાં મુકે છે, અને તે સંકલ્પ પ્રમાણે સર્વે મંડળો અને ગ્રહો રચાય છે. જેમ એક ઘર બાંધવા પહેલાં એક શીલ્પીની અગત્ય છે, અને શીલ્પીના કામ માટે ઇંટોની જરૂર હોય છે, તેજ પ્રમાણે આ ધ્યાન-ચોહાનો સૃષ્ટિના શીલ્પી છે, અને તેઓને મંડળો કે ગ્રહોની બાંધણી સારૂ જોઇતા પદાર્થો આકાશમાંના રાત્રે દીસતા જે ધોળા પાટાને આપણે 'આકાશ ગંગા' કહીયે છીએ તેમાંથી પકવેલી હાલતમાં મેળવે છે. 'ફોહાત' અણુઓમાં વીજળીક શક્તિ મુકે છે, અને પછી તેમને પાથરી મુકે છે. પૂરાણમાં 'અદીતી'(આકાશને) 'દેવમાતૃ' કહે છે, એટલે કે દેવતાઓની માતા, અને આ નામ તેને ઘટે છે. કેમકે તેમાંથીજ આપણા સૂર્ય અને ગ્રહ ઉત્પન્ન થાય છે. વેદમાં સૂર્યને 'લોક-ચક્ષુ' કહ્યો છે, અને તેને સાત અશ્વ-નો કે સાત માથાના એક અશ્વનો તેને રથ છે એમ જણાવ્યું છે. સાત અશ્વ એટલે સાત ગ્રહો, પણ "સાત માથાવાળો અશ્વ" એ ઉપરથી એમ જણાય છે કે તેઓ સર્વે એક મૂળ તત્વ માંથી નીકળ્યા છે. આ તત્વને અલંકારરૂપે 'અગ્નિ' કહે છે; વેદમાં વાકય છે કે 'અગ્નિજ સર્વે દેવતા છે.' યુરોપના વિદ્વાનો માને છે કે આપણા સાત ગ્રહો અસલ સૂર્યમાંથી છુટા પડયા છે, પણ તેમ નથી. સૂર્ય તેમનો પીતા નથી પણ માત્ર તેમનો વડો ભાઇ છે. કેમકે 'ફોહાતે' જેમાં ક્રિયા ચાલુ કરી છે એવા એક ચક્રની પેઠે ફરતા ગોળામાંથી સૂર્ય પ્રથમ છુટો પડયો છે, અને તે પછી બીજા સાત ગ્રહો તે ગોળામાંથી છુટા પડયા છે. ગતિના ત્રણ પ્રકાર છે; ગરમી (શ્વાસ), આકર્ષણ, અને વિકર્ષણ. આ ત્રણ પ્રકારની ગતિ પ્રમાણે સર્વે ગ્રહો જન્મ પામે છે, ઘટ થાય છે, અને છેવટે મરણ પામે છે; અને ફરી મન્વંતરનો આરંભ થતાં પાછા પ્રગટે છે, અને ધ્યાન-ચોહાનો તથા 'ફોહાત' મારફતે પાછા સૂર્ય કે ગ્રહ તરીકે નવી સૃષ્ટિમાં પોતાની જગ્યા લે છે.

ધ્યાન-ચોહાનો એટલે કે દેવતાઓ અથવા બ્રહ્માના 'માનસ-પુત્રો'ના ત્રણ વર્ગો છેઃ (૧) ઋષિ-પ્રજાપતિ,— તે ધ્યાન-ચોહાનો કે જેઓ વડે બ્રહ્માની સૃષ્ટિઓ રચાય છે અને બંધાય

છે; ख, બીજા ઉપવર્ગના ધ્યાન-ચોહાનો આપણી પૃથ્વી અને તેને લગતા બીજા ગોળાઓની પંક્તિ બાંધે છે; ग, અને ત્રીજા ઉપવર્ગના ધ્યાન-ચોહાનો માણસ જાતને જન્મ આપે છે. (૨) क, ધ્યાનીબુધ્ધો, જેઓ તારાઓનાં અને મૂખ્ય કરીને ગ્રહોનાં અધિષ્ઠાતા દેવતા હોય છે. અને જેઓ જે માણસો તેમના ચોક્કસ તારા કે ગ્રહોના પ્રભાવ નીચે જન્મે છે તેઓપર સત્તા ધરાવે છે; ख તથા ग, બીજા તથા ત્રીજા ઉપવર્ગના ધ્યાની-બુધ્ધો બીજા સૂર્ય મંડળોમાં એજ પ્રકારના કામ કરે છે, અને કુદરતના જુદા જુદા વિભાગોપર અમલ કરે છે; હિંદુ શાસ્ત્રમાં તેમને 'લોકપાલ' કહે છે, પૂર્વમાં 'ઈંદ્ર' દક્ષિણમાં 'યમ,' પશ્ચિમમાં 'વરૂણ' અને ઉત્તરમાં 'કુબેર,' એ મુખ્ય લોકપાલો છે; (૩) ત્રીજા વર્ગના ધ્યાન-ચોહાનો 'લિપિક' દેવતાઓ કહેવાય છે, જેઓ વિશે એટલુંજ જણાયલું છે કે તેઓ કર્મિક કાયદા સાથે સંબંધ ધરાવે છે; તેઓ માણસના દરેક કામ, દરેક વિચાર, અને જગતમાં જે કાંઇ બન્યું છે, બને છે કે બનશે, તે સર્વેની 'આકાશ'માં સંપૂર્ણ નોંધ રાખે છે. શાસ્ત્રમાં તેમને 'ચિત્રગુપ્ત'* એવુ નામ આપ્યું છે, અને કથા છે કે પોતાના 'અગ્ર-સંધની' નામના પુસ્તકમાંથી દરેક માણસનું વૃત્તાંત તેના મરણ પછી 'યમ' આગળ વાંચી આપે છે. તે જાણે યમ રાજાનો મેરતો છે. દરેક માણસની જીંદગી સાથ તેમનો આ રીતે સંબંધ છે, અને દરેક બાળકના જન્મથીજ તેઓ તેની સાથ સંબધ ધરાવે છે; કારણકે દરેક બાળકની ભવિષ્યની જીંદગી 'આકાશ'માં પૂર્વેથીજ ચિત્રાયલી હોય છે. આ કાંઇ માત્ર કલ્પના નથી, કેમકે ભૂત કે ભવિષ્યની અસરો એ બંને વર્તમાનમાં સદા હાજર હોય છે, અને આ લીધે આ ''લિપિક'' દેવતાઓનો જ્યોતીષ સાથે સંબંધ છે. જ્યોતીષ એ કાંઇ ખોટી વિદ્યા નથી. 'ફોટોગ્રાફી'થી હાલ શોધ થઇ છે કે જે તારાઓ અને ગ્રહો દુર્બીન વડે પણ ન દીસતા હતા, તેમની છબી 'ફોટોગ્રાફી'ના કાચપર સાફ પડે છે. આ ઉપરથી સમજાશે કે દરેક બાળકના જન્મ વખતે આપણું સૂર્યમંડળ તેના નરમ અને સ્વચ્છ ભેજાંપર તે સમયે શીરોબીંદુપર રહેલાં ચોકકસ નક્ષત્ર કે તારાની હાજરી પ્રમાણે ચોક્કસ અસરોની છાપ મારી શકે છે.

આ 'લિપિક' દેવો અરૂપ લોકને રૂપલોકથી જુદાં રાખે છે. જ્યાં સુધી જીવ કર્મ-પાસથી બંધાયલો છે, ત્યાં સુધી તે 'લિપિક' દેવોની સત્તા તળે રહે છે. જ્યારે તે માયા તથા કર્મના બંધનમાંથી મુક્ત થાય છે, ત્યારે પરમપદમાં મોક્ષનો અનુભવ મેળવે છે. ત્યાં જીવન મુક્તો એટલે કે મોક્ષ પામેલા જીવાત્માઓ માયા કે કર્મના ગુણોથી સ્વતંત્ર રહે છે. પણ જો તેઓ ઇચ્છે તો લોક કલ્યાણ માટે ફરી પૃથ્વીપર જન્મ લઇ શકે છે. મોક્ષનું સર્વોત્તમ સુખ તજીને આવા લોક-કલ્યાણ ઇચ્છનારા મુક્ત જીવોને 'નિર્માણ કાંયા' કહે છે. આ પૃથ્વી લોકમાંથી પરમપદ અથવા અરૂપ લોકમાં જવાના માર્ગને 'દેવ-યાન' કહે છે. જ્યારે એક મહાયોગી મરણ પામે છે, ત્યારે 'જીવ સૂક્ષ્મ દેહ ધારણ કરીને અંતઃકરણમાંથી સષુમ્ણાને માર્ગે બ્રહ્મ

* આપણી સર્વે વાણી, વિચાર કે કર્મનું ચિત્ર તુર્તજ ''આકાશ''માં ચિત્રાય છે, અને તેઓ સાધારણ નજરથી ગુપ્ત રહે છે. પણ 'દીવ્યચક્ષુ'થી આ ચિત્રો સ્પષ્ટ દ્રષ્ટીએ પડે છે; ઋષીઓ પોતાને જોઈતી કાંઇ પણ વીગત કુદરતના આ નોંધ-સંગ્રહમાંથી અંતર દ્રષ્ટિ વડે ઝટ શોધી કાઢે છે.


રંધ્રમાં જાય છે, અને બ્રહ્મરંધ્ર ફાડીને જીવ સૂર્ય કારણ મારફતે સૂર્યમંડળમાં પેસે છે, અને સૂર્યના એક કાળા ધાભામાંથી પરમપદ પહોંચે છે.'' યોગથી પ્રાપ્ત કરેલાં જ્ઞાનના બળવડે જીવ પરમપદમાં પોતાનો માર્ગ લે છે.

ટુંકમાં કહીયે તો આ ધ્યાન ચોહાનો કે દેવતાઓ સૂર્ય મંડળોના પ્રથમ નકશા કલ્પે છે. અને 'ફોહાત' (આદી-શકિત) કલ્પેલા નકશા પ્રમાણે પ્રકૃતિમાં શકિત મુકી અનેક ધાટ ઘડે છે, અને સૃષ્ટિના અનેક સૂર્યમંડળો તથા ગ્રહો પ્રગટ થવા માડે છે. સૃષ્ટિ પણ સાત ચઢ ઊતર પંક્તિમાં વહેંચાલી છે.

આપણી પૃથ્વી સૂર્ય મંડળ મધ્યે એક ગ્રહ છે, અને તેની સાથ બીજા છ અણદીઠ સાથી છે, પરંતુ તેઓ વધારે સૂક્ષ્મ પદાર્થના બનેલા છે, જ્યારે આપણી પૃથ્વી સ્થૂળ પદાર્થની બનેલી છે. આજ પ્રમાણે સૂર્યના બીજા ગ્રહોમાંના દરેક પોતાના છ અણદીઠ સાથી ધરાવે છે.

એજ પ્રમાણે માણસમાં પણ સાત તત્વો છે. પૂરાણમાં માણસને 'સપ્તપર્ણ' રોપાની ઉપમા આપી છે. આપણી પૃથ્વી તથા તેના છ સાથી ગોળાઓ સાથે માણસના સાત તત્વો મુકાબલો ધરાવે છે, જે નીચલી આકૃતિપરથી સમજાશે.

માણસના સપ્ત તત્વો — પૃથ્વીની હાર



માણસને પૃથ્વીમાં અને તેના દરેક છ સાથી ગ્રહ ઉપર વારંવાર જન્મ લેવા પડે છે: એટલે કે માણસ જાત પ્રથમ પહેલા ગ્રહપર ઉતરીને અનેક જન્મો લઇને જોઇતો અનુભવ પ્રાપ્ત કરી બીજા ગ્રહપર જવા માડે છે, અને આ પ્રમાણે સાતે ગ્રહપર એક ફેરો મારી રહે કે એક કલ્પ પુરો થાય છે. આ રીતે આખી હારમાં સાત કલ્પો સુધી ફરે છે, એટલે સાત મોટા ફેરા પુરા થાય છે. હાલ પર્યંત આપણી આખી હારમા આપણે ત્રણ મોટા ફેરા મારી આવ્યા છીએ, અને હાલ આપણો ચોથો ફેરો ચાલુ છે, અને તે અર્ધો પુરો પણ થયો છે,

કેમકે આપણે પહેલા ત્રણુ ગ્રહમાંથી થઇને હાલ પૃથ્વીપર એટલે કે ચોથા (વચલા) ગ્રહ ઉપર આવ્યા છીએ. અત્રે કાળચક્ર, યુગો, તથા કલ્પોની ગણુત્રી આપવી ઠીક પડશે.

૧૫	નિમેષ...	૧ કાષ્ઠા
૩૦	કાષ્ઠા...	૧ કળા
૩૦	કળા.	૧ મુહૂર્ત
૩૦	મુહૂર્ત...	૧ રાત્ર દિવસ
૩૦	રાત્ર દિવસ	૧ માસ
૬	માસ	૧ અયન
૨	અયન (દક્ષિણાયન તથા ઉત્તરાયન)...	૧ વર્ષ

	વર્ષ
કૃતયુગ	૧,૭૨૮,૦૦૦
ત્રેતાયુગ	૧,૨૯૬,૦૦૦
દ્વાપુર યુગ	૮૬૪,૦૦૦
કળીયુગ	૪૩૨,૦૦૦
આ ચાર યુંગ મળીને ૧માહા યુગ,...	૪,૩૨,૦૦૦૦
૭૧ મહાંયુગ=૧ મનવંતર...	...૩૦૬,૭૨૦,૦૦૦
૧૪ મનુઓનું રાજ્ય ૯૯૪ મહાયુગ સુધી ચાલે છે તેના વર્ષ	૪,૨૯૬,૦૬૦,૦૦૦
દરેક મન્વંતર વચ્ચે સંધિ તથા સંધ્યાંશ માટે ૬ માહા યુગ ...	૨૫,૯૨૦,૦૦૦
સઘળા મળીને ૯૯૪+૬= ૧૦૦ મહાયુગ=૧કલ્પ એટલે બ્રહ્માનો એક ૧ દીવસ. ...	૪,૩૨,૦૦૦૦,૦૦૦
બ્રહ્માની રાત્રી પણુ એટલા કાળ સુધી લંબાય છે જેથી બ્રહ્માની ૧ રાત્ર દિવસના વર્ષ ...	...૮,૬૪૦,૦૦૦,૦૦૦,
આવાં ૩૬૦ રાત્ર દિવસ મળીને બ્રહ્માનું ૧. વર્ષ થાય છે, જેના માનુષી વર્ષ	૩,૧૧૦,૪૦૦,૦૦૦,૦૦૦
આવાં ૧૦૦ વર્ષનું બ્રહ્માનું આયુષ્ય છે, એટલે કે ૧ મહા કલ્પ પુરો થાય છે જેના વર્ષ	૩૧૧,૦૪૦,૦૦૦,૦૦૦,૦૦૦

આ રીતે ૧ મહા કલ્પ પંદર આંકડાઓની એક સંખ્યા બને છે. આ યુગ, મન્વંતર તથા કલ્પાદિની ગણુત્રી દેવર્ષિ નારદ અને અસુરમયની મૂળ ગણુત્રી પરથી પૂરાણુમાં લેવામાં આવી છે.

૧. હવે આપણા સૂર્યમંડળને હાલ ૧૮૯૬ સુધીમાં	૧,૯૫૫,૮૪૪,૬૯૬ વર્ષ થયાં છે.

૨	જીવોને પ્રકૃતિના ૩ મુખ્ય પ્રાંત ભેદઃ ખનિજ, વનસ્પતિ, અને પ્રાણી રૂપોમાંથી પસાર થતાં... ...	૩૦૦,૦૦૦,૦૦૦ વર્ષ થયાં છે.
૩	જેથી જીવોને માણુસ રૂપ લેવાને...	૧,૬૫૫,૮૮૪,૬૯૬ વર્ષ થયાં છે.
૪	વૈવસ્વતુ મન્વંતરને (૧૮૯૬માં)	૧૮,૬૧૮,૭૩૭ વર્ષ થયા છે.
૫	કળીયુગને (૧૮૯૬)માં ...	૪,૯૯૮ વર્ષ થયાં છે.

પરમાત્માનો અંશ જે 'જીવાત્મા' તેને પ્રકૃતિની સાત પંક્તિપર અનેક રૂપો કે આકારોને પોતાનું વાહન બનાવી કનિષ્ઠથી તે શ્રેષ્ઠ શરીરોમાં કાંઇ અનેક અવતાર લેવા પડે છે, અને છેવટે માણુસ અવતારમાં સ્વાનુભવ અને સ્વ-ચૈતન્ય મેળવીને બ્રહ્માનું આયુષ્ય પુરૂં થતાં પરમાત્મામાં લીન થઇને પરનિર્વાણ ભોગવે છે. જીવને અનુભવ પ્રાપ્ત કરવા માટે આ ઉપાધીઓની અગત્ય હોય છે. અને આ લીધે તેને મિશ્રીત તત્વો સાથે ભેળાવું પડે છે, અને આ પ્રમાણે માણુસમાં સાત તત્વો સમાયલાં છે. વેદાંત શાસ્ત્રમાં માણુસના પંચ કોષ જણાવ્યા છે, અને તારક રાજયોગમાં માત્ર ત્રણુજ ઉપાધિ દર્શાવી છે; નીચલા કોઠામાં ત્રણે રીતીની સરખામણી આપી છે.

ગુપ્તજ્ઞાન=બોધી-ધર્મ	વેદાંત દર્શન	તારક રાજયોગ
૧. સ્થુળ શરીર	અન્નમય કોષ	સ્થૂલોપાધી
૨. પ્રાણુ	પ્રાણમય કોષ	
૩. લિંગ શરીર		
૪. કામ	મનોમય કોષ	સૂક્ષ્મોપાધી
૫. મનસ { ક—ઇચ્છા, લાગણી, વીગેરે		
ખ—વિજ્ઞાન	વિજ્ઞાનમય કોષ	
૬. બુદ્ધિ	આનંદમય કોષ	કારણોપાધી
૭. આત્મા	આત્મા	આત્મા

આ ઉપરથી દેખાશે કે વેદાંત દર્શનમાં લિંગ શરીરને જુદું જણાવ્યું નથી, કેમકે તે માત્ર પ્રાણુનું 'વાહન' છે. 'કામ' પણ મનોમય કોષમાં આવી જાય છે, કેમકે તે ઇચ્છા વીગેરેનું વાહન છે, અને મનસની માત્ર એક શક્તિ છે. વળી આ ધ્યાનમાં રાખવું કે મનોમય કોષ અને વિજ્ઞાનમય કોષ જુદાં પડે છે, કેમકે મરણુ પછી મનસનો વિજ્ઞાન ભાગ 'બુદ્ધિ' (આનંદમય કોષ) સાથે જોડાય છે. અત્રે કહેવું જોઇએ કે તારક રાજયોગની રીતિ સર્વેથી સહેલી છે. જો કે માણુસમાં સાત તત્વો છે, પણ આત્માને પોતાનાવાહન તરીકે ત્રણુજ ઉપાધી મળે છે, જે દરેકમાં તે સ્વતંત્રપણે પોતાનું કામ કરી શકે છે. કારણ કે

એક અર્હત કે મહાત્મા પોતાની ત્રણે સ્થૂલ, સૂક્ષ્મ, કે કારણ ઉપાધી ઘણી સેહેલાઇથી એ-કેકથી જુદી કરી શકે છે, પણ તે પોતાના આ સાત તત્વો એકેકથી જુદાં પાડી શકે નહિ, કેમકે તેમ કર્યાથી તેનુ શરીરજ નાશ પામે.

આપણે ઉપર જર્ણાવ્યું છે કે દરેક દ્રશ્ય કે અદ્રશ્ય તારા કે ગ્રહના બીજા છ સાથીઓ હોય છે, અને જીવ પહેલાથી તે સાતમા ગ્રહપર સાત ફેરા કે ચક્ર મારે છે. આ ગોળાઓના જન્મની રીત માણસના પુનર્જન્મની રીતને મલતી છે. જ્યારે જીવો સાત ગોળાની એક હારમાં પોતાનો છેલ્લો ફેરો પુરો કરે છે કે આ સાતે ગોળાઓ એકેક પછી મરણ પામે છે; એટલે કે તે હારના ગોળાઓનું આયુષ્ય પુરૂં થાય છે, અને તેમનો પ્રલયકાળ આવી ચુકે છે.

આપણી પૃથ્વી પોતાના છ સાથીઓ સાથ સાત ચક્ર કે કલ્પ સુધી જીવશે. પ્રથમ ત્રણ કલ્પમાં તેનો ઘાટ ઘડાય છે, અને તે સ્થૂળ રૂપ પકડતી જાય છે; ચોથા કલ્પમાં (હાલના) તે અતિ સ્થૂળ બને છે, અને બાકી રહેલા ત્રણ કલ્પમાં તે પોતાની સ્થૂળતા મૂકીને સૂક્ષ્મ રૂપ ધારણ કરતી જશે.


પૃથ્વીપર વસતી માણસ જાત આ ચોથા કલ્પમાંજ 'માણસ' કહેવાવાને યોગ્ય થાય છે, બાકી આ ચોથા કલ્પની પૂર્વે એક યોગ્ય નામની ગેરહાજરીને લીધેજ તે 'માણસ' જાત કહેવાય. જેમ એક કીડો વચ્ચે કેટલાંક રૂપ બદલીને પછી પતંગીઉં બને છે, તેમ માણસ (ખરૂં કહેતાં જે પછી માણસ થવાનો છે) પેહેલા કલ્પમાં ખનિજ, વનસ્પતિ, અને પ્રાણી વર્ગના* સઘળા આકારમાંથી પસાર થાય છે; અને બીજા તથા ત્રિજા કલ્પમાં માણસરૂપ ધારણ કરવા માંડે છે; પછી ચાલુ ચોથા કલ્પમાં માણસ જાત પૃથ્વીપર આવ્યા પછી, તેનીજ મારફતે ખનિજ, વનસ્પતિ અને પ્રાણી વર્ગ સુધરતા જાય છે. બાકીના પાંચમાં, છઠ્ઠા, અને સાતમાં કલ્પમાં માણસ જાત, જેમ આ પૃથ્વીના સંબંધમાં બનશે તેમ, પોતાનું પૂર્વેનું સૂક્ષ્મીક રૂપ ધારણ કરતી જશે, એટલે કે ધ્યાન ચોહાનની સ્થિતિએ આવી પૂગશે. માણસની વલણ દેવતા થવાની છે, અને તે પછી સૃષ્ટિમાં જે કાંઇ સર્વે છે તેની પેઠે બ્રહ્મમાં લય પામશે.

ચોથો ગ્રહ એટલે આ પૃથ્વીપર જે કાળપર્યંત માણસ જાત રહે છે, તે કાળમાં માણસો સાત મૂખ્ય મૂળ જાતીમાં વેહેંચાઇ જાય છે. આ દરેક મૂળ જાતીના પણ સાત ફાંટા થાય છે, એટલે કે સાત ઉપજાતીમાં વેહેંચાઈ જાય છે. અને આ સાત ઉપજાતો પણ જુદીજુદી પ્રજાઓમાં વેહેંચાઇ જાય છે.

માણસની પેહેલી મૂળ જાતી પિતૃદેવોએ ઉત્પન્ન કરી હતી. આ પિતૃદેવોના પણ સાત વર્ગો હોય છે, અને જે માણસોએ પેહેલી મૂળ જાતીમાં અવતાર લીધા તે કોઇજ નહિ પણ આ પિતૃદેવો હતા. આ પિતૃદેવો આપણી પૃથ્વીપર આવ્યા પહેલાં ચંદ્રલોકપર વસતા હતા. ચંદ્ર પણ સાત ગ્રહની એક આગલી હારમાંનો માત્ર એક ગ્રહ હતો, અને પોતાની

* આ ત્રણ વર્ગો તે કાળમાં માત્ર સૂક્ષ્મ એટલે અતી પાતળા પદાર્થના બનેલા હતા.

હારનો ચોથો એટલે વચલો ગ્રહ હોવાથી પોતાના બીજા સાથી ગ્રહો કરતાં વધારે સ્થૂળ આકાર ધરાવતો હતો અને ધરાવે છે, અને તેથી સાધારણ આંખે દેખાય છે. આ પિતૃદેવોએ ચંદ્રની હારપર પોતાના ફેરાઓ પુરા કર્યા હતા, અને તે પછી ચંદ્ર લોક કરતાં વધારે ચઢીયાતી હારમાં વધુ અનુભવ અને જ્ઞાન માટે તેમને અવતરવું હતું. જ્યારે પિતૃદેવો ચંદ્રની હારમાં પોતાના સાત મોટા ફેરા પુરા કર્યા કે ચંદ્ર અને તેના સાથી ગ્રહો મરણ પામી, આપણી પૃથ્વી અને તેના છ સાથીમાં ફરી પુનર્જન્મ લીધો. આ બન્ને હારનો સંબંધ નીચલી આકૃતિ પરથી જણાશે.



કોઇપણ સાત ગ્રહોની હારમાં અવતાર લેતા જીવોના સાત વર્ગો કરવામાં આવે છે. તે વર્ગો તે જીવોના જ્ઞાન અને કર્મ પ્રમાણે નક્કી કરવામાં આવે છે. તેઓ સર્વે સાથે જન્મ લેતા નથી. કેમકે જ્યારે છેલ્લા વર્ગના જીવો પ્રથમ ગ્રહપર અવતરે છે, ત્યારે સૌથી આગળ વધેલા પહેલા વર્ગના જીવો બીજા ગ્રહપર અવતાર લેવા માંડે છે. આ પ્રમાણે જ્યારે છેલ્લા વર્ગના જીવો પોતાના સાતમાં છેલ્લા ફેરામાં કોઇપણ ગ્રહ છોડે છે કે, તે ગ્રહ પૂર્વની પેઠે નિદ્રાવસ્થામાં * ન રહેતાં હવે મરણ પામે છે, અને આગળ કહ્યુ છે તેમ, મરણ પામતાં પોતાની સઘળી જીવન-શક્તિ પ્રાણ વિગેરે બહાર કાઢી તેમાંથી એક નવું લય બિંદુ બંધાય

* પ્રલય ઘણા પ્રકારના છે; જ્યારે એક ગ્રહપર વસતા જીવો બીજા ગ્રહપર જવા માંડે છે, ત્યારે પહેલો ગ્રહ પ્રલયમાં જાય છે, જે પ્રલય એક જાતની માત્ર નિદ્રાવસ્થા છે: આ પ્રમાણે એક કલ્પમાં સાત લઘુ પ્રલય થાય છે. જ્યારે સાત ફેરા કે કલ્પ પુરા થાય છે, ત્યારે સાતે ગ્રહોની આખી હાર પ્રલયમાં જાય છે. વળી જ્યારે સૂર્ય પોતાની અનેક હારો સાથે પ્રલયમાં જાય છે, ત્યારે આખું સૂર્યમંડળ નાશ પામે છે: આ સૂર્ય-પ્રલય છે. અને છેવટે જ્યારે સૃષ્ટિ અનેક સૂર્યોમંડળો સાથે લય પામે છે, તે મહાપ્રલય કહેવાય છે.

છે, અને આ નવાં લય બિંદુમાંથી બીજો નવો ગ્રહ કે ગોળો ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે જ ચંદ્રની હારના ગ્રહો મરણ પામીને પૃથ્વીની હારના ગ્રહોને જન્મ આપે છે. આપણો ચંદ્ર તેની હારનો ચોથો ગ્રહ હતો અને તે સ્થૂળ રૂપ ધરાવતો હતો, અને તેમાંથી આપણી પૃથ્વીએ પોતાની જીવન શક્તિ મેળવી છે. પૃથ્વીની હાર ચંદ્રની હાર કરતાં ચઢતી હોવાથી, પૃથ્વી ચંદ્ર કરતાં ઓછી સ્થૂળ છે, જે ઉપલી આકૃતિ ઉપરથી માલમ પડશે.

જીવો ચંદ્રની હારમાં પોતાના ફેરા પુરા કરીને એકદમ પૃથ્વીની હારપર ઉતરતા નથી, પણ થોડો અંતર કાળ તેઓ એક જાતની નિર્વાણ અવસ્થા ભોગવે છે. જ્યારે નવી હારનો પ્રથમ ગ્રહ તૈયાર થાય છે, ત્યારે જુની ચંદ્રની હારના જીવોનો પેહેલો વર્ગ પ્રથમ ખનિજ આકારોમાંથી પસાર થાય છે, અને પછી બીજા ૭ વર્ગો અનુક્રમે એકેક પછી ઊતરી આવે છે. આથી પેહેલાજ વર્ગના જીવો પ્રથમ કલ્પમાં માણુસ સ્થિતિ મેળવે છે, કેમકે બાકીના વર્ગના જીવોને દરેક ગ્રહપર મોડા આવ્યાથી માણુસ પદ્વિ મેળવવાને પુરતો કાળ મળતો નથી. આ લીધે બીજા વર્ગના જીવો માત્ર બીજા કલ્પમાં માણુસ પદ્વિ પ્રાપ્ત કરે છે. અને આ પ્રમાણે ચોથા કલ્પ પર્યંત બનતું રહે છે. પણ આ ચોથા કલ્પમાં જે જીવો માણુસ સ્થિતિએ હજી પુગ્યા નથી, તેમને માટે હવે માણુસ વર્ગમાં દાખલ થવાનું બારણું બંધ થાય છે; હવે જે જીવો માણુસ તરીકે સુધરવાનો તથા ઊંચી પંક્તિએ ચઢવાના છે તેમની સંખ્યા નક્કી થઇ જાય છે. આ રહી ગયલા જીવો આગળ વધી ગયલા જીવોથી એટલા પાછળ પડી જાય છે કે, જ્યાં સુધી આપણો છેલ્લો કલ્પ પુરો થાય ત્યાં સુધી માણુસ વર્ગમાં દાખલ થવાને યોગ્ય થશે નહિ. તેથી તેઓ આપણી હારમાં માણુસ રૂપ મેળવશે નહિ, પણ હવે પછીના મન્વંતરમા આપણી હાર કરતાં વધારે ચઢતી હારમાં મનુષ્ય અવતાર મેળવશે, અને આ રીતે તેમને એક જાતનો કાર્મિક બદલો મળી રહેશે. પણ આ જીવોમાંથી કેટલાક બારણું બંધ થયાં છતાં પણ માણુસ વર્ગમાં દાખલ થશે તે વિશે આગળ વીગત આપીશું.

આ ઉપરથી સ્પષ્ટ જણાશે કે સૃષ્ટિમાં અને માણુસમાં, બ્રહ્માંડમાં અને પિંડમાં, એ બન્નેમાં જે કુદરતની ક્રીયાઓ ચાલે છે, તેઓ કેટલી મળતી આવે છે. માણુસ પોતાનું આયુષ્ય પુરૂં થતાં મરણ પામે છે. તેનો જીવ દેહ તજી દેવખાન (સ્વર્ગ)માં જાય છે; તેજ પ્રમાણે જ્યારે ગ્રહોની હારનું આયુષ્ય પુરૂં થાય છે કે તેપર વસતા જીવો, નવી હારમાં આવ્યા પહેલાં, થોડોક કાળ નિર્વાણ અવસ્થા ભોગવે છે. માણુસના મરણ પછી સ્થૂળ શરીર વીગેરે હલકાં તત્વો વખત જતાં વીખરાઈ જાય છે, અને કુદરત તેમને નવાં તત્વો બનાવવા માટે કામમાં લે છે; તેજ પ્રમાણે પૃથ્વીઓ અને ગ્રહો જ્યારે મરણ પામે છે, ત્યારે તેઓ પણ વીખરાવા લાગે છે, અને કુદરત તેમાંથી બીજા નવા ગ્રહો ઉત્પન્ન કરે છે. આપણો ચંદ્ર પણ મરણ પામેલો ગ્રહ છે, અને આપણે જે તેનું સ્થૂળ શરીર દેખીયે છીએ તેની રજકણો આસ્તે આસ્તે ખરી પડી વીખરાતી જાય છે, અને વખત જતાં તે સમૂળગો નાશ પામશે.*

---

* ખગોળવિદ્યાની શોધ પ્રમાણે બુધ કે શુક્રના ગ્રહને ચંદ્ર નથી, તેનું કારણ આ છે કે તેમના ચંદ્ર નાશ પામેલ છે અને આ ગ્રહોનો હાલ સાતમો કલ્પ ચાલે છે. આપણી પૃથ્વીનો પણ જ્યારે સાતમો કલ્પ આવી લાગશે તે પૂર્વે આપણો ચંદ્ર પણ નાશ પામશે, અને પૃથ્વી ચંદ્ર વગરની થશે.

ચંદ્રના સંબંધમાં સાત ભેદ છે, તેમાંનો એક ભેદ હવે ખુલ્લો થયો છે. જાપાનના સાધુઓ આ ભેદોને 'સપ્તરત્ન' કહે છે, પણ આ સાધુઓ આપણા હિંદુ બ્રાહ્મણ કરતાં પણ એવા વિષયો વિશે વધારે મૌન રહે છે.

હવે આ અવતાર લેતા જીવો વીશે થોડું વર્ણન આપીએ છીએ. આ જીવોને ત્રણ મૂખ્ય વિભાગમાં વહેંચી નાખીશું. પેહેલે

(૧) સર્વેથી આગળ વધેલા જીવો—અથવા—પિતૃદેવો; તેઓ પ્રથમ કલ્પમાં ખનિજ, વનસ્પતિ, અને પ્રાણી વર્ગના આકારમાંથી પસાર થાય છે, અને નવી દ્વારના ગુણો અને ખાસીયતોનો આ રીતે અનુભવ મેળવે છે. તેઓજ પેહેલે માણુસરૂપ ધારણ કરે છે, અને બીજા તથા ત્રિજા કલ્પમાં અનેક અવતારો લે છે, અને પછી ચોથા કલ્પમાં બીજા વર્ગના જીવો માટે પોતામાંથી છાયા (સૂક્ષ્મ શરીર) કાઢી તેમની મદદે આવે છે.

(૨) મધ્યમ વધેલા જીવ, જેઓ સાડાત્રણ કલ્પ પછી માણુસ સ્થિતિએ આવી પુગે છે.

(૩) પાછળ પડી ગયલા જીવો, જેઓનો કાંઇક કાર્મિક કારણોને લીધે આ મન્વંતરમાં માણુસ પદ્ધિ મેળવવામાં અટકાવ થયો છે. તોપણ એઓમાંથી કેટલાક જીવો આ અટકાવમાંથી બચી જાય છે.

માણુસના સૂક્ષ્મ શરીરની આસપાસ જે સ્થૂળ શરીર છે, તે પૃથ્વીપરથી મેળવેલાં ખાકી તત્વનું બનેલું છે, પણ અંતરમાં રહેલા પુરૂષની ચિત્ત શુદ્ધિ અધ્યાત્મીક નિયમો પ્રમાણે થાય છે. જ્યાં સુધી જીવો નીચલા ખનિજ, વનસ્પતિ, અને પ્રાણી વર્ગોમાંથી પસાર થાય છે, ત્યાં સુધી તેમનું વધવું કુદરતના કાયદાને આધિન હોય છે. પણ માણુસરૂપ પ્રાપ્ત કર્યા પછી જીવને સ્વાનુભવ અને સ્વજ્ઞાન સ્વયત્નથીજ મળી શકે છે. હવે આગળ વધવાનો સઘળો આધાર તેના પોતાનાજ પ્રયત્નોપર રહે છે; હવે તે પોતાના વિચાર, વાણી, અને કામ માટે જવાબદાર થાય છે; હવે તેનામાં માનસિક તત્વ (મનસ્) જાગ્રત થાય છે, અને તેણે દરેક પ્રકારની માનસિક અવસ્થાનો અનુભવ મેળવવો પડે છે, અને સંપૂર્ણ શુદ્ધિ મેળવી પરમાત્મામાં યોગ પામે છે. આટલું સ્મરણમાં રાખવું કે 'જીવ' તો એકજ છે, પણ તે અનુભવ તથા જ્ઞાન મેળવવા માટે અનેક પ્રકારના પ્રકૃતિક આકારોમાંથી પસાર થાય છે. જીવ (આત્મા-બુદ્ધિ) પોતે કાંઇ સુધરતો નથી. તે આપણા 'મનસ્'ને પ્રકાશ આપે છે અને જો આપણે સ્વયત્નથી 'મનસ'ને શુદ્ધ કરીએ છીએ તો આ 'આત્મા-બુદ્ધિ' સાથે તેનો સંબંધ થાય છે,.અને આ રીતે તેમના સંબંધમાં આવ્યાથી 'મનસ્'ને કાંઇક દિવ્ય શક્તિ કે અનુભવ મળે છે, અને તે રીતે ''મનસ્'' પણ આત્મબુદ્ધિની પેઠે તેમના સંબંધમાં આવ્યાંથી અમર બને છે.

પ્રથમ ગ્રહપર ખનિજ વર્ગ કાંઇક સંપૂર્ણ હાલતમાં આવે છે કે ત્યાં વનસ્પતિ વર્ગની શરૂઆત થવા માડે છે, અને ત્યાર પછી બીજા ગ્રહપર ખનિજ વર્ગનો આરંભ થાય છે. અને જ્યારે પ્રથમ ગ્રહપર વનસ્પતિવર્ગ પુરતી રીતે ખીલી રહે છે, અને પ્રાણી

વર્ગ ઉત્પન્ન થવા લાગે છે, ત્યારે વનસ્પતિ વર્ગનો પ્રવાહ બીજા ગ્રહપર જાય છે, અને ખનિજ વર્ગનો પ્રવાહ ત્રિજા ગ્રહપર આવી પુગે છે. છેવટે જ્યારે પ્રથમ ગ્રહપર પ્રાણી વર્ગને પુરતી ખીલવણી મળી રહે છે કે ત્યાં માણસ વર્ગ દેખાવ દેવા માડેછે, પ્રાણી વર્ગનો પ્રવાહ બીજા ગ્રહપર જાય છે, વનસ્પતી વર્ગ હવે ત્રિજાગ્રહપર આવી લાગે છે, અને ખનિજ વર્ગ ચોથા ગ્રહપર જવા માડે છે. આ પ્રમાણે પેહેલા ત્રણ કલ્પ સુધી ચાલુ રહે છે, પછી આ ક્રિયા ધીમી પડી જાય છે, અને ચોથા કલ્પ કે ફેરામાં આપણી પૃથ્વીપર એકદમ અટકી પડે છે, કેમકે માણસો હવે સ્થૂળ દેહ ધરાવતાં થાય છે. જીવ (આત્મા-બુદ્ધિ) ને સાત પ્રકારના પ્રકૃતિક વર્ગમાંથી પસાર થવું પડે છે; मूल प्रकृति प्रधानમાંથી શરૂ થતાં તેને પ્રથમ ત્રણ 'દેવતાઈ' વર્ગો * પસાર કરવા પડે કે જ્યારે તેનામાં કાંઇ પણ સ્વ-ચૈતન્ય હોતું નથી; પછી સહજ અર્ધભાન તેને થવા માડે છે, અને આ ત્રણ વર્ગ પસાર કરી ખનિજ વર્ગમાં દાખલ થાય છે, અને અનુક્રમે વનસ્પતિ, પ્રાણી તથા મનુષ રૂપ લેવા માડે છે; એટલે કે જીવ આત્મિક દશામાંથી ઉતરતો આવીને પ્રકૃતિથી બનેલાં અનેક રૂપોમાં ચઢતો જાય છે, અને ખનિજ વિગેરે વર્ગોનો અનુભવ મેળવી અંતે માણસરૂપ ધારણ કરી કરી નિર્વાણ સુધી વધે છે, અને પ્રકૃતિના બંધનથી છુટે છે.

જ્યારે ચોથા ફેરામાં માનુષી પ્રવાહ આપણી પૃથ્વીપર અટકી પડે છે ત્યારે 'બુદ્ધિ'નો 'આત્મા' સાથે સબંધ થાય છે અને તે આત્માના વાહન તરીકે કામ લાગે છે, એટલે કે 'બુદ્ધિ'ને આત્માનું ભાન થવા માડે છે, અને ત્યારથી માણસ આગળ વધુ શુદ્ધ થતો જાય છે. જેમ બ્રહ્મ અદ્વિતિય સર્વ વ્યાપક અનંત, અવિભાજ્ય છે, તોપણ આપણે અજ્ઞાનથી તેના કીરણ કે અંશને પ્રત્યગાત્મા કે જીવ કહીયે છીએ, તેમ મૂલપ્રકૃતિ પણ એકજ છે, પરંતુ તે મૂળમાંથી અસંખ્ય પ્રકૃતિક અણુઓ બહાર પડે છે. માણસનો જીવ આત્મા–બુદ્ધિ મળીને થાય છે. જેવો મુળ પ્રકૃતિનો સંબંધ બ્રહ્મ સાથે છે, તેવોજ સંબંધ 'બુદ્ધિ' 'આત્મા' સાથે ધરાવેછે.

આપણે પૂર્વે જણાવી ગયા છે કે ચંદ્રમાંથી આપણી પૃથ્વીએ જન્મ લીધો છે; તે વિષે બહુ પુરાવા મળી આવે છે, જેમકે ભરતી ઓટ, કેટલાક ચોક્કસ રોગો (તાવ વિગેરે)ની વધઘટ, ઝાડ પાનની વૃદ્ધિ, અને ઉદરમાં ગર્ભના બંધાવા સાથ ચંદ્રને અતિ નીકટ સંબંધ હોય છે, અને તેની અસરો આપણા જોવામાં આવે છે. પણ ચંદ્રનું કામ પૃથ્વીને જન્મ આપીને અટકતું નથી. પણ પૃથ્વીને માણસથી વસાવવામાં પણ ચંદ્રને લાગતું વળગતું છે. ચંદ્ર અને ચંદ્રની હારપરથી પસાર થયલા જીવો–પિતૃદેવો–આ પૃથ્વીપર અને તેની હારપર વધારે ચઢતી અવસ્થાનો અનુભવ મેળવવા જન્મ લે છે. ચોથા કલ્પ કે ફેરામાં તેઓ પોતાની 'છાયા' એટલે લિંગ શરીર બહાર કાઢે છે, અને આ છાયાની આસપાસ કુદરત સ્થૂળ દેહ બાંધે છે. આ પિતૃ દેવોને માણસ થવાની જરૂર પડે છે, કેમકે આથી તેઓ જ્ઞાન અને ચૈતન્યની વધારે ચઢતી પંક્તિપર આવે છે.

---

* આ ત્રણ દેવતાઈ વર્ગોની સમજ અતિ ગહન છે તેથી તે વિષે વધુ જણાવ્યું નથી.

ચંદ્રની પેઠે જ્યારે આપણી પૃથ્વી અને તેના છ સાથીઓનું આયુષ્ય પુરૂં થશે ત્યારે તેઓ પોતાની જીવન–શક્તિ પ્રાણ વિગેરે બહાર કાઢી બીજાં નવાં લયબિંદુઓને જન્મ આપશે, અને તેમાંથી વધારે ચઢતી પંક્તિના ગ્રહોની નવી હાર ઉત્પન્ન થશે, અને પછી આપણા સાતમાં કલ્પ કે ફેરાના માણસો આ નવી હાર માટે વધારે શ્રેષ્ઠ રૂપો અને આકારો ઉત્પન્ન કરશે.

તારક રાજયોગ પ્રમાણે આત્માને ત્રણ ઉપાધી મળે છે—"કારણોપાધી," "સૂક્ષ્મોપાધી," અને "સ્થૂલોપાધી". "કારણોપાધી" એટલે 'બુદ્ધિ,' જે આપણે કહ્યું છે તેમ આત્માનુ વાહન છે; "સૂક્ષ્મોપાધી" "માનસ–ધ્યાનીઓ" (બ્રહ્માના માનસ-પુત્રો) પાસથી મળે છે (આ માનસ–પુત્રો એટલે સૂર્ય દેવતાઓ અથવા અગ્નિશ્વાતપિતૃ, જેઓ માણસને મનસ તથા ચૈતન્ય આપે છે); અને ચંદ્રના જે પિતૃ દેવતાઓએ ઉત્પન્ન કરેલી છાયાની આસપાસ કુદરત જે સ્થૂળ દેહ બાંધે છે, તેથી સ્થૂલોપાધી બને છે. આ દરેકના નિયમો જુદા છે, અને જુદા જુદા વર્ગના ધ્યાનીઓ તેઓપર અધિકાર ભોગવે છે. આ ત્રણ ઝરાઓનું સાથે વહેવાથી માણસ સમતત્વિક પ્રાણી થાય છે. પ્રકૃતિથી ચૈતન્ય ઉત્પન્ન કરાતું નથી; તે માત્ર આકારો ઉત્પન્ન કરે છે. ચંદ્રપરના પિતૃ દેવો એટલું બળ ધરાવતા નથી કે પોતાની મેળે આ આકારો મારફતે અનુભવ સંપાદન કરી શકે. પરંતુ તે માટે માનસ–ધ્યાનીઓ જોગવાઇ કરી આપે છે, અને તેઓ પાસથી માણસને 'મનસ' અને ચૈતન્ય મળે છે કે જે આ કલ્પમાં પુરૂષ અને પ્રકૃતિ વચ્ચે સંધી કરી આપે છે.

ટુંકમાં ફરી જણાવીએ છીએ કે ચંદ્રની હારવાળા સૌથી આગળ વધેલા જીવો પૃથ્વીના હારપર પહેલા કલ્પમાં માણસ થવા માંડે છે. તેથી ઓછા વધેલા જીવો બીજા, ત્રિજા કે ચોથા કલ્પમાં માણસરૂપ મેળવે છે; અને બાકીના પછાત પડી ગયલા જીવો જેઓ આ ચાલુ કલ્પમાં હજી નીચલા વર્ગોમાં રહી ગયા છે, તેઓ આ મન્વંતરમાં માણસ જાતમાં આવી શકશે નહિ. જ્યારે આપણે સાતમો કલ્પ પુરો થશે, ત્યારે તેઓ માણસ વર્ગને લાયક થશે, અને આપણી પૃથ્વીની હાર પ્રલયમાં ગયા પછી જે નવી હાર ઉત્પન્ન થશે તે ઉપર આપણા સૌથી આગળ વધેલા માણસો મારફતે તે નવી હારપર વસવા લાગશે.

ગ્રહોની જે આકૃતિઓ ઉપર આપી છે તપરથી જણાશે કે દરેક હારનો ચોથો વચલો ગ્રહ કેટલી અગત્યતા ધરાવે છે. બન્નેની જોડ લેતાં ચોથો ગ્રહ એકલો પડી જાય છે, અને આ રીત આખી હારનું મીજાન અને આધાર તેનાપર રહે છે. તે 'કર્મ–ભૂમી' છે. અહીં જીવ હવે પછીના જન્મો કે અવતારોમાં કેવો માર્ગ લે છે તેનો નક્કી તોલ થાય છે. આ લીધે જ્યારે આ ચોથા ગ્રહપર ચોથા કલ્પમાં ચોથી માણસ જાત આવી પુગે છે, એટલે કે જ્યારે પૃથ્વીની હારનું અર્ધું આયુષ્ય પુરૂં થાય છે, ત્યારે પછી પાછળ પડી ગયલા જીવો માણસ વર્ગમાં દાખલ થઇ શકતા નથી. આ મન્વંતરમાં તેમને માટે દાખલ થવાનું બારણું બંધ થાય છે, અને તેમનો હીસાબ નક્કી ચુકાય છે. જો આમ ન હતે, અને જો (ખ્રીસ્તીઓ માને છે તેમ) જે અગણિત ક્રોડ માણસો મરણ પામ્યા છે તે સર્વેની જન્મતી વેળા

નવા નવા જીવો ઉત્પન્ન કરવામાં આવ્યા હતે, અને જો પુનર્જન્મ જેવું કાંઇ ન હતે, તો આ જીવો માટે જગ્યા કરવી કઠણ થઇ પડતે, અને વળી દુ:ખનું કારણ સમજી શકાતે નહિ. યુરોપના લોકો પુનર્જન્મ વિગેરેથી અજ્ઞાન હોવાથી અને તે સાથ ખ્રીસ્તી ધર્મગુરૂઓના ઇશ્વર અને જીવ વિશેના વિચિત્ર વિચારોથી તેઓ મધ્યે હાલ નાસ્તિક જડવાદ ફેલાવા લાગ્યો છે.

હાલ ચોથો કલ્પ કે ફેરો ચાલુ છે; માણસ જાત પૃથ્વીપર એટલે કે ચોથા વચલા ગ્રહપર વસે છે; અને માણસની ચાર જાતો પુરી થઇને હાલ પાંચમી જાત ધરતીપર વાસો કરે છે. બાકી રહેલા સાડા ત્રણ કલ્પમાં માણસને સુધરવા માટે પુરતી તક, જોગવાઇ અને અવકાશ છે.

જેમ 'પ્રકૃતિ' સાત 'પંક્તિમાં' વહેંચાયલી છે, તેમજ 'પ્રાજ્ઞ' (ચૈતન્ય)ની પણ સાત અવસ્થા છે. નીચલી જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, વિગેરે અવસ્થાનો સાધારણ માણસોને અનુભવ હોય છે, પરંતુ બાકીની તૂર્યાદિ શ્રેષ્ઠ અવસ્થાનો અનુભવ મેળવવા તેમને લગતાં સ્થાન કે ચક્રને * ચંચળ કરવાં જોઇયે. પણ જ્યારે માત્ર આત્મ-વિદ્યાનો સંપૂર્ણ અભ્યાસ આવો અધરો દીસે છે, ત્યારે આ યોગાભ્યાસના ભારે કામમાં થોડાજ સફળ થઇ શકે.

હવે આપણે ગ્રહોનું વૃદ્ધિ વર્ણન આપીશું. 'ફોહાત' (આદિ–શક્તિ) સૂક્ષ્મ રજકણો તથા અણુઓને એકઠાં કરી તેમનાં ગોળાઓ બનાવી તેમાં ગતિ મુકે છે. આ ગોળાઓ પોતાની ગતિપ્રમાણે અહિં તહીં દોડતા ફરે છે, અને વારંવાર એક બીજા સાથ અથડા પડે છે, અને પછી તેઓ ધુમકેતુઓ બને છે. ઘણીક વેળા મોટા ગોળાઓમાં નાના ગોળાઓ ખેંચાઇ જાય છે, અને જેઓ બચી જાય છે તેઓ ગ્રહ તરીકે પોતાની જગ્યા લે છે. જ્યારે એક મરણ પામેલા ગ્રહ એક નવાં લયબિંદુને જન્મ આપે છે કે તેની આસપાસ ફોહાત' સૂક્ષ્મ રજકણોનો સંગ્રહ કરે છે, અને તેઓ આ રીતે ધુમકેતુ થઇને પછી સૂર્ય થાય છે, અને પછી થંડા પડી જઇને માણસને વસવા લાયક ગ્રહ કે પૃથ્વી બને છે. આ દેશમાં કેટલેક ઠેકાણે "અગ્નિ-ઓચ્છવ" નામના પર્વના દીવસે ગ્રહો તથા તારાઓની જન્મ ક્રીયા બજવી બતાવામાં આવે છે. સાત તપસ્વી સાધુઓ સાત ધુપની બળતી લાકડી લેઇને મંદીરના ઉંબરા આગળ ઉભા રહે છે. પછી જાત્રાળુઓની પેહેલી હાર પોતપોતાની હાથમા ધરેલી ધુપની લાકડીઓ પેલા તપસ્વીઓના હાથમાંની બળતી લાકડીઓ વડે સળગાવે છે; પછી સાતે તપસ્વીઓ પોતાનાં માથા આસપાસ પેલી લાકડીઓ ફેરવવા માડે છે, અને પોતે પણ ચકાકાર ફરવા માડે છે, અને સઘળા જાત્રાળુઓ પોતપોતાની લાકડીઓ સળગાવતા જાય છે. એજ પ્રમાણે ગ્રહો હસ્તીમાં આવે છે. એક પોતાનુ આયુષ્ય પુરૂં થયું કે પોતાનું સઘળું તેજ અને શકિત એક નવા લયબિંદુમાં મુકે છે, જે પછી આ બિંદુ આકાશમાં ઘુમવા મડી જાય છે અને ધુમકેતુ બને છે. જ્યારે તેના ગતિ ધીમા પડી જાયછે, અને તેની ઝલકતી પૂછડી જતી રહે છે, ત્યાર પછી આ પ્રકાશીત ગોળો તારાઓના કુટુંબમાં પોતાની જગ્યા લેઈ શાંત જીંદગી ભોગવવા લાગે છે. આ લય બિંદુ આકાશમાં ઘુમવા માડે છે તેનું

* સપ્તચક્ર—જુઓ પા. ૨૭

કારણુ આ છે કે તેમ કર્યાથી તેમાં જુદાં જુદાં તત્વો આવી મળે છે, અને આ રીતે કદમાં વધવા માંડે છે. ત્યાર પછી પોતાનો પૂછડીયાળો આકાર મુકી એક વલયવાળો અને વહ્નિવાળો ગ્રહ બને છે. અલબતાં આ સર્વે ક્રિયામાં 'ફોહાત'(આદિ-શક્તિ)નો હાથ હોય છે. જેમ 'ગુપ્ત ગ્નાનના' ભાષ્યમાં કહ્યું છે તેમ 'ફોહાત'ના સ્થાન પણુ અનેક છે." તે પોતાના ચાર પ્રકાશીત (વિજળીક) પુત્રોને 'ચાર કુંડાળામાં' મૂકે છે; આ કુંડાળા તે ભૂમધ્ય રેષા, તેની ઉત્તરે તથા દક્ષિણે આવેલી ઉષ્ણુ કટીબંધની બે રેષાઓ, અને ક્રાંતિવર્ત્તની રેષા છે આ ચાર 'પુત્રો'પર આ ચાર ભાગોની પાણી અને હવાનો આધાર રહે છે. વળી "ફોહાતના" બીજા સાત 'પુત્રો' પૃથ્વીના બન્ને નાકાપરના સાત વર્તુલોપર* અધીકાર ભોગવે છે. પૃથ્વીના આ બન્ને છેડાપર "ફોહાતિક" શકિતઓ એક બીજામાં મળી જવાથી રાત્રે ઉત્તર અને દક્ષિણધ્રૂવ તરફ અનેક રંગવાળી રોશની દેખવામાં આવે છે, અને તે સાથ અવાજ પણ સંભળાય છે. હવે આપણે જાણીએ છીએ કે આ બન્ને ભાગો તરફ "ઑરોરા-બોર્યાલીસ' તથા "ઓસત્રેલીસ†" નામની ભભૂકદાર રોશની બહુ દિવસ સુધી આકાશમાં ઘેરાવો કરી લટકેલી દીસે છે. હવે ગુપ્ત વિધા પ્રમાણે આ બન્ને છેડાપર પૃથ્વીની જીવન શકિત એટલે વિજળીનો ભંડાર હોય છે, અને એ બંન્ને ધ્રૂવ તરફ જે બે નાંકાં છે (યુરોપ્યનો તે માનતા નથી) તે નાકાં માંહેથી પૃથ્વીને ન ખપતી વિજળી બહાર નીસરી પડે છે; જો આ બન્ને છેડાપર આ ન ખપતી વિજળીને માર્ગ આપવાને એ નાકાં ન હોત તો કયે વખતની પૃથ્વી કટકે કટકા થઇ પડત. જ્યારે આ ન ખપતી વિજળી બહાર નીકળે છે, ત્યારે આ અતી રંગીન રોશની દેખાવ આપે છે, અને તે સાથ સીસોટી જેવા કે "કડ કડ" અવાજ કરતા ધાડા શબ્દો પણ સાંભળવામાં આવે છે.

માણુસની પેહેલી જાત માત્ર છાયા રૂપ હતી; બીજી જાતમાં 'મનસ્' તત્વ જાગ્રત થયું હતું નહીં; ત્રિજી જાતની શરૂઆતમાં કેટલાક ગ્નાનીઓ અવતાર લેઇને ક્રિયા-શકિતથી 'અદ-પુત્રો' નામના વર્ગને ઉત્પન્ન કર્યો. આ 'અદ-પુત્રો'ના શરીરમાં આગલા મન્વંતરના શ્રેષ્ઠ ધ્યાનીઓ, મુનીઓ, રૂષીઓ, આ પૃથ્વીપર મહાત્મા વર્ગની સ્થાપના કરવાને અવતાર લેવા લાગ્યા. ક્રિયા-શકિતથી ઉત્પન્ન થયલા આ 'અદ-પુત્રો' સંસારથી વેગળા રહી એકાંતમાં રહેતાં. આ 'અદ-પુત્રો' રૂપી મૂળમાંથી શાખાઓરૂપી અનેક ગ્નાનીઓ જેવા કે કપિલ, મીસરનો હર્મિસ તથા ઇનોક, ગ્રીસનો ઑરફ્યસ, વિગેરે પ્રગટ થયા. આ 'અદ-પુત્રો'માં એક સર્વેથી વડો હતો. તેને માટે પવિત્ર ગુપ્ત વિધાના અભ્યાસીઓમાં તરેહવાર કથાઓ ફેલાયલી છે. તે ઘણા આકાર બદલે છે, તોપણુ તેનો તેજ પુરૂષ રહે છે. સકળ પૃથ્વીપર જેટલા મહાત્માઓ છે તેઓ ઉપર તે અધિકાર ધરાવે છે. તેણે અનેક નામ છતાં નામ વગરનો કહે છે; પરંતુ તે નામો શું છે, અને તે પોતે કોણ છે, તે બીલકુલ ગુપ્ત રહેલું છે. માત્ર 'દીક્ષા આપનાર' એ નામથી જણાયલો છે, અને તેને 'મહા ત્યાગી' કે 'મહા ભોગ આપનાર' કહેવામાં આવે છે. મન્વતરના આરંભથીજ પૃથ્વી અને માણુસ.

---

* યુરોપ્યનો બે વર્તુલો માને છે, પણ પૂરાણમાં મેરૂ પર્વત (ઉત્તર ધ્રુવ)ના સાત સુવર્ણના તથા સાત રૂપાંના પગથીયાં જણાવ્યાં છે; આ સાત પગથીયાં એટલે સાત કુંડાળા સમજવાં.

† ઉત્તર અરૂણુ પ્રકાશ અને દક્ષિણુ અરૂણુ પ્રકાશ.

જાતપર દેખરેખ રાખવા સાટે તે પોતાના સ્થાનપરથી દ્રષ્ટી ફેંકતો રહયો છે; અને જ્યાં સુધી આ મન્વંતરનો છેલ્લો દીવસ પુરો થાય નહિં, ત્યાં સુધી પોતાના સ્થાનપરથી તે હઠવાનો નથી. શા માટે આટલા કાળ પર્યંત આ એકાંત ચોકીબાન પોતાના કામપર મંડેલો રહે છે ! જ્ઞાનના ઝરામાંથી હવે તેના પીવા માટે બાકી કાંઇ રહ્યું નથી, પૃથ્વીપર કે આકાશમાં એવું કાંઇ રહ્યું નથી કે તે ન જાણતો હોય, તે છતાં તે પોતાના સ્થાનપર કેમ બેસી રહ્યો છે ? તેનુ કારણ શું હોવું જોઇએ ? કાંઇજ નહીં પણ પરમાર્થ ! કેમકે માયા અને પ્રકૃતિના જે અપાર રણને આપણે સંસાર કહીયે છીએ, તેમાં પ્રવાસ કરતા શ્રમથી પીડાયલા યાત્રાળુઓ પોતાની ખરી 'સ્વભૂમી' તરફ પાછાં ફરતાં છેલ્લી ઘડીએ પણ માર્ગ ભૂલી જાય એવો સભવ રહે છે ! કેમકે જે જે કેદીઓ માયા અને દેહના બંધનમાંથી પોતાને મુક્ત કરવાને ફાવ્યા છે તેમને, તે પોતે જે સ્વતંત્રતા અને પ્રકાશના દેશમાંથી લોક કલ્યાણ અર્થે સ્વેચ્છાથી દેશનીકાલ થયો છે, તે દેશ તરફ તેમને માર્ગ દેખાડવાને તે અતિ ઉત્કંઠા ધરાવે છે. ટુંકમાં માણુસ જાત માટે તેણે પોતાનો ભોગ આપ્યો છે, જો કે દુ:ર્ભાગ્યે આ અતિ દારૂણુ ભોગનો લાભ કાંઇ થોડાજ વિરલા પુરૂષોએ લીધો છે. આ 'માહા ગુરૂ'ની ગુપ્ત આજ્ઞા પ્રમાણે માણુસ જાતના બીજા સઘળા ગુરૂઓ અને શિક્ષકો-પીર અને પેગબરો—માણુસોને ઉપદેશ આપતા રહ્યા છે. આ અદ—પુત્રો' મારફતેજ માણુસ જાતે પોતાના બાળપણુમા અનેક વિદ્યા અને કળા, અને તે સાથે આત્મ--વિદ્યાના પેહેલા સંકલ્પો કરવા શીખ્યા. તેઓએ પ્રાચીન પ્રજાઓમાં આપણુને હાલ જે વિસ્મય પમાડે છે એવા સુધારાઓ અને કળાઓની* સ્થાપના કરી. આ જ્ઞાની 'અદ--પુત્રો' ને પૂરાણુમાં બ્રહ્મ-પૂત્ર કહ્યા છે.

પ્રથમમાં માણુસોમાં 'મનસ' તત્વ જાગ્રત થયુ હતુ નહિ. તેથી તેમનામાં સહજ પ્રેરણુા શક્તિ શિવાય કાંઇ ચૈતન્ય હતુ નહીં. પણ પ્રગટીકરણુના નિયમ પ્રમાણે જ્યારે માણુસની ત્રિજી જાતમાં માનસ-ધ્યાનીઓએ ચૈતન્યના ચીંગારી મુકી, ત્યારે તેમનું 'મનસ' તત્વ જાગ્રત થવા લાગ્યું, અને તેઓમાં જે પેહેલી લાગણી ઉત્પન્ન થઇ તે આ કે તેઓ પોતામાં અને આ માનસ-ધ્યાનીઓમાં કાંઇ પણ ભેદ જોવા ન લાગ્યા. આ લાગણીએ ભક્તિભાવને જન્મ આપ્યો, અને તેઓ આ ભક્તિ ભાવથી દોરવાવા લાગ્યા. જો માણુસના દીલમાં કોઇ પણ લાગણી સ્વભાવિક હોય, જે બાળકમાં કે નાના મુગાં પ્રાણીના બચ્ચાંમાં પણ મળી આવતી હોય તો તે ભક્તિની લાગણી છે. સદ ભાગ્યે આ લાગણી હજી કેવળ મરણુ પામી નથી. આ લાગણી તેના અસલી જુસ્સા અન વેગમાં હજીપણુ ભારત વર્ષની આર્ય પ્રજાના અત:કરણુમાં વાસો કરી રહી છે.

માણુસનુ સ્થૂળ શરીર કાંઇ કરોડો વર્ષ પછી હાલની સંપૂર્ણ સ્થિતિમાં આવ્યું છે. જીવ તો સર્વેમાં છે; દરેક પ્રાણીમાં, દરેક વૃક્ષમાં, દરેક તણુખામાં, દરેક જંતુમી, અને વળી ખનિજ પદાર્થ

---

* આ દેશમાં, મીસરમાં, યુનાનમાં, રૂમમાં, અમેરીકામાં, મહાભારત બાંધકામ અને ઈમારતો હાલના વિદ્વાનોને પણુ ચકીત કરે છે. જ્યારે હાલની ઇમારતો તકલીફી દીસે છે, ત્યારે આ અસલી બાંધકામો કાંઇ હજારો વર્ષ સુધી ટકી રહી, આપણુને જાણે ઈર્ષાણી આપે છે કે તેમના બાંધનાર કેવા કળાવંત હતા. શીલ્પશાસ્ત્રમાં અને જ્યોતિષમાં હાલ પણુ કોઇ તેમની બરોબરી કરી શકે નહી.

ના દરેક અણુમાં પણ જીવ છે. પરતુ જેમ માણસને આત્માનું ભાન છે તેમ તેઓમાં હોતું નથી, અને માણસની પેઠે સપ્ત તત્વો સંપૂર્ણ સ્થિતિમાં તેઓ ધરાવતાં નથી.

"માનસ-ધ્યાનીઓ"ના પણ સાત વર્ગ છે, અને જ્યોતિષના સાત ગ્રહો સાથ તેઓ સંબંધ રાખે છેઃ

(૧) અરૂપધ્યાનીઓ—આત્મા=જગતના જીવ એટલે 'હૃદય' અને નાદી જેવા=શુદ્ધ અગ્નિ.

(૨) બીજો વર્ગ—જગતનું મહત્ છે=આત્મા બુદ્ધિ=અગ્નિ તથા આકાશ.

(૩) ત્રીજો વર્ગ—આત્મા-બુદ્ધિ અને "મનસ્" સાથે સંબંધ ધરાવે છે=અગ્નિ આકાશ અને જળ.

(૪) ચોથો વર્ગ—રૂપવાળા ધ્યાનીઓ=આત્મા--બુદ્ધિ-મનસ-કામ=અગ્નિ, આકાશ, જળ, અને વાયુ.

(૫) પાંચમા વર્ગ વિશે કેટલોક ભેદ છે, અને તેમનો સંબંધ પંચકોણ સાથે છેઃ

આ વર્ગના ધ્યાનીઓનો મકર રાશીમાં વાસો હોય છે. શાસ્ત્રમાં તેમને બ્રહ્માના શરીરમાંથી ઉત્પન્ન થયલા અસૂર કહ્યા છે. ખરૂં જોતાં ચંદ્ર લોકના પિતૃ દેવોએ માત્ર આપણું શરીર ઉત્પન્ન કર્યું, પણ આપણા ખરા પૂર્વજો આ ધ્યાનીઓ છે. આ વર્ગના ધ્યાનીઓ પુરૂષ તથા પ્રકૃતિ એ બન્નેના ગુણો ધરાવે છે, અને તેથી (૫×૨=૧૦)દશમી મકર રાશી સાથે તેમનો સંબંધ જણાય છે.

(૬--૭) છઠ્ઠા તથા સાતમા વર્ગમાંના ધ્યાનીઓમાં કેટલાક હલકા ગુણો રહે છે; તેઓ અતી સૂક્ષ્મિક અણદીઠ આકારો ધરાવે છે. તેઓ કર્મના નિયમને આધીન છે, અને તેમનું ભવિષ્ય તેમના હાથમાં છે. ગુપ્તજ્ઞાન પ્રમાણે સૃષ્ટિમાં પક્ષપાત જેવુ કાંઇ છેજ નહિ. જન્મથી કાંઇ "ધ્યાન-ચોહાન" થવાતું નથી, પણ અતિ દારૂણ પ્રયત્નો કરી અનુભવ મેળવ્યા પછી ધ્યાન-ચોહાનની પદ્દી મેળવી શકાય છે. ચાલુ મન્વંતરના આ ધ્યાનીઓ" આવતા મન્વંતરમાં વધારે શ્રેષ્ઠ લોકમાં જશે, અને આપણી માણસ જાતમાં જે વિરલે પુરૂષો મહાત્મા થવાને, મહત્પદ પ્રાપ્ત કરવાને, સફળ થશે, તેઓ આ "ધ્યાનીઓની" જગ્યા લેશે. અનંતકાળમાં આ રીતે અનેક મહા મન્વંતરો અને અનેક લઘુ મન્વંતરો ચાલ્યા રહે છે. જો સ્વપ્રયત્ન વગર દેવ સ્થિતિ પ્રાપ્ત કરાતી હોય, તો દેખીતી રીતે તે ગેરવાજબી જણાય છે. કુદરતમાં એવું ગેરકાયદાસર કે અણઘટતુ કદી પણ હોય નહિ; માટે આ સાતે વર્ગના "ધ્યાનીઓ"ને પણ અવતાર લેવા પડે છે. માણસ આત્મા અને સ્થૂળ શરીર શિવાય, બાકીના વચલાં પાંચ તત્વો, આ ધ્યાનીઓ મારફતે મેળવે છે. આત્મા માત્ર પરમાત્માનો અંશ છે.


પૃથ્વીપર જીવને પાંચ પ્રકારની ક્રિયા કરવી પડે છે. ખનિજ હાલતમાં તે પૃથ્વીના સોથી હલકા વર્ગના ધ્યાનીઓ સાથ સંબંધ રાખે છે. વનસ્પતિ હાલતમાં જીવ આ ધ્યાનીઓના પ્રાણ સાથે સંબંધ રાખે છે; પ્રાણી હાલતમાં તેમના લિંગ દેહ અને કામ સાથે સંબંધ રાખે છે. જો માણસમાં આ પાંચમું "મનસ" તત્વ ન હોય તો તે એક જનાવર સમાન રહી જાય છે. માણસમાં આ રીતે આ સર્વે તત્વો આવી મળે છે. આત્મા ખરૂં

જોતાં કાંઇ તત્વ નથી, તે પરમાત્માનો માત્ર અંશ કે કીરણ છે. માણસ આ પ્રમાણે અનેક વર્ગના ધ્યાનીઓથી હસ્તીમાં આવ્યો છે, અને કેટલાંક મનુષ્ય શરીરમાં આ ધ્યાનીઓ અવતાર પણ લે છે. માણસનું શરીર જો કે માટીનું બનેલું છે, તોપણ તે માટીમાંથી ઘાટ ઘડનાર આ ધ્યાનીઓ હતા. પણ આટલું યાદ રાખવું કે આપણા શરીરના 'અણુઓ કાંઇ નીરજીવ નથી; દરેક અણુમાં જીવ છે. અને આ પ્રમાણે આપણુ શરીર કાંઇ અગણીત જંતુઓનું બનેલું છે. કહેણી છે કે જેવામાંથી તેવું, તે પ્રમાણે, પૃથ્વી માણસને તેનું શરીર પુરૂં પાડે છે, ધ્યાનીઓ તે પછીના પાંચ તત્વો પુરાં પાડે છે. અને આત્મા કેવળ અદ્વિતિય છે. માણુસને આ લીધે 'સપ્તપર્ણ' કહેવામાં આવે છે.

જેમ સમૂદ્રના જળપર એકજ ચંદ્રના લાખો પ્રતિબિંબ પડે છે, તેમ જીવ (આત્મા-બુદ્ધિ) માયાના સમૂદ્રના જળ ઉપર જુદા જુદા આકારોમાં ઉછળતો અને નાચતો દેખાય છે. જેમ ચંદ્રના કીરણો જ્યાં સુધી ચંદ્ર પ્રકાશે છે ત્યાં સુધી દેખાય છે, તેજ પ્રમાણે એક મન્વંતર પર્યંત જીવ અનેક રૂપો લે છે અને તજે છે, અને પછી તેઓ સર્વે અણુદીઠ થઇ જાય છે. અને કીરણો પોતાના મૂળમાં ફરી સમાઇ જાય છે.

વેદાંતમાં 'બુદ્ધિ--મનસ' માટે 'સૂત્રાત્મા' શબ્દ વાપરવામાં આવ્યો છે. જેમ સૂત્રમાં દાણા પોરવાય છે, તેમ 'બુદ્ધિ--મનસ' અનેક જન્મ અને અવતારના દાણા સંગ્રહ કરતાં જાય છે. 'મનસ' એટલે શુદ્ધ મનસ જે આત્મા—બુદ્ધિ સાથે સદા જોડાયલો રહે છે.

માણુસના સાત તત્વના બે વિભાગ પડે છે; પહેલા ત્રણ અવિનાશી છે. જ્યારે નાશવંત ચાર નાશ પામે છે.



'મનસ્' વગર જીવ આ લોકપર કાંઇ પણ અનુભવ મેળવી શકે નહિં. મરણ પછી 'મનસ્'નો શુદ્ધ ભાગ, તેની શુદ્ધ વાસનાઓ, 'આત્મા-બુદ્ધિ' સાથે યોગ કરે છે, અને મલીન 'મનસ્' 'કામ' સાથે જોડાય છે. "મનસ્" આ પ્રમાણે 'આત્મા-બુદ્ધિ' સાથે જોડાઇને તેમની પેઠે અમર બને છે. 'બુદ્ધિ' મનસમાંથી શુદ્ધ ભાગ મેળવી અનુભવ સંગ્રહ કરે છે, અને ચૈતન્ય મેળવે છે. આત્મા કાંઇ સુધરતો નથી, નથી ભુલતો કે નથી કાંઇ યાદ રાખતો; તેનો આ લોક સાથે સંબંધ નથી; તે માત્ર એક પ્રકાશીત કીરણ છે જે પ્રકૃતિપર, જો તે તેવી ઇચ્છા દેખાડે તો, પોતાનો ઝળકાટ નાખે છે.

દેહધારી માણસ પૃથ્વીલોકપર રહે છે; વિદેહી માણસ, એટલે મરણ પછીનું તેનું ખોખું, કામરૂપ, 'કામલોક'માં રહે છે, પણ 'મનસ્ 'આત્મા-બુદ્ધિ' સાથે જોડાઇને દેવલોક (સ્વર્ગ)માં રહે છે.

'કામ' વિષય અને હવસ તરફ 'મનસ્'ને સદા ખેંચતું રહે છે, પણ જો 'મનસ' આ અતિ હાનીકારક આકર્ષણથી નથી ખેંચાતું, અને તેમાંથી છુટવાનો યત્ન કરે છે' અને આત્મા તરફ વળવાની ઉત્કંઠા દેખાડે છે, તો 'બુદ્ધિ' સંતુષ્ટ પામી 'મનસ્'ને પોતા સાથ 'આત્મા'માં સમાવી દે છે. મનસના શુભ કે દુષ્ટ સંકલ્પો પ્રમાણે શરીરને ચાલવુ પડે છે. 'બુદ્ધિ' પ્રકાશ ફેંકી જે માર્ગ બતાવે છે તે પ્રમાણે ચાલવાને 'મનસ્' યત્ન કરે છે, પણ તેમાં વારંવાર નિષ્ફળ થાય છે. 'બુદ્ધિ' આત્માનું વાહન છે; 'આત્મા' નથી કાંઇ શરીર. કે નથી કાંઇ રૂપ, કે નથી કાંઇ વસ્તુ; 'બુદ્ધિ' માત્ર અલંકાર રૂપે તેનું 'વાહન' કહેવાઇ શકાય. દરેક જન્મમાં જે અનુભવ મેળવાય છે, તેનો સ્વચ્છ અને સંગીન ભાગ 'મનસ્' મારફતે 'બુદ્ધિ' ગ્રહણ કરે છે.

બ્રહ્માના એક 'દિવસ'માં ચૌદ મનુઓ રાજ્ય કરે છે; અને પછી પ્રલય થતાં સર્વે જીવો નિર્વાણ યાને મોક્ષ ભોગવે છે. સાંખ્ય દર્શનમાં કહ્યું છે કે જ્યાં સુધી પુરૂષ પ્રકૃતિના ખભાપર ચઢી બેસતો નથી ત્યાં સુધી તે નિર્બળ રહે છે, અને જો પ્રકૃતિ એકલી રહે તો તે જડ રહે છે. પણ આ ગુપ્ત જ્ઞાનમાં પુરૂષ અને પ્રકૃતિ કાંઇ 'નિરંતર' જુદાં મનાતાં નથી. પુરૂષ અને પ્રકૃતિ મુળમાં એકજ છે, પણ જ્યારે સૃષ્ટિ વ્યકત થવા માંડે છે, ત્યારે માયાને લીધે તેઓ જુદાં જુદાં ભાસે છે, અને તેઓ સામસામો માર્ગ લેતાં માલમ પડે છે. પુરૂષ ધીમે ધીમે પ્રકૃતિમાં પેસે છે. અને પ્રકૃતિ તે પ્રમાણે શુદ્ધ થતી થતી પોતાની પૂર્વની સ્વચ્છ સ્થિતિમાં આવે છે. બન્ને કદી પણ છુટાં પાડી શકાય નહી, પરંતુ તેઓમાં હાલ ભેદ જણાય છે. જેમ વિજળીના બે પ્રકાર હોય છે, સબળ (positive) અને નિર્બળ, (negative) અને જેમ સબળ વિજળી સબળ વિજળીથી દુર જાએ છે પણ નિર્બળ વિજળી તરફ તુર્ત ધસે છે, તેજ પ્રમાણે પુરૂષ અને પ્રકૃતિ જગતના એકજ મૂળ અને મુખ્ય તત્વના બે સામસામા ધ્રુ છે.

માટે જ્યારે વચલા ચોથા કલ્પમાં માણસને સંપૂર્ણ બનાવવા માટે પુરૂષ ને પ્રકૃતિના ખભાપર ચઢવાનો સમય આવે છે કે માનસ-ધ્યાનીઓ, જે શરીરો પિતૃદેવોએ ઉત્પન્ન કર્યાં છે તેમાં અવતરવા માંડે છે પિતૃઓ પોતાની છાયા (લિંગ દેહ) બહાર કાઢે છે, અને આ છાયાના ઘાટ ઉપર પ્રકૃતિ ઘર ચણવા માંડે છે. પણ હજી માણસ અસંપૂર્ણ છે. હવે "સ્વયંભૂ મનુમાંથી સપ્ત મનુઓ (પ્રજાપતીઓ) ઉત્પન્ન થઇ આ ધરોમાં વસવા લાગે છે," અને માણસને હવે 'મનસ્' મળે છે. યુરોપના વિદ્વાનો સર્વે વસ્તુને બે ભાગમાં વહેંચી નાખે છે, એક જીવવાળી, અને બીજી જડ કે નિરજીવ. પણ આ મોટી ભૂલ છે. જીવ વગરની કોઇ પણ ચીજ છેજ નહિ. એક અણુમાં પણ જીવ છે. જગતમાં જે કાંઇ વસ્તુ દેખવામાં આવે છે તે સર્વે આ જીવવાળા અણુઓથી બનેલી છે. ગુપ્તજ્ઞાનના ભાષ્ય ગ્રંથમાં કહ્યું છે કે "એકજ અરૂપ અને અચ્યુત જીવમાંથી અગણિત જીવવાળી સૃષ્ટી પ્રગટે છે. પ્રથમ થંડો અને પ્રકાશિત અગ્નિ પ્રગટ થાય છે, અને વ્યોમમાં દહીં માફક પથરાઇ જાય છે"......તેઓ એકેક સાથ અથડાવા માંડે છે, અને તેથી અગ્નિ ઉષ્ણતા ઉત્પન્ન થાય છે, અને તેથી તેઓ પોતાની ધરીપર ગોળ ફરવા માંડે છે. ત્યાર પછી ધુમકેતુઓ ઉત્પન્ન થાય છે; ગરમીથી ભીની વરાળ પ્રગટે છે, જેમાંથી સ્થુળ જળ ઉત્પન્ન થાય છે. જેમાંથી સુકો બાફ નીકળી, પ્રવાહી જળ જેવો બાફ થઇ આ ધુમકેતુઓના ઝળકાટને સમાવી દે છે, અને પછી જળમય ગોળાઓ કે ગ્રહો બને છે. હવે ભૂમી (પૃથ્વી) તેના છ સાથીઓ સાથ દેખાવ દે છે. આ ગ્રહો પોતાની નિરંતર ચાલુ ગતિથી અગ્નિ, ઉષ્ણુતા, અને પ્રવાહી વરાળ ઉત્પન્ન કરે છે, જેમાંથી આપણું જળ ઉત્પન્ન થાય છે. અને જેમના સ્વાસમાંથી વાયુ ઉત્પન્ન થાય છે, ચાલુ મન્વંતરના પેહેલા ચાર કલ્પના આ ચાર જીવો છે, અને તેઓ તેમની સ્થુલ અવસ્થામાં દેખવામાં આવે છે, અગ્નિ, વાયુ, જળ અને પૃથ્વી. બાકીના ત્રણ જીવો (તત્વો) બાકી રહેલા ત્રણ કલ્પમાં એકેક પછી પ્રગટ થતાં જશે.

આ ઊપરથી જણાશે કે દરેક કલ્પમાં એકએક તત્વ પ્રગટ થવા માંડે છે. પેહેલા કલ્પમાં અગ્નિ ઉત્પન્ન થયો; બીજા કલ્પમાં અગ્નિ સાથ વાયુ, ત્રીજા કલ્પમાં જળ; અને ચોથા કલ્પમાં પૃથ્વી તત્વ દેખાવા લાગ્યું. પ્રકૃતિના પાંચ ગુણો હાલ જણાયલા છે. રૂપ, રંગ, ગતી, રસ, અને ગંધ છઠ્ઠો ગુણ પ્રવેશ શક્તિ છે, અને તેને લગતી ઇંદ્રી—દીવ્ય ચક્ષુ—કેટલાક અસાધારણ પુરૂષોમાં ખીલી રહી છે. હાલ ચાર કલ્પો પુરા થવા આવ્યા છે, અને તેથી આ તત્વો સાધારણ નજરે દેખવામાં આવે છે. પાંચમાં કલ્પમાં 'આકાશ તત્વ' પણ જેમ હાલ વાયુ છે તેમ આપણી સાધારણ જાણમાં આવશે, અને તે કલ્પમાં છઠ્ઠી ઇંદ્રી પણ સંપૂર્ણ ખીલી રહેશે. તત નથી પુરૂષ કે પ્રકૃતિ, પણ તે પુરૂષ અને પ્રકૃતિનું 'નિશ્કારણ કારણ' છે. પુરૂષ અને પ્રકૃતિ વિશ્વને ઉત્પન્ન કરે છે. તત એ કેવળ જીવ છે. જીવ વગર કોઇપણ વસ્તુ કે કોઇપણ રજકણ નથી; ફરક માત્ર એટલો કે જડ દેખાતી વસ્તુમાં જીવ મંદ અને લય સ્થિતિમાં રહે છે, જ્યારે પ્રાણીઓમાં તે ચંચળ સ્થિતિમાં હોય છે. પેહેલા કલ્પમાં આપણી પૃથ્વી 'અગ્નિ—જીવો'એ બનાવી હતી. તે કાળમાં માત્ર થંડા પ્રકાશ

શિવાય તેનામાં બીજો કાંઇપણ ગુણ, રૂપ, રંગ કે સ્થુલતા હતી નહી. પહેલા કલ્પના અંતમાં એકજ તત્વ, અગ્નિ તત્વ, ખીલી રહ્યું. (આ અગ્નિ અને હાલ દેખાતા અગ્નિમાં મોટો ફેર છે). બીજા કલ્પમાં વાયુ તત્વ પ્રગટ થવા લાગ્યું. જો આ વાયુ તત્વને તેની સ્વચ્છ સ્થિતિમાં લાવી ઉપ્યોગ કર્યો હોય તો લાંબા કાળ સુધી જીવી શકાય છે. આ ક્રીયા સર્વે શ્રેષ્ઠ રૂષીઓ અને દિક્ષિતો જાણે છે, અને તેનો ઉપયોગ પણ કરે છે. આ બીજા કલ્પથી પૃથ્વીની ખરી જીંદગી શરૂ થયલી કહેવાય, કેમકે હવે તેનામાં 'પ્રાણ' તત્વ પુરતું ખીલ્યું હતું. ત્રીજા કલ્પમાં જળ પ્રગટ થયું; ચોથા કલ્પમાં ભૂમી પ્રવાહી હાલતમાંથી સ્થુલ સ્થિતિમાં આવવા લાગી, અને હવે ભૂમા ઉપર પૃથ્વી તત્વ પ્રગટ થયું. જેમ ભૂમીનુ પડ અગણિત જીવોનું બનેલું છે, તેમજ આપણું સ્થુલ શરીર પણ અગણિત જીવોનું બનેલું છે. આ સ્થુળ શરીર આપણા સાત તત્વોમાંથી સર્વેથી હલકું તત્વ નથી. આપણામાં સર્વેથી દુષ્ટ તત્વ 'કામ' છે, જે અહંકારથી દુષ્ટ લાગણીઓ અને હવસો ઉત્પન્ન કરે છે. શરીર તો માત્ર કોટલું છે, જે 'કામ' ના હાથમાં તેની ઇચ્છાઓ પેહેલાં પુરી પાડવાનું હથીયાર થઇ પડે છે.

હાલના વિદ્વાનો પણ હવે જાણવા લાગ્યા છે કે પ્રાણીઓના તથા માણસોના એ બન્ને શરીરો અતી સુક્ષ્મ અણુદીઠ જીવો કે જંતુના બનેલાં છે. પણ ગુપ્તજ્ઞાન તેથી પણ આગળ વધીને કહે છે કે શું પર્વત કે રજકણ, શું માણસ કે કીડી, શું હાથી કે ઝાડ એ સર્વેના શરીરે આ અણુદીઠ જંતુના બનેલાં છે; દરેક અણુમાં જીવ છે. આજ જીવવાળા અણુઓ અવતાર લેતા જીવાત્માને માટે આકારો અને ઉપાધીઓ બાંધી આપે છે, અને વળી પાછા તે ઉપાધીઓ અને રૂપોમાં વિકાર ઉત્પન્ન કરી તેમનો નાશ કરી જીવાત્માને તેના થોડા વખતના રહેઠાણમાંથી પાછો હાંકી મુકે છે. તેઓ જીવાડે છે, અને વળી મરણ પમાડે છે. આ જંતુઓ માણુસ, પ્રાણી, કે વૃક્ષના શરીરો દરપળ અને દરઘડી ઉત્પન્ન કરી વળી તેનો નાશ આણે છે. જન્મ અને મરણ, સુરૂપ કે કૂરૂપ, સારૂ કે ભૂંડુ, પ્રિય કે અપ્રીય, શુભ કે દુષ્ટ લાગણીઓ, એ બંને સાથે ઉત્પન્ન કરે છે. તેઓ માતા કે પીતાની આસપાસ ફરી વળેલી 'જ્યોતિ'માં જે આકૃતિઓ કે આકારો જુએ છે, તેની નકલ કરી ગર્ભના મૂખનો ઘાટ ઘડે છે. આપણા શરીરોમાં જે જે વિકારો થાય છે, જે જે રોગો ઉભરાઇ જાય છે, તે દરેકનું કારણ આ અણુદીઠ અને અતિ સુક્ષ્મિક જીવો કે જંતુઓ છે. માણસનું શરીર સાત સાત વર્ષે પોતાના સર્વે અણુઓ બદલી નાખે છે, એ વાત યુરોપ્યન વિદ્યાએ સિદ્ધ કરી આપી છે. તેનૂં કારણ પણ આ જંતુઓ છે; તેઓજ ખવાઈ ગયલા ભાગોને તોડી નાખી તેમને બહાર કાઢી, નવી મરામત કરી, શરીરને ટેકવી રાખે છે. પેહેલાં ૩૫ વર્ષ સુધી આ ક્રીયા ચાલુ રહે છે, પણ આ ઉમર પછી ઊલટી ક્રીયા શરૂ થાય છે. કેમકે જંતુઓમાં તેમની આગલી શક્તિ રહેતી નથી, અને શરીર હવે જલદીથી ભાંગી પડી કરમાઇહાર બને છે, અને ચીમળાવા લાગે છે. આ જંતુઓ શક્તિ પાછી મેળવવા આસપાસના જંતુઓનું બળ

ચોરવા માડે છે, અને આ પ્રમાણે આખું શરીર ઢીલું પડી જઇ અંતે નાશ પામે છે, અને માણસને જરા તથા મૃત્યુને તાબે થવું પડે છે. દરેક તત્વના મૂળ કારણો અને મૂળ ગુણો, અને તે સાથે જે જંતુઓથી તેઓ બનેલાં છે તેમની ક્રીયા, ગુણ અને જુદી જુદી સ્થિતિની માહીતી મેળવી કે 'જાદુ' કરી બતાવવામાં અતી સવળ થઇ પડે છે. ઇંદ્રજાળ વિગેરે વિધાનો પામો આ માહીતીપરથીજ રચાયો છે.

જેમ જેમ 'જીવ' પુનર્જન્મ લેતો જાય છે, તેમ તેમ 'મનસ' અને 'બુદ્ધિ' વચ્ચેનો સંબંધ ધાડો થતો જાય છે. એક ચોક્કસ મન્વંતરમાં દરેક માણસનો જીવ, જો તે દુષ્ટ વામ–માર્ગમાં પડીને અધોગતી ન પામે તો, "ધ્યાન–ચોહાન" તરીકે રહીને બીજા ધ્યાન–ચોહાનોથી સ્વતંત્ર રહે છે. આત્મા તો પરમાત્માનું કીરણ છે, પણ 'બુદ્ધિ' જે તેનું વાહન છે, તે આ "ધ્યાન– ચોહાનો'ના અર્કમાંથી નીકળે છે, અને આ લીધેજ એક મહર્ષિ કે 'નિર્માણ કાયા' એકજ વખતે એક કરતાં વધુ જગ્યાએ રહી શકે છે. મન્વંતરના અંતમાં મનસ, બુદ્ધિ, અને આત્મા, એકત્ર થઇ જશે, અને માણસ (મનસ) તે કાળે ધ્યાન–ચોહાન (બુદ્ધિ)ની સ્થિતિ ભોગવશે, એટલે કે, પરનિર્વાણમાં, જ્યારે પ્રલય કાળમાં સર્વે જીવો પોતાના મૂળ તત્વમાં લીન પામશે. અને દરેક વસ્તુ માત્રની માફક આગલી, હાલની, અને હવે પછીની સર્વે માણસ જાતો એકત્ર થઇ જશે, એટલે કે સકલ જગત બ્રહ્મમાં લય પામશે. પણ જીવો બ્રહ્મમાં લય પામે છે, તેથી એમ ન સમજવું કે તેઓનો આ રીતે અંત આવી જાય છે. કેમકે આ પરનિર્વાણીક અવસ્થા જો કે કાંઇ અગણિત વર્ષો પર્યંત ચાલુ રહે છે, તોપણ તેનો પણ છેડો આવે છે. અને જ્યારે પ્રલયકાળ પુરો થાય છે, ત્યારે જીવો પાછા બહાર નીસરી વધારે ચઢતી સ્થિતિમાં અને વધારે ઉંચા લોકમાં વધારે ને વધારે અનુભવ મેળવવા ફરી પોતાના ફેરાઓ શરૂ કરે છે. આ વિશે સંકલ્પ કરતાં આપણી અર્ધ ખીલેલી મન–શકિત અટકી જાય છે; જ્યારે તે આ કૈવલ્ય અને અનાદિ 'બ્રહ્મ'નો વિચાર કરે છે કે શીથીલ પડી જાય છે.

પેહેલી ત્રણ માણુસ જાત ઉપર સત્યયુગમાં અને તે પછીના નાના યુગોમાં આ ધ્યાન–ચોહાનો દેખરેખ રાખતા હતા. પણ જ્યારે માણસો સ્થુલ શરીર ધરાવવાં લાગ્યાં, અને તે સાથ ત્રીજી જાતની અધવચે નર નારીના ભેદ શરૂ થયો, ત્યારે આ "ધ્યાન–ચોહાનો"માંથી ઉતરતા વર્ગના ધ્યાનીઓ "રાજર્ષિ" તરીકે અવતરવા લાગ્યા. આમ અવતરીને તેઓ માણસોને અનેક કળાઓ અને વિદ્યાઓ શીખાડવા લાગ્યા, અને તે વખતના અજ્ઞાન માણસોને અધ્યાત્મ વિદ્યાનો ઉપદેશ કરી જ્ઞાનનો પ્રસાર કરવા લાગ્યા. આ "ધ્યાન ચોહાનો" આગલા કલ્પોમાં માણસ હાલતમાં પોતાના કર્મ અને જ્ઞાનના બળ વડે પોતાની હાલની પદ્વી મેળવી હતી. હવે પછીના મન્વંતરોમાં તેઓ વધારે શ્રેષ્ટ લોકમાં જશે, અને તેઓની જગ્યા આપણી હાલની માણસ જાતમાના શ્રેષ્ટજ્ઞાનીઓ લેશે. આવતા મનવંતરમાં જેવો હાલ ચઢતા વર્ગના પ્રાણીઓના શરીરમાં કેદ પડેલા છે, તેઓ માણસ સ્થિતિએ પુગતાં તેમના શીક્ષક અને ગુરૂ હાલના મહાત્માઓ થશે.

આ પ્રમાણે સપ્તતત્વિક પ્રાકૃતિમાં સપ્ત વિભાગે પ્રગટી કરણ પોતાનો માર્ગ લે છે. આત્મા, બુદ્ધિ, મનસ, કામ, પ્રાણ, લિંગ દેહ અને સ્થુલ દેહ, વ્યક્ત થતાં તેઓ જુદાં જુદાં ભાસે છે, પણ અવ્યક્ત થતાં તેઓ મુળમાં એકજ છે. સૃષ્ટિ જે પ્રગટ થાય છે, તે માત્ર અગણિત જીવોની સામટી વૃદ્ધિ અને શુદ્ધિ માટે છે. કે જેથી આ અનંત જગતમાં દરેક અણુ અરૂપ સ્થિતિમાંથી અર્ધ-સ્થુલ સ્થિતિમાંથી પસાર થઇ સ્થુલ હાલતમાં આવી, ફરી મન્વંતરમાં વધારે ને વધારે શ્રેષ્ટ હાલતમાં આવે, અને આ રીતે પોતાના સ્વતંત્ર કર્મ અને યત્ન વડે નિર્વાણીક અવસ્થાને પાત્ર થાય. પણ આ બે છેડાઓની વચ્ચેનો માર્ગ કાંટાઓથી ભરેલો અતી વિકટ અને થાકવી નાખનારો છે; તે અતી ઉંચાણમાંથી ઉભો ઉતરી આવી પાછો ઠેઠ ટોંચ સુધી ઉભો જાય છે.

જીવ પોતાનો પ્રવાસ પ્રથમ સ્વચ્છ સ્થિતિમાં શરૂ કરે છે અને પછી પ્રાકૃતિથી લીપ્ત થઇને વિશ્વમાં દરેક પ્રકારના અણુઓ સાથે સબંધ કરતો કરતો દરેક પ્રકારની જીંદગી અને અવસ્થાનો અનુભવ મેળવી જ્યારે માણસ દેહ ધારણ કરે છે, ત્યારે તે માત્ર પોતાનો અર્ધો પ્રવાસ પુરો કરી પ્રાકૃતિની ખીણની તળેટીમાં આવી પુગે છે. હવે પાછો પોતાના સ્વધામમાં જવાને તેને અતી કઠણ અને ભયંકર યત્ન કરવા પડે છે. 'વિશ્વકર્મા'ની પેઠે સઘળા પ્રાણીઓનો ઉદ્ધાર કરવા તેણે 'પોતા માટે પોતાનોજ ભોગ આપવો પડે છે,' અને ત્યાર પછીજ તે નિર્વાણ અવસ્થા ભોગવી શકે છે.

ઉપર દર્શાવેલી વિગતોમાંથી કેટલીક ષટ્ દર્શનમાંથી મલી આવશે નહીં, કેમકે આ વિગતો માત્ર ગુપ્તજ્ઞાનમાં જળવાયલી છે. પણ જ્યારે ષટ્ દર્શનો પ્રજામાં પ્રગટ કર્યાં હતાં, ત્યારે સાતમું દર્શન જે આ છએ દર્શનોનું એકીકરણ છે તે ગુપ્ત રાખવામાં આવ્યું હતું. 'ઉપનિષદ્' જેનો અર્થ 'ગુહ્ય જ્ઞાનથી અજ્ઞાનનું દુર થવું' એવો થાય છે, તેની સંપૂર્ણ સમજ માટે તેની ગુપ્ત ચાવીની અગત્ય છે. ઉપનિષદ્નો સાધારણ અર્થ રહસ્ય (વેદનું રહસ્ય) થાય છે; તેઓ શ્રુતીનો એક ભાગ છે. હાલ લગભગ દોઢશો ઉપર ઉપનિષદોની ગણત્રી થાય છે, પણ ખરાં ઉપનિષદો માત્ર ત્રીસેક છે. તે વીશે એક મહાત્મા કાંઇક ખુલાસો આપે છે. વેદનો ગુપ્ત મર્મ આ ઉપનિષદોમાં દર્શાવવામાં આવ્યો છે. તેઓમાં સૃષ્ટી, બ્રહ્મ, જીવ, બંધ, મોક્ષ, પુરૂષ, પ્રકૃતિ, મનસ, એ સર્વેનું વર્ણન આપવામાં આવ્યું છે. ટુંકમાં, માણસ જે કાંઇ જાણી શકે (વેદાંત=વેદ+અંત) તે સર્વે તેમાં સમાઇ જાય છે. પણ જ્યારથી ગૌતમ બુદ્ધે જન્મ લીધો ત્યારથી આ રહસ્યજ્ઞાન ઉપનિષદોમાં સંપૂર્ણ દેખવામાં આવતું નથી. તેઓની તપાસ કરતાં બે વાત સિદ્ધ થાય છે; એક તો આ કે જ્યારે તેમના કેટલાક ભાગ લખવામાં આવ્યા હતા, ત્યારે હાલની અગણિત નાત જાત વિગેરેનો ભારે દોર હતો નહિ, અને બીજુ આ કે દરેક ઉપનિષદમાં અર્ધો ભાગ મલી આવતો નથી, અને તે સાથ કેટલાંક ઉપનિષદ ફરીથી અતી ટુંકમાં લખવામાં આવ્યાં છે. બ્રાહ્મણોએ પ્રથમ આ દેશમાં આવ્યાની થોડી સદી પછી પોતાની જુદી વર્ણ ઉભી કરી ઉપનિષદોને વેદના બ્રાહ્મણ સાથે જોડી નાખ્યા.

તે કાળમાં સર્વે ઉપનિષદ સંપૂર્ણ સ્થિતિમાં હતાં, અને જે ચેલાઓ દિક્ષા મેળવવા માટે અભ્યાસ કરતા હતા, તેમને તેમાંથી શિક્ષણ આપવામાં આવતું હતું. બીજી જાતોને વેદ * નો અભ્યાસ કરવાની બંધી હતી.

અને જ્યાં સુધી આ બંધી ચાલુ રહી, ત્યાં સુધી વેદ અને ઉપનિષદ દેવાળયનેઃ બ્રાહ્મણોના એકલા કબજામાં સંપૂર્ણ જળવાઈ રહ્યાં. પણ પછી કપિલા વસ્તુ ગામમાં ગૌતમે જન્મ લીધો, અને ઉપનિષદના સમગ્ર રહસ્યનો અભ્યાસ કરીને, તેણે જ્યારે જોયું કે હીમવાન હીમાળય પર્વતમાં રહેતા મહાગુરૂઓના શિક્ષણ સાથે સરખાવતાં બન્નેમાં માત્ર સહજ ફરક હતો અને જ્યારે તેણે વળી જોયું કે આ પવિત્ર જ્ઞાનનો બ્રાહ્મણો એકલપેટા બની પોતા શિવાય બીજા કોઇને પણ લાભ લેવા દેતા નહિ, ત્યારે આ મહાપરમાર્થી પુરૂષે કોપ પામીને, લોકના કલ્યાણ અર્થે લોકની સાધારણ સમજમાં આવે એવા આકારમાં આ જ્ઞાન પ્રગટ કરી દીધું, અને તે ફેલાવવા માટે પોતાના શિષ્યોને સર્વે સ્થળે ફરતા કર્યા, આ રીતે જ્યારે બ્રાહ્મણોએ જોયું કે તેમનું ગુપ્ત જ્ઞાન મ્લેચ્છોના હાથમાં પણ જવા લાગ્યું, ત્યારે તેઓએ ઉપનિષદમાં જો કે શબ્દમાં કાંઇ ફેરફાર કર્યો નહિં, પણ તેમાં અતી કાપકુપ ચલાવી. ઉપનિષદ તેમના અસલ સંપૂર્ણ સ્થિતીમાં વેદ-સહીતા અને બ્રાહ્મણ સાથે સરખાવતાં કદમાં ત્રણગણા હતાં, પણ આમ કાપકુપ કરી, તેમને ટુંકા કરી નાખવામાં આવ્યાં. એટલે કે ઉપનિષદમાં જે ગુહ્યમાં ગુહ્ય રહસ્ય હતું તે ભાગ કાઢી લઇ બાકીનું રહેવા દીધું; અને તેમને સમજવાની ચાવી દિક્ષતોના હાથમાં રહી ગઇ, અને બ્રાહ્મણોને હવે આમ બોલવાને ફાવતું થઇ પડ્યું કે ગૌતમબુદ્ધનું શિક્ષણ ઉપનિષદથી બીલકુલ ઉલટું હતું. ઉત્તરકુરૂદેશના મહાત્માઓ આ વિશે ઊપલું મત ધરાવે છે.

અર્વાચીન કાળના સર્વોત્તમ દિક્ષિત **શ્રીમત શંકરાચાર્યે** ઉપનિષદપર ઘણા ભાષ્યો લખ્યાં છે. પણ તેની ખરી શુદ્ધ પ્રતો મલેચ્છોનાં હાથમાં આવી નથી, કેમકે તે ગ્રંથોને આચાર્યોના મઠોમાં અતી સંભાળ અને ચોકસાઇથી જાળવવામાં આવે છે. વળી આ મહાભાષ્યકારનું ધર્મસૂત્રોપર લખેલાં શારીરીક ભાષ્યની શુદ્ધ પ્રત સ્માર્તજ્ઞાતીના બ્રાહ્મણો શિવાય બીજા કોઇ હીંદુના હાથમાં પણ આવી નથી. સ્માર્ત બ્રાહ્મણોની જ્ઞાતી શ્રી શંકરે સ્થાપી છે, અને તે હજી દક્ષિણમાં વસે છે, અને માત્ર આજ જ્ઞાતીના કેટલાક અભ્યાસીઓ આ ભાષ્યોના ગુપ્ત અર્થ સમજવાને પુરતું જ્ઞાન ધરાવે છે. તેનું કારણ આ છે કે તેમના શ્રીગેરી વિગેરે મઠના અધિપતીઓ કોઇ કોઇ વખતે દિક્ષિત પુરૂષો હોય છે. પણ આ સ્માર્ત બ્રાહ્મણો જેવા જુદાઇ રાખે છે તેવી કોઇ પણ બીજી બ્રાહ્મણની નાત રાખતી નથી, અને

* વેદના બે જુદા જુદા અર્થ થાય છે. એક તો તેના સાધારણ અર્થ જે સાયાનોચાર્યે પોતાના ભાષ્યમાં દર્શાવ્યા છે. પણ તેનો ખરો માર્મિક અર્થ માત્રા અને સ્વર (જે વેદનો જાણે જીવ છે તે) પરથી જાણવામાં આવે છે. કેટલાક પંડીતો તથા ભાષા શાસ્ત્રીઓ અલબત કહેશે કે સ્વરને જ્ઞાન સાથ કાંઇ સંબંધ નથી, પણ 'સ્વર' અને 'તેજ' એ બન્ને વચ્ચે જે ગુપ્ત સંબંધ છે, તેમાં વેદનો ગુહ્ય અર્થ સમાયલો છે.

જેટલા તેઓ ભણેલા અને ગર્વિષ્ટ છે, તેટલાજ તેઓ પોતાના જ્ઞાન વીશે મુગા રહે છે માટે કદાચ એમ બની શકે કે તેઓ હવે ગુપ્તજ્ઞાનની પ્રગટ કરેલી બાબદો ખોટી પાડવા નીકળે, અને તેમની વિરૂદ્ધ બોલવા માંડે.

આવા ગહન વિષયોને પૂરતો ઇનસાફ આપવો કેવું અશક્ય, બલકે કેવું કઠણ છે. તે આપણે પુનઃ જોઇ જઇયે; અને ટુંકમાં જણાવીએ.

(૧) યુગોના યુગો પર્યંત શોધ ખોળ કરી તે સર્વેનો સંગ્રહ ગુપ્તજ્ઞાનમાં સમાવવામાં આવ્યો છે. યુગોના યુગો સુધી દિક્ષિતો, રૂપીઓ અને મહાત્માઓ આ સંગ્રહ કરતાજ રહ્યા અને પ્રગટીકરણની સઘળી ક્રિયાઓ અને સઘળા નિયમોનુ સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું. યુરોપના વિદ્વાનો દરેક વસ્તુના ખોખાં માત્રની ઉપર ટપકેથી તપાસ કરે છે, પણ દીવ્યચક્ષુ ધરાવતા પુરૂષો દરેક વસ્તુના ભીતરમાં દ્રષ્ટી ફેંકી સંપૂર્ણ જ્ઞાન મેળવવાને શક્તિમાન થાય છે. આ ફીલસુફી કે તત્વજ્ઞાન એક કે થોડા પુરૂષોના ખ્યાલી વિચાર કે કલ્પનાનું પરીણામ નથી. આટલુંજ કહીશું કે યુગો સુધી આર્યજ્ઞાનીઓ પોતાની જીંદગી શીખાડવાના કરતાં શીખવામાં ગાળતા હતા, અને તેમણે પૂર્વના કાળથી તત્વજ્ઞાન કે આત્મજ્ઞાન વિશે જે કાંઇ નોંધો કે વિગતો મલી હતી તેની તેઓ મહાત્માઓ પાસ સ્વતંત્ર તપાસ કરાવતા હતા. આ મહાત્માઓએ શારીરિક માનસિક, તથા આત્મિક, એ સર્વે શક્તિઓને સંપૂર્ણ ખીલવી હતી. જ્યાં સુધી એક મહાત્માએ જણાવેલી વિગતને બીજા મહાત્માઓ પોતાના અનુભવથી સિદ્ધ કરી ન આપતાં, ત્યાં સુધી કોઇ પણ વિગત કે નોંધ કબુલ રાખવામાં આવતી નહિ.

(૨) આ જ્ઞાન સંગ્રહનો પાયો એકજ મૂળ સિદ્ધાંત કે નિયમપર રચાયો છે. તે આ કે વિશ્વમાં એકજ 'બ્રહ્મ' છે જે સર્વેનું મૂળ છે. પ્રગટ સૃષ્ટિમાં માયાને લીધે તે (બ્રહ્મ) પુરૂષ તથા પ્રાકૃતિ રૂપે ભાસે છે, પણ મૂળમાં કૈવલ્ય એક છે; તે સર્વવ્યાપક સત છે, સર્વે અને સઘળું તેમાં આવી જાય છે. તે સૃષ્ટિના દરેક અણુમાં ગુપ્ત છે, અને એક રીતે કહીયે તો તેજ સૃષ્ટિ છે.

(૩) જગત માત્ર 'બ્રહ્મ'માંથી વારંવાર પ્રગટ થાય છે અને ફરી લય પામે છે. તે નથી પુરૂષ કે નથી પ્રકૃતિ, પરંતુ તે બન્ને છે. 'પરબ્રહ્મ' અને 'મૂળ પ્રકૃતિ' ખરૂં જોતાં એકજ છે, પરંતુ ઇશ્વર (=ધ્યાન–ચોહાનોના સમુહ)ને પણ તે દ્વૈતરૂપે ભાસે છે; મૂલ પ્રકૃતિમાં 'બ્રહ્મ' ગુપ્ત છે

૪ સૃષ્ટિમાં જે કાંઇ છે તે સર્વને માયા કહેવામાં આવે છે, કેમકે કીડાથી તે સૂર્ય સુધી સર્વે આકારો અંતે નાશ પામે છે. જ્યારે અવિનાશી, અવિકારી, અને અનાદિ 'બ્રહ્મનો' સંકલ્પ કરીએ ત્યારે તે કેવળ અનિર્વચન્ય દેખાય છે.

સૃષ્ટિ તેના સઘળા તુર્ત વિનાશ અને વિકાર પામતા આકારો સાથ માત્ર એક છેતર બાજી છે. પણ જેમ સૃષ્ટિ માયાવિ છે, તેમ આપણે પણ માયાવિ છીએ. અને તેથી તે આપણને ખરી ભાસે છે.

(૫) વિશ્વમાં દરેક વર્ગની દરેક વસ્તુમાં જીવ છે, જે દરેકમાં તેમની સ્થિતિ અને પદ્ધતિને અનુકૂળ ભાન રહે છે. ધૂળ કે પત્થરમાં કાંઇ ચેતના જણાતી નથી, તેથી એમ મત બાંધી ન લેવું કે તેઓમાં ભાન નથી. આ જ્ઞાન પ્રમાણે કોઇ પણ વસ્તુ નિરજીવ નથી.

(૬) જગતની ક્રીયાઓ ધ્યાન–ચોહાનો પોતાના ઉપરીપણા હેઠળ ચાલુ કરે છે. આ ફીલસુફીનો એક મૂળ નિયમ આ છે કે 'જેવું ઉપર, તેવું નીચે,' બ્રહ્માંડે તે પિંડે; એટલે કે જે સામાન્ય નિયમ પ્રમાણે સૃષ્ટિની ક્રિયાઓ ચાલે છે, તેજ પ્રમાણે માણસમાં પણ છે, અને આ રીતે માણસ સૃષ્ટિની ક્રિયાઓનો એક જીવતો પુરાવો આપે છે. આપણે જોઇયે છીએ કે આપણા શરીરના બહારના ચાલા, કામ, ગતિ વિગેરે સર્વે અંદરની ઇચ્છા કે વિચાર કે મનનું લાગણીનું પરીણામ છે; જેમ મનની ઇચ્છા કે લાગણીની ઉશકેરણી વગર કોઇ પણ ગતી કે ચાલા ઉત્પન્ન થતા નથી, તેજ પ્રમાણે પ્રગટ અને વ્યક્ત સૃષ્ટિમાં પણ છે. સકળ વિશ્વને ધ્યાનીઓના અગણિત વર્ગો ગતી આપે છે, ગોઠવે છે, અને પોતાના અધિકાર તળે ચલાવે છે. આ દરેક વર્ગને માથે જુદું જુદું કામ હોય છે, અને તેઓ કર્મ અને સૃષ્ટિના નિયમોને અમલમાં આણે છે. તેઓમાં જ્ઞાન અને બળ પ્રમાણે અનેક પદ્વિઓ હોય છે. પણ તેઓ સઘળા શુદ્ધ નથી; કારણકે દરેક ધ્યાની આગલા કે હાલના મનવંતરમાં માણસ હોવો જોઈએ કે હવે પછીના મનવંતરમાં માણસ થવો જોઇયે. તેઓ અને માણસ વચ્ચે આટલો ફરક છે કે તેઓમાં અહંકાર અને તિક્ષણ લાગણી જે બન્ને પ્રાકૃતિક ગુણોનું પરીણામ છે તે હોતાં નથી. આ ધ્યાનીઓ આ લાગણી રહિત છે, કેમકે તેઓ સ્થુલ શરીર ધરાવતા નથી. (સ્થુળ શરીરના ભાર તળે 'મનસ' મંદ થઈ જાય છે.) અને બીજું આ કે તેમનું 'મનસ' સ્થુલ શરીર રહિત હોવાથી માણુસ કરતાં માયા તેઓ ઉપર ઓછી અસર કરે છે. પણ જે શુદ્ધ ધ્યાનીઓ છે, જેઓએ આગળ માણુસ સ્થિતિમાં મહાત્મા પદ્વી પ્રાપ્ત કરી છે, તેઓપર માયા કાંઈપણ અસર કરી શકતિ નથી. પણ જે ધ્યાનીઓ હજી પણ માણસ થવાના છે, તેઓ પણ હજી સ્થુલ શરીર રહિત હોવાથી અહંકારની લાગણી ધરાવતા નથી. તેઓ જે રૂપો ધરાવે છે, તે માણુસનાં શરીરની પેઠે નાશ પામે છે. પણ તેમનો જીવ અમર છે. આપણને આ ધ્યાનીઓ કે દેવતાઓની પૂજા કે પ્રાર્થના કરવાની કાંઇ અગત્ય નથી. કેમકે તેઓ માણુસની પેઠે કર્મ અને જગતના નિયમોને આધીન છે. તેઓમાં અહંકાર ન હોવાને લીધે માણસના જેવા કાંઇપણ ગુણ નથી. માણુસ આ ધ્યાનીઓને નથી સંતુષ્ટ કરી શકતો કે નથી તેમને વશ કરી શકતો. પણ જો તે 'કામ' ને વશ કરે છે, અને આત્મા તથા પરમાત્માની અભિન્નતા અનુભવે છે, તો તે અજ્ઞાન અને અવિદ્યા દૂર કરી પોતાના જ્ઞાનના બળથી ધ્યાનીઓની પદ્વીએ પુગતો જાય છે, ત્યારે ધ્યાનીઓ દરેક બાબતમાં તેની સદા સંભાળ લેવા માંડે છે.

યુરોપના વિદ્વાનો તેમના નાસ્તિક જડવાદને લીધે ધ્યાનીઓની હસ્તી માનવાને ના પાડશે. તે સાથે પ્રેતાવાહન તત્ર માનનારાઓ પણ પ્રકૃતિના ગુણો અને અસરોથી અજ્ઞાન હોય છે.

સકળ સૃષ્ટિમાં સર્વે વસ્તુ મૂળમાં એકજ છે. આ સિદ્ધાંત જો તેઓ કબુલ કરે તોજ તેઓ આ ધ્યાનીઓની હસ્તી માનવા લાગે.

દરેક ધ્યાની આગળ માણસ હતા કે ભવિષ્યમાં માણસ થશે. જે ધ્યાનીઓ સંપૂર્ણ જ્ઞાન અને ચૈતન્ય ધરાવે છે, તેઓ આગલા મન્વંતરમાં માણસ હતા. તેમજ અર્ધ-ચૈતન્ય ધરાવનારા કે ચૈતન્ય રહિત ધ્યાનીઓ ભવિષ્યમાં માણસ થશે. જો ધ્યાનીઓમાં સંપૂર્ણ ચૈતન્ય હોય તો પૂર્વે તેઓ માણસ હતા એમ ઠરે છે અને તેપરથી જણાય છે કે તેણે પોતાનું જ્ઞાન અને ચૈતન્ય માણસ વર્ગમાંથી પસાર થઇને મેળવેલું હોવું જોઇયે. વિશ્વમાં એકજ અવિભાજ્ય કૈવલ્ય ચૈતન્ય, અનંત જગતના દરેક અણુ તથા બીંદુને ગતિ આપે છે. તેનામાંથી અસંખ્ય જીવો મન્વંતરના પ્રારંભમાં નીકળે છે, અને જ્યાં સુધી તેઓ માણુસ વર્ગમાંથી પસાર થતા નથી ત્યાં સુધી તેમને સ્વજ્ઞાન થતું નથી.

કુદરતપર દ્રષ્ટિ નાંખીએ છીએ તો ચઢ ઊતર વર્ગો દેખાવામાં આવે છે. દરેક વર્ગ સદા સુધરવાને અને ઉચે ચઢવાને પ્રયત્ન કરતા રહે છે. કુદરતની દરેક ક્રિયામાં કાંઇ હેતુ સમાયલો છે. દુર્બળ અને નબળી જાતોનો કુદરતના કાયદાઓ નાશ લાવી મેલે છે, અને તેમ કરીને સબળ જાતો માટે જગ્યા કરે છે, અને જે યોગ્ય હોય છે તેમને જીવવા અને વધવા દે છે. જો કે ઉપરટપકેથી વિચાર કરતાં આ અતિક્રુર અને ઘાતકી દીસે છે, તોપણુ તે સૃષ્ટિના નિયમને અનુકૂળ છે. સૃષ્ટિમાં આ જે સઘળું બને છે તે દેખાડે છે કે કુદરત એ માત્ર જુદી જુદી શકિતઓનો સમૂહ છે, કે જે શક્તિઓ અને નિયમોને ધ્યાન–ચોહાનો અમલમાં આણે છે; આ ધ્યાન-ચોહાનોનો એકત્ર વિચાર કરીએ તો તેઓ 'મહત', વિશ્વનું 'મન' છે.

ગુપ્તજ્ઞાન પ્રમાણે ત્રણ પ્રકારની સૃષ્ટિ હોય છેઃ પ્રથમ સદા અમર અરૂપ સૃષ્ટિ;- તેમાંથી બીજી માનસિક સૃષ્ટિ પ્રગટ થાય છે જેની (આપણી) ત્રીજી માયાવિ સૃષ્ટિ માત્ર છાયા છે. જેમ જાદુઈ ફ્રાનસમાના ચિત્રો ધોળા પડદાપર અનેક ઓળા અને આકારો નાખે છે, તેમજ ખરી સૃષ્ટિ તે પડદા પછવાડેના ચિત્રો બરોબર સમજવી; ખરા આકારો અને વસ્તુઓ અણુદીઠં રહે છે, અને અણુદીઠ હાથો સૃષ્ટિના તાર ખેંચ્યા રહે છે; આ પ્રમાણે માણુસો તથા વસ્તુઓ મહામાયાના પડદાપર પડતા છાયા અને આકાર છે. આ ત્રણુ સૃષ્ટિને બ્રહ્મા-વિશ્નું-અને શિવની ત્રિમૂર્તિનું અલંકારિક નામ આપ્યું છે. છએ દર્શન આ મત સ્વિકારે છે. જેમ માણુસના સાત તત્વો છે, તેમ 'જ્ઞાન-શરીર'ના આ ષટ્ દર્શન છ તત્વો છે અને રહસ્ય કે ગુપ્તજ્ઞાન એ તેનો 'આત્મા,' સાતમું તત્વ છે.

આ ઉપરથી હવે આ સિદ્ધ થાય છે કે, (૧) આ ગુપ્તજ્ઞાન એક રીતે મૂર્તિપૂજા અને માણુસરૂપી ઈશ્વર એ બન્નેને રદ કરે છે. (૨) તે 'ઇશ્વર'ને માને છે, પણુ 'ઇશ્વર' એટલે જેમ કેટલાક સુધરેલામાં કહેવાતા હિંદુઓ * માને છે તેમ માણુસરૂપી ઇશ્વર ન સમજવો. પણુ 'ઇશ્વર' એટલે સર્વે ધ્યાન-ચોહાનોના સમૂહને દર્શાવનારૂં સામાન્ય નામ જાણવું. આ ધ્યાન-ચોહાનો

* પ્રાર્થના સમાજીઓ તથા બ્રહ્મો સમાજીઓ.

સૃષ્ટિનો નકશો ઘડી કાઢે છે, અને તે પ્રમાણે સૃષ્ટિ બાંધવાનું કામ બીજા ધ્યાનીઓ અને દેવતાઓ પાસ કરાવે છે. (૩) આ સઘળું કર્મના નિયમ પ્રમાણે કરવામાં આવે છે. પણ આપણે જોઇયે છીએ કે કુદરતની વિસ્તીર્ણ ક્રિયાઓમાં ઘણી ખામીઓ રહી જાય છે, તેથી આ ધ્યાન-ચોહાનો પૂજા-પાત્ર નથી. તોપણ તેઓ સર્વે તરફ આપણને માન અને ઉપકારની લાગણીથી જોવું ઘટે છે, અને માણસે સદા કુદરતના સહાયકારક થઇ આ ધ્યાનિઓના સંકલ્પો અને યોજનાઓ પાર પાડવાને સદાં ખંતથી મંડેલા રહેવું જોઇયે. આપણા હૃદયને સ્વચ્છ અને પવિત્ર રાખી જે અનિર્વચન્ય અને અનાદિ कारण જે સર્વ કારણોનું નિષ્કારણ કારણ છે, જે અણદીઠ રહીને અંતઃકરણ મારફતે ગુપ્ત સૂચના કે ચેતના કરતું રહે છે તે અવિનાશી બ્રહ્મનું બ્રહ્મસ્થાન કરવું જોઇયે. તેની પૂજા આપણા દીલમાંજ ગુપ્ત રીતે કરવી જોઇયે. પોતાના આત્મા વડેજ પોતાને અને પરમાત્મા વચ્ચે યોગ સાધવો જોઇયે; સદકર્મ એ અગ્નિ-હોત્રી હોવા જોઇયે; અને જો કાંઇપણ ભોગ કે બળી આપવો હોય., તો પોતાના પાપિષ્ટ મલીન વિચારો અને લાગણીઓનો વધ કરવો જોઇયે. † (૪) પુરુષ ને પોતાના સંકલ્પો પ્રમાણે આકારો ઘડવામાં प्रकृति ઉપાધિ તરીકે કામ લાગે છે. આથી કુદરતમાં કાંઇ પણ વસ્તુ નિરજીવ નથી, સર્વેમાં જીવ છે (૫) પરબ્રહ્મમાં જે સંકલ્પ અને યોજનાઓ હોય છે, તે પ્રમાણે સૃષ્ટિ વ્યક્ત થાય છે. 'મહાશ્વાસ'ની નિરંતર ચાલુ ગતિથી જગત પ્રગટ થાય છે અને લય પામે છે, અને અરૂપ અને અવ્યક્ત સૃષ્ટિમાંથી માયાવિ સૃષ્ટિ પ્રગટ થાય છે. માણસ, પ્રાણી, વૃક્ષ, કે પાષાણના આકારો કાંઇ નવા ઉત્પન્ન કરવામાં આવ્યા નથી; તેઓએ માત્ર સ્થુળરૂપ ધારણ કર્યું છે, પરંતુ તેમના મૂળ આકારો સૂક્ષ્મ રૂપે અનાદિ કાળમાં સદા રહે છે. આ મૂળ આકારો પ્રમાણે ધ્યાનીઓ અને દેવતાઓ માણસરૂપ ઘડવા લાગે છે,

સંસ્કૃત પુસ્તકોમાં છ શક્તિઓ જણાવી છે, પણ તેઓ સાતમીમાં સમાઇ જાય છે, છઠ્ઠી કન્યારાશીનો અર્થ શક્તિ કે મહામાયા થાય છે. કન્યા છઠ્ઠી રાશી છે, તે આ દેખાડવાને કે શક્તિઓ મૂળમાં છ છેઃ

(૧) પરશક્તિ, એટલે કે મહા શક્તિ, જેમાં તેજ, ગરમી, અગ્નિ વિગેરે શક્તિઓ આવે છે.

(૨) જ્ઞાન—શક્તિ, જેના પ્રકૃતિના દબાણ તળે ચાર વિભાગ પડે છે; મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર; પણ જો માયાનું દબાણ હોતું નથી, તો વિશ્વ-દ્રષ્ટી અને આત્મ-પરિક્ષા વિગેરે દીવ્ય શક્તિઓ ખીલવા માંડે છે.

(૩) ઇચ્છા—શક્તિ, જેથી આપણે જે જે ઇચ્છીયે છીએ તે આપણે સ્નાયુઓ અને કર્મેંદ્રીવડે મેળવ્યે છીએ.

(૪) ક્રિયા શક્તિ, જેથી વસ્તુઓ ઉત્પન્ન કરી શકાય છે. જો એકાગ્ર ચિત્તે કાંઇ

† કાળીને જે બકરાનો ભોગ આપે છે તે આ રીતે જોતાં એક મૂર્ખાઈ છે. બકરો એટલે આપણા હૃવસે'; આ હવસોને મારવા ઘટે છે, અને નહી કે ગરીબ મુગાં પ્રાણીને મારવાં.

પણ સંકલ્પ કર્યા હોય, તો તે સંકલ્પ ખરેખર રૂપધારણ કરી, વસ્તુરૂપે નજરે પડશે. યોગીઓ પોતાની દૃઢ ઇચ્છા શક્તિ અને ક્રિયાશક્તિવડે પોતાના કહેવાતા ચમત્કાર કરી બતાવે છે.

(૫) કુંડલીની-શક્તિ, જે સર્વેમાં પ્રાણરૂપે રહી છે. એમાં આકર્ષણ અને નિવારણ બન્ને શક્તિ આવી જાય છે. વિજળીક અને લોહચુંબક શક્તિ એમાંથી ઉત્પન્ન થાય છે. આજ શક્તિથી જીવ વારંવાર પુનર્જન્મ લઇ શકે છે. આ શક્તિ વશ કર્યા વગર કોઇ પણ યોગી મોક્ષ મેળવી શકતો નથી. માણસના શરીરમાં મૂળાધાર ચક્ર એ કુંડલીની શક્તિનું સ્થાન છે, જ્યાં તેને સર્પાકાર કલ્પેલી છે.

(૬) મંત્રીકા-શક્તિ,—અક્ષર, નાદ અને ગાયનોની શકિત. મંત્રશાસ્ત્રમાં આજ શકિતનું વર્ણન આપવામાં આવ્યું છે. સાધારણ અનુભવ છે કે મધુર ગાયનથી કેવી અસર થાય છે. યુરોપના વિદ્વાનો માત્ર પેહેલી, બીજી, અને પાંચમી શકિતનું કાંઇક અધુરૂં જ્ઞાન ધરાવે છે, પણ બાકીની શકિતઓ વિશે તેઓ કેવળ અંધારામાં છે. આ છએ શક્તિઓ સાતમી શક્તિ, દૈવ પ્રકૃતિ, ફોહાત, આદિ-શક્તિમાં સમાઇ જાય છે. આ દરેક શક્તિઓપર જુદા જુદા ધ્યાન-ચોહાનો અધિકાર ભોગવે છે.

પૂરાણોમાં અને બીજાં ધર્મશાસ્ત્રમાં જે અનેક કથાઓ છે, તે કાંઇ માત્રકલ્પિત નથી. અસલના લોકોની વિચાર કરવાની કુદરતી રીત આજ હતી. યુરોપના મોક્ષમુલર વિગેરે વિદ્વાનો ધારે છે કે, જ્યારે માણસ ચોક્કસ હદ સુધી સુધરે છે, ત્યારે તેઓના ભેજાંમાં આવી કથાઓ રચવાનો એક જાતનો રોગ ઉભરાઇ આવે છે. પણ તેવું કાંઇ નથી. ઉલટું આ કથાઓમાં કુદરતના નિયમોનું બહોળું અને ઉંડુ જ્ઞાન સમાયલું છે, અને જો આ કથાઓના અલંકારરૂપી કોટલાં દુર કરીશું, તો અંદરથી કુદરતના કાયદાઓનું અતિ ઉંડુ જ્ઞાન માલમ પડશે. હવે પૂરાણોની કથાઓમાં આ જ્ઞાન સમાયલું છે એટલુંજ નહિ પણ હિમ્મતથી કહીયે છીએ કે દરેકપૂરાણીક કથામાં ઇતિહાસીક અંશ પણ સમાયલો છે. જેમ એક હીરાના અનેક પાસા હોય છે, તેમ આ કથાઓમાં એકથી વધુ અર્થ સમયલા છે, અને તે જુદા જુદા અર્થ જુદી જુદી વિદ્યાઓ સાથ સંબંધ ધરાવે છે. યુરોપના વિદ્વાનો અતિ બળાપો કરે છે કે હિંદુઓમાં ખરા ઈતિહાસ જેવું કાંઇ પણ ભરોસાદાર પુસ્તક છે નહિ, અને તેઓ હિંદુઓપર ઇતિહાસ તરફ તદન બેદરકાર રહેવાનું આળ મુકે છે. પરંતુ તેમ નથી. ઇતિહાસીક બનાવો સાધારણ ભાષામાં દર્શાવવામાં કેટલો મોટો ભય સમાયલો છે, તે આર્ય રૂષીઓ જાણતા હતા, અને તે સીધેજ આ બનાવોને તેઓ તરેહવાર કથાઓ તથા ચીન્હો રૂપે દર્શાવતા હતા. પ્રાચીનકાળમાં માણસ જાત પોતાના સઘળા વિચારો, લાગણીઓ, જુસ્સાઓ, સર્વે વિદ્યા અને સર્વે જ્ઞાન, કથા અને દ્રષ્ટાંતરૂપે દર્શાવતા હતા. તેનું કારણ આજ કે ઉચ્ચારેલા શબ્દોમાં અતિ જાદુઈ અસર અને શકિત રહે છે. નાદ અને સ્વર પંચભૂત (આકાશ, વાયુ વિગેરે) સાથે નીકટ સંબંધ ધરાવે છે, અને હવામાં ચોક્કસ શબ્દો ઉચ્ચાર્યાથી જે ગતિના મોજા ફેલાવા માડે છે, તેથી આ પાંચ તત્વો

માં રહેલી ચોક્કસ શકિતઓ જાગ્રત થાય છે. અને જેથી ન ધારેલાં સારાં કે માઠાં પરિણા-મ નીપજે છે. આ લીધે ઇતિહાસ કે ધર્મ સંબંધી કાંઇ પણ ખરા બનાવો કોઇ પણ અભ્યાસીને સાધારણ ભાષામાં દર્શાવવાનો અટકાવ હતો, કે રખેને આ બનાવો સાથ સંબંધ રાખતી શકિતઓ આ વાંચનથી ખેંચાઇ આવે. આ બનાવોનું સાધારણ પ્રગટ વર્ણન માત્ર દિક્ષા આપતી વેળાએજ આપવામાં આવતું હતું, અને દરેક ચેલો પોતાના ગુરૂની નજર આગળ તે બનાવોનું વર્ણન ચિન્હોના રૂપમાં ઉતારી લેતો, અને તેમાં કાંઇ ભૂલ થતી તે તેમના ગુરૂઓ સુધારતા; આ પ્રમાણે ચીન દેશની તથા મીસર દેશની ચિન્હ ભાષા કે ચિત્ર ભાષા ઉત્પન્ન થઇ હતી. આ ચિન્હરૂપી ભાષાના સાત પ્રકાર છે, અને તે કુદરતના સાત ભેદ સાથે સંબંધ ધરાવે છે. આ ભાષાની માહીતી ધરાવનાર પુરૂષ આ રીતે કુદરતના સર્વે ભેદોનું સંપર્ણ જ્ઞાન મેળવી શકે છે. બીજા દેશોમાં આ ભાષાના બે કે ત્રણ પ્રકાર રહી ગયા છે, પરંતુ પૃથ્વીના કોઇ પણ ભાગમાં જો આ ભાષાના સાતે પ્રકાર સંપૂર્ણ જળવાઇ રહ્યા હોય તો તે આર્યવર્ત્તમાં છે. તેમની સઘળી ચાવી આર્ય મહા-ત્માઓના હાથમાં છે. ગુપ્તજ્ઞાન સાથે આ ભાષાપણ તેઓએ સંપૂર્ણ જાળવી રાખી છે. આ ભાષાના સાત પ્રકાર મારફતે સાત જુદા જુદા પ્રકારનું જ્ઞાન મેળવાતું હતું. આ સાત ચાવીઓથી સાત મૂખ્ય માણુસ જાતના, તથા સાતે કલ્પના અને ભુત અને ભવિષ્ય-ના સર્વે ભેદો ખુલ્લા થાય છે. મીસર દેશમાં ત્રિકોણરૂપી મીનારાઓ ઉભા કરવામાં આવ્યા છે હવે આ મીનારાઓમાં કાંઇજ નહીં પણ પૃથ્વીપર સર્વે ભેદ અને દિક્ષાઓની સદા જીવતી અને અવિનાશી અમર બોધ જળવાઇ રહી છે. જેમ આખુ સૂર્યમંડળ ૨૫૮૬૮ વર્ષે મહાચક્રમાં ફરી પોતાને સ્થાને આવે છે, તેમ માણુસ દિક્ષા લીધા પછી પોતાની પૂર્વની શુદ્ધ અવસ્થા અને જ્ઞાન પુનઃ પ્રાપ્ત કરે છે. આ મીનારાઓનો બહારનો આકાર કુદરતની ઉત્પન્ન કરનારી શકિતનો ભેદ બતાવે છે, અને તેની બાંધણીમાં ભૂમીતી, ગણીતશાસ્ત્ર, જ્યો-તિષ, અને ખગોલ વિદ્યાના નિયમો દર્શાવવામાં આવ્યા છે. અંદરથી તે અતિ ગંભીર મંદીર છે કે જેના અંધારાં ખુણાઓમાં મીસરના રાજાઓ અને ધર્માધિકારીઓને દિક્ષા આપવામાં આવતી હતી. ભૂમીતીનું જ્ઞાન અલખતાં તારાઓ અને તેમના જુદા જુદા જુમખાઓનું અવલોકન કર્યા પછી જન્મ પામ્યું હતું. અને તે લીધેજ ગુપ્ત વિદ્યામાં ચક્ર, બીંદુ, ત્રિકોણ, ચતુર્કોણ, ધનાકૃતિ, પંચકોણ, ષટકોણ અને બીજી અનેક કોણ અને લીટીઓ વાળી આ-કૃતિઓ અતિ અગત્યતા ધરાવે છે. દરેક ધર્મશાસ્ત્રમાં તપાસ કરીશું તો જણાશે કે પૂર્વે સર્વે વિચારો આવી આકૃતિઓ અને સંખ્યાના સાધન વડે દર્શાવવામાં આવતા હતા. જો કે આ આકૃતિઓમાં કોઇ કોઇ વેળા સહજ ફેરફાર થતા, પણ ઘણુંકરીને તેમનો અસલ આકાર સચવાઇ રહેતો. સૃષ્ટિના ભેદોનો અરસપરસ સબંધ અને ક્રિયાઓ, સૃષ્ટિનુ ઉત્પન્ન થવું અને વિસ્તાર પામવું, સષ્ટિની સૂક્ષ્મ અને સ્થુળ સ્થિતિ, એ સર્વેનું વર્ણન ભૂમીતીની તરેહવાર આકૃતિઓ વડે આપવામાં આવતું હતું. દરેક સૃષ્ટિ વિદ્યાવર્ણનમાં જોશો તો ત્યાં ચક્ર, બીંદુ, ત્રિકોણ, ધનાકૃતિ વિગેરે અને તે સાથ ૧થી ૯ સુધીના આંકડાઓ વપરાયલા જણાશે.

૧થી ૯ સુધીના આંકડાઓનું એકીકરણ ૧૦ના આંકડામાં કરવામાં આવતું હતું. ૧૦ના આંકડામાં (પહેલે લીટી અને પછી O ચક્ર) સકળ સૃષ્ટિનો સંપૂર્ણ ભેદ સમાઇ જતો હતો. ૩, ૪ અને તેમનો સરવાળો ૭, તથા ૫, ૬,૯, અને ૧૦, આ આંકડાઓપર જાણે સૃષ્ટિ વિદ્યા વર્ણનનો પાયો રચાયો છે.

આ દશ આંકડાઓ અને તેમના હજારો સંયોગ પૃથ્વિના દરેક ભાગપર જોવામાં આવે છે. ત્રિકોણ, ત્રણ—એટલે નર, પુરૂષ; અને ચતુર્કોણ ૪, એટલે નારી, પ્રકૃતિ. આ પુરૂષ અને પ્રકૃતિના સંબંધથી વિશ્વ પ્રગટ થાય છે. પ્રકૃતિ એ માત્ર પુરૂષ (દીવ્ય સંકલ્પ, મહત)ની ઉપાધિ છે. સકળ સૃષ્ટિ આ બન્નેમાં સમાઇ જાય છે, અને તે બને એકજ કૈવલ્ય સત્‌ની માત્ર બે બાજુઓ છે. આ સત્‌નું કાંઇ નામ નથી. મહત,—પુરૂષ—ની સપૂર્ણ સમજ મેળવવી અશક્ય છે, પરંતુ પ્રકૃતિના અગણિત રૂપોમાંથી જ્ઞાનીઓ તેની (પુરૂષની) કેટલીક સમજ મેળવે છે. પૃથ્વિમાં કે જગતમાં ચૈતન્યની અનેક અવસ્થાનું મૂળ પુરુષ છે; અને પ્રકૃતિ પુરૂષની ઉપાધિ છે. પ્રલય પુરો થતાં 'મહત' (પુરૂષ) જાગ્રત થાય છે, અને 'મહત' માં સૃષ્ટિનો સંકલ્પ ઉત્પન્ન થાય છે, અને આ સંકલ્પની એક અતિ ભેદી ક્રિયાથી 'ફોહાત,' દૈવી પ્રકૃતિ, આદિ—શકિત જન્મ પામે છે; આ "ફોહાત" પ્રકૃતિના હૃદયમાં ધડકવા માડે છે કે તે શકિત પ્રગટે છે, અને 'મહત' (પુરૂષ)ની સાત અવસ્થા પ્રમાણે "ફોહાત" પ્રકૃતિને સાત પંક્તિ (સપ્તલોક)માં વહેંચી નાખે છે. પ્રલય કાળે 'મહત્, હોતું નથી, કેમકે પ્રાકૃતિની ઉપાધિ વગર ચિત્ત કે ચૈતન્યનું કાંઇ પણ ભાન થતું નથી. જ્યારે 'મહત' એક સ્વતંત્ર ઉપાધિમાં વસે છે, ત્યારે અહંકાર ઉત્પન્ન થાય છે. જેવી ઉપાધિ હોય તેને અનુકૂળ અવસ્થામાં 'મહત' પ્રગટ થાય છે. માણસમાં તે 'મનસ્' રૂપે પ્રગટે છે. આપણી મનશકિતઓને જન્મ આપી બુદ્ધિમાં તે અંતરદ્રષ્ટિ, અંતરવાલોકન રૂપે પ્રગટ થાય છે. ઉપનિષદમાં કહ્યું છે કે મહત્ (ઇશ્વર) અને દૈવપ્રકૃતિમાં જ્યારે તમોગુણ અધિક હોય છે ત્યારે 'આકાશ' ઉત્પન્ન થાય છે; 'આકાશ'-માંથી 'વાયુ', 'વાયુ'માંથી 'અગ્નિ', 'અગ્નિ'માંથી 'જળ', અને 'જળમાંથી 'પૃથ્વી' તે ઉપર જે કાંઇ છે તે સાથે ઉત્પન્ન થાય છે. 'આકાશ' ને વેદમાં 'અદીતી' કહે છે. વિજળી, લોહચુંબક શકિત, ગરમી, તેજ, અને રસાયન ક્રીયાઓ, એ સર્વે 'આકાશ'માં જન્મ પામે છે. માનવ ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે અંધકારને દૂર કરી નારાયણ પ્રગટ થઇ જીવો ઉત્પન્ન કરવાની ઇચ્છાથી પોતાના રસમાંથી જળ ઉત્પન્ન કર્યું. આ જળમાં તેણે પોતાનું વિર્ય મુકયું, અને અંડ, હિરણ્યગર્ભ બંધાયું, હિરણ્યગર્ભમાં બ્રહ્મા (બ્રહ્માના એક વર્ષ પર્યંત) રહીને તે અંડને ફોડી પ્રગટ થયા; ઉપલા ભાગમાંથી સ્વર્ગ, નીચલા ભાગમાંથી પૃથ્વી, અને વચલા ભાગમાંથી આકાશ, અંતરીક્ષ, ઉત્પન્ન કર્યું. અવ્યક્ત અને અનાદિ બ્રહ્મમાંથી 'બ્રહ્મા' જન્મ પામ્યા. આ અંડ, ચક્ર, એ અનતકાળ (બ્રહ્મ)નું ચિન્હ છે; અને ૧નો આંકડો એ બ્રહ્મા (ઉત્પન્ન કરનારીશકિત)નું ચિન્હ છે; તે ૧૦ કે (I)ની સંખ્યા કે આકૃતિમાં ટુંકમાં જણાવ્યું છે.

આ ઉત્પન્ન કરનારી શકિતને બ્રહ્મા કહે છે, પણ ખરું જોતા બ્રહ્મા પણ માયા છે.

જેવું બ્રહ્માંડે તેવું પિંડે; બ્રહ્માંડના 'મહત' (મહા બુદ્ધિ)માંથી પિંડ (માણુસ)નું 'મનસ્' ઉત્પન્ન થયું. "મનસ્'માં બે પ્રકારની ક્રિયા છે; તે જ્ઞાન અને કર્મ એ બન્ને સાથ સંબંધ રાખે છે." બ્રહ્મામાં નર અને નારી શકિત બન્ને એકત્ર થાય છે. સાંખ્યમાં મહત, અહંકાર, અને પંચ તનમાત્રાને સપ્ત પ્રકૃતિ કહી છે. અહંકાર અને મનસના ત્રણ પ્રકાર છે. અહંકારમાં સત્વ, રજો, અને તમોગુણું પ્રમાણે જુદા જુદા ફેરફારો થાય છે. અનાદિ નિયમોની આજ્ઞા પ્રમાણે ધ્યાન-ચોહાનો કામ કરે છે. જેમ પરબ્રહ્મ અને મૂલપ્રકૃતિ મૂળમાં એકજ છે, તેમજ પુરૂષ અને પ્રકૃતિ બન્ને મૂળમાંજ એકજ છે. પૂર્વેના સંકલ્પ પ્રમાણે આ ધ્યાન-ચોહાનો જુદાં જુદાં સૂર્ય મંડળો બાંધવા માંડે છે. યુરોપના વિદ્વાનો પુછશે કે શું આ ધ્યાન-ચોહાનો તમારા દીઠામાં આવ્યા છે, તો અમે તેમને પ્રશ્ન કરીશું કે શું તેઓએ 'ઇથર'ને, અણુઓને તથા એ બન્નેની શકિતઓ વિગેરેને પોતે નજરે દીઠી છે ? જેમ યુરોપ્યન વિદ્વાનો સઘળો પાયો આ તેમની 'ઇથર' અને અણુઓની હસ્તીપર રચાયલો છે, તેજ પ્રમાણે પૂર્વની અધ્યાત્મ-વિદ્યાનો પાયો આ ધ્યાન-ચોહાનોની હસ્તીપર રચાયલો છે. યુરોપના કેટલાક વિદ્વાનોની પણ હવે ખાતરી થવા લાગી છે કે સ્થૂળ જગત જે કાયદાઓ પ્રમાણે ચાલે છે, તે કાયદાઓને અમલમાં મુકવા આપણા કરતા શ્રેષ્ઠ જ્ઞાન અને ચૈતન્ય ધરાવનારા એટલે કે આ ધ્યાન-ચોહાનો, અધિકાર ભોગવતા હોવા જોઇયે. ગુપ્ત વિદ્યામાં પ્રગટીકરણ વિશે મુખ્ય વાત આ ધ્યાનમાં રાખવાની છે કે સકળવિશ્વ દીવ્ય સંકલ્પથી ઉત્પન્ન થયું છે આ દીવ્ય સંકલ્પ પ્રકૃતિમાં પેસે છે, અને જે સર્વે જીવે છે ને હસ્તી ભોગવે છે તે સર્વે परब्रह्म=मुलप्रकृतिના અનાદિ મૂળમાંથી પ્રગટ થાય છે. પુરૂષ અને પ્રકૃતિના સંબંધથી સકળ વિશ્વ જન્મ પામે છે, અને તેઓ જ્યારે બ્રહ્મમાં લય પામે છે, ત્યારે સર્વે જગતનો નાશ આવે છે. 'પુરૂષ-પ્રકૃતિ-વિશ્વ' એ પ્રથમ ત્રિમૂર્તિ છે. તેમાં સર્વે સમાઇ જાય છે, અને તેમાં નર નારી, સારી માઠી, પ્રબળ નિર્બળ, એવા એકેકથી વિરૂદ્ધ ગુણો જણાય છે. પ્રલયકાળે આ ત્રિમૂર્તિ 'બ્રહ્મ'માં લીન પામે છે. આ ત્રિમૂર્તિમાંથી સાત તત્વો (નહીં કે પાંચ) નીકળે છે, તેઓ વળી ૪૯ ઉપતત્વોમાં વહેંચાઇ જાય છે. દરેક તત્વમાં સારા કે માઠા ગુણો હોય છે, અને તેથી દરેક એકજ વખતે જન્મ અને મરણ, આરોગ્યતા અને રોગ, ઘાત અને પ્રત્યાઘાત, ઉત્પન્ન કરે છે. સમુદ્ર મંથનની જે કથા પૂરાણમાં છે, તેનો અર્થ પણ આજ છે. 'સમુદ્ર' એટલે વ્યોમ (આકાશ, પ્રકૃતિ)માં 'વિષ્ણુ એટલે 'પુરૂષ' મથન કરી અમૃત અને વિષ બન્ને ઉત્પન્ન કરે છે. વળી પૂરાણમાં 'સપ્ત સમુદ્ર' કહ્યાં છે; સપ્ત સમુદ્ર' એટલે કે સપ્ત ગુણો, જે ગુણો મૂળ ત્રિગુણ સત્વ, રજસ, અને તમસમાંથી ઉપજ્યા છે. આ સમુદ્રમાં 'અમૃત' અને 'વિષ' બન્ને ગુપ્ત રહેલાં છે. અમૃતનો ઉપયોગ માત્ર દેવતાઓજ કરી શકે છે. તોપણ વિષ્ણુ આ સમુદ્ર મથનમાં નાગ અને અસૂરોને કામે લગાડે છે.

શાસ્ત્રમાં 'ઇશ્વર'ના બ્રહ્મા-પુરૂષથી માંડીને તે સપ્તર્ષિ અને દસ પ્રજાપતી વિગેરે સુધી જુદા જુદા અવતારોરૂપી ૧૦૦૮ નામ છે. પ્રથમમાં એક 'પરમાર્થિક' કારણ નીકળી 'વ્યવહારિક'માં પ્રગટ થઇ, તેને પોતાનું વાહન બનાવી, અદીતી (દેવમાતા)મા પેસી તેને ઉપજાવવા

લાગ્યું. પરબ્રહ્મને વેદમાં "સૌથી નાનામાં નાના અણું કરતા પણ નાનું" અને "સૌથી મોટામાં મોટી સૃષ્ટિ કરતાં પણ મોટું" કહ્યું છે. કોઇ પણ શાસ્ત્રમાં જોઇશું તો સૃષ્ટિને એક અંડમાંથી ઉત્પન્નં થયલી જણાવી છે, અને સાધારણ ઇંડાને તેના આકાર અને માહેના ભેદ લીધે પવિત્ર ગણવામાં આવે છે; કારણકે તેથી સર્વે હસ્તીનું મૂળ અને ભેદ ચિન્હરૂપે દર્શાવવાને સવળ થઇ પડે છે; બંધ કોટલામાં અણુદીઠ ગર્ભ ધીમે ધીમે પુષ્ટી પામે છે, અને બાહેરથી કાંઇ પણ ક્રિયા વગર, પોતાની સ્વશકિતથીજ માત્ર ગરમી શિવાય બીજી કાંઇ પણ મદદ વગર, જીવતું પ્રાણી થઇ, કોટલું ફોડી, સાધારણ નજરે, પોતાની મેળે ઉત્પન્ન થયલું પ્રાણી દેખાય છે. અસલના લોકોને આ સદા વિચીત્ર ચમત્કાર લાગતો હતો. આગલા કાળમાં 'પ્રથમ કારણ' બ્રહ્મને કાંઇ પણ નામ હતું નહિ, પણ પછીથી કેટલાક વિચારકોએ તેને એક અણુદીઠ અને ગુપ્ત પક્ષીની ઉપમાં આપવા લાગ્યા, અને કહેવા લાગ્યા કે આ પક્ષીએ શુન્ય અવકાશ (વ્યોમ)માં એક અંડ મુકયું. આ લીધે બ્રહ્મને કાળ-હંસ કહેવામાં આવ્યું. આ કાળ-હંસ દરેક મન્વંતરના પ્રારંભમાં હિરણ્યગર્ભ (અંડ) મૂકયું. આ ઇંડારોકી આકૃતિ પરથી માત્ર મહાવિશ્વ ○ (ચક્ર) સમજવું કે જે વિશ્વનું અને તે માહેના ગોળાકાર સૂર્યો અને ગ્રહોનું ચિન્હ છે. પ્રાચીન પ્રજાઓ વળી ઇંડાની ઉત્પત્તિમાં અને સૃષ્ટિની ઉત્પત્તિમાં મળતાપણું જોતી. તેઓ વળી આપણી પૃથ્વીના ઇંડારોકા આકારથી માહીત હતા, અને સર્વે પ્રાચીન પ્રજાઓમાં આ ○ ચક્રનું ચિન્હ ફેલાયલું હતું. પૂરાણમાં લખેલું છે કે આ અંડમાં દ્વીપો, સમુદ્રો, પર્વતો, ગ્રહો, સુર અસુર, માણસ, એ સર્વે સમાયલાં હતાં. આ અંડ વિષે પૂરાણમાં અનેક કથાઓ છે. હિરણ્યગર્ભમાંથી બ્રહ્મા નીકળે છે; વળી આ અંડમાંથી પંચભૂત પણ નીકળે છે, અને આ અંડના સાત પડમાંથી સપ્તસ્વર્ગ અને સપ્ત પાતાળ પણ ઉત્પન્ન થાય છે. બીજી કથામાં વિશ્નુને હાથમાં પદ્મ સાથે અંડમાંથી બાહાર નીકળતો જણવ્યો છે. દક્ષની પૂત્રી અને કશ્યપની સ્ત્રી વિનતા જે ઇંડું મુકે છે તેમાંથી વિશ્નુનું વાહન ગરૂડ જન્મ પામે છે. 'ગરૂડ' એટલે મહાયુગ કે કાળ એવો અર્થ થાય છે. બ્રહ્માંડ પુરાણમાં હિરણ્ય-ગર્ભનો સર્વે ભેદ જણાવ્યો છે, પણ આ પૂરાણમાં સંપૂર્ણ સ્થિતિમાં મળી આવવું કઠણ છે; તેના જુજ ખંડો હાથ આવે છે પૂરાણમાં બ્રહ્માએ હવે પછીના કલ્પોમાં શું શું બનનાર છે તેનું સવિસ્તર વર્ણન આપ્યું છે.

મન્વંતર તથા પ્રલયને બ્રહ્માનો 'દીવસ' અને 'રાત્રી' એવી ઉપમા આપવામાં આવી છે. 'મન્વંતર' એટલે બે મનુની વચ્ચેનો અંતર, મનુ-અંતર, જે કાળ પર્યંત સૃષ્ટિ પ્રગટ રહે છે. પ્રલય એટલે જ્યારે સૃષ્ટિ પાછી લય પામે છે. 'કાળ'નો નથી કાંઇ આરંભ કે અંત, પણ 'ખંડ કાળ'ને અંત અને આરંભ બન્ને હોય છે; કાળના યુગો અને કલ્પોમાં વિભાગ પાડયા છે. કલ્પો પણ મહા કે લઘુ હોય છે. બ્રહ્માના સો વર્ષના આયુષ્યને મહાકલ્પ કહે છે. આવા કલ્પો કંઇ અગણિત અને અનંત છે, કેમકે પ્રથમ કલ્પ અને છેલ્લો કલ્પ એવું કાંઇ નથી. હાલના ચાલુ મહા કલ્પનો પરાર્ધ અર્ધોભાગ, પુરો થયો છે. તેની પૂર્વેના કલ્પનું નામ પદ્મ-કલ્પ હતું; ચાલુ કલ્પનું નામ વરાહકલ્પ છે, એટલે કે જે કલ્પમાં ઇશ્વરે વરાહ અવતાર

બાદ સમુદ્રમાં બુડતી પૃથ્વીને પોતાની દાઢ વડે પાછી ઉપર આણી. આ કથાનો સાર આ છે કે પૃથ્વીપર એકેક પછી સાત ખંડો હસ્તી ભોગવે છે. અને આ ખંડો એકવાર રેલ તો બીજીવાર અગ્નિ (ધરતીકંપથી) નાશ પામી, નવા ખંડ માટે જગ્યા કરે છે. પૃથ્વીની ધરી હાલ ઉત્તર ધ્રુવના તારા તરફ રહે છે. પણ આમ હમેશ રહેતું નથી. પૃથ્વીની ધરી કેટલીકવાર ધ્રુવ તરફથી ખસી જાય છે, અને જ્યારે તેમ બને છે ત્યારે સમુદ્રના પાણી જમીનપર બધે ફરી વળે છે, અને જુના ખંડ કે દ્વીપને ડુબાડી દે છે. આ લીધે ઉપલી કથાનો અર્થ આ છે કે જ્યારે પૃથ્વીની ધરી ખસી ગઇ ત્યારે પૃથ્વીનો (બીજો) ખંડ સમુદ્ર તળે જઇ બેઠો, પણ જ્યારે ધરી પોતાની અસલી જગ્યાએ પાછી આવી કે ખડ પાછો ઉપર તરી આવ્યો.

જ્યારે ચાર યુગની હજાર ચોકડી (બ્રહ્માનો એક 'દિવસ') પુરી થાય છે, ત્યારે પૃથ્વી સઘળી જીવન શક્તિ ખોઇ બેસે છે, અને "અવિનાશી. અવ્યય (વિષ્ણુ) રૂદ્રરૂપથી પોતાનામાં રહેલી સકળ પ્રજાનો નાશ કરવા યત્ન કરે છે. તથા ભગવાન વિષ્ણુ સૂર્યના સપ્ત કીરણોમાં આવી બધો ધરણીનો રસ સોષી લે છે પ્રાણી અને પૃથ્વીમાં રહેલું બધુ જળ પી જતાં સમસ્ત પૃથ્વી તળ સુકાઇ જાય છે. સમુદ્ર, નદીઓ, પર્વત શીલામાંના ઝરણુમાનાં તથા પાતાળમાનાં પાણી સોષાઇ જાય છે. એટલે વિષ્ણુની કૃપાથી જળપાન કરી વૃદ્ધિ પામેલા સાતે કીરણો સાત સૂર્યરૂપે (આરાગ, ભ્રાજ, પટલ, પતંગ, સ્વર્ણભાક, જ્યોતિષ્માન અને સવિભાસ એ સપ્તસૂર્ય શ્રુતીએ કહેલા છે) બની તેજે ઉપર તપી પાતાલ સહીત તમામ ત્રૈલોકયને ભસ્મ કરે છે...પછી સર્વને હરાવાવાળા હરિ કાળાગ્નિ રૂપે બની શેષ નાગની શ્વાસાવડે પાતાળ ભાગે બાળવા માડે છે...પછી રૂદ્રરૂપી જનાર્દન સર્વ જગતને બાળીને પોતાના મુખશ્વાસમાંથી સંવર્તક નામે ઉપજાવેલા મેઘો હાથીની શુંઢ સમાન જળધારા વરસાવે છે."

પ્રલય ચાર પ્રકારના છે. પ્રથમ "નૈમિત્તિક પ્રલય", એટલે કે જ્યારે બ્રહ્માનો એક દીવસ પુરો થયા પછી જે કાંઇ જીવે છે અને આકાર ધરાવે છે, તે સર્વે નાશ પામે છે; તેઓ ફરી બ્રહ્માની એક રાત્રી પુરી થયા પછી પુનઃ પોતાના આકાર મેળવે છે. બીજો "પ્રકૃતિક પ્રલય," જે બ્રહ્માનું આખું આયુષ્ય (સો વર્ષ) પુરાં થયા પછી આવે છે. ત્રીજો "આત્યાંતિક પ્રલય,"–આ પ્રલયને સૃષ્ટિ કે ગ્રહો સાથે નહિ પણ માણસ સાથે સંબંધ છે. જ્યારે એક માણસ શુદ્ધ થતો થતો નિર્વાણ કે મોક્ષ મેળવે છે, ત્યારે તે આ ચાલુ મહા કલ્પમાં ફરી જનમતો નથી. (અલબતાં મહાપ્રલય પછી ફરી તેણે વધારે ચઢતી અવસ્થામાં પોતાનો ફેરો શરૂ કરવો પડે છે.આ મહા પ્રલય ૩૧૧,૦૪૦,૦૦૦,૦૦૦,૦૦૦વર્ષ પર્યંત ચાલે છે.) ચોથો "નિત્ય પ્રલય', છે, એટલે કે તે સદાય ચાલુ છે. સૃષ્ટિમાં ગ્રહથી તે અણુ સુધી જે કાંઇ છે, તેમાં દર પળે અને દરઘડીએ અણદીઠ ફેરફાર ચાલુજ છે; 'આ જન્મ અનેમરણ' સદા ચાલુ રહે છે.

જ્યારે નારાયણ પોતાના 'નેત્ર મીચે છે' કે પ્રલય થાય છે, જ્યારે 'ઉઘાડે છે' કે સૃષ્ટિ પાછી સજીવન થાય છે. પ્રલયકાળે સર્વે સૂર્ય મંડળો, સપ્તદ્વીપ. સપ્ત સમુદ્ર, સપ્ત લોક, અને સર્વે પવતો જળમાં મળી જાય છે; જળને અગ્નિ સોષી લે છે; અગ્નિ વાયુમાં

ખેંચાઇ જાય છે; આકાશ વાયુને ગ્રસે છે, ભૂતાદિ આકાશને ગળી જાય છે; અને મહત ભૂતાદિનો નાશ કરે છે; પણ મહતને પ્રકૃતિ પકડી લે છે. અને તે પણ અણુદીઠ થઇ જાય' છે. પ્રકૃતિ અને પુરૂષ બ્રહ્મમાં લય પામે છે. અને सत. જે નામ જાતિ કે રૂપના કાંઇ પણ ગુણથી સ્વતંત્ર છે, તેજ માત્ર રહે છે. આ મહાપ્રલય સમયે દેવતાં અને બ્રહ્મા પણ સર્વે બ્રહ્મમાં લય પામે છે.

કવિ વામદેવ મુદલ્યાર પ્રલયનું કવિતારૂપી વર્ણન આપતાં કહે છે કે "દરેક સ્થળે વિચિત્ર શબ્દો સંભળાય છે, બ્રહ્માની રાત્રીના આગમનની તેઓ ખબર આપે છે. દષ્ટી-મર્યાદાપર અંધકાર વ્યાપી રહે છે, અને સૂર્ય મકર રાશીના તેરમાં અંશની પછવાડે જાય છે, અને મીન રાશીમાં આવી શકતો નથી. દેવાલયો અને મઠોના જે ગુરૂઓ રાશી ચક્રને સદા જોતા રહે છે, તેઓએ હવે તેમના ચક્ર અને બીજાં અવલોકન કરવાના યંત્રો સર્વે ભાંગી નાખવા, કેમકે હવે તેમની જરૂર રહેતી નથી."

મન્વંતરમાં સત્યયુગ પ્રથમ આવે છે, અને તે પછી ત્રેતાયુગ, દ્વાપરયુગ, અને છેલ્લે કળીયુગ. હાલ કળીયુગ ચાલે છે; અને આ કળીયુગમાં કેવાં પાપો અને દુષ્ટ પરિણામો નિપજશે, તેની અગમચેતી વિષ્ણુ પૂરાણમાં રૂષી મૈત્રેય આ પ્રમાણે કહી બતાવે છે. સિંધુ દેશ, કાશ્મીર આદિ દેશો તથા ચંદ્રભાગા નદીના કિનારા કિનારાના દેશોમાં મ્લેચ્છાદિ રાજ્ય કરશે એમ કહીને ઉમેરે છે કે: "એ બધા રાજાઓ ઠેકાણે ઠેકાણે એકજ કાળે આ ભરતખંડમાં થશે. તેઓ પ્રજાપર અલ્પ કૃપા અને કોપ અતિઘણો કરશે. વળી તેઓ હમેંશાં જુઠું બોલવાવાળા, સ્ત્રી બાળ ગોવધ કરવાવાળા, પારકું હરવાની રૂચિ કરવાવાળા, પારકી સ્ત્રીની ઇચ્છા કરવાવાળા, અલ્પ બળ અને અલ્પ ઉદયવાળા, મહા તમોગુણી, ટુંકાં આયુષ્ય અને મોટી ઇચ્છાવાળા તથા કિંચીત ધર્માચરણી એવા રાજા થશે. રાજાનો આશ્રય કરનાર બળવાન મ્લેચ્છ અને આર્ય પ્રજા વિપરિતપણે વર્તવાથી નાશ પામશે (અથવા ભાષ્યકાર કહે છે તેમ 'મ્લેચ્છો મધ્યમાં રહેશે અને આર્ય પ્રજા છેડાપર રહેતી થશે)* પછી ધીરે ધીરે ઘટતાં ઘટતાં ધર્મ અર્થની વાત જગતમાંથી જતી રહેશે અને માત્ર ધનની સાથે પ્રયોજન રહેશે લોકો ધનનેજ ધર્મ સમજવા લાગશે. કેવળ સ્ત્રી ને પુરૂષ એજ સંબંધનો હેતુ ગણાશે; અન્ય ભાઇ બધુ કે માતાપિતાને કોઇ માનશે નહી. જૂઠ એજ વ્યવહારજયનો હેતુ. અર્થાત પરદ્રવ્ય લેવાનો ઉદ્યમ એજ ચાતુર્ય ગણાશે; અને સ્ત્રીઓ માત્ર પુરૂષનો કામ તૃપ્ત કરનારી ચીજ ગણાશે. માત્ર યજ્ઞોપવિત ધારણથીજ બ્રાહ્મણપણું વર્તાશે. ભગવાં કપડાં

---

* ભરતખંડનું આ આબેહુબ ચિત્ર છે. ખરેખર મ્લેચ્છો મધ્યમાં છે. અને આર્ય-દેશી પ્રજા-તો તેમના પાદ હેઠળ છે. 'વાચસપત્ય'માં કહે છે કે કલાપ (કતપ) ગામ હીમાલયની ઉત્તરે એટલે તીબેટ, ઊત્તર કુરૂમાં, આવેલું છે, ભાગવત પૂરાણના ૧૨ માં સ્કંધમાં એમ કહેલું છે. મત્સ્ય પૂરાણમાં ૨૭૨ માં અધ્યાયમાં કહે છે કે એક દીવસ ભરતખંડમાં કેટલાં હજાર વર્ષ પછી મૌર્ય વંશ ક્ષત્રી જાતની સ્થાપના કરી રાજ્ય કરશે. પણ આ રાજ્ય માત્ર ધર્મનું રાજ્ય સમજવું તેઓ લોકને ધર્મ માર્ગ દર્શાવનારા થશે.

વગેરે ધારણ કરવાથીજ સંન્યાસી તપસ્વી વગેરે સમજાશે પણ કર્મ કરવાથી નહી. અન્યાય એજ આજિવિકાનો હેતુ ગણાવાથી દુર્બળને જીવિકા મળશે નહિ. દીનતાપૂર્વક બોલવાને પાંડિત્ય કહેવાશે. દાન એજ ધર્મનો હેતુ કહેવાશે. ધનવાન એજ સાધુ પુરૂષ મનાશે. ગમે તે સ્રીનો હાથ પકડી લેવો એજ વિવાહ. ભલે નીચ હશે પણ તે સારાં વસ્ત્રઆદિ પહેરી દાંભિક બનેલો પાત્ર પરખાશે. જે સૌથી બળવાન હશે તેજ રાજ્ય કરશે અને ભારે કરના ભારથી પીડાયલી પ્રજા નાસી જઇને પર્વતાદિકની કન્દરાઓમાં ભરાઇ જશે. એ રીતે કળિયુગમાં સર્વ જનો નાશ પામશે. અંતે સર્વ મય, બ્રહ્મમય તથા આત્મ સ્વરૂપી ભગવાનના અંશથી શંભલગ્રામ મધ્યે બ્રાહ્મણોમાં મુખ્ય વિષ્ણુયશ નામે બ્રાહ્મણને ઘેર અષ્ટગુણ ઋદ્ધિ યુક્ત શ્રી કલ્કી ભગવાન અવતરશે અને આખા જગતને ધર્મ માર્ગે ચલાવશે. બાકીના કળિયુગમાં રહેલા લોકો સ્ફટિકના જેવી વિશુદ્ધ બુદ્ધિયોવાળા બનશે. એ લોકોની સંતતિ વળી તેઓના કરતાં સારી નિવડવા લાગશે તેઓ તથા તેઓની પ્રજા સત્યયુગ બેઘાનુ સારિણી થશે. જેમ કહ્યું છે તેમ જ્યારે પુષ્ય નક્ષત્રમાં ચંદ્ર સૂર્ય અને બૃહસ્પતિ એ ત્રણ સાથે એક રાશિમાં સમાનપણે આવશે ત્યારે સત્યયુગ બેસશે." ...... "પુરૂવંશીઓનો (ચંદ્રવંશ–કુરૂવંશ) રાજા દેવાપિ તથા ઇક્ષ્વાકુવંશ (સૂર્યવંશ)નો રાજા મરૂ એ બે મોટા યોગ બળથી અદ્યાપિ કલાપ ગ્રામમાં વસે છે. તે સત્યયુગના પ્રારંભે અહીં આવી ચંદ્ર સૂર્યના વંશને ચલાવશે."

આ છેલી બીના ખરી કે ખોટી હોય તેપર ધ્યાન ન આપતાં માત્ર કળિયુગના 'મહાત્મ્ય'નું જે વર્ણન આપ્યું છે તે કેવું ઘટીત દીસે છે, અને ૧૯ મા સદીના સુધારાનું કેવું આશ્ચર્યકારક ચિત્ર રજુ કરે છે ! !

ખંડ ૩.

મનુષ્યોત્પત્તિ.

માણુસ જાતની ઉત્પત્તિ વિશે ગુપ્તજ્ઞાન ત્રણ સિધ્ધાંતો રજુ કરે છે: (૧) પ્રથમ આપણી પૃથ્વિના જુદા જુદા ભાગોપર માણુસની સાત જુદી જુદી ટોળીઓ એકજ વખતે વસવા અને વૃદ્ધિ પામવા લાગી * (૨) સ્થુલ શરીર પહેલાં આપણું સૂક્ષ્મ શરીર ઉત્પન્ન થયું, અને સૂક્ષ્મ શરીરના ઘાટ પ્રમાણે સ્થુળ શરીર પછીથી ઘડાયું; (૩) અને ત્રીજું આ કે ચાલુ કલ્પમાં સર્વે સ્તનવાળાં પ્રાણીઓની સૌથી પેહેલે માણુસે પૃથ્વિપર દેખાવ દીધો.

આપણે આગળ જણાવ્યું છે કે દરેક કલ્પમાં પૃથ્વિની હારના દરેક ગ્રહપર માણુસો એકેક પછી સાત જુદી જુદી મુખ્ય જાતોમાં અવતરે છે. હાલ ચોથો વચલો કલ્પ ચાલે છે, અને માણુસ હાલ ચોથા વચલા ગ્રહ (પૃથ્વિ)પર વસે છે; અને હાલની વસ્તીનો મોટો ભાગ પાંચમી માણુસ જાતનો છે. દરેક મુખ્ય જાતના આગમન કાળે ધરતીપર રેલ કે ધરતી કંપથી ફેરફાર થઇ જાય છે; એટલે કે દરેક જાતને વસવા માટે નવા નવા ખંડો ઉપર આવે છે, અને જુના ખંડો નીચે બેસી જાય છે. હવે આપણે આપણી આગળની ચાર મુખ્ય જાતો અને તેઓ જે ખંડોપર વસતી હતી, તેમનું કાંઈક વર્ણન કરીશું.

(૧) જે ખંડપર પેહેલીજાત વસતી હતી, તેને આપણે "અવિનાશી પવિત્રભૂમી" નામ આપીશું; કેમકે જ્યારે બીજા ખંડો વારા ફરતી રેલ કે અગ્નિથી નાશ પામે છે, ત્યારે આ પ્રથમ ખંડ મન્વંતરના આરંભથી તે અંતપર્યંત જેમનો તેમ રહે છે. તે માણુસની જન્મ ભૂમી છે. આ ખંડ કે દ્વિપ સદા ફલરૂપ રહે છે, અને ત્યાં પાણી બરફમાં બંધાઇ જતુ નથી. આ ગુપ્ત અને પવિત્ર ભૂમી વિશે ઝાઝું જાહેર કરવામાં આવ્યું નથી, પણ એટલુંજ જણાવવામાં આવે છે કે "ધ્રુવનો તારો બ્રહ્માના 'દીવસ' પર્યંત (૧૦૦૦ મહાયુગ પર્યંત) તે ઉપર દ્રષ્ટી ફેંકે છે.': પૂરાણુમાં આ ખંડને "આદિ-વર્ષ" નામ આપ્યું છે.

(૨) માણુસની બીજી જાત હાલના એશીયાખંડના ઉત્તર ભાગમાં વસતી હતી. હમણાં તો ત્યાં હીમ અને બરફ પડતાંજ રહે છે, પણ તે કાળમાં ત્યાં શીયાળો માત્ર હતો જ નહીં પૂરાણુમાં આ ખંડ શ્વેત-દ્વીપ કહેવાય છે.

---

* અને નહી કે જેમ ખ્રિસ્તીઓ વિગેરે માને છે તેમ આદમ અને હવા નામના એક જોડાંમાંથી માણુસો ઉતરી આવ્યા

(૩) ત્રીજા ખંડને 'લીમુર્યા' કહે છે. આ ખંડ આફ્રિકાથી તે ઠેઠ આસ્ટ્રેલીયા સુધી ફેલાયલો હતો; એટલે કે જ્યાં આખો હિંદી મહાસાગર હાલ છે ત્યાં આ ખંડ આવેલો હતો. આ ખંડના બુડયા પછી હિંદી મહાસાગર તે તરફ ફરી વળ્યો છે. આ ખંડનો મોટો ભાગ સમૂદ્ર તળે બેસી ગયો છે, પણ તેના કેટલાક ઉંચા ભાગો નાના નાના બેટો તરીકે હાલ પણ હિંદી મહાસાગર તથા પાસીફીક મહાસાગરમાં રહી ગયા છે.

(૪) ચોથો ખંડ 'આટલાંટીસ' હતો. આ ખંડની જગ્યાએ હાલ 'આટલાંટીક' મહાસાગર આવ્યો છે.

(૫) પાંચમો ખંડ યુરોપ છે. પૂર્વે આફ્રિકાનો ઉત્તર ભાગ અને મીસર દેશ એ બંને યુરોપ ખંડના ભાગ હતા, પરંતુ ધરતીકંપને લીધે આફ્રિકાનો તે ભાગ હાલ યુરોપથી જુદો પડયો છે, અને 'સહરા' જ્યાં અસલ સમૂદ્ર હતો તે હાલ મોટું રેતાળ રણ થઇ પડયું છે.

દરેક જાત જુદા જુદા ગ્રહની રાસ તળે જન્મે છે અને જીવે છે. પેહેલી જાત 'સૂર્ય'ની રાસ તળે જન્મી હતી; બીજી જાતને "બૃહસ્પતી'ની રાસ હતી; ત્રીજીને શુક્રની; ચોથીને 'ચંદ્ર' અને 'શની' (ક્રુર લોચન)ની રાસ હતી; અને હાલની પાંચમી જાત 'બુધ'ની રાસ તળે જન્મી છે. આ દરેક ગ્રહપર જે "ધ્યાનીઓ" રહે છે, ને પોત પોતાના ગ્રહની અસર તળે આવેલી જાતોની સંભાળ લેતા હતા. દરેક માણુસ પણ ચોક્કસ ગ્રહ સાથ સંબંધ ધરાવે છે. પૃથ્વિ જે કાંઇ શકિત ધરાવે છે તે આ સાત ગ્રહની મારફતે સૂર્યમાંથી મેળવે છે; સૂર્ય તરફથી શુક્રને જેટલો પ્રકાશ મળે છે તેનો ત્રીજો ભાગ શુક્ર પૃથ્વિપર નાખે છે, જેથી શુક્રને પૃથ્વિની બેન પણ કહેવામાં આવે છે. પણ પૃથ્વિના ધ્યાનીઓ આ શુક્રના ધ્યાનીઓથી ઉતરતી પદ્વિ ધરાવે છે. જ્યોતિષમાં પૃથ્વિનું આ ચિન્હ ♁ છે, પણ શુક્રનું ચિન્હ આ ♀ છે; એટલે કે પૃથ્વિના ચિન્હમાં ચક્રની ઉપર સ્વસ્તિક પાડેલું છે, જ્યારે શુક્રના ચિન્હમાં સ્વસ્તિક ઉપર ચક્ર આવેલું છે. સ્વસ્તિક + વા × એ કુદરતની નર અને નારી શકિતનું ચિન્હ છે. પૃથ્વિને ♁ આ ચિન્હ આપવાનો હેતુ આ કે પૃથ્વિપર હાલ માણુસો મૈથુન કર્મથી પ્રજા ઉત્પન્ન કરે છે, પણ શુક્રમાં માનસિક રીતે સંતતિ થાય છે. પૂરાણુમાં શુક્ર વિશે જે કથા આવી છે તે માત્ર ત્રીજી અને ચોથી માણુસ જાતનું અલંકારી વર્ણન છે. "પૃથ્વિપર જે કાંઇ બને છે, તેની અસર શુક્રને પુગે છે. શુક્રપર જે કાંઇ ફેરફાર થાય છે, તેની અસર પૃથ્વિપર પડે છે." શુક્રને કાંઇપણ ઉપગ્રહ કે ચંદ્રનથી, તેથી તેણે પૃથ્વિને દત્તક કરી લીધેલી કહેવામાં આવે છે. શુક્રાચાર્ય આ દત્તક બાળકપર એટલો પ્રેમ ધરાવતા કે તેપર 'ઉષનસ' તરીકે અવતાર લઇ સંપૂર્ણ ધર્મશાસ્ત્ર અને નિતીશાસ્ત્ર પ્રગટ કર્યાં; પણ પાછળથી લોકો તે ધારાઓને (શુક્રનિતીને) ન ગણકારવા લાગ્યા. હરીવંશમાં કથા છે કે શુક્રે પોતાના શિષ્યો દૈત્યને દેવતાઓથી ઉગારવાને શીવની પ્રાર્થના કરી, અને

પોતાનો અર્થ સાધવા અગ્નિની ધુંઇપર ઉંચે મસ્તકે હજારં વર્ષ પર્યંત ધુમ્ર પ્રાશન કરી તપ કરવા લાગ્યા; અર્થ આ કે શુક્રના ગ્રહની ધરી ૫૦ અંશ સુધી વાંકી વળેલી છે, અને તે સદા વાદળાંઓથી વીંટલાયલો રહે છે. વળી બીજી કથા છે કે વિષ્ણુએ શુક્રની માતાને મારી નાખવાથી શુક્રે વિષ્ણુને પૃથ્વિપર સાતવાર જન્મ લેવાનો શ્રાપ આપ્યો હતો. આ કથા વિષ્ણુના અવતારને લાગુ પડતી નથી, કેમકે વિષ્ણુના અવતાર દશ છે, પરંતુ જે માણસની સાત જાત વિશે આપણે જણાવ્યું છે તેને લાગુ પડે છે. જેમ સર્પ પોતાની કાંચળી કાઢી નાખે છે, તેમ પૃથ્વિપણ દરેક કલ્પે પોતાની કાંચળી ફેંકી દે છે, (એટલે કે તેના જમીન અને જળ ભાગમાં ફેરફાર થાય છે,) અને તેથી ઐતર્ય બ્રહ્મમાં પૃથ્વીને 'સર્પ રાણી' કહી છે.

દરેક મુખ્ય જાતના સાત વિભાગો (ઉપજાતો) હોય છે. દરેક ઉપજાત સાત શાખાઓ કે પ્રજાઓમાં વહેંચાઇ જાય છે, અને દરેક શાખા કે પ્રજા પણ અનેક ડાળ પાંખડાં ધરાવે છે.

જો એક મુખ્ય જાત ૧,૪૭૦,૦૦૦ વર્ષ પર્યંત રહે છે, તો દરેક ઉપજાત ૧૨૦,૦૦૦ વર્ષ સુધી રહે છે, અને દરેક પ્રજા ૩૦,૦૦૦ વર્ષ પર્યંત રહે છે. એમ ન ધારવું કે એક જાત કે ઉપજાત પુરી થયા પછીજ બીજી જાત કે ઉપજાત જન્મવા લાગે છે, પણ તેઓ એકેકમાં મળી જાય છે. હાલની માણસની પાંચમી જાતને પૃથ્વીપર આવ્યાને દશ લાખ વર્ષ થયાં છે, તોપણ ત્રીજી અને ચોથી જાતના માણસો હજી પણ વસે છે, જેવા કે આસ્ટ્રેલીયાની જંગલી જાતો અને ચીન દેશની પીળી ચામડીવાળા ચીનાઓ. માણસ પેહેલે લગભગ ત્રીસ ક્રોડ વર્ષ સુધી સૂક્ષ્મ આકાર ધરાવતો હતો, અને સ્થુલ શરીર ધરાવવાને તેને હાલ ૧૮,૦૦૦,૦૦૦ વર્ષ થયાં છે. પેહેલા માણસ જાત ઉત્તર ધ્રુવ તરફની પવિત્ર ભૂમી (મેરૂ)પર જન્મ પામી હતી. તેને જન્મ આપનારા પિતૃ દેવો હતા. પૂરાણમાં પિતૃ દેવના બે વર્ગ કરેલા છે, બર્હિષદ અને અગ્નિષ્વત. હવે ચંદ્રના બાર્હિષદ પિતૃ દેવતાઓએ પોતાની 'છાયા' બહાર કાઢી માણસને માટે (સૂક્ષ્મ) શરીર ઉત્પન્ન કર્યાં. પણ સૂર્ય લોકના અગ્નિષ્વત્ પિતૃઓએ (સનત કુમારાદિએ) તેમ કરવાને ના પાડી, કેમકે તેઓ 'કામ' રહીત હતા. જો કે બાર્હિષદ પિતૃઓએ માણસના શરીર ઉત્પન્ન કર્યાં, પણ તેઓ તેમાં 'મનસ્' મુકી શકયાં નહીં, જેથી માણસો 'મનસ' વગરે માત્ર પ્રાણીઓના જેવા સ્થિતિમાં રહ્યાં. આ સૂક્ષ્મ શરીરપર સ્થુળ શરીર બંધાવા લાગ્યું, અને આ ક્રિયા ત્રણ કલ્પ સુધી ચાલુ રહી. સૂર્ય તરફથી માણસમાં 'પ્રાણ' મૂકવામાં આવ્યો, પણ હજી માણસમાં કાંઇ સમજશક્તિ હતી નહિ, અને તેથી તે સમયે ભાષા કે બોલી જેવું કાંઇ પણ હતું નહિ, અને તે સાથ તે વખતે સ્ત્રી પુરૂષ વીગેરેના ભેદ પણ હતા નહીં.

બીજી જાત બૃહસ્પતિની રાસ તળે જન્મી હતી. તે કાળમાં મૃત્યુએ દેખાવ દીધો હતો નહિં. તેઓના શરીરમાં અસ્થીઆદિ સપ્ત ધાતુઓ હતી નહિ, પણ તે શરીરો એકજ

જાતના પદાર્થનાં અને સ્નાયુ તથા ઇંદ્રિઓ વગરના હતું. આ શરીર વખત વહેતાં વધીને સ્થુળ થવા લાગ્યું, અને છેવટે રાક્ષસી કદનું બનતું ગયું. આ જાતમાં પણ સ્ત્રીપુરૂષનો ભેદ હતો નહિ, અને માણુસો જુદીજ રીતે જન્મ પામતાં હતાં. આ જાતમાં પણ હજી કાંઈ ભાષા હતી નહિ, પણ તેઓમાં ચૈતન્યની સહેજ ચીંગારી હતી, અને તેથી સ્વર અક્ષરોના બનેલા શબ્દો બોલી શકતા હતા. પછી આ જાત પરસેવામાંથી ત્રીજી જાતને ઉત્પન્ન કરવા લાગી.

આ ત્રીજી જાતને 'લોહીતાંગ' શુક્રની રાસ હતી. તે લીમુર્યા ખંડપર વસતી હતી. જ્યારે આ ખંડ ઉપર આવ્યો, ત્યારે હીમાલય પર્વતની હાર પણ ઉપસી આવી. તે સમયે હીમાલયની ઉત્તરે જ્યાં હાલ ટીબેટ, ગોબીનું રણ અને મંગોલ દેશ છે ત્યાં સમુદ્રની લહેર લાગી રહી હતી, પણ હીમાલયની દક્ષિણે આવેલો હાલનો હિંદ દેશ, લંકા, સુમાત્રા, માડેગાસકર, અને આસ્ટ્રેલીયા, આ સર્વે દેશ આ લીમુર્યા ખંડમાં સમાયલાં હતાં. માણુસ તે કાળમાં વિચીત્ર રીતે જન્મતો હતો. શરીરમાંથી પરસેવાના ટીપાં છુટીને તેનું એક મોટું બીંદુ થઇ એક અંડ બનતું, અને આ ઇંડાનાં કોટલાંમાંથી ચોકકસ વખત પછી કોટલું ફોડી બાળક બહાર નીકળતું. તે વેળાએ માણુસમાં બન્ને નર તથા નારી શક્તિ સાથે હતી. પ્રથમ માણુસમાં નર કે નારી જાતી હતીજ નહીં. પછી તે બન્ને જાતીની શકિત એકજ શરીરમાં ધરાવતું થયુ. પછી આ ઇંડામાંથી જન્મતાં માણુસો વખત જતાં નર અને નારી તત્વ ઓછું વધતું ધરાવવા લાગ્યાં. કોઇમાં નારી તત્વ વધારે, અને કોઇમાં નર તત્વ વધારે; અને અંતે આ ઇંડાઓમાંથી શુદ્ધ નર અને નારી રૂપે જન્મવાં લાગ્યાં. આ રીતે માણુસો પુરૂષ અને સ્ત્રી વર્ગોમાં વહેંચાઇ ગયા. આટલું યાદ રાખવું કે પેહેલા અને બીજી જાતના માણુસો હાલના જેવું સ્થુલ શરીર ધરાવતા હતા નહીં. તેઓનું શરીર માત્ર છાયા જેવું સૂક્ષ્મ હતું. આ પુરૂષ સ્ત્રીનો ભેદ ત્રીજી જાતની અધવચમાં ઉત્પન્ન થયો. તેની સાથે માણુસમાં હવે 'કામ' પણ ઉત્પન્ન થયો અને આ સાથ તેની ઇંદ્રીઓ પણ સંપૂર્ણ ખીલવા લાગી. હવે માણુસમાં નીચલાં ચાર તત્વો સંપુર્ણ મળી રહ્યા. હવે તે સ્થુલ શરીર, લિંગ શરીર, પ્રાણ, અને કામ, એ ચારે ધરાવવા લાગ્યો. પણ હજી તેનામાં 'મનસ્' તત્વ હતું નહિં અને તેથી અગ્નિષ્વત પિતૃઓ (અગ્નિ-ધ્યાનીઓ) તેમાં "મનસ્' મુકવા લાગ્યા, કેટલાક અગ્નિ-ધ્યાનીઓ આ શરીરોમાં અવતરવા લાગ્યા, અને અર્હત વર્ગ (રૂષીવર્ગ) સ્થાપવામાં આવ્યો, અને તેઓ માણુસોના આચાર્ય અને શિક્ષક તરીકે પોતાની ફરજ બજાવવા લાગ્યા. કેટલાંક શરીરોમાં તેઓએ મનસ્‌ની માત્ર ચીંગારી મુકી, એટલે કે માણુસના મોટા ભાગમાં 'મનસ્' હજી સંપૂર્ણ આવ્યું નહિ; અને કેટલાક તો 'મનસ્' વગર રહી ગયા. આ તે વખતના "મનસ" રહીત માણુસો હાલની કેટલીક જંગલી જાતોમાં અવતરે છે. તે કાળમાં આ "મનસ્" વગરના માણુસોએ તે વખતના ચોકકસ જાતના જનાવરો સાથ સંબંધ કર્યાથી, વાંનરોની વિલક્ષણ જાતી ઉત્પન્ન થઇ. માટે હાલ જે મોટાં કદવાળા વાનરો છે, તે આ મનસ

રહીત માણુસોની ઓલાદ છે. યુરોપના વિદ્વાનો કહે છે કે વાનરો પોતાની સ્થિતિ સુધારી માણુસ વર્ગ આવી પુગ્યા છે. પણ ગુપ્તજ્ઞાન આથી ઉલટું જણાવે છે કે વાનરોએ પૂર્વના માણુસોના ચોક્કસ જનાવરો સાથના સંબંધથી જન્મ લીધો છે. જ્યારે મનસ ધ્યાનીઓએ જોયું કે આ માણુસોએ મનસ વગર રહી જવાથી આવું પાપી કર્મ કર્યું હતું, ત્યારે હવે તેઓ સર્વે માણુસોમાં 'મનસ્' મુકવા લાગ્યા, અને હવે માણુસમાં સ્વચેતન્ય ઉત્પન્ન થયું. તેઓ મગતરાં અને પ્રાણીઓના અવાજોની નકલ કરવા લાગ્યા, અને 'એકાક્ષરી' ભાષા બોલવા લાગ્યા, તેમની ચામડીનો રંગ સહેજ પીળાસપર હતો. "મનસ" પ્રગટ થયા પછી તેઓમાં સુધારો પણ દાખલ થયો. રૂષીઓ અને અર્હતો આ લીમુર્યન જાતને (પૂરાણુના દૈત્યોને) શેહેરો બાંધવા અને વિદ્યા શીખાડવા લાગ્યા. હાલ પાસીફીક મહાસાગરમાં આવેલા 'ઇસ્તર બેટ'માં થોડીક મૂર્તિઓ અને કોતર કામ શિવાય આ જાતની કાંઇ પણ એંધાણી રહી નથી; તેનું મુખ્ય કારણુ આ છે કે આ લીમુર્યા ખંડજ સમુદ્રતળે બેસી ગયો છે, અને તેથીજ આ એકજ નિશાની હસ્તીમાં રહેવા પામી છે.

આ ત્રીજી લીમુર્યન (ત્ય) જાત ત્રણ મુખ્ય વિભાગમાં વહેંચાઇ ગઇ હતી, અને આ ત્રણુ વિભાગ તળે સાત ઉપજાતો અને બીજા અસંખ્ય ફાંટાઓ હતા. પેહેલા વિભાગમાં હજી પુરૂષ સ્ત્રીનો ભેદ હતો નહિ. તે વિભાગમાં મનસ-ધ્યાનીઓ અથવા મનસ-પૂત્રો અવતરવા લાગ્યા, અને ક્રિયા--શક્તિ તથા યોગસિદ્ધિના બળે 'મહાયોગી'ઓનાવર્ગની સ્થાપના કરી. આગલા મન્વંતરોના 'નિર્માણુ કાયાઓ' નવા મન્વંતરના માણુસોને શીખાડવા માટે બ્રહ્મર્ષિ કે દેવર્ષિ કે રાજર્ષિ તરીકે જન્મવા લાગ્યા. આમ કરવાનો હેતુ આ કે જે જીવો હવે સંસાર-ચક્રમાં ફરવાના હતા તેમને મોક્ષ મેળવવામાં કાંઇક સવળ થઇ પડે. તેઓ સૃષ્ટિના સર્વે ભેદોથી વાકેફ હતા, અને તેમની પછીના લોકો તેમને દેવતા તરીકે પૂજતા હતા. આ મહાયોગીઓ તે કાળમાં એક ગુપ્ત દ્વીપમાં રહેતા હતા. હાલ જ્યાં ચીનની ઉત્તરે ગોબીનું રેતાળ રણુ છે ત્યાં પૂર્વે સમુદ્ર હતો, અને તે સમૂદ્રની વચ્ચે આ દ્વીપ આવેલો હતો. પણુ જ્યારે સમૂદ્રના પાણી ખસી ગયાં ત્યારે આ દ્વીપ આ અતિ વિશાળ રણમાં એક ફળદ્રુપ જગ્યા રૂપે રહી ગયો, અને હજી પણુ થોડાક મહાત્માઓનો અને યોગીઓનો તે દ્વીપ, અલકે જગ્યામાં, વાસો છે, અને પૃથ્વીના બીજા સર્વે યોગીઓ તથા બ્રહ્મજ્ઞાનીઓ ઉપર તેઓ અધિકાર ભોગવે છે. આ ઉપલો પ્રથમ વિભાગમાં 'મનસ્' સપૂર્ણ સ્થિતિમાં હતું. પરન્તુ બીજો વિભાગ છેક 'મનસ્' વગરનો હતો નહિ, પણુ તેઓમાં 'મનસ'ની સહજ ચીંગારી હતી. આ ભાગમાંથી હાલની માણુસ જાતનો મોટો ભાગ ઊતરી આવ્યો છે. ત્રીજો વિભાગ 'મનસ્' રહીત હતો, અને તેઓના ચોક્કસ જનાવરો સાથના સંબંધથી વાનર જાતી ઉત્પન્ન થઇ, અને વાનરો માણુસોને મળતા આવે છે તેનું કારણુ આજ છે. તે કાળમાં માણુસો અંગે અતિ કદાવર હતા, પણુ વખત જતાં આ કદ ઘટી ઘટીને હાલ માત્ર પાંચ કે છ ફુટ પર આવી ગયુ છે.

આ દૈત્યોમાં હવે પુરૂષ સ્ત્રીના ભેદ થવા માંડયા, અને ત્યારથી યોની દ્વારા માણુસો જન્મ

વા લાગ્યાં. આ મૈથુની ક્રિયા શરૂ થયાને હાલ ૧૮,૦૦૦,૦૦૦ વર્ષ થયાં છે. આગળ જ્યારે આ પુરૂષ સ્ત્રીનો ભેદ હતો નહિ ત્યારે પૃથ્વિપર ચાલુ વસંત ૠતુ રહેતી, પણ જ્યારથી માણસો સ્ત્રી પુરૂષના વર્ગમાં વહેંચાવા લાગ્યાં કે તેમની આસપાસના સંજોગો પણ બદલાવા લાગ્યા, અને બારે માસ ચાલુ વસંત ૠતુને બદલે ચાર ૠતુઓ એકેક પછી આવતી થઇ. થંડીને લીધે હવે માણસોને ઘરો બાંધવા અને કપડાંની જોગવાઇ કરવા માટે જરૂર પડી. તેઓએ ૠષીઓને પ્રાર્થના કરવાથી, આ 'નિર્માણ કાયાઓ' તેમના રાજા થઇ તેમને અનેક કળાઓ અને વિદ્યાઓ શીખાડવા લાગ્યા; અનેક સુધારા તેઓએ દાખલ કર્યા; મોટાં શેહેરો બાંધવા લાગ્યા; અને જ્યોતિષ; શીલ્પ શાસ્ત્ર અને ગણીત વિદ્યાનું પુષ્ક્ત જ્ઞાન પ્રાપ્ત કરાવ્યું. આવા એક શેહેરના જુજ ખંડેરો ઇસ્તર ટાપુમાં હજી ઉભાં રહી તેમની હસ્તીની એંધાણી આપે છે. કેટલાક માણસો શહેરોમાં રહેવા કરતાં, જંગાલોમાં ભરવાડની જીંદગી પસંદ કરવા લાગ્યા, અને તે માણસો કુદરતીજ દીવ્ય દ્રષ્ટી ધરાવતા હતા. હાલ માણસો બે નેત્ર ધરાવે છે, પણ તે કાળમાં બન્ને નેત્ર હજી ખીલ્યાં ન હતા; તેઓ માત્ર એકજ નેત્ર, શીવ-ચક્ષુ, ધરાવતા હતા (હાલ સાધારણ માણસોમાં 'શીવ-ચક્ષુ' જડ જેવું થઇ બેઠું છે, પરંતુ યોગીઓ યોગાભ્યાસથી આ દીવ્ય દ્રષ્ટી આપનારા શીવ-ચક્ષુને જાગ્રત કરી શકે છે) આ ત્રીજી દૈત્ય જાતી પાછળથી બે પક્ષમાં વહેંચાઇ ગઇ: કેટલાક વામ માર્ગમાં પડયા, અને કેટલાક દક્ષિણ (નિવૃત્તિ) માર્ગે ચાલવા લાગ્યા.

આ લીમુર્યા ખંડ ધરતીકંપથી નાશ પામી સમૂદ્ર તળે બેસી ગયો ત્યારે 'આટલાંટિક' મહાસાગર જ્યાં હાલ છે ત્યાં નવો ખંડ ઉપર આવવા લાગ્યો, અને તે ઉપર ચોથી 'રાક્ષસ' જાત વસવા લાગી. આ ખંડ અમેરીકાના કીનારાથી તે છેક સીલોન સુધી લંબાતો હતો. હાલનો સિંહલદ્વીપ વા સીલોન, પૂર્વના આ લંકા ખંડનો માત્ર બચી ગયલો ભાગ છે. આ રાક્ષસો આ ચોથા (સાતમાથી વચલા) કલ્પની ચોથી (વચલી) જાત હતી, અને તે લીધે આ જાતમાં પુરુષ અને પ્રકૃતિ સમતોલ થઇ રહ્યાં હતાં. જીવ પ્રકૃતિથી સંપૂર્ણ વીંટલાઇ ગયો હતો; માણસનું શરીર અતિ સ્થુળ હતું, તેઓ રાક્ષસી કદ ધરાવતા હતા, અને તે રાક્ષસોનો મોટો ભાગ વામ માર્ગમાં એટલો તો લીન થઇ ગયો હતો, અને મંત્ર તથા તંત્ર શાસ્ત્રનું તેઓ એવું વિશાળ જ્ઞાન ધરાવતા હતા, અને તે જ્ઞાનનો તેઓ એવો અતિ દુષ્ટ ઉપયોગ કરતા હતા કે કુકર્મનો અતિ ભારે બોજો તેઓએ પોતાને માથે ખેંચી લીધો. આ દુષ્ટ કર્મના ભાર તળે હજી હાલની માણુસ જાત અટવાયા કરે છે; કેમકે આ રાક્ષસી શરીરોમાં જે જીવો અવતર્યા હતા, તેજ જીવો હાલની પાંચમી માણુસ જાતમાં પુનર્જન્મ લયા કરે છે. જેમ તે સમયે માણુસો અતિ કદાવર હતાં, તે પ્રમાણે બીજાં પ્રાણીઓ, વૃક્ષો પણ રાક્ષસી કદ ધરાવતાં હતાં. કેટલાક રાક્ષસો પોતાની નીચ અને મલીન વૃત્તિઓને વશ કરીને યોગાભ્યાસથી મહાત્માની પદ્વી મેળવવામાં સફળ થયા. પણ જેઓ તેમાં નિષ્ફળ ઉતર્યા, તેઓ માયાના દાસ થઇ પડયા; અને તેઓ કુદરતની હલકી શક્તિઓ અને દેવતાઓની આંધળી પૂંજા અને શેવા કરવા લાગ્યા; અને આ લીધેજ 'રાક્ષસ' શબ્દ તિરસ્કારથી

બોલવામાં આ છે. તેઓ 'કામ'ને સપૂર્ણ વશ હતા, અને તેઓએ જે કુકર્મનો સંગ્રહ કર્યો હતો તેના કડવાં ફળ હજી પણ માણસોને ચાખવાં પડે છે. આ ચોથી જાતીમાં ભાષા પુખ્ત સ્થિતિમાં આવી. જ્યારે ત્રીજી જાત પીળાવર્ણવાળી હતી, ત્યારે આ ચોથી જાતમાં ચાંમડી લાલ પીળી થવા લાગી (અમેરીકાના રાતી ચામડીવાળા જંગલીઓ અને ચીનના પીળી ચામડીવાળા ચીનાઓ આ ચોથી જાતના રહી ગયલા ફાંટાઓ છે).

હાલની પાંચમી જાત શ્યામ-ગૌર વર્ણ ધરાવે છે.

આ રાક્ષસો અને અસુરો જ્યોતિષમાં અતિ કુશળ હતા, અને રાવણનો શ્વસર 'અસૂર-મય' (મય દાનવ)ના જ્યોતિષ સંબંધી રચેલા ગ્રંથો અદ્યાપી પ્રસીદ્ધ છે. અસૂરમયે પોતાના ગ્રંથનો આધાર નારદમુનીની યુગોની ગણત્રીપરથી લીધો હતો. રાશી મંડળમાં પૂર્વે માત્ર દશજ રાશી હતી, પણ જ્યારે માણસો સ્ત્રી પુરૂષ રૂપે જુદાં જુદાં અવતરવા લાગ્યાં, ત્યારે 'કન્યા-વૃશ્ચક' રાશીને જુદી પાડવામાં આવી, અને 'તોલા' રાશી ઉમેરીને બાર રાશી કરવામાં આવી. તોલા રાશી નામ આ કારણથી આપ્યું કે તે સમયે માણસમાં 'પુરૂષ' અને 'પ્રકૃતિ' સમતોલ થઇ રહ્યાં. માણસ 'પ્રકૃતિ'ની સૌથી નીચલી પંક્તિમાં આવી લાગ્યો હતો, પણ હવે તે પાછો 'પુરૂષ' તરફ વલણ લેવા લાગ્યો. સર્વે વસ્તુ પણ હવે પોતાનું સ્થુળ રૂપ છોડવા લાગી. અને માણસ પણ થોડા થોડા શુદ્ધ થઇને તેમના શરીર પણ ઓછાં સ્થુળ થવાં માંડયા છે. નારદમુનીની ગણત્રીપરથી અસુરમયે સઘળા યુગો અને કલ્પોની સંખ્યા તથા લંબાઇ ચોક્કસ ઉપજાવી કાઢી પોતાના ગ્રંથો રચ્યા; હાલમાં હિંદમાં અને મીસર દેશમાં જ્યોતિષ શાસ્ત્રના પુસ્તકો આ અસૂરમયના ગ્રંથોપરથી રચવામાં આવ્યાં છે.

આપણે જોયું છે કે માણસની ત્રીજી જાત સુધી માણસોમાં મરણ હતુ નહિ તે વખતે તેઓ માત્ર સૂક્ષ્મ શરીર ધરાવતા હતા, અને તેઓ 'મનસ્' રહીત હતા, અને તેથી કર્મ વિશે કાંઈ પણ જોખમદારી ધરાવતા નહિ અને આ કારણને લીધે તેઓ દેવખંડ (સ્વર્ગ) કે સમાધી કે નિર્વાણ કાંઇ ભોગવતા નહિ. પણ જ્યારે માણસનો સ્થુળ બાંધો સપૂર્ણ થયો, અને પુરૂષ સ્ત્રીના વર્ગ ઊભાં થયા, ત્યારે મૃત્યુ તેઓ માંહે દેખાવ આપવા લાગ્યું, અનિતીનો પણ તેઓમાં પ્રવેશ થયો, અને તેમના કર્મની જોખમદારી તેમને શીર રહેવા લાગી. ચોથી જાતના રાક્ષસો એટલા દુષ્ટ બનતા ગયા કે તેમનામાં જેઓ શુદ્ધ સ્વભાવના હતા તેઓ જુદા પડીને ગુપ્ત જગાઓમાં વાસો કરવા લાગ્યા, અને આગળ ચાલતાં આપણી હાલની પાંચમી જાત-આર્ય જાતિને ઊત્પન્ન કરી. આ નવી આર્ય જાત તેમના હાથ તળે વિદ્યા અને કળા શીખવા લાગી. જ્યારે રાક્ષસો અતિ દુષ્ટ કર્મ કરવા લાગ્યા, ત્યારે તેમના પાપથી કષ્ટ પામેલી ભૂમી (લંકા ખંડ) રેલથી ડુબી ગઇ. આ બનાવને હાલ ૮૫૦,૦૦૦ વર્ષ થયાં છે. પરંતુ તે કાંઇ સઘળો ડુબી ન ગયો; તેના બે મોટા ટાપુઓ (પુરાણના 'રૂત' તથા 'દૈત્ય' દ્વીપ) બચી ગયા. આ રૂત દ્વીપ ઉપર વસતા રાક્ષસોપરથી મીસર દેશના અસલી લોકો ઉતરી આવ્યા હતા, અને તેઓએજ મીસર દેશમાં હાલ આપણને જે અતિ આશ્ચર્ય

પમાડે છે એવાં દેવાલયો અને બાંધકામો, કળાઓ અને વિદ્યાઓનો પાયો નાખ્યો. આ બચી ગયલા બે દ્વીપો પણ ૧૧૦૦૦ વર્ષપર સમુદ્ર તળે જઇ બેઠા. હાલની આર્ય જાતીને પૃથ્વીપર આવ્યાને લગભગ દશ લાખ વર્ષ થવા આવ્યાં છે. સઘળા ધ્યાન–ચોહાનો 'જગત–યોની'માંથી નીકળીને સૃષ્ટિપર અધિકાર ધરાવે છે, અને તેઓજ માણસ જાતને ઉત્પન્ન કરે છે. પેહેલી અને બીજી જાત સ્થુલ દેહ ધરાવતી હતી નહિ. તેઓના શરીરો માત્ર છાયા જેવાં હતાં, અને જે શરીર ભૂતાદિ ('પ્રભવાપ્યય' એટલે જેમાંથી પંચ ભૂત ઉત્પન્ન થાય છે)ના બન્યાં હતાં, અને આ ભૂતાદિમાંથી આપણી શારીરિક ઇંદ્રીઓ પણ જન્મ પામી છે.

	તત્વ.	ઇંદ્રી.	તન્માત્રા
૧ લી માણસ જાત ...	આકાશ ...	શ્રોત્ર ...	શબ્દ.
૨ જી ,, ...	વાયુ ...	ત્વચા ...	શબ્દ તથા સ્પર્શ
૩ જી ,, ...	અગ્નિ ...	ચક્ષુ ...	શબ્દ, સ્પર્શ, રૂપ
૪ થી ,, ...	જળ ...	રસન ...	શબ્દ, સ્પર્શ, રૂપ, રસ
૫ મી ,, ...	પૃથ્વી ...	ઘ્રાણ ...	શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ

આ પ્રમાણે પાંચમી હાલની માણસ જાતમાં પંચભૂત પચેંદ્રી, તન્માત્રાઆદિ સર્વ મળી રહ્યાં છે. હાલની માણસની પાંચમી જાત પૃથ્વિપર વસતી હોવાથી આ પાંચજ તત્વ અને પાંચજ ઇંદ્રી ખીલી રહ્યાં છે, પરંતુ બાકીની ઇંદ્રીઓ, જેવીકે દીવ્યદ્રષ્ટી, દીવ્ય શ્રોત્ર વિગેરે, હવે પછીની છઠ્ઠી અને સાતમી માણસ જાતમાં ખીલવા માંડશે, અને તે સમયે સાધારણ મનુષ્યોપણ તે દીવ્ય ઇંદ્રીઓ ધરાવતા થશે. હાલ પણ અસાધારણ પુરૂષોમાં, જેવા કે રૂષી કે અર્હતોમાં આ બે ઇંદ્રીઓ ખીલી રહી છે, પણ તે તેઓનાં કર્મ,જ્ઞાન અને યોગ સિદ્ધિનુ પરીણામ છે. ધર્મશાસ્ત્રમાં 'આત્મા'ને સૂર્ય કે અગ્નિ કહે છે, 'બુદ્ધિ'ને ચંદ્ર કે જળ કહે છે, અને 'મનસ્'ને વાયુ કે પવન કહે છે. વળી 'આત્મા–બુદ્ધિ'ને પિતા કહે છે, અને 'મનસ્'ને પુત્ર કહે છે. જ્યાં સુધી પિતા પુત્ર ઐક્ય થતા નથી, અને જ્યાં સુધી આ પ્રકારના યોગથી 'મનસ્' જ્ઞાન પ્રાપ્ત કરતું નથી ત્યાં સુધી માણસને વારંવાર પુનર્જન્મ લેવો પડે છે. જે જીવો માણસની પેહેલી જાતમાં અવતરવા લાગ્યા, તેજ જીવો પાછા બીજી, ત્રીજી, ચોથી, અને પાંચમી જાતોમાં ફરી ફરીને પુનર્જન્મો લે છે. જેમકે પુરાણમાં કહ્યુ છે કે "પેહેલા મન્વતરમાં વશિષ્ઠના સાત પૂત્રો ત્રીજા મન્વંતરમાં બ્રહ્માના સાત પૂત્રો થયા;" સારાંશ આ કે પેહેલા મન્વંતરના માણસો તેજ બાકીના છ મન્વંતરોમાં પુનર્જન્મ લયા કરેછે.

પૂરાણની કથાઓમાં એકથી વધુ અર્થ સમાયલા છે. કથા છે કે વૈવસ્વત મનુએ પુત્રોત્પત્તિ માટે મિત્રાવરૂણનો યજ્ઞ કરવા માડ્યો, પરંતુ અગ્નિહોત્રીની કાંઇ ભૂલથી ઇલા નામની પુત્રી ઉત્પન્ન થઇ. પછી દેવતાઓના વરદાનથી તે નર થઇ સુદ્યુમન નામથી ઓળખાવા લાગ્યો. વળી પાછો તે શીવના શરવણ નામે ક્રિડા વનમાં પ્રવેશ કરતાંજ ફરી સ્ત્રીરૂપ બની ગયો, પણ વળી શીવ પાર્વતીના વરદાનથી તે કિંપુરૂષ બની ગયો; એટલે કે

એક માસ પુરૂષ અને એક માસ સ્ત્રી રૂપે રહેવા લાગ્યો. આ કથા માણસની ત્રીજી જાતને લાગુ પડે છે, જે જાતના માણસો પુરૂષત્વ અને સ્ત્રીત્વ બન્ને એકજ શરીરમાં ધરાવતા હતા. પૂરાણમાં બીજી કથા છે કે જેવા બ્રહ્માએ યક્ષો તથા રાક્ષસોને ઉત્પન્ન કર્યા કે બ્રહ્માનો ભક્ષ કરવા દોડયા. હવે 'બ્રહ્મા' એટલે 'મહત્, અને આ કથાનો સાર આ.છે કે રાક્ષસો, માણસની ચોથી મૂખ્ય જાત, જેઓ અતિ સ્વાર્થી હતા તેઓ સર્વે 'મહત્' ધરાવવાને (બ્રહ્માનો ભક્ષ કરવાને) આતુર હતા.

આ સપ્ત જાતી વિશે સંક્ષેપમાં કહીશું કે:

(૧) પેહેલી જાત, પોતાની મેળે ઉત્પન્ન થયલા માણસો, પિતૃ દેવતાઓની 'છાયા' હતી; તે વખતે તેઓ નહિ મનસ, કે નહિ ચીત્ત, કે નહિ કાંઇ ઇચ્છા શક્તિ ધરાવતા હતા. જીવ (આત્મા-બુદ્ધિ)ને તે છાયા સાથે ઝાઝો સંબંધ હતો નહિ, કેમકે તે બન્ને વચ્ચે સંધી કરી આપનાર 'મનસ' હજી તેઓ ધરાવતાં હતા નહિ.

(૨) પેહેલી જાતમાંથી બીજી જાત નીકળી. તેઓ પરસેવા વડે જન્મ પામતા, અને તેમના શરીર અસ્થિ વગરના હતાં. તેઓમાંથી

(૩) ત્રીજી જાત ઉત્પન્ન થઇ. આ જાતના માણસો ઇંડામાંથી જન્મ લેતા હતા, અને પક્ષીઓની પેઠે કોટલું ફોડી બાહેર નીકળતા. (હાલપણ સ્ત્રીનું ગર્ભાશય ઇંડા જેવું છે) આ જાતમાં મનસ–ધ્યાનીઓ અવતરવા લાગ્યા; તેઓએ ક્રિયા–શક્તિથી યોગ–પુત્રો ઉત્પન્ન કર્યા, અને યોગબળવડે ઉત્પન્ન થયલા પુરૂષો હવે પછીના સર્વે રૂષિ અને અર્હતોના વડવાઓ હતા. ક્રિયા-શક્તિ એ આપણા વિચારમાં સમાયલી એક ચમત્કારિક શક્તિ છે, કે જેથી મનના વિચાર પ્રગટરૂપ લઇ જોવામાં આવે છે. જો એક વિચાર અતિ દ્રઢ સંકલ્પ અને ઇચ્છાથી કર્યો હોય તો તે વિચાર આકાર * પકડે છે, યોગીઓ પોતાની ઇચ્છાશક્તિ અને ક્રિયા શક્તિના બળ વડે આ પરીણામો ઉપજાવી શકે છે. આવી પવિત્ર રીતે હાલના રૂષીઓ અને અર્હતોના પૂર્વજો ઉત્પન્ન થયા હતા.

૪ ચોથી જાતના માણસોને પદ્મપાણી (દક્ષ)ની પ્રજા ગણવામાં આવે છે. હવે પુરાણમાં કથા છે કે વિશ્વકર્માની પુત્રી 'સંજ્ઞા' જે સૂર્યની સ્ત્રી હતી, તે સ્વામીના તેજને સહી ન શકવાથી પોતાની છાયા મુકી ઉત્તરકુરૂ દેશમાં તપશ્ચર્યા કરવા ચાલી ગઇ, અને સૂર્યે તે છાયાને પોતાની સ્ત્રી સમજીને સંતાન ઉપજાવ્યાં. વળી મત્સ્ય પૂરાણમાં કહે છે કે "પહેલાં સંક-

---

* ખરૂ જોતાં તો સર્વ વિચારો રૂપ પકડે છે; પણ ફરક આ છે કે 'વિચારરૂપો' સાધારણ નજરથી અજાણીત રહે છે, અને હરેક માણસની આસપાસની જ્યોતીમાં આ 'વિચાર-રૂપો' દીવ્ય દ્રષ્ટીથી નજરે પડે છે. કેટલાક પુરૂષો બીજા માણસોના ગુપ્ત વિચાર કળે છે અને પારખી કાઢે છે તેની હવે સમજ પડશે.

હા., દર્શન અને સ્પર્શે કરી સૃષ્ટિ બનતી હતી, પરંતુ પ્રચેતાના પુત્ર દક્ષના સમયથી મૈથુ-ની, એટલે સ્ત્રી પુરૂષના સંયોગથી સૃષ્ટિ થવા લાગી." પરસેવા કે સ્વેદમાંથી ઉત્પન્ન થતી જાત વિશે પણ પૂરાણમાં કથા છે. કંડુ રૂષીના ઉગ્ર તપથી ડરીને ઇંદ્રે (કેટલીક પ્રતમાં 'કામદેવે') તેના તપમાં ભંગાણ પાડવા માટે પ્રમલોચા અપ્સરાને આજ્ઞા કરે છે. રૂષિ તેના રૂપથી મોહ પામે છે, અને તેણી સાથ ૯૦૭ વર્ષ ૬ માસ અને ૩ દિવસ રહેતાં આટલો લાંબો કાળ તેને માત્ર એક દિવસ બરાબર લાગે છે. (આ આંકડાઓ જાણીજોઇને ઉલટ-સુલટ આપ્યા છે. આ આંકડાઓમાંથી પેહેલી અને બીજી માણસ જાત વચ્ચેના અંતર કાળની ગણત્રી મળી આવે છે) જ્યારે આ વાતનું રૂષીને ભાન થાય છે કે તુર્ત પ્રમલોચાને શ્રાપ આપી હાંકી મેલે છે. તેણી ગભરાટમાં નાશતી અને ઉડતી પોતાના શરીરમાંથી છુટતો પરસેવો વૃક્ષના પાંદડા વડે લુછતી જાય છે, અને રૂપીથી તેણીને જે ગર્ભ રહ્યો હતો, તે આ પરસેવા મારફતે બાહેર આવે છે. પાદડાંઓપર પડેલાં આ પરસેવાના ટીપાં વાયુ એકઠાં કરે છે. 'સોમ' કહે છે કે "મારા કિરણોથી મેં આ બાળકનું પોષણ કર્યું છે, અને મારીષા નામની આ અતિ સુંદર બાળકી બની રહી છે". હવે આ કથામાં 'કંડુ' એટલે પેહેલી માણસ જાત સમજવી; તે રૂષિ પિતૃઓનો પુત્ર છે, તેથી તે 'મનસ્' રહીત છે, જે વિશે લગભગ એક હજાર વર્ષને એક દીવસ સમજવામાં તેની ભૂલપરથી ઇસારો મળી આવે છે, અને તેથી તે સહેલાઇથી ઠગાય છે અને મોહ પામે છે.

'મારીષા' એટલે પરસેવાથી ઉત્પન્ન થયલી બીજી માણસ-જાત જાણવી, 'મારીષા'નો પુત્ર 'દક્ષ' યોનીદ્વારા સ્થુળ શરીરવાળી પ્રજા ઉત્પન્ન કરે છે. 'સોમ'ના પ્રયત્નથી 'મારીષા' પ્રચેતાંઓની સ્ત્રી થાય છે, અને તેઓ 'દક્ષ' પ્રજાપતીને જન્મ આપે છે. માણસની યોની દ્વારા ઉત્પન્ન થયલી પ્રજા વિશેની હકીકત આ દક્ષની કથામાં સમાયલી છે. ઉપર કહ્યું છે કે 'પદ્મપાણી'એ ચોથી માણસ જાતને ઉત્પન્ન કરી. 'પદ્મ' એ જનન ક્રિયાનું ચિન્હ છે. સંસ્કૃતમાં 'પદ્મપાણી'ને લોકપતી કે લોકનાથ કહે છે. તેને 'પદ્મપાણી' કહેવાનું કારણ આ છે કે તે સર્વે કલ્પોપર અધિકાર ધરાવે છે, અને ગયા કલ્પને પદ્મકલ્પ કહે છે, કેમકે તે કલ્પમાં બ્રહ્મા પદ્મમાંથી ઉત્પન્ન થયો હતો. ખરૂ જોતાં તો કલ્પો અગણિત છે, પરંતુ તેઓના અમૂક વિભાગ કરવામાં આવ્યા છે, અને દરેક કલ્પનો એક ચોક્કસ "ધ્યાન-ચોહાન" પતિ કે નાથ હોય છે. દક્ષ-યજ્ઞની કથામાં આપણે વાંચિએ છીએ કે તે યજ્ઞમાં જે યુદ્ધ થયું તેમાં દક્ષનું મસ્તક પડે છે, અને તે મસ્તક અગ્નિમાં બળી જવાથી, મેંઢાનું માથું તેના શરીર ઉપર મુકવામાં આવે છે. હવે મેંઢાનું માથું અને તેના બે શીંગ એ સદા જનન્-શક્તિનું ચિન્હ છે, અને આપણે ઉપર જણાવ્યું છે કે યોની-દ્વારા પ્રજા ઉત્પન્ન કરવાની ક્રિયાનો દક્ષ આરંભ કરે છે. પણ આ રીતી કાંઇ એકદમ ચાલુ થઇ નહિ, પરંતુ અતિ લાંબા કાળ પછીજ તે પ્રજા ઉત્પન્ન કરવાની સાધારણ રીતી થઇ પડી. 'દક્ષ' એટલે ત્રીજી જાતનો (ત્રીજી માણસ જાતનો) પેહેલો શુદ્ધ અને સ્વચ્છ ભાગ સમજવો. કથામાં બ્રહ્મા દક્ષને


પ્રજા ઉત્પન્ન કરવા કહે છે, અને તે આજ્ઞા સ્વિકારી દક્ષ "અવર અને વર પુત્ર, બેપગાળાં અને ચોપગાં પ્રાણીઓ ઉત્પન્ન કરે છે, પછી સ્ત્રીઓ, દૈત્યો, નાગેંદ્રા ઢોરો, દાનવો અને બીજાં પ્રાણીઓ ઉત્પન્ન કરે છે." ત્યાર પછી સર્વે પ્રાણીઓ યોનીદ્વારાં જન્મવા લાગ્યાં. દક્ષની પૂર્વે માણુસો સંકલ્પથી, દ્રષ્ટિથી, સ્પર્શથી કે યોગસિદ્ધિથી પ્રજા ઉત્પન્ન કરતાં હતાં.

આ પ્રમાણે ત્રીજી જાતમાં પ્રજાપતીઓ, મનુઓ, રૂષિઓ કે કુમારો અવતરવા લાગ્યા, અને વારંવાર પુનર્જન્મ લેવા લાગ્યા; એટલે કે માણુસમાં હવે 'મનસ્' તત્વ ઉમેરાયું, અને હવે તેઓ કર્મ સંગ્રહ કરવા લાગ્યા.

માણુસની પેહેલી જાત ચંદ્ર વર્ણી (પીળી–સફેદ) હતી; બીજી જાત સુવર્ણ સમાન પીળા વર્ણ વાળી હતી ત્રીજીનો વર્ણ લાલ હતો; ચોથી શ્યામ ચામડી ધરાવતી, અને પાપથી 'કાળી' થઇ ગઇ હતી; અને પાંચમી જાતનો વર્ણ મિશ્ર થઈ પડયો. પૂરાણુમાં કથા છે કે ૨૯માં કલ્પમાં 'શીવ' પોતાનો પ્રથમ ચંદ્રવર્ણ સ્વેતવર્ણમાં બદલી, પછી તે રક્ત વર્ણ પકડે છે; અને ફરી પીળો, અને પછી કાળો વર્ણ પકડે છે. હાલ માણુસોના વર્ણ પ્રમાણે ત્રણ મુખ્ય વિભાગ પડે છે; લાલ–પીળા, જેવા કે ચીનાઓ અને અમેરીકાના જંગલી રહેવાસીઓ; કાળાં, જેવા કે આફ્રિકાના સીદ્દિઓ; અને શ્યામ–ગૌર જેવા કે આર્યવર્ત અને યુરોપના રહેવાસીઓ. હાલના માણુસો પાંચમી માણુસ જાતના છે, અને તેઓ વૈવસ્વત મનુની સંતતિ છે. કહેં છે કે વૈવસ્વત મનુને હાલ ૧૮, ૦૦૦,૦૦૦ વર્ષ થયાં છે, અને હજી તે જીવે છે; 'મનુ' એટલે માણુસ જાત સમજવી જેને સ્થુળ શરીર ધરાવવાને હાલ ૧૮,૦૦૦, ૦૦૦વર્ષ થયાં છે.

ત્રીજી અને ચોથી જાતના માણુસોમાં કેટલાક ચાર હાથ ધરાવતા હતા. તેઓ વળી ત્રીજું નેત્ર શીવ ચક્ષુ–પણ ધરાવતા હતા; પણ પછીના કલ્પમાં તેઓ 'કામ'ને વધારે વશ થઇ પડવાથી તેઓ આ દીવ્યદ્રષ્ટિ ખોઇ બેસવા લાગ્યા. અને ચોથી જાતના અધવચે તે સમૂળગી ખોઇ બેઠા. માત્ર યોગીઓજ યોગબળવડે તે ફરી ખીલવી શકે છે. તુર્યાવસ્થા (સમાધી)માં આ નેત્ર સ્ફુરવા લાગે છે; તે નેત્રનો રૂષિ કે અર્હતો ઉપયોગ કરે છે, અને તે પ્રમાણે પોતાનુ કાર્ય કર્યો જાય છે. આ કારણુ લીધે આપણે કેટલીક મૂર્તિઓમાં ચાર ચાર હાથ અને કપાળ વચ્ચે ત્રીજું નેત્ર જોઇયે છીએ, શીવને 'ત્રિલોચન' કહે છે. માત્ર શુદ્ધ બ્રહ્મચર્ય પાળવાથીજ આ નેત્ર જાગ્રત થાય છે; જ્યાં સુધી આપણી સંસારી જીંદગી ચાલુ રહે છે અને ઇંદ્રિઓ આંત ચંચળ રહે છે ત્યાં સુધી શુદ્ધ થવામાં અને યોગસિદ્ધિ પ્રાપ્ત કરવામાં મોટી હરકત નડે છે. આ નેત્ર ભેજાંની પાસેજ (બ્રહ્મ રંદ્રમાં) છે, અને જ્યારે આપણી સાધારણુ ચંચળ ઇંદ્રિઓ તુર્ત ભેજાંપર અસર કરે છે, ત્યારે આ ત્રીજી (હાલ માહે પેસી ગયલા) નેત્ર ઉપર પણુ તે અસર લાગુ પડે છે. દિવ્યદ્રષ્ટિવાળા પુરૂષો કહે છે કે જ્યારે માણુસના મનમાં વિષયી વિચારો રમે છે ત્યારે તેઓ તેમની જનન ઇંદ્રીઓ

આમળથી કાંઇ રક્ત જ્વાળાઓ બરડાની કરોડ (બ્રહ્મનાળ વાં વિનાદ‌ડ)માંથી બ્રહ્મરંધ્ર તરફ જતી જોઇ શકે છે. નીચલી આકૃતીપરથી માણુસની શુદ્ધ કે મલીન અવસ્થા વિશે સમજ પડશે:



હાલ માણુસની જાત પાંચમી છે, અને તે લીધે 'પુરૂષ' અને 'પ્રકૃતિ'ની સમતોલ હદ આપણે ઓળંગી ગયા છીએ, અને હાલ 'મનસ' શુદ્ધ થતુ જાય છે. માણુસના માથાના પાછળા ભાગમાં સર્વે શારીરિક ક્રિયાઓનો સાંચો રહે છે, જ્યારે આગલા ભાગમાં સર્વે માનસિક ક્રિયાઓનો સાંચો હોય છે. માણુસ જો શુદ્ધ હોય છે તો માથાનો વચલો ભાગ, જ્યાં હાલ ત્રીજું નેત્ર બેસી ગયું છે તે ઉપસી આવી બન્ને આસપાસના ભાગોની ઉપરવાંરી થઇ તેમને ઘટીત આંકોશ અને નિયમમાં રાખી શકે છે. આ ત્રીજા નેત્રને કર્મ સાથે અતિ નીકટ સંબંધ છે. 'કર્મ' શબ્દના અનેક અર્થ છે. 'કર્મ' એટલે કારણ-કાર્ય; કર્મ એટલે વળી નીતિનો મહાનિયમ; સ્વાર્થિ ઇચ્છાથી જે કાંઇ ક્રિયા થાય છે તે. સર્વે કુદરતના કાયદાને ભંગ કરનારી હોય છે, કેમકે સકામ કર્મથી માણુસ માયાના બંધનમાં રહે છે જ્યારે નિષ્કામ કર્મ કર્યાથી મુકિત માટે જોગવાઇ મળી આવે છે; નીતિના મહા નિયમ પ્રમાણે જે કોઇ કુદરતના કાયદાનો ભંગ કરે છે તે શીક્ષા પાત્ર ઠરે છે. કર્મના નિયમ સાથે પુનર્જન્મ નીકટ સંબંધ ધરાવે છે. માણુસ પોતે અનેક ઇચ્છાઓ કરે છે અને 'કારણો,' ઉત્પન્ન કરે છે, અને કર્મિક નિયમ આ કારણોથી નીપજતાં પરીણામ કે 'કાર્ય'ની ગોઠવણુ કરે છે; જેમ એક ઘણા જોરથી ખેંચેલી વૃક્ષની શાખા તેવાજ જોરથી પાછી ઉછળે છે, તેમજ કાર્મિક નિયમ માણુસના વિચારો કે કામોથી કુદરતની વ્યવસ્થાને જે હરકત પડે છે તે પાછી દૂર કરે છે. જો વૃક્ષની શાખા પાછી ઉછળતાં આપણો હાથ ઉતરી જાય તો એમ ન કહેવું કે શાખાએ આપણા હાથને ઇજા કરી, પણ આપણાજ વાંકને લીધે આ શીક્ષા પામ્યા એમ કહેવું પડે છે.

પુનર્જન્મ એટલે ફરી ફરીને જીવનું જન્મ લેવું. જેમ એક નાટકી અનેક વેશ બદલે છે અને અનેક ભાગ ભજવી બતાવે છે, તોપણ ખરેખર તો તેનો તેજ પુરૂષ રહે છે, તે એકજ જીવ અનેક 'વેશ' લઇ, અનેક દેહ ધારણ કરી, અનેક ભાગ ભજવી બતાવે છે, કોઇવાર દાસ તો કોઇવાર સીપાઇ તો કોઇવાર શેઠ કે કોઇવાર રાજા. પરંતુ આગલા જંન્મોનું તેને ભાન રહેતું નથી; કારણ આ કે માણસનું ત્રીજું નેત્ર—શીવ ચક્ષુ-મંદ થઇ પડયું છે. આ મંદ થઇ ગએલી દીવ્ય દ્રષ્ટિ જાગ્રત થતાં આગલા સર્વે જન્મોનું સ્મરણ થાય છે કેમકે આ દીવ્યદ્રષ્ટિ વડે ભૂત, ભવિષ્ય અને વર્તમાન સર્વે નજરે પડે છે. શીવનુ એક નામ 'ત્રિલોચન' છે; 'શીવ' એટલે યોગી પુરૂષ, અને યોગીઓની ખીલેલી દીવ્યદ્રષ્ટિને લીધે તેમને 'ત્રિકાળ જ્ઞાની' કહેવામાં આવે છે. માણસ આગળ ચાલતાં આ દીવ્યદ્રષ્ટિ પુનઃ પાપ્ત કરશે.

પૂરાણમાં મનુ સંબંધી બહુ વર્ણન આપ્યું છે; હવે સ્વયંભૂમનું કોણ છે ? ગુપ્તજ્ઞાન કહે છે કે આ મનુ માત્ર કાંઈ અમૂક પુરૂષ નથી, પરંતુ 'મનુ' એટલે "ધ્યાન-ચોહાનો"ની સહાયથી જે પેહેલી માણસની જાતો ઉત્પન્ન થઇ તે. પણ માનવ ધર્મ-શાસ્ત્રમાં કહ્યું છે કે દરેક કલ્પમાં ચોદ મનુઓ રાજ્ય કરે છે, અને હાલ સુધીમાં સાત મનુ થઇ ગયા છે. હવે આપણે જણાવ્યું છે કે માણસ પૃથ્વિની હારપર સાત મોટા ફેરા મારે છે, અને તેમ આપણે ત્રણ મહા ફેરા પુરા કર્યા છે, અને હાલ ચોથો મહા ફેરો ચાલુ છે; વળી તે સાથ સાત સંધ્યા અને સાત સંધ્યાંશ કે ચાદ મન્વંતરો છે અને દરેક ફેરા કે કલ્પના આરંભમાં અને અંતરમાં, અને દરેક ગ્રહપર જવા પેહેલાં, માણસ માયાવી જીંદગી અને માયા રહીત ખરી જીંદગીનો વારાફરતી અનુભવ ભોગવે છે. મનુઓમાં અર્ધા મુળ-મનુઓ અને અર્ધા બીજ-મનુઓ કહેવાય છે. શાસ્ત્રમાં કહે છે, કે પેહેલા મનુએ બીજા છ મનુઓ ઉત્પન્ન કર્યા, અને આ સાતે મનુઓએ બીજા સાત સાત મનુઓ ઉત્પન્ન કર્યા એટલે કે સર્વ મળી (૭×૭) ૪૯ મનુઓ થયા હાલ ત્રણ ફેરા પુરા થયા છે, એટલે ત્રણ મૂળ-મનુ અને ત્રણ બીજ-મનુ થઈ ગયા; હવે ચોથો ફેરો ચાલુ છે, અને તેથી હાલનો વૈવસ્વત મનુ સાતમો મનુ કહેવાય છે. જેટલો કાળ માણસની સાત જાત એકજ ગ્રહપર કાઢે છે તે કાળને 'લઘુ' મન્વંતર કહે છે; અને જેટલા કાળમાં માણસ જાત પૃથ્વીની આખી હારપર એક ફેરો મારી રહે છે તેટલા કાળને 'મહા' મન્વંતર કહે છે. ઉપર કહ્યું છે કે સર્વ મળી ૪૯ મનુઓ છે, એટલે માણસની સાત મુખ્ય જાત, સાત સાત ઉપજાતીમાં વહેચાઇ સર્વ મળી ૪૯ ઉપજાતી બને છે. નીચલા કોઠાપરથી ચૌદ મનુઓનો દરેક કલ્પ સાથનો સંબંધ વધારે સ્પષ્ટ રીતે જણાશે.

૧લો કલ્પ	૧લો (મૂળ) મનુ...	૧લા ગ્રહપર...	સ્વયંભૂ
	૧લો (બીજ)મનુ...છેલ્લા	૭મા ગ્રહપર...	સ્વારોચિષ
૨જો કલ્પ	૨જો (મૂળ) મનુ...	૧લા ગ્રહપર...	ઔત્તમ
	૨જો (બીજ)મનુ...	૭માં ગ્રહપર...	તામસ
૩જો કલ્પ	૩જો (મૂળ) મનુ	૧લા ગ્રહપર...	રૈવત
	૩જો (બીજ) મનુ...	૭માં ગ્રહપર...	ચાક્ષુષ
૪થો કલ્પ	૪થો (મૂળ) મનુ...	૧લા ગ્રહપર...	વૈવસ્વત હાલની માણસ જાતનો
	૪થો (બીજ) મનુ...	૭માં ગ્રહપર...	સાવર્ણિ
૫મો કલ્પ	૫મો (મૂળ) મનુ...	૧લા ગ્રહપર...	દક્ષ સાવર્ણિ
	૫મો (બીજ)મનુ...	૭મા ગ્રહપર...	બ્રહ્મ સાવર્ણિ
૬ઠો કલ્પ	૬ઠો (મૂળ) મનુ...	૧લા ગ્રહપર...	ધર્મ સાવર્ણિ
	૬ઠો (બીજ) મનુ...	૭માં ગ્રહપર...	રૂદ્ર સાવર્ણિ
૭મો કલ્પ	૭મો (મૂળ) મનુ...	૧લા ગ્રહપર...	રૌચ્ય
	૭મો (બીજ)મનુ...	૭માં ગ્રહપર...	ભૌત્ય

આ પ્રમાણે વૈવસ્વત મનુ સાતમો મનુ છે, અને ચોથા કલ્પનો મૂળ-મનુ છે. માણસની દરેક જાતપર, એકેક લઘુ મનુ અધિકાર ધરાવે છે; અને આ લીધે એક કરતાં વધુ વૈવસ્વત મનુઓ જણાય છે; આપણી પાંચમી જાતપર અધિકાર ધરાવનાર લઘુ મનુ પણ વૈવસ્વત કહેવાય છે, અને જ્યારે 'લંકા' ખંડ ડુબી ગયો ત્યારે આ વૈવસ્વત મનુએ પોતાના અધિકાર તળે આવેલી પાંચમી આર્ય જાતીને રેલમાંથી બચાવી લઇ રક્ષણ કર્યું. પૂરાણમાં જુદા જુદા મનુઓ અને રૂષીઓને એકજ સામાન્ય નામ આપવામાં આવે છે, તેનું કારણ આ છે. 'એકાનેક' આ તત્વજ્ઞાનનો મૂળ સિદ્ધાંત છે; સર્વે એકજ 'સત્'માંથી નીકળી અનેક રૂપ લઇ ફરી તેમાં લય પામે છે. આ તત્ત્વમાંથી પ્રથમ 'ઇશ્વર' કે 'મનુ' પ્રગટ થઇ બીજા ઇશ્વરો કે મનુઓને ઉત્પન્ન કરે છે, અને તેઓ સૃષ્ટિ રચી તેને વસાવવા માંડે છે.*

માણસની ત્રીજી જાત પુરાણના સ્વેત દ્વીપ ઉપર રહેતી હતી; ચોથી જાત પુષ્કર દ્વીપ કે 'લંકા' ખંડમાં વસતી હતી. પુરાણમાં આપેલાં સપ્ત દ્વીપના નામો આપણી પૃથ્વીના જુદા જુદા ખંડોને લાગુ પડે છે, અને તે સાથ આપણી પૃથ્વીની હારના સાત ગ્રહોને પણ લાગુ પડે છે. આ પ્રમાંણે આપણી પૃથ્વી જંબુદ્વીપ કહેવાય છે કેમકે તેણી આસપાસ લવણ (ખારો) સમુદ્ર છે, જ્યારે પ્લાશ, શાલ્મલ, કુશ, ક્રોંચ શાક, અને પુષ્કર દ્વીપોની આસપાસ શેરડીનો રસ, સુરાં, ઘી, દહી, દુધ અને જળના સમુદ્રો છે. આ દહી, દુધ વિગેરે નામો

---

* પુરાણમાં જે નામો આપ્યા છે, તેનો અર્થ જાણવા માટે તેના દરેક અક્ષરનો અર્થ શોધી કાઢવો જોઇએ. 'વૈવસ્વત' નામની અંદરજ પૃથ્વીપર જે રેલ ફરી વળી હતી તેનો સર્વે ભેદ સમાયલો છે.

માત્ર અલંકારી છે, જેમકે દુધનો સમુદ્ર એટલે ગગનમાં જે આકાશ ગંગાનો મોળો (દુધમય) પાટો જણાય છે, તે અને બીજા તારા મંડળોના સમુહો જાણવા.

ચોથી જાતનાં રાક્ષસો લગભગ ૯ ફુટ ઉંચા હતા, અને આડે માર્ગે ઉતરી પોતાની મૂર્તિઓ બનાવી તેમની પૂંજા કરવા લાગ્યા. હવે કોઇ કહેશે કે શું માણસો નવ ફુટ ઉંચા હતા ? ઇતિહાસમાં તે વિશે અનેક કથાઓ છે, અને દૈત્ય, દાનવ, રાક્ષસ વિગેરે તેમના અનેક નામ છે. પૂરાણમાં વારંવાર વાંચવામાં આવે છે કે અમુક રાજાએ રાજ્ય કર્યા પછી પોતાના સાત પુત્રોને પૃથ્વી વેંચી આપી. આ કથાઓ એક મુખ્ય જાતમાંથી સાત ઉપજાતી ઉત્પન્ન થાય છે તે વિશે ઇશારો કરે છે.

માણસો પૃથ્વિપર પ્રથમ આવ્યા ત્યારે મેરૂ (જ્યાં પૃથ્વિ સ્થીર રહે છે ત્યાં) તરફ, પૃથ્વિના જમણા છેડા તરફજ, સુકી જમીન હતી. પૃથ્વિના બાકીના ભાગપર ફુંકું પાણી ફરી વળ્યું હતું. આ મેરૂના સાત જુદા જુદા ભાગો ઉપર માણસો પ્રથમ ઉતર્યા. આ મેરૂભૂમી, બીજા ભાગોની પેઠે રેલ કે અગ્નિથી નાશ ન પામતાં આખા મન્વંતર પર્યંત તેવીજ સ્થિતિમાં રહેશે. તે કાળમાં હમેશાં વસંત રૂતુ રહેતી હતી. ત્યાં દેવતાઓનો વાસો હતો, અને ત્યાં 'ફોહાત' રાજ્ય કરે છે. પૃથ્વિની ઉત્તરે આવેલા જમણા છેડાને 'મેરૂ' કહે છે, અને દક્ષિણે આવેલા છેડાને 'પાતાળ' કહે છે. 'મેરૂ' એ પૃથ્વિનું મસ્તક છે, અને 'પાતાળ' એ પૃથ્વિના જાણે પાદ છે 'મેરૂ'માંથી સર્વે સારી અસરો અને શક્તિઓ નીકળે છે, પરંતુ 'પાતાળ'માંથી સર્વે દુષ્ટ અસરો બહાર પડે છે (સંત સાધુઓ પૃથ્વિના જમણા છેડા સાથે, અને ઢુંગપાઓ-વામ માર્ગિઓ - ડાબા છેડા સાથે સંબંધ ધરાવે છે). જ્ઞાનીઓ કહે છે કે માણસ આ રીતે પોતાની માતા (પૃથ્વિ)ના માથામાં જન્મ્યો છે, પણ તેના પગમાંથી દુષ્ટ વાયુ ફુંકે છે. પહેલી અને બીજી માણસ જાતના કાળમાં જમીનની આસપાસ 'પ્રાણ'નો સમુદ્ર હતો, એટલે કે 'પ્રાણ' (જીવન-શક્તિ) પૃથ્વીના શરીરમાં ફરી વળ્યો. આ સમુદ્ર તેની આસપાસ વહે છે, અને તેનો એક છેડો પૃથ્વિના માથા (મેરૂ) આગળ છે જ્યાંથી વહેતો વહેતો તે પૃથ્વિના પગ (પાતાળ) આગળ જાય છે જ્યાં તે મલીન બને છે, અને પાછો પૃથ્વિના હૃદય (પવિત્ર શંભલ ગામની નીચે)માં આવી ફરી સ્વચ્છ થાય છે (જેમ માણસના શરીરમાં રૂધીર ફરી વળે છે તેજ પ્રમાણે.) કેમકે પૃથ્વિના મધ્ય ભાગની નીચે જે વીજળિક અને લોહચુંબક શક્તિ (પૃથ્વિનું રૂધીર) પૃથ્વિની રગેરગમાં ફરી વળેલી છે તેનું તે સ્થાન છે. પેહેલી બે જાતોના કાળમાં પૃથ્વિનો આ મધ્યભાગ કે પાટો જળ તળે હતો, પરંતુ ભૂમીના કંપવાથી ઉપર તરી આવ્યો. ત્રીજી જાતના કાળમાં ભૂમી ફરી ઉપસાવા લાગી અને પવિત્ર હીમાવત પર્વત સમુદ્ર બહાર આવ્યો, અને ત્યાર પછી પૃથ્વી જુદા જુદા દ્વીપોમા વહેચાઇ ગઇ. પરંતુ 'મેરૂ'ની જમીન તેમની તેમજ રહી, અને તેની આસપાસ બરફની દીવાલ હોવાથી ત્યાં હાલ માણસો જવાને અશક્ત છે. યુરોપના લોકો વારંવાર ઉત્તર ધ્રૂવ તરફ શોધ કરવા અનેક નોકાઓ મોકલી ચુક્યા છે, પરંતુ તેઓના સર્વે પ્રયત્નો નિષ્ફળ ગયા છે. આવી પવિત્ર મેરૂ ભૂમિ તરફ આવા મલીન

અસરોથી પૈશાચલા, માંસ અને મદીરાભક્ષી યુરોપિયનોને કદી પણ જવા દેવામાં આવે નહિ. તેઓ ગમે તેટલીવાર નૌકાઓ કાં ન મોકલે પણ તેઓની સર્વે કોશીશ વ્યર્થ જવાની. તેમને કાંઇ ને કાંઇ અડચણ નડયા કરવાની. કેમકે આ પવિત્ર ભૂમી આગળ બીજા ખંડમાં જણા- વેલા 'મહાગુરૂ'નું સ્થાન છે કે જે ત્યાંથી સર્વે મનુષ્યો ઉપર કૃપા દ્રષ્ટી ફેંકી તેમને નિવૃત્તિ માર્ગ પ્રત્યે દોરવવાને આતુર રહે છે. ચોથી જાત માટે આટલાંતિક મહાસાગરમાં નવી ભૂમી ઉપસી આવી, અને જ્યારે આ રાક્ષસ જાતીએ દુષ્ટ માર્ગ પકડ્યો કે તે પણ રેલથી નાશ પામી. આ આફતને ૮૫૦,૦૦૦ વર્ષ થયાં છે, જે વિશે ગુપ્ત જ્ઞાનમાં નીચલી નોંધ છે:—


"આ કાળા વર્ણના રાક્ષસોના પાપો જોઇને સર્વે પીળાવર્ણવાળા લોકનો દેદીપ્યમાન અને રૂપવાન મહારાજા અતી શોકાતુર બની પોતાના સખા રાજાઓ પ્રત્યે વિમાન મારફતે પવિત્ર દુતો મોકલી સંદેશો કહેવાડાવ્યો કે 'હે સન્માર્ગી પુરૂષો, સાવધ થાઓ અને જ્યાં સુધી ધરતી સુકી છે ત્યાં સુધીમાં અહીંથી નીકળી ચાલો, કેમકે તુફાનના પતીઓ આવવાની તૈયારી કરે છે, તેઓના રથ અહીં આવી પુગે છે. આ અતી ધૈર્યવાળી પૃથ્વિપર આ કાળામૂખના પતીઓ (દુગપાઓ) માત્ર બે દીવસ અને એક રાત્ર જીવવા પામશે; આ ધરતી હવે સમુદ્ર તળે જઇ બેસશે, અને તે સાથ તેઓ પણ બુડી મરશે. અગ્નિ-ગણો અને દેવતાઓ પોતાના અગ્ન્યાસ્ત્ર તૈયાર કરે છે, પરંતુ આ કુર દુગપાઓ તેમના કરતાં અધીક બળવાન છે અને તેમને વશ કરી લે છે કેમકે સકલ અસ્ત્રવિદ્યાથી તેઓ માહીત છે. માટે હે બંધુઓ! તુર્ત આવી, તેમની આ વિદ્યા અફળ કરવા તમારી યોગસિદ્ધીનો હવે ઉપયો ગ કરો; દરેક જણ આ દુગપાઓના એકેક વિમાનને પકડી પાડો કે જેથી તેઓ રેલ અને કર્મના સપાટામાંથી ન છટકે અને પોતાની પાપીષ્ટ પ્રજાનું રક્ષણ કરવાને અશક્ત થાય. તેઓ દરેકને નિદ્રામાં નાખો, પરંતુ તેઓને કાંઇ પણ દુઃખ કે કષ્ટ ન થાય તેની સંભાળ રાખો. હે સૂર્ય દેવના શેવકો! તમો આ ચંદ્ર દેવના શેવકોને મૂર્ચ્છીત કરો કે તેઓ પોતાના યોગ્ય ફેંસે પુગે. હે પ્રકાશીત મૂખવાળાઓ (મહાત્માઓ), આ દુગપાઓના (વામમાર્ગીઓના) દ્વાર આગળ જે જાદુઇ પુતલીઓ તેમનું રક્ષણ કરે છે, તેમને તમારૂં રૂધીર રેડી તૃપ્ત કરો કે તે ઓ પોતાના સ્વામીઓને જગાડતાં અટકે. તેમનો કાળ આવી પુગ્યો છે, કાળી રાત્ર હવે સમીપ છે. તેમની કરણીનું ફળ તેમને ચાખવા દેઓ. હે બંધુઓ, આપણ ચતુર્મહારાજા (કર્મના અધિકારી લોકપાળ દેવતાઓ)ના માત્ર શેવકો છીએ.' આમ કહી રાજા નીચું મૂખ કરી નેત્રમાં જળ ભરવા લાગ્યો. જ્યારે સર્વે રાજાઓ એકઠા થયા, ત્યારે પાણી ફરી વળવા લાગ્યું હતું, પરંતુ લોકો છટકીને રેલની હદ બાહર જઇ પુગ્યા હતા. આ રાજાઓ વિમાનોમાં તેમની પાસે આવી લાગ્યા અને તેમને પૂર્વ અને ઉત્તર તરફ દોરી ગયા. કાળા 'મૂખવાળા' ના દેશોમાં તારા ખરવા લાગ્યા, અનેક ઉત્પાત થવા લાગ્યા, તોપણ તેઓ હજી નિદ્રાવસ્થ હતા તેમની રક્ષણ કરનારી જાદુઇ પુતલીઓ પણ હવે મુગી બેસી રહી હતી.

અગ્નિ દેવતાઓ તેમની આજ્ઞા બજાવવાને આતુર હતા, પરંતુ તેમના ધણીઓ હજી ઉંઘમાં હતા.

પાણી ચઢવા લાગ્યાં, અને સર્વે નીચી જમીન તથા ખીણોમાં જળ ફરી વળ્યું. ઉચી જમીનો માત્ર રહી ગઇ; ભોળાં અને શુધ્ધ અંતઃકરણવાળા માણસો બચી જઇ ત્યાં જવા લાગ્યાં.

જ્યારે આ દુરાચારીઓ ઉંઘમાંથી જાગી ઉઠી, નાશવા માટે પોતાના વિમાન શોધવા લાગ્યા કે તે પણ કાંઇ હાથ લાગ્યાં નહિ".

આ પ્રમાણે આ પાપી પ્રજાનો આ રીતે અંત આવ્યો. માણસની સપ્ત જાતી વીશે નીચે આપેલી આકૃતીપરથી ત્યારે સમજ પડશે.



માણસ જાતને આ જંગલી થુઅરના ઝાડ સાથે સરખાવીશું. ઝાડનો કાંડો એટલે એક મુખ્ય જાત સમજવી (ક, ક, ક,).

ઝાડની સાત શાખાઓ (ખ^{૧}, ખ^{૨}, ખ^{૩}, વિગેરે)ને સાત ઉપજાતી જાણવી.

દરેક શાખાના સાત ફાંટાઓ (ગ, ગ, ગ) તે સાત પ્રજાઓ સમજવી, અને તે ઉપર આવેલા કાંટા એટલે અનેક નાની કોમો અને ગ્નાતીઓ સમજવી.

આ પ્રમાણે પૃથ્વિપર સાત મુખ્ય જાતો આવે છે. હાલની પાંચમી આર્ય જાતીને લગ-ભગ દશ લાખ વર્ષ થયાં છે; પાંચમી મુખ્ય જાતીની હાલ પાંચમી ઉપજાત હસ્તી ભોગવે છે; યુરોપના લોકો આ પાંચમી ઉપજાતના માણસો છે. દરેક ઉપજાત ૨૧૦,૦૦૦ વર્ષ સુધી

હસ્તી ભોગવે છે. જો આ પ્રમાણે એક ઉપજાત ૨૧૦,૦૦૦ વર્ષ જીવે તો તેના સાત ફાંટા કે પ્રજા દરેક ૩૦૦૦૦ વર્ષ પર્યંત નીભી શકે છે. આ લીધે યુરોપની પ્રજાઓના હજી થોડાં હજાર વર્ષ બાકી છે.

માણુસની જાતો એકેકમાંથી જન્મે છે, ઉધરે છે, વૃદ્ધિ પામે છે, અને છેવટે મરણુ પામે છે. તેજ પ્રમાણે ઉપજાતો અને પ્રજાઓ જન્મ મરણુના તેજ નિયમને આધીન હોય છે. હાલની મુખ્ય જાતની પેહેલી ઉપજાતી તે હિંદના આર્યો હતા, અને હાલના હિંદના રહેવાસીઓ તે આ પેહેલી ઉપજાતીના છેલ્લો સાતમો ફાટો છે. હાલની મુખ્ય જાતની પાંચમી ઉપજાતી તે યુરોપના રહેવાસીઓ છે, અને છઠ્ઠી ઉપજાતી અર્હતોના કહેવા પ્રમાણે અમેરીકા ખંડમાં જન્મ લેશે. અત્યારથીજ તે ખંડની પ્રજાઓ ભેલસેલ થઇ ગઇ છે; અને આ ભેલસેલ થઇ ગયલી પ્રજાઓમાં ગુપ્ત રીતે નવી છઠ્ઠી ઉપજાતીનું બીજ રોપાયું છે. ઘણુરો વર્ષપર અમેરીકાના લોકો ઇંગ્રેજ હતા, પરંતુ હાલ યુરોપની સઘળી પ્રજાના માણુસો ત્યાં જઇ મળવાથી, અને તેઓમાં અરસપરસ લગ્ન વ્યવહાર અતી ઘણો વધી જવાથી, હાલ તેઓ લગભગ એક જુદી પ્રજા જણાય છે; અને થોડીક સદીના અંતર પછી આ છઠ્ઠી નવી ઉપજાતીની હસ્તીના છુટા છવાયા દાખલાઓ સ્પષ્ટ દેખાવા માડશે. આ છઠ્ઠી નવી પ્રજા ત્રીશ હજાર વર્ષ સુધી રહીને તે પછી સાતમી પ્રજા ઉત્પન્ન કરશે, અને તેનો પણુ અંત આવ્યા પછી યુરોપ અમેરીકા અને પૃથ્વીપર વસ્તી આર્ય પ્રજાનો મોટો ભાગ અગ્નિ (ભૂકંપ)થી* નાશ પામીને, નવા ખંડપર માણુસની છઠ્ઠી મુખ્ય જાત માટે જગ્યા કરશે. તે જાતના માણુસો હાલના જેવી સ્થુલ દેહ ધરાવશે નહિં, પણુ તેઓના શરીર વધારે સુક્ષ્મક તત્વના બનતાં જશે, અને કદમાં તથા શારીરિક અને માનસિક શક્તિઓમાં અતી ઘણો ફેર પડી જશે. ભવિષ્યમાં માણુસોપર માયાનું દબાણુ ઓછું થતું જશે; 'પ્રકૃતિ'નું બળ ઘટશે અને 'પુરૂષ'ની સત્તા વધતી જશે અને ભવિષ્યમાં માણુસનો મોટો ભાગ માહાત્માપદી પ્રાપ્ત કરશે.

એક જાતમાંથી બીજી જાતમાં બદલાતા બદલાતા અને યુગોના યુગો સુધી ફરતા, માણુસો પોતાની મહાયાત્રા પુરી કરે છે. કાર્મિક નિયમના અધિકાર તળે કુદરત આવી રીતે પોતાનો માર્ગ લેછે. જેમ એક મહાત્મા કહેછે તેમઃ—"વર્તમાન એ ભૂતનું બાળક છે; ભવિષ્ય એ વર્તમાનમાંથી જન્મે છે. અને તોપણુ, હે હાલની ચાલુ પલ શું તું નથી જાણુતી કે નથી તને કાંઇ પિતા કે નજી તને કાંઈ પુત્ર; તું પોતાનેજ ફરી ફરીને જન્મ આપે છે. 'વીતી ગયલી પલમાંથી મે જન્મ લીધો છે, ભૂતની હું બાળકી છું,' આમ તું બોલવા માડે તે પુર્વેજ તું પોતે ભૂતકાળમાં લીન થઇ જાય છે. છેલ્લો અક્ષર તું ઉચ્ચારી રહે તે અગાઉ, તો તું વર્તમાન કાળમાં રહ્યાને બદલે ભૂતકાળરૂપ થઇ બને છે. આ પ્રમાણે ભૂત વર્તમાન

---

* હાલ તાર અને ખબરપત્રો મારફતે ભૂકંપની ખબરો આવતી ને આવતી છે, અને આ બંધી પડેલા અને વધતા જતા ધરતીકંપ આ ભવિષ્યના મહાભૂકંપની એક આગાહી આપે છે.

અને ભવિષ્ય એકલ એક અવિનાશી ત્રીમૂર્તિ, જે "સત્" છે તેની, માત્ર મહામાયા છે"

'સત્' એ તે અનાદિ, અચ્યુત, અવિકારી મૂળ છે કે જેમાંથી સમચ વસ્તુ ઉત્પન્ન થાય છે. 'સત્' 'અસત્'માંથી જન્મે છે, અને 'સત્' વળી 'અસત્'ને જન્મ આપે છેઃ આ ગતિ સદાં ચાલુ છે, અને તેનો ખરો મર્મ પરનિર્વાણના ઉંબર આગળ સૌથી છેલ્લી દીક્ષા લીધા વગર જાણવો અશક્ય છે.

ચોથી માણુસ જાત વિશે વિષ્ણુપૂરાણુમાં કથા છે કે જ્યારે પ્રચેતાઓ મહાસાગરમાં દસ હજાર વર્ષ પર્યંત તપ કરતા હતા, ત્યારે પૃથ્વી ઝાડીઓથી ભરાઇ ગઇ, લોકો મરણુ પામવા લાગ્યા; અને ત્યારે રૂષીઓએ પ્રચેતાઓને સાગરમાંથી બોલાવ્યા.તે ઓ પોતાના મૂખમાંથી અગ્નિ અને જ્વાળા કાઢી તે પાપી ઝાડીઓનો અને સર્વે વનસ્પતિ વર્ગનો નાશ કરવા લાગ્યા. અંતે (વનસ્પતિ વર્ગના રાજા) 'સોમે' રૂષીઓ સાથ સંધી કરી, ઝાડોમાંથી ઉત્પન્ન થયલી 'મારીષા'ને પ્રચેતાઓને વિવાહમાં આપી, તેમનો કોપસમાવી શાંત પાડયા. હવે આ કથામાં સન્માર્ગિ સાધુઓ અને વામમાર્ગિ દુગપાઓ વચ્ચે જે લાંબા કાળ સુધી યુદ્ધ મચ્યું હતુ તેનો ઇસારો છે. 'પ્રચેતાઓ' એટલેઆપણી પાંચમી માણુસ જાતના આર્ય મહાત્માઓ; "ઝાડીઓ" એટલે દુગપાઓ. 'સાગર', જ્ઞાન અને ગુપ્તવિદ્યા; જળને 'નારા' એમ કહેલું છે, અને જળ એ નર (પરમાત્મા)ની સંતતિ છે,તે લીધે 'નારાયણુ' એટલે જળ (નારા)માં વાસો કરનાર, એટલે કે જ્ઞાન સાગરમાં બુડનાર;—જળ એ 'નર'નુ સ્થાન છે. આ ઉપરથી કથામાં લખે છે કે તેઓ દસ હજાર વર્ષ પર્યંત મહાસાગર (જ્ઞાન–સાગર)માં તપ કરતા રહ્યા.

વળી આ ચોથી રાક્ષસ જાતના દુગપાઓ અને પાંચમી આર્યજાતના રૂષીઓ વચ્ચે જે મહા યુદ્ધ જાગ્યું હતુ તેનું વર્ણન કાવ્યરૂપે રામાયણુમાં આપ્યુ છે. 'રાવણુ' એ આખા લંકા ખંડપર વસતી રાક્ષસ જાતનો પ્રતિનીધી છે. રામ વિગેરે સૂર્ય–દેવતાઓના અવતારો હતા, જ્યારે રાવણુાદિ ચંદ્ર–દેવતાઓના અવતારો હતા. અને બન્ને વચ્ચે કોણુની ચઢતી થાય, સન્માર્ગની કે દુષ્ટ માર્ગની–શુદ્ધ જ્ઞાનની કે મેલી વિદ્યાની–પવિત્ર અધ્યાત્મિક શકિતઓની કે નીચ પ્રાકૃતિક શકિતઓની—તે વિશે આ ભારે ઝઘડો ચાલ્યો હતો. અનુગીતામાં બ્રાહ્મણુ પોતાની સ્રીને કહે છેઃ—"મે આત્મા વડે આત્મામાં રહેલુ અવિમુક્ત નામનુ સ્થાન જોયું, જેમાં તે અદ્વૈત બ્રહ્મ છે, જેમાં સોમ અગ્નિ (સૂર્ય)ની સાથે છે, જેમાં પ્રાણીઓને ધારણુ કરનાર એવી બુદ્ધિને પ્રેરણા કરનાર વાયુ ગતિ કરે છે." 'ચંદ્ર' એ મનસનો પતિ છે. પણુ યાદ રાખવું કે 'મનસ' બે પ્રકારનું છે; અશુદ્ધ મલીન મનસ જે ચંદ્રને આધીન છે, અને શુદ્ધ મનસ જે સૂર્યને આધીન છે; એટલે કે શુધ્ધ મનસ સદા બુદ્ધિ તરફ વળણુ દેખાડે છે, અને અશુદ્ધ મનસ સ્વાર્થ અને હવસથી ભરેલા 'કામ' તરફ વળણુ લે છે અને તેના દોરાવા પ્રમાણે ચાલે છે. પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિ માર્ગનો તથા માણુસની મરણુ પછીની અવસ્થાનો ભેદ આ દ્વિતિય પ્રકારના "મનસમાં" સમાયલો છે. રામાયણુમાં દુગપા રાક્ષસોનુ અને આર્ય રૂષીઓ વચ્ચેનુ મહા ઘોર યુદ્ધનુ વર્ણન માત્ર નથી, પરંતુ તેની દરેક લીટી અને શ્લોકમાં અતિ ગુહ્ય અર્થ સમાયલો છે; અને

'મનસ્' અને 'કામ' વચ્ચે જે ભયંકર યુદ્ધ થાય છે, અને જે દારૂણ યુદ્ધના પરીણામ ઉપરે માણસની મૂક્તિનો સઘળો આધાર રહે છે, તેનુ અતિ ગંભીર અને ઉત્તમ વર્ણન આદિ કવિ વાલ્મીક રામાયણમાં આપે છે. અનુગીતામાં બ્રાહ્મણ કહે છે કે "શરીરમાં ગતિ કરી રહેલા અને એકબીજામા ભક્ષવાળા સર્વ વાયુઓના મધ્યના મધ્ય ભાગમાં સાત પ્રકારે કરી વૈશ્વાનર નામે અગ્નિ પ્રકાશે છે, જેની નેમ હું છું" પ્રચેતાઓ એટલે શુદ્ધ મનસ્; આ લીપિજ સોમ (ચંદ્ર)ને તેમની સાથે સંધી કરતો જણાવ્યો છે. રામાયણમાં સાત જુદા જુદા અતિ ગુહ્ય અર્થ સમાયલા છે, તેમાંનાં બે વિશે અત્રે સહજ ઇશારો કર્યો છે; એક તો ચોથી જાત ના દુગપા અને આર્ય જાતીના સાધુઓ વચ્ચેનો ઇતિહાસીક સંગ્રામ, અને બીજું માણસના 'મનસ' અને 'કામ' વચ્ચેનું અતિ ઘોર યુદ્ધ.

પુરાણમાં એક બીજી કથા છે કે બૃહસ્પતીની સ્ત્રી તારાને સોમ કાઢી લઇ જાય છે અને સોમથી તારાને પૂત્ર (બુધ) ઉત્પન્નથાય છે.આ સ્ત્રી હરણ માટે સુર અને અસૂર વચ્ચે ઝઘડો જાગે છે; દૈત્યોના ગુરૂ શુક્રાચાર્ય સોમની કુમકે આવે છે, અને ઇંદ્ર તથા રૂદ્ર બૃહસ્પતીનેસહા ય કરે છે. રૂદ્ર (શંકર)નો ગુરૂ અંગીરા હોવાથી તે પોતાના ગુરૂના પુત્ર બૃહસ્પતીનો પક્ષ ખેંચે છે આ યુદ્ધમાં મારૂત દેવો સૂરોનો પક્ષ છોડી દઇ ચાલતું મુકે છે. આ કથાના અર્થની હવે આપણે તપાસ કરીશું. બૃહસ્પતી એ દેવતાઓનો ગુરૂ છે; 'દેવતાઓ' એટલે ઉત્પન્ન કરનારી શકિતઓ સમજવી. ઋગ્વેદમાં બૃહસ્પતીને 'બ્રાહ્મણસ્પતી' કહેલો છે; 'બ્રાહ્મણસ્પતી' એ બાહ્ય પૂજા એટલે અનેક ક્રીયા કર્મથી જે દેવતાઇ પ્રસાદ કે ફળ મળે છે તેનું રૂપમારૂપી નામ છે. ગુપ્તવિધામાં પ્રવીણ પુરૂષ જે સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે તેમને અહી 'તારા' નામ આપ્યું છે. 'સોમ'નો સાધારણ અર્થ ચંદ્ર થાય છે, પણ 'સોમ' એટલે અહીં સોમરસ જાણવો, જે રસનું દીક્ષીતો અને શુદ્ધ બ્રાહ્મણો સદા પાન કરે છે. માત્ર અગ્નિહોત્રીઓ સોમના ગુણની માહીતી ધરાવતા. હવે ખરા સોમરસનો મુખ્ય ગુણ આ હતો (અને છે) કે એક પુરૂષ દી-ક્ષા લઇ દ્વીજ બનતો ત્યારે સોમરસના પાન કરવાથી તેનામાં નવી જીંદગી મુકાતી. કારણકે દીક્ષા લીધા પછી દીક્ષીત પુરૂષ પોતાના સૂક્ષ્મ દેહમાં રહી શકે છે, પરંતુ તે સાથે દીક્ષા લીધા પછી તેનામાં 'પુરૂષ' તત્વ 'પ્રાકૃતિ' તત્વપર એટલું તો બળ કરે છે કે આ 'પુરૂષ' તત્વ સુક્ષ્મ દેહના સહજ બંધનમાંથી પણ છુટું થવા ઇચ્છે છે. પણ 'પુરૂષ' તત્વ આમ દેહ સાથનો સંબંધ છોડી ન દે તે અર્થે દીક્ષીતો સોમરસનું પાન કરે છે; અને સોમરસ પાન કર્યા પછી સુક્ષ્મ દેહ વડે તે અતિ શ્રેષ્ટ લોકમાં જઇ શકે છે અને દેવતા સમાન બને છે, અને ત્યાં શ્રેષ્ટ લોકમાં જે કાંઇ શીખે છે અને અનુભવે છે તેનું સ્મરણ પોતાના સ્થુળ મે. જામાં રાખી શકે છે. કોઇ પણ 'ગ્રહસ્થ' બ્રાહ્મણને સોમરસ આપવામાં આવતો નહિ. આથી બૃહસ્પતી જો કે દેવતાઓનો ગુરૂ હતો, તોપણ આ કથામાં 'બૃહસ્પતી' એટલે માત્ર 'બાહ્ય પૂજા અને ક્રીયાકર્મ સમજવાં. જે બાહ્યપૂજા અને ક્રીયાકર્મ કર્યા છતાં શુદ્ધ અને સત્યજ્ઞાન માટે આતુર હોય છે, તેને આ કથામાં બૃહસ્પતીની સ્ત્રી તારા કહી છે. અને આ તારાને સો-મરાજા, જે તે જ્ઞાનનો આપનાર છે તે, પોતાના ગુહ્ય ભેદો જણાવે છે. આ ઉપરથી કથામાં

લખ્યું છે કે સોમ બૃહસ્પતીની સ્ત્રીનુ હરણ કરે છે, અને તેના પરીણામરૂપે 'બુધ'–ગુપ્તજ્ઞાન–ઉત્પન્ન થાય છે. તે બાળક એટલું તો દેદીપ્યમાન અને સુંદર છે કે બૃહસ્પતી જો કે તે સારી પેઠે જાણે છે કે 'બુધ' (ગુપ્તજ્ઞાન) પોતાની સંતતિ નથી એટલે કે એ કોઈ બાહ્યપૂજા અને ક્રીયાનું ફળ નથી, તો પણ તે જાણે તેવી પૂજા અને ક્રીયાનુંજ ફળ હોય તેમ 'બુધ' ને પોતાના પૂત્ર તરીકે પોતાના કબજામા લેવાનો દાવો કરે છે. (આ કથામાં બીજા પણ અર્થ સમાયલા છે).-અસૂરો સોમના પક્ષમાં હતા, અને દેવતા બૃહસ્પતીના પક્ષમાં હતા. સોમ (રસ) એ બુધ (ગુપ્ત જ્ઞાન)નો પીતા છે, અને બૃહસ્પતી માત્ર ક્રીયા કર્માદિ પૂજા દર્શાવે છે હવે આ અસૂરો (જ્ઞાન માર્ગિ) સદા સૂર કે દેવતા (કર્મમાર્ગિ) સામે થાય છે, અને તેમને પુરાણમાં આ લીધે 'ક્રતી દ્વેષી' (ક્રીયા કર્માદિના શત્રુ) કહેલા છે. અને તેથીજ તેઓને બૃહસ્પતી (મિથ્યા પૂજા)ની સામે લડતા જણાવ્યા છે. પૂજા અને યજ્ઞાદિ કર્મ કર્યાથી માત્ર સ્વર્ગ સુખ મલે છે, પરંતુ જ્ઞાન–માર્ગે ચાલ્યાથી મોક્ષપદ પ્રાપ્ત કરાય છે.


શીવની કથામાં જોઇશું તો તેમા કેટલાક ગુહ્ય અર્થ સમાયલા છે. રૂદ્ર–શીવને મહાયોગી તથા યોગી–પતિ કહે છે. તે ત્રીજી, ચોથી, અને પાંચમી મુખ્ય જાતોનો અધ્યક્ષ છે. તેને દીગંબર, ત્રિલોચન, પંચાનન કહેવામાં આવે છે. તેના પાંચ મૂખ હાલ સુધીમાં હસ્તીમાં આવેલી માણસની પાંચ મૂખ્ય જાત વિશે ઈશારો કરે છે; પણ જો કે તે પંચમૂખી છે, તોપણ તેના ભૂજ ચાર છે, કેમકે પાંચમી જાત હજી પૃથ્વિપર વસે છે. શીવ વળી કાળનો પતિ છે. અને તેથી તેની પાસે સદા ડમરૂ જોવામાં આવે છે. વેદમાં શીવનું નામ રૂદ્ર છે; 'રૂદ્ર, એટલે ભયાનક, ભયંકર; કેમકે 'શીવ' એટલે આપણો 'જીવ' સમજવો કે જે પોતાની અસલી શુદ્ધ અને પવિત્ર સ્થિતિ પુનઃ પ્રાપ્ત કરવાને યત્ન કરે છે, પરંતુ આ સ્થુલ શરીરમાં કેદ પડવાથી અને તે સાથે શરીરના અતી તીક્ષણ વિષયોથી ઘેરાઇ જવાથી અતિ દરામણા નાદ પાડે છે. ઉપનિષદમાં દસ પ્રાણ–વાયુ અને "મનસ્" મળીને ૧૧ રૂદ્ર જણાવ્યા છે, જેઓ રૂદ્ર અગ્નિ દેવના પુત્રો છે. શીવના રૂદ્ર મલી બીજાં સાત નામ છે જે કુદરતની સપ્ત શકિતના નામ છે; તે શકિતઓ સંહાર કરે છે અને તે સાથ ફરી સજીવન પણ કરે છે, આ લીધે શીવના મહાયોગી રૂપમાં પાડેલા ચિત્રમાં તેના એક કરમાં શીવ–પાસ પકડેલો હોય છે, જે દેખાડે છે કે યોગીએ આ પાસના સાંકડા નાકામાંથી પસાર થવા પુર્વે પોતાના કામ ક્રોધાદિ સર્વે દુર્ગુણો અને હવસોને યજ્ઞમાં હોમી ભસ્મ કરવા જોઇએ.

આપણે ઉપર સાતનો આંકડો વારવાર વપરાયલો જોયો છે. તે વિશે અત્રે ટુંક વિવેચન કરીશુ. ૩, ૪, અને ૭ એ ત્રણ આંકડાઓ પવિત્ર ગણાય છે, અને તેનું કારણ આ છે કે હાલના ચાલુ મન્વંતરમાં ૩નો આંકડો 'પ્રકાશ' કે 'અગ્નિ' દર્શાવે છે. અને ૪નો આંકડો 'પ્રાણ' કે 'જીવનુ' ચીન્હ છે, અને ૭નો આંકડો એ બન્નેની સંધી કે ઐકયતા બતાવે છે ઉપનિષદમાં લખે છે કે "જે બ્રાહ્મણની સાત પેઢી સુધીના પૂર્વજોએ સોમરસનું પાન કર્યું હોય તેને 'ત્રીસુપર્ણ' કહે છે"; ત્રીસુપર્ણ બ્રાહ્મણે સદા સોમપી પીતૃઓની પૂજા કરવી. હવે આર્ય કોણ ? ગુપ્ત

જ્ઞાનમાં લખે છે કે "જ્યારે પૃથ્વિપર પ્રથમ 'સાત' * આવ્યા, ત્યારે દરેક ઉગતી વસ્તુના બીજ તેઓએ ધરતીપર નાખ્યાં. પેહેલે ત્રણ આવ્યા, અને જ્યારે "ખનિજ પદાર્થ વનસ્પતિ રૂપ લેવા લાગ્યા કે પેહેલા ત્રણમાં બીજા ચાર ઉમેરાયા: ફરી બીજા 'સાત' આવ્યા અને તેઓએ વનસ્પતી અને પ્રાણી વર્ગની વચ્ચેના રૂપો વનસ્પતિ-જીવો માટે ઉત્પન્ન કર્યાં. પછી ત્રીજા 'સાત' આવ્યા અને પોતાની 'છાયા' બહાર કાઢી... ...પાંચમાં 'સાત' (ના મડળે પોતાનું મનસ તે છાયાઓમાં મુકયું... ...આ પ્રમાણે માણુસ 'સમપૂર્ણ' બન્યો.' સપ્તાંગી માણસનું △ (ચતુર્કોણને માથે ત્રીકોણ) એવુ ચીન્હ હોય છે. ષટકોણ ✡ પણ જો કે વિષ્ણુની મૂદ્રા કહેવાય છે, તોપણ તે ત્રીમૂર્તિનું પણ ચીન્હ છે; કેમકે નીચલુ ત્રીકોણ ▽ વિષ્ણુ (નારાયણ)નું ચીન્હ છે, અને ઉપલું ત્રીકોણ △ શીવ (અગ્નિ)નું ચીન્હ છે. આ આકૃતિને વળી શ્રી-યત્ર પણ કહે છે. આ ષટકોણમાં બિંદુ મુકવાથી તે સપ્તાંગી બને છે ત્રીકોણ ૩ની સંખ્યા બતાવે છે; બે ત્રીકોણ ૨ની સંખ્યા જણાવે છે; મધ્ય બીંદુ સાથે ત્રીકોણ ૪ની સંખ્યા આપે છે; ૭ ખુણાઓ ૬ની સંખ્યા બતાવે છે; અને મધ્ય બીંદુ ૧ સંખ્યા દેખાડે છે. જ્યારે કોઇ પણ ત્રીકોણની ત્રણ લીટીઓ સાથ બન્ને ત્રીકોણ ઉમેર્યાથી ૫ ની સંખ્યા ઉપજે છે.

૩ નો આંકડો નર શક્તિ અને ૪નો આંકડો નારી શકિત સૂચવે છે, એટલે કે 'પુરૂષ' અને 'પ્રકૃતિ' એ બન્તેનો સરવાળો ૭ એ પ્રાણ વા જીવ દર્શાવે છે. 'પુરૂષ'ની નર શકિત સૂચક લીટી । ઉભી હોય છે, અને 'પ્રકૃતિ'ની નારી શકિત સૂચક લીટી — આડી હોય છે. અને તેમના મળવાથી + શંળની * આકૃતિ બની રહે છે. પેહેલા '૩' અણદીઠ અને ગુપ્ત છે; છેલ્લાં '૪' (પ્રકૃતિક) દેખવામાં આવે છે. અને આ લીધે યુરોપિયન વિદ્વાનો જ્યારે પણ કોઇ પણ વસ્તુ કે પદાર્થનું પૃથક્કરણ કરે છે, ત્યારે નીચલાં ૪ તત્વો --'કાર્બોન' ઓકસીજન, શ્વાસ વાયુ 'નાઇટ્રોજન' તથા હાઇદ્રોજન ઉદકજનક વાયુ એ ચાર પ્રકૃતિક તત્વો, જુએ છે. પરંતુ પ્રથમ 'ત્રણ' એટલે 'પુરૂષ વીશે કેવળ અજ્ઞાન હોવાથી તેઓ અનેક કલ્પના ઉઠાડે છે પણ કાંઇ ભેદ તેમને હાથ લાગતો નથી. માણસ અને કુદરતના સાત તત્વો વચ્ચેની સરખામણી નીચલા કોઠામાં દર્શાવી છે.

માણસના તત્વો
૭ આત્મા
૬ બુદ્ધિ
૫ મનસ



કુદરતના તત્વો.

---

* પિતૃ દેવતાઓના સાત સમુહો.

* ખ્રિસ્તીઓ હિંદુઓનો લીંગ પૂજા માટે તિરસ્કાર કરે છે પણ તેઓનુ પવિત્ર ધર્મ ચીન્હ ક્રૉસ લીંગ પૂજા સૂચક છે તે આ ઉપરથી સમજવુ સહેલ છે. ખ્રિસ્તી દેવલો અને ઇસલામી મસીદોના મીનારા એ સર્વે લીંગ સૂચક છે.

૪ કામરૂપ—જે માણુસ જીવે છે ત્યાં સુધી અતિ સામર્થ ધરાવે છે; અને માણસમાં તૃપ્તી પેદા કરે છે; જાનવરી જીંદગીમાં તે સદા મળેલું રહે છે.	''હાઇદ્રોજન" વા ઉદકજનક વાયુ	જે સૌથી હલકી હવા છે; અને શ્વાસ વાયુમાં અતી ઉજાસથી બળે છે, અને જળ ઉત્પન્ન કરે છે અને દરેક વનસ્પતિ કે પ્રાણીમાં તે મોટા પ્રમાણમાં હાજર હોય છે.
૩ લિંગ શરીર, જેની ઉપર સ્થુલ શરીરની બાંધણી ચણાય છે; તે 'પ્રાણ'નું વાહન છે. સ્થુલ દેહના નાશ પછી તે જલદીથી વિખેરાઇ જાય છે.	"નાઇટ્રોજન"	જે સર્વે પ્રાણીઓના શ્વાસમાં લઇ શકાય તેવી સ્થિતિમાં 'શ્વાસ વાયુ' ને લાવવાને તેની ઉપાધી તરીકે ઉપયોગી થઇ પડે છે, અને ઉદકજનક વાયુની પેઠે સર્વે વનસ્પતિ અને પ્રાણીઓમાં રહે છે.
૨ પ્રાણુ—જીવન શક્તિ	'ઓક્ષીજન' વા શ્વાસ વાયુ	દરેક પ્રાણી આ વાયુ વડે શ્વસ લે છે અને જેના ઉપર સર્વે પ્રાણીઓની જીંદગીનો આધાર રહેછે.
૧ સ્થુલ દેહ—જે પ્રાણુની ક્રીયાથી લિંગ દેહની આસપાસ વિંટલાયછે.	'કાર્બોન"	કે 'સમાધ' કે જે દરેક વનસ્પતિ કે પ્રાણીના શરીરનો પાયો છે. દરેક મીશ્રીત પદાર્થમાં તે હાજર હોય છે.

ખનિજ પદાર્થ, વનસ્પતિ, તથા પ્રાણી વર્ગ એ ત્રણે કુદરતના પ્રાંત ભેદ સાત સાત વર્ગોમાં વહેંચાઇ જાય છે. એક રૂમી કવી વિશ્વક્રમનું વર્ણન આપતા કહે છે કે "પ્રથમ ત્રણ અથવા ત્રીકોણ આવ્યું." આ વાકયમાં ઘણો ઉંડો અર્થ સમાયલો છે, અને ખનિજ પદાર્થ વિદ્યા, વનસ્પતિ વિદ્યા, અને ભૂસ્તર વિદ્યા પ્રત્યે જોતાં આ વાતને ટેકો મળે છે. દાખલા તરીકે ખારાં જળમાં આવેલું મીઠું નીચે ઠરવા લાગે છે ત્યારે પ્રથમ ત્રીકોણ રૂપી આકાર કે પડા-રેકો આકાર પકડે છે. અગ્નિતત્વનો પણ આજ આકાર અને ચીન્હ છે. કુદરત તરફ જોતાં ભૂમીતીની નીચલી આકૃતિ તુર્ત જણાય છે. ચતુર્કોણ ☐ કે ઘનાકાર ◫ ૪ કે ૬; કારણ કે પૃથ્વી તત્વની રજકણો ઘનાકાર ધરાવે છે, અને અગ્નિ તત્વનો ત્રીકોણાકાર છે. પૃથ્વીપર પ્રથમ ઉગતાં 'પાઇન' વૃક્ષ પણ પડા-રેકો (ત્રીકોણાકાર) આકાર ધરાવે છે. હીમની રજકણો સુક્ષ્મદર્શક યંત્રવડે જોતાં દરેક રજકણ એકવડી કે બેવડી કે ત્રેવડી ષટ્કોણાકાર માલમ પડે છે, અને તેમની મધ્યમાં એક નાનું ષટ્કોણ મધ્ય બીંદુની જગ્યાએ દીસે છે. આ પ્રમાણે કુદરતના આ દ્વંદ્વ [અગ્નિ અને આપ (જળ)—ગરમી અને થંડી] ત્રીકોણાકાર અને ષટ્કોણાકાર રૂપે પ્રથમ દેખાવ આપે છે. હવે આપણે પ્રાણી વિદ્યા પ્રત્યે જોઇશું તો ત્યાં પણ આ સપ્તકની હાજરી નજરે પડે

છે. આ પ્રમાણે માણુસ 'એક' (બ્રહ્મ)માંથી નીકળતું સપ્ત તત્વિક કીરણ છે. "ફોહાત" (આદિ-શકિત)ની ક્રીયાથી મૂળપ્રકૃતીમાં શક્તિરૂપ સમ કેંદ્ર, સાત મધ્ય બિંદુઓ, પ્રગટ થાય છે, જે વિશ્વમાં રહેલી સપ્ત પ્રકૃતિનો જાણે આત્મા છે. શ્રી કૃષ્ણના જન્મની પૂર્વે તેનો માતુલ કંસ જે દેવકીના સાત બાળકોને મારી નાખે છે તેની સમજણ આ છે; તેઓ માણુસના સાત તત્વો દર્શાવે છે. આપણે કૃષ્ણની શુદ્ધ સ્થિતિએ પહોચીએ (જીવન-મૂક્ત થઇએ), તે અગાઉ આપણને આ તત્વોથી સ્વતંત્ર થઇને સાત કે 'એક'ની મધ્યે આપણું કેંદ્રસ્થાન કરવું જોઇયે.

વેદમાં પણ સપ્તકો નજરે પડે છે. ત્યાં કહેલામાં આવ્યું છે કે માણુસ જાત અગ્નિ અને જળમાંથી ઊત્પન્ન થઇ છે; પિતૃઓએ માણુસ જાતને અગ્નિમાંથી ઘડી કાઢી. હવે અગ્નિ, અશ્વીનીકુમાર, ૧૨ આદીત્યો, એ સર્વેનો અર્થ યાજ્ઞીક કે પિતરો એમ થાય છે; આ પિતરોને અંગીરા, * સાધ્ય વિગેરે કહેવામાં આવે છે. તેઓ સર્વેને દેવપૂત્રો કહ્યા છે. તેઓ સર્વેનું સામટું નામ વિશ્વાકર્મા છે કે જેણે મહા સર્વ-મેધ યજ્ઞ કરી છેવટે પોતાનેજ હોમી દીધો એવી કથા છે. વેદમાં 'દીવ્ય (અમર) માણુસ'ને 'પુરૂષ' કહયો છે, જેમાંથી 'વિરજ' ઉત્પન્ન થયો અને તેમાંથી (મૃત્યુ વશ) માણુસ ઉત્પન્ન થયું. વેદમાં વરૂણને સર્વે કુદરતી બનાવોપર અધ્યક્ષ નીમ્યો છે, અને વેદમાં જે સાત નદીઓ આકાશમાં આવેલી જણાવી છે એટલે સાત પ્રજાપતીઓ (ઉત્પન્ન કરનારા દેવતાઓ) જાણવા, અને વેદમા પૃથ્વીપર સાત નદીઓ જણાવી છે, એટલે જે પ્રથમની સાત માણુસ જાતો જાણવી, જેઓ સર્વે વરૂણના અધિકાર તળે છે; કેમકે જે વરૂણના નિયમો (ઋત્તાની)નો ભગ કરે છે તેને ઇંદ્ર શીક્ષા કરે છે. આ પ્રમાણે વેદમાં * પણ સાત જાત (બે હજી ઉત્પન્ન થવાની છે) સપ્ત નદીની સંજ્ઞા હેઠળ જણાવવામાં આવી છે, અને વળી ખુલ્લું લખ્યું છે કે પાંચ જાતો પૃથ્વીના પંચ પ્રદિકાની ઉપર વસે છે. હવે વેદમાંથી આ શ્લોક લઇએ:—
"તે (પુરૂષ યા વિશ્વાકર્મા)ની આસપાસ સમિધના સાત કાષ્ઠની હાર, અને સમિધના ત્રણ વખત સાત (૨૧) પડ હતાં; જ્યારે દેવતાઓએ યજ્ઞ કર્યો ત્યારે તેઓએ પુરૂષને બળી તરીકે હોમવા માટે બાંધ્યો" હવે 'ત્રણવાર સાત' એ શબ્દનો અર્થ આ છે કે જે વેળાએ આં શ્લોક રચવામાં આવ્યા હતા ત્યારે પૃથ્વીપર ત્રણજ (સાત સાત ઉપજાતીઓ સાથની) મુખ્ય

* ત્રીજી, ચોથી અને પાંચમી માણુસ જાતના દીક્ષીતોને જે ધ્યાનીઓ (ગુરૂદેવ) શીક્ષણ આપતા, તેમનું નામ અંગીરા છે. શીવ (યોગીયો)ના પણ ગુરૂ આજ અંગીરા છે.

* પાશ્ચાત્ય પંડીતો વેદ-કાળને ત્રણ કે ચાર હજાર વર્ષપર લાવી મુકે છે; પણ ગુપ્તજ્ઞાન પ્રમાણે પાંચમી આર્ય જાતીના આરંભ કાળમાંજ આર્ય રૂષીઓએ આત્મજ્ઞાન અને તત્વજ્ઞાનની વિગતો સમાવીને વેદ રચ્યા છે. પાશ્ચાત્ય પંડીતો વળી એમ માને છે કે કુદરતની રચનાપરથી તે કાળના ભોળા અને અજ્ઞાની માણસોના મનમાં જે જુસ્સાઓ રમી રહ્યા તે જુસ્સા અને લાગણીનું કવિતારૂપી વર્ણન વેદમાં આપ્યું છે. પણ ખરી બીના તો તેથી ઊલટી છે. વેદમાં તો પાકટ બુદ્ધીએ પુગેલા રૂષીઓનું ઉંડું જ્ઞાન સમાયલું છે, અને નહિ કે બાળકોના ચેડાં તેમાં છે.

જાત વસી રહી હતી. હવે 'સાત કાષ્ટની હાર' એટલે શું ? આપણે જોયું છે કે જેમ ખ્રીસ્તીઓ માને છે તેમ એકજ (આદમ-હવા) જોડાંમાંથી માણુસની ઓલાદ વધી નથી, પરંતુ પૃથ્વીપર એકજ વેળાએ સાત જુદા જુદા સમૂહો આવી ઉતર્યા; અને વિશ્વાકર્મા એટલે સામાન્ય મનુષ્ય લોક સમજવાં.

પૂરાણોમાં સાતનો આંકડો વારંવાર આવે છે. પેહેલાજ અંશમાં સપ્તસર્ગનું વર્ણન આવે છે, અને પ્રલય કાળે સપ્તસૂર્યને સર્વ વિશ્વને બાળી દેતા જણાવ્યા છે. મત્સ્ય પૂરાણમાં કહે છે કે: "વેદ પ્રગટ કરવા માટે, કલ્પના આરંભમાં વિષ્ણુએ મનુને નરસિંહ અવતારની કથા અને સપ્ત કલ્પની વિગતો કહી જણાવી." વળી તેજ પૂરાણમાં લખ્યું છે કે દરેક મન્વંતરમાં રૂષી વર્ગ સાત સાતની સંખ્યામાં આવી ધર્મ અને નીતિશાસ્ત્ર રચી ફરી પાછા જાય છે. રૂષી એટલે જીવતા મહાન બુદ્ધીમાન પુરૂષોજ સમજવા નહી, કેમકે 'રૂષી' શબ્દનો એકથી વધુ અર્થ થાય છે.

અથર્વ વેદમાં નીચલા શ્લોક છે:

"૧. કાળ રૂપી સપ્ત કીરણોવાળો, સહસ્ત્ર ચક્ષુવાળો, અવિનાશી અને ફળદાતા અશ્વ (આપણુને) આગળ લઇ જાય છે. બુદ્ધિમાન રૂષીઓ તેનાપર સ્વારી કરે છે; સર્વે ગ્રહો તેના ચાક છે.

૨. આ રીતે કાળ સપ્ત ચક્રથી વહે છે; તેને સાત પિંડી છે; અમરત્વ તેની ધરી છે. હાલ આ સર્વે ગ્રહો કાળજ છે. કાળ પ્રથમ દેવને આગળ ચલાવે છે.

૩. કાળમાં એક ભરેલો ઘડો છે. આપણે તેને અનેક રૂપમાં રહેતો દેખીએ છીએ. ભવિષ્યમાં આ સર્વે ગ્રહો કાળજ છે. 'શ્રેષ્ઠ લોક વાસી કાળ' એવું તેનું નામ છે"....

હવે ગુપ્તજ્ઞાનનો આ નીચલો શ્લોક ઉમેરો:—

"વ્યોમ અને કાળ એકજ છે. વ્યોમ અને કાળ નામ રહીત છે, કારણ કે તેએ ઇંદ્રિયો ગોચર તત્ત છે, કે જેનું જ્ઞાન માત્ર તેના સપ્ત કીરણો (એટલે કે સપ્ત સર્ગ, સપ્ત લોક, સપ્ત ધર્મ, ઇત્યાદી) વડે પ્રાપ્ત કરાય છે. પુરાણોમાં પણ કહ્યું છે કે વિષ્ણુ એજ વ્યોમ અને કાળ છે, જેમ વિષ્ણુ પૂરાણ કહે છે તેમ "પરમ ભગવાન એક વસ્તુ નથી, પણ વસ્તુનું કારણ છે; જુદી કાંઇ વસ્તુ નહીં કે સર્વત્ર સર્વના જોવામાં આવે, પણ જેમાં સર્વે સમાયલું છે" (એટલે કે વ્યોમ). આ ઉપરથી સમજવું સહેલ છે કે (વ્યોમ, પુરૂષ, તથા પ્રકૃતિ રૂપ) નારાયણમાંથી વિશ્વ પ્રગટ કરવા માટે પ્રથમ ત્રીકોણ અને ચતુર્કોણ (આ પ્રમાણે સાત)નું બનેલું એક મધ્ય બિંદુ ઉત્પન્ન થયું. વળી ગ્રહો અને તારાઓ જે વાયુ રૂપી દોરડાં (ગુપ્ત વીજળીક પ્રવાહ)થી બંધાઇને ભ્રમણ કરે છે તેના પણ સાત પ્રકાર છે; આવહ, પ્રવહ, અનુવહ, સંવહ, વિવહ, પરાવહ તથા પરીવહ આ મુખ્ય સપ્ત વાયુ આકાશ વા વ્યોમના સાત તત્વો છે; તે સર્વે ધ્રુવના તારા સાથ નીકટ સંબંધ ધરાવે છે, અને ધ્રુવ પણ વિશ્વમાં રહેલી જે શક્તિ

ઓ વડે અનેક કુદરતી બનાવો બને છે તે શક્તિઓની ઉત્પત્તિ સાથે સંબંધ ધરાવે છે. આ લીધેજ કહેવાય છે કે જો ધ્રુવ અને શિશુમારના દર્શન કર્યા હોય તો "જો દીવસમાં પાપ થઇ જાય તો તે રાત્રે તેના દર્શનથી મુકાય છે", ખરી વાત આ છે કે શિશુમારના પુચ્છ ભાગે આવેલા ચાર તારા અગ્નિ, મહેંદ્ર, કશ્યપ, તથા ધ્રુવ (જે ચાર તારા કદી અસ્ત નથી પામતા) એમના જો કીરણો એક ચોક્કસ રીતે અને એક ચોક્કસ વસ્તુપર સામટાં નાખ્યાં હોય તો અતી વિચિત્ર પરીણામો નીપજે છે. આ દેશમાં જે પુરૂષો તારાઓની ગુપ્તશક્તિઓથી માહીત છે તેઓ આ વાત સમજી શકશે.

હવે અનુગીતામાં * પણ જોઇશું તો ત્યાં પણ સપ્તકોની હાજરી નજરે પડશે. બ્રાહ્મણ બોલે છે "જેમાં સંકલ્પોરૂપ ડાંસ અને મચ્છરો છે, જેમાં શોક તથા હર્ષરૂપ ટાઢ તડકો છે, જેમાં મોહાંધકાર રૂપ તમ છે, જેમાં કામ તથા ક્રોધરૂપ વિરોધ કરનાર છે તે બંધન કરનારા, એકજ ઉલ્લંઘન કરાય એવા માર્ગ (સંસાર)ને ઓલંગી જે મહા દુઃખે જવાય એવું મોટું વન (બ્રહ્મ) છે તે પ્રત્યે પેઠો છું." પછી તે મહાત્મા તે વનમાં આવવા જવાના માર્ગ (માણસોની જીંદગીનું ચીન્હનું અને તે વનનું વર્ણન કરતાં કહે છે કે : "તે વનમાં સાત મોટાં વૃક્ષો (પાંચ ઇંદ્રીઓ, મનસ અને બુદ્ધી) છે. સાત ફળ, સાત અતિથિઓ, સાત આશ્રમો, સમાધીના (સાત) પ્રકાર, અને (સાત પ્રકારની) દીક્ષાઓ આ અરણ્યનું રૂપ છે. પાંચ વર્ણોવાળાં અને દીવ્ય પુષ્પો ઉત્પન્ન કરતાં વૃક્ષો તે વનને વ્યાપી રહેલાં છે. તેમાં ત્રણ વર્ણવાળાં પુષ્પો અને ફળો ઉત્પન્ન કરતાં વૃક્ષો તે વનને વ્યાપી રહેલાં છે. તે વનને બે વર્ણવાળાં સુંદર પુષ્પો અને ફળો ઉત્પન્ન કરતાં વૃક્ષો વ્યાપી રહેલાં છે. સુગંધવાળાં સુખરૂપ એક વર્ણવાળા પુષ્પો તથા ફળોને સર્જતા વૃક્ષો તે વનને વ્યાપી રહેલા છે. બહુ ન જણાય એવા સ્વરૂપવાળાં પુષ્પો તથા ફળોને સર્જનાર બે મોટાં વૃક્ષ તે વનને વ્યાપી રહેલાં છે (એટલે કે મનસ બુદ્ધિ જે બે ઉત્કૃષ્ટ ઇંદ્રીઓ છે). એ વનમાં સાર મન (સત્યજ્ઞાન) ધરાવતો, બ્રહ્મને જાણનાર એક અગ્નિ (એટલે કે આત્મા જે પરમાત્માથી અભિન્ન નથી) છે. પાંચ ઇંદ્રીઓ રૂપી કાષ્ઠો છે. મોક્ષના સાત (પ્રકાર) તે સાત પ્રકારની દીક્ષાઓ છે. એના ગુણ ફળોરૂપ છે.... તે તે ઠેકાણે મહર્ષિઓ અતિથિપણાને ગ્રહણ કરે છે જ્યારે સત્કાર પામેલા તેઓ લીન થાય છે ત્યારે બીજું વન પ્રકાશે છે, જેમાં બુધ્ધિ તે વૃક્ષ છે, મોક્ષ તે ફળ છે, જે શાંતિરૂપ છાયાથી યુક્ત છે, જે જ્ઞાનના આશ્રયવાળું છે, જે તૃપ્તીરૂપ જળ છે અને અંતર ક્ષેત્રજ્ઞરૂપી સૂર્ય છે"

હવે 'મહર્ષિઓ અતિથિપણાને ગ્રહણ કરે છે' એટલે શું ? જેમ જેમ ઇંદ્રીઓ આત્મા સાથે જોડાવાને યત્ન કરે છે, તેમ તેમ આત્મા, જેને અગ્નિ કહ્યો છે, તે નીચલી પાંચ ઇંદ્રીઓને બાળે છે અને તેમ કરીને શ્રેષ્ઠ બે ઇંદ્રિઓ "મનસ" તથા બુદ્ધિને શુદ્ધ કરે છે, આ

---

* મહાભારતમાં આ ગુપ્ત અંશો ભગવદ્ગીતા, અનુગીતા, તથા સનતસુજાતય એ ગ્રંથોના ગુહ્ય અર્થ માત્ર દીક્ષા આપતી વખતે સમજાવવામાં આવતા હતા.

અર્થ દેખીતો છે, કેમકે કહ્યું છે કે આ આ મહર્ષિઓ 'સત્કાર પામેલા લીન થાય છે;' હવે તેમનો સત્કાર કરનાર કોણ છે ? અલબત "મનસ્". "મનસે" આ 'મહર્ષિઓ'નો સત્કાર કર્યો છે, અને દુનીઆઇ જ્ઞાનનું અતિથિપણું કરે છે પણ એકવાર જ્યારે બીજું વન તેના જોવામાં આવે છે કે તેવીજ બુદ્ધિ (તે વૃક્ષમાં બદલાઇ જાય છે કે જેનું ફળ મોક્ષ છે) અને આ અશ્વત્થ ઝાડ (જીંદગી અને તેની માયાવી મોજમઝા)ના મૂળીયાંજ જડમુળથી નિકંદન કરે છે. અને આ લીધેજ જેઓ મોક્ષ સ્થિતિ સંપાદન કરે છે તેઓને 'ફરી ભય રહેતો નથી.' આ સ્થિતિમાં તેનો અંત જણાતો નથી કેમકે તે સર્વે બાજુએ ફેલાય છે.' બ્રાહ્મણ આ અલંકારી ભાષા ચાલુ રાખી વધુ કહે છે કે "ત્યાં સાત સ્ત્રીઓ વસે છે." આ સ્ત્રીઓ (અર્જુન મીશ્ર પ્રમાણે મહત, અહંકાર, અને પંચ તન્માત્રા) નીચું મુખ રાખે છે, કેમકે તેઓ મોક્ષ માર્ગમાં અડચણ આપનાર છે. 'તેમાંજ (બ્રહ્મામાં) સાત સિદ્ધ પુરૂષો તેમના ગુરૂઓ સાથ રહે છે, અને ફરી તેમાંથી બહાર આવે છે. યશ, કીર્તિમાન, દીપ્તીમાન, ભાગ્યવાન, વિજયવાન અને સિદ્ધ તેજવાળા સાત જ્યોતિ એજ સૂર્ય (ક્ષેત્રજ્ઞ = આત્મા)ને અનુસરે છે... જેઓ થોડી આશાવાળા (અસ્વાર્થી) છે, જેઓના પાપ (હવસો) અંકોશથી બળી ભસ્મ થયાં છે, તેઓ આત્માને પરમાત્મામાં લીન કરીને બ્રહ્મને સેવે છે. જેઓ જ્ઞાન (બ્રહ્મ)ના વનને જાણનારા છે તેઓ શાંતીનેજ વખાણે છે. આ વનને પામવા માટે ઇચ્છાથી તેઓ પુનઃ જન્મે છે કે તેઓને ભય રહેતો નથી. આવા આજ પુણ્યકારિ અરણ્યને બ્રહ્મને જાણનારા જાણે છે, અને ક્ષેત્રજ્ઞના દર્શાવ્યા પ્રમાણે તેને અનુસરીને ચાલે છે."

આ લાંબા વર્ણનમાં (જેમ ધારવામાં આવે છે તેમ) હઠ યોગ વિશે કાંઇ જણાવ્યું નથી, પણ તેમાં શુદ્ધજ્ઞાન પ્રાપ્ત કરવાનો માર્ગ પ્રકાશ્યો છે.


કુદરતની ઘણી ક્રીયાઓમાં આપણે 'સાત'ની હાજરી વિશેષ જોઇયે છીએ. કબુતર ચૌદ, (૭×૨) દીવસ સુધી સેવણુ બેસે છે; મરઘી (૭×૩) દીવસ, બટક (૭×૪) દીવસ, હંસ (૭×૫) દીવસ, અને સીંહ મૃગ (૭×૭) દીવસ. સાતની સંખ્યાનો ચંદ્ર સાથે પણ નીકટ સંબંધ દીસે છે. જ્યારે પૃથ્વીપર જોવામાં આવતી સર્વે જીવન ક્રીયા સાથે સૂર્યનો સંબંધ સ્પષ્ટ છે, ત્યારે પૃથ્વીપર સર્વે ગુપ્ત અને અણદીઠ ક્રીયાઓ સાથ ચંદ્રનો સંબંધ છે. વેદ અને પુરાણમાં સપ્ત દ્વીપ, સપ્ત સમુદ્ર, સપ્ત નદી, સપ્ત પર્વત, વિગેરે વારંવાર આવે છે. * રંગના પ્રકાર પણ સાત છે; સંગીતમાં પણ સપ્ત સ્વર હોય છે. મહાભારત કાવ્યમાં જણાવેલું અગન્યાસ્ત્ર પણ સાત તત્વોમાંથી બનાવવામાં આવતું. ઇંદ્રીઓ પણ સાત છે. અનુગી-

---

* સૂર્ય મંડળમાં વ્યક્ત પ્રકૃતિની સાત જુદી જુદી પંક્તિ છે, અને તે સાત પંક્તિને લગતી પ્રાજ્ઞ કે ચૈતન્યની પણ સાત જુદી જુદી અવસ્થા છે, અને જે પ્રમાણે જુદી જુદી પ્રજાઓમાં આ અવસ્થાઓ થોડી કે વધુ ખીલેલી હતી તે પ્રમાણે તેઓને માટે જુદા જુદા ચઢઉતર ધર્મો અને દર્શનો યોજવામાં આવ્યાં હતાં.

તામાં ઇંદ્રીઓ સાત જણાવી છે. હવે આપણે પિંડ અને બ્રહ્માંડના સપ્ત વિભાગની સરખામણી જણાવીશું.

પીંડ
૧ આત્મા
૨ બુદ્ધિ
૩ મનસ



બ્રહ્માંડ
૧ પરમાત્મા–મહાપુરૂષ.
૨ ચીદાકારા–મૂળ પ્રકૃતિ
૩ ઇંદ્રયાત્મા–મહત.

૪ કામ રૂપ
૫ લિંગ દેહ
૬ પ્રાણ
૭ સ્થુલ દેહ

૪ વિશ્વ શકિત
૫ સૂક્ષ્મ સંકલ્પ (જે સંકલ્પ પ્રમાણે સ્થુલ પ્રદાર્થ બને છે
૬ સમષ્ટી પ્રાણ.
૭ પૃથ્વી.

માણસના સાત તત્વો બે મુખ્ય વિભાગમાં વહેંચાયલાં છે; પેહેલાં ત્રણ અવિનાશી છે, જ્યારે છેલ્લાં ચાર નાશ પામે છે. આત્મા વિશે એમ ન કહેવાય કે આ મારો આત્મા છે–આ તારો આત્મા છે; પણ જેમ સૂર્યનો પ્રકાશ સર્વપર પડે છે, તેમ આત્માનો પ્રકાશ સર્વ પર પોતાનું તેજ પાથરે છે; અને જેમ સૂર્યના કીરણ સૂર્યના તેજથી જુદાં નથી, તેમજ આત્મા સર્વવ્યાપક છે અને પરમાત્માથી ભિન્ન નથી. 'બુદ્ધિ', આત્માનું વાહન છે. જ્યાં સુધી આત્મા બુદ્ધિ 'મનસ' સાથે જોડાતાં નથી, ત્યાં સુધી તેઓ માણસના શરીરને કાંઇ પણ ઉપયોગમાં આવતાં નથી. કર્મની અસર આત્મા કે બુધ્ધિપર પડતી નથી. 'મનસ' અહંકારથી ઉત્પન્ન થાય છે, અને જ્યારે મનસ શુદ્ધ હોય છે ત્યારે આત્મા–બુદ્ધિ સાથે જોડાય છે અને ત્યારે તે 'મનસ–તૈજસિ' કહેવાય છે, કેમકે બુદ્ધિ હવે 'મનસ'પર પોતાનું શુધ્ધ તેજ નાખે છે. વેદાંત દર્શનમાં એને 'કારણ શરીર' કહે છે અને વારંવાર જે અવતાર લે છે તે આ 'મનસ–તેજસી' છે. મરણ પછી શુદ્ધમનસ 'આત્મા બુધ્ધિ' સંગાથે જોડાઇને દેવખાન કે સ્વર્ગમાં રહે છે. દેવખાન કે સ્વર્ગ એક જાતની સ્વપ્નાવસ્થા છે; સંસારમાં માણસ અનેક પ્રકારના દુઃખ અને વેદના ભોગવે છે, અનેક પ્રકારના પાપ કરે છે, પણ જો અપક્ષપાત વિચાર કરીશું તો જણાશે કે કેટલીક વેળા માણસ પોતાના કાંઇ પણ વાંક વગર પોતાની આસપાસના સંજોગોનો માત્ર ભોગ થઇ પડે છે. આ લીધે એક સાધારણ માણસ થોડો કે વધુ પાપી હોય, દોષીત કે નિર્દોષ હોય, તોપણ જ્યારે જીંદગીના ભારથી છુટે છે ત્યારે કંતરાઇ ગયેલો આ 'મનુ' સ્વચ્છ સુખ ચોક્કસ વખત સુધી મેળવવાનો હક ધરાવે છે. જ્યાં સુધી તે પૃથ્વીપર જીવે છે ત્યાં સુધી કર્મ તેના પૂર્વ જન્મમાં કરેલા પાપો માટે ઘટતી શીક્ષા આપે છે, પણ આ વ્યાજબી અને તે સાથ દયાળુ નિયમ પ્રમાણે મરણ પછી તેના 'મનસ' ને નીરાંત માટે થોડો કે લાંબો કાળ આપે છે; એટલે કે તેટલા કાળપર્યંત તે દેવખાન કે

સ્વર્ગ ભોગવે છે. સાધારણ માણસો આ સુખી અવસ્થા આસરે હજારેક વર્ષ સુધી ભોગવતા રહે છે. આગળા જન્મના દરેક દુઃખી બનાવો, અને કાંઇ પણ શોક ઉત્પન્ન કરે એવા વિચારો તેને સદંતર ભુલાવી દેવામાં આવે છે, અને 'મનસ્‌ના' સ્મરણમાં માત્ર આનંદજનક અને સુખ ઉત્પન્ન કરનારા વિચારો રહી જાય છે. આ પ્રમાણે દુનીઆઇ જીંદગીથી છુટયા પછી કર્મિક નિયમ તેણે જે અનેક કષ્ટ ભોગવ્યાં છે તેના બદલામાં આ સુખી અવસ્થાનો અનુભવ કરાવે છે; તોપણ જ્યારે સ્વર્ગ-કાળ પુરો થાય છે અને પુનર્જન્મ લેવાનો કાળ આવી પુગે છે કે કર્મ તેના જન્મ માટે યોગ્ય દેશ, યોગ્ય કુટુંબ, અને યોગ્ય સ્થિતિની ગોઠવણ કરે છે, અને આગલા જન્મમાં તેણે જે કાંઇ પાપ કર્યાં હોય તેના તેવાં ફળ ચખાડે છે. માણસને જો કાંઇ પણ શીક્ષા થતી હોય તો તે કાંઇ કલ્પીત નર્કમાં નથી થતી, પણ જ્યાં તેણે પાપ કર્યાં છે એટલે કે આ પૃથ્વિ ઉપરજ તે પાપની શીક્ષા ભોગવવી પડે છે. દરેક દુષ્ટ વિચાર કે કાર્યનો તેને હવે જવાબ આપવો પડે છે; જે જે માણસોને પોતાના પૂર્વ જન્મમાં સીધી કે આડકતરીરીતે દુઃખ દીધું હશે તે પણ પુનર્જન્મ લઇ તેની આસપાસ વસતા થશે. કર્મ આ માણસોને તેના માર્ગમાં મુકશે, અને આ સમાગમ પછી જેવાં બી વાવ્યાં હશે તે હવે લણવાં પડશે. પુનર્જન્મ અને કર્મના મહા નીયમોથી આપણે સમજી શકીએ છીએ કે આ માટે કેટલાક દેખીતીરીતે નિર્દોષ અને ભલા પુરૂષો પોતાનો આખો જન્મારો અનેક પ્રકારના કષ્ટ અને દુઃખમાં ગાળે છે; કેટલાક જન્મથી ભૂખમરો વેઠે છે; કેટલાક જ્યારે કંગાલ ઝુપડીમાં તો કેટલાક ભવ્ય હવેલીમાં જન્મ લે છે; કેટલીકવાર દુષ્ટમાં દુષ્ટ પુરૂષો ઉંચ અને શ્રીમંત કુળમાં જન્મે છે, અને કોઇજ વેળા યોગ્ય પુરૂષો આવા યોગ્ય સંજોગો વચ્ચે જન્મ લેતા નજરે પડે છે. સંસારીક જીંદગીની આવી દેખીતી અસમાનતા અને ફરકનું કારણું અને મૂળ કાંઇજ નહી પણ આ બે મહા નિયમોમાં સમાયલું છે.

આપણે કહ્યું છે કે માણસના છેલ્લાં ચાર તત્વો નાશવંત છે; એટલે કે જ્યારે માણસ મરણ પામે છે ત્યારે સ્થુલ શરીર, પ્રાણ, અને પ્રાણની ઉપાધિ સૂક્ષ્મ શરીર–એ ત્રણે 'મનસ'થી છુટાં પડી જાય છે. સ્થુલ શરીર પાછું પૃથ્વિમાં મળી જાય છે, અને તેની સાથે પ્રાણ અને સૂક્ષ્મ શરીર પણ આસ્તે આસ્તે વીખેરાઇ જઇ નાશ પામે છે. ચોથું વચલુ તત્વ 'કામ' અને પાંચમું તત્વ 'મનસ્‌' એ બન્ને એક ચોક્કસ અવસ્થામાં દાખલ થાય છે, જેનો 'કામલોક' કહે છે. તે કાંઇ ચોક્કસ સ્થાન નથી પણ એક જાતની અવસ્થા છે. આ 'કામ લોક'માં "મનસ્‌"નો શુદ્ધ ભાગ 'કામરૂપ'થી છુટો પડી આત્મા–બુદ્ધિ સાથે જોડાય છે. પણ આ ક્રિયાને કેટલોક વખત લાગે છે. પાપી અને દુષ્ટ પુરૂષના 'મનસ્‌ને' 'કામ' કે 'કામરૂપ'થી છુટાં પડતાં ઘણા વર્ષ લાગે છે, પણ તેમજ વળી અતિ પવિત્ર પુરૂષો માત્ર એક ઘડી પણ કામ લોકમાં રહેતા નથી, કેમકે જીવતાં જીવત તેઓ પોતાના મનસને અંકુશમાં રાખી, સદા શુદ્ધ રહી, 'કામને' વશ થતા નથી, અને તેથી મરણ પછી 'કામરૂપ'થી તેમનું મનસ તત્કાળ સ્વતંત્ર થઇ આત્મા–બુદ્ધી સાથે યોગ કરી દેવખાન કે સ્વર્ગ ભોગવતું થાય છે. હવે કામલોકમાં આ કામરૂપ ભટકતું રહે છે; આ ભટકતાં કામરૂપોને ભૂત કે પ્રેત કહેવામાં

આવે છે. આ કામરૂપ સર્વે પ્રકારના દુષ્ટ હવસોથી ભરેલું હોય છે, અને તેથી કેટલાક પાપી પુરૂષોના કામરૂપો પોતાના હવસો તૃપ્ત કરવા કેટલીકવાર પોતાના કોઇ ખેશી કે મિત્રના 'આંગમાં આવી' અતી પીડાકારક થઇ પડે છે. વળી આ કામલોકમાં અકસ્માત કે આપઘાતથી મરણ પામેલાં માણસોના જીવ પણ ઘણાં લાંબા કાળ સુધી રહે છે; કેમકે આ અકસ્માત કે આપઘાત ન બન્યો હતે તો જ્યાં સુધી તેઓ પોતાના કર્મ પ્રમાણે પૃથ્વિપર જીવતે ત્યાં સુધી તેમનું "મનસ્" તેમના કામરૂપથી વીખુટું પડતું નથી; તેથી આવા માણસો મરણો પછી પીશાચ બને છે, અને બીજાં જીવતા માણસો મારફતે પોતાના કામ તથા હવસને તૃપ્ત કરવા અતી આતુર રહે છે, અને તેથી જે જીવતાં માણસો તેમની આ ઇચ્છા પુરી પાડી શકે એવી અનુકુળ સ્થિતિમાં હોય તો તેમના 'આંગમાં આવે' છે. મેલી વિદ્યામાં કુશળ એવા મંત્ર તંત્ર સાધવાવાળા દુગપાઓ કે વામમાર્ગિઓ આવા પીશાચ પ્રેત સાથે સંબંધ રાખે છે.

સ્વર્ગમાં જીવ સાધારણ રીતે હજાર કે દોઢ હજાર વર્ષ કાઢે છે. હવે સ્વર્ગ કે દેવખાનમાં કેવા પ્રકારનું સુખ હોય છે? માણસે જીવતાં જીવત જે જે સારા વિચારો કર્યા હોય, જે જે ઉત્તમ શક્તિઓ ખીલવી હોય, તે સર્વેમાં તેનો જીવ ('આત્મા-બુધ્ધિ-મનસ'ની ત્રીમૂર્તિ) હવે નીરાંતે નીમગ્ન રહે છે દેવખાની (સ્વર્ગ ભોગવનાર) એમજ સમજે છે કે તે પૃથ્વિ છોડી ગયો નથી, અને મરણ જેવું કાંઇજ નથી. દ્રષ્ટાંત તરીકે એક માતા એમજ માનશે કે તેના પ્રીય બાળકો અને સગાંઓ હજી તેની પાસેજ છે, અને તેણીને સંપૂર્ણ સુખી અવસ્થામાં રાખવાને કાંઇ પણ બાકી રાખવામાં આવતું નથી. હવે પ્રશ્ન પૂછવામાં આવે કે જીવ આવી રીતે પૃથ્વીપર જે કાંઇ બને છે તેનાથી અજ્ઞાન કેમ રહે છે? પરંતુ દયાનો નીયમ આજ છે. દેવખાનમાં જીવ, જો કે સ્વ તો તે સર્વજ્ઞાની છે, તો પણ તેની સમાપ્ત થયલી જીંદગીની છાયાથી તે હજી છવાયલો છે, તે છાયામાં તે લપટાયલો રહે છે. તે જન્મમાં ખીલવેલા ઉત્તમ ગુણો અને શક્તિઓ, ઉત્તમ લાગણીઓ જેવી કે કૃપા, દયા નીતિ, સત્યતા, પવિત્રાઇ, અને બીજા સદ્ગુણોપર ભાવાદિ તેના "મનસ્"માં વાસના રૂપે વળગેલાં રહે છે, અને આ લીધે સ્વર્ગમાં જીવ આ ઉત્તમ વાસનાઓથી ઘેરાએલો રહે છે. અને જ્યાં સધી દેવખાની સ્વર્ગમાં વસે છે ત્યાં સુધી પૃથ્વિપર જે પ્રકારની તે જીંદગી ભોગવતો હતો તે જીંદગીના શુદ્ધ ભાગની નકલ કરતો રહે છે. અલબત્ત પૃથ્વીપર વસતાં તે સર્વે જ્ઞાની હોતો નથી. તેથી સ્વર્ગમાં પણ તે સકળજ્ઞાન ધરાવતો નથી. અજ્ઞાન માણસોજ માયામાં ફસી પડે છે; અને સ્વર્ગ પણ સંસારી જીંદગીની પેઠે એક માયા છે; જો કે ત્યાંનું સુખ પૃથ્વિપરના સુખ કરતાં અતી ઉત્તમ છે, તોપણ તે ઉત્તમ સુખપણ અંતે માયાવી છે અને તેનો છેડો આવે છે, અને માણસને ઘટતી આસાએસ અને આરામ મેળવીને ફરી પુનર્જન્મ લેવો પડે છે.

માત્ર જેઓ માયાના બંધનથી મોકળા છે, જેવા કે અર્હતો તથા દીક્ષીતો, તેઓને સ્વર્ગની કાંઇ અગત્ય રહેતી નથી; પરંતુ સાધારણ માણસ મરણ પછી તે સુખી અવસ્થા ભોગવી

પરમ હર્ષ પામે છે. પૂર્વ જન્મમાં જે જે દુઃખ ભોગવ્યાં હોય, તે સર્વે તે ભુલી જાયછે એટલુ જ નહીં પણ દુઃખ કે કષ્ટ શું છે તે પણ તે જાણતો નથી. જીવતાં જીવત જે જે સદ્ વસ્તુ મેળવવામાં તે નિષ્ફળ થયો હોય તે તેની પાસેજ હાજર હોય એમ, તેને, લાગે છે; દેવખાની (સ્વર્ગ ભોગવનાર) જે જે સદ્ ઇચ્છા મનમાં ધારે છે તે તેને તત્કાળ ફળીભૂત થાય છે; તેના અંતઃકરણમાં જે જે ઉત્તમ અને રૂડી લાગણીઓ અને આશાઓ હોય છે તે સર્વે સંતોષ પામે છે; અને પૃથ્વિપર જીંદગી ભોગવતાં જે જે કષ્ટ વેઠયાં હોય તેના બદલામાં સેંકડો વર્ષ સુધી સંપૂર્ણ સુખ ભોગવે છે. ટુંકમાં તે તેટલા કાળ પર્યંત સુખસાગરમાં નિમગ્ન રહે છે.

દેવખાનિક અવસ્થા આ રીતે એક જાતનું સુખી પણ લાંબુ સ્વપ્ન * છે; પણ એટલું છે કે આ અવસ્થા સ્વપ્નવત હોવા છતાં તેમાં આપણે અમુક કળા કે વિદ્યાનું વધુજ્ઞાન પ્રાપ્ત કરી શકીએ છીએ. જીવતાં જીવત જે સારી વિદ્યા કે મનશક્તિ ખીલવવામાં અતિ આગ્રહથી મથ્યા હોય, જેવી કે ગાયન કે ચિત્રકળા, કાવ્ય કે તત્વજ્ઞાન, વિગેરે, તો તેવી શક્તિઓ અને વિદ્યાઓ આપણે સ્વર્ગમાં વધુ ખીલવી શકીએ છીએ; કેમકે દેવખાનિક જીંદગી પૃથ્વિપરની જીંદગીની એક શુદ્ધ (પણ સ્વપ્નવત્) નકલ છે.

હવે જેઓ નાસ્તિક જડવાદીઓ છે, જેઓ આત્મા સ્વર્ગ વિગેરે કાંઇ માનતા નથી, તેઓને આ સ્વર્ગસુખનો લાભ મળતો નથી. તેઓનું મનસ્ બે જન્મ વચ્ચેનો અંતરકાળ અચેતનામાં કાઢે છે; ને તેટલો કાળ માત્ર ઉંઘમાં પડી રહે છે, અને તેને સ્વર્ગસુખનો કંઈ પણ અનુભવ મળતો નથી.

જ્યારે માણસ મરણ પામવાની અણીએ હોય છે ત્યારે તેના શરીરના સર્વે ભાગો કરતાં તેનું ભેજું સર્વથી છેલ્લું પોતાની ક્રીયા કરતું બંધ પડે છે. અને આ છેલ્લી ઘડીએ જન્મથી તે મરણ પર્યંતના સર્વે શબ્દો, વિચારો, કામો તેમની બારીકે બારીક વિગત સાથ દ્રષ્ટીએ પડે છે. એક ટુંક ક્ષણ સુધી તે સર્વજ્ઞાની થાય છે, અને આ ટુંક ક્ષણમાં જે જે કારણો તેની જીંદગીને દોરવતાં હતાં અને જે તેની જીંદગીના બનાવોનો ગુપ્ત પાયો હતો, તે સર્વે આબેહૂબ તેની નજરે પડે છે; તે પોતાનું સઘળું જીવનચરીત્ર તેના ખરા આકારમાં વાંચે છે, અને હવે તેના અંતઃકરણમાં કાંઇ પણ સંદેહ રહેતો નથી કે જે દુઃખો તેણે વેઠવાં પડયાં હતાં તે કાંઇજ નહીં પણ તેના પોતાના કરેલાં પૂર્વ કર્મના વાજબી પરીણામ હતાં કેટલાક શુદ્ધ અને સાધુ પુરૂષો એકજ જીંદગીનું વૃત્તાંત જોઇ શકે છે એટલુંજ નહી પણ તેઓને અનેક આગલી જીંદગીઓનું ભાન થાય છે, અને તેઓ કર્મિક નિયમનું સંપૂર્ણ વ્યાજબીપણું જોઇ શકે છે.

જેમ મરણ પછી માણસ પોતાની ભોગવેલી જીંદગીનું ચીત્ર જુએ છે, તેમજ દેવખાનિક અવસ્થા ભોગવીને જ્યારે જીવ પાછો પુનર્જન્મ લેવાની અણીપર હોય છે ત્યારે જે

---

* સ્વપ્નનો અર્થ કંઈ એમ સમજવાનો નથી કે એ અવસ્થામાં કંઇ સત્યતા નથી ખરી રીતે જોતાં આ સંસાર સ્વપ્નુંજ છે અને દેવલોકની અવસ્થા પણ એવુંજ સ્વપ્નુંજ સમજવું, નહીં કે તે મનની માત્ર કલ્પના

પ્રકારની જીંદગી તે ભોગવવાનો છે અને તે જીંદગીમાં જે જે કારણો કીયા કરતાં પરી તે સર્વેને તે જોતો થાય છે. તેનો 'સૂત્રાત્મા' સર્વે 'મોતી'ને દેખે છે, અને જન્મલેનાર જીવ ક્ષણુંવાર સર્વજ્ઞાની બને છે. સાધારણ માણસો આ પ્રમાણે પોતાના થયલા અને થનારા જન્મ શરીરનું જ્ઞાન માત્ર બેવાર, જન્મતી વેળાએ તથા મૃત્યુવેળાએ, ભોગવે છે. પરંતુ યોગીઓ અને સંત પુરૂષો જ્યારે ચોક્કસ હદ સુધી શુદ્ધ થાય છે ત્યારે તેઓને 'પૂર્વજન્મ સ્મૃતી' પ્રાપ્ત થાય છે, અને તેઓ પોતાના દરેક પૂર્વ જન્મના શરીરનું સંપૂર્ણ જ્ઞાન મેળવે છે.

વેદાંતમાં જીવને 'સૂત્રાત્મા' કહે છે; જેમ એક સૂત્ર કે દોરીમાં મોતી પોરવાય છે, તેમ આ જીવ–સૂત્રમાં અવતારો પોરવાય છે. જેમ મધમાખી દરેક ફુલમાંથી મધ ગ્રહણ કરી બાકીનું કીડાઓને માટે રહેવા દે છે તેમ જીવ (સૂત્રાત્મા) દરેક જન્મ અને અવતારમાંથી માત્ર શુદ્ધ અને સદ્વાસનાઓનો સંગ્રહ કરી ધ્યાન–ચોદાનની પદ્વી સંપાદન કરે છે. સ્વર્ગમાં સૂત્રાત્માને આ શુદ્ધ વાસનાઓજ વળગી રહે છે, અને તે ઉપરજ સ્વર્ગમાં મળતાં સુખના પ્રકારનો આધાર રહે છે માટે જે પુરૂષો આપસ્વાર્થિ અને પાપી હોય છે અને તે સાથ નાસ્તિક હોય છે, તો તેઓમાં આવી કાંઇ પણ શુદ્ધ વાસના હોતી નથી, અને તેથી એવા પુરૂષો સ્વર્ગ ભોગવ્યા વગર તુર્ત ફરીથી જન્મ લે છે અને પોતાના કર્મનું ફળ મેળવે છે. પણ એતો પણ એક વખત આવશે કે જ્યારે આવા પુરૂષો પોતાના જન્મ આમ અફળ કર્યા તે માટે અતિ પશ્ચાતાપમાં પડશે.

અત્રે દુગપાઓ (વામમાર્ગીઓ)ની સ્થિતિ વિશે થોડુંક જણાવીશું. માણસ કયે માર્ગે ચાલશે તે તેનાં હાથમાં છે સાધુઓ સન્માર્ગે ચાલી મોક્ષ મેળવવા માટે યત્ન કરતા રહે છે. સાધારણ માણસો અનેક લાલચો તથા વિષયોથી મોહ પામી, અજ્ઞાનમાં રહી, આમતેમ ડોલા ખાઇ સંસારચક્રમાં ભ્રમણ કરે છે. પણ આ ઉત્તમ અને મધ્યમ વર્ગ ઉપરાંત એક ત્રીજો અધમ વર્ગ છે. જેમ સાધુ પુરૂષ સદા સત્કર્મમાં મંડેલા રહે છે, તેમ આ અધમ પુરૂષો દુષ્ટ કર્મ કરવામાંજ રોકાયલા રહે છે. પરમાર્થ અને પરમાર્થિ પુરૂષો સાથે તેઓ તીવ્ર વેર રાખે છે, અને પોતાના સ્વાર્થ કે 'કામ' (હવસ) ને તૃપ્ત કરવામાં કદી બીજાનો વિચાર કરતા નથી. તેમના અંતઃકરણમાં સ્વાર્થજ રમી રહ્યો છે; સત્પુરૂષો જ્યારે પોતાના "મનસ્"ને શુદ્ધ કરી આત્મા–બુદ્ધિ સાથે યોગ કરવા ઇચ્છે છે, ત્યારે આ 'પાપ-પુરૂષો' પોતાના સર્વે મનસ તત્વને મલીન કરી આત્મા–બુદ્ધિથી વીયોગ પાડે છે. આ પાપ–પુરૂષો સકળ મેલી વિદ્યામાં પ્રવીણ હોય છે, અને પોતાનું સર્વે જ્ઞાન અને શક્તિ અનેક પ્રકારના દુષ્ટ કાર્ય કરવામાં વાપરે છે. "મનસ"માં જે કાંઇ શક્તિ છે તે શક્તિનો તેઓ કેવળ સ્વાર્થિ ઉપયોગ કરતા રહે છે, અને તેથી મરણ પછીની તેમની સ્થિતિ સાધારણ માણસોની પ્રેત સ્થિતિથી જુદા પ્રકારની હોય છે. મરણ પછી 'આત્મા–બુદ્ધ' તેમના 'મનસ' સાથનો સર્વે સંબંધ તોડી નાખે છે, આ 'મનસ્' 'કામ' સાથે જોડાઇ રહે છે. આપણે કહ્યું છે કે "મનસ'માં અમર રહેવાનો ગુણ છે; તેથી આ દુગપાઓના 'કામ–મનસ' તેમના મરણ પછી સદા જોડાઇને ચાલુ જીન્દ–

તરના અંત સુધી અમર રહે છે; ત્યાં સુધી પૃથ્વીપર તેઓ દુષ્ટ અસરો ઊપજાવતા રહે છે, અને પૃથ્વીપર લોકને ઊલટે માર્ગે દોરવવાને પોતાનું સર્વ સામર્થ્ય વાપરે છે. તેમના અધિકાર તળે કેટલાક વામમાર્ગિઓએ ભૂતાન વિગેરે દેશોમાં પાઠશાળાઓ પણ સ્થાપી છે, અને હજી પણ આ શાળાઓમાં મેલી વિદ્યાઓ શીખાડવામાં આવે છે આ પુરૂષોને મુક્તિ તો છેજ નહી, અને જ્યારે મન્વંતર પુરો થાય છે ત્યારે તેઓ સર્વે અધોગતિ પામે છે, અને 'અવિચિ' નામની એક અતી ત્રાશદાયક અવસ્થામાં અટવાઇ અટવાઇને અંતે નાશ પામે છે. પણ કેટલીકવાર એમ પણ બને છે કે આ દારૂણ અવસ્થા ભોગવતાં તેમનું કાંઇ પૂર્વે કરેલું રૂડું કર્મ તેમની સહાયે આવતાં તેમને અંતઃકરણનો પશ્ચાતાપ થઇ આવે છે, અને સદા દયાળુ કુદરત તેમને ફરી સંસાર ચક્રમાં ફરતા કરી ફરી મોક્ષ માટે તેમને તક આપે છે. સકળ કુદરતની નેમ શુદ્ધિ તરફ છે, અને કુદરત સર્વે પ્રકારે સર્વેને શુધ્ધિ પ્રાપ્ત કરવા પુરતી જોગવાઇ કરી આપે છે.

પુરાણોમાં સુર અસુર આદિની ઊત્પત્તિ વિશે જણાવ્યું છે તેની હવે તપાસ કરીશું. વિષ્ણુ પુરાણમાં દેવાદિક સર્ગનું વર્ણન આપતાં કહે છે કે, "આ રીતે પ્રભાત, રાત્રિ, દિવસ અને સંધ્યા એ ચાર વિભૂદેવ બ્રહ્માના ત્રિગુણમય શરીર છે" * રૂષિ પરાશર સમજાવે છે તેમ જ્યારે પણ બ્રહ્માને સૃષ્ટિ કરવા અને દેવથી આરંભીને તે સ્થાવર પર્યંત ચાર પ્રકાર [દેવ (ધ્યાન ચોહાન), અસુર, (પિતર, અને મનુષ્યો]ની પ્રજાઓ સરજવાને ઇચ્છે છે, ત્યારે બ્રહ્મા 'પોતાના આત્માનો જળમાં યોગ કરે છે". આ જરા આશ્ચર્યકારક છે કે બ્રહ્મા દેવોની પેહેલાં અસુરોને સરજે છે. પણ જ્યારે વિચારીશું કે ગુપ્તજ્ઞાન પ્રમાણે "મહત્", જે પરબ્રહ્મ વા ગુમસત્ત્વ વા પરમાત્માનું પ્રથમ વાચકરૂપ છે, તે સ્વચૈતન્ય, અહંકારનું મુળ છે, ત્યારે જણાશે કે આ અસૂરો જે ખરેખર હુંપણું જણાવતું ચંચળ (માનસિક) તત્વ છે તેઓ (મહત અને મહત ધરાવનાર અસૂરો) સ્રષ્ટાના જાણે "પ્રબળ પુત્ર" છે. "આત્માનો યોગ કર્યો છે જેણે એવા સરજવાને ઈચ્છતા બ્રહ્માના તમો ભાગનું આધિક્ય થતાં જઘન થકી પહેલા અસુર ઉત્પન્ન થયા. પછી તે તમો ભાગવાળા દેહનો ત્યાગ કરતાં તે રાત્રિરૂપ થયો". અત્રે એ વિષયપર ધ્યાન આપવાનું છે. વેદમાં અસૂર શબ્દ અતિ શ્રેષ્ટ અર્થમાં વાપર્યો છે; અસૂરનો ધાતુ 'અસુ' શ્વાસ છે, અને અર્થ પારસીઓનો 'અહુર' પરમાત્મા, એ થાય છે, પણ પછીના કાળમાં અસૂરનો ધાતુ અ=નહી અને સૂર=દેવ એવો કરવામાં આવ્યો, અને આ અર્થ લેતાં તેમને સૂર વા દેવતાઓના શત્રુ જણાવ્યા છે. (કેમકે જ્યારે કેટલાક દૈત્યો અને રાક્ષસો પવિત્રાઇ મુકી પાપી કર્મ આચરતા ગયા ત્યારે આ 'અસૂર' શબ્દ વખત જતાં હલકો પડી ગયો) બીજું આ કે દરેક ધર્મમાં સૃષ્ટિસર્ગનું વર્ણન આપતા રાત્રીને દિવસની પૂર્વે મુકે છે. હવે સૃષ્ટિ ત્રણ પ્રકારની છે —અધ્યાત્મિક (અરૂપ) સૃષ્ટિ, આધિદૈવીક સૃષ્ટિ, અને આધિભૌતિક સૃષ્ટિ. હવે અધ્યાત્મિક સૃષ્ટિનો અનંત પ્રકાશ સાધારણ સમજવાળાં માણસો માટે જાણે "કાળાશ" માટે રાત્રીને પ્રથમ મુકી છે.

* ચાર શરીર અને બીજા ત્રણ આ સાતનો બ્રહ્માંડ તથા પિંડના સાત તત્વો સાથે પાધરો સંબંધ છે.

પછી "સૃષ્ટિ કરવાને રાચતા બ્રહ્માદિવસરૂપ દેહ ધારણ કરી મુખથી સત્વગુણના આધિક્યવાળા દેવો ઉત્પન્ન કર્યા. વાસ્તે અસૂરો ગત્રે બળવાન અને દેવતાઓ દીવસે બળવાન છે. (આ બળવાન હોવાની વાત માત્ર અલંકારી ભાષા છે). પછી કેવળ સત્વગુણનોજ બીજો દેહ ધારણ કરી તેમના પડખામાંથી પિતરો થયા, કેમકે તે ક્રિયાકાળે બ્રહ્માએ 'પોતાને જગતના પિતા તુલ્ય. માન્યા' ‡ (એટલે કે બ્રહ્માએ ક્રીયા શક્તિનો ઉપયોગ કર્યો). તે શરીરનો ત્યાગ કરતાં તે ત્યાગ કરેલું શરીર દીવસ અને રાત્રિના અંતરમાં સ્થિતિ છે જેની એવું સંધ્યારૂપ બની ગયું. પછી બ્રહ્માએ બીજો રજોગુણરૂપ દેહ ધારણ કરતાં તેમાંથી રજોગુણ ઉન્મત્ત એવા મનુષ્યો થયા. તે કાયાનો પણ ત્યાગ કરવાથી તે પ્રભાત વા પ્રાતઃ સંધ્યારૂપ બની રહી;" (એટલેકે માણુસ જાતની પ્રભાત) અત્રે 'બ્રહ્મા' એટલે 'પિતર' પિતા, એ સર્વે પીતૃઓનું સામાન્ય નામ જાણવું.

હવે આ કથાનો ખરો ગુપ્ત અર્થ જાણવો જોઇએ. 'બ્રહ્મા' એટલે વિશ્વ તથા મનુષ્યોને, સકળ સ્થાવર જંગમ સૃષ્ટિને ઉત્પન્ન કરનારાઓને દર્શાવનારો સામાન્ય શબ્દ છે. તે સર્વે પ્રજાપતી છે; અને તેના ચાર શરીર એ માત્ર ચાર પ્રકારના પ્રજાપતીઓ, ધ્યાન ચોહાનો,--દર્શાવે છે. હવે બ્રહ્માના ચાર શરીરના ભેદ સ્પષ્ટ સમજ્યાથી જગતમાં રૂડું માઠું, ભલાઇ બુંડાઇ, વિગેરેની ખરી ફીલસુફી ખુલ્લી પડશે. ખ્રિસ્તીઓ માને છે કે પ્રથમ સેતાન અને તેના સાથીઓ ઉત્પન્ન થયા. વળી ખ્રિસ્તીઓ બીજા સર્વે ધર્મના દેવતાઓને પણ સેતાનના સોબતી ઠરાવી બેસાડીને દાવો કરવા લાગ્યા અને કહે છે કે સત્ય માત્ર તો ખ્રિસ્તી ધર્મમાંજ છે. જેમ પુરાણમાં અસૂરોને દેવતાઓ સામે લડતા જણાવ્યા છે તેમ સર્વેથી મોટા અને પરમાર્થી ધ્યાન–ચોહાનને ખ્રિસ્તીઓએ પોતાના ઇશ્વરનો શત્રુ ઠોકી બેસાડયો છે, પણ આપણે જોયું છે કે પારસી ધર્મમાં 'અહુર' (અસૂર)નું સર્વોપરીપણું દર્શાવી અસૂરોને તેમની ખરી પદ્ધી આપી છે, તેજ પ્રમાણે કાલ્ડયા, એસીર્યા વિગેરે દેશોમાં મળી આવતાં પ્રાચીન પુસ્તકો વડે "સેતાન"નો ખરો અર્થ માલમ પડતો જાય છે. હવે પુરાણમાં કહે છે કે અસૂરોને સ્વર્ગમાંથી પૃથ્વિપર પાડયા; એટલે કે તેઓ માત્ર આજ કારણને લીધે પૃથ્વિપર જન્મ લેવા લાગ્યા કે તેમ કર્યાથી પ્રકૃતિના સંબંધમાં આવી સર્વે અનુભવ મેળવતા થાય.

હવે ચોક્કસ વસ્તુ ખરાબ કે ચોક્કસ વસ્તુ સારીજ છે એવું કાંઇ નથી. જો જગત ઉપર વિચાર કરીશું તો જણાશે કે કુદરતીજ છાયા અજવાળુ વિગેરે દ્વંદ્વ હોવાંજ જોઇએ; અને માણુસમાં જે સારૂં માઠું જોવામાં આવે છે તેનું કારણ તેના માણુસાઇ સ્વભાવમાં, તેના અજ્ઞાનમાં અને કામાદિ વિકારમાં મળી આવશે. તદન દુષ્ટ એવો કોઇ સેતાન કે અસૂર છેજ નહિ તેમજ સંપૂર્ણ શુદ્ધ એવો ફરેશ્તો કે ધ્યાન-ચોહાન પણ છેજ નહી.

---

‡ હું આ કે પેલો છું એમ વિચાર કરવો એજ હરેક ઇંદ્રજાળ કે ચમત્કારીક પ્રયોગોમાં મુખ્ય ભાગ ભજાવે છે. જો એક પુરૂષ દ્રઢ અને તીવ્ર ઇચ્છાથી ધારે કે પવત પડો તો તેમ બન્યા વગર રહેતું નથી. પણ જેમ પવનચક્કી પવન વગર ચાલતી નથી, તેમ દ્રઢ ઇચ્છા અને સંકલ્પ વગર કાંઇપણ પરીણામ નીપજતાં નથી.

આ અસૂરોએ ત્રીજી માણુસ જાતના 'અ-મનસ' માણુસોમાં અવતરીને તેમનામાં "મનસ્" મુક્યું. તે કાળના પ્રાણીઓ પણ વિચિત્ર પ્રકારના હતાં. વિષ્ણુ પુરાણમાં વાંકુંગમન વાળો તિર્યક સ્રોત સર્ગ જણાવ્યો છે. "એ સર્ગમાં અઠાવીશ વધ (૧૧ ઇંદ્રીયો + ૯ તુષ્ટીયો + અને ૮ સિદ્ધિઓ) યુક્ત અંતરમાં સુખદુઃખને જાણવાવાળા પરંતુ પરસ્પરની ગતિથી અજાણ્યા એવા વિખ્યાત પશ્વાદીક ઉત્પન્ન થયા". આ ૨૮ વધ હાલના પ્રાણીઓને લાગુ પડતા નથી; કહ્યું છે કે ' પ્રથમ પાંચ પ્રકારનો સ્થાવર રૂપ સર્ગ (ખનિજ અને વનસ્પતિ વર્ગ) ઉત્પન્ન હવો; પછી તિર્યક સ્રોર્ત નામના વિચિત્ર પશ્વાદિ આવ્યા; પછી ઉર્ધ્વસ્રોત્ર, અધિક સુખ અને પ્રોતીવાળા અમૃતપાન કરનારા દેવ પ્રગટ થયા; છેવટે અર્વાક સ્રોત પુરૂષાર્થને સાધી શકે એવા મનુષ્યો થયા જે બ્રહ્માનો સાતમો સર્ગ કહેવાય છે." પણ આ સર્ગ ગમેત્યાં થયા હોય પણ આ પૃથ્વીપર તો નહીજ; કેમકે આ પૃથ્વીપર બ્રહ્માએ નહી, પણ મહાભાગ દક્ષ પ્રજાપતીએ બ્રહ્માની આજ્ઞાથી પ્રજોત્પત્તિને અર્થે "નીચ ઉંચ (વર અને અવર) બે પગવાળા (મનુષ્યો) અને ચારપગવાળા (પશુ)ને ઉપજાવ્યાં" અને પછી "સમાવિયુક્ત કન્યાઓને અજતો હવો," એટલે કે પુરૂષત્વ અને સ્ત્રીત્વ બન્ને સાથે ધરાવતા એવા મનુષ્યોને છુટાં પાડયાં, અને પુરૂષો અને સ્ત્રીઓ જુદાં જુદાં જન્મવા લાગ્યાં. જેમ પુરાણમાં કહ્યું છે તેમ 'દક્ષથી આરંભીને મૈથુન સૃષ્ટી થવા માંડી', અત્રે નોધી લેવું જોઇયે કે ગુપ્તજ્ઞાનમાં જણાવ્યા પ્રમાણે મનુષ્યોની ઉત્પત્તિ પછી સ્તનવાળા ચાર પગાળાં પ્રાણીઓ ઉત્પન્ન થયાં. પુરાણમાં અસૂરોને "રાત્રીરૂપ શરીરમાંથ " જન્મતા દેખાડયા છે, અને પિતરોને "સંધ્યા રૂપી શરીરમાં થી" નીકળતા જણાવ્યા છે, અને રૂષી પરાશરે દેવતાઓને "દિવસરૂપી દેહમાંથી" ઊત્પન્ન થતા જણાવ્યા છે, તે વિશે જાણવુ કે જાણી જોઇને આ સર્ગોનો ક્રમ ઊલટસુલટ કરી મુકયો છે. જે આર્વાક સ્રોત સર્ગ "પ્રભાતરૂપી શરીરમાંથી" આવે છે તે મનુષ્યો જાણવાં; અને વળી મનુષ્યો વિશે બોલતાં કહે છે કે બ્રહ્માએ "કપિલ (પીળા) વર્ણના, ભયંકર માંસહારી ક્રોધમય પ્રાણીઓને નિર્મ્યાં, જેઓ ભૂત થયા"; આ માંસહારી ભૂતો ત માણુસ સમજવા. પણ રાક્ષસો જેઓને દેવોના શત્રુ જણ.વ્યા છે તે અસૂર જાણવા. સીતાની શોધ કરતી વેળા હનુમાન જ્યારે લંકાનું અવલોકન કરે છે ત્યારે તે કેટલાક કદરૂપા પણ તે સાથ કેટલાક સુંદરમુખવાળા રાક્ષસોને પણ જુએ છે, અને વિષ્ણુ પુરાણમાં એક ઇસારો પણ છે કે તેઓ માણુસ જાતના (બ્રહ્માના) તારનાર છે. આ કથા ઘણા ચતુરાઇથી ગોઠવી છે. તીક્ષ્ણબુદ્ધ અને બહુધા જ્ઞાન સંસારમાં બે ધારની તરવાર થઇ પડે છે; ભલું તેમજ બુરૂ ઉત્પન્ન કરવાનું હથીયાર થઇ પડે છે. જો આવી બુદ્ધિ અને જ્ઞાન સાથ સ્વાર્થ જોડાય છે, તો તે પુરૂષ મોટાઇ પ્રાપ્ત કરવા અને પોતાનોજ અર્થ સાધવા સકળ માણુસ જાતને પોતાનો પાદ-પીઠ બનાવે છે; પણ જો તીક્ષ્ણ બુદ્ધિ અને અતિજ્ઞાન સાથે પરમાર્થ જોડાય છે, તો તે પુરૂષ વડે તેના ભાઇ જેવાં બીજા મનુષ્યો ઉદ્ધાર પામી શકે છે. પણ જો માણુસમાં બુદ્ધિ કે જ્ઞાન ન હોય તો તેને કેવળ પશુ તુલ્ય મુર્ખ જાણવો. 'બ્રહ્મા' એ 'મહત્' છે, અને આ બીજેજ જે અતિ સ્વાર્થિ થાય

સો હતા તેઓ "બ્રહ્માનો ભક્ષ કરવાને' સફળ 'મહત્' ધરાવવાને, ઇચ્છા કરવા લાગ્યા. ગુપ્તજ્ઞાન પ્રમાણે આ અસૂરો, રૂદ્રો, રાક્ષસો વિગેરે તેજ જીવો છે કે જેઓ મનસ રહીત્ત્રીજું માણસ જાતમાં અવતરીને તેમનામાં મનસ અને અમરત્વ મુક્યું. આ અવતાર ચક્રમાં (જ્યાં સુધી તેમણે અવતાર લેવા પડે છે ત્યાં સુધી) તેઓ મનુષ્યોના દ્વિમુખી દીવ્ય તત્વ, મિત્ર કે શત્રુ—બની રહે છે.

પિતરોએ આપણા શરીરો અને હલકાં તત્વો ઉત્પન્ન કર્યાં: એટલે કે તેઓજ આપણ છીયે, અને આપણે આ પિતરોજ છીએ. પણ આપણામાં ચેતન્ય અને અમર 'મનસ' મુકનાર સૂર્યના 'પરનિધાન' ધરાવનાર નાથો—ધ્યાનીઓ—છે. માટે આ 'મનસ્' ધરાવનાર નાથોએ તે યોગી-વર્ગ ઉત્પન્ન કર્યો છે કે જે વર્ગ પરનિધાન (સદા દ્રઢ રહેનારી ભક્તિ)ને યોગનો પાંચમો અંગ ગણે છે. તેઓ સર્વેના માનસ, રાજસ, કુમાર અસૂરાદિ નામો છે. પિતૃગણના સાત પ્રકાર છે, ત્રણ અરૂપ અને ચાર રૂપવાન; અને તેઓના બે વર્ગ છે, અગ્નિષ્વાત્ત અને બર્હિષદ. વળી આ અગ્નિષ્વાત્ત તથા બર્હિસદ પિતરોના કેટલાક ઉપવર્ગ પણ છે બર્હિષદ પિતરો લિંગ શરીર ઉત્પન્ન કરી 'અત્રી'ના પુત્ર થઇ ફરી જન્મે છે, અને તેઓને અસૂરો, દેહધારી પ્રાણીઓ, પૂજે છે. અગ્નિષ્વાત પિતરો 'મારીચી'ના પુત્ર થઇ ફરી અવતરે છે. વાયુ પુરાણમાં કહે છે કે આ સાતે પ્રકારના પિતરો તે સર્વેથી પેહેલા વેરાજ નામના દેવતાઓ છે, અને તેથી બીજા દેવતાઓ તેમની પુજા કરે છે; પણ હરિવંશમાં વેરાજ પિતરોને આ સાતમાંનો એક પ્રકારજ જણાવે છે, અને આ મત સાથે ગુપ્તજ્ઞાન મળતું થાય છે અને ઉમેરે છે કે આ વેરાજ પિતરો તેજ વૃદ્ધ અગ્નિષ્વાત્ત અને રાજસ વા અભૂત રાજસ (જેઓ અરૂપ છે) પિતરો છે. 'રૈવત મન્વતરમાં સંભૂતિ નામે સ્ત્રીમાં મનસ દેવોની સાથે માનસ નામે ઋષિ અવતરયા". સંભૂતિ એ દક્ષની કન્યા અને મારીચિની સ્ત્રી; મારીચિ અગ્નિષ્વાત્ત પિતરોનો પીતા છે, જેઓ રાજસ અને માનસ પિતરો સાથ જોડાયલા રહે છે. વેરાજ એ સર્વે માનસ-પુત્રો કહેવાય છે, અને વીરાજ એ બ્રહ્મા છે, અને તે માટે અરૂપ પિતરો વીરાજના પુત્રો હોવાથી વૈરાજ કહેવાય છે.

એક ચોક્કસ ગુપ્ત વર્ગના દેવોના નામ દરેક મન્વંતરે બદલાય છે. કલ્પના આરંભમાં બ્રહ્માએ ૧૨ જયદેવોને સૃષ્ટિ સરજવાના કાર્યમાં પોતાને સહાય આપવા માટે ઊત્પન્ન કર્યા; પણ તેઓ સમાધિયુક્ત થઇ, પ્રજા ઊત્પન્ન કરવાનું ભૂલી ગયા, અને તે માટે બ્રહ્માએ તેમનેસાત મન્વંતર પર્યંત પુનઃપુનઃ અવતાર લેવાનો શ્રાપ આપ્યો; તેઓ આ લીધે કલ્પે કલ્પે અજિત, તુષિત, સત્ય, હરિ, વૈકુંઠ, સાધ્ય, અને આદિત્ય કહેવાયા આજ દેવો રાજસ અને મનસ પિતરો છે અને આજ દેવો આપણા અવતાર લેતા ધ્યાન-ચોહાનો છે. તેઓ સર્વે જુદા જુદા વર્ગના જ્ઞાન-દેવો છે. જ્યારે યક્ષ, ગંધર્વ, કીન્નરાદિ અંતરિક્ષ કે આકાશમાં વસે છે, ત્યારે બીજાઓ શુદ્ધ જ્ઞાન-દેવતાઓ હોય છે, અને આદિત્યો, વેરાજો, કુમારો, અસૂરો, અને સર્વે મનસ્વીન દેવો આ જ્ઞાન-દેવતાઓના વર્ગના છે, અને તેઓ આગળ ચાલતાં માણસોને શુધ્ધ અને જ્ઞાની પુરૂષો બનાવશે.

પિતરોના જે સાત પ્રકાર કહ્યા છે, તેમાં પેહેલા ત્રણ પ્રકાર અરૂપ છે અને મનસ ધરાવે છે, જ્યારે બાકીના ચાર રૂપવાન અને મનસ રહીત છે. હવે પેહેલા ત્રણ પ્રકાર એજ "રાત્રી રૂપ દેહમાંથી" ઊત્પન્ન થયલા અસૂરો જાણવા, અને બાકીના ચાર પ્રકારના પિતરો "સંધ્યા રૂપી દેહમાંથી" નીકળ્યા. પુરાણમાં આ કથાઓ પણ જાણી જોઇને ગુચવી નાખી છે; એકમાં કહે છે કે પિતરો એ દેવતાના પુત્રો છે; બીજીમાં કહે છે કે પિતરો બ્રહ્માના પુત્રો છે; અને ત્રીજી કથામાં તેમને તેઓના પોતાના પીતાના શીક્ષક જણાવ્યા છે. હવે માણસને જે પિતરો પૃથ્વીપર પ્રથમ ઊત્પન્ન કરે છે તે આ નીચલા આકારવાન ચાર પ્રકારના પિતરો છે.

હવે અગ્નિષ્વાત પિતરોને ગુપ્ત જ્ઞાનમાં અગ્નિ–ધ્યાનીઓ કહ્યા છે, અને તેઓ ધ્યાન ચોહાનિક શરીરનું જાણે 'અંતઃકરણ' છે. આ અગ્નિ-ધ્યાનીઓએ, આ અસુરોએ, * માણસમાં "મનસ્" મુકયું, અને બાકીના ચાર પ્રકારના પિતરોએ તેનું શરીર ઊત્પન્ન કર્યું જે સૂરો કે દેવતાઓ માત્ર આંધળી ભક્તિરૂપી પાયાવાળી વૃથા કર્મ કીયા કરતા રે કે દેવતા સામે યુદ્ધ કરીને પોતાની માનસિક સ્વતંત્રતા મેળવે છે, તેઓ લાગલા અ–સૂર કહેવાણા બ્રહ્માના પેહેલા માનસ પુત્રો પ્રજા ઉત્પન્ન કરવા ના પાડે છે અને બ્રહ્મા તેમને મનુષ્ય અવતાર લેવાનો શ્રાપ આપે છે. આ મનસ ધરાવતા અરૂપ પિતરો (અસૂરો) માત્ર કર્મ તથા વિશ્વ ક્રમના નીયમને લીધેજ પૃથ્વીપર અવતાર લેવા લાગ્યા. તેઓ યોગભ્રષ્ટ થતાં પૃથ્વિપર રાજા કે રૂષિ થઇ શ્રીમંત કે બ્રહ્મનિષ્ટ કુળમાં જન્મવા લાગ્યા અને તેઓએ પ્રજા ઉત્પન્ન કરવા ના પાડી તેનું કારણ આ કે તેઓ આગલા મન્વંતરના યોગીઓ અને અર્હતો હતા, અને તેથી તેઓને બ્રહ્મચર્ય વધારે અનુકુળ હતું; (આ એક ભેદ છ). હવે જેઓએ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા માન્ય કરી તેઓ બર્હિષદ પિતરો છે, જેઓ રૂપ ધરાવતા હોવાથી પોતામાંથી માણસો ઉત્પન્ન કર્યાં, એટલે કે તેઓ પોતેજ માણસની પેહેલી જાત બની રહ્યા હિંદુઓ કહે છે કે બર્હિષદ પિતરો પૂર્વજન્મમાં ગ્રહસ્થાશ્રમ પાળી ગાર્હપત્ય અગ્નિની સંભાળ રાખતા, પણ અગ્નિષ્વાત્ત પિતરો તે પ્રમાણે ચાલતા ન હતા, અને તેથી જ્યારે બર્હિષદ પિતરોના શ્રાદ્ધ હજી થાય છે ત્યારે અગ્નિષ્વાત્ત પિતરોના શ્રાદ્ધ કરવામાં આવતા નથી; આ સંધે પેહેલાને અગ્નિ સહીત અને છેલ્લો અગ્નિ રહીત જણાવ્યા છે પણ ગુપ્તજ્ઞાન પ્રમાણે અર્થ જુદોજ છે. અગ્નિષ્વાત્ત પિતરો (કામિક) અગ્નિથી રહીત છે, કેમકે તેઓ અતિ શુદ્ધ અને જ્ઞાની છે; જ્યારે બર્હિષદ પિતરો શરીર ઉત્પન્ન કરનાર કામાગ્નિ ધરાવતા હોવાથી પોતાના સૂક્ષ્મ દેહમાંથી માણસોને ઉત્પન્ન કરી શકે છે. કહ્યા છે કે "પૂર્વે બ્રહ્માએ સનન્દનાદિને અજ્યા હતા. તેઓ પ્રજોત્પત્તિ વિશે આસક્ત ન થયા અને પ્રજા સર્જવાની દરકાર ન રાખો, કારણ તેઓ જ્ઞાની, વીતરાગી અને મત્સર રહિત હતા. લોક સૃષ્ટિ કરવામાં તેમને એવા નિરપેક્ષ જાણી મહાત્મ બ્રહ્મ ને મહા ક્રોધ ઉપજ્યો" આ પછી બ્રહ્માએ મરીચી, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, અને વસિષ્ઠ (જેને બદલે કેટલીકવાર દક્ષ નામ આવે છે) એમ સાત માનસ–પુત્રો(સ

---

* વેદમાં વરૂણ, ઇંદ્ર, તથા અગ્નિ ને "અસૂર" સૌથી ઊત્તમ 'અસુ' (શ્વાસ) કહ્યા છે

કલ્પથી ઉત્પન્ન કરેલા પુત્રો) ઉત્પન્ન કર્યા. આ સાત ત્રીજા મન્વંતરના સપ્તર્ષિ કેહેવાય છે. ત્રીજો મન્વન્તર એટલે આપણી પૃથ્વીના હારપર આપણો ત્રીજો ફેરો, અથવા આ ચાલુ ચોથા ફેરાની ત્રીજી મુખ્ય માણસ જાત અને તેની ઉપજાતીઓ, એવો અર્થ લેવો. આ પ્રજાપતીઓ સૃષ્ટિ ઉપર સર્વે પ્રાણીઓને ઉત્પન્ન કરે છે. આ ઉપરથી જણાય છે કે અગ્નિષ્વાત્ત પિતરો (બ્રહ્માના સનકાદિ માનસ-પુત્રો)માં, કામાગ્નિ ન હોવાથી અને તેઓ વળી અરૂપ હોવાથી, તેમને કુમાર વિગેરે નામથી જણાવવામાં આવે છે.

ખંડ ૪.

મેડમ બ્લાવાત્સ્કીએ 'ગુપ્તજ્ઞાન" નામના જે બે પુસ્તકો પ્રગટ કર્યાં છે અને જેમાંથી આર્યધર્મને લગતા સર્વે વિષયો આ પુસ્તકમાં તારવી કાઢ્યા છે તે બન્ને પુસ્તકો "ઝ્યાન-ગ્રંથ" નામના પ્રાચીન ગ્રંથમાંના કેટલાક શ્લોકો ઉપર ટિપ્પણરૂપી ભાષ્ય છે. "ઝ્યાન" સંસ્કૃતમાં 'ધ્યાન" થાય છે. "ધ્યાન" એટલે મનન તથા જ્ઞાન વડે ચિત્ત શુદ્ધ કરવું." "આ ઝ્યાન-ગ્રંથ"માંથી કેટલાક ચુંટી કાઢેલા શ્લોકો "ગુપ્ત જ્ઞાન"ના બન્ને પુસ્તકોના આધાર ભૂત છે; માટે આ શ્લોકોનું ભાષાંતર થોડીક સમજણ સાથ નીચે આપીએ છીએ.

વિશ્વોત્પત્તિ.

પેહેલી કડી પ્રલય કાળમાં સૃષ્ટિ વ્યક્ત થઇ તે પૂર્વેની બ્રહ્માવસ્થાનું વર્ણન આપે છે. એક ઘડી પર્યંત વીચાર કરતાં જણાશે કે આવી અવસ્થાનું વર્ણન આપવું કેવળ અશક્ય છે, આવી અવસ્થા માત્ર અલંકારો વડે સમજાવી શકાય અને તે પણ વેદની પ્રસિદ્ધ રીતે નેતિ નેતિ તે આ નથી, તે આ નથી, એવી રીતે સમજાવી શકાય. કેમકે તે કૈવલ્યની અવસ્થા છે, કેવળ નિર્ગુણ છે; અને કૈવલ્યમાં સર્વે ગુણોનો નકાર કર્યાથીજ તે દર્શાવી શકાય છે.

બીજી કડીમાં જે અવસ્થાનું વર્ણન કર્યું છે, તે પેહેલી કડીમાં જણાવેલી અવસ્થાને લગભગ મળતી છે. આ સઘળી કડીઓનો અર્થ વાંચનારે પોતાની અંતર શક્તિઓ વડે સમજવાનો પ્રયત્ન કરવો.

ત્રીજી કડી પ્રલય કાળ પછી સૃષ્ટિ સર્ગના આરંભનું વર્ણન આપે છે. તે પ્રલયમાં લય પામેલા જીવોને જાગ્રત થતા દેખાડે છે; જીવ એટલે સૂક્ષ્મમા સૂક્ષ્મ પરમાણુ કે મહાનમાં મહાન સૂર્ય મંડળ.

ચોથી કડી વિશ્વના "મધ્ય બિંદુ"માંથી ધ્યાન-ચોહાનોના 'સાત'વર્ગો જેઓ અદ્વૈત પરમ-શકિતના રૂપો છે તેમને પ્રગટ થતા દેખાડે છે. તેઓ વિશ્વમાં સર્વે પ્રગટ પદાર્થના ગોઠવનાર, ઘડનાર,' અને ઉત્પન્ન કરનાર છે. તેઓ વિશ્વનું 'મહત્' છે, અને વિશ્વને લઇ ચલાવે છે. તેઓ પ્રગટીકરણની વ્યવસ્થા કરી તે ઉપર કાબુ ધરાવે છે, અને જેમને આપણે "કુદરતના કાયદા" કહીએ છીએ તે કાયદાઓનો મૂળ નિયમ પોતામાં સમાવે છે. તેમનું સાધારણ નામ 'ધ્યાન-ચોહાન' છે, જો કે ગુપ્તજ્ઞાનમાં તેમના જુદા જુદા વર્ગોના જુદાં જુદાં નામ છે. સૃષ્ટિ-સર્ગની આ પાયરીને પુરાણમાં 'દેવ-સર્ગ કહે છે.

પાંચમી કડીમાં ગ્રહોની બંધામણી દર્શાવી છે:—પ્રથમ "વિશ્વીક ધુળ' દહીની પેઠે વેરાઈ જાય છે, પછી પ્રકાશીત "વટોળીઆ" રૂપ બની રહે છે. અને આ ગ્રહોની પ્રથમ સ્થિતિ છે. આ "વટોળીઓ" ધાડો થવા માંડે છે, અને અનેક પ્રકારના ફેરફારોમાંથી પસાર થઇ છેવટે સૂર્ય મંડળ, કે ગ્રહ-હાર, કે એક છુટો ગ્રહ કે ગોળો બની રહે છે.

છઠ્ઠી કડીમાં ગ્રહો બની રહ્યા પછીની તેમની સ્થિતિનું વર્ણન આપ્યું છે, જે સૃષ્ટિસર્ગનું વર્ણન વર્તમાનકાળ સુધી લાવી મૂકે છે.

સાતમી કડી આ વર્ણન ચાલુ રાખી ગ્રહ ઉપર જીવો પ્રથમ ઉતર્યા ત્યારથી તે માણસ જાતના પેહેલા દેખાવ પર્યંતનો ઇતિહાસ આપે છે, અને ગુપ્તજ્ઞાનના પેહેલાં પુસ્તકને સમાપ્ત કરે છે.

આ ચાલુ કલ્પમાં આ પૃથ્વિ ઉપર માણુસજાતના પેહેલા દેખાવથી તે હાલમાં તેમની વર્તમાન સ્થિતિ પર્યંતનુ માણસની વૃદ્ધિનું વર્ણન પછીની બાર કડીમાં આપ્યું છે. પેહેલી સાત કડી વિશ્વોત્પત્તિનું વર્ણન આપે છે. ત્યારે પછીની બાર કડીઓ મનુષ્યોત્પત્તિનું વર્ણન કરે છે

કડી ૧.

૧ અનંત માતા (વ્યોમ) પોતાના સદા અણુદીઠ એવા વસ્ત્રમાં વિંટલાઇને ફરી સાત કલ્પ પર્યંત નિંદ્રાવસ્થા ભોગવતી હતી.

૨. કાળ હતો નહિ, કારણકે તે હજી અનંતના હૃદયમાં સૂતો પડેલો હતો.

૩. "મંહત" હતું નહિ, કારણકે તે ધરાવવાને (એટલે કે પ્રગટ કરવાને) કોઇ "અહીં" (ધ્યાન-ચોહાનો) હતા નહિ.

૪. પરમાનંદ (મોક્ષ વા નિર્વાણ) પ્રત્યે જવાના સપ્તમાર્ગ હતા નહિ, દુઃખના મહા

કારણો (નિદાન અને માયા) હતા નહિ, કારણ કે તેમને ઉત્પન્ન કરવાને અને તેમનાથી મોહ પામી જવાને કોઈ હતું નહિ.

૫. અનંત વ્યોમમાં સર્વત્ર અંધકાર માત્ર હતો, કારણકે પીતા, માતા અને પુત્ર ફરી એકવાર એકત્ર થઇ ગયાં હતાં, અને પુત્ર નવાં ચક્ર (કલ્પ) માટે અને તે મધ્યે પોતાની મહા યાત્રા માટે હજી સજાગ્રત થયો નહોતો.

[પીતા' એટલે પુરૂષ, 'માતા' એટલે પ્રકૃતિ; અને 'પુત્ર' એટલે વિશ્વ, જે સર્વ બ્રહ્મમાં લીન પામ્યાં હતાં.]

૬. સાત દીવસ, દેવતાઓ (ધ્યાન-ચોહાનો) અને સપ્ત સત્યો હસ્તીમાં હતાં નહિ, અને વિશ્વ-સંસાર ચક્રનો પુત્ર-પરનિર્વાણ (સંપૂર્ણ શુદ્ધાવસ્થા)માં લીન થયલું હતું, અને જે છે અને તોપણ જે નથી (એટલે કે "**માહાશ્વાસ**") તેના શ્વાસમાંથી હજી બહાર પડવાનું હતું. સર્વ સુન્યમય હતું.

[હાલ સુધી માત્ર ચારજ કલ્પ પુરા થયા છે તેથી કહેવાય છે કે વેદ ચાર છે, અને માહા વાક્ય પણ ચાર છે. પણ સાત કલ્પ પુરાં થતાં સાત વેદ અને સાત મહાન સત્યો પ્રગટ થશે.]

૭. જીંદગીના કારણો (માયા તથા નિદાનથી ઉત્પન્ન થતી જીવવાની તૃષ્ણા) નાશ પામ્યાં હતાં;

દૃશ્યમાન જે હતું, અને દ્રશ્ય જે છે, તે અનંત અસત્‌માં, એટલે કે એકજ સત્‌માં લીન પામેલાં હતાં.

૮. "પ્રભાવપ્યાય' (એટલે જેમાંથી સર્વ ઉત્પન્ન થાય છે અને ફરી લીન પામે છે) એકલું, સર્વત્ર, અનંત, નિ:કારણ, સુષુપ્તિમાં ફેલાયલું હતું, અને જે સર્વવ્યાપક સત્‌ને "દંગમા" (જીવન-મુક્ત)ની ખીલેલી અંતર-દ્રષ્ટી જોઇ શકે છે તે સત્‌ મધ્યે અનંત વ્યોમમાં પ્રાણ ધડકી રહયો હતો.

૯. પણ જયારે વિશ્વનું અલય (પ્રધાન-પ્રકૃતિ) પરમાર્થ (કેવળ સત્‌ અને ચૈતન્ય) માં હતું અને મહા વર્તુલ (વિશ્વ) અનૂપાદક (અજન્મા) હતું, ત્યારે "દંગમા" કયાં હતો?

કડી ૨

૧. મન્વતરિક સંધ્યાના પ્રકાશીત પુત્રો, શીલ્પીઓ (ધ્યાનીઓ) કયાં હતા? અંધકારમાં પોતાના "અહી" (ધ્યાન-ચોહાનિક વા ધ્યાનીક-બુદ્ધિક) પરનિર્વાણમાં અરૂપ માંથી રૂપ ઉત્પન્ન કરનારા, વિશ્વના મૂળ-દેવમાતા (અદીતી) અને સ્વભાવત અસત્‌ના આનંદમાં લીન હતા.

૨. શાંતી ક્યાં હતી? તે પારખવાને કર્ણો ક્યાં હતાં? નહિ! શાંતી કે શબ્દ કાંઇ એ હતું નહિ, નિત્ય, અનંત શ્વાસ (મહાગતિ) જે પોતાને પણ જાણતો નથી તે શીવાય બીજું કાંઇએ હતું નહિ.

૩. કાળ હજી આવ્યો ન હતો; કીરણોએ હજી મૂળ ગર્ભઅંદરે પ્રવેશ કર્યો હતો નહીં; માતૃ-પદ્મ હજી વીકાસ્યું નહતું.

૪ એક કીરણને પ્રવેશ કરવા દેવાને અને પછી ત્રણ બની (પુરૂષ પ્રકૃતિ-વિશ્વ, પીતા માતા-પુત્ર) અને પછી ચતુરૂપે (પુરૂષ-પ્રકૃતિ વિશ્વ-અને પ્રાણ એ ચારરૂપે) માયાના ખોળામાં પડવાને હજી તેણીનું હૃદય ઉઘડયું નહતું.

૫ પ્રકાશની જાળમાંથી હજી સપ્ત (પુત્રો) જનમ્યા ન હતા. અંધકાર માત્ર પીતા માતા, "સ્વભાવત" હતું, અને સ્વભાવત (મુલ પ્રકૃતિ) અંધકારમાં હતું.

૬ આ બન્ને ગર્ભ-બિંદુ છે, અને તે બન્ને બિંદુ એકજ છે. દીવ્ય સંકલ્પ અને દીવ્ય હૃદય (બ્રહ્મ)માં વિશ્વ હજી ગુપ્ત છુપાયલું હતું.

કડી ૨

૧ સાતમાં કલ્પની છેલ્લિ ધ્રુજણી અનંત આકાશમાં ધડકી રહે છે. માતા-જગત યોનિ-પદ્મની કળી પેઠે અંદરથી ફૂલા બાહાર ઉપસવા માડે છે.

૨ આ ધ્રુજણી ઝડપથી ફેલાઇને પોતાની ઉતાવળી પાંખોવડે સકળ વિશ્વને અને અંધકારમાં રહેતા ગર્ભ-બિંદુને અડકે છે! આ અંધકાર (નારાયણ) જીંદગીના મંદજળ ઉપર (પ્રકૃતિ ઉપર) ગતિ કરી રહે છે.

૩ "અંધકાર" (બ્રહ્મ) પ્રકાશ પાથરે છે, આ પ્રકાશમાંથી એકજ કીરણ [દીવ્ય સંકલ્પ] જળ મધ્યે,--માતામાં, જઈ પડે છે. તે કીરણ શુધ્ધ અંડમાં પ્રવેશ કરે છે; આ કીરણના પેસવાથી અનંત અંડ ધડકવા માડે છે અને અનિત્ય (એટલે કાળાંતરે ઉત્પન્ન થતું) ગર્ભ--બિંદુ પાડે છે જે બિંદુ ઘાડું થઈને વિશ્વ--અંડ, બ્રહ્માંડ, બની રહે છે.

૪. (પછી) ત્રણ (ત્રીકોણ) ચાર (ચતુર્કોણ)માં પડે છે. પ્રકાશાંત દીવ્ય રસ માંહેથી અને બાહેરથી સપ્ત પ્રકારનો બની રહે છે. તેજસ્વી અંડ (હિરણ્ય ગર્ભ), જે પોતે ત્રણ છે (ત્રણ અવસ્થા રૂપે છે) તે દંહીં થઈ માતા (વ્યોમ)ના સર્વે કોતરોમાં દુધ જેવા ધોળાં દહીંરૂપે પથરાઇ જાય છે. (આકાશ-ગંગાના ધોળા પાટા સમાન); જીવ-સાગરમાં ઉગતું તે મુળ છે.

૫. મુળ (સત્વ, નિત્યસત્ય, બુદ્ધિ) રહે છે, પ્રકાશ (દીવ્ય સંકલ્પ) રહે છે, ફંહી (વિશ્વ બંધાવા માટે પકવેલાં પ્રકૃતિના પરમાણુઓ) રહે છે, અને તોપણ "ઓ-ઇ-અ-ઉ-હુ" (પરબ્રહ્મ) એકજ છે.

૬ અમૃત સાગરના હરેક ટીપાં મધ્યે જીવનું મૂળ હતું અને સાગરમાં પ્રકાશીત તેજ હતું જે તેજ અગ્નિ, ઉષ્ણુતા અને ગતિ હતી. અંધકાર દુર થયો, અને તે કયાંએ પણ જોવામાં ન આવ્યો. તે પોતાનાજ સ્વરૂપમાં, અગ્નિ તથા જળમાં, પીતા અને માતાના શરીરમાં સમાઇ ગયો.

["અંધકાર" એટલે પુરૂષ, અને "પ્રકાશ" એટલે પ્રકૃતિ એવો અત્રે અર્થ લેવો.]

૭. જો, હે લાનું (શિષ્ય, ચેલા)! તે બન્નેનું દેદીપ્યમાન બાળક, અતિ પ્રકાશીત તેજ, કાળા આકાશનો પુત્ર પ્રકાશીત આકાશ, જે મહાન કાળા જળની ઉંડાઇમાંથી બહાર આવે છે. તે નાનો "ઓ-ઇ-અ-ઉ-હુ" છે જેને તું હવે અવલોકિતેશ્વર રૂપે ઓળખે છે. તે સૂર્ય રૂપે પ્રકાશે છે. તે જ્ઞાનનો દેદીપ્યમાન દીવ્ય અજગર (ઇશ્વર) છે. એક એ ચતુર છે, અને ચતુર ત્રણ સાથ વિવાહ કરે છે, અને તેમના સંયોગથી સપ્ત બને છે, જે સપ્તમાં બીજા સાત છે કે જેઓ ત્રી-દસ (ત્રીશ) ઉત્પન્ન કરનારા ધ્યાનીઓના સમૂહો બની રહે છે. તેનો પડદો ઊંચકતો, પૂર્વથી પશ્ચિમ પર્યંત તે ઉઘાડતો જોતો જા. તે ઉપરને (અરૂપ સૃષ્ટિને) ઢાંકી દે છે, અને નીચેને (રૂપ સૃષ્ટિને) મહામાયા રૂપે દેખાતું રહેવા દે છે. તે ચકચકતા (તારા)ઓ માટે સ્થાન કરો આપે છે, અને ઉપલા (વ્યોમ)ના અગ્નિમય અનંત સાગર કરી મૂકે છે અને વ્યકત પ્રાકૃતિને મહાજળમાં (આકાશમાં) બદલી નાખે છે.

['ત્રીદસ' ત્રીશ ખરૂં કહેતા તેતરીશ, એટલે-૧૨ આદિત્યો [વસુઓ, ૧૧ રૂદ્રો અને ૨ આશ્વિન, આ મળીને ૩૩ દેવતાઓ]

૮ ગર્ભ બિંદુ કયાં હતું, અને હવે અંધકાર કયાં હતો? હે લાનું, તારા દીપમાં પ્રકાશ આપતી જ્યોતિનો આત્મા કયાં હતો? તે બિંદુ તે તત્ છે, અને તત્ એ તેજ છે; ગુપ્ત કાળહંસ (બ્રહ્મ)નો તે શ્વેત દેદીપ્યમાન પુત્ર છે.

૯ તેજ એ શીત જ્યોતી છે, અને જ્યોતિ એ અગ્નિ છે, અને અગ્નિ ઉષ્ણુતા ઉત્પન્ન કરે છે; જે ઉષ્ણુતા વડે માહામાતામાં (વ્યોમમાં) ચેતન-જળરૂપી જળ ઉત્પન્ન થાય છે.

[તેજ, જ્યોતિ, ઉષ્ણ, શીત, અગ્નિ, ઉષ્ણુતા, જળ અને ચેતન-જળ આ સર્વે વિજળીના રૂપો છ. આ વિજળી અતિ પવિત્ર સંતતિની પવિત્ર માતા છે; તે અગ્નિને ઉત્પન્ન કરે છે કે જે કર્ત્તા, પાળક, અને સંહારક એ સર્વે છે; તે તેજને ઉત્પન્ન કરે છે જે આત્માના દીવ્ય

પૂર્વજોનો (પીતૃદેવતાઓનો) અર્ક છે; તે જ્યોતિને ઉત્પન્ન કરે છે જે જાણે સર્વે વસ્તુનો જીવ છે. આ વિજળી સમષ્ટી પ્રાણ છે, જગતનો જાણે જીવ છે.]

૧૦ માતા-પીતા જાળું વણે છે જેનો ઉપલો છેડો પુરૂષને (અંધકારના તેજોમય છેડાને) બાંધેલો છે; અને જેનો નીચલો છેડો પ્રકૃતિને (અંધકારના કાળા છેડાને) બાંધેલો છે; અને આ જાળું તે આ બંને તત્વથી બનેલાં 'સ્વભાવત'માંથી વણેલું વિશ્વ છે.

૧૧ જ્યારે અગ્નિ (પીતા)નો શ્વાસ આ જાળ ઉપર પડે છે ત્યારે તે ફુલે છે; જ્યારે માતા (મુલપ્રકૃતિ)નો શ્વાસ તેને અડકે છે ત્યારે સંકોચ પામે છે. પછી પુત્રો (સપ્ત મહાભૂત અને તેમના ઉપર અધિકાર ભોગવતા દેવતાઓ) છુટા પડી મહાકલ્પના અંતરમાં ફરી તેમની માતાના હૃદયમાં પાછા ફરવાને અને તેણીની સાથે એકત્ર થઈ જઈને વીખેરાઇ જાય છે. જ્યારે તે (જાળ) શીત પડી જાય છે, ત્યારે તે પ્રકાશીત બને છે, તેના પુત્રો પોતા મારફતે અને પોતાના હૃદય મારફતે વીકાશ અને સંકોચ પામે છે; તેઓ અનંત વ્યોમને સમાવી દે છે.

૧૨ પછી સ્વભાવત અણુઓને સ્થુલકરવા માટે (તેમનામાં શક્તિ મુકવા માટે) ફોહાત (દેવપ્રકૃતિ, આદિ-શક્તિ)ને આજ્ઞા કરે છે. દરેક અણુ જાળ (વિશ્વ)નો એક ભાગ છે. દર્પણની પેઠે 'સ્વયંભૂ'નું પ્રતિબીંબ પાછું નાખીને દરેક અણુ એક ગોળો કે ગ્રહ બને છે....

— [જેમ એકજ દીવામાંથી તેની જ્યોતિનું તેજ કે બળ ઓછું કર્યા વગર સકળ વિશ્વના દીવાઓ સળગાવી શકાય, તેમ એકજ અગ્નિ (સ્વયંભૂ)માંથી નીકળતી જ્યોતિઓ કાંઇ અપ્રજ્વલિત છે.]

કડી ૪

૧. હે પૃથ્વી-પુત્રો, તમારા શિક્ષકોને, અગ્નિ-પુત્રોને, સાંભળો. જાણો કે નથી પેહેલો કે છેલ્લો; કારણકે સર્વે શુન્યમાંથી નીકળેલો એકનો આંકડો છે.

[શુન્ય ૦ એટલે અસત્ અને એક ૧ એટલે સત્ કૈવલ્યમાંથી જે સમગ્ર સૃષ્ટિ ઉત્પન્ન થાય છે તે. અત્રે આ "અગ્નિ-પુત્રો" વિશે થોડીક વીગત આપીશું. ગીતાના ૮માં અધ્યાયમાં શ્રી કૃષ્ણ અલંકારી અને ગુહ્ય ભાષામાં અર્જુનને કહે છે કે: "હે ભરતશ્રેષ્ટ, કેવા કાળે પ્રયાણ કરતો યોગી ફરી પાછો આવતો નથી, અને કેવા કાળમાં પ્રયાણ કરી (મૃત્યુ પામી) પાછો ફરે છે (પુનર્જન્મ લીએ છે) તે કાળ વિશે કહું છું. અગ્નિ, જ્યોતિ, દીવસ, શુક્લ પક્ષ, ઉત્તરાયણના છ માસમાં બ્રહ્મવેત્તા એવા યોગીઓ બ્રહ્મને જઈ મળે છે. ધૂમ્ર, રાત, કૃષ્ણપક્ષ, દક્ષિણાયનના છ માસમાં જે યોગી મૃત્યુ પામે છે તે ચંદ્રની જ્યોતિને જઈ મળે છે, અને ફરી

પાછો આવે છે. શુક્લ અને કૃષ્ણ આ બે માર્ગ આ જગતમાં (મહાકલ્પમાં) નિરંતર ગતિ કરી રહ્યા છે. એક ગતિએ જનારો પાછો આવતો નથી, અને બીજી ગતિએ જનારો પુનઃ પાછો આવે છે." હવે અગ્નિ, જ્યોતિ, દીવસ, શુક્લપક્ષ, ઈત્યાદિ, અને તેમજ ધૂમ્ર, રાત્રાદિ એનો અર્થ ગુપ્તજ્ઞાન વગર સમજી શકાય નહિં. આ અગ્નિ, જ્યોતિ, ધૂમ્ર, વિગેરે જે અનેક દેવતાઓ વિશ્વીક શક્તિઓ ઉપર અધિકાર ભોગવે છે તેમના અલંકારી નામો છે. ગીતાના ઉપલા શ્લોકોમાં "જ્યોતિ વર્ગ", અગ્નિ-પુત્રો વિશે કહ્યુ છે. આર્યાવર્ત્તના રૂષીઓમાં સર્વેથી શ્રેષ્ટ **શ્રી શંકર** કહે છે કે 'કાળ" ઊપર અધિકાર ભોગવનાર દેવતા અગ્નિ છે. ગીતાના આ શ્લોકોમાં સૂર્ય અને ચંદ્રના કેટલાક ભેદો દર્શાવ્યા છે. પીતરો ચંદ્રના દેવતાઓ છે, અને આપણા પૂર્વજો છે, કેમકે તેઓએ પંચભૂતાત્મિક માણસોને ઉત્પન્ન કર્યાં. પરંતુ અગ્નિ-વાત્ત પિતૃઓ, કુમારો, સૂર્યના દેવતાઓ છે, અને તેઓ "અંતર-પુરૂષ"ને (આપણામાં આવેલાં માનસિક દીવ્ય તત્વને) જન્મ આપનારા છે. જ્ઞાનાગ્નિ સર્વે કર્મોને બાળી ભસ્મરૂપ કરે છે, માટે જેઓ જ્ઞાન ધરાવે છે તે મુક્ત થાય અને ગુપ્તજ્ઞાનમાં તેઓને "અગ્નિઓ" એવું નામ પણ આપે છે.]

૨. અમો, જેઓ પેહેલા સાત (ધ્યાન-ચોહાનો)થી ઉતરી આવ્યા છે, અમો જેઓ પ્રથમના અગ્નિથી ઉત્પન્ન થયા છે, તેવા અમો જે અમારા પીતાઓ પાસથી શીખ્યા હોય તે ગ્રહણ કરો.

૩ સુવર્ણમય પ્રકાશમાંથી-નિત્ય અંધકારના કીરણોમાંથી સજાગ્રત થયલી શક્તિઓ (ધ્યાન-ચોહાનો) વ્યોમમાં ઊભી થઇ ઉઠી; અંડમાંથી એક, છ, અને પાંચ (ક); ત્રણવાર સાત; પછી ત્રણ, એક, ચાર, પાંચ--બેવાર સાત, સામટો સરવાળો (ખ) અને આ તે; રસો, જ્યોતિઓ તત્વો, શીલ્પીઓ, આંકડાઓ, અરૂપ, રૂપવાન, અને શક્તિ કે દીવ્ય પુરૂષ—એ સામટો સરવાળો છે. દીવ્ય પુરૂષમાંથી રૂપો, ચીંગારીઓ, પવિત્ર પ્રાણીઓ, અને પીતરોના દૂતો એ સર્વે પ્રગટ થયા (ગ.).

[(ક) "અંડમાંથી, એક, છ, અને પાંચ"; એટલે ૧૦૬૫ની સંખ્યા, અંડ એટલે શુન્ય; ૧૦+૫+૬ની સંખ્યા એટલે ૨૧ જેથી "ત્રણવાર સાત" એ શબ્દો વાપર્યા છે. મહાભારતમાં પ્રજાપતીઓની સંખ્યા ૨૧ જણાવી છે.

(ખ) પછી ૩+૧+૪+૧+૫=૧૪=બે વાર સાત, સામટો સરવાળો. આ આંકડાઓ ૩૧૪૧૫ની સંખ્યા દર્શાવે છે. ૩૫ લોકની આસપાસ ફરી વળીને તેને અરૂપલોકથી નિરાળુ રાખનારા જુદા જુદા વર્ગોના ધ્યાન-ચોહાનોના સમૂહોની આટલી સંખ્યા છે. તેઓ ૩૫ લોકની આસપાસ કુંડાળાના આકારમાં ફરી વળે છે અને તેવી આ ધ્યાનીઓથી બનલાં કુંડાળા ને "ધ્યાની-

પાશ", ધ્યાનીઓથી વણાવેલું દોરડું, કહે છે. હવે ભૂમીતી શાસ્ત્રમાં મધ્ય રેષા અને વર્તુલની પરિઘની લંબાઈનું પ્રમાણ આજ છે—મધ્યરેષા : પરિઘ : : ૧:૩.૧૪૧૫.

(ગ) ગુપ્તજ્ઞાનમાં "રૂપો, ચીંગારીઓ, ઇત્યાદિ" નામો વપરાય છે, પણ પુરાણમાં આ સર્વેને દેવ પીતર, રૂષિ, સુર વા અસુર; દૈત્ય અને આદિત્ય, દાનવ અને ગંધર્વ વિગેરે નામો આપ્યાં છે. "પવિત્ર પ્રાણીઓ" એટલે રાષી–ચક્રમાં આવેલા મેષ, મકર, સીંહ વિગેરે રાષી મંડળો જાણવાં.]

૪. વાચનું આ સૈન્ય હતું. તેમના સપ્તવર્ગ હતા (ક) આ સાતની ચીંગારીઓ સાતમાંના પેહેલા, બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, અને સાતમાને વશ છે અને તેમના દાસ સમાન છે. આ ચીંગારીઓ)ને વર્તુલો, ત્રીકોણો ધનાકૃતિઓ, લીટીઓ, અને ઘાટ ઘડનારાઓ કહે છે; કારણકે આ પ્રમાણે અનંત નિદાન "ઓઇ-હા-હુ" ચાલુ રહે છે (ખ)

[(ક) પ્રથમ વિચાર અને પછી વાચા; પુરાણમાં કહ્યું છે કે જેમ મનમાં વિચારો છુપાઇ રહે છે, તેમ પરમ ગુહ્ય સર્વાત્માના દીવ્ય સંકલ્પમાં આ ધ્યાનીઓ કે દેવતાઓ, "વાચનું સૈન્ય', છુપાઈ રહ્યું હતું.

(ખ) "ઓઇ- હા–હુ" નો મૂળ અર્થ "વટોળીઓ" એવો થાય છે; પણ અત્રે તે નિત્ય ચાલુ વિશ્વિક ગતિ કે મહાશ્વાસ દર્શાવે છે. આ ગતિ તે તે અનંત અને અનાદિ કારણ છે ને સદા ક્રીયા કરતું રહે છે.

ઉપલા શ્લોકમાં "વાચનું સૈન્ય "એટલે ધ્યાન ચોહાનોના સમુહો જાણવા. પુરાણમાં 'વાચ્' ને 'સતરૂપા'-'સો રૂપ ધરાવનારી'-કહી છે, 'સતરૂપા' એટલે વળી કુદરત. અનુગીતામાં વાણી અને તેમાં રહેલા ગુપ્ત ગુણોની ઉત્પત્તિ વિશે બ્રાહ્મણ અને તેની સ્ત્રીના પ્રશ્નોત્તર આપ્યા છે. બ્રાહ્મણી પ્રશ્ન કરે છે કે "જ્યારે મને કરી વિચારેલું વાકય ઉત્પન્ન થાય છે ત્યારે વાણી શાથી પ્રથમ થઇ અને મન શાથી પ્રથમ થયું. બ્રાહ્મણ બોલે છે "અપાન વાયુ પતિ થઇને પતિપણાથી તે (પ્રાણની જ્ઞાન શક્તિ)ને નીચે લઇ જવાપણાને પ્રાપ્ત કરે છે તે ગતિ મનની કહેવાય છે ને તેથી મન ઇચ્છાય છે. વળી જેથી તમે વાણી તથા મનનો પ્રશ્ન મને પૂછો છો તેથી હું તમને તે બેનો સંવાદ કહેનાર છું. વાણી અને મન એ બે પ્રાણીઓના આત્મા જીવની પાસે જઈપૂછવા લાગ્યા કે હે વિભો, અમારા બેઉનામાં શ્રેષ્ઠ કહો અને અમારા બેનો સંશય મટાડો. ભગવાન જીવે' મન' એમજ કહ્યુ કે ત્યારે વાણીએ તેને એમજ કહ્યું કે હું તમારી કામનાઓને પુરનાર છું, (એટલે કે વાણી વડેતેને સર્વે ઇચ્છેલું પ્રાપ્ત કર્યું હતુ). આ સાંભળ્યા પછી મન નામનો બ્રાહ્મણ બોલ્યો સ્થાવર એટલે બહારની ઇંદ્રીયોએ જણાય એવું અને જંગમ એટલે ઇંદ્રીયોથી ન જણાય એવુ સ્વર્ગ વગેરે આ બે મારા મન છે એમ જાણો. તેઓમાં સ્થાવર મારી પાસે છે અને જંગમ તમારા (વાણીના) વિષયમાં છે. જે મંત્ર, વર્ણ અથવા સ્વર પણ જ્યારે તે દેશમાં જાય છે ત્યારે તે જંગમ

નામે મન થાય છે માટે હે વાણી ! તમે શ્રેષ્ઠ છો. હે શોભનાર વાણી ! તમે પોતે આવીને હું કામના પુરનાર છું એમ કહ્યું તેથી મૂર્છાવાનની પેઠે થયેલ હું શ્વાસ પામી (લઈ) કહું છું કે હે મહા ભાગ્યશાળી ! આમ છે તોપણ પ્રેરણા કરાતી, દેવી વાણી (સરસ્વતી, વાયુનું બીજું સ્વરૂપ, અને ગુપ્તજ્ઞાનની પણ દેવી) નિરંતર પ્રાણ તથા અપાન વાયના મધ્યમાંજ રહેલી છે. પૂર્વે પ્રાણ વિના અતિ નીચ થયેલી પ્રજાપતિને હે ભગવાન "પ્રસન્ન થાઓ" એમ પ્રાર્થના કરતી હતી ત્યારે ફરી વાણીને વૃદ્ધિ પમાડનાર પ્રાણ પ્રગટ થયો તેથી શ્વાસને પામી વાણી ક્યારે પણ બોલતી નથી. વાણી બે પ્રકારની છે, એક ઘોષવાળી (શબ્દવાળી) અને બીજી ન થયેલ ઘોષવાળી. જે નિત્ય ચાલે છે તે બેમાં પણ ઘોષવાળીથી ઘોષ રહિતજ શ્રેષ્ઠ છે...... જે વાણી પ્રાણે કરી શરીરમાં પેદા થાય છે, પ્રાણથી અપાનને પામે છે, ઉદાન વાયુ રૂપ થયલી દેહને તજી વ્યાન વાયુ વડે સર્વ અંતરિક્ષને ઢાંકે છે, પછી તે અહીં સમાન વાયુમાં (ટીકાકાર અર્જુનમિશ્ર કહે છે "સર્વે શબ્દોના ઉપાદાન કારણ તરીકે વાણી રૂપે નાભીમાં") રહે છે. માટે સ્થાવરપણાથી મન વિશેષ છે તથા જંગમપણાથી દેવી વાણી અધિક છે.

અંતર-દ્રષ્ટી વડે (છઠ્ઠી ઇંદ્રી વડે) જે ચોક્કસ ગુહ્ય અને અણદીઠ વસ્તુઓનું જ્ઞાન થાય છે, અને જે "ઘોષવાળી" વાણી વડે પ્રગટ ન કરી શકાય એવી છે તે વિશે મૌન ધારણ કરવાનો જે ગુપ્તજ્ઞાનનો ખાસ નીયમ છે તેનું કારણ આ કથા ઉપરથી જણાશે. ટીકાકાર અર્જુનમિશ્ર કહે છે કે અનુગીતાના અધ્યાયમાં યોગવિદ્યાના એક અંગ—પ્રાણાયામની સમજણ આપી છે. પણ સૌથી શ્રેષ્ટ ? છઠ્ઠી અને સાતમી ઇંદ્રીઓની પૂરતી સમજણ વગર આ રીતે પ્રાણાયામ કરવો એ માત્ર હલકો હઠ-યોગ છે. રૂષીઓ અને અર્હતો આ હઠ યોગને ધિક્કારે છે. તે આરોગ્યતાને હાનીકારક છે, અને હઠયોગ એકલાથી રાજ-યોગમાં બદલાઈ જવાતું નથી. આ કથા દેખાડે છે કે દરેક ઇંદ્રી, કર્મેંદ્રિ, કે જ્ઞાનેંદ્રિ—ની ક્રીયા સાથે કેવી રીતે જ્ઞાનવાન 'જીવો'નો ચાલુ સંબંધ હોય છે. ગુપ્તજ્ઞાન કહે છે કે જેમ માણસ તથા કુદરતમાં પ્રાજ્ઞા (ચૈતન્ય)ની સાત અવસ્થા છે, તેમજ માણસ તથા કુદરતમાં સાત ઇંદ્રીયો છે, જે વાતને અનુગીતામાં પ્રત્યાહાર (ઇંદ્રિય-નિગ્રહ) વિશેનો અધ્યાય ટેકો આપે છે. ત્યાં બ્રાહ્મણ સાત હોતાઓ વિશે કહે છે: "નાસિકા, નેત્ર, જીભ, ચામડી, પાંચમો-કાન, મન, અને બુદ્ધિ એ સાત જુદા આશ્રય કરી રહેલા હોતાઓ સૂક્ષ્મ માર્ગમાં રહેલા, એક બીજાને જોતાં નથી. શીવાય કે મન. કારણ કે મન કહે છે ? "મારા વિના નાક સુંઘતું નથી, જીભ રસને જાણતી નથી, ચક્ષુરૂપને ગ્રહણ કરતું નથી, ચામડી સ્પર્શને જાણતી નથી ને મારાથી હીન કાન, શબ્દને કોઈ રીતે પણ સમજતો નથી; સનાતન, હુંજ સર્વ પ્રાણીઓમાં (ઇંદ્રીયોમાં) ઉત્તમ છું. નિત્ય મારાથી હીન ઇંદ્રીયો ખાલી થયલાં મંદિરોની પેઠે અને શાંત થયેલ જવાળાવાળા અગ્નિઓની પેઠે નથી શોભતાં. સર્વ જંતુઓ મારા વિના જાણે ભીના સુકા કાષ્ટ હોય તેમ યત્ન કરનાર ઇંદ્રીયોથી પણ ગુણો તથા અર્થોને જાણી શકતા નથી" અલબત અશુદ્ધ મન જ આ પ્રમાણે ઇંદ્રીયો સાથ સંબંધ રાખે છે. પ્રાચીનકાળમાં લોકો માનસિંક અને

શારીરીક શકિતઓ અને ઇંદ્રીયોના પરસ્પર સંબંધ વિશે કેટલી માહીતી ધરાવતા હતા તે અમૂલ્ય અનુગીતાના આ પ્રાણાયામ અને પ્રત્યાહાર વિશે વર્ણન આપતા અધ્યાયોના અભ્યાસ કર્યા વડે જણાશે. અનુગીતામાં ઇંદ્રીયો વચ્ચે કોણ શ્રેષ્ઠ છે તે વિશે તકરાર ઉઠવાથી તેઓ બ્રહ્મા પાસે તેનો નિર્ણય સાંભળવા જાય છે તે જુઓ. પ્રજાઓના પ્રતિ બ્રહ્મા કહે છે કે "તમે સર્વે શ્રેષ્ઠ છો અને વળી શ્રેષ્ઠ નથી. તમો સર્વે પરસ્પર ધર્મોવાળા છો. સર્વે તમે પોતાના વિષયમાં તો શ્રેષ્ઠ છો, અને સર્વે અરસપરસ સહાય કરો છો. તમારામાં એક સ્થિર છે અને એક અસ્થિર (પ્રાણવાયુ કે શ્વાસ, 'યોગ–શ્વાસ,' જે આત્માનો શ્વાસ કહેવાય છે) છે. તે એકજ મારો આત્મા બહુ પ્રકારે વૃદ્ધિ પામે છે." આ શ્વાસ, શબ્દ, વાયુ, કે જીવ, સાતે ઈંદ્રીયોનું, એટલે સર્વે ઉતરતા વર્ગના દેવતાઓનું, અને તેનો ગુહ્ય અર્થ લેતા "સાત–વહા" (દેવતાઓ) નું તથા "વાયુના સૈન્ય"નું એકીકરણ છે.

મુલપ્રકૃતિમાંથી નીકળીને વિશ્વિક ધાતુ કે પદાર્થ આકાશ તત્વથી વિંટલાઇને બીજા ચાર તત્વમાં વેંહેચાઇ જાય છે. ચોથા શ્લોકમાં, "બિંદુ, લીટી, ત્રીકોણ ઘનાકૃતિ, વર્તુળ, અને છેવટે ગોળાઓ" કહ્યું એમ કેમ? કારણકે ગુપ્તજ્ઞાનના ભાષ્યમાં કહ્યુ છે તેમ આ કુદરતનો પેહેલો નીયમ છે, કુદરત પોતાના સર્વે પ્રગટ દેખાવોમાં ભૂમીતીના આ આકારો કડે છે. ગુપ્ત વિદ્યાનો આ મૂળ સિદ્ધાંત છે કે કુદરતમાં ગતિ કદી પણ બંધ પડતી નથી. જે વસ્તુ સ્થીર દેખાય છે તે વિશે એમજ જાણવું કે તે વસ્તુ એકરૂપ બદલી બીજુ સ્વરૂપ લેવામાં રોકાઇ છે; આકારના ફેરફાર સાથ ધાતુમાં પણ ફેરફાર થાય છે. કુદરતના આ કાયદાની માહીતી ધરાવ્યાથી રૂપી કે અર્હત કોઇ પણ વસ્તુના અણુઓ છુટાં પાડી તે વસ્તુને જાણે નહિ હતી તેવી કરી મુકે છે, અથવા તો તે વસ્તુને તેમ કરી એક સ્થળેથી બીજે સ્થળે તે સર્વે છુટાં અણુઓને મોકલી દે છે, અને ત્યાં આ છુટાં અણુઓને એકત્ર કરી મૂળ વસ્તુરૂપે ફરી કરી મૂકે છે. અને બીજી અનેક રીતોવડે પોતાની યોગ–સિદ્ધિ વડે લોકને ચકીત કરે છે.

પ્રાચીન ભાષ્ય કહે છે કે "માતા એ જીંદગીનું અગ્નિમય મત્સ્ય છે. તેણી પોતાના ગર્ભના દાણા વીખેરે છે, અને શ્વાસ (ગતી) તેમને ઉષ્ણ રાખી જીવવાન કરે છે. ગર્ભના દાણા આકર્ષાય છે અને (વ્યોમ) સાગરમાં દહી બની રહે છે. પછી (દહીના) મોટાં ઢેફાંઓ એકેક સાથે જોડાય છે, અને અગ્નિમય બિંદુઓ ત્રીકોણો, અને ઘનાકૃતિઓમાં નવા ગર્ભના દાણા મેળવે છે, જેઓ પાકે છે, અને ઠેરવેલે વખતે આ ઢેફાંઓમાંના કેટલાક છુટાં પડે છે અને ગોળાકાર પકડે છે, જે ક્રીયા કરવામાં જો બીજાઓ તેઓને અથડાઇ નથી પડતા તો સફળ પામે છે. ત્યાર પછી કાયદો નંબર……અમલમાં આવે છે. ગતિ (શ્વાસ) વંટોળીઓ બની રહે છે, અને ગોળાઓને ચક્રાકાર પોતાની ધરી ઉપર ફરતા કરે છે."

[પૃથ્વી અને બીજા સર્વે ગ્રહો પોતાની ધરીની આસપાસ ફરે છે તેનું કારણ હવે જણાશે.]

૫ "ઓ-ઇ-આ-ઉ-હુ" જે છે 'અંધકાર', સીમારહિતવા શુન્યમય, અદિ-નિદાન
સ્વભાવત :૦:

૧ અદિસનત, સંખ્યા, કારણ કે તે એક છે.

૨ શબ્દનો નાદ, સ્વભાવત, સંખ્યાઓ, કારણકે તે એક અને નવ છે.

૩ અરૂપ ચતુર્કોણ.

અને ૦ (અનંત વર્તુળ)માં સમાયલા આ ત્રણ તે પવિત્ર ચાર છે, અને દસ એ અરૂપ વિશ્વ છે; પછી 'પુત્રો', સાત યોદ્ધાઓ, આવે છે, એક આઠમો, તજી દેવામાં આવે છે, અને તેનો શ્વાસ ભાસ્કર (તેજ આપનાર) છે.

['અદિ-સનત' એ બ્રહ્માનું નામ છે. સ્વભાવત એ "માતા-પીતા" (વ્યોમ)માં વ્યાપી રહેલી પ્રકૃતિ છે. "એક અને નવ" એટલે દસ જે પ્રજાપતિઓની સંખ્યા દર્શાવે છે. • (શૂન્ય)નો અર્થ અનંત વર્તુળ થાય છે, પણ જ્યારે શૂન્યની આગળ નવ આંકડાઓમાંથી કોઇપણ આંકડો મુકવામાં આવે છે ત્યારે તે એક સંખ્યા દર્શાવતી થાય છે. જે 'આઠમાં' ને હાંકી કાઢયો છે તે આપણો સૂર્ય છે સૂર્યને આદિત્ય કહે છે કેમકે તે અદીતીનો પૂત્ર છે. અદીતીને દેવ-માતા એવું છાજતું નામ આપ્યું છે' કેમકે તેના વિશ્વક ગર્ભાશયમાંથી આપણા સૂર્ય મંડળના સર્વે ગોળાઓ—સૂર્ય અને ગ્રહો જન્મ્યા હતા. કથા છે તેમ "અદીતીના શરીરમાંથી 'આઠ પુત્રો જનમ્યા; સાતને સાથે લઇ તેણી દેવતાઓ સમીપ ગઇ, પણ આઠમાં મા-ર્તંડને (આપણા સૂર્યને) તજી દીધો". આ સાત આદિત્યો, ખગોળ વીદ્યા પ્રમાણે, આપણા સાત ગ્રહો છે; અને સૂર્યને તજી દીધો' આ ઉપરથી સિદ્ધ થાય છે કે હીંદુઓ ખરેખર જાણતા હતા કે સૂર્ય એ કંઇ ગ્રહ નથી પણ એક મધ્ય તારો છે. યુરોપીના ખગોળ વેત્તાઓએ માત્ર થોડાં વર્ષ પૂર્વે જે "યુરેનસ" નામનો સાતમો ગ્રહ શોધી કાઢયો છે તે ગ્રહને બદલે હિંદુ જ્યોતીષમાં સૂર્ય લેવામાં આવ્યો હતો અને તે ગ્રહની બીના ગુપ્ત રાખી હતી પરતું ગુપ્તજ્ઞાન પ્રમાણે આ આદિત્યો તે પુરાણમાં જણાવેલા આઠ અને બાર એવા (જય)દેવતાઓ છે. "મૃત્યુવશ મનુષ્યોને આ સાત દેવતાઓ પોતાના ધરજ દેખવા દીએ છે, પણ રૂષીઓને પોતાનું પ્રત્યક્ષ દર્શન આપે છે". સાધારણ માણસો આકાશમાં માત્ર આ ઝળકતા ગ્રહોને દેખે છે, પણ રૂષીઓ આ ગ્રહો ઉપર અધિકાર ભોગવતા દેવતાઓ કે ધ્યાનીઓના દરશન કરવા પામે છે.]

૬. પછી બીજા સાત, જેઓ લિપિક કહેવાય છે, તેઓ ત્રણ (શબ્દ નાદ, અને સંકલ્પ વડે) ઉત્પન્ન થયા. તજાયલો પુત્ર એક છે, પુત્રો સૂર્યો—અગણિત છે.

['લીપિક'—ધાતુ "લિપિં=લેખ—એ શાસ્ત્રમાં જણાવેલા "ચતુર મહારાજા "દીગપાલ" દેવતાઓ છે. તેઓ સર્વે મનુષ્યના કર્મ" નોંધી લે છે. અને તેથી તેઓ 'લિપિક' અથવા લેખક કહેવાય છે.]

કડી ૫

૧. 'પ્રથમના સાત, જ્ઞાન ધરાવતા અજગરના પ્રથમના સાત શ્વાસ, પોતાનો વારો આવતાં પોતાના પવિત્ર ગોળ ચક્રાકાર ફરતા શ્વાસોમાંથી 'ઝકઝકીત વંટોળીઓ ઉત્પન્ન કરે છે.

[યાહુદીઓના 'કબાલા' નામના રહસ્ય દર્શક ગ્રંથમાં કહે છે કે: "શ્વાસ પ્રથમ પાષાણ બને છે; પાષાણ રોપો બને છે; રોપો પ્રાણી બને છે; પ્રાણી મનુષ્ય બને છે; મનુષ્ય ધ્યાની બને છે; અને ધ્યાની એક ધ્યાન-ચોહાન કે દેવતા બને છે" આ પ્રમાણે જીવ (શ્વાસ)ને સાત વર્ગોમાંથી પસાર થવું પડે છે. કુદરતમાં એવો કાયદો છે કે જો એકવાર આપણે એક ક્રીયા કરી તો ફરી તે ક્રીયા ઘણા ટુંક કાળમાં કરી શકાય છે; કુદરતના આ કાયદા પ્રમાણે જ્યારે ગર્ભસ્થાનમાં ગર્ભ બંધાય છે ત્યારે ગર્ભ પ્રથમ થોડાંક અઠવાડિયા સુધી જાણે પાષાણનો ટુકડો હોય એમ દીસે છે, અને ત્યાર પછી કાંદા જેવી કે ગાજર જેવી વનસ્પતીનું રૂપ ધરાવતો દીસે છે, અને પછી દેડકા સમાન દીસે છે. વૈદો કહે છે કે માણસના ગર્ભમાં અને કુતરાનાં ગર્ભમાં પ્રથમ સહજ પણ ફરક દીસતો નથી. અને છેવટે ગર્ભ મનુષ્યાકાર પકડે છે. આ બીના ઉપરથી સિદ્ધ થાય છે કે જીવ ખનિજ, વનસ્પતી વિગેરે વર્ગોમાંથી પસાર થઇ માણસ વર્ગમાં દાખલ થયો છે.

બ્રહ્માના માનસ-પુત્રો, રૂષીઓ, શીલ્પીઓ, વિગેરે દેવતાઓ-કોઇપણ આકાર કે રૂપમાં-સર્વે એઓ બીજી સૃષ્ટિઓમાં અને આગલા મન્વતરોમાં માણસો હતા. માણસો હતા એટલે એમ ન સમજવું કે હાલના માણસોના જેવા આકારો ધરાવતા હતા, પણ માણસો હતા એટલે એમ સમજવુ કે જે માનસિક સ્થિતિમાંથી હાલના મનુષ્યો પસાર થાય છે અને થવાના છે તે પ્રકારનો માનસિક સ્થિતિ પસાર કર્યા પછી સ્વપ્રયત્ન વડે સ્વાનુભવ અને સ્વચૈતન્ય પ્રાપ્ત કર્યા પછી ધ્યાન-ચોહાનિક પદ સંપાદન કરાય છે.

["ઝકઝકીત અગ્નિમય વાયુ કે વંટોળીઓ" એટલે ઝલકતી વિશ્વીક ધૂળ સમજવી કે જે, જેમ લોહ ચુંબક લોહની ભૂકીને પોતા પ્રત્યે ખેંચે છે તેમ તે શીલ્પી દેવતાઓના સંકલ્પથી આકર્ષાઇને અહીં તહીં દોડતી ફરે છે. આ વિશ્વાક ધૂળ કે રજકણ માત્ર ધુળજ નથી; કારણકે વિશ્વમાં દરેક અણુ જીવ ધરાવે છે. તે અણુ છે અને વળી એક દેવતા છે, એક જીવ છે. તે સ્વ-ચૈતન્ય પ્રાપ્ત કરવાની શક્તિ ધરાવે છે.]

૨. તેઓ તેને પોતાની ઇચ્છાના દૂત બનાવે છે, ઝયુ 'ફ્રાહાત" બને છે; દેવતાઇ પુત્રોનો આ ઉતાવળો પુત્ર જે "લિપિક" દેવતાઓનો પીતા છે તે આજ્ઞા પ્રમાણે ચક્રાકાર ફરતો રહે છે, તે જાણે અશ્વ છે, અને સંકલ્પ એ જાણે સ્વાર છે ("ફ્રાહાત" 'આદિ-શક્તિ' દેવતાઓના સંકલ્પ પ્રમાણે દોરાય છે). તે પ્રકાશીત વાદળામાંથી (વિશ્વાક ધૂળમાંથી)

વિજળી પેઠે શીઘ્ર દોડે છે; સાત ઉપરના તથા સાત નીચેનાં ભૂવનોમાં ત્રણ, પાંચ, અને સાત પગલાં ભરે છે. તે પોકાર મારે છે, અને અગણિત ચીંગારીઓને (અણુઓને) બોલાવી તેમને સાથે સાંધીદછે

["ઝયુ" એટલે ગુપ્તજ્ઞાન, જેમાં સર્વે અનંત સત્યો અને પ્રાથમિક કારણોનું જ્ઞાન સમાયલું હોવાથી, જે ગુપ્તજ્ઞાનની માહીતી ધરાવનાર પુરૂષ આ જ્ઞાનને યોગ્ય માર્ગે વાપરે છે તે જાણે સર્વ-શક્તિમાન હોય એવો બને છે. "ફોહાત" એ આદિ-શકિત છે જે વ્યોમ કે મહા-આકાશના સાત આવરણમાંથી પસાર થઇને સર્વમાં શક્તિ મુકે છે, અને 'મહત્'ના દીવ્ય સંકલ્પની આજ્ઞા પ્રમાણે ચાલી વિશ્વક્રમ કે પ્રગટીકરણની ક્રિયાનો આરંભ કરે છે. અને સકળ પ્રગટ વિશ્વમાં પુરૂષ અને પ્રકૃતિની જુદી જુદી અવસ્થાઓ ઉત્પન્ન કરે છે. દરેક વસ્તુનો આકાર પ્રથમ આ દીવ્ય સંકલ્પમાં હોય છે, અને તે આકાર પ્રમાણે ફોહાત તે તે આકાર આપે છે. તે વિશ્વની ચયળ પ્રબળ શક્તિ છે. "ફોહાત'નો બીજો અર્થ લેતાં તે સૂર્ય-પ્રાણ, વિજળી કે જીવન-શકિત છે, કુદરતનું ચોથુ તત્વ છે. વેદમાં વિષ્ણુનું જે વર્ણન આપ્યું છે, અને ત્રૈલોકયમાં ત્રણ પગલાં ભરવાની તેના વિશે જે કથા છે તે 'ફોહાતને લાગુ પડે છે. "ફોહાત'ના ત્રણ પગલાંનો ખરો અર્થ આ છે। એકાનેક-પ્રથમ એક બ્રહ્મ-જે પ્રગટી કરણના નીયમ પ્રમાણે, ધ્યાની-બુધ્ધોનું સ્વરૂપ ધારણ કરે છે, અને પછી મનુષ્ય બની ત્રીજુ પગલું ભરી રહે છે; ફરી મનુષ્યમાંથી ધ્યાની-બુદ્ધ બની અંતે બ્રહ્મમાં લીન પામે છે. વળી આ ત્રણ પગલાંનો ત્રીજો અર્થ "પુરૂષ"નું પ્રકૃતિમાં પેસવું એવો થાય છે, કેમકે ઇશ્વર પ્રથમ આત્મારૂપ બની, પછી મનસ રૂપ ધારણ કરી, છેવટે સ્થુળ દેહમાં પ્રાણરૂપે ઉતરે છે. "બ્રહ્મ"ની સર્વોત્તમ વ્યાખ્યા આ છે; "બ્રહ્મ એક વર્તુલ છે, જેની પરિધિ કયાંએ નથી (જેની પરિધની સીમા નથી), અને જેનું મધ્ય બિંદુ સર્વે સ્થળે છે; એટલે કે વિશ્વના દરેક બિંદુમાં બ્રહ્મ છે, અખિલ વિશ્વમાં બ્રહ્મ વ્યાપી રહ્યું છે.]

૩ તે તેમને દોરવનાર દેવતા અને તેમનો અધ્યક્ષ છે. જ્યારે તે કામનો આરંભ કરે છે, ત્યારે જે નીચલા પ્રાંતભેદોનાં ચીંગારીઓ (ખનિજ પરમાણુઓ) પોતાના પ્રકાશીત રહેઠાણોમાં (વાયુરૂપી વાદળાઓમાં) તરે છે અને હર્ષથી ધડકે છે તેમને છુટી પાડે છે, અને તેમના વડે ચક્રના બિંદુઓ બનાવે છે. તે (ફોહાત) તેમને છએ દીસાઓમાં મૂકે છે અને એકને-મધ્ય ચક્રને-વચ્ચે મૂકે છે.

['ચક્રો" એટલે કે ફોહાતિક મધ્ય બિંદુઓ જેની આસપાસ મૂળ વિશ્વીક પદાર્થ વિટળાઇ અને ફેલાઇને સ્થુલતાના છ પ્રકારમાંથી પસાર થઇને ગોળાકાર બની પૃથ્વીઓ કે ગ્રહો બની રહે છે. ગુપ્ત જ્ઞાનનો આ એક મૂળ સિદ્ધાંત છે કે કલ્પો પર્યંત ગતિ જે પ્રલય કાળે દરેક મંદ અણુમાં પડકી રહે છે તે સૃષ્ટિ-સર્ગના આરંભમાં ચક્રાકાર વલણ વધારે ને વધારે લેતી જાય છે. "બ્રહ્મ વંટોળીઆરૂપ બની રહે છે."

"છ દીસાઓ" એટલે એવડુ ત્રીકોણ, પટ્કોણ, શુદ્ધ પુરૂષ અને પ્રકૃતિનો, અરૂપ અને રૂપનો, સંયોગ, જેનું આ પટ્કોણ એક ચીન્હ છે, આ પટ્કોણ વિષ્ણુની મૂદ્રા છે, અને તેને શ્રીયંત્ર પણ કહે છે.]

૪. છને સાતમાં-મુગટ-સાથે જોડવાને ફોહાત પેચાકાર લીટીઓ દોરે છે; દરેક કોણ ઉપર પ્રકાશ-પુત્રોનું સૈન્ય ઉભું રહે છે (અને) મધ્ય ચક્રમાં લિપિક દેવતાઓ રહે છે. તેઓ (લિપિક દેવતાઓ) કહે છે, "આ ઠીક છે." પેહેલી અધ્યાત્મિક સૃષ્ટિ તૈયાર છે, પેહેલી (હવે) બીજી દીવ્ય સૃષ્ટી બને છે, પછી અધ્યાત્મિક અરૂપ (સંકલ્પ સૃષ્ટી) છાયા લોકમાં (અનુપદકના પ્રથમ વસ્ત્રમાં) પોતાનો પડછાયો નાખે છે.

["લીટીઓ પેચાકાર દોરાય છે" તે આ માટે કે માણસ તેમ કુદરતમાં શુદ્ધિ-ક્રીયા રફતે રફતે આગળ વધે છે, માણસનું છઠું તત્વ 'બુદ્ધિ' જો આપણે વિચાર કરીએ છીએ તો માત્ર એક શ્વાસ છે પણ જે દિવ્ય આત્માનું તે વાહન છે તે આત્મા સાથ સરખાવતાં કાંઈક પ્રકૃતિક છે. પરમાત્માનો જે અંશ એવા આત્માને 'બુદ્ધિ' સાથે જોડવાને "ફોહાત (કામદેવનું એક સ્વરૂપ, સ્નેહાકર્ષણ દર્શાવતી વિશ્વની વિજળીક શક્તિ) યત્ન કરે છે; આત્મા અને બુદ્ધિ મળીને માણસનો જીવાત્મા થાય છે, અને ફોહાત કુદરતમાં રૂપ અને અરૂપ વચ્ચેની સંધી દર્શાવે છે, "પેહેલી હવે બીજી (લિપિક દેવતાઓની) સૃષ્ટિ છે" એ આ ઉપલી વીગત વિશે ઇસારો કરે છે,

દરેક કોણ ઉપર જે સૈન્ય છે તે ધ્યાન-ચોહાનોનો સમૂહ છે જેઓ પોત પોતાના પ્રદેશ ઉપર મન્વંતરના આરંભથી તે અંત પર્યંત ચોકી અને સંભાળ રાખે છે. પેહેલી સૃષ્ટિએ 'સત્-સૃષ્ટી' છે, "અનંતના હૃદયમાંથી ખરી પડેલો તે તેજસ્વી તારો છે; આશાની તે દીવ્ય દાંડી છે જેના સાત કીરણો ઉપર જીવના સપ્ત ભૂવનો લટકાયલાં છે." ખરેખર તેમજ છે; કેમકે મનુષ્યોનાં અમર આત્મિક અંશો આ સાત કીરણોના પ્રતિબીંબો છે. પ્રથમ આ સપ્તવડ પ્રકાશ; પછી:—

'અધ્યાત્મિક સૃષ્ટી'—એટલે કે આ પ્રથમ પ્રકાશમાંથી સળગાવેલા અગણિત દીપકો-અરૂપ સૃષ્ટીની બુદ્ધિઓ; કડીમાં કહેલો "સામટો સરવાળો."

"હે લાનુ" તારૂં મો ઉંચુ કર; કાળી અંધારી મધ્ય રાત્રીએ આકાશમાં તું એક કે અગણિત તેજો જુએ છે ? "

"હે ગુરૂદેવ, હું એકજ તેજ જોઉં છું, પણ તે મધ્યે અગણિત છુટી ચીંગારીઓ જોઉં છું."

"તું ઠીક કહે છે. અને હવે આસપાસ અને તારી માંહે જો. તારી માંહે જે જ્યોતિ બળે છે, તે તારા બાંધવ મનુષ્યો માંહે બળતી જ્યોતિથી કોઇ પણ પ્રકારે જુદી છે એમ તને લાગે છે?"

"તે કોઇ પણ રીતે જુદી નથી, જો કે કેદી કર્મ-પાસથી બંધાયલો છે અને જો કે તેના બાહ્ય વસ્ત્ર (શરીરો) અજ્ઞાનીઓને 'આ મારો આત્મા અને આ તારો આત્મા' એવા વિચાર કરવાના મોહમાં નાખે છે.'']

૫. "ફોહાત" પાંચ પગલાં (આગળ ત્રણ લીધાં છે તે ઉપરાંત) ભરે છે, અને ચતુર્કોણના દરેક ખુણા ઉપર ચાર પવિત્ર દેવતાઓ અને તેમના સૈન્યો (સમુહો) માટે પાંખવાળાં ચક્રો બાંધે છે.

["ફોહાત જે પાંચ પગલાં ભરે છે" તે ચૈતન્યની શ્રેષ્ઠ પાંચ અવસ્થાઓ જાણવી, છઠ્ઠી અવસ્થા આકાશિક અને સાતમી પૃથ્વિક છે.

"ચાર દેવતાઓ" એટલે ધ્યાન-ચોહાનોના ચાર મહારાજાઓ, જેઓ ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ એ ચાર દીશાઓના દીગ્પાળો છે તેઓ કર્મની સાથે સંબંધ રાખે છે, કેમકે કર્મની આજ્ઞા અમલમાં આણવા આવા કામદારોની અગત્ય પડે છે. કેટલાક લોકો માં એવો વિચાર ચાલે છે કે ઉત્તર અને પશ્ચિમના અણદીઠ દૂતો લડાઇ મરકી આદિ ઉપદ્રવો લાવે છે તેમાં સચ્ચાઇનો અંશ છે. પૂર્વ તરફથી સર્વે શુભ અસરો આવે છે. આ ચાર મહારાજાઓની મારફતે આપણી પાંચ ઇંદ્રિયો કુદરતના ગુપ્ત ભેદો જાણી શકશે. પુરાણમાં ગંધર્વો, અસૂરો, કીન્નરો, નાગો વિશે કેટલુંક વર્ણન આપ્યું છે, તે આ મહારાજાઓનું અલંકારી વર્ણન છે.]

૬ લીપિક દેવતાઓ ત્રીકોણ, પેહેલી લીટી, ચતુર્કોણ, બીજી લીટી, અને અંડ (ચક્ર)ની મધ્યમાં આવેલાં પંચકોણ એઓની આસપાસ રહે છે. જેઓ ઉતરે છે અને ચઢે છે (અને વળી) જેઓ કલ્પમાં "આપણી સાથે થાઓ" તે દીવસ પર્યંત શુદ્ધ થતા જાય છે તેઓ માટે "અંદર મા જાઓ" એવા નામનું કુંડાળું છે... આ પ્રમાણે અરૂપ અને રૂપ લોક બનાવ્યાં; એક તેજમાંથી સાત તેજ, આ સાતમાંથી વળી ૭×૭ તેજ પ્રગટ થયાં. "ચક્રો" આ કુંડાળાની ચોકી કરે છે.

[પ્રગટ સૃષ્ટિની આસપાસ આ લિપિક દેવતાઓ "ધ્યાની-પાસ" રૂપે બની રહે છે; ધ્યાનીપાસ એટલે ધ્યાનીઓથી બનેલું જાણે દોરડું. આ સૃષ્ટી 'એક' વા 'આદિ'નું સ્થુલ ચીન્હ છે— 'એક'નો અર્થ સર્વે ધ્યાનીઓ અને શીલ્પી દેવતાઓનો સમૂહ એ જાણવો. લિપિક દેવતાઓ રૂપલોકને અરૂપ લોકથી જુદા પાડે છે. 'જેઓ ઉતરે છે અને "ચઢે છે'' એટલે અનેક અવતાર લેતા જીવાત્માઓ, જેઓ શુદ્ધ થવા માટે યત્ન કરીને "આપણી સાથે

થાઓ" નામના દીવસે" અંદર આ જાઓ" નામનું કુંડાળું ઓળંગી જશે. "આપણી સાથે થાઓ" નામનો દીવસ એટલે જ્યારે માણુસ અહંકાર તજીને આત્મા અને પરમાત્મા વચ્ચે કાંઇ ભેદ જોતો નથી અને બ્રહ્મમાં લીન પામે છે ત્યારે. લિપિક દેવતાઓ જે · △ । □ । ✡ની આસપાસ કુંડાળું કરે છે તે ૩૧૪૧૫ની સંખ્યા દર્શાવે છે. પ્રલયઃકાળે સર્વે જીવો આ કુંડાળું ઓળંગી જશે. પણ સ્થૂલ તો માત્ર લિપિક દેવતાઓજ તે પસાર કરી શકે છે, એટલે કે તેઓજ રૂપલોકમાંથી અરૂપ લોકમાં જઇ શકે છે. "આપણી સાથે થાઓ" તે દીવસ ઉપર એટલે પરનિર્વાણુના ઊંબર આગળ જીવ પોતાનું સ્વરૂપ લઇ એકવાર ફરી કૈવલ્યરૂપ બની રહે છે ત્યારે.]

कडी ६

૧ દયા અને જ્ઞાનની માતાની સત્તા વડે "ફોહાત" જે તેમની સંતતિનો શ્વાસ છે, જે પુત્રોનો પુત્ર છે તે, નીચલા ભૂવનમાંથી આપણી સૃષ્ટિનાં માયાવિ રૂપને અને સાત તત્વોને બોલાવી મંગાવીઃ—

["દયા અને જ્ઞાનની માતા" એટલે મૂળ પ્રકૃતિ; "ફોહાત" એ ઇશ્વરની દૈવીપ્રકૃતિમાંથી પ્રગટ થતો "પુત્રોનો પુત્ર" છે અને જે સ્થુલ વિશ્વમાં વિજળી વા પ્રાણુ રૂપે ભાસે છે.]

૨. ઉતાવળો અને તેજસ્વી ફોહાત સાત લય બિંદુઓ ઉત્પન્ન કરે છે, જેની સામે "આપણી સાથે થાઓ" તે દીવસ પર્યંત કોઇ ફાવી શકશે નહી—અને આ અનંત કાળ સુધી નીભે એવા દ્રઢ પાયા ઉપર સૃષ્ટિને તેની આસપાસ મૂળ બિંદુઓ વિટાળીને મૂકુછે.

["ફોહાત" સૃષ્ટિને જે મૂળ બિંદુઓથી ભરે છે તે પરમાણુઓ સમજવા. "ફોહાત" ને "શીલ્પીઓનો શીલ્પી" કહ્યો છે, અને તે જે શક્તિ વડે આપણી પૃથ્વીની હાર બંધાય છે તે શક્તિ પણ દર્શાવે છે.].

૩. સાત તત્વોમાંથી—પ્રથમ એક પ્રગટ થયું, છ ગુપ્ત રહ્યાં; બે પ્રગટ થયાં—પાંચ ગુપ્ત રહ્યાં; ત્રણ પ્રગટ થયાં—ચાર ગુપ્ત રહ્યાં ચાર પ્રગટ થયા—ત્રણ ગુપ્ત રહ્યાં; ચાર અને અપૂર્ણાંક પ્રગટ થયાં—અઢી ગુપ્ત રહ્યાં; છ પ્રગટ થવાના—અને એક મૂકી દેવાનું છેવટે, સાત નાના ચક્રો ફરતાં થયાં; એકમાંથી બીજું જન્મ લેવા લાગ્યું.

[હાલ સુધીમાં ચાર તત્વો-પૃથ્વી, જળ, વાયુ, અને અગ્નિ પ્રગટ થયાં છે, અને પાંચમું આકાશ તત્વ સહજ પ્રગટ થયું છે, કારણકે હજી આપણે ચોથા ફેરાનો છેલ્લો અર્ધો ભાગ તુર્તનોજ શરૂ કર્યો છે, અને તેથી પાંચમાં કલ્પ કે ફેરામાં આ પાંચમું આકાશ તત્વ સંપૂર્ણ પ્રગટ થશે.

જે સાત ચક્રો એકેકને જન્મ આપે છે તે આપણી પૃથ્વીની સાત ગોળાઓની હાર સમજવી.]

૪ તે વધારે જુનાં ચક્રો (ગ્રહો) ના આકાર પ્રમાણે તેમનો ઘાટ ઘડે છે. અને આ અવિનાશી મધ્ય બિંદુઓ ઉપર તેમને મુકે છે.

ફોહાત તેમને કેમ બાંધે છે ? તે ઝકઝકતી ધુળને એકઠી કરે છે. તે અગ્નિના ગોળા બનાવે છે, તેમની માહે અને આસપાસ પસાર થઇને તેમનામાં જીવણ-શક્તિ મૂકે છે; પછી તેઓમાં ગતિ મૂકી કોઇને આ તરફ અને કોઇને પેલી તરફ ફરતા કરે છે. તેઓ શીત હોય છે-તે તેઓને ઉષ્ણ કરે છે. તેઓ સુક્કા હોય છે-તે તેઓને ભીના કરે છે. તેઓ સળગી પ્રકાશે છે-તે તેઓને વા ઢોળી શાંત પાડે છે,

આમ સંધ્યાથી તે સાત કલ્પ પર્યંત ફોહાત ક્રિયા કરે છે.

[જ્યારે જુના ગ્રહો મરણ પામે છે ત્યારે તેઓમાંથીજ નવા ગ્રહો બનાવવામાં આવે છે, તેથી કહ્યું છે કે 'જુના ગ્રહોના આકાર પ્રમાણે". જેમ બ્રહ્માના લલાટમાંથી રૂદ્ર ઉત્પન્ન થયા, તેમ પીતાના લલાટમાંથી અને માતાના હૃદયમાંથી "ફોહાત" ઉત્પન્ન થયો, અને પછી નર અને નારી શક્તિ બન્ને સાથે ધરાવતો થયો, એટલે કે પ્રબળ અને નિર્બળ વિજળી રૂપમાં બદલાઇ ગયો. તેના "સાત પુત્રો" છે જે વળી "તેના ભાઇઓ" છે; અને જ્યારે પણ તેના આ પુત્ર-ભાઇઓ એકકની અતી સમીપમાં આવી કોટી કરતાં કે યુદ્ધ કરતાં અથડી પડે છે ત્યારે "ફોહાત"ને જન્મવું પડે છે. આનો અટકાવ કરવાને "ફોહાત" જુદા જુદા સ્વભાવવાળાને સાથે જોડે છે, અને સમાન સ્વભાવવાળાઓને જુદાં પાડે છે. જેમ આપણે જાણીએ છીએ તેમ ઘર્ષણથી ઉત્પન્ન થતી વિજળી વિષે, અને જે સાધારણ નિયમ પ્રમાણે એ જુદા જુદા પ્રકારવાળી વિજળી ધરાવનારા પદાર્થો એકેક પ્રત્યે ધસે છે, અને સમાન પ્રકારવાળી વિજળી ધરાવનારા પદાર્થો એકેકથી નાસે છે, તે વિષે, ખુલ્લો ઇસારો કર્યો છે. જો એ પદાર્થોમાં પ્રબળ વિજળીનો પ્રવાહ ચાલુ હોય છે તો બન્ને એકેકથી દુર નાસે છે, પણ જો એકમાં પ્રબળ અને બીજામાં નિર્બળ વિજળીનો પ્રવાહ હોય છે તો બન્ને અથડી પડે છે. આને લીધે ઉપર કહ્યું છે કે જ્યારે "પુત્ર-ભાઇઓ" એકેકની અતી સમીપમાં આવે છે ત્યારે "ફોહાત"ને જન્મવું પડે છે. આ સાત પુત્રો એટલે વિજળી, લોહચુંબક શક્તિ, નાદ, તેજ, ઉષ્ણતા, સ્નેહાકર્ષણ વિગેરેને વિશ્વમાં ફેલાયલી આદિ-શક્તિ (ફોહાત)ના રૂપો કે સંતતિ જાણવી. મૂળમાં આ શકિતઓ ધ્યાનીઓમાંથી ઉત્પન્ન થાય છે. વિજળી, તેજ, ઉષ્ણતા વિગેરે એઓ ગતિમાન પ્રકૃતિનો ઓળો કે પડછાયો છે. જેમ ફૂંક મારી મેજ ઉપરથી ધુળની કણ ઉડાડી મૂકતા એક જીવતા માણસના શ્વાસમાં જે શક્તિ છે તે પેલા જીવતા માણસમાંથી નીકળે છે, તેમ કુદરતમાં રહેલા ધ્યાનીઓ અને દેવતાઓ આ વિજળી આદિ શક્તિઓને પોતામાંથી બહાર કાઢી તેમને જન્મ આપે છે. એક રીતે આ વિજળી આદિ શકિતઓ મહાગતિના સ્વરૂપો છે.

[અત્યાર સુધી આપેલા શ્લોકો મહાપ્રલય પછી સૃષ્ટિ-સર્ગનું વર્ણન આપે છે. પણ હવે પછીના શ્લોકો આપણા સૂર્ય મંડળ અને આપણી પૃથ્વીની હાર વિશે બોલે છે.]

૫ ચોથા કલ્પમાં પુત્રોને પોતાની છાયા ઉત્પન્ન કરવા કહેવામાં આવે છે. એક તૃતીયાંસ ભાગ ના પાડે છે. બે તૃતીયાંસ ભાગ હા પાડે છે.'

[ભાષ્યમાં કહે છે તેમ "શુદ્ધ બ્રહ્મચર્ય પાળતા કુમારો (દેવતાઓ)એ પોતાના રૂપ પ્રમાણે પોતાની જાતી પ્રમાણે જાનો ઉત્પન્ન કરવાને ના પાડી. તેઓ કહેવા લાગ્યા, 'તેઓ અમારા માટે યોગ્યરૂપ ધરાવતા નથી; તેઓને હજી શુદ્ધ થવુ છે." આમ કહી તેઓ (કુમારો) પોતા કરતાં ઉતરતાઓની છાયામાં (લીંગ શરીરમાં) પ્રવેશ કરવા ના પાડે છે. આ પ્રમાણે પ્રથમથીજ સ્વાર્થિ ભાવ દેવતાઓમાં પણ ફાવી ગયો. અને તેઓ કર્મિક લિપિકોની નજર હેઠળ સપડાયા. એટલે કે આ કુમારોને, માનસ (મનસ ધરાવતા) ધ્યાનીઓને, પછીના જન્મમાં ભ્રમવું પડયું. કેવા પ્રકારની તે શીક્ષા મળી તે ત્રીજા ખંડમાં દેખાડયું છે.]

૬ શ્રાપ મલી ચુકો છે; તેઓ ચોથી જાતમાં જન્મશે, અને દુઃખી થઇ દુઃખ આપશે. આ પેહેલું યુદ્ધ છે.

[આપણે કહ્યું છે કે જ્ઞાન તથા ચૈતન્યનો સ્વયત્ન વડે અનુભવ પ્રાપ્ત કરવા પૃથ્વી ઉપર માણસાઇ અવસ્થામાંથી પસાર થવું જોઇએ. "એક ધ્યાનીને આત્મા-બુદ્ધિ થવુ જોઇયે. જો એકવાર બુદ્ધિ-મનસ, જે અમર આત્માનું બુદ્ધિ વહાન છે તે આત્માથી છુટાં પડી જાય છે, તો આત્મા કૈવલ્યમાં લીન પામી જાય છે. એટલે કે નિર્વાણ ભોગવે છે.

"શ્રાપ મલી ચુકયો" એટલે કે કોઇ દેવતા કે પુરૂષે શાપ ન આપ્યો, પણ એટલુંજ કે જે કારણથી દુષ્ટ પરીણામો નીપજે તેવાં કારણોએ જન્મ લીધો, અને કર્મની અસર પ્રમાણે, જે ધ્યાનીઓ કુદરતના કાયદાઓની સામે થયા હતા અને તેમની આ સરકશીથી કુદરતની જે વાજબી વૃદ્ધિમાં અટકાવ થયો હતો, તેમને દુઃખી અવતારો લેવા પડે છે, અને તેમ કરી દુખ વેઠવું પડે છે.

"આ પ્રથમ યુદ્ધ હતું" એટલે કે વિશ્વમાં ગોળાઓ, ગ્રહો, તથા જીવોની યોગ્ય વ્યવસ્થા પૂર્વે તેઓ વચ્ચે અનેક અથડાઅથડી થાય છે તે વિશે ઇશારો કરે છે.

ધ્યાનીઓના સાત વર્ગ છે; જેઓમાં ચઢતા વર્ગના ધ્યાનીઓ અરૂપ અને નિર્ગુણ છે. અને ઉતરતા વર્ગોના ધ્યાનીઓ રૂપ ધરાવતાં, પ્રબળ, અને અહંકારથી ભરેલા છે. આ છેલ્લા ઉતરતા વર્ગોના ધ્યાનીઓએ (મનુષ્યો ઉત્પન્ન) કરવા હા પાડી, પણ અરૂપ ધ્યાનીઓએ ના. પાડી.]

૬. જુના ચક્રો ઉપર હેઠળ ગોઠવાઇને પોતાની ધરી આસપાસ ફરવા લાગ્યાં... માતાના ગર્ભના દાણાઓથી સકળ વિશ્વ પુરાઇ ગયું. કર્ત્તા (ઉત્પન્ન કરનારા દેવતાઓ

અને સંહાર કરનારાઓ) વચ્ચે યુદ્ધો મચવા લાગ્યાં; અને જગ્યા માટે લડાઈઓ થવા લાગી; બીજ નિત્ય દેખાતું અને પાછું અંતર્ધાન પામતું.

["જુના ચક્રો" એટલે કે આગળા કલ્પોમાં જેવી સ્થીતીમાં આપણી પૃથ્વીની હારના ગોળાઓ હતા તે જાણવાં].

૭. હે લાનૂ, તારાં લઘુચક્ર (હાર) વિશે ખરી વિગત જાણવાની અભિલાષા રાખતો હોય તો તારી ગણત્રી કર. તેની ચોથી પીંડી આપણી માતા (પૃથ્વી) છે. નિર્વાણ પ્રત્યે લઈ જતા જ્ઞાનના ચોથા માર્ગના ચોથા ફળને પ્રાપ્ત કર, કેમકે તે પછી તું દેખતો થઇશ

[પૃથ્વીની હાર મધ્યે આપણી ભૂમી ચોથો ગ્રહ છે. સાધારણ માણસો માટે પૃથ્વીની ઉમર શોધી કાઢવી અશક્ય છે; કેમકે કયી ઘડીએ આપણી પૃથ્વી જન્મી તેની સાધારણ માણસોને કાંઇ ખબર નથી. અલબત અર્હતો અને મહાન ગુરૂઓ આ જન્મ-ઘડી જાણે છે, પણ તેઓ સાધારણ માણસોને તે જણાવવાને હાલ દુરસ્ત જોતા નથી: પણ "જેમ 'એક' (બ્રહ્મ) 'બે' (દેવતા કે ધ્યાન-ચોહાન) થાય છે, અને 'બે' પછી 'ત્રણ' (મનુષ્ય) થાય છે" "વિગેરે; તેમ આ દંઢી રૂપી (વિશ્વીક) ધૂળ પ્રથમ ભટકનારા (ધુમકેતુ) થઇ, પછી તારાઓ થાય છે, અને આ તારાઓ આપણા સૂર્ય તથા ગ્રહો બને છે.

આ ચોથા કલ્પમાં નિર્વાણના ચાર માર્ગ નીચે પ્રમાણે છે : શ્રોતા પત્તિ, સકડાગામિન અંગામિન, અને અર્હન. અર્હન જો કે ત્રિકાળ જ્ઞાની છે, તો પણ હજી સર્વેથી શ્રેષ્ઠ દીક્ષીત પદ ધરાવતો નથી; કેમકે અર્હન પોતે પોતાથી ચઢતા દીક્ષીતનો ચેલો થાય છે. તેને અર્હત પદની સીડીની ટોંચે ચઢવાને હજી ત્રણ માર્ગ બાકી છે. હાલમાં પણ કેટલાક વીરળ પૂરૂષોએ આ મહત પદ પ્રાપ્ત કર્યું છે પણ સાધારણ સાધુઓમાં આ ઉત્તમ ત્રણ માર્ગ પ્રાપ્ત કરવાની શક્તિ હાલમાં વસતી પાંચમી જાતના અંત વખતે અને છઠ્ઠી તથા સાતમી મૂખ્ય જાતીમાં સંપૂર્ણ ખીલી રહેશે. આ રીતે ચાલુ મન્વંતરમાં દીક્ષા લીધેલ અને દીક્ષા હીન એવા બે નીરનીરાળા વર્ગો માણસોમાં ચાલુ રહેશે.]

કડી ૭

૧. ચૈતન્યવાન અરૂપ જીંદગીનો આરંભ જો (ક)

પ્રથમ આત્મિક (ઉપાધી), પરમાત્મામાંથી નીકળેલો એક (આત્મા) (ખ); પછી દીવ્ય (આત્મ-બુદ્ધિ) (ગ); (વળી પછી) એકમાંથી ત્રણ (ઘ), એકમાંથી ચાર (ઙ) અને પાંચ (ચ), જેમાંથી ત્રણ, પાંચ અને સાત (છ)—આ ત્રણગણા અને નીચલા ચાર ગણા છે; અવલોકિતેશ્વર"ના તેજસ્વી સાત માનસ-પૂત્રો (સપ્તર્ષિ) હેલાનૂ, તેઓજ તું, હું, તે, છે; તેઓજ તારા ઉપર અને તારી માતા, ભૂમી ઉપર ચોકી રાખે છે.

(ક) જે ધ્યાનીઓને સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું કામ સોંપ્યું છે, તેઓના સાત (અથવા ૪ અને ૩) ગુપ્ત વિભાગ કર્યા છે, અને આ સાત વિભાગો બાર મહા વર્ગો, જેઓને રાશી ચક્રની બારે રાશીમાં દર્શાવ્યા છે, તેઓમાં સમાઇ જાય છે. આ ધ્યાનીઓના શુદ્ધ ધ્યાની-બુદ્ધ, અર્ધ-શુદ્ધ ધ્યાની-બુદ્ધ, અને સૂક્ષ્મ શરીરવાન ધ્યાનીઓ, એવા અનેક ઉપ વિભાગો છે.

સૌથી શ્રેષ્ઠ વર્ગ માત્ર જેઓને "દીવ્ય જ્યોતિઓ" કહે છે એવા નામના ધ્યાનીઓનો બનેલો છે; તેઓને "તેજસ્વી સીંહો" પણ કહે છે, અને તેમનો ભેદ સીંહ રાશીમાં સાવચેતીથી સમાવ્યો છે. તેઓ શ્રેષ્ઠ અધ્યાતિમક સૃષ્ટિના જાણે મધ્ય બિંદુઓ છે. તેઓ અરૂપ અગ્નિમય શ્વાસ છે. અદ્વૈત પરમાત્મા રૂપી મૂળમાંથી આ ધ્યાનીઓ પ્રગટ થાય છે.

(ખ) પેહેલા વર્ગના ધ્યાનીઓ શુદ્ધ દીવ્ય અગ્નિમય છે—(ગ) બીજા વર્ગના ધ્યાનીઓ જેઓ અગ્નિ તથા આકાશમય છે તેઓ પણ અરૂપ છે, પણ પોતામા સહજ પ્રકૃતિક તત્વ ધરાવે છે. તેઓ અવતાર લેતા જીવોના જાણે મૂળ ધાટ છે. તેમનામાંથી આત્મિક કીરણ પસાર થાઇને તેમની પાસથી પોતાનું વાહન 'બુદ્ધિ' પ્રાપ્ત કરે છે.

(ઘ) ત્રીજા વર્ગના ધ્યાનીઓ અગ્નિ, આકાશ, અને જળ તત્વના બનેલા છે; તેઓ આત્મા-બુદ્ધિ મનસની સાથ મુકાબલો ધરાવે છે, અને તે 'ત્રેવડ' કહેવાય છે.

(ડ.) ચોથો વર્ગ અગ્નિ. આકાશ, જળ અને વાયુ તત્વનો બનેલો છે, અને આ ધ્યાનીઓ રૂપ ધરાવનાર ધ્યાનીઓના સમૂહોમાં સર્વેથી શ્રેષ્ઠ છે. તેમને "અમર જીવો" કહે છે. અનેતેમનાથી જે ઉતરતા ધ્યાનીઓનોસપ્ત વિભાગી સમૂહ છે તે સમૂહમાં માણુસાઇ ચૈતન્ય વાન માનસિક જીંદગીનો ભેદ સમાયલો છે. આ ધ્યાનીઓના સપ્ત વિભાગી સમૂહમાં જે ગર્ભ-બિંદુ યોની દ્વારા પ્રગટ થવાનું છે તે ગુપ્ત છુપાયલું છે. માણુસના પ્રકૃતિક વિર્ય-બિંદુમાં આ દીવ્ય માનસિક બિંદુ પેસીને દીવ્ય શક્તિ મૂકી ગર્ભને વૃદ્ધિ પમાડે છે, અને મનુષ્યોમાં જે પેઢી ઉતર ગુણો અને સ્વાભાવિક શકિતઓ ચાલી આવે છે તેનું કારણ આ દીવ્ય માનસિક બિંદુમા સમાયલું છે. વિર્ય બિંદુમાં આ દીવ્ય બિંદુ જે ધ્યાનીઓના અર્કનું બનેલું છે તે જો આવી નથી મળતું તો બાળક જન્મથી મૂર્ખ કે ઘેલું અવતરે છે. રૂષિઓના કહેવા પ્રમાણે પ્રગટી કરણ કે વિશ્વક્રમ નીચલી રીતીએ માર્ગ લે છે : અધ્યાત્મિક, માનસિક, અને આકાશિકમાંથી સ્થુલ પ્રાકૃતિક સૃષ્ટી અનુક્રમે પ્રગટ થાય છે. પ્રાકૃતિક વિર્યની માહે રહેલું આ જીવણ-બિંદુ તેની ઉપરવારી થાય છે. ગર્ભ-વૃદ્ધિ વિધાની ચાવી આ દીવ્ય બિંદુમાં સમાયલી છે.

(ચ) પાંચમાં વર્ગના ધ્યાનીઓ મકરરાશી સાથે સંબંધ રાખે છે. આ પાંચમાં વર્ગમાં સૃષ્ટિના આત્મિક અને પ્રકૃતિક સ્વરૂપ એ બન્ને સમાયલાં છે, જેઓ માણુસના સ્વભાવના જાણે બે સામસામા ધ્રુવો, આત્મિક (શુદ્ધિ તરફ વળણ રાખનાર) અને પ્રકૃતિક (વિષય

વાસના તરફ વળણ રાખનાર), હોય એમ દીસે છે. આ લીધે તેમનો આંકડો પાંચ બેથી ગુણાકને દસ કરવામાં આવે છે અને તેમનો ૧૦મી રાપી સાથ સબંધ રાખવામાં આવ્યો છે.

(છ) છઠ્ઠા અને સાતમા વર્ગના ધ્યાનીઓમાં હલકા ગુણો હોય છે. તેઓના જળ દેવતા, કે વાયુ દેવતા, કે અગ્નિ દેવતા આદિ વર્ગો છે.]

૨. એક (મહા) કીરણ અગણીત નાના કીરણોને જન્મ આપે છે. રૂપની પૂર્વે જીવ હોય છે, અને રૂપ (સ્થુલ શરીર)ના સર્વેથી છેલ્લા અણુની પછી પણ જીવ રહે છે. અગણિત કીરણોમાંથી તે (મહા) જીવ-કીરણ ઘણાં મણી (મોતીઓ) માંથી પસાર થતાં સૂત્રની પેઠે પસાર થાય છે.

[આ મણીઓ એટલે અવતારો, અને તેઓમાંથી પસાર થતું સૂત્ર, જીવ-કીરણ, એટલે જીવાત્મા, જેને આ લીધે સૂત્રાત્મા પણ કહે છે, અને જે જન્મ લેતો જઈને આ મણીઓને અવતારોને) વધારતોજ જાય છે. જેમ સૂત્રમાં મણકાઓ પોવાય છે, તેમ આ જીવાત્મા રૂપી સૂત્રમાં અવતારરૂપી મણકાઓ પોવાય છે, અને તેથી જીવાત્માને વેદાંતમાં "સૂત્રાત્મા" કહ્યો છે.]

૩ જયારે આ 'એક' 'બે' બને છે, ત્યારે "ત્રેવડ" દેખાવ દે છે; (ક) આ ત્રણે એકત્ર જોડાયલાં છે; અને તે આપણું સૂત્ર છે, હેલાનૂ, જે માણુસરૂપી રોપાને સપ્ત-પર્ણ કહે છે તેનું જાણે હૃદય છે (ખ).

[(ક) "જયારે એક બે બને છે ત્યારે ત્રેવડ દેખાવ દે છે", એટલે કે જયારે અદ્વૈત અનંત પોતાનું પ્રતિબીંબ વ્યકતના પ્રદેશમાં નાખે છે, ત્યારે તે પ્રતિબીંબ, તે કીરણ, શુન્ય અવકાશમાં પંથરાઇને અંધકારને દૂર કરે છે, અને શુન્ય અવકાશમાં આ પ્રતિબીંબ, આ તેજ, (એટલે પુરૂપ), જળ ઉપર (પ્રકૃતિ ઊપર) સેવન કરવા બેસે છે, અને તેમનું બાળક "ત્રેવડ" (બ્રહ્માંડ, વિશ્વ) પ્રગટ થાય છે.

(ખ) મનુષ્યમાં સાત તત્વો હોવાથી તેને "સપ્ત-પર્ણ" રોપો કહે છે.]

૪. ચાર કાકડાની ત્રણ જીવ્હાવાળી જયોતિરૂપી તે મૂળ્યું છે જે કદી મરણ પામતું નથી (ક). કાકડાઓ એ ચીંગારીઓ છે, જેઓ સાતમાંથી નીકળતી ત્રણ જીવ્હાવાળી જયોતિમાંથી પોતાનું તેજ મેળવે છે; એકજ ચંદ્રના કીરણો અને ચીંગારીઓ ભૂમીની સર્વે સરિતાઓના વહેતા તુરંગો ઉપર પ્રતિબીંબો નાખે છે (ખ)

[(ક) "ત્રણ જીવ્હાવાળી જયોતિ" એટલે આત્મા બુદ્ધિ-મનસ. જે "ચાર કાકડાઓ" બળીને બુજાઇ જાય છે, તે શરીર, લીંગ દેહ, પ્રાણ અને કામરૂપ છે; અને આત્મા-બુદ્ધિ-મનસ રૂપી જયોતિ સદા અમર તપે છે.

(ખ) મન્વંતર કાળમાં માયા રૂપી સાગરના ઉછળતા અને વહેતા તરંગ ઊપર આત્મા બુદ્ધિ-મનસ રૂપી ચંદ્રના પ્રતિબીંબો પડે છે તે અનેક જન્મો કે અવતારો જાણવા.]

૫ જ્યોતિ ઉપર ફોહાતના સૌથી સૂક્ષ્મ રેસા વડે બંધાઇને ચીંગારી લટકે છે. તે માયાના સપ્ત ભૂવનમાં પ્રવાસ કરે છે (ક) તે પ્રથમ (પ્રાંતભેદ)માં વસે છે, અને ધાતુ અને પાષાણુ બને છે; તે બીજા (પ્રાંત ભેદ)માં જાય છે, અને જો કે તે રોપો બને છે; તે રોપો સાત આકારમાંથી પસાર થાઇને એક પવિત્ર પ્રાણી બને છે; (સ્થુલ માણસનો નો પ્રથમ છાયારૂપી મૂળાકાર) (ખ)

આ સર્વેના સામટા ગુણો વડે, મનુ (મનુષ્ય), મનન કરનાર, બને છે. તેને કોણ ઘડે છે? સાત જીવો; અને એક જીંદગી (ગ). તેને કોણ સંપૂર્ણ કરે છે? પાંચ પ્રકારના "લ્હા," (ધ્યાનીઓ) અને છેલ્લું શરીર કોણ સંપૂર્ણ કરે છે? મત્સ્ય, પાપ, અને સોમ(ઘ)

[(ક) "માયાના સપ્ત ભૂવન" એ આપણી પૃથ્વીની હારના સાત ગ્રહો અને તે ઉપર માણસ જાતના સાત ફેરા વિશે ઇશારા કરે છે. જ્યોતિ ઉપરથી જે ચીંગારી લટકે છે તે શું? તે જીવ છે જે મનસ સહિત, અથવા કે મનસની શુદ્ધ વાસના સહિત, આત્મા બુદ્ધિ સાથ જીંદગી ની દોરી વડે લંબાઇને લટકે છે.

(ખ) જીવ વારા ફરતી કુદરતના સર્વે પ્રાંત ભેદો, ખનિજ, વનસ્પતિ, અને પ્રાણી વર્ગમાંથી પસાર થાઇને માણસ સ્થિતિમાં આવે છે.

(ગ) "સાત જીવો, અને એક જીંદગી માણસોને ઘડે છે", એમ કહેવાનો ભાવાર્થ આ છે કે માણસ તથા જનાવરોના જીવતાં કે મરેલાં શરીરો અતી સૂક્ષ્મ જંતુઓના બનેલાં છે, એટલુંજ નહિ પણ ઝાડપાન, પથ્થર, વિગેરે સર્વે પદાર્થો અતી સક્ષ્મ જંતુઓનાં બનેલાં છે.

(ઘ) "મત્સ્ય, પાપ, અને સોમ".—આ શબ્દોનો અર્થ શો? આમાં એક અતી ગુહ્ય ભેદ સમાયલો છે. મત્સ્ય અવતારની કથા ઉપરથી તેની કાંઇક સમજ પડે તો પડે. "પાપ" એ શબ્દ અલંકારમાં વાપડયો છે; પાપ એટલે 'પુરૂષ'નું 'પ્રકૃતિ'માં પેસવું. "સોમ" કે ચંદ્રનો આપણા ચંદ્રકુલસી પૂર્વજો, સોમ પીતરો, સાથ સંબંધ જણાય છે. હજી પણ લોકો ચંદ્રને ગર્ભવંતી સ્ત્રીઓ ઊપર અસર કરતો માને છે.]

૬. પ્રથમ-જન્મેલા (પ્રાચીન કાળના માણસ)થી મૌન રહેલા ચોકીબાન અને તેના છાયા વચ્ચેની દોરી દરેક ફેરફાર (પુનર્જન્મ) સાથે વધારે મજબુત અને ઝલકતી બને છે (ક).

સંધ્યાનો પ્રકાશ મધ્યાન્હ કાળના તપતા પ્રકાશમાં બદલાઇ જાય છે.

[(ક) "ચોકી બાન" એટલે આત્મા જે જીંદગીની સીડીનો સૌથી ઊંચી પગથી ઉપર છે; અને તેનો "છાયો" એટલે જન્મ લેતો માણસ જે સૌથી નીચી પગથીએ છે. જો માણસ દુર્ વર્તણુક ધરાવી "ચંદ્ર—માર્ગ"માં આડો હાકતો નથી (એટલે વામ-માર્ગમાં પડી અધો

ગતિ પામતો નથી), તો માણસ આત્મા સાથ જોડાયલો રહે છે, અને દરેક જન્મ સાથ તેમનો સંબંધ ઘાડો ને ઘાડો થતો જાય છે. તે જીવ-દશામાંથી છુટી આત્મ-દશા મેળવતો થાય છે, અને સંધ્યાનો શાંત પ્રકાશ હવે મધ્યાન કાળના તપતા પ્રકાશમાં બદલાઇ જાય છે.]

૭. જ્યોતિએ ચીંગારીને કહ્યું—આ તારૂં હાલનું ચક્ર છે. તું મારા જેવો, મારી છબી અને મારો છાયો છે. હું તારામાં ઢંકાયલી છું, "આપણી સાથે થાઓ" તે દીવસ પર્યંત તું મારૂં વાહાન છે,

જ્યારે તું, હું અને બીજાઓ સાથે, તું અને હુ (ક) સર્વેઐક્ય થઇ જઈશું, પછી શીલ્પીઓ પોતાના પ્રથમના વસ્ત્ર પેહેરી, તેજસ્વી ભુમી ઉપર ઉતરશે, અને માણસો--જેઓ તેઓ પોતે -તેઓ ઊપર રાજ્ય કરશે (ખ).

[(ક) જે દીવસે ચીંગારી ફરી જ્યોતિમાં સમાઇ જશે, (માણસ પોતાનું ધ્યાન-ચોહાનિક સ્વરૂપ ફરી લેશે), વિગેરે ઊપર જે જણાવ્યું છે તેનો અર્થ આ છે : પ્રલયનો આરંભ થતાં પરનિર્વાણમાં ભૂત, વર્તમાન અને ભવિષ્યની સર્વે માણસ જાતો, અને સર્વે પદાર્થો એકત્ર થઇ જાશે. સર્વે મહા શ્વાસમાં પેસી જાશે, એટલે કે સર્વે બ્રહ્મમાં લીન પામી જાશે.

(ખ) ગુપ્ત જ્ઞાન કહે છે કે બે સૌથી શ્રેષ્ઠ વર્ગના ધ્યાની--બુદ્ધા જેઓ "ચોકી કરનારા" અને "શીલ્પીઓ" નામ ધરાવે છે તેઓ મહર્ષિ કે રાજર્ષિ તરીકે જન્મ લેવા લાગ્યા; "શીલ્પી" ધ્યાની-બુધ્ધોએ મનુષ્ય જાતને અનેક વિદ્યા કળાઓ શીખાડી; અને "ચોકી કરનારા' ઓએ જે જીવો ખનિજ અને વનસ્પતિ વિગેરે કુદરતના નીચલાં પ્રાંત ભેદોમાંથી પસાર થઇ મનુષ્ય બન્યા હતા, અને જેથી જેઓને પોતાની મૂળ દીવ્ય સ્થિતિનું કાંઇ પણ ભાન હતુ નહિ તેમના અર્થ આત્મ-વિદ્યાના મહાન સત્યો પ્રગટ કર્યાં. આ "ચોકી કરનારાઓ" પૃથ્વી ઉપર ઉતરી મનુષ્યો ઉપર રાજ્ય કરવા લાગ્યા.]

મનુષ્યોત્પત્તી

કડી ૧

જીદંગીનો આરંભ.

(પૃથ્વીનો "લ્હા" વા "ધ્યાની—પૃથ્વીની સૂર્ય પ્રત્યે પ્રાર્થના-સૂર્યનો ઉત્તર-પૃથ્વી ઉપર ફેરફાર).

૧. જે 'લ્હા' ચોથા (ગ્રહ-પૃથ્વી)ને ફેરવે છે તે સાત (ગ્રહ)ના 'લ્હા (ધ્યાની કે દેવતા) ને વશ છે, જે . પોતાના રથને (ગ્રહને) પોતાના નાથ, લોક-ચક્ષુ (સૂર્ય), ની આસપાસ

હોડી ફરતા રહે છે. તેના (સૂર્યના) શ્વાસ સાતને જીવ આપે છે (સાતે ગ્રહો ઉપર તેજ નાખે છે); તે શ્વાસે પેહલાને જીવ આપ્યો છે. તેઓ સઘળા બોધ ધરાવનાર દેવતાઓ છે.

૨. પૃથ્વી પ્રાર્થના કરે છે, હે પ્રકાશીત મૂખના પતિ (સૂર્ય), મારૂં ઘર શૂન્ય છે. આ ચક્ર (પૃથ્વી)ને વસાવવા તારા પૂત્રો મોકલ. બુદ્ધિના પતિ (બુધ ગ્રહ) ઊપર તેં તારા સાત પૂત્રો મોકલ્યા છે, મારાં કરતાં તે તને સાત ઘણી સમીપથી જુએ છે; તે મારા કરતાં સાત ઘણી અસર પ્રાપ્ત કરે છે. (બુધ ગ્રહ પૃથ્વી કરતાં સાત ઘણો પ્રકાશ અને ગરમી મેળવે છે). તેં તારા દાસોને, નાના ચક્રોને, તારો પ્રકાશ અને ગરમી ધારણ કરવાની, તારી મહાન બેટને તેના માર્ગમાંથી પકડી પાડવાની, મનાઇ કરી છે. હવે તારી દાસી માટે તે મોકલ.

૩. તેજસ્વી મૂખી એવા નાથે ઉત્તર આપ્યો, "જયારે તારાં કાર્યનો આરંભ થશે, ત્યારે તારા ઉપર એક અગ્નિ મોકલીશ. બીજા લોકને કહી સંભળાવ, તારા પીતા કુમુદ-પતિને (ચંદ્રને) તેના પૂત્રો (મોકલવા) માટે પ્રાર્થના કર તારા ઊપર વસતા જીવો પીતૃ-પતિની (યમરાજાની) આજ્ઞા હેઠળ રહેશે. તારા મનુષ્યો મૃત્યને વશ રહેશે. સોમના પૂત્રો નહિ, પરંતુ બુદ્ધિ-પતિના (બુધના) પૂત્રો (જ્ઞાની હોવાને લીધે) અમર છે. તારો કલ્પાંત બંધ કર. તારા ઉપર હજી તારી સાત ચામડી રહી છે.....હજી તું તૈયાર નથી. તારાં મનુષ્યો તૈયાર નથી".

[દરેક ગ્રહ અને તારા ઉપર વસ્તી હોય છે. ચંદ્ર એક ઉતરતો ગ્રહ છે તેથી પિતર દેવતાઓએ ઉત્પન્ન કરેલા મનુષ્યો અમર નથી, પણ મૃત્યુવશ છે.]

૪. મહાન ધ્રુજણી અને ધડાકા પછી તેણીએ (પૃથ્વીએ) પોતાની જુની ત્રણ ચામડી ઊતારી અને પોતાની સાત નવી ચામડી પેહેરવા લાગી, તેણી તેઓમાંની પેહેલી પેહેરી રહી.

["ત્રણ ચામડી ઉતારી" એટલે કે ત્રણ કલ્પ પસાર કર્યાં. "સાત ચામડી પેહેરવા લાગી" એટલે ધરતી ઉપર રેલ અને ભૂકંપથી જે સાતવાર તેની સપાટી ઉપર ઉલટપાલટ થઇ રહે છે તે જાણવું]

કડી ૨

વગર સહાયે કુદરત નિષ્ફળ નીવડે છે.

(ઘણા યુગો પછી પૃથ્વી વિચીત્ર પ્રાણીઓને જન્મ આપે છે.—ધ્યાનીઓ નાખુશ થાય છે—તેઓ પૃથ્વીની તળ સૂકવી નાખે છે—વિચીત્ર રૂપોનો નાશ કરવામાં આવે છે—પેહેલવેહેલી મોટી ભરતી ઓટ—પૃથ્વી ઉપર સ્થુલ પડ બંધાવા માંડે છે.)

૫. થઇ ત્રીશ ક્રોડ વર્ષ પર્યંત ભ્રમણ કરતું રહ્યું. તેણે રૂપો બનાવ્યાં. નરમ પાષાણ કે જે કઠણ થયા (ખનિજ વર્ગ); કઠણ રોપા કે જે નરમ થયા (વનસ્પતિ વર્ગ). અદ્રશ્યમાંથી દ્રશ્ય, સરીસૃપ અને સ્વપદ (જંતુઓ). જ્યારે પણ તેઓથી પૃથ્વી ભરાઇ ગઇ, ત્યારે તેમને પૃથ્વીએ પોતાની પીઠ ઉપરથી ફેંકી દીધા. ત્રીશ ક્રોડ વર્ષ પછી, તેણીએ કોડ વાળી (ધરી ફરી ગઇ). તેણી પીઠ ઉપર, એક પાસે સુતી... તેણીએ કોઇ પણ ધ્યાનીને બોલાવ્યા નહિ, કોઇ પણ બુધના પુત્રોને પૂછ્યું નહિ. પોતાના હૃદયમાંથીજ ઉત્પન્ન કરવા લાગી. તેણીએ ભયંકર અને દુષ્ટ જળ–માણસો ઉત્પન્ન કર્યાં.

૬. ભયંકર અને દુષ્ટ જળ–માણસો તેણીએ પોતે ઉત્પન્ન કર્યાં. બીજા (ખનિજ, વનસ્પતિ, અને પ્રાણી, વર્ગો)ના મરેલાં શરીરોમાં રહેલાં તત્વોમાંથી, પોતાના પેહેલા, બીજા અને ત્રીજા કલ્પના મેલ અને કાદવ કીચડમાંથી તેઓને (જળ–માણસોને) ઉત્પન્ન કર્યાં. ધ્યાનીઓએ આવી જોયું......પ્રકાશીત પીતા–માતા ઊપરથી, શ્વેત (સૂર્ય ચંદ્ર) લોક ઉપરથી, અમર દેવતાઓના સ્થાન ઉપરથી, આ ધ્યાનીઓ આવ્યા.

૭. તેઓ નાખુશ થયા. (તેઓ બોલ્યા) આપણું માંસ ત્યાં નથી. આપણા જેવા પાંચમાં (વર્ગ)નાં બંધુઓ માટે આ યોગ્ય રૂપો નથી. જીવો માટે યોગ્ય સ્થાન નથી. સ્વચ્છ, અને નહિ કે મલીન, જળ તેઓએ પાન કરવું જોઇયે. ચાલો, આપણે આ જળને સૂકવી નાંખ્યે.'

૮. અગ્નિઓ આવ્યા. ચીંગારી સહિત અગ્નિઓ, નિશાગ્નિ અને દીવસાગ્નિ (એટલે કે ધ્યાનીઓ). કાળા મલીન જળને તેઓએ સૂકવી નાખ્યા, પોતાની ગરમીથી તેમને શાંત કર્યાં. ઉત્કૃષ્ઠ "લ્હા"ઓ, અને ઉતરતા વર્ગના "લ્હામીનો" (ધ્યાનીઓ) આવ્યા. તેઓએ દ્વીમૂખી અને ચતુર્મૂખી રૂપોનો નાશ કર્યો તેઓએ બકરાના શરીરવાળાં માણુસો શ્વાનમૂખી માણુસો, અને મચ્છરૂપી માણુસો સાથ યુદ્ધ કર્યું.

[પૃથ્વી ઉપર કુદરતે વગર સહાયે, એટલે કે ધ્યાનીઓની સહાય વગર, જે રૂપો ઉત્પન્ન કર્યાં તે આવાં ભયાનક વિચીત્ર પ્રાણીઓ હતાં, અને તેથી તેમનો સમૂળગો નાશ કરવામાં આવ્યો. હાલમાં પણ સ્ત્રીઓ કેટલીકવાર અર્ધ-જનાવર અને અર્ધ–મનુષ્ય એવા બાળકો જણે છે, પણ આ હાલ કવચીતજ બને છે, પણ આરંભકાળમાં આ સાધારણ વાત હતી.]

૯ જળ માતાએ (મહાસાગરે) રડવા માંડયું. તેણી ઉભી થઇ, અને જે ચંદ્રે તેણીને ઊંચકી હતી, જેણે તેણીને જન્મ આપ્યો હતો તેનામાં અદ્રશ્ય થઇ. (એટલે હવે ચંદ્રના આકર્ષણ પ્રમાણે જળમાં, મહાસાગરમાં, ભરતીઓટ થવા લાગ્યાં)-

૧૦. જ્યારે આ રૂપો નાશ પામ્યાં ત્યારે પૃથ્વી માતા ઉજડ થઇ, તેણીએ સૂકી થવાની માગણી કરી. (ધરતી સૂકી થવા લાગી).

કડી ૩.

મનુષ્ય ઊત્પન્ન કરવાના યત્ન.

(બ્રહ્માનું ઊતરવું—પીતરોને પ્રજોત્પત્તિ કરવાની આજ્ઞા—ચઢતી પઢીના ધ્યાનીઓ ના પાડે છે).

૧૧. ચોહાનોનો પતી આવ્યો. તેણીના શરીરમાંથી જળને છુટું પાડયું, અને તેમાંથી અંતરિક્ષ બનાવ્યું. (વાયુ, વાતા વરણ).

૧૨. આ મહા ચોહાનોએ સોમ લોકવાસી ક્ષમ દેહવાળા પીતરોને બોલાવ્યા. (તેમને કહેવામાં આવ્યું કે) "માણસો, તમારાંજ જેવાં માણસો, ઉત્પન્ન કરો, તેમના જીવોને અંતરરૂપો (લાગ શરીર) આપો. તેણી (પૃથ્વી વા પ્રકૃતિ) બાહેરનું ઢાંકણ (સ્થુલ શરીર) ઘડી આપશે. (કેમકે) તેઓ નર-નારી (કિંપુરૂષ) થશે. વળી અગ્નિ-પતિ પણ આવશે".

૧૩ તેઓ (પીતરો) પોતાના નિર્માણ કરેલા પૃથ્વીના ભાગો ઉપર આવી વસ્યા; તેઓમાંથી સાત, દરેક પોતાના ભાગ ઉપર. અગ્નિ-પતિઓ પાછળ રહ્યા. તેઓ આવ્યા નહિ, તેઓએ પ્રજા ઉત્પન્ન કરવા ના પાડી.

[પૂરાણમાં કથા છે કે દક્ષના હર્યશ્વ નામે પૂત્રો નારદ મૂનીના ઊપદેશથી સ્વેચ્છાચારી થઈ પ્રજો ઉપજાવવા ના પાડી સર્વ દીશાઓમાં જતા રહ્યાં.]

કડી ૪.

પ્રથમ જાતોની ઉત્પત્તિ

(મનુષ્યોની ઉત્પત્તિ—તેઓ ખાલી છાયા છે—પીતરો મનન કરી શકે એવા મનુષ્યો ઉત્પન્ન કરવામાં ગુંચવાઈ જાય છે—સંપૂર્ણ માણુસ કરવા માટે શું જરૂરનું છે.)

૧૪. સપ્ત સમૂહ, માનસપુત્રો, ફોહાત (આદિ-શક્તિની પ્રેરણાથી, પોત પોતાના ભાગ ઉપર પોતામાંથી મનુષ્યો ઉત્પન્ન કરવા લાગ્યા.

૧૫. (આ પ્રમાણે) ભવિષ્યના (અ-મનસ=મનસ રહિત) માણુસોની સાતવાર સાત છાયાઓ, પોતાની ખાસ જાત અને વર્ણ ધરાવતી, ઉત્પન્ન થઇ. દરેક (વળી) પોતાના (ઉત્પન્ન કરનાર) પીતરોથી ઉતરતી હતી. અસ્થિ રહિત પીતરો અસ્થિ રહિત મા

ણીઓને જીવ આપી શકયા નહિ. તેમના ઉત્પન્ન કરેલાં પ્રાણીઓ રૂપ અને મનસ વગ રનાં માત્ર ભૂતો હતા. માટે તેઓ છાયા–જાત એમ કહેવાવા લાગ્યા.

૧૬. (ખરા) મનુષ્યો કેમ જન્મે છે? મનસ ધરાવતાં મનુષ્યો કેમ ઉત્પન્ન થાય છે? (બર્હિષદ) પીતરોએ પોતાનો (કવ્ય વાહન, વિજળીક) અગ્નિ, જે અગ્નિ પૃથ્વીમાં બળે છે તેને પોતાનાં સહાયે બોલાવ્યો. પૃથ્વીના ધ્યાનીઓએ સૌર (સૂર્ય) અગ્નિને પોતાની કુમકે બોલાવ્યો. આ ત્રણે (પીતરો અને બન્ને અગ્નિઓએ) પોતાના સા મટા પ્રયત્ન વડે સારૂં રૂપ ઘડયું. તે (રૂપ) ઉભું રહી શકતું, ચાલી હાલી શકતું, દોડી શકતું, બેશી શકતુ અને ઉડી પણ શકતું. તો પણ માત્ર છાયા, કાંઇ પણ સમજણ શક્તિ વગરની, છાયાજ હતી. (આ રીતે ખરા મનુષ્યો ઉત્પન્ન કરવાના પ્રકૃતિના યત્નો બે વાર નિષ્ફળ નીવડયા.)

૧૭. જીવાત્માને રૂપ જોઇતું હતું; પીતરોએ તે આપ્યું. જીવાત્માને સ્થુલ શરીર જોઇતુ હતુ; પૃથ્વીએ તે ઘડ્યું. જીવાત્માને પ્રાણ જોઇતો હતો; સૂર્ય-'લ્હાઓ'એ તેના શરીરમાં પ્રાણ ફૂંકી આપ્યો. જીવાત્માને પોતાના શરીરનું દર્પણ (સુક્ષ્મ શરીર)જોઇતું હતું; "અમારૂં પોતાનું આપ્યું" એમ ધ્યાનીઓ બોલ્યા. જીવાત્માને પોતાની કામનાઓ માટે વહાન (કામ રૂપ) જોઇતું હતું; જળ સોષી લેનાર (સુચી, સૌરાગ્નિ, કામાગ્નિ) બોલ્યો 'તે તેને મળ્યું છે". જીવાત્માને સકળ સૃષ્ટિને સમજી શકે એવું વિશાળ મન જોઇતું હતું; પીતરો બોલ્યા 'અમે તે આપવાને અસમર્થ છીએ." પૃથ્વીનો "લ્હા" બોલ્યો "મારી પાસે તે છે નહીં". મહાન (સૂર્ય) અગ્નિ બોલ્યો "જો હું મારૂં મનસ આપુ તો રૂપ નાશ પામશે"......(ઉધરતો) માણુસ, ખાલી સમજણ શક્તિ વગરનો ભૂત રહી ગયો ......આ પ્રમાણે અસ્થિ વગરના (પીતરોએ) જેઓ પછી ત્રીજી જાતમાં અસ્થિ વાળાં મનુષ્યો થયા તેમને ઉત્પન્ન કર્યા.

[સૂર્યમાં જે જીવતુ વિજળીક તત્વ છે તે પ્રથમના માણુસના ઘાટનો એટલે કે તેના શરીરનો "પીતા" છે. ચંદ્ર તે શરીરની "માતા" છે, કારણકે ચંદ્રમાં રહેલી એક ભેદી શકત જેમ વનસ્પતિ અને જનાવરો ઉપર અસર કરે છે તેમજ મનુષ્યગર્ભ ઉપર પણ અસર કરે છે. જે "વાયુ" એટલે આકાશ મારફતે સુર્ય અને ચંદ્ર ઉપરથી આ અસરો ચાલી આવે છે તે જાણે "ધાત્રિ" છે; અને "અધ્યાત્મિક" અગ્નિ માત્રજ (સુર્યના અગ્નિષ્વાત પીતરો) માણુસને અને માનસિક અને સંપૂર્ણ વ્યકિત કરી મુકે છે.]

કડી ૫.

બીજી જાતની ઉત્પત્તિ

(યોગ–પુત્રો—નરનારી તત્વ રહિત બીજી જાત–સંધ્યા-પુત્રોના પુત્રો—"છાયા" વા સુક્ષ્મ શરીર અંદર પેસતું જાય છે અને માણુસ સ્થુલ શરીર ધરાવતો થાય છે.)

૧૮. પેહેલી (જાત) યોગ–પૂત્રોની બનેલી હતી. તેમના પૂત્રો પીતવર્ણિ પીતા (સૂર્ય) અને સ્વેતવર્ણિ માતા (ચંદ્રની) સંતતિ હતી.

[''સૂર્ય અને ચંદ્રના પુત્રોની આકાશ ધાત્રિ થઇ' એમ ભાષ્યમાં કહે છે.]

૧૯. અંકુર પુટે છે અને વૃદ્ધિ પામે છે તેવીજ રીતે બીજી જાત ઉત્પન્ન થઇ; નર–નારી એવા ભેદ વગરની છાયા (જાત)માંથી આ રીતે, હેલાનૂ, આ રૂપો ઉત્પન્ન થર

૨૦ તેમના પીતા સ્વયંભૂ હતાં; જે સંધ્યા-પુત્રો, પીતરોના તેજસ્વી શરીરોમાંથી છાયા રૂપે નીકળ્યા હતા.

૨૧ આ જાત વૃદ્ધ થવા આવી, ત્યારે જુનું જળ નવાં જળ સાથ મળી ગયું (પેહેલી જાત બીજી જાતમાં સમાઇ જઇને એક થઇ ગઇ); જ્યારે ટીપાંઓ મળીન થયાં, ત્યારે તેઓ જીંદગીના નવા ઉષ્ણ પ્રવાહમાં સમાઇને અદ્રસ્ય થયા. પેહેલી જાતનું બાહ્ય શરીર તે બીજી જાતનું અંતર થયું. જુની પાંખ એ છાયા, અને પાંખની છાયા બની રહી.

[જ્યારે સૂક્ષ્મ શરીર ઉપર માંસ વિંટલાવા માડે છે ત્યારે માણુસ સ્થુળ શરીર મેળવતું થાય છે. "પાંખ" એટલે કે પીતરોના સૂક્ષ્મ રૂપમાંથી જે "છાયા" બાહેર નીકળે છે તે હવે સ્થુળ શરીરમાં સમાઇ જાઇ ને જાણે તેની 'છાયા'' બની રહેઁ છે.]

કડી ૬.

સ્વેદજ જાતની ઉત્પતિ.

(ત્રણે જાતોની ચાલુ વૃધ્ધિ—બીજી જાત ત્રીજીને ઉત્પન કરી નાશ પામે છે.)

૨૨. પછી બીજી (જાતે) ત્રીજી સ્વદેજ જાતીને ઉત્પન્ન કરી. સ્વેદ ફુલવા લાગ્યો, તેના ટીપાં ફુલવા લાગ્યાં, અને ટીપાંઓ સ્થુળ અને ગોળ બનતાં ગયાં. સૂર્યે તેમને ઉષ્ણ રાખ્યાં; ચંદ્રે તેમને શીત કરી રૂપ આપ્યું; વાયુએ (આકાશે) તેમનુ પાકવા પર્યંત પોષણ કર્યું. તારા મંડળનો સ્વેત હંસ (ચંદ્ર) તે મોટાં ટીપાં ઉપર છાયા કરી રહ્યો. આ ભવિષ્યનો પ્રજાનુ, પછીની ત્રીજી જાતના મનુષ્યરૂપી હંસનુ, અંડ હતું. પ્રથમ નર–નારી, અને પછી નર અને નારી.

૨૩. પેહેલી સ્વયંભૂ જાત સંધ્યા-પુત્રો (બ્રહ્માના સંધ્યારૂપી શરીરમાંથી ઉત્પન્ન થયલા પીતરો) ની શરીરની છાયાઓ હતી. નહિ જળ કે નહીં અગ્નિ તેમને નાશ કરી શકતી. પરંતુ તેમના પૂત્રો (આ પ્રમાણે) નાશ પામ્યા.

[પહેલી જાત માત્ર છાયા હોવાને લીધે, તે જાતીના માણુસને રેલ કે આગનો ભય હતો નહી; પણ તેમના પુત્રોનો એટલે કે બીજી જાતના માણુસોનો વારાફરતી થતા રેલ અને ધરતીકંપથી નાશ થવા લાગ્યો.]

કડી ૭.

અર્ધ દેવતાઇ જાતોથી તે પ્રથમની માનુષી જાતો સુધી.

(યોગ-પુત્રોએ જે રૂપો ઉત્પન્ન કર્યાં તે ચઢતા વર્ગના ધ્યાનીઓ ગર્વથી તુચ્છકારી કાઢે છે—તેઓ "અંડજ" મનુષ્યોમાં અવતરવા ના પાડે છે—તેઓ પછીના કિં-પુરૂષ જાતીના માણસોને પસંદ કરે છે—માણસને મનસ મલતુ થાય છે.)

૨૪. બોધના પુત્રો (ધ્યાનીઓ) રાત્રીના પૂત્રો (જેઓ બ્રહ્માના રાત્રીરૂપ શરીરમાંથી નીકળ્યા) પૂનર્જન્મ લેવાને તૈયાર હોવાથી, નીચે ઉતર્યા. તેઓએ ત્રીજી જાતના પેહેલા (સમજણ શક્તિ વગરના) ભાગના (માનસિક અવસ્થાનો વીચાર કરતાં) નીચ રૂપો જોયાં. ધ્યાનીઓ બોલ્યા, "આપણે ચુંટણી કરી શકીશું, આપણે બુધ્ધિમાન છીયે". કેટલાક છાયાઓમાં પેઠા. કેટલાકે માત્ર છાયામાં ચીંગારી નાખી. કેટલાકે તેમ કરવું ચોથી (જાત) સુધી માંડી વાળ્યું. પોતાના અર્કમાંથી તેઓએ કામને ભરી મૂકયું (પુષ્ટી આપી). જેઓમાં માત્ર ચીંગારી આવી તેઓ (૪) જ્ઞાન વગરના રહી ગયા. ચીંગારી ધીમી બળવા લાગી. ત્રીજો ભાગ અ-મનસ રહી ગયો. તેમના જીવો હજી તૈયાર ન હતા. મૂળ સાત જાતીમાંથી તેમને જુદા પાડવામાં આવ્યા. તેઓ સાંકડા માથાના બન્યા (જેવા કે હાલના આસટ્રેલ્યાના જંગલી રહેવાસી વિગેરે). ત્રીજો ભાગ તૈયાર હતો. મનસ અને જ્ઞાનના પતિઓ બોલ્યા, "એઓમાં અમે વાસો કરીશું."

[આ શ્લોક ઉપરથી સમજ પડશે કે માણુસોની માનસિક અને સંસારી અવસ્થામાં શા લીધે આવા ફેરફારો દીસે છે.]

૨૫. માનસ-ધ્યાનીઓ કેવી રીતે વર્ત્યા? તેઓએ (અસ્થિ વગરના) સ્વજન્મેલા રૂપોને તુચ્છકારી કાઢયાં. તેઓ યોગ્ય ન હતાં. તેઓએ સ્વદેજનો પણ તિરસ્કાર કર્યો. તેઓ પણ પૂરતા યોગ્ય ન હતા. તેઓએ અંડજ રૂપોમાં પણ વસવા ના પાડયું.

[આ પ્રમાણે પ્રજા ઉત્પન્ન કરવાને ના પાડવાની વાત પૂરાણમાં દક્ષના પૂત્રો વિશે કહેલી છે કે જેઓ નારદની સૂચના સ્વિકારી કૌમારાવસ્થામાં કાળ ગમન કરવાનુ પસંદ કરે છે.]

૨૬. જ્યારે સ્વેદજમાથી દ્વિ-જાતી (નર-નારી) વાળી બળવંત અને અસ્થિવાળી અંડજ જાતી ઉત્પન્ન થઇ, ત્યારે ધ્યાનીઓ બોલ્યાઃ "હવે આપણુ પ્રજા ઉત્પન્ન કરીશું".

૨૭. (ત્યારેજ) ધ્યાનીઓ માટે ત્રીજી જાત વાહન રૂપ થઇ. તેઓએ (ધ્યાનીઓએ) ઇચ્છા-શકિત અને ક્રીયા શકિતવડે પૂત્રો ઉત્પન્ન કર્યા, જે પુત્રો અર્હતો (રુષિઓ) નાં પવિત્ર પૂર્વજ અને વડવા હતા. (આ રીતે મનુષ્યો "મનસ" ધરાવતા થયા)

[આ ધ્યાનીઓ વિશે પૂરાણમાં લખ્યું છે કે "પૂર્વ બ્રહ્માએ સનંદનાદિને સરજ્યાં હતા. તેઓ લોકમાં આસક્ત ન થયા અને પ્રજા સરજવાની દરકાર ન રાખી, કારણ તેઓ જ્ઞાની, વીતરાગી, અને મત્સર રહિત હતા."]

કડી. ૮

સ્તનવાળાં પ્રાણીઓની ઉત્પત્તિ.

(પ્રથમના સ્તનવાળાં પ્રાણીઓ કેવી રીતે ઉત્પન્ન થયાં—તેમની વૃદ્ધી—પ્રાણીઓ સ્થુલ શરીર મેળવે છે—તેઓ નરનારી વર્ગમાં વહેંચાય છે—"અ-મનસ" મનુષ્યોનું પ્રથમ પાપ)

૨૮. પરસેવાના ટીપાંમાંથી; આગળા બીજા કલ્પના પ્રાણીઓ અને મુડદાંઓની મીટ્ટીમાંથી (ચોથા કલ્પના) સ્તનવાળાં પ્રાણીઓ ઉત્પન્ન થયાં.

૨૯ પૂર્વેના પેટે ચાલનારાં પ્રાણીઓમાં હવે અસ્થિવાળા પ્રાણીઓ, જળ-નાગો અને ઉડતા સર્પો ઉમેરાયા, જેઓ પૃથ્વી ઉપર પેટે ચાલતા, તેઓ પાંખ ધરાવવા લાગ્યા જે જળચર લાંબી ડોકવાળાં હતાં તેઓ વાયુમાં ગતી કરે એવાં ઉડતાં પક્ષીઓને જન્મ આપવા લાગ્યા.

૩૦ ત્રીજી જાતમાં, અસ્થિ રહિત પ્રાણીઓ વૃધ્ધ પાંમી બદલાવા લાગ્યાં; તેઓ અસ્થિ ધરાવવા લાગ્યાં. અને તેમની છાયા (સૂક્ષ્મ શરીર) સ્થુળ થવા લાગી.

૩૧ પ્રાણીઓ પણ હવે નર નારીમાં વહેંચાવા લાગ્યાં. તેઓમાં મૈથુની ક્રીયા શરૂ થઇ. મનુષ્ય પણ નર નારીમાં વહેંચાવા લાગ્યા (ક) તે (માણસ) બોલ્યો, "ચાલો આપણે પણ તેમની પેઠે કરીએ, આપણે પણ મૈથુન કર્મથી પ્રજા ઉત્પન્ન કરીએ" તેઓએ તેમ કર્યું.

[(ક) પ્રથમ ઝાડવાળાં પ્રાણીઓ અને પછી સ્તનવાળાં પ્રાણીઓ નર નારીમાં વહેંચાવા લાગ્યાં. તે પૂર્વે પ્રાણીઓ પણ મનુષ્યોની પેઠે માત્ર સૂક્ષ્મ આકારજ ધરાવતાં હતાં.]

૩૨. અને તેઓમાં કાંઇ ચીંગારી પણ ન હતી (અ-મનસોમાં) તેઓએ (તે કાળમાં હસ્તી ભોગવતા એક જાતના) રાક્ષસી પ્રાણીઓની માદાઓને સ્ત્રી રૂપે ગ્રહણ કરી, તેઓથી મુગી જાત ઉત્પન્ન કરી. તેઓ પોતે પણ મુગા હતા પણ તેઓની જીવ્હા હવે છુટી પડવા લાગી. (ભાષાનો આરંભ થયો.) તેમણે ઉત્પન કરેલી જાત મુગીજ રહી (વાચા વગરની રહી.) તેઓએ આવા વિચીત્ર પ્રાણીઓને જન્મ આપ્યા. જે વાંકાં, રાત વાળથી ભરેલાં, ચારે પગે ચાલતાં પ્રાણીઓની જાત

હતી. આ અતી શરમભરેલી વાતે જાણે ઢાંકી રાખવાને તે જાત મુગી જન્મી [આવી રીતે મનુષ્યોના આવાં કુદરતથી ઉલટાં કર્મથી વાનરોની વિચિત્ર જાતી ઉત્પન્ન થઇ].

કડી ૯.

માણસનુ સર્વે તત્વો ધરાવતો થવું.

(ધ્યાનીઓ—પૂરાણમાંના "કૂમારો"—પશ્ચાતાપ કરે છે—તેઓ પોતાની ભૂલનો બદલો વાળી આપે છે—મનુષ્યો મનસ ધરાવતાં થાય છે—ચોથી જાતમાં વાણી (ભાષા) સંપૂર્ણ ખીલી રહે છે. દરેક કિંપૂરૂપ હવે નર નારી તત્વ જુદુ જુદુ ધરાવતો થાય છે.

૩૩. આ (પ્રાણીઓ સાથના સંભોગનું પાપ) જોઇને, "લ્હાઓ" (ધ્યાનીઓ) જેઓએ મનુષ્યો બનાવ્યાં ન હતાં (જેઓએ પ્રજા સરજવા ના પાડી હતી) તેઓ વિલાપ કરી બોલવા લાગ્યા:—

૩૪. "અ-મનસ મનુષ્યોએ આપણા ભવિષ્યના રહેઠાણો(શરીરો) અપવિત્ર કર્યાં છે. આ કર્મ છે. બાકીના(મનુષ્યો)માં ચાલો આપણે વસીએ. ચાલો આપણે તેમને શીખવીએ, કે આથી પણ વધારે ખરાબ કાંઇ બને નહી." તેઓએ તેમ કર્યું....

૩૫. પછી સર્વે મનસ ધરાવતાં થયાં. તેઓએ અ-મનસનું (મનસ રહિત મનુષ્યોનું) પાપ જોયું.

૩૬. ચોથી જાત ભાષા વ્યવહાર રાખવા લાગી.

૩૭. કિંપૂરૂષમાથી પુરૂષત્વ અને સ્રીત્વ છુટાં પડયાં; વળી સર્વે જીવતાં અને પેટે ચાલનારાં પ્રાણીઓ, મહાન મચ્છો, પક્ષીઓ, અને કોટલાંવાળા માથા ધરાવતા સર્પો જેઓ પણ નર-નારી હતાં, તેઓ હવે નર અને માદા રૂપે જુદાં જુદાં જન્મવા લાગ્યાં.

કડી ૧૦.

ચોથી જાતનો ઇતિહાસ.

(ચોથી રાક્ષસ જાતની ઉત્પત્તિ—ચોથી જાતની ઉપજાતીઓ જુદી પડીને પછી એકેક સાથ મિશ્ર થવા લાગી; તેઓએ તેમ કરી જુદા જુદા વર્ણવાળી પ્રથમની મિશ્ર જાતીઓ ઉત્પન્ન કરી—બીજી જાતો કરતાં રાક્ષસ જાતીની ચડતી સ્થિતિ—તેઓ પાપમા પડી બાળકો

અને રાક્ષસોને જન્મ આપે છે—માણુસરૂપી ઇશ્વરની પૂજા તથા લીંગ પૂંજાનો આરંભ— રાક્ષસોએ ત્રીજું નેત્ર, દીવ્ય દ્રષ્ટી, ખોઇ બેસવું.)

૩૮. આમ બન્નેની જોડમાંથી, પૃથ્વીના સાતે ભાગ ઉપર ત્રીજી જાતે ચોથી (જાતના મનુષ્યો) ને જન્મ આપ્યો. સૂરો હવે અ-સૂરો થયા.

[ધ્યાનીઓ-(દેવતાઓ)-રાક્ષસ અને દૈત્ય જાતીમાં અવતરવાથી હવે અ-સૂર કહેવાયા. "અસૂર" શબ્દનો ખરો ધાતુ "અસુ" (શ્વાસ) છે, અને "અસૂરો એટલે સૌથી શ્રેષ્ઠ "શ્વાસો" અગ્નિ-ધ્યાનીઓ.]

૩૯. સર્વ સ્થળે પેહેલી (જાત) ચંદ્રવર્ણિ (પીત-શ્વેત) હતી; બીજી, સુવર્ણ સમાન પીળી હતી; ત્રીજી, રક્ત; ચોથી, ઘઉંવર્ણિ, જે પછીપાપથી કાળી થઇ ગઇ.

આરંભમાં સાતે જાતીઓ એકજ વર્ણ ધરાવતી હતી. પણ પછીની સાત (ઉપજાતીઓ) માં વર્ણ મિશ્ર થતા ગયા.

૪૦. પછી ત્રીજી અને ચોથી (જાત) મદથી ગર્વિષ્ટ બની "અમે રાજા છૈયે, અમે દેવતા છૈયે," એમ કહેવા લાગી.

૪૧ તેઓ સુંદર દેખાવની સ્ત્રીઓ વરવા લાગ્યા. સાંકડા માથાવાળા, મનસ રહિત (મનુષ્યો) પાસથી સ્ત્રીઓ મેળવવા લાગ્યા. તેઓએ આ વીકાળ દુષ્ટ, નર અને નારી, પ્રજા ઉત્પન્ન કરી. વળી તેઓ સહજ મનસ ધરાવતી સ્ત્રીઓ પણ ઉત્પન્ન કરવા લાગ્યા.

૪૨. તેઓએ શરીરો અર્થે મંદીરો બાંધ્યાં. તેઓ લીંગ તથા યોની ચીન્હની પૂજા કરવા લાગ્યા. પછી તેમના દીવ્ય ચક્ષુ (ત્રીજુ નેત્ર) ક્રીયા કરતાં બંધ પડયાં. કેમકે તેમનામાં હવે કાંઇ પણ પવીત્રાઇ કે શુદ્ધતા હતી નહિ.)

કડી. ૧૧.

ચોથી અને પાંચમી જાતનો સૂધારો અને અંત.

(દૈત્યો અને રાક્ષસો શેહેરો બાંધવા માંડે છે, અને સુધારો ફેલાવવા લાગે છે. મનુષ્ય રૂપી ઇશ્વર-પૂંજાની શરૂઆત—દૈત્યો અને રાક્ષસોના કદનો પૂરાવો આપતી હાલ સુધી બચી ગયલી તેમની કેટલીક મૂર્તિઓ—દૈત્ય ભૂમાનો અગ્નિથી નાશ, અને રાક્ષસોના ખંડનો જળ (રેળ) થી વિનાશ—જળ પ્રલય—ચોથી જાતનો અને જળ પ્રલય પૂર્વેના પ્રાણીઓનો સમૂળગો નાશ.)

૪૩. તેઓએ (દૈત્યોએ) મોટી નગરીઓ બાંધી. ઉંચી માટી અને ધાતુથી

શેહેરો બાંધ્યા જ્વાળામૂખી પર્વતમાંથી ઉડેલા બંધાઇ ગયલા રસમાંથી, પર્વતના સ્વેત પાષાણમાંથી (આરસપાહાણ), અને કાળા પાષાણમાંથી પોતાના જેવા કદ અને આકારની મૂર્તિઓ કોતરી તેમને પૂંજવા લાગ્યા (મૂર્તિ પુંજાનો આરંભ.)

(આ મૂર્તિઓ હજી પણ "પાસીફીક" મહાસાગરમાંના "ઇસ્ટર બેટ" નામના ટાપુમાં તથા અફઘાનીસ્તાનની ઉત્તરે આવેલાં "બામ્યાન" શેહેરમાં જોવામાં આવે છે.)

૪૪ તેઓએ (રાક્ષસોએ) નવ યતી ઉંચી, પોતાના શરીરના કદ જેવડી, મહાન મૂર્તિઓ બનાવી. તેમના પુર્વજોની (દૈત્યોની) ભૂમી અગ્નિ(ધરતીકંપ) થી નાશ પામી. (આ ભૂમી તે આગળ હીંદી માહાસાગર જ્યાં હાલ છે તે જગ્યાએ આવેલા "લીમૂર્યા" નામનો ખંડ). પણ ચોથી (જાત) ઉપર જળ(રેલ)નો ભય આવી પડયો.

૪૫ પેહેલું વેગવાળું જળ (પેહેલી મોટી રેલ) ફરી વળ્યું. તેમાં સાતે મોટા દ્વીપ (લંકા ખંડના) ડુબી ગયા.

૪૬ સર્વે પવિત્ર મનુષ્યો બચી ગયા (ક), સર્વે પાપી નાશ પામ્યા. તેમની સાથે પૃથ્વીના પરસેવા(ભીનાસ)માંથી પેદા થયલાં લગભગ સર્વે રાક્ષસી કદના પ્રાણીઓ અને વિચીત્ર આકારવાળાં પ્રાણીઓ પણ નાશ પામ્યાં.

[(ક) આ પવિત્ર મનુષ્યોએ હજી પોતાના દીવ્ય ચક્ષુ ખોયાં ન હતાં, અને આ લીધે આ આફત વિશે તેમને આગળથી અગમચેતી મળી હતી.]

કડી. ૧૨

પાંચમી જાત અને તેના દેવતાઇ શીક્ષકો.

(પેહેલી બે જાતોના બાકી રહી ગયલા ભાગો સદંતર નાબુદ થાય છે. જુદી જુદી રાક્ષસોની ઉપજાતીઓનું પાંચમી જાતના પૂર્વજો સાથ રેલમાંથી રક્ષણ કરવામાં આવે છે—આપણી હાલની પાંચમી જાતની ઉત્પત્તિ—પેહેલાં રાજર્ષિ વંશો—માણસ જાતના આ શીક્ષકો અને સુધારકોનું ગુણ વર્ણન.)

૪૭ થોડાંજ (મનુષ્યો) બચી ગયાં. કેટલાક પીળા, કેટલાક ઘંઉવર્ણિ અને કાળા, અને કેટલાક રક્તવર્ણિ, રહી ગયા. ચંદ્રવર્ણિ સદાના જતા રહ્યા.

૪૮ ચોથી જાતના પવિત્ર પુરૂષોમાંથી ઉત્પન્ન કરેલી પાંચમી (આર્ય) જાત રહી ગઇ. રાજર્ષિઓ તે ઉપર રાજ્ય ચલાવવા લાગ્યા.

૪૯ આ નાગો (રાજર્ષિઓ, જ્ઞાનીઓ,) પૃથ્વી ઉપર ઉતરી આવી, પાંચમી (જાત) સાથ સંધી કરી, અને તેં જાતને શીક્ષણ અને ઉપદેશ દેવા લાગ્યા.

ખંડ ૫.

પૂરાણોકત કથા સાર.

આગલા ત્રણ ખંડોમાં આપણે જોઇ ગયા છીએ કે પૂરાણોમાં આવેલી કથાઓ કેટલી ભેદવાળી છે, અને કેવી અલંકારી ભાષામાં રચવામાં આવી છે. આ ખંડમાં તેવી કેટલીક ભેદ વાળી કથાઓ તથા શબ્દોનો ગુહ્ય અર્થ સમજાવવાનો પ્રયત્ન આરંભીશું, જે ઉપરથી જણાશે કે જેમ આર્ય સમાજના મૂળ સ્થાપક સ્વામી દયાનંદ સારસ્વતી અને બીજા કેટલાક ધારે છે તેમ આ પૂરાણો કેવળ વહેમ અને મર્ખાઇ ભરેલી વાર્તાના પુસ્તકો નથી, પરંતુ અનેક પ્રકારના ઉત્તમ જ્ઞાનના જાણે ભંડાર રૂપ છે. આ કથા સારનો આરંભ કરતાં પ્રથમ સર્વે પ્રકારની ઉત્તમતા સૂચક "પદ્મ" શબ્દના વિવિધ અર્થ દર્શાવીશું. *

પદ્મ કે કમલ પુષ્પ કુદરતની એવડી ઉત્પન્ન કરનારી શકિત (પુરૂષ પ્રકૃતિ) નું ચિન્હછે.

પદ્મ. કમલ પુષ્પ ગરમી (અગ્નિ) અને જળ (વરાળકે આકાશ) વડે ઉગે છે; અગ્નિ કુદરતની નર શકિત–પુરૂષ–નું ચિન્હ છે, અને જળ કુદરતની નારી શકિત–પ્રકૃતિ જેમાંથી સર્વે વસ્તુ બને છે, તેનું ચિન્હ છે. આ લીધે જળ કે આકાશને "માતા" અનેઅગ્નિને "પીતા" કહે છે. હવે કમલમાં આ ખુબી છે કે તેના બીજમાં, ફુટયા અગાઉથીજ, કમલપત્રો સંપૂર્ણ પણ સૂક્ષ્મ આકારમાં સમાયલાં હોય છે, અને જ્યારે બીજ ફુટે છે ત્યારે પત્રોના આકાર તેના તેજ રહે છે પણ કદમાં માત્ર મોટાં થાય છે. આ લીધે તે સૃષ્ટિ તેમજ માણુસ, બ્રહ્માંડ અને પિંડનું ચિન્હ છે; જેમ કમલ બીજમાં તેમાંથી ભવિષ્યમાં ઉગનારા ઝાડની સંપૂર્ણ સૂક્ષ્મ નકલ પૂર્વેથીજ સમાયલી હોય છે, તેમજ પૃથ્વીપર જે સર્વે સ્થુળ વસ્તુઓ છે, તેના સૂક્ષ્મિક મૂળાકાર પૂર્વેથીજ માનસિક સૃષ્ટિમાં હોય છે. કમળ વિશે બીજી આ બીના છે કે તે કાદવમાં જડ ઘાલી, જળ મધ્યે ઉગી હવામાં પોતાના પુષ્પ ખીલવે છે. જેમ કમળનું મૂળ કાદવમાં હોય છે તેમ માણુસ સ્થુલ જગતમાં લપટાયલો છે, અને જેમ કમળની દાંડી જળ મધ્યે ઉભી રહે છે તેમ માણુસ આકાશી (આધીદૈવિક) જગતમાં પેસે છે, અને જેમ કમલ પુષ્પ જળ ઉપર તરતું સ્વચ્છ હવામાં પોતાના પાંદડા ઉઘાડે છે તેમ માણુસ આકાશી જગતમાંથી પસાર થઇ અધ્યાત્મિક સૃષ્ટિમાં આત્માનંદમાં નિમગ્ન રહે છે.

---

* પૂરાણોમા જે ગુપ્તતા રહેલી છે તે સમજવા માટે કેટલાક ખાસ નિયમો છે. પૂરાણોમાં જે કહેલું છે તેમાં એક કરતાં વધારે-ઘણું કરીને સાત અર્થ સમાયલા હોય છે. આ બધાનું સ્પષ્ટીકરણ માત્ર ગુપ્ત વિધાનો શિષ્ય (occultist) કરી શકે. મી૦ ટી. સૂબારાવે એ અર્થો સમજવાને "Five years of Theosophy" માંના "Signs of the Zodiac" એ આરટીકલમાં કેટલીક અમુલ્ય સૂચના આપી છે."

શેષનાગ (કાળ) ઉપર શયન કરતા નારાયણની નાભિમાંથી કમળફુલ ઉગે છે, એનો અર્થ આજ છે કે 'પદ્મ' એટલે વિશ્વ કે જે વિષ્ણુમાંથી-સૃષ્ટિના સદા ગુપ્ત બીજમાંથી-સૃષ્ટિના મધ્ય સૂર્ય કે મધ્ય બિંદુમાંથી, વ્યક્ત કે પ્રગટ થાય છે.

ચંદ્ર-સોમ અને ગ્રહસ્થાચાર

સોમને બુધનો પીતા કહે છે; બુધ એટલે ગુપ્તજ્ઞાન, અને આ જ્ઞાન ચંદ્રના સર્વે ભેદોની માહીતી મેળવ્યાથી પ્રાપ્ત થાય છે. ચંદ્ર તથા જનન ક્રીયાને અતી નીકટ સંબંધ છે. જો દરેક વિદ્યાર્થિને ચંદ્રના કેટલાક ગુપ્ત ગુણો અને મુખ્ય કરીને જનન ક્રીયા ઉપર તેની ગુપ્ત અસરો વિશે કાંઇક જ્ઞાન આપ્યું હોય તો પ્રજાને અમૂલ્ય લાભ અવશ્ય થાય, વસ્તી એકદમ હદ બાહેર વધી જાય છે તેનો આવા અભ્યાસથી કુદરતી અટકાવ થશે. આ દેશમાં દરેક જ્યોતીષિ જાણે છે કે ગર્ભ બંધાવાનો આધાર ચંદ્ર અને તેના સંયોગ ઉપર રહે છે. પ્રાચીનકાળમાં ચંદ્રના ચોક્કસ પક્ષ કે તીથી ઉપર મૈથુન કર્મથી ગર્ભ ન બંધાય તેવા દીવસોપર જે પુરૂષો ઉલટી રીતે ચાલતા તો તેમને પાપી કહેવામાં આવતા. માનવ ધર્મ શાસ્ત્રમાં સ્ત્રી રજસ્વલા હોય ત્યારે, અને ચાંદરાત્રે, શુદ પુનેમે, બન્ને સંક્રાંતે, વ્યતીપાત, વૈદ્રોતી, બન્ને દ્વાદશી અને માતા કે પીતાના મરણની તીથીપર તથા પર્વકાળપર સ્ત્રી પાસે જવાની મના કરવામાં આવી છે. આ કાંઇ માત્ર વહેમ નથી, પરંતુ આગલા ઋષીઓએ લાંબા કાળ સુધી અવલોકન કર્યા પછી, તેઓએ ગ્રહસ્થો માટે આ નિયમ ઘડી કાઢ્યા છે. ચાંદરાત્રે રહેલા ગર્ભવાળો બાળક નબળું મન ધરાવે છે, જે ઉપરથી તેવા માણસને 'ચંદ્રક' કે ગાંડો કહેવામાં આવે છે. વ્યતીપાતની રાત્રે ગર્ભ રહ્યાથી બાળક દુષ્ટ વર્તણુકનું નીવડે છે. અને વૈદ્રોતીની રાત્રે ગર્ભ રહ્યાથી બાળક નિર્દય નીકળે છે; દ્વાદશીના ગર્ભવાળું બાળક અધર્મિ નીવડે છે. ધર્મિષ્ટ અને સુશીલ બાળકો ઇચ્છતા ગ્રહસ્થો માટે ઉપલી રાત્રો વર્જ્ય છે. મનુએ ગ્રહસ્થાશ્રમ પુરૂષો માટે જે નિયમો બાંધ્યા છે તે પ્રમાણે ચાલવાથી અતી લાભકારક પરીણામો નીપજે. પ્રજોત્પતિ કરવાની જે દીવ્ય શકિત માણસો ધરાવે છે તે શકિતનો શુદ્ધ અને પવિત્ર ઉપયોગ કરવો ઘટે છે, અને નહિ કે આ શકિતનો દુષ્ટ ઉપયોગ કરી માત્ર પોતાના હવસ પુરા પાડવા, માત્ર પોતાની વિષય વાસના તૃપ્ત કરવી. હાલ બહુધા માણસો આવી નીચ પશુ તુલ્ય વૃત્તિ પ્રમાણે ચાલે છે. પ્રથમ પ્રસવ કાળે સ્ત્રીઓને કાંઇ પણ કષ્ટ ભોગવવું ન પડતું, પરંતુ હાલમાં તો પ્રસુતી વેળાએ સ્ત્રીઓ અતી કષ્ટ પામે છે અને ઘણીક સ્ત્રીઓને આ વેળાએ પોતાના જીવનો પણ ભોગ આપવો પડે છે. આ દેખાડે છે કે પ્રજોત્પત્તિ કરવાની પવિત્ર ક્રીયાનો કેવો ખોટો ઉપયોગ કરવામા આવે છે. અમેરીકાની કહેવાતી જંગલી જાતોમાં સ્ત્રીને ગર્ભ રહ્યા પછી તે જન્મેલું બાળક એક વર્ષનું થાય તે પર્યંત એટલે કે એકત્રીશ માસ પર્યંત સ્ત્રીઓને પવિત્ર ગણવામાં આવે છે. પ્રાચીન કાળમાં કેટલાક મનસ વગરના માણસોએ જનાવરોમાં તે ક્રીયા જોઇ બોલવા લાગ્યા કે "આપણે પણ તેમની પેઠે ચાલીયે," અને તે પ્રમાણે તેવો ચાલ્યાથી માણસોમાં આ ક્રીયા ચાલુ થઇ. જનાવરોમાં ચોક્કસ રૂતુએજ કામ પ્રદિપ્ત થાય છે, અને બાકીની રૂતુમાં તેમની ઇંદ્રીયો જડ થઇ બેસે છે; તેઓ કુદરતને અનુસરીને ચાલે છે, અને

પ્રસુતી'વેળાએ તેઓ કાંઇ પણ કષ્ટ પામતાં દીસતાં નથી. આગળ ચાલતાં માણુસોમાં આ ક્રીયી સદંતર બંધ પડી જશે, અને જેમ પુર્વે બનતું હતું તેમ ક્રીયા શકિત વડે સંકલ્પ માંત્ર થી પ્રજા ઉત્પન્ન થવા માંડશે.

સૂર્ય

સૂર્ય 'પ્રાણુ' નો ભંડાર છે; જેમ તેનામાંથી પ્રકાશ સદા નીકળતો રહે છે, તેમ 'પ્રાણુ' પણુ તે મધ્યેથી સદા નીકળતો રહે છે. સૂર્યની આસપાસ અસખ્ય દેવ-સમૂહો છે, અને ત્યાંથી તે ઓ સર્વે માણુસો ઉપર દેખરેખ રાખે છે. તેઓ કર્મ-દેવતાઓની આજ્ઞા પ્રમાણે ચાલીમાણુસોને તેમના પાપની શીક્ષા કરવાંમાટે તોફાન, આગ, ધર્તિકંપ, દુઃકાળ, લડાઇ વિગેરે ઉત્પન્ન કરે છે. સૂર્ય સર્વે પ્રાણીઓનું રક્ષણુ અને પોષણુ કરે છે. દરેક તારામાં દેવતાઓના સમૂહો હોય છે, અને તેઓ જગતની સર્વે ક્રીયાઓપર અધિકાર ધરાવે છે; તેઓ માણુસોને કે રાજ્યોને ફુલાવે છે કે ઉંધા પણુ નાખે છે; તેઓ આપણુા જીવ ઉપર પોતાના આકારની છાપ મારે છે, અને તેઓ આપણુા સ્નાયુ, મેદ, મજ્જા, નસ, ભેજા સર્વમાં હાજર હોય છે. જે પળે આપણે જન્મ લઇયે છીએ તેજ પળે અમૂક દેવતાઓ આપણુને પોતાની સંભાળ તળે લે છે. અર્થ આ કે માણુસનું સ્થુળ શરીર એ પંચભૂત-અગ્નિ, વાયુ, આપ, પૃથ્વી અને આકાશ નું બનેલું છે, અને તે લીધે આ તત્વો સાથે જે દેવતાઓ સંબંધ ધરાવે છે તેઓ તે તત્વ થી બનેલાં શરીર ધરાવનાર માણુસોના સંબંધમાં આવે છે. જો શરીરમાં એકાદ તત્વ બીજાં તત્વ કરતાં અધિક પ્રમાણુમાં હોય, તો તે તત્વ આખા જન્મ સુધી બીજાં તત્વોપર સર્વોપરી રહેશે. જો શરીરમાં 'પૃથ્વી' તત્વ અધિક હોશે તો 'પૃથ્વી' તત્વને લગતા દેવતાઓ તેવાં શરીરવાળા માણુસને ધાતુનો (પૈસા, વિગેરે) સંગ્રહ કરવા તરફ દોરવશે.

આ દેવતાઓ જગતની સર્વે ક્રીયા અને બનાવો ઉપર અમલ ચલાવે છે, અને તેમ કરવામાં આપણુા શરીરો તેમને સાધનો પુરાં પાડે છે.

પ્રણુવ-વાચ

'વાચ' ને બ્રહ્માની કન્યા કહે છે; તેણીને 'સંધ્યા' અને "શતરૂપા" પણુ કહેવામા આવે છે. તેના વડે બ્રહ્મા-પ્રજાપતી પ્રજા ઉત્પન્ન કરે છે એમ પુરાણુમાં જણુાવે છે. 'વાચ' એટલે 'અદ્રીતી' કે 'મૂલપ્રકૃતિ' અને 'બ્રહ્મા' એટલે 'નારાયણુ.' 'પુરૂષ' જે પ્રકૃતિમાં પેસી તેને ફળ આપતી કરે છે. ઋગવેદમાં 'વાચ' નો અર્થ 'ગુહ્ય ભાષા કે નાદ' થાય છે, જે રુષીઓમાં પ્રવેશ કરી તે મને ગુપ્તજ્ઞાન શીખવે છે. 'વાચ' વળી નાદ અને ભાષાની દેવી છે, અને તે અર્થ લેતાં 'વાંચ' ના ચાર પ્રકાર થાય છે, પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખેરી. જે નાદ આપણે પ્રગટ સાંભળીયે છીએ તે 'વૈખરી વાચ'. પ્રણુવ (ૐકાર) ને વાચ કહે છે તેનું કારણુ આ કે પ્રણુવની ચાર માત્રા આ ચાર પ્રકારની વાચ સાથે સંબંધ ધરાવે છે. જુઓ નીચલો કોઠો.

	પ્રણવ	સૃષ્ટિ	વાચ
૧.	અ	મુલ પ્રકૃતિ	વૈખરી વાચ
૨.	ઉ	દૈવિ પ્રકૃતિ (આદિ-શકિત)	મધ્યમા વાચ
૩.	મ	ઇશ્વર (ધ્યાન–ચોહાનિક સમૂહ)	પશ્યંતી વાચ
૪.	અર્ધમાત્રા	પરબ્રહ્મ	પરા વાચ

વાચનો પરા પ્રકાર પરબ્રહ્મમાં સદા ગુપ્ત રહે છે; જ્યારે તે 'ઇશ્વર' ના સંકલ્પમાં આવે છે ત્યારે તે પશ્યંતી પ્રકાર બને છે. 'બ્રહ્મા-પ્રજાપતી-વાચ', 'તેજ-નાદ-સંખ્યાં, આ ત્રણુની જોડીવડે સર્વે ઉત્પન્ન થાય છે.

પુરાણુમાં વિષ્ણુનાં ત્રણુ પગલાંનો અર્થ આ છે કે 'વિષ્ણુ' એટલે 'અનાદ્યયંત પરબ્રહ્મ', જેમાંથી મુલ પ્રકૃતિ, પુરૂષ (ઇશ્વર), અને દૈવ પ્રકૃતિ (આદિ–શકિત) એ ત્રણુ પ્રગટ થાય છે; એ ચારે સાથે મળી 'વાચ' ના ચાર પ્રકાર થાય છે.

'વાચ'ને વળી ધાન્ય તથા જળ આપનાર મધુર સુરભી (ગાય) પણુ કહી છે. અત્રે વાચ એટલે પૃથ્વી કે કુદરત (તેના સર્વે ગુપ્ત ગુણો સાથે) સમજવી. ગુપ્ત જ્ઞાનના 'ઝયાન' (ધ્યાન) નામના ગ્રંથમાં લખે છે કેઃ—

"મહા માતા પોતાના હૃદયમાં, △ અનો, અને ⌐, બીજો ।, અને ⛤ ધરાવીને □ △ ॥ (૪,૩૨૦,૦૦૦ વર્ષ=૧ મહાયુગ) ના શુરવીર પુત્રો, જેમનામાં ૦ (ચક્ર) અને . (બિંદુ) બન્ને સર્વેથી વડા હતા, તેમને ઉત્પન્ન કરવાને તૈયાર હતી." દરેક માહાયુગ (૪,૩૨૦,૦૦૦ વર્ષ) ના આરંભમાં સાત મહાન દેવતાઓ ઉતરી આવી નવા યુગમાં કાર્યની વ્યવસ્થા કરતા હતા. આ દેવતાઓ પોતાના મહાન કાર્યો પુરાં કરી પૃથ્વી ઉપર પોતાની હાજરીની ઇધાણી તરીકે સદા નીભી રહે એવા સ્મરણુ સ્થંભો મુકી જતા. આ પ્રમાણે મીસર દેશના ત્રીકોણુાકાર મીનારાઓ (pyramids) તેમની દેખરેખ તળે બાંધવામાં આવ્યાં હતાં.

બ્રહ્મા. 'ચતુર્મુખી' બ્રહ્મા એટલે વાયુ; અગ્નિ, પૃથ્વી અને જળ એ ચાર તત્વનો નાથ કે પતિ જાણુવો; અને આ અર્થ લેતાં 'બ્રહ્મા' શબ્દથી સર્વે સૃષ્ટિ ઉત્પન્ન કરનારા દેવતા કે ધ્યાનીઓ સમજવા. આ ધ્યાનીઓ આ ચાર તત્વોની ક્રીયાઓ ઉપર અમલ કરે છે. પ્રાચીન

કાળમાં આ દેવતાઓ સાથ રાક્ષસો મંત્રવિદ્યાના બળ વડે વ્હેવાર રાખતા હતા. જે ભાષા મારફતે તે વહેવાર ચાલતો તે ભાષા જુદા જુદા શબ્દો નહિ પણ માત્ર જુદા જુદા અવાજ, આંકડા, અને આકૃતિઓની બનેલી હતી. આ ત્રણેને એકત્ર કરવાથી અમુક તત્વના અમુક દેવતા કે ધ્યાની સાથ વહેવાર રાખી શકાય છે.

મંત્રની ભાષા એજ ભાષા છે, અને આજ ભાષાની ચાવી વડે મૃત્યુલોક અને દેવલોક વચ્ચેના વહેવારનું દ્વાર ખુલ્લું થતું. પ્રાચીન કાળમાં લોકો કુદરતની છુપી શકિતઓથી વાકેફ હતા, અને આ લીધે આ શકિતઓનો ગુપ્તભેદ ખુલ્લા આકારમાં મુકવામાં ભય સમાયલો હોવાથી, તે ભેદ તરેહવાર કથાના રૂપમા દર્શાવ્યા છે. દરેક પ્રજાના લોકમાં અગ્નિ, વાયુ, જળ અને પૃથ્વી એ ચાર તત્વોના દેવતાઓની પુંજા ચાલુ જોઇયે છીએ. જ્યારે યુનાન દેશપર ઇરાનના રાજાએ ચઢાઇ કરી ત્યારે યુનાનીઓ શત્રુની નૌકાઓ વીખેરી નાખવા વાયુ દેવની પૂંજા કરવા લાગ્યા. તેજ પ્રમાણે હાલમાં પણ ખ્રીસ્તી ધર્મ પુસ્તકમાં વર્ષાદ માટે, કે હવા ખુલ્લી થવા માટે, કે તુફાન શાંત પાડવા માટે કે શત્રુના વિનાશ માટે અનેક ખાસ જોડેલી પ્રાર્થનાઓ છે. હવે યુનાનીઓની પવન-દેવની પૂંજાને ખ્રીસ્તીઓ મૂર્તિ પૂંજા તરીકે ચોકી બેસાડે છે, અને પોતાના "જેહોવા" (ખ્રીસ્તીઓના ઇશ્વરનું નામ) ની પૂંજા તે ખરી પૂંજા તરીકે માને છે; પણ ખરૂં જોતાં તો બન્નેની સ્થિતિ સરખીજ છે. ખ્રીસ્તીઓ કહે છે કે "આ દુર્ભાગી હીંદુઓ વહેમ જાળમાં તણાઇ જાય છે અને બ્રાહ્મણો પવન અને તુફાન શાંત પાડવાની શકિત ધરાવે છે એવી મૂર્ખાઇ ભરેલી વાતો માને છે." હવે ખુદ ખ્રીસ્તી ધર્મ-પુસ્તકમાં એક ઠેકાણે લખે છે કે "ઇસુએ ઉઠીને પવન અને મોજાને ઠપકો આપ્યો, અને તેઓ તુર્ત શાંત પડી ગયા...." વિગેરે આપણને શું જણાવે છે? એટલુંજ કે કેટલાક બ્રાહ્મણો પણ આમ કરવાનું બળ ધરાવે છે; માટે તેઓ પણ ઇસુના જેવી પદ્વી ધરાવતા હોવા જોઇયે.

સૂર્ય-કીરણો. સૂર્યના સાત મુખ્ય કીરણોના નામ સુશુમ, હરિકેશ, વિશ્વકર્મા, વિશ્વાવસુ, સંવર્ધન, સર્વવસુ અને સ્વરજ છે; આ દરેક નામમાં ભેદ સમાયલો છે. સુશુમ કીરણ ચંદ્રપર પ્રકાશ નાખે છે, અને યોગીઓ આ કીરણનો ઉપયોગ કરે છે. સૂર્ય મંડળમાં આ સાતે કીરણો પથરાઇને "આકાશ" (તત્વ) ની ઉપાધી બને છે, અને આ ઉપાધીમાં તેજ, અગ્નિ, વિજળી વિગેરે શકિતઓ એક બીજામાં બદલાઈ પૃથ્વીપર ચોકસ અસરો ઉત્પન્ન કરે છે. મત્સ્ય પૂરાણ કહે છે કે:—"પરમ શોભાયમાન સુષુમ્ણા નામે સૂર્યનું કીરણ કૃષ્ણ પક્ષમાં ક્ષીણ બનેલા ચદ્રને શુકલ પક્ષમાં એક એક કળાએ વૃદ્ધિ પમાડે છે. હરિકેશ નામે પૂર્વ બાજુનું સૂર્યકીરણ સર્વ નક્ષત્રોના તેજનું કારણ છે. દક્ષિણ બાજુના વિશ્વકર્મા નામે સૂર્યના કીરણથી બુધને તેજ પ્રાપ્ત થાય છે. પશ્ચિમના વિશ્વાવસુ નામે કીરણથી શુક્રને અને સંવર્ધન નામે કીરણથી મંગળને તેજ મળે છે. સૂર્યનો અશ્વભૂ નામે છઠું કીરણ બૃહસ્પતિના તેજનું કારણ છે. સુરાહ નામે કીરણ શનીને તેજસ્વી કરે છે." ક્ષીણ ન હોવાથી અશ્વિનિ આદિનું 'નક્ષત્ર' નામ યોગ્ય છે. નક્ષત્રો પોતાને તેજ મળવા કીરણો દ્વારા સૂર્યનો આશ્રય કરે છે અને સૂર્ય પોતાના કીરણો વડે નક્ષત્રોને આકર્ષણ

કરી તેમને નીચે પડવા દેતો નથી.'; યુરોપના વિદ્વાનો જાણે છે તે કરતાં અતી ઉંડું કુદરતનું જ્ઞાન રૂષીઓ ધરાવતા અને ધરાવે છે. અગ્નિ અને તેના સકળ ગુપ્ત ગુણો રૂષીઓ જાણતા હતા. જો તેઓને અજ્ઞાની માનવામાં આવે તો પૂરાણમાં જણાવેલા અગ્નિના મુખ્ય ત્રણ પ્રકાર અને વળી ૪૯ અગ્નિ વિગેરે માત્ર કેવળ મૂર્ખાઇભરેલી વાર્તા તરીકે ગણી શકાય. પરંતુ તેમ નથી. આ દરેક અગ્નિ જુદો ખાસ અર્થ અને ક્રીયા ધરાવે છે. બ્રહ્માના જ્યેષ્ઠ પુત્ર અગ્નિ અભિમાનીના ત્રણ પુત્રોના નામ "પાવક," 'પવમાન,' અને "સુચી" છે. હવે પાવક અગ્નિ એટલે વૈદ્યુત્ય (વિજળીક) અગ્નિ; પવમાન એટલે 'નિર્મથ્ય' એટલે કાષ્ઠા-ઘર્ષણથી ઉત્પન્ન થતો અગ્નિ; અને સુચી એટલે "સૌર્ય," સૂર્યનો અગ્નિ. પાવક વળી "કવ્યવાહન" પીત્રાગ્નિ, નો પીતા છે; સુચી વળી "હવ્યવાહન" દેવાગ્નિ, નો પીતા છે; અને પવમાન વળી સહારાક્ષ, અસૂરાગ્નિ, નો પીતા છે. હવે આ બતાવે છે કે પૂરાણના કર્તાઓ કુદરતની અનેક શકિતઓ અને તેમના એકબીજામાં બદલાઇ જવાના નિયમથી પુરતા વાકેફ હતા. વિષ્ણુ પૂરાણમાં લખે છે કેઃ—"આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી એ પંચ મહાભૂત ઉત્તરોત્તર શબ્દાદિ ગુણોએ કરી અધિક સંયુકત છે. તેથી તેઓની શાંત, ઘોર અને મૂઢ એવી વિશેષ સંજ્ઞા છે. તે મહાભૂતો અવકાશ, શોષણ, દહન, કલેદન અને ધારણરૂપ ભિન્ન ભિન્ન અને વિલક્ષણ સ્વભાવવાળાં હોવાથી પરસ્પર જોડાયા વિના અને સહાયતા વિના સર્વથા સૃષ્ટિ કરવાને શકિતવાન થઇ શકયાં નહિ. પરસ્પર આશ્રયવાળા અને એકત્ર સમુદાયવાળાં અન્યોઅન્ય સંયોગ તથા અશેષ એકતાને પામીને પુરૂષ અધિષ્ઠિતથી પ્રકૃતિ અભિમુખ થતાં મહદાદય અને મહાભૂત અંડને ઉપજાવે છે." ઇત્યાદી. અલબત આનો અર્થ આ છે કે આ પૂરાણ લખનારાઓ "અવ્યક્તાનુ ગ્રહણ" એટલે પરબ્રહ્મ અને મૂલપ્રકૃતિમાંથી સૃષ્ટિ કેમ ઉત્પન્ન થઇ તે સર્વે જાણતા હતા. તેઓ કાંઇ "ચમત્કારી સૃષ્ટિ સર્ગ" માનતા નથી, પણ તેઓ શીખવે છે કે કેવી રીતે અણુઓ મૂલ પ્રકૃતિની લય સ્થિતિમાંથી નીકળી બહાર આવે છે. "પ્રકૃતિ"ની બીજી બે સ્થિતિ હોય છે, સૂક્ષ્મ અને સ્થુળ; જ્યારે "પ્રકૃતિ" સ્થુળ સ્થિતિ પકડે છે ત્યારે તે અણુઓમાં વહેચાઇ જાય છે. દરેક અણુમાં જીવ છે. ઇંગ્રેજી પાઠશાળાઓમાં ભણેલા હીંદુઓ ધારે છે કે તેમના વડવાઓ વિદ્યાનું માત્ર સહેજસાજ અને અતી અધુરૂ જ્ઞાન ધરાવતા, પણ પૂરાણના કેટલાક ફકરાઓ ઉપર ધ્યાન આપીશું તો વાત તેથી ઉલટી જણાશે. કથ છે કે પુરૂરવા રાજાને એક ગાંધર્વ દેવતાએ દીવ્ય અગ્નિથી ભરેલ એક કળશ આપ્યો. હવે ગાંધર્વ શબ્દના અનેક અર્થ થાય છે. વેદમાં ગાંધર્વ દેવતાઓને માણસોને સ્વર્ગની ગુપ્ત વિગતો અને મહાન સત્યો શીખાડતા જણાવ્યા છે. એક અર્થ લેતાં તેઓ સૂર્યાગ્નિમાં સમાયલી સઘળી શકિતઓ છે; બીજો અર્થ લેતાં તેઓ સૂર્યના સર્વોત્તમ સૂષુમ્ણા કીરણ મધ્યે અધિકાર ભોગવતા દેવતાઓ છે; ત્રીજો અર્થ લેતાં ગંધર્વ એટલે સોમ તથા સોમરસમાં રહેતી ગુપ્ત શક્તિઓ; અને ચોથો અર્થ લેતાં તેઓ નાદ (શબ્દ) ના ગુપ્ત કારણો છે. આ લીધે તેમને ઇન્દ્રના ૬,૩૩૩ ગવૈયા કે ગંધર્વો કહ્યા છે; તેઓ કુદરતના ગુપ્ત કે પ્રગટ અનેક પ્રકારના નાદના માત્ર અલંકારી નામ છે.

વેદમાં અશ્વત્થ (પીપળ), વૃક્ષના બે કાષ્ઠ મંથન કર્યાથી જે પવિત્ર ત્રેતાગ્નિ ઉત્પન્ન થાય એ તેમાં પણ ભેદ છે ગુપ્ત જ્ઞાનનો એક ભાષ્ય ગ્રંથ કહે છે કે "આપણી પૃથ્વી અને મનુષ્ય બન્ને ત્રણ અગ્નિ—પવમાન (કાષ્ઠા ઘર્ષણથી ઉત્પન્ન થતો અગ્નિ), સુચી (સૌર્ય), અને પાવક (વૈદ્યુત્ય—વિજળિક)થી ઉત્પન્ન થયાં છે. આ ત્રણ અગ્નિ એટલે બ્રહ્માંડ તથા પિંડના ત્રણ વિભાગો:

બ્રહ્માંડ	પિંડ
પરમાત્મા	આત્મા
મહત	મનસ
વિશ્વ	શરીર

તારક રાજયોગમાં ત્રણજ ઉપાધી જણાવી છે, જ્યારે વેદાંત દર્શનમાં પંચ કોષ આપ્યા છે. પાવક, પવમાન અને સુચી તથા તેમના ૪૫ પુત્રો તથા તેમનો પિતા અગ્નિ અભિમાનિ એઓ સર્વે મળીને ૪૯ (૭×૭) અગ્નિઓ પૂરાણમાં જણાવ્યા છે. પવમાન અસૂરાગ્નિનો પીતા છે; સુચી સૂરાગ્નિનો પીતા છે, અને પાવક પીત્રાગ્નિનો પીતા છે. આ ત્રણ મુખ્ય અગ્નિની ત્રીમુર્ત્તિ અવિનાશી છે, પરંતુ તેમની જ્વાળા ક્ષણીક અને માત્ર અંતરકાળીકછે. જ્યારે આ ત્રણ અગ્નિઓ સપ્તાંગી મનુષ્યના ઉત્કૃષ્ઠ ત્રણ તત્વો "આતમાં-બુદ્ધિ-મનસ" સાથે મુકાબલો ધરાવે છે, ત્યારે આ અગ્નિની જ્વાળાઓ માણુસના ચાર કનિષ્ઠ તત્વો (કામ-પ્રાણ-લીંગ તથા સ્થુલ દેહ) સાથે મુકાબલો ધરાવે છે

વેદમાં અગ્નિ વિશે આ શ્લોક છે: "ઉત્પન્ન કરનાર પ્રમંથ હાજર છે. પ્રજાદેવી (અરણી) ને આણો. પ્રાચીન ક્રીયા પ્રમાણે કાષ્ઠા ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન કરો" હવે પ્રજાદેવી (અરણી) એટલે દેવમાતા અદીતી કે મૂળપ્રકૃતિ જાણવી. પછીના કાળમાં આ વિશેષણ કૃષ્ણની માતા દેવકીને આપવામાં આવ્યું છે. જ્યારે વેદમાં શુદ્ધ સ્વરૂપમાં, જ્ઞાન દર્શાવવામાં આવ્યું છે ત્યારે પૂરાણમાં તેજ જ્ઞાનને અતી સ્થુલરૂપ આપવામાં આવ્યું છે. સામસામા બે ધ્રુવ વચ્ચે જેટલો ફરક હોય તેટલો ફરક વેદ અને પૂરાણ વચ્ચે છે. અદીતીને સૂરરાણી પણ કહે છે. તેમ માહાભારતમાં કુંતીને પાંડવરાણી કહી છે. દેવકી એ અદીતીનું માણુસાઇ રૂપ છે. અદીતી એ સપ્ત આદિત્યની માતા (દેવમાતા) છે. કૃષ્ણની માતા દેવકીમાં જગધાત્રિ છ ગર્ભ મુકે છે, અને સાતમો ગર્ભ રોહિણીમાં મુકી આવે છે ખ્રીસ્તી ધર્મમાં ઇસુની મા મરીયમને પણ સાત બાળકની મા કહી છે. સકળ દેવગણ દેવકીની જે સ્તુતી ગાય છે, તે કોઇ પણ ખ્રીસ્તી મરીયમના સંબંધમાં વગર અડચણે ગાઇ શકે એમ છે. દેવતાઓ કહે છે: "હે દેવકી, તું આદિ પ્રકૃતિ, બ્રહ્મ ગર્ભ ધારિણી તથા દેવવાણી રૂપ પણ તુંજ છે. તુંજ સૃષ્ટિ કરવાનું સ્વરૂપ, તુંજ પાલન સંહાર કરવાના સર્વ સંસારના બીજને ધારણ કરવાવાળી છે. સર્વ ફળ અને સર્વ યજ્ઞ તારાવડે થાય છે. વન્હિગર્ભા અરણિ, દેવોની માતા અદીતિ, દૈત્યોની માતા દીતી, ચંદ્રની જ્યોત્સના(ખ્રીસ્તીઓ મરીયમને પણ જ્યોતિ-ગર્ભ, પવિત્રપાત્ર

વિગેરે વિશેષણ આપે છે. વળી મરીયમને તેઓ "પ્રભાત", એ પણ નામ આપે છે.) અને જ્ઞાન ગર્ભા સંતતિ પુંજ છે. વળી નીતિ, લજ્જા, ઇચ્છા, તુષ્ટિ, મેધા, ધૃતિ, તથા અંત રિક્ષ આદિ જેટલી વિભૂતિયો છે તે સઘળી આજકાલ તારા ગર્ભમાં છે."

પ્રમથ અને અરણીનો શુદ્ધ અર્થ પુરૂષ તથા પ્રકૃતિનો અરસપરસ સંબંધ એવો થાય છે. પરમાત્માની ક્રીયા શકિતજ ક્રીયા કરે છે. જેમ એક ચંચળ ઝવેરી શીપની માહે રહેલું શુદ્ધ અને તેજદાર મોતી પારખી કાઢે છે અને માત્ર માંહેનો અમૂલ્ય પદાર્થ મેળવવા માટે કોટલું ભાંગવા ધરે છે, તેમજ એક ખરો જ્ઞાની કે ઈશ્વરભક્ત પૂરાણના અલંકારી ભાષા રૂપ કોટલાંમાંથી મહાન સત્યોને પારખી કાઢે છે. યુરોપના ભાષા શાસ્ત્રીઓ સ્થુળ કોટલાંની માહે રહેલાં મોતીને કદી જોઇ શકતા નથી, અને આને લીધે તેઓ પૂરાણો વિશે કાંઇ વિચીત્ર વિચારો અને મત ધરાવે છે.

જ્યોતિષ. ગુપ્તજ્ઞાન પ્રમાણે માણસ જાતના તેમની શારીરિક, માનસિક કે આત્મિક શકિતઓ પ્રમાણે સાત મુખ્ય અને જુદા જુદા વિભાગ છે, અને તે વિભાગોના પણ અગણિત ઉપવિભાગો છે. દરેક વિભાગ ચોક્કસ ધ્યાન-ચોહાનોના સમુદાય સાથે સંબંધ ધરાવે છે, અને આ ધ્યાન-ચોહાનોના સમૂહો જ્યોતિષમાં જણાવેલા સાત મુખ્ય ગ્રહપર વસે છે. જો કે ગ્રહો તો સાતથી વધારે છે, પરંતુ પૃથ્વીની સાથે માત્ર સાતજ ગ્રહો ખાસ જોડાયલા છે; આ સાત ગ્રહો બારે રાશીમાં ફરતા રહીને તેમના કાંઇ અસંખ્ય સંયોગ બનતા રહે છે; દરેક ગ્રહ બાર જુદી જુદી રાશીમાં બીજા ગ્રહો સાથ અનેક સ્થાનકે આવ્યાથી તેમના સંયોગની કાંઇ ગણત્રીજ નથી; અને તેમજ માણસોમાં પણ તેમની શારીરિક, માનસિક અને આત્મિક શકિત ઓ પ્રમાણે કાંઇ અસંખ્ય ભેદો હોય છે, અને દરેક માણસ આ અગણીત ગ્રહ-સંયોગોમાંથી એક ચોક્કસ ગ્રહ-સંયોગ તળે જન્મ લે છે.

મહાત્માઓ અને ધ્યાન-ચોહાનો પણ સર્વે સાત વર્ગમાં વહેંચાઇ ગયલા હોય છે. આ ધ્યાન-ચોહાનો શની, બ્રેસપતી, બુધ અને શુક્રના ગ્રહપર વસે છે; જ્યોતીષમાં મંગળ, સૂર્ય, અને ચંદ્રને પણ સાત ગ્રહોમાં ગણ્યા છે, પણ બાકીના ત્રણ ગ્રહના નામ ગુપ્ત રાખ્યાં છે અને આ ત્રણ ગુપ્ત ગ્રહને બદલે મંગળ, સૂર્ય અને ચંદ્રના નામ સાધારણ જ્યોતીષ ગ્રંથોમાં આવે છે. આ રીતે પૃથ્વી અને તેપર વસતી માણસ જાતને આ સાત ગ્રહો અને તેમનાપર અધિકાર ભોગવતા ધ્યાન-ચોહાનો સાથે નીકટ સંબંધ છે. આ ગ્રહોથી માણસ જાતની કેટલીક ખાસીયત અને ગુણો ઉપર અસર થાય છે, પણ તેઓના ઉપરી ધ્યાન-ચોહાનો માણસ જાતમાં મનસ અને આત્મિક શકિતઓ મુકે છે. દરેક જાત અને પ્રજા ઉપર એક ચોક્કસ ધ્યાન-ચોહાન ખાસ દેખરેખ રાખે છે. જેમકે યાહુદીઓ સનીશ્ચર ગ્રહના ઉપરી ધ્યાન-ચોહાનની ખાસ સંભાળ તળે છે અને તેથી યાહુદીઓ આગલા કાળમાં બૃહસ્પતિ, બુધ વિગેરે ગ્રહના ધ્યાન-ચોહાનો તળે આવેલી પ્રજાઓ સાથ સદા લડતા વઢતા રહેતા. ગ્રહો કાંઇ માત્ર પ્રકાશીત ગોળાઓ નથી, પણ દરેક ગ્રહની ઉપર અનેક જાતના જીવોના

રેહેઠાણુ છે, અને તેઓ મનુષ્યજાતી સાથે સદા ચાલુ ગુપ્ત અને નીકટ સંબંધથી જોડાયલા છે. દરેક ગ્રહ અને તારો એક મહાન ધ્યાન-યોદ્ધાનનું રહેઠાણુ છે, અને આ સઘળા દેવતાઓ 'ગુપ્ત બ્રહ્મ' ના 'સ્થાન' છે. સૃષ્ટિમાં કાંઇ પણ અપવિત્ર નથી. સકળ વિશ્વ એક પવિત્ર સ્થળ છે; દરેક તારો એક પવિત્ર મંદીર છે.

જાહેરમાં જણાયલા સર્વે લૌકીક ધર્મો ગુપ્ત જ્ઞાનની માત્ર ઓછી કે વધુ અશુદ્ધ એક નકલ છે. લોકો જે હાલ જડવાદ તરફ ઢળે છે, તેમાં મુખ્ય વાંક ધર્મોપદેશકોનો છે. તેઓએ માત્ર કથારૂપી કોટલાં ઉપર લોકોનું ધ્યાન ખેંચ્યાથી, પરીણામ આ નીપજ્યું છે કે જ્યારે ઉંચ શ્રીમંત વર્ગો પૈસાની પૂજા કરે છે ત્યારે અજ્ઞાન નીચલા વર્ગો મૂર્તિ પૂજામાં અર્થ ને રહસ્ય સમજ્યા વિના મંડેલા રહે છે.

જેમ વેદાંતમાં "સૂત્રાત્મા" સૂત્રની પેઠે પંચ કોષમાંથી પસાર થાય છે, તેમ 'ગુપ્તજ્ઞાન' સર્વે ધર્મોમાં પેસી તેમનો અરસપરસ સંબંધ દર્શાવે છે અને સમજાવે છે, અને આ રીતે તે યુરોપના પંડીતમાં ખપતા વિદ્વાનોની ભુલો પણ સુધારતું જાય છે. આ વિદ્વાનો સૃષ્ટિના સ્થુલ પ્રાકૃતિક કોટલાં ઉપરજ પોતાનું સર્વે ધ્યાન આપે છે, અને તે કોટલાનુંજ પૃથક્કરણ અને અભ્યાસ કરે છે; જ્યારે ગુપ્તવિદ્યાના અભ્યાસીઓ જગતના આત્મા અને જીવ સાથે પોતાનું કામ રાખે છે અને યુરોપના પંડીતોની પેઠે સૃષ્ટિના બાહેરના માયાવિ દેખાવ ઉપરજ રોકાયલા રહેતા નથી. યુરોપના વિદ્વાનોમાં કોઇજ અધ્યાત્મિક વિષયો ઉપર ધ્યાન આપે છે; તેમનો મોટો ભાગ સૃષ્ટિનો માયાવિ પડદો ખોલી માહેની કુદરતી ગુપ્ત ક્રીયાઓ વિશે કાંઇ જાણી શકતા નથી. પણ રુષીઓ તત્વજ્ઞાનની અતી પાકી માહીતી ધરાવે છે, અને આ તત્વજ્ઞાનમાં એટલીતો જુદી જુદી વિદ્યાઓ સમાયલી છે કે તે સકળ વિદ્યાઓનું જ્ઞાન સંપાદન કરવામાં માત્ર સૌથી શ્રેષ્ટ દીક્ષીત પુરૂષોજ સફળ થાય છે. યુરોપના વિદ્વાનો પોતાની શોધો માટે ગમે તેટલા ફુલાય, ગમે તેટલી બડાઇ મારતા રહે, પણ અત્રે જણાવવું જોઇયે કે આ દીક્ષીતો (જ્ઞાનીઓ) અને મહાત્માઓજ યુરોપના યોગ્ય વિદ્વાનોને અણદીઠ ગુપ્ત મદદ આપીને કે ગુપ્ત પ્રેરણા કરીને તેઓ મારફતે કુદરતના કારખાનામાં ચાલતી ક્રીયાઓ અને હકીકતોની જાણુ જાહેર કરાવે છે. આ વિદ્વાનોને તો એમજ લાગે છે કે આ બધું અમારીજ શોધક બુદ્ધીનું પરિણામ છે, અને તેમાં કાંઇક સત્યતા છે પરંતુ આ મહાત્માઓ સદા લોક કલ્યાણ અર્થે તત્પર રહીને અનેક રીતે પોતાને જાહેર કર્યા વગર વિદ્યાનો આ પ્રમાણે વધારો કરતાં જાય છે. ઘણુંકરીને મહાયુગો કે યુગોના અંતકાળમાં તેઓ આવા પ્રકારની સહાય વધુ આપવા માડે છે. હાલ કળીયુગના પેહેલાં પાંચહજાર વર્ષ પુરાં થવા આવ્યાં છે, અને હાલથી તે સને ૧૮૯૭-૯૮ સુધીમાં કુદરતના વધુ ભેદોની જાહેર જાણુ કરવામાં આવશે અને યુરોપના નાસ્તિક જડવાદને એવો તો ફટકો પડશે કે ફરી તે જીવવા પામશે નહિ.

આ ઉંડું તત્વજ્ઞાન ધ્યાન-ચોહાનોએ પ્રથમ રુષીઓને આપ્યુ હતું, અને રુષીઓએ આ જ્ઞાન ભૂમીતીની આકૃતિઓમાં ઉતારી લીધું હતુ. આ આકૃતિઓ સમજવાની ચાવી રુષીઓ પોતાના શિષ્યોને આપતા ગયા. યુરોપમાંથી પ્રાચીન કાળમાં (ઇ. સ. ની. ૫૦૦ વર્ષ પૂર્વે) યવનાચાર્ય નામે પ્રસિદ્ધ પંડિત આ દેશમાં આવી આ ઉત્તમ જ્ઞાન પશ્ચિમ તરફ લઇ ગયો ત્રીકોણ અને ચતુર્કોણ અને વર્તુલ આ ત્રણ ચિન્હોમાં સૃષ્ટિના પ્રગટીકરણની સર્વે ક્રીયાઓની સમજણ સમાઇ જાય છે; જેમકે ત્રીકોણનું ચિન્હ બતાવે છે કે પુરૂષ અને પ્રકૃતિથી વિશ્વ (તેમનો પૂત્ર) ઉત્પન્ન થાય છે.

કર્મ. જગતમાં સર્વે સ્થળે એકજ સર્વ વ્યાપક "પ્રાણ" પથરાઇ રહેલો છે, અને જગતને લઇ ચલાવનારો એકજ નીયમ છે, અને તે "કર્મ" છે; કર્મનો અર્થ "કાર્ય"ને જનમ આપનારૂં "કારણ" એવો થાય છે. પણ નીતિ તરફ જોતાં કર્મ એટલે વાજબી અને ઘટીત બદલો આપનાર નિયમ. મન્વંતરના આરંભમાં "સ્વભાવત" લય સ્થિતિમાંથી જાગ્રત થઇ અતી ચંચળ સ્થિતિમાં આવી, વ્યક્ત થવા માંડે છે, અને સૃષ્ટિ પ્રગટ થાય છે, એ સઘળી ક્રીયા કર્મનું પરીણામ છે. આ ક્રીયાની અસર પ્રમાણે યુગો અને કાળચક્રો વહ્યા જાય છે. સૃષ્ટિમાં એક અણુથી તે ધ્યાન-ચોહાન સુધી સર્વ કર્મને આધીન છે. બૌદ્ધ-ધર્મવાળા કોઇપણ માણુસ રૂપી ઇશ્વરને ન માનતા કહે છે કે માત્ર "આકાશ" (સ્વભાવત) અને નિર્વાણ અનાદિ અને અવિનાશી છે; આકાશ (સ્વભાવત) માંથી તેમાં રહેલી સ્વભાવિક ગતિના નિયમ પ્રમાણે દરેક વસ્તુ નીકળે છે, અને ચોક્સ કાળપર્યંત હસ્તી ભોગવી ફરી તેમાં લીન પામે છે. ગુપ્તજ્ઞાનમાં માણુસ શું હતો, શું છે, અને શું થશે, એ વિશે સર્વે હકીકત સમાવી છે; મનુષ્ય માત્ર ધ્યાન-ચોહાનોના સમૂહમાંથી ઉતરી અનેક જન્મ અનેક અવતાર લઇ, સર્વે પ્રકારના અનુભવ અને સર્વે પ્રકારની જ્ઞાન અવસ્થામાંથી પસાર થઇ છેવટે પોતાના મૂળમાં ફરી લીન પામે છે. યુરોપના વિદ્વાનો કહે છે કે માણુસ જનાવરોમાંથી ઉત્પન્ન થયો છે; પણ ખરેખર તો તેણે સ્થુળ આકાર માત્ર તે પ્રમાણે મેળવ્યો છે, પણ અંતરમાં રહેલો "પુરૂષ" તો એક ધ્યાની (માનસ-પૂત્ર) છે.

જેમ પ્રજાઓ તથા ખંડો બદલાતા જાય છે, તેમ માયા પણ બદલાતી જાય છે. માણુસની જીંદગીના મૂખ્ય બનાવો તે જે નક્ષત્રમા જનમ્યો હોય તે પ્રમાણે હોય છે, ખરૂ કહેતાં તે નક્ષત્રના અધિપતિ ધ્યાન-ચોહાનના ગુણો પ્રમાણે, હોય છે. પ્રાચીનકાળમાં એમ મનાતું હતું કે મુખ્ય રુષીઓ અને અવતારો સૂર્ય (દીવ્યસૂર્ય, કે જેની આપણો સૂર્ય માત્ર છાયા છે) માંથી આવતા. જેમ જેમ માણુસ શુદ્ધી અર્થે અને પોતાના આત્મા સાથે યોગ કરવા માટે યત્ન કરે છે, તેમ તેમ તેના ભવિષ્યના જન્મો અને આસપાસના સંજોગ ઓછા ને ઓછા પ્રતિકુળ થતા જાય છે. જેમ એક રથ બે ચક્ર વગર ચાલી શકે નહી, તેમ માણુસ પણ કર્મ અને પુરૂષાર્થ એ બન્ને ચક્રની સહાયવડે જીંદગી ચલાવે છે. માણુસ પોતાના કર્મથી નાસી શકતો નથી,

પણ એટલું છે કે તેનાં કર્મમાં જે દુઃખ ભોગવવાનું હોય તે બેમાંથી ગમે તેની એક રીતે ભોગવી શકે: એક તો આ કે પોતે પવિત્ર અને સ્વચ્છ રહી ધૈર્યથી કર્મ-ફળ ખમતો રહે, અને બીજું આ કે પોતાની ખુશીથી પાપી માર્ગે ચાલી મેલાં મને પોતાનું ભોગવવાનું ભોગવી લે. આપણું દુઃખ કેમ ખમવું તે આપણા હાથમાં છે. જેમ એક કરોળીઓ પોતાનું જાળું વણે છે, તેમ માણસ જન્મથી તે મરણ પર્યંત પોતાની આસપાસ કર્મ-જાળ વણતો જાય છે; પણ આ કીવામાં તે પોતાના અણદીઠ "આત્મા" ની આજ્ઞા પ્રમાણે ચાલે છે અથવા તો પોતાના "કામ" ની પ્રેરણાને આધીન થાય છે. આ બેમાંથી એક ઠરાવવો જોઇયે, અને તે પ્રમાણે કર્મિક નિયમ તેનું ફળ તેને આપતો જશે.

કર્મના ત્રણ પ્રકાર છેઃ સચિત, પ્રારબ્ધ અને ક્રીયમાણ. પૂર્વે જન્મોમાં જે કાંઇ કર્મ સંગ્રહ કરી સીંચી મુકયાં હોય તે સકળ કર્મને સંચિત કર્મ કહે છે; આ સંચિત કર્મનો જે ભાગ આપણા ચાલુ જન્મમાં પાકશે અને ફળ આપવા માંડશે; અને જે ઉપર આપણા આ જન્મનો સુખદુઃખનો આધાર રહેશે તેને પ્રારબ્ધ કર્મ (કે નસીબ) કહે છે; અને હાલ જીવતાં જીવત માણસો જે નવું કર્મ કરતા જાય છે અને જેનું ફળ હાલ કે હવે પછીના જન્મમાં મળશે તેને ક્રીયમાણ કર્મ કહે છે. જે માણસો કર્મની ક્રીયાથી અજ્ઞાન હોય છે, તેઓ માને છે કે સારૂં માઠું એ સર્વે ઇશ્વર (તેઓના ભેજાંમાં રમી રહેલા માણસરૂપી ઇશ્વર) ની મરજી પ્રમાણે થાય છે; બીજાઓ કહે છે કે એ તો સઘળું નસીબ ઉપર આધાર રાખે છે અને આપણું તો કાંઇજ ચાલતું નથી. વળી ત્રીજો કહે છે કે ઇશ્વર કે નસીબ જેવું કાંઇપણ નથી અને આ સર્વે પોતાની મેળે થાય છે, અને ઇશ્વર શું અને સેતાન શું, એઓને આ સાથે કાંઇ લાગતું વળગતું નથી. આવી રીતે માણસોમાં કર્મ વીશે વિચીત્ર વિચારો ફેલાયલા છે. પણ માણસો હાલ જેમ સ્વાર્થથી દોરવાઇને એકેકથી ઉલટા ચાલી કજીયો કંકાસ કરતા રહે છે, તેને બદલે જો હળીમળીને એકસંપથી કામ કરતા થાય, તો કર્મની ગતિ તેમની સમજમાં આવશે. જો આપણો નિશ્ચય ખાત્રી થાય કે જેમ આપણે આપણા પાડોશીઓને ઇજા આપવા વારતા નથી તેમ તેઓ પણ આપણને કાંઇ ઇજા કરવા માગતા નથી, તો દુન્યામાં થતી અનેક ખરાબીનો તત્કાળ અંત આવી જાય. જો કોઇ પણ માણસ પોતાના ભાઇબંધને ઇજા કરવાની ઇચ્છા ન કરે, તો કર્મને પોતાની ક્રીયા માટે કાંઇ પણ હથીઆર મળે નહિ. કર્મ જે શાક્ષા કરે છે તેનું કારણ આજ છે કે માણસો સદા અનેક પ્રકારના ટંટા ફસાદમાં મચેલા રહે છે, અને સર્વે લોકો, પ્રજાઓ, જાતો, મંડળીઓ, અને માણસો વિકાળ વરૂઓ કે ગરીબ મેંઢાંમાં વહેંચાઇ ગયાં છે. માન અને પૈસા પ્રાપ્ત કરવામાં આપણે જાણીજોઇ કર્મનો ભારે હાથ આપણા ઉપર ખેંચી લઇયે છીએ, અને પછી ફરીયાદ કરવા બેસીયે છીએ કે શો ગજબ વર્ષે છે! પણ ખરૂં જોતાં આપણી જીંદગીમાં એક પણ અકસ્માત નથી, એક પણ ખરાબ દીવસ નથી, એક પણ આફત નથી કે જેનું મૂળ આ કે આગલા જન્મની આપણી કરણીમાં મળી નઆવે. જગતની વ્યવસ્થામાં સહુજ

ગણુ ભંગ થતાં જે ખાડો ખોદાય છે તે માંહે તે ભંગ કરનાર પોતે પડવોજ જોઇયે. જ્યાં સુધી માણસ પોતાના આત્માની ગુપ્ત પ્રેરણા પ્રમાણે ચાલશે નહિ ત્યાં સુધી આ સ્થિતિ ચાલુ રહેશે; માટે જેમ બને તેમ સ્થુલ શરીર અને ઇંદ્રીઓને વશ ન કરીશું ત્યાં સુધી આત્માની પ્રેરણા ઉપેર ધ્યાન આપવું અશક્ય છે; અને જયારે આપણા કાળ-ધર્મ પ્રમાણે સ્થુલ પ્રકૃતિમાંથી નીકળતા જઇશું ત્યારે આ ગુપ્ત શુદ્ધ પ્રેરણા પ્રમાણે ચાલતાં શીખીશું; પણ ત્યાં સુધી જીંદગીના દુઃખોનો એકજ ઉપાય છે અને તે આ કે સર્વેએ ભાતૃભાવ રાખી એકસંપથી ચાલવું. એક દુષ્ટ 'કારણ' ને દાબી દેવાથી એકજ 'કાર્ય' નાશ પામતું નથી પણ અનેક દુષ્ટ પરીણામોનો અંત આવી જાય છે. અને જો કે પ્રજા તથા લોકોને એક બીજાના ગળાં કાપવામાં અટકાવ મુકવામાં ભ્રાતૃભાવથી જોડાયલી મંડળીઓ કદાપી ન ફાવી શકે, તો પણ હળીમળીને કામ અને વિચાર કરવાની ટેવ પડયાથી અને કર્મની ક્રીયાનો અનુભવ મેળવ્યાથી, કેટલાક માણસો આ અનેક પ્રકારના દુખ દર્દોથી ભરેલી પૃથ્વીપર વધુ પાપના બીજ રોપતાં અટકશે. આ સત્ય વચન છે કે માણસ પોતાને મુકત કરે કે અધોગતિ પમાડે તે તેના હાથમાંજ છે. યુરોપની સુધરેલી કહેવાતી પ્રજાઓ એવા માર્ગે ચાલે છે કે મોડે વહેલે કર્મનો સપાટો તેમનો નાશ આણી મેલશે. જેમ એશીયાખંડની આર્ય પ્રજા અનેક યુગોમાંથી પસાર થાય છે, તેમ યુરોપના લોકો પણ હવે પોતાના કળી યુગમાં આવી પુગ્યાં છે. તારાઓ અને ગ્રહોની ચાલ પ્રમાણે આ યુગો નકી કરવામાં આવે છે; અને જેમ આપણે ૠતુ ૠતુ પ્રમાણે દરેક વર્ષે તેની તેજ અસરો જોઇયે છીએ, તેમ આ તારાઓ અને ગ્રહો પાછા પોતપોતાના આગલા સ્થાનકે પાછા ફરે છે ત્યારે પણ કેટલાક અગત્યના બનાવો બનતા રહે છે. યુરોપના પંડીતો જ્યોતિષ શાસ્ત્રને હસી કાઢી ખગોળ વિદ્યાને માન આપે છે, પણ ખરૂં જોતાં આ ખગોળવિદ્યા માત્ર ખોટલું છે અને એનો જીવ તો પેલી હસી કાઢેલી જ્યોતિષ વિદ્યા છે, કે જે વિદ્યામાં હિંદ અને પૂર્વ તરફના બીજા દેશોના લોકોનો વિશ્વાસ જોઇ પાશ્ચાત્ય પંડીતો તેમને મૂર્ખમાં ખપાવે છે. આપણા પૂર્વજોએ લાખો વર્ષ પર્યંત તારાઓ અને નક્ષત્રોની ગતિ ઉપર બારીક ધ્યાન આપી જોયું હતું કે ચોક્કસ નક્ષત્ર કે ગ્રહના સંયોગથી ચોક્કસ અસરો પૃથ્વી ઉપર જોવામાં આવતી: આવી સંગ્રહ કરેલી નોંધ ઉપરથી જ્ઞાનીઓ ભવિષ્ય ભાખતા હતા. આ ઉપરથીજ તેઓ કહે છે કે યુરોપના લોકો ઉપર તેમના સામટા કર્મથી ચોક્કસ વેળાએ ભયંકર આફત વર્ષી રહેશે. આ દીક્ષીત જ્ઞાનીઓએ માણસની ચોથી રાક્ષસ જાતની શરૂઆતથી સર્વે અગત્યના બનાવો તથા પ્રજાવૃદ્ધિ અને યુગોની ચોક્કસ નોંધ જાળવી રાખી છે; આ નોંધો કદી નાશ પામશે નહિ કેમકે રાશી મંડળમાં અતી ગુપ્ત રીતે તે નોંધો સમાવી દીધી છે.

હિંદુઓના સર્વે તહેવાર તથા પર્વ દીવસો રાશી મંડળમાં સૂર્યના સ્થાન પ્રમાણે ગોઠવવામા આવ્યા છે. પુરાણમાંના ઘણાક કથાઓ સૂર્યની રાશી મંડળમાંની ગતિ બતાવે છે. કળીયુગની પેહેલી રાત્રે સર્વે ગ્રહોનો યોગ હતો, અને તે વખતે એટલે કે કળીયુગના બેઠા પછી ૧૪ દીવસે

૬૬૪૫

સૂર્યની બિંબમાંથી એકેક પછી ચાર ગ્રહો શની, મંગળ, બૃહસ્પતિ અને બુધ પસાર થયા અને આ ચારે લગોલગ પાસે જોવામાં આવ્યા. જો કે શુક્રનો ગ્રહ તેઓ સાથે હતો નહિ પણ લોકોએ તે પણું ઉમેરી દીધો.

હીંદુઓ પૃથ્વી અને સૂર્યનો ખરો સંબંધ જાણતા હતા તે વિશે વિષ્ણુપૂરાણમાં પૂરાવો છે. પરાશર મુની કહે છે, "હે મૈત્રેય, સર્વકાળ સર્વ દીશાઓ તથા વીદીશાઓમાં સૂર્યનો ઉદય તે દીવશ અને અસ્ત તે રાત્રી. જે વડે જ્યાં સૂર્ય દેખાય છે કે ત્યાં તેમનો તે ઉદય, અને જ્યાં સૂર્યનો તિરોભાવ (અદર્શન) તે ત્યાંનું અસ્તમન કહેવાય છે. સૂર્ય સર્વદા છતાં તેનો અસ્તોદય કદી નથી, પરંતુ સમીપ દુરના કારણુથી સૂર્યનું જે દર્શન અદર્શન તેનું નામ ઉદય અસ્ત કહેવાય છે."

પૃથ્વી તથા માણુસ બન્ને ત્રેતાગ્નિ પાવક, સુચી, અને પવમાનમાંથી ઉત્પન્ન થયાં છે; એટલેકે આત્મા, મનસ અને શરીર. આ ત્રેતાગ્નિ બ્રહ્માના જયેષ્ઠ પૂત્ર અગ્નિ અભિમાની અને દક્ષની પુત્રી સ્વાહાના પૂત્રો છે. 'પવમાન' નો (એટલે બે લાકડાં મંથન કર્યાથી ઉત્પન્ન થતા અગ્નિનો) અર્થ 'મનસ' અને 'બુદ્ધિ' ની ઐક્યતા એવો થાય છે; અને બીજા અર્થમાં લેતાં પ્રજોત્પત્તિ કરનાર અગ્નિ જેથી ગર્ભ ઉત્પન્ન થાય છે તે જાણુવો. આ ત્રણે અગ્નિ ને વસિષ્ઠે ફરી ફરી જન્મ લેવાનો શ્રાપ આપ્યો હતો; એટલે કે માણુસો (આત્મા–બુદ્ધિ–અને મનસનો ત્રીમૂર્તિ) ને ફરી ફરી જન્મ લેવા પડે છે.

મરૂત–દેવતા.

વાયુ પૂરાણુમાં કહે છે કે મરૂત દેવો "દરેક મન્વંતરમાં (૪૯) ની સંખ્યામાં જન્મે છે; દરેક મન્વંતરમાં ૨૮ મરૂતો મુક્તિ મેળવે છે, પણ તેમની જગ્યા બીજાં માણુસો જન્મીને પુરી દે છે." હવે આ મરૂતો અને તેમની જગ્યા લેનાર બીજાં માણુસો કોણુ છે? વેદમાં મરૂતોને વાયુ દેવતાઓ જણાવ્યા છે, જે ઓ ઇંદ્રનામીત્ર છે. કથા છે કે દીતીએ (અદીતીની બેન અને માત્ર તેનું બીજું સ્વરૂપ) ઇંદ્રને મારે એવા પૂત્રની ઇચ્છાથી રુષી કશ્યપની પ્રાર્થના કરી. પણુ ઇંદ્રે તેણીની ધારણા અફળ કરવા પોતાના વજની ધારે ગર્ભના (૭×૭) ઓગણુ પચાસ ટુકડા કરી નાખ્યા, અને આ ટુકડાઓથી ૪૯ મરત દેવો ઉત્પન્ન થયા. દીતી એટલે અદીતીજ, માત્ર 'આકાશ'નું અલંકારી નામ છે. દીતી આકાશની 'બુદ્ધિ છે. મનુષ્ય સંબંધમાં લેતાં 'દીતી' નો અર્થ એક સાધુની સદગુદ્ધી અને માયા–જાળમાંથી છુટી મોક્ષ મેળવવા મારેની સદ ઇચ્છા એવો થાય છે. આ ભલા યુગોમાં માણુસોનો મોટો ભાગ એવી સદ ઇચ્છા ધરાવતા હતા, પણુ કળીયુગમાં અહંકારની વૃદ્ધિને લીધે તે કવચીતજ દેખવામાં આવે છે અને અતી અસાધારણુ થઇ પડી છે, અને તેથી ઇંદ્ર જેને વેદમાં શ્રેષ્ઠ પદ્વી આપી છે, તે પૂરાણુમાં માત્ર સાધુ પુરૂષોનો તથા આવી સદ ઇચ્છાઓનો શત્રુ જણાય છે; તેને 'ઇંદ્રાણી, (ઇંદ્રીયો) સાથે પરણેલો જણાવ્યો છે; અને આ વિવાહ પછી સાધુઓ અને યોગીઓના તપમાં ભંગાણુ પાડવા તેમની સમીપ અપ્સરા મોકલી તેમને મોહ પમાડતો ચીતાર્યો છે. હુવે 'ઇંદ્ર' નો અર્થ શો ? 'ઇંદ્ર' એટલે જગતનું 'મહત' તત્વ અને માણુસનું 'મનસ,' જે હાલમાં 'કામ' (વિષય તથા હવસ) થી મલીન થઇ પડ્યું છે. કથામાં પણ ઇંદ્રને કહે છે કે તેનો વારંવાર થતો પરાજય એ એના

દુષ્ટ કર્મનું પરીણામ છે. અને આ રીતે ઇંદ્ર ('કામ' માં સપડાયલું 'મનસ') ગર્ભ (એકે યોગીની પોતાના કામ ક્રોધાદિ દુર્ગૂણોનો નાશ કરવાની દ્રઢ સદ ઇચ્છા) ને કાપી નાખવાને આતુર દીસે છે. અને ઇંદ્ર તેમ કરવામાં સફળ થાય છે અને દીતી પોતાની ધારણામાં નિષ્ફળ નીવડે છે, કારણ કે તે વખતે દ્વાપર યુગ ચાલતો હતો (જ્યારે ચોથી 'રાક્ષસ' જાતી પૃથ્વી પર વસતી હતી), અને 'પુરૂષ' કરતાં 'પ્રકૃતિ' નું બળ વિશેષ હતું. આ લીધે ઇંદ્ર ગર્ભ (બીજો અર્થ લેતાં આર્ય રુષીઓએ ઉત્પન્ન કરેલાં નવાં યોગી–મંડળનાં બીજ) ના સાત ટુકડા કરે છે. એટલે કે વળી નવા પાંચમી માણુસ જાત સાત ઉપજાતીઓમાં વહેંચાઇ જાય છે, અને તે સાથે જણાવે છે કે યોગીઓ સાત વર્ગોમાં વહેચાઇ જાય છે.

કથામાં કહ્યું છે કે '૨૮ મરૂત' મોક્ષ મેળવે છે અને તેમની જગ્યા બીજાઓ લે છે. હવે 'મરૂતો' એટલે (૧) ઉપાસક જ્યારે તપ માટે યત્ન કરે છે ત્યારે તેના દીલમાં તોફાન કરતા અને યુધ્ધ મચાવતા હવસો સમજવા; (૨) બીજા અર્થમાં વાતાવરણ જે 'આકાશ' નુ પ્રથમ તત્વ, વા તેનું સ્થુલ શરીર છે તે વાતાવરણમાં રહેલી ગુપ્ત શકિતઓ સમજવી; અને (૩) ત્રીજા અર્થમાં મરૂત એટલે એક જાતના ચોક્કસ દેવતાઓ જાણવા.

વળી જે મહર્ષિઓ મરણ પછી મોક્ષાવસ્થાનો ત્યાગ કરી નિર્માણ કાયા બની રહે છે તેઓને પણ 'મરૂત' કહે છે; તેઓ સ્વેચ્છાથી માણુસના કલ્યાણ અર્થે નિર્વાણનો ત્યાગ કરી પૃથ્વીપર ગુપ્ત વાસો કરી રહે છે. અને તેથી તેઓને ઇંદ્રના મિત્ર જણાવ્યા છે. વળી 'મરૂત દેવતા' એટલે આપણા 'મનસ' ધરાવનારા જીવો જે ફરી ફરી જન્મ લે છે. હવે કથામાં કહે છે કે ૨૮ મરૂતો મોક્ષ મેળવે છે; હવે આથી જાણવું કે માણુસની ચાર મુખ્ય જાતો તેમની સાત ઉપજાતીઓ (૪×૭) મા નિર્માણ કાયાઓ જન્મ લે છે, અને જો કે મોક્ષને તેઓ પાત્ર છે, તો પણ જગ કલ્યાણને અર્થે અજ્ઞાન અને દુઃખમાં મનુષ્યો અતી ન ટળવળે તે માટે આ પરમાર્થ જીવો પોતાને મળવાના પરમાનંદનો ભોગ આપીને જગતના કલ્યાણ અર્થે મોક્ષ દ્વારથી પાછા વળે છે. એટલે ફરી ફરી જન્મ લે છે. 'મરૂતો' ને રૂદ્ર પણ કહે છે; રૂદ્ર નામ માટે સાતવાર રડયા તેથી બ્રહ્માએ તેને સાત નામ આપ્યા, અને દરેક કલ્પમાં તે એકેક નામ વાપરે છે. હવે આ અર્થમાં રૂદ્રો તથા મરૂતો માત્ર આપણા જીવો છે, જે સાત કલ્પ પર્યંત પૃથ્વીની હારપર સાત મોટા ફેરા મારે છે. સપ્તરૂદ્રના નામો આ છેઃ અગ્નિ, સ્થાણુ, મહેશ્વર, એકાક્ષ (એકનેત્ર), ત્ર્યંબક (ત્રીનેત્ર,) વિશ્વરૂપ તથા શિવ.

સપ્તર્ષિના તારામંડળ પ્રમાણે યુગોના ગણત્રી કરવમાં આવે છે. કૃત્તિકાઓને તેમની સપ્તર્ષિ. સ્રી કલ્પવામાં આવી છે. આ કૃત્તિકાઓ કાર્ત્તિકયને ધવાડી ઉછારે છે. કાર્ત્તિકયને દેવતાઓના સેનાપતી કહે છે; ખરૂં જોતાં તે સિદ્ધ–સેન છે, એટલે સ્વર્ગ અને પૃથ્વીપર રહેતા પવિત્ર મુનીઓનો આધિપતિ છે. સપ્તર્ષિ અને કૃત્તિકાઓની પેઠે તે પણ અતી ગુહ્ય છે, અને તે 'ગુહ્ય કુમાર' પણ કહેવાય છે. કાર્તિકયનો જન્મ પણ અસાધારણ છે; રૂદ્રશીવનું વિર્ય અગ્નિમાં પડીને પછી ગંગામાં જઇ પડયું, અને આ પ્રમાણે તે અગ્નિ

અને જળ એ બન્નેમાંથી જનમ્યો, અને આ લીધે તેને 'અગ્નિ-ભૂ,' અને 'ગંગા-પૂત્ર' કહેવામાં આવે છે. હવે મત્સ્ય પૂરાણ પ્રમાણે અગ્નિ એ કર્તિકાઓ ઉપર અધિકાર ધરાવે છે, અને સપ્તર્ષિ પણ 'અગ્નિ' નામના તારાની સીધી લીટીમાં હોવાથી તેઓ 'આગન્ય' કહેવાય છે.

આ કળીયુગમાં સપ્તર્ષિ તે યુગના વિભાગોનું માપ જણાવે છે. વિષ્ણુ પૂરાણમાં લખે છે કે "જ્યારે શ્રી કૃષ્ણ દેવલોક પામ્યા, ત્યારે પૃથ્વીપર કળીયુગ (જે કાળે લોકો પાપમાં રમે છે) તે આવી લાગ્યો. જ્યારે સપ્તર્ષિ મઘા નક્ષત્રમાં હતા, ત્યારે ૧૨૦૦ દીવ્ય (દેવતાઓના) વર્ષ સુધી ચાલતો કળીયુગનો આરંભ થયો, અને જ્યારે મઘા નક્ષત્રમાંથી પૂર્વષાઢા નક્ષત્રમાં આવશે, ત્યારે નંદ અને તેના પછીના રાજાઓમાં કળીયુગનું બળ અતી વધશે." જ્યારે દેવતાઓએ 'કુમાર' ને કર્તિકાને સ્વાધીન કર્યો, ત્યારે તેઓ માત્ર ૭ હતી, અને તેથી કાર્તિકયને શશાનન, શશમુખી કહેવામાં આવ્યો છે. હવે તે પૂર્વે કર્તિકાઓ સાત ગણવામાં આવી હતી અને તેઓને સપ્તર્ષિની સ્ત્રી રૂપે માનવામાં આવી હતી. તેઓના નામ અંબા, દુલા, નિતુતી, અભ્ર યંતી, મઘાયંતી, વર્ષાયંતી અને ચપુનિકા છે; હવે આ ઉપરથી જણાય છે કે સાતમી કર્તિકાનો તારો અણદીઠ થયો તે પેહેલાં સપ્તર્ષિઓનો કર્તિકાઓ સાથ વિવાહ કલ્પવામાં આવ્યો હતો. કર્તિકાનું મંડળ વ્રશ્રક (રાષી) ની ડોકમાં આવ્યું છે, અને તે સકળ સૃષ્ટિનુ મધ્ય બિંદુ ગણાય છે. અને 'દીવ્ય શ્વાસ,' 'મહાગતિ,' આ બિંદુમાંથી પ્રગટીને આખા મન્વંતર પર્યંત કીયા કરે છે. ગુપ્તજ્ઞાન કહે છે કે સૃષ્ટિમાંની દરેક વસ્તુ અને ખુદ સૃષ્ટિ પણ, દરેક મન્વંતરમાં પ્રગટ થતાં, બ્રહ્મના શ્વાસથી ચલાયમાન થયલી મહાગતિથી ઉત્પન્ન થાય છે.

કાર્તિકય એટલે વળી મંગલનો ગ્રહ: તે શવના વિર્યમાંથી ઉત્પન્ન થયો, એટલે વળી તેનો અર્થ શુદ્ધ આત્મા જાણવો. વળી કાર્તિકયને ૭ મૂખ છે તે ૬૦૦ માનુષી કે દીવ્ય વર્ષનું કાળચક્ર બતાવે છે. તેનું વાહન મોર છે, અને આ પક્ષી ઓષધિ અને ગુપ્તજ્ઞાન સૂચક ચિન્હ છે. તેના કપાળ ઉપર ષટકોણ, સ્વસ્તિક અને ૭ કીરણોવાળો મુગટ જોવામા આવે છે; મોરની પૂછડી એ તારામંડળો અને નક્ષત્રો દર્શાવે છે, અને ૧૨ રાષી તેના શરીર ઉપર ગુપ્ત રહેલી છે, અને તેથી તેને દ્વાદસ-કર કે દ્વાદસાક્ષ કહે છે.

શીવ-૩૯. જ્યારે વિષ્ણુને પાળક કહે છે, ત્યારે શીવને વિનાશક કહેવામાં આવે છે. હવે જો એક બીજને વૃક્ષ થઇ હસ્તી ભોગવવી હોય તો તે પૂર્વે તે બીજનું બીજરૂપ નાશ પામવુ જોઇયે. તેમજ જો માણસને અનંતકાળ પર્યંત અમર રહેવું હોય તો તેનું શરીર મરણ પામે તે પૂર્વે સર્વે કામ ક્રોધાદિ હવસો નાશ પામવા જોઇયે. સંહાર કરનાર શીવ આ રીતે 'આત્મિક' (શુદ્ધ) પુરૂષને જન્મ આપે છે અને વળી પાલે છે તે જાણે કુદરતનો માળી છે; ને માણસમાં કે સૃષ્ટિમાં જે કાંઇ નકામાં હાનીકારક ઝાડવાંદિ હોય છે. તેનો નાશ આણી આત્મિક (શુદ્ધ) જીંદગીને જન્મ આપવા સર્વે કામ ક્રોધાદિનો નાશ કરે છે.

કપિલ મુનીની કથામાં ઘણા અર્થ સમાયલા છે. સગર રાજાના ૬૦,૦૦૦ પૂત્રો
કપિલ. પર દ્રષ્ટિ કર્યા (કપિલાક્ષ) થી તેઓ તુર્ત બળી ભસ્મ થયા. આ કથામાં ગરૂ
ડને તેમનો મામો જણાવ્યો છે. ગરૂડ એટલે મહાકલ્પ, અને તેના ભાઇ અરૂણનો પુત્ર જટાયુ 'રાવણ' ના બાણથી વિંધાઇને રામને કહે છે કે "હે રાજા ૬૦,૦૦૦ વર્ષ પૂર્વે મારો જન્મ થયો હતો," અને પછી 'સૂર્ય તરફ પીઠ ફેરવી' મરણ પામે છે. હવે 'જટાયુ' એટલે મહાકલ્પમાં સમાઇ ગયલો ૬૦,૦૦૦ વર્ષનો લઘુ કલ્પ જાણવો; અને તેથી જટાયુને ગરૂડનો પુત્ર કે ભત્રીજો કહ્યો છે. હવે કપિલે કાંઇ ખરેખર સગરના ૬૦,૦૦૦ પૂત્રોનો નાશ નકર્યો; એનો ભેદ આ છે કે તે રૂષીનો એટલે કે આત્માની દ્રષ્ટિ માત્રથી ૬૦,૦૦૦ પૂત્રો એટલે પાપી, દુષ્ટ અને અતી અપવિત્ર માણસોના હવસો અને વિષયો બળી ભસ્મ થાય છે.

હવે કપિલને હરિદ્વાર (કે ગંગાદ્વાર) આગળ તપ કરતો જણાવવામાં આવે છે, અને તે સ્થળને સાધુઓ કપિલાસ્થાન કહે છે. અને આ કપિલને વળી સાંખ્ય દર્શનનો પ્રવર્તાવનાર ગણવામાં આવે છે. અત્રે જણાવવું જોઇયે કે ગુપ્તજ્ઞાન પ્રમાણે હીમાલય પર્વત ઉપર પૂર્વે સમૂદ્રના પાણી અથડતાં હતાં. હવે સમૂદ્રને તથા બંગાલાના અખાતને પણ હાલ 'સાગર' કહેવામાં આવે છે. હવે હરિદ્વાર દરીયાની સપાટીથી ૧૦૨૪ ફુટ હાલ ઉંચું છે; ત્યારે સમૂદ્રને ત્યાંથી હાલની જગ્યાએ ઉતરી આવતાં કેટલાં વર્ષ થઇ ગયાં હશે? આ ઉપરથી જણાશે કે કપિલ અતી પ્રાચીન કાળમાં થઇ ગયો છે. પણ વળી કપિલને સત્ય યુગમાં અને તે સાથે કળીયુગમાં પણ વસતો જણાવ્યો છે; આનો ભેદ આ છે કે કપિલ તે કૃપાળુ મુનીઓમાંનો એક છે કે જેઓ લોક કલ્યાણ અર્થે અનેક યુગમાં ફરી ફરી જન્મ લે છે; અને આ અર્થમાં કપિલ એક સમૂદાયસૂચક નામ થઇ પડે છે, અને 'કપિલ' શબ્દમાં જે "ધ્યાનીઓ" માણસની ત્રીજી જાતને વિદ્યા કળા શીખાડવા લાગ્યા તેઓ સમાઇ જાય છે. આપણે જણાવ્યું છે કે કપિલ મુની લોક કલ્યાણ અર્થે ફરી ફરી જન્મ લે છે. હવે જાણતાં કદાચ આશ્ચર્યકારક લાગશે પણ ગુપ્ત જ્ઞાન પ્રમાણે ગૌતમ બુદ્ધ એ કોઇજ નહી પણ કપિલ મુનીનો પુનઃ અવતાર હતો. તેને કપિલાવસ્તુ ગામમાં જન્મેલો દેખાડયો છે, અને તેનો એક અર્થ આ છે કે ગૌતમ બુદ્ધનો ધર્મ નિરેશ્વર સાંખ્ય દર્શન ઉપર રચાયો છે. જેમ બ્રાહ્મણો કહે છે તેમ ગૌતમ બુદ્ધે કળીયુગમાં કાંઇ પાખંડ મતનો પ્રચાર નથી કર્યો. તેને 'કર્મ-માર્ગ' નો અતી તિરસ્કાર હતો, અને તેથીજ શુદ્ધ નીતિ અને જ્ઞાન-માર્ગને મુખ્ય વજન આપ્યું; અને હીંદુ શાસ્ત્રોમાં જે કાંઇ શુદ્ધ અને ચોખું તત્વ હતું તે સર્વે તારવી કાઢી તે ઉપર પોતાના ધર્મનો પાયો સ્થાપ્યો. આ રીતે બોધ-ધર્મ એ માત્ર હીંદુ ધર્મની એક શુદ્ધ નકલ છે, અને નહિ કે જેમ કેટલાક બ્રાહ્મણો કહે છે તેમ લોકોને ધર્મથી ભ્રષ્ટ કરે છે. ઇ. સ. ની પૂર્વે ૫૪૩માં બુદ્ધ નિર્વાણ પામ્યો. સાધારણ લોકવિચારમાં વળી એમ મનાય છે કે શ્રી શંકરે બૌધ મતનું ખંડન કર્યું છે. પણ ખરેખર આમ નથી; કેમકે ગુપ્ત જ્ઞાન પ્રમાણે શ્રી

શંકર કોઈજ નહી પણ ગૌતમ બુદ્ધનો પુનઃ અવતાર હતો. અદ્વૈતમતના સ્થાપનાર શ્રી શંકર વીશે દૈતો કહે છે કે શંકર એ "પ્રચ્છન્ન (છાનો) બુદ્ધ" છે, કેમકે અદ્વૈતમત તથા તથી બૌધ-ધર્મ એકજ પ્રકારનું જ્ઞાન દર્શાવે છે, અને બન્ને વચ્ચે નિકટ સંબંધ છે. અને છે પણ તેમજ; કેમકે અર્હતોના જાણવા પ્રમાણે બુદ્ધ અને શંકર એકજ પુરૂષના જુદા જુદા અવતાર હતા. પણ આટલા ઉપરજ આ અવતારો અટકતા નથી. ફરી આ પરમાર્થિ પુરૂષે ખ્રીસ્તી ૧૩ મી સદીમાં તીબેટ (ઉત્તર કુરૂ) દેશમાં સોમ-કાપા એવાં નામ હેઠળ અવતાર લઈ લામા વર્ગમાં એટલે કે બૌદ્ધ-ધર્મના ઉપદેશકોના વર્ગ મધ્યે વ્યવસ્થા કરી; અને મેલી વીદ્યા તે કાળમાં અતી પ્રસરી રહી હતી તેનો અટકાવ કરી, રહસ્ય જ્ઞાનને અતી ગુપ્ત રાખવાની સર્વે દેશના અર્હતોને આજ્ઞા કરી. હાલ આ અતી પરમાર્થિ સિદ્ધ પુરૂષ નિર્માણ-કાયા 'વસ્ત્ર' ધારણ કરી ઉત્તરકુરૂ દેશમાં પોતાના અર્હતોને ત્રણ ત્રણ વર્ષે દર્શન દે છે, અને વાદળાં રૂપી આકારમાં પ્રગટ થઈ મેઘ જેવી ગંભીર વાણીથી જગત અને ધર્મની વ્યવસ્થા માટે સૂચના આપી અંતર્ધ્યાન પામે છે.

આગળ આપણે જણાવ્યું છે કે માણસની સાત મુખ્ય જાત પૃથ્વીઉપર એક પછી એક વસે છે. પ્રથમ જાત ઉપર દેખરેખ રાખવા માટે પહેલેથી એક ધ્યાન-ચોહાન પૃથ્વી ઉપર (માયાવી) શરીરમાં ઉતરી માણસ જાત મધ્યે વ્યવસ્થા રાખે છે. પણ પછીની બાકીની બીજી, ત્રીજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી માણસ જાતની સંભાળ 'બુદ્ધ" (સંપૂર્ણ 'બોધી' ધરાવનાર પુરૂષો જેમનામાં 'બુદ્ધિ' તત્વ સંપૂર્ણ ખીલી રહ્યું છે) ના અધીકાર તળે રહે છે. પણ સાતમી માણસ જાત વખતે વળી ફરી એક ધ્યાન-ચોહાન ઉતરશે; કેમકે તે વખત અતી અગત્યનો છે અને તે કાળમાં માણસો પૃથ્વી છોડી પૃથ્વીની હારના પાંચમાં ગ્રહ ઉપર જવાની તૈયારીમાં પડશે, અને તેથી એક ધ્યાન-ચોહાનને આવવાની ફરજ પડશે. હાલમાં પૃથ્વી ઉપર ચોથી માણસજાત વસે છે, અને તેથી આ જાત ગૌતમ "બુદ્ધ" ની ખાસ સંભાળ હેઠળ છે. ગૌતમની સાથે બીજા ઘણા પરમાર્થિ સાધુઓ, સિદ્ધો, જ્ઞાનીઓ, બોધીસત્વો લોકની સંભાળ લેતા રહ્યા છે, અને વારંવાર લોક કલ્યાણ અર્થે જન્મ લે છે.

શ્રીકૃષ્ણ વીશે એક ઠેકાણે મહાભારતમાં અતી વિસ્મય પમાડે એવી બીના જણાવી છે. વનપર્વમાં જણાવે છે કે જ્યારે લોમશ ઋષિ અર્જુનને ઇંદ્રના અર્ધાસન ઉપર બેઠેલો જોઈ ને આશ્ચર્ય પામે છે ત્યારે ઇંદ્ર ઋષિને કહે છે કે 'પૃથ્વીને વીશે યદુકુળમાં ઉત્પન્ન થયેલા જે શ્રીકૃષ્ણ છે, તે કપિલ દેવ નામના ભગવાન છે, જેણે પૂર્વે અશ્વ સારૂ પૃથ્વીને ખોદતા હતા એવા સગર રાજાના સાઠ હજાર પૂત્રોને બાળી ભસ્મ કર્યા છે, માટે તે, અમો દેવતાઓનું કાર્ય અવશ્ય કરશે. વાસ્તે તમારે તેને અલ્પ પરાક્રમિ જાણવા નહિ."

શ્રીકૃષ્ણે જે કામનો પાયો નાખ્યો હતો, એટલે કે, કર્મ-માર્ગની અગત્યતા ઓછી કરી-જ્ઞાન-માર્ગનો ઉપદેશ કર્યો હતો, તે કામ ગૌતમ બુદ્ધે અને શ્રીશંકરે પુરૂં કર્યું. બૌધ-ધર્મગુરૂઓ અદ્યાપી વેદ તથા ગીતાનો અભ્યાસ કરે છે, અને ઉપનિષદ ગીતાદિના શુદ્ધ ભા

ણો તેમની પાસે જળવાઇ રહ્યાં છે.

આ વીશે ભારતની કથાનો એક અર્થ અત્રે આપીશું. વેદને 'શ્રુતી' (સાંભળેલું.) કહે છે; હવે 'કર્ણ' અને 'શ્રુતી' નો અર્થ એકજ થાય છે. ભારતમાં કર્ણ એટલે વેદ, અને 'અર્જુન' એટલે બ્રહ્મવિદ્યા, જે વિદ્યા ધરાવવાથી ઇશ્વર–આત્મા વચ્ચે યોગ પ્રાપ્ત થાય છે. કર્ણ એ કુંતી અને સૂર્યનો પુત્ર છે અને કવચ કુંડળ સહીત જન્મ પામે છે. પોતાના પુત્ર અર્જુન અર્થે ઇંદ્ર આ દીવ્ય કવચકુંડળ માગી લે છે, અને આ પ્રમાણે અર્જુન અજીત બને છે. ભારતના કર્તા વ્યાસે વેદના આધાર ઉપર પોતાના બ્રહ્મસુત્ર રચ્યાં છે, અને તેમને વેદાંત કે ઉત્તર મીમાંસા નામ આપ્યું છે. આ પ્રમાણે વેદાંત દર્શન (બ્રહ્મ વિદ્યાનું એક સ્વરૂપ)નો પાયો વેદ ઉપરથી લેવામાં આવ્યો છે. હવે કુરૂક્ષેત્રના યુદ્ધમાં અર્જુન કર્ણનો વધ કરે છે. પણ યુદ્ધની પૂર્વે કૃષ્ણ કર્ણને એકાંતમાં લઇ જાઇ સમજાવે છે કે તું પાંડવોનો જ્યેષ્ઠ બંધુ છે, અને તેમની સાથે મળી જવાથી તેઓ તેની આજ્ઞામાં રહેશે, વીગેરે. કર્ણ ઉત્તર આપે છે કે આટલા વર્ષ પર્યંત પોતાની માતા રાધા, મિત્ર દુર્યોધન વીગેરે (એટલે બ્રાહ્મણ પક્ષ) સાથ રહ્યા પછી, અને તેમને પોતા ઉપર આધાર રાખવા કહેવા પછી, પાંડવો સાથે મળી જવાથી ઉલટું લોકમાં તેનું અપમાન થશે; અને વળી દુર્યોધન કર્ણના આશ્રય વગર કદી યુદ્ધ પણ ન કરે. એટલે કે બ્રાહ્મણોએ વેદનો આશ્રય પકડયો હતો, અને આટલાં વર્ષ સાથે રહ્યા પછી, વેદ (કર્ણ) તેમને કેમ છોડી જાય? તો પણ કર્ણ પોતે અર્જુન અને તેના પક્ષ (બ્રહ્મ વિદ્યા) ની સાથ સગાઇ ધરાવતો હતો.

હવે તે વખતે (લગભગ ૫૦૦૦ વર્ષ ઉપર) કૃષ્ણે કર્મ–માર્ગનું બળ ઘણું વધી જવાથી, તેનો અટકાવ કરવા માટે બ્રાહ્મણોને બહુએ સમજાવ્યું, અને વેદને મુખ્ય માની તે સાથે બ્રહ્મ વિદ્યા (જ્ઞાન–માર્ગ) જોડી દેવાને અતી આગ્રહ કર્યો. પણ બ્રાહ્મણ પક્ષે આ માગણી ન સ્વિકારતાં તુચ્છકાગી કાઢી આ ઉપરથી કૃષ્ણે કોપ પામી સર્વ વૈદિક ક્રીયા કર્મનો અટકાવ કર્યો. પાછળથી બ્રાહ્મણો સમજણમાં આવ્યા, અને ઉપનિષદોને વેદના એક ભાગ તરીકે કબુલ રાખ્યાં. વેદો ફરી સજીવન થયા, પણ હવે તેમને નવી જગ્યા મળી.

આ ઉપરથી ભારતની કથા દેખાડે છે કે કેવી રીતે શ્રીવ્યાસજીએ વેદિક (કર્મ–માર્ગિ) બ્રાહ્મણોના પક્ષને તોડી પાડયો, અને કેવી રીતે તે કચડાયલી સ્થિતીમાં જીવવા પામ્યો. ગીતામાં જે રૂપે બ્રહ્મવીદ્યા દર્શાવી છે તેને બ્રાહ્મણોનો મોટો ભાગ માન્ય કરવા લાગ્યા; અને ભારતના કર્તાએ બ્રાહ્મણોને શાંત પાડવા યુધિષ્ટરે રાજસૂય યજ્ઞમાં શ્રીકૃષ્ણને બ્રાહ્મણોના પગ ધોવાડતા જણાવ્યા. વેદિક ક્રીયા કર્મ કરવાથી મોક્ષ પ્રાપ્ત થતો નથી, પણ માત્ર સ્વર્ગ ભોગનો અનુભવ મેળવી શકાય છે; પણ આ સ્વર્ગ સુખ પણ માયાવિ છે અને પુણ્ય પુરૂં થતાં સ્વર્ગ કાળનો પણ અંત આવે છે અને ફરી સંસાર ચક્રમાં ભ્રમણ કરવું પડે છે. માટે શ્રીકૃષ્ણે અને વ્યાસજીએ વેદિક કર્મનો તિરસ્કાર કર્યો. પણ બ્રાહ્મણો વેદિક કર્મમાં એટલા તો લીન હતા કે તેમને આ સુધારો પસંદ ન આવ્યો; પ્રથમ તો

સર્વે વૈદિક કર્મનો અટકાવ કરવામાં આવ્યો હતો, પણ પાછળથી બ્રાહ્મણોને આ સુધારો કબુલ રાખવાની ફરજ પડી.

ભારતના અર્થ અનેક છે. શ્રીકૃષ્ણ તો આત્માજ છે. અર્જુન અને તેના ભાઇઓ એ 'મનસ' છે; દ્રૌપદીએ 'સંસારી જીંદગી' છે, અને તેને લીધેજ પાંડવો કૌરવોથી થતો તેનો તિરસ્કાર સાંખી જાય છે. શ્રીકૃષ્ણ અર્જુનને પોતાની બેન સુભદ્રા વિવાહમાં આપે છે, એટલે કે 'બુદ્ધિ' આપે છે; અને આ રીતે કૃષ્ણ-સુભદ્રા-અર્જુન એટલે 'આત્મા-બુદ્ધિ-મનસ' સમજવાં. શ્રી કૃષ્ણ અર્જુનનો રથ હાંકી કૌરવોના નાશ કરે છે. હવે આ સો કૌરવ પુત્રોના નામજ દેખાડી આપે છે કે તેઓ માણસના કામ ક્રોધાદિ દુર્ગુણો અને વિષય ઇન્દ્રિયાદિ દર્શાવે છે, અને તેવા આ કૌરવો એટલે માણસનું 'કામ' તત્વ જાણવું. 'કામ'નો નાશ કરી 'મનસ' 'આત્મા-બુધ્ધિ' સાથે જોડાય છે. આંધળો ધૃતરાષ્ટ્ર એટલે આ જડ સ્થુલ શરીર સમજવું કે જે શરીરમાં આ હવસો તથા દુર્ગુણો (કૌરવો) અતી બલીષ્ટ થઇ પડી તેને જરા જંપવા દેતા નથી, અને તેની સામે થઇ તેની આજ્ઞાનું વારંવાર ઉલંઘન કરે છે અને અંતે શરીરને તેમના કહ્યા પ્રમાણે અને દોરવ્યા પ્રમાણે ચાલવું પડે છે.

ભારત સમગ્રગી કાંઇ કલ્પિત કથા નથી, પરંતુ તેમાં ઇતિહાસીક અંશ પણ સમાયલો છે; અને કૃષ્ણ તથા અર્જુન એઓ ખરેખર હૈયાતી ભોગવી ગયેલા મહાન પુરૂષો છે.

હવે આપણે રામાયણના ગુહ્ય અર્થ તપાસીશું. હિંદ અને લંકા અનુક્રમે શુદ્ધ રામાયણ. મનસ અને અશુદ્ધ મનસ દેખાડે છે. જ્યાં સુધી મન 'કામ'ને વશ છે ત્યાં સુધી બન્ને (શુદ્ધ અને અશુદ્ધ મનસ) જુદાં રહે છે, પણ જ્યારે 'કામ'ને વશ કરી માણસ સહજ શુદ્ધ થાય છે ત્યારે આ બન્ને સંધાય છે. લંકામાં ચાર પુરૂષો મુખ્ય ભાગ ભજવે છેઃ વિભીષણ, રાવણ, કુંભકર્ણ અને શૂર્પણખા. હવે અશુદ્ધ મલીન મનસમાં અહંકારથી ત્રણ ગુણો ઉત્પન્ન થાય છેઃ સત્વ, રજસ અને તમસ. તમસમાં આવરણ શક્તિ અને વિક્ષેપ શક્તિ એ બે પ્રકાર છે. આવરણ શક્તિ (સંકોચ પામવું) સદા મૂળમાં પેસવાના યત્ન કરે છે, પણ વિક્ષેપ શક્તિ (વિકાશ પામવું) મૂળમાંથી બહાર નીસરવા માડે છે. કુંભકર્ણને નિદ્રા અતી પ્રીય છે, અને તે સદા મૂળમાં ઉતરતી આવરણ શક્તિ બતાવે છે. શૂર્પણખા એટલે વિક્ષેપ શક્તિ. શૂર્પ=સુપડું+નખ, એટલે કે આ શક્તિ પોતાના નખવડે કુદરતની સર્વે વસ્તુને ઝારે છે કે તેઓ તે રીતે પ્રગટ થાય. આજ શક્તિ 'મનસ'માં ચિત્ત શુદ્ધિ માટે પ્રથમ ઇચ્છા ઉભી થાય છે. આ પ્રમાણે શૂર્પણખા જગતને વિકાશ પમાડનારી, પ્રગટ કરનારી, શક્તિ હોવાથી પોતાની ઇચ્છા પ્રમાણે ભટકે છે, અને અંતે પંચવટી ક્ષેત્રમાં રામ (આત્મા)ના પ્રેમમાં પડે છે, પણ લક્ષ્મણ ઉલટું તેનું નાક કાપી નાખે છે. જ્યાંસુધી 'મનસ'માં તમો ગુણ છે, ત્યાં સુધી તે આત્મામાં લીન થતું નથી; પણ જ્યારે મનસમાં સત્વ ગુણ પ્રસરે છે, ત્યારેજ મનસ આત્મા સાથે યોગ કરે છે. શૂર્પણખા આથી ક્રોધ પામી પોતાના ભાઈ રાવણ (એટલે 'રાજાસહ અહંકાર') પાસે જાય છે.

દશાનન વા દશ મૂખી રાવણ કહેવાનો અર્થ આ છે કે તે હજી પાંચ કર્મેંદ્રીયો અને પાંચજ્ઞાનેંદ્રીયોને વશ છે. મનસમાં જ્યાં સુધી રજો ગુણ હોય છે ત્યાં સુધી આત્મા પાસ જવાઇ શકાતું નથી, તેથી મરીચ (માયા)ની મદદ વડે રામ (આત્મા)ને દુર કરી, સીતા (બુદ્ધિ)ને હરણ કરી લઇ જાય છે.' મારીચ એ માયા છે.

વિભીષણ એટલે સાત્વિક મનસ. જ્યારે રાવણ સીતાને અહંકારના કોટમાં પૂરે છે, ત્યારે સીતા (જ્ઞાનાગ્નિ)ના અંદર આવ્યાથી આ અહંકારના કોટમાં ભાઇઓ વચ્ચે ભંગાણ પડે છે, અને જેવા રામ લંકા સમીપ આવી પુગે છે કે વિભીષણ પોતાના સાત્વિક સગાંઓ સાથે તેના પક્ષમાં મળી જાય છે. અશોક વનમાં સીતાની આશ્વાસના અને સાંત્વના કરનાર પણ આ વિભીષણની પૂત્રી છે. આ ઉપરથી આપણે આ વાગતો મેળવીએ છીએ કે જ્યારે 'મલીન મનસ' શુદ્ધ થવા ઇચ્છે છે, ત્યારે તે ચાર રૂપમાં વહેંચાઇ જાય છે, અને આ ચારે પ્રકાર તેની શુદ્ધી માટે અગત્યના છે. શૂર્પણખા-તમસની વિક્ષેપ શક્તિ-જે આવરણ શકિતથી જુદી રહી શકતી નથી, તે રામ અને સીતા (આત્મા અને બુદ્ધિ)ને પંચવટીમાં મળવાને પ્રયત્ન કરે છે; એટલે કે અહંકાર આ પચભૂતાત્મિક જગતમાં સર્વે ભોગો પ્રાપ્ત કરવા ઇચ્છે છે. અત્રે તે રામ સાથે પ્રેમમાં પડે છે, પણ ઉલટી ફજેત થઇ કાપેલાં નાક સાથે પાછી ફરે છે. આ શકિતની સહાય વડે 'રાજસિક મનસ' (રાવણ)ને સીતાની ખબર પડે છે, અને તે વેષ ધારણ કરી તેણીને હરણ કરી જાય છે. જ્યારે બુદ્ધિ અહંકારથી ભરેલાં મનસમાં (લંકામાં) રજસની મદદથી પેસે છે, ત્યારે મનસમાં સત્વ ગુણ શીવાય બીજા સર્વે ગુણો નાશ પામે છે, અને આ લીધે વિભીષણ માત્ર બચી જાય છે.

હવે આપણે લંકા રાવણ વીગેરેને મૂકીને સામી પક્ષ તરફ દ્રષ્ટી કરીએ. જ્યારે પણ જગ કલ્યાણ અર્થે વિષ્ણુ અવતાર લે છે, ત્યારે તેના સાથેની બીજી શકિતઓ પણ અવતરે છે. આ પ્રમાણે રામના ત્રણ ભાઇઓ ભરત, શત્રુઘ્ન, અને લક્ષ્મણ એઓ વિષ્ણુના ચક્ર, શંખ અને આદિ-શેષના અવતારો કહેવાય છે, એટલેકે ભરત-શત્રુઘ્ન-લક્ષ્મણ એ વિષ્ણુના પુરૂષ-પ્રકૃતિ-કાળ* એ ત્રણ રૂપ જાણવા. સૃષ્ટિમાંના દરેક વસ્તુ આ ત્રણમાં સમાઇ જાયછે. 'કૈવલ્ય'થી 'કાળ' કદી પણ જુદો પડતો નથી, અને આ રીતે આપણે જોઇયે છીએ કે રામ લક્ષ્મણ બન્ને સદા સાથેના સાથે રહે છે; રામથી સીતા વીખુટી પડે છે પણ લક્ષ્મણ શુ ઘરમાં કે અરણ્યમાં સદા રામ સાથેજ રહે છે. તેજ પ્રમાણે ભરત અને શત્રુઘ્ન-એટલે પુરૂષ અને પ્રકૃતિ જેઓ કૈવલ્યના બે પાસાં સમજો, તેઓ પણ સદા સાથે રહે છે. 'શત્રુઘ્ન' એટલે શત્રુનો નાશ કરનાર, અને તેને આભૂષણાદિનો અતી શોખ ધરાવતો દર્શાવ્યો છે. 'ભરત' શબ્દ મૃ, પોષણ કરવું, એ ધાતુ ઉપરથી નીકળ્યો છે. રામના અરણ્યવાસ કાળમાં ભરત પોતે નહિ પણ રામની પાદુકાનુ સ્થાપન કરીને નંદીગ્રામમાં રાજ્ય કરે છે. નંદી એટલે ૐ વા શબ્દ-બ્રહ્મ; અર્થ આ છે કે "કૈવલ્ય"ના સ્થાનમાં "પુરૂષ" પોતે રાજ્ય ન કરી શકે,

---

* લક્ષ્મણ અનંત શેષ ભગવાનનો અવતાર કહેવાય છે. 'અનંત' એટલે કાળ જેને નથી અંત કે આરંભ

કેમકે કૈવલ્ય એ શબ્દ-બ્રહ્મ છે, એટલે કે અયોધ્યમાં તેનાથી રાજ્ય કરાતું નથી; 'અયોધ્યા' એટલે જેની સામે યુદ્ધ ન કરાય તે.

હવે રામાયણના આ ચાર નાયકની ઉત્પત્તિ તરફ નજર કરીએ કૌશલ્યા (એટલે કુશળતા) એ રામની માતા છે. સુમિત્રા (સર્વેના સન્મિત્ર) એ શત્રુઘ્ન અને લક્ષ્મણ (પ્રકૃતિ અને કાળ જેઓ સર્વેના મિત્ર છે, તેમને) જન્મ આપે છે. કૈકેયી ભરતની માતા છે, કેમકે "કૈ" શબ્દને 'પુરૂષ'ની સાથે સંબંધ છે. રામના પીતા દશરથે પોતાની દશ ઇંદ્રીઓને વશ રાખી છે, જ્યારે લંકાધીપતી રાવણ ઇંદ્રીઓને વશ છે.

હવે રામને રુષિ વિશ્વામિત્ર મીથીલા નગરીમાં લઇ જાય છે, અને ત્યાં રામ સીતાને પરણે છે. વિશ્વામિત્ર એટલે 'બુધ્ધિ' સમજવી. વસિષ્ઠ એટલે કામ-પ્રાણ; પ્રાણ એ સૂર્ય માંથી નીકળે છે, માટે વસિષ્ઠને સૂર્ય વંશના પુરોહિત કહ્યા છે. આ પ્રમાણે 'બુધ્ધ' તત્ત્વ (વિશ્વામિત્ર) આત્મા (રામ) ને તેના અયોધ્યા સ્થાનમાંથી દોરવીને 'બુદ્ધિ'ના સ્થાન પાસે એટલે મીથીલામાં વસતી સીતા પાસ લઇ જાય છે. આ બન્ને સ્થાન આપણા શરીરમાના સપ્ત ચક્રમાંના બે ચક્ર છે; અયોધ્યા એટલે બ્રહ્મરંધ્ર, અને મીથીલા એટલે હૃદયમાં આવેલું અનાહત ચક્ર. આત્માને પોતાના સ્થાનથી બુધ્ધના સ્થાનમાં જતાં સાત ટપ્પા કે સ્થિતિ પસાર કરવી પડે છે. અયોધ્યા છોડતાં પ્રથમ અનંગ દેશ આવે છે. વિશ્વામિત્ર માર્ગમાં રામ લક્ષ્મણને દરેક દેશની જે અગમ એટલે દંતકથા કહી સંભળાવે છે, તે કથાઓમાંથી તેમના ગુપ્ત અર્થ વીશે સહજ ઇશારા મલી આવે છે. આ અનંગ દેશમાં શીવે કામદેવને પોતાના તપમાં ભંગ પાડવા માટે કોપથી તેનું શરીર બાળી નાંખ્યું હતું, તેથી તે દેશને અનંગ નામ મળ્યું હતું; આ 'બુદ્ધિ'ની અરૂપ સ્થિતિ છે. ત પછી રામ ગંગા તથા સરાયુના સંગમ આગળ આવી પુગે છે. સરાયુ માનસ-સરોવર (મનસ)માંથી નીકળી અયોધ્યમાંથી વહીને ગંગાને જઇ મળે છે; એટલે કે માનસ-સરોવર (એટલે 'મનસ'ના પ્રકાર પ્રમાણે આ સાતમું તત્વ) તે પ્રકારનો નિર્મળ કે મેલો રંગ પકડે છે. તે પછી તેઓ મલાદ અને કરૂપ દેશમાં આવી પુગે છે; આ શબ્દના અર્થ દુર્ગુણી, મેલો એવો થાય છે; તે મલીન મનસનું સ્થાન છે. અહીં રામ તારક પક્ષીનીનો વધ કરે છે. તારક વગર મોક્ષ અશક્ય છે; જ્યાંસુધી મનસમાં કામ રની રહે છે, ત્યાંસુધી બુદ્ધિને આત્માના માર્ગમાં આ પક્ષેથી અડચણ નડતી રહે છે. આ તારકનો પૂત્ર મારિચ એ માયા છે. પછી તેઓ સિધ્ધાશ્રમ સમીપ આવી પુગે છે, જ્યાં વિશ્વામિત્ર પોતાના યજ્ઞનો આરંભ કરે છે, જે યજ્ઞમાં મારિચ અને સુબાહુ વિઘ્ન કરતા હોવાથી, રામ સુબાહુને મારીને મારિચને સમુદ્રમાં ફેંકે છે, જ્યાંથી મારિચ રાવણને જઇ મળે છે અને મૃગરૂપ લઇ માયા વડે રામને ઠગે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે આત્મા સ્વેચ્છાથી માયામાં પેસે છે કે તેમાંથી પાછો બહાર આવે. 'યજ્ઞ' એટલે "તૃષ્ણા." આ સિદ્ધાશ્રમમાં સિદ્ધિની પ્રાપ્તી ઇચ્છનારા સિદ્ધ પુરૂષો વસે છે. તે પછી તેઓ વીસાલ દેશમાં આવી પુગે છે. અહી શીલારૂપી અહલ્યા પડેલી છે. સપ્તર્ષિમાં ગૌતમ રુષિ 'મલીન મનસ' દેખાડે છે. તેની સ્ત્રી અહલ્યા

એટલે 'હળથી ન ખેડાયલી' એવો અર્થ ધરાવે છે. જ્યાંસુધી ઇંદ્રીઓનો રાજા 'ઇંદ્ર' સૂક્ષ્મ શરીરને તોડે નહી, ત્યાંસુધી તે મધ્યે મલીન મનસ કાંઇ ફાવી શકતુ નથી; અને જ્યારે ઇંદ્ર અહલ્યાને જઇ મળે છે ત્યારે તે પોતાનું સૂક્ષ્મરૂપ મૂકી જડ સ્થુલરૂપ થઇ પડે છે. પછી રામ મીથીલા નગરીમાં આવી લાગે છે. સીતા એટલે બુદ્ધિ જે આત્મા અને મનસ વચ્ચે ની ગ્રંથી છે.

સીતાના વિવાહ પછી રામ અયોધ્યા પાછા ફરે છે, અને ત્યાં કૈકેયીના કપટથી રામને પોતાનો દેશ છોડી દેવાનું બહાનુ મળે છે; અને આ રીતે જે કાર્ય અર્થે તે પૃથ્વીપર અવતર્યા હતા તે કાર્ય પુરૂં કરવાની તેને તક મળે છે. રામ ચૌદ વર્ષ પર્યંત અરણ્યમાં વાસો કરે છે, એટલે કે ચૌદ મન્વંતર પર્યંત પરમાત્મા વિશ્વમાં પેસી તેને ચાલુ રાખે છે, આ જાણે દેશનીકાલ સ્થિતિમાં પરમાત્માને વિશ્વના અનેક ભુવનોમાંથી પસાર થવું પડે છે; તેજ પ્રમાણે આત્મા મલીન મનસ ઉપર પોતાનો પ્રકાશ પાથરે તે પૂર્વે તેનો મલીન ભાગ દુર કરી તેનો સાત્વિક અંશ પોતામાં મેળવી લેવા માટે આત્માને શુદ્ધ મનસના જુદાં જુદાં ભૂવનોમાં ગંધર્વો, રાક્ષસો વીગેરે (હવસો-વિષયો)નો નાશ કરવો પડે છે. લંકા એટલે આધાર શક્તિ જાણવી. ગુહની મદદથી રામ ગંગાને તરી ચિત્રકૂટ ઉપર આવી લાગે છે. ચિત્રકૂટ એટલે આપણા બે ભવાંની વચ્ચેનું 'આજ્ઞા-ચક્ર'. ગંગાને તરવી એટલે દીવ્ય-દ્રષ્ટીને જાગ્રત કરવી, અને 'ગુહ એ તેનામાં રહેલી ગુપ્ત શકિત છે જે ત્યાં જવાનો માર્ગ કરી આપે છે. ત્યાંથી રામ ભારદ્વાજ આશ્રમમાં આવી પુગે છે. ભારદ્વાજ એટલે 'કામ' જેનું સ્થાન ચિત્રકૂટ (આજ્ઞા-ચક્ર) અને દીવ્ય-દ્રષ્ટીના દ્વારા વચ્ચે છે. ચિત્રકૂટ આગળ ગંગા, યમૂના, અને સરસ્વતી એ ત્રણેનો સંગમ થાય છે; એટલે કે આ સ્થાન આગળ ઇડા, પીંગળા, અને સુષુમ્ણા નાડીઓ આવી મળે છે. ચિત્રકૂટની પશ્ચિમે પવિત્ર મંદાકીની નદી વહે છે, અને તેની અને પંચવટીની વચમાં જન-સ્થાન છે જ્યાં રાક્ષસો વસે છે. આ ચિત્રકૂટ પર્વત ઉપર રુષિઓ રાક્ષસોથી થતી પીડા રામને જણાવે છે. જનસ્થાન એટલે માણસોનું રહેઠાણ; હવે માણસના મનનું સ્થાન યોગ શાસ્ત્ર પ્રમાણે આજ્ઞા-ચક્ર છે, અને તેથી ચિત્રકૂટ એટલે આજ્ઞા-ચક્ર એ સિદ્ધ થાય છે. તે પછી તેઓ અત્રિ રુષિના આશ્રમ આગળ આવે છે. અત્રિનુ સ્થાન મૂખમાં છે, અને તેથી અત્રિ અને તેની સ્ત્રી અનુસુયા સીતાને લુગડાં વીગેરે પુરાં પાડે છે. પંચવટી એ પાંચમું ચક્ર છે, જેને 'વિશુધ્ધિ-ચક્ર' કહે છે; અત્રિને છોડીને રામ દંડકારણ્યમાં પેસે છે, જે પંચવટી નગરી સુધી લંબાય છે. પંચવટી ગોદાવરીના તીરે છે. ગોદાવરી શબ્દ 'ગો' ધાતુ ઉપરથી નીકળ્યો છે જેનો અર્થ 'જળ આપવુ' થાય છે, અને 'અધ્ર' નો અર્થ 'છુપાવવુ' એવો થાય છે. આ વિશુદ્ધિ-ચક્ર કંઠ આગળ છે, જેને કંઠ-કુપ કહે છે, અને જે ચક્ર ઉપર કાબુ મેળવ્યાથી યોગીઓને ભૂખ કે તરસ લાગતી નથી. તે પછી રામ કિષ્કિંધા નગરીમાં આવી લાગેલા છે, જે હૃદયમાં આવેલું અનાહત-ચક્ર છે. ત્યાર પછી નાભીમાં આવેલાં મનીપૂરક-ચક્રથી તે મૂળાધાર ચક્ર એવાં ચક્રો આવે છે, જેઓ 'કુંડલીના'થી જોડાયલાં છે. અને આ રીતેજ આપણે જોઇયે છીએ કે હનુમાન .(પ્રાણ)

અંગદ વીગેરે અંધારામાં એક માસ પર્યંત ભટકીને અંતે સ્વયમ-પ્રભા (એટલે ૩૬ વળ વાળી કુંડળીની શકિતના તેજ)ને જઈ મળે છે. હનૂમાન આગળ આ સ્વયમ-પ્રભા સ્ત્રી જે વર્ણન કરે છે તે મધ્યે ઘણું જાણવાનું છે. તેણી કહે છે કે વિશ્વકર્માએ આ અરણ્યમાં ૧૦૦૦ વર્ષ પર્યંત તપ કરી બ્રહ્માને પ્રસન્ન કરી વરદાન પ્રાપ્ત કર્યું હતું, અને આ વરદાનથી તે સર્વે કળામાં કુશળ બન્યો હતો. પણ વિશ્વકર્મા હેમા નામની અપ્સરાથી મોહ પામ્યો જે માટે ઇંદ્રે વજ્ર ફેંકી તેનો નાશ કર્યો. બ્રહ્માએ આ અરણ્ય હેમાને અર્પણ કર્યું, અને તેની સખી સ્વયમ-પ્રભા આ અરણ્યની સંભાળ લેતી. હવે હેમા (હેમ એટલે સુવર્ણ) એ કુંડલીની શકિત છે, અને તેનું તેજ (પ્રભા) નાભીમાંહે રહેલી સ્થુલ કુંડલીની સંભાળ તળે છે.

આપણે આગળ જણાવ્યું છે કે કિષ્કિંધા નગરી એટલે હૃદયમાંનુ અનાહત-ચક્ર. હવે તે નીચેની કથા ઉપરથી સિદ્ધ થશે. વાળીએ પોતાના ભાઇ સુગ્રીવ અને તેના હનૂમાનાદિ મિત્રોને હાંકી મેલી પોતે કિષ્કિંધામાં રાજ્ય કરવા લાગ્યો. સુગ્રીવે ઋષ્યમૂક પર્વત ઉપર આશ્રો લીધો, કેમકે માતંગ રુષીના શ્રાપથી વાળી ત્યાં આવી શકતો નહતો. રામે પંપાનદી આગળ હનૂમાનાદિને દીઠા, અને તેમની સાથે સંધી કરી, વાળીને મારી, સુગ્રીવને રાજ્ય આપ્યું. હવે રામાયણમાં વાળીને ઇંદ્રનો પૂત્ર અને સુગ્રીવને સૂર્યનો પૂત્ર જણાવ્યો છે. આ લીધે વાળી એ ઇંદ્ર-હવસો-દર્શાવે છે, અને સુગ્રીવ સૂર્ય વા જ્ઞાન દેખાડે છે. જ્યાં સુધી હૃદયમાં 'કામ' હતો, ત્યાં સુધી વાળી રાજ્ય કરે છે; પણ જ્યારે આત્માની ચઢતી થાય છે ત્યારે હવસો મરણ પામે છે, અને સૂર્ય કે જ્ઞાન હૃદયમાં વાસો કરે છે. આ લીધે રામ વાળીનો વધ કરે છે, કેમકે હવસો વાગળાંની પેઠે આપણુ બળ ચુસી લે છે. તે પ્રમાણે વાળી જ્યારે પણ શત્રુ સાથે લડવા જાય છે ત્યારે શત્રુનું અર્ધું બળ ચુસી લઇ પોતામાં ખેંચી લે છે. તેની સ્ત્રી તારા (તર=તરવું) સંસાર તરી જવાની ઇચ્છા રાખનાર ઉપાસક છે, અને આ લીધેજ વાળીના મરણ પછી, તેણી સુગ્રીવ સાથ રહે છે. અંગદ (બાજુબંધ) કડાંની પેઠે ભૂજાને સણગારે છે, માટે તેને આ નામ આપવામાં આવ્યું છે; અગંદ એટલે ભૂજા ઉપર અધીકાર ધરાવનાર શક્તિ; ઇંદ્ર એ ભૂજા ઉપર અધીકાર ધરાવનાર દેવતા છે. વાળી અને સુગ્રીવના પીતાનું નામ ઋક્ષરાજા છે. ઋક્ષ એટલે સૂર્યકીરણમાંનો એક અણું. એટલે કે આ મૂળ અણુંમાંથી આ બન્ને શત્રુ ઇંદ્ર અને સૂર્ય, હવસો અને જ્ઞાન જન્મે છે; અને જ્યાં સુધી એક નિર્બળ રહે છે ત્યારેજ બીજો ઉપરવારી થઇ રહે છે. કિષ્કિંધા શબ્દ 'કિષ્ક' 'ધંધ'નો બનેલો છે. ઇંદ્રનું ખરૂં નામ ધંધ છે; 'ધંદ્ર' ચંદ્ર માટે વિશેષણરૂપે વપરાય છે. 'કિષ્ક' એટલે મારવું વા ઇજા દેવી; અને તેથી કિષ્કિંધા ઈંદ્રનું સ્થાન છે, કેમકે ઈંદ્ર એટલે હવસો વા ચંદ્ર કે જે સદા સૂર્ય વા સુગ્રીવનો શત્રુ છે. જાંબુવાન એ 'બ્રહ્મા' છે; નીળ 'અગ્નિ' છે; નળ 'વિશ્વકર્મા' છે; મૈંદ અને દ્વિવિદ વાનર અશ્વિનિકુમારના અવતારો છે. હનૂમાન (ભાંગેલી હનૂ વા જડબાંવાળો) સૂર્ય અને માણસમાંથી નીકળતો પ્રાણ છે, અને તેથી તે સુગ્રીવ (સુંદર ગળું) નો મૂખ્ય અમાત્ય અને સલાહકાર છે. સુગ્રીવને રાજ્ય મળવા પછી હનૂમાન વીગેરે સીતાની શોધ કરવા નીકળે છે, અને એક માસ પર્યંત અંધારામાં કુચ કરતાં

ચાલી છેવટે સ્વયમ-પ્રભાને મળે છે, જેણી તેમને સંપાતી ગીધ આગળ લઇ જાય છે. સંપાતી એ જટાયુનો મોટો ભાઈ થાય છે. જટાયુ ૬૦,૦૦૦ વર્ષનું કાળચક્ર છે, અને સંપાતી તેનો વૃડો ભાઈ હોવાથી તે જટાયુ કરતાં વધારે લાંબો કાળ, ઘણુખરૂં, એક મન્વંતર દર્શાવે છે. આ જટાયુ સંપાતી વીગેરે દેખાડે છે કે પ્રગટી કરણની ક્રીયાને કેટલો લાંબો કાળ લાગે છે.

હનુમાન સમુદ્ર ઓળંગી લંકામાં સીતાની શોધ કરી, લંકાને પોતાના પૂચ્છ વડે બાળી રામ પાસે આવે છે. આ જ્ઞાનનો પ્રથમ ટપ્પો છે કે જ્યારે પ્રાણ અશુદ્ધ મનસમાં રહેલા દુર્ગુણોને જાણે ઉકાળવા માડે છે કે જેથી અહંકારના કોટમાં આત્માનાં તેજનો માર્ગ થાય તે પછી યુદ્ધ થાય છે જેમાં રાવણ પરાભવ પામે છે અને વિજયી રામ અયોધ્યાપુરીમાં પાછા ફરે છે.

આ રીતે રામાયણના સાત કાંડ પણ સાત ચક્ર સાથે સંબંધ રાખે છે. આ રીતે આ સાત કાંડ વળી એક માણસને મોક્ષ પ્રાપ્ત કરતાં જે સાત ટપ્પા પસાર કરવા પડે છે તે પણ દર્શાવે છે. રામ દશરથના ઘરમાં જન્મ લે છે; એટલે જીવ દશ ઇંદ્રીઓવાળું શરીર ધારણ કરે છે. અત્રે રામાયણનો નીતિમય અર્થ જણાવીશું જીવ ત્રણ ગુણ વડે શરીર ધારણ કરે છે. કૌશલ્યા સત્વગુણ છે, સુમિત્રા રજો ગુણ છે, અને કૈકેયી તમો ગુણ છે. ભરત એટલે ભક્તિ જે માણસને સંસારની અનેક જંજાળોમાં ટેકો આપે છે. લક્ષ્મણ શેષનાગનો અવતાર છે, અને તે ધૈર્ય દર્શાવે છે; અને શત્રુઘ્ન શત્રુને હણનાર) વિવેક બતાવે છે. આ ચારેની બેન શાંતા એ શાંત અને દયાળુ સ્વભાવ દેખાડે છે. વિશ્વામિત્ર એટલે જીવનો મિત્ર, અને તે સત્ય જણાવે છે. રામ અને લક્ષ્મણ વિશ્વામિત્ર સાથે જતાં માર્ગમાં તારકનો નાશ કરે છે; તારક એટલે માયા, અને આ લીધે અસતથી સત પારખી કાઢયા પછીજ સત્ય હાથ આવે છે. યજ્ઞમાં સુબહુ અને મારિચ હરકત કરે છે. સુબાહુ એટલે અજ્ઞાન જેને રામ મારે છે, પણ મારીચ (માયાથી ઉપજતા સ્વાર્થ)ને ત્યાંથી નસાડે છે. યજ્ઞ સમાપ્ત થતાં વિશ્વામિત્ર રામને દીક્ષા આપી આશિર્વાદ આપે છે. ત્યાંથી જનકપુરીમાં જતાં શીલારૂપ અહલ્યાને પગ અડકાડી રામ તેણીને સજીવન કરે છે. અહલ્યા એટલે મનોવૃત્તિ ગૌતમ એટલે ઇંદ્રીઓ ધરાવતો સાધારણ માણસ. ઇંદ્ર એટલે વિષયી પુરૂષ; ઇંદ્ર ગૌતમની સ્ત્રીને લલચાવે છે; આ પાપ માટે અહલ્યા (મનોવૃત્તિ) ને જડ થવાનો શ્રાપ મળે છે. રામ, જેણે હવે અસતથી સતને પારખી કાઢયું છે, જેણે સ્વાર્થને દૂર કરી અજ્ઞાનનો નાશ કર્યો છે. તે હવે મનોવૃત્તિને ફરી તેની પૂર્વેની સ્થિતિમાં લાવે છે.

રામ જનકપુરીમાં જઇ શીવ-ધનુષ ભાંગે છે, કેમકે તેનામાંથી સ્વાર્થ દુર થયો છે, અને બાણ ભાંગ્યાથી તેનામાં સર્વ સંદેહ દૂર થઇ શ્રદ્ધા આવે છે, અને તે સીતા (સત અસત પારખવાની શક્તિ) ને મેળવે છે. હવે હળ ખેડતાં પૃથ્વીમાંથી સીતા જડી આવે છે. હળ એ શુદ્ધિ ક્રીયાનું ચિન્હ છે. સીતાની જન્મકથા દર્શાવે છે કે જેમ જેમ અનુભવ-સંગ્રહ

કરાતો જાય છે તેમ તેમ આ શક્તિ વધારે ખીલતી જાય છે. જનકપુરથી પાછાં ફરતાં માર્ગમાં પરસુરામ સાથે મેળાપ થાય છે, અને રામ શીવ બાણુ કરતાં પણ વધારે ભારે બાણુને ખેંચી આપે છે. માણુસના મનમાંના અનેક ખોટા વિચાર અને ખોટી સમજણનું આ બાણુ બનેલું છે, અને પ્રથમ ટપ્પો પહોંચવા પૂર્વે તેનો નાશ કરવાની ઉપાસકને જરૂરનું થઇ પડે છે.

બીજા અયોધ્યા કાંડમાં રામ અયોધ્યા નગરીમાં આવે છે. અયોધ્યા એટલે "એટલે જેની સામે કોઇએ યુદ્ધ ન કરવું", એટલે કે માણુસમાં સમાયલું નીતીમય તત્વ. દશરથ રામને અયોધ્યાનું રાજ્ય આપવા ઇચ્છે છે; પણુ હજી રામ આ પદ્દીને યોગ્ય નથી. તે પેહેલાં તેને દુન્યાઇ જ્ઞાન મેળવવાની જરૂર છે. અને કૈકેયી (તમોગુણુ) ના કપટથી આ જ્ઞાન મેળવવાની તેને તક મળે છે. રામ પીતાની આજ્ઞા સ્વીકારી અયોધ્યા છોડી ગંગાને પાર ઉતરી પ્રયાગમાં આવી પહોંચે છે. પ્રયાગ એટલે 'યજ્ઞ-ભૂમી'. રામ પ્રયાગમાં થોડા દીવસ રહે છે, પણુ તેનામાં સત અસત પારખવાની શક્તિ હોવાથી તે જાણે છે કે યજ્ઞાદિ ક્રીયા કર્મથી માત્ર સ્વર્ગ સુખ પ્રાપ્ત થાય છે. રામ અત્રે એક ખરો જીજ્ઞાસુ સમજવો કે જે જ્ઞાન મેળવી મોક્ષ પ્રાપ્તિ ઇચ્છે છે. રામ પ્રયાગમાંથી નીકળી રુષી વાલ્મીકના આશ્રમમાં પધારે છે, જે તેને ચિત્રકૂટ ઉપર જવા કહે છે. આ પર્વત ઉપર સિદ્ધ અને સત પુરૂષોનો વાસો છે, અને તેથી સર્વે મલીન અસરોથી તે રહીત છે. સંત પુરૂષો સાથનો વાસો જીજ્ઞાસુને અતી કલ્યાણકારી છે; અંહી રામ ભક્તિ દ્રઢ કરે છે. ભરત અંહી રામને મળવા આવે છે, અને અયોધ્યામાં પાછું ફરવાનો આગ્રહ કરે છે. રામ પ્રથમ તેમ કરવા ઇચ્છે છે, પણુ તુર્તજ તેને વિચાર આવે છે કે જો કે તેણે યજ્ઞો વિગેરે કર્યાં છે, અને સંતપુરૂષો સાથ રહીને ભક્તિ દ્રઢ કરી છે, તો પણુ તેણે હજી પોતાના કામક્રોધાદિનો નાશ કર્યો નથી. તેથી તે અયોધ્યા જવાનું માડીવાળે છે. એને આ પ્રમાણે જીજ્ઞાસુના પ્રવાસનો બીજો ટપ્પો પુરો થાય છે.

ત્રીજા કાંડમાં રામ વિરાધ રાક્ષસને એટલે સાધારણ નજીવી પીડાઓ જેઓ જીજ્ઞાસુને ખીજવી માર્ગ ભૂલાવે છે તેમનો નાશ કરે છે, અને પછી શૂર્પણુખાને હાંકી મેળે છે. શૂર્પણુખા એટલે દુષ્ટ વાસનાઓ જેઓ મનમાં વારંવાર ઉઠી ઉભી થાય છે; પણ જીજ્ઞાસુ તેમની ઉપર ધ્યાન ન આપી તેમને હાંકીમેળે છે, અને પછી તેણીના ભાઇઓ ખર, દૂષણુ અને ત્રિશીરા, એટલે લાલચ-માણુસની સ્વાભાવિક ખામીઓ-તથા લોભ એમનો પણુ નાશ આણે છે. શૂર્પણુખાં રાવણુની મદદ માગે છે. રાવણુ એટલે જે માણુસોને રડાવે છે તે; રાવણુ એટલે અહંકાર જે માણુસપર પડતાં સર્વે દુઃખનું મૂળ છે. રાવણુ મારિચની મદદ માગે છે. મારિચ એટલે સ્વાર્થિપણું જે રામને લલચાવે છે, અને રાવણુ સીતા હરી લઇ જાય છે. રામ તુર્તજ મારિચનું કપટ પારખી કાઢી તેનો વધ કરે છે. માર્ગમાં રાવણુને જટાયુ અટકાવે છે, પણુ રાવણુ તેને મારી ન શકતાં તેની પાંખ કાપી ચાલ્યો જાય છે. અત્રે જટાયુ એટલે અંતઃકરણુ; રાવણુ (અહંકાર) અંતઃકરણુના ઠપકા ઉપર વારંવાર ધ્યાન ન

આપી તેને મંદ કરી મૂકે છે. સહજ પણ સ્વાર્થથી જીજ્ઞાસુ પોતાની સત અસત પારખ વાની શક્તિ ખોઇ બેસે છે. રામ પાછો ફરતાં સીતાને જોતો નથી. પણ તે હવે સીતા પાછી મેળવવા યત્ન કરે છે, અને તે કામમાં જીજ્ઞાસુને તેનો આગલો અનુભવ ઉપયોગી થઇ પડે છે.

જાનકીની શોધ કરતાં માર્ગમાં કળંધ રાક્ષસ (કામ)નો વધ કરે છે, અને જટાયુને મ ળે છે, જે રામને રાવણ વીશે ખબર આપે છે. આગળ ચાલતાં તેનો સવર સાથે મેળાપ થાય છે, જે તેને સુગ્રીવ સાથે મીત્રાઇ કરવા સૂચવે છે. દરેક માણસ, દરેક જીજ્ઞાસુ પોતા ના પાપ માટે પશ્ચાતાપમાં પડે છે. સવર એટલે પશ્ચાતાપ. સુગ્રીવ–સૂર્યનો અવતાર–એટલે જ્ઞાન; અને જયારથી જીજ્ઞાસુ જ્ઞાન પાછળ ચાલવા યત્ન કરે છે ત્યારે તે પોતાના પ્રવાસનો ત્રીજો ટપ્પો પુરો કરે છે.

ચોથા કાંડમાં રામ વાળીને મારે છે. વાળી એટલે ધર્મનો ક્રીયાકર્મ વીગેરે ભાગ. જે ઉપર ધ્યાન આપ્યાથી ખરો ધર્મ ભૂલી જવાય છે, અને તેનું કોટળુ માત્ર હાથમાં રહી જાય છે. અને તેથી માણસો જ્ઞાનને હાંકી કાઢી માત્ર ક્રીયાઓ ઉપર ધ્યાન આપે છે. રામ હનૂમાન (સત વિદ્યા)વડે સુગ્રીવ (જ્ઞાન)ની મિત્રાઇ મેળવે છે; કેમકે 'સત અસત પારખવાની શક્તિ (સીતા) પાછી મેળવવામાં જ્ઞાનની અગત્ય છે. અંગદ એટલે જે 'બીજાને હર્ષ પમાડે છે,' એટલે મનની સ્વચ્છતા અને પ્રમાણીકપણું, જે બન્ને ગુણો ધર્મ ક્રીયાઓનો ખરો મર્મ શોધી કાઢવાથી પ્રાપ્ત થાય છે. હનૂમાન વીગેરે સીતાનો શોધ કરતાં સંપાતી ગીધને મળે છે, જે અતી લાંબી દ્રષ્ટી ફેંકી શકે છે. સંપાતી એટલે અંહી 'વિચાર' જાણવો. સમૂદ્ર આગળ આવતાં અંગદ કહે છે કે હું સમૂદ્ર ઓળંગી શકીશ, પણ પાછો ફરી ન શકીશ; એટલે સ્વચ્છ મન ખરાબ સંસર્ગથી બગડી જવાની ધાસ્તીમાં રહે છે, તેથી ખરાં જ્ઞાન વગર તેનાથી ત્યાં જવાઇ શકાતું નથી. પણ હનૂમાન સમૂદ્ર ઓળંગી લંકામાં ગુપ્ત પ્રવેશ કરે છે. અત્રે ચોથો ટપ્પો પુરો થાય છે.

સુંદર કાંડમાં હનૂમાન અશોક વાડીમાં સીતાને મળી, તેણીની નીરાંશા દુર કરી, અશોક વનનો નાશ કરી, રાવણના પૂત્ર અક્ષયનો વધ કરે છે. 'અક્ષય' એટલે વેર. પણ મેઘનાદ હનૂમાનને બાંધી રાવણ પાસે લઇ જાય છે. રાવણ હનૂમાનની સલાહ ન માનતાં, હનૂમાન લંકાને આગ લગાડી રામ પાસે આવે છે. જ્યારે હનૂમાન (સત વિદ્યા કે જ્ઞાન) લંકામાં જાય છે, ત્યારે વિભીષણ એટલે'પ્રેમ' શુદ્ધ થાય છે; પ્રેમ સત જ્ઞાનના સંબંધમાં આવ્યાથી સ્પષ્ટ જોઇ શકે છે અને પવિત્ર થાય છે. વિભીષણ આ લીધે રાવણને સીતા પાછી આપ વા શીખામણ દે છે, પણ રાવણ આર્થા ક્રોધ પામી તેને હાંકી મેલે છે, અને વિભીષણ હવે રામને જઇ મળે છે. રામ શુદ્ધ પ્રેમમાં ઠપકા પાત્ર કાંઇ ન જોઇને તેને પોતાના પક્ષ માં લીએ છે, અને લંકાનું રાજ્ય તેને આપવાનું વચન આપે છે, અને પાંચમો ટપ્પો પુરો થાય છે.

છઠ્ઠા કાંડમાં સમુદ્રની આરપાર નળ તથા નીળ વાનરો પાળ બાંધી આપે છે. 'નળ', એટલે સંતોષ અને 'નીળ' એટલે ધર્મ. રામ આ રીતે સમુદ્ર ઓળંગી લંકાનો ઘેરો ઘાલે છે, અને કુંભકર્ણનો નાશ કરે છે. 'કુંભકર્ણ' એટલે આળસાઈ અને એદીપણું: પછી મેઘનાદ રાક્ષસનો વધ થાય છે. 'મેઘનાદ' એટલે ગર્વ; પ્રથમ લક્ષ્મણ મેઘનાદથી ઘાયલ થાય છે, એટલે ગર્વ આગળ ધૈર્યતા પોતાની સક્તિ થોડો વખત ખોઈ બેસે છે, પણ થોડો વખત ખોઈ બેસે છે, અને થોડા કાળ પછી લક્ષ્મણ મેઘનાદને (ગર્વને) મારે છે. અને અંતે રામ પોતે રાવણનો વધ કરે છે, એટલે જીજ્ઞાસુ અહંકારનો નાશ કરે છે. સીતા રામને પુન: પ્રાપ્ત થાય છે, અને વિભીષણ (શુદ્ધ પ્રેમ) લંકા (નીચલાં મનસ)નો રાજા થાય છે. આ પ્રમાણે છઠ્ઠો ટપ્પો પુરો થાય છે.

સાતમાં ઉત્તર કાંડમાં રામ અયોધ્યામાં પાછા ફરતાં તેમનો રાજ્યાભિષક થાય છે; એટલે કે રામ હવે પોતાના સ્વભાવ ઉપર અંકુશ રાખવાને જે ગુણો મેળવવા જોઈયે તે સર્વે પ્રાપ્ત કરે છે, અને આ રીતે જીજ્ઞાસુ અનંત આનંદમાં નિમગ્ન રહે છે.

રાશી-ચક્ર. રાશી-ચક્રના જુદા જુદા વિભાગો અતી પ્રાચીન કાળમાં કરવામાં આવ્યા હતા, અને આ રૂષીઓના નામોમાં અતી ગુહ્ય અર્થ સમાયલો છે; તે વીશે એક અદ્વૈત દીક્ષીત બ્રાહ્મણ મરહુમ મી. ટી. સુબ્બારાવ થોડીક વિગત જણાવે છે તે અત્રે આપીશું. આ બારે રાશીના નામ નીચે પ્રમાણે છે:—મેષ, વૃષભ, મૈથુન, કર્ક, સીંહ, કન્યા, તોલા, વૃશ્ચક, ધનુષ, મકર, કુંભ, અને મીન. હવે તારામંડળોના આકારને આ જુદાં જુદાં પ્રાણીઓના આકારને સહજ પણ મલતા આવતા નથી, અને આથી સિદ્ધ થાય છે કે રાશીઓના નામ આ મલતાપણાને લીધે નથી આપવામાં આવ્યાં; પરંતુ ત્યારે આ નામો આપવાનો હેતુ કાંઈ બીજોજ હોવો જોઈયે. આ નામોમાં એક કરતાં વધુ અર્થ સમાયલા છે. એક મૂળમાથી આ પંચભૂતાત્મક સૃષ્ટિ કેમ પ્રગટ થઈ તે એક રીતે આ નામોમાં દર્શાવવામાં આવ્યું છે. હવે આ નામોમાં સમાવવામાં આવેલું સૃષ્ટિ-સર્ગ વર્ણનનું પેહેલું પ્રકરણ અત્રે આપીશું. મંત્ર તથા તંત્ર શાસ્ત્રમાં જે નામો વાપરવામાં આવ્યાં છે, તે નામો ઉપરથી તેમાં સમાયલા ભેદો તુર્ત માલમ પડે છે. અને તે ગુપ્ત અર્થો જાણવા માટે નીચલી કેટલીક રીતોનો ઉપયોગ કરવામાં આવે છે:

૧. જે શબ્દ વાપરવામાં આવ્યો હોય, તેના સમાન અર્થિ શબ્દ શોધી કાઢવા.
૨. આ શબ્દના અક્ષરોમાંથી તંત્રશાસ્ત્ર પ્રમાણે તેમની સંખ્યા ઉપજાવવી.
૩. આ શબ્દ સાથે સબંધ રાખતી કોઈ પણ કથાની તપાસ કરવી.
૪. શબ્દના અક્ષરો હેરફેર કરવા, અને તેમ કરવા પછી જે નવો શબ્દ કે નવા શબ્દો થાય તેમનો અર્થ જોવો.

આ રીતીઓનો ઉપયોગ કરી આપણે આ રાશી ચક્રના નામોના ગુપ્ત અર્થ શોધી કાઢીશું. પૂરાણોનો અર્થ સમજવાને માટે પણ આ ચાર કુંચીઓ કામ લાગશે.

૧. मेष—આ શબ્દનો સમાન અર્થિ શબ્દ 'અજ' છે; 'અજ' એટલે. અજન્મ, જેને જન્મ નથી તે; એટલે કે અનાદિ બ્રહ્મ. આ ઉપરથી જાણવું કે પેહેલી રાષી સષ્ટિનું અનાધાંત, અવિકારી, અપૂર્વ કારણ પરબ્રહ્મ–દર્શાવે છે.

૨. वृषभ—ઉપનિષદ તથા વેદમાં આ શબ્દ બહુ વાર પ્રણુવ (ॐ) માટે વપરાયલો છે.

૩. मैथुन—આ શબ્દજ 'અર્ધનારીશ્વર,' એટલે માણસની ત્રીજી મુખ્ય જાત, જેઓમાં નર તથા નારી શક્તિ બન્ને સાથે સમાવલી હતી, તે દર્શાવે છે.

૪. कर्कं—આ શબ્દની મંત્રશાસ્ત્ર પ્રમાણે સંખ્યા ઉપજાવવાથી ૧૧૧૧ એ સંખ્યા નીપજે છે; એટલેકે પવિત્ર ચારનો આંકડો–પરબ્રહ્માર્થિકમ–પ્રણુવની ચાર માત્રા; ચાર અવસ્થા, જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તી, અને તુર્યા (નિર્વાણ); બ્રહ્મની ચાર અવસ્થા,–વૈશ્વાનર, તૈજસ (અથવા હીરણ્યગર્ભ), પ્રાજ્ઞ, અને ઇશ્વર, એટલેકે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, અને સદાશીવ; પરબ્રહ્મના ચાર પાસાંઓ-સ્થુલ, સુક્ષ્મ બીજ અને સાક્ષી; વાચના ચાર પ્રકાર–પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી; તથા નાદ, બિંદુ, શક્તિ અને કળા. આ રાષી પેહેલા ચાર આંકડા પુરા કરે છે.

૫. सिंह—આ શબ્દના સમાન અર્થિ શબ્દો 'પંચાસ્યમ' તથા 'હરી' છે, પણ તે પાંચમી રાષી હોવાથી 'પંચાસ્યમ' એવો તેનો અર્થ થાય છે, હવે પંચાસ્યમ શબ્દથી જણાય છે કે આ રાષી પંચ બ્રહ્મા–ઇશાન, અઘોર, તત્પુરૂષ, વામદેવ, સધ્યુજત (બૌધોના પંચ–બુદ્ધ)દર્શાવે છે; 'હરિ' શબ્દથી જણાય છે કે આ રાષી નારાયણ, જીવાત્મા કે પ્રત્યગાત્મા દર્શાવે છે. જ્યોતિષ પ્રમાણે આ રાષી 'પુત્રસ્થાન' છે, માટે આ રાષી 'જીવાત્મા' (જે પરમાત્માનો અંશ છે તે) દર્શાવે છે; જીવાત્મા જાણે પરમાત્માનો પૂત્ર છે.

૬. कन्या—આ શબ્દ "શક્તિ" કે "મહામાયા" દર્શાવે છે. આ છઠ્ઠી રાષી કુદરતની છ મુખ્ય શક્તિઓ દેખાડે છે. આ શક્તિઓ નીચે પ્રમાણે છે; પરા શક્તિ, જ્ઞાન શક્તિ, ઇચ્છા શક્તિ, ક્રીયા શક્તિ, કુંડલીની શક્તિ, અને મંત્રીકા શક્તિ, આ છએ શક્તિઓ સાતમી આદિ–શક્તિમાં આવી જાય છે.

૭. तौला—આ શબ્દ ઉપરથી ૩૬ની સંખ્યા ઉપજે છે. આ લીધે આ રાષી ૩૬ તત્વો દર્શાવે છે. (અગસ્ત્ય, દુર્વાસા, પરસુરામાદિઋષિઓ ૩૬ તત્વો ગણાવે છે). 'જીવાત્મા' તથા 'પરમાત્મા' અથવા 'બદ્ધ' તથા 'મુક્ત' વચ્ચે ફરક આ છે કે જ્યારે જીવાત્મા કે બદ્ધ આ ૩૬ તત્વોમાં લપટાયલા છે, ત્યારે પરમાત્મા કે મુક્ત આ તત્વોથી સ્વતંત્ર છે. આ રાષી 'નર' માહે માર્ગ કરે છે, અને નરના ચીન્હ તરીકે સાતમી રાષીને આ નામ જાણીજો બી આપ્યું છે.

૮ वृश्चक—પ્રાચીન તત્વ જ્ઞાનીઓ કહી ગયા છે કે જ્યારે સૂર્ય આ રાષીમાં આવે છે


ત્યારે તેને વિષ્ણુ કહે છે. આ રાશી 'વિષ્ણુ' દર્શાવે છે. વિષ્ણુ-' વિશ' ધાતુ—એસે જે સર્વત્ર વ્યાપી રહેલો છે, એટલે કે વિશ્વ, સૃષ્ટિ. ખરું કહેતાં વિશ્વ એજ વિષ્ણુ છે. 'વિષ્ણુ' સ્વપ્નાવસ્થા દેખાડે છે. અને આ રાશીનો અર્થ "ઇશ્વરમાં રહેલો સૃષ્ટિ-સંકલ્પ" એવો જાણવો. આ રાશીને વ્યાજબી રીતે વૃષભ કે પ્રણવની સામે મેલી છે. પ્રણવથી પૃથક્કરણ કરતાં 'સંકલ્પ-સૃષ્ટિ' પ્રત્યે જવાય છે, અને ત્યાંથી પાછું એકીકરણ કરતાં પ્રણવ પ્રત્યે જવાય છે. સૃષ્ટિ સ્થુળરૂપ ધારણ કરે છે તે પૂર્વની સ્થિતિ આ રાશી દર્શાવે છે. જ્યાં સુધી ૩૬ તત્વો, જીવાત્મા અને માયાની વચ્ચે આવતાં નથી, ત્યાં સુધી 'બીજ' ફુલાઇને (વિસ્તાર પામીને) વિશ્વ બનતું નથી. આ તત્વો મારફતે સ્વપ્નાવસ્થા નીપજે છે. આ તત્વો 'હંસ' ને હસ્તીમાં લાવે છે. આ તત્વો લય પામવા માંડે છે કે સર્વેનું પ્રણવ કે બ્રહ્મમાં એકીકરણ થાય છે. અને 'હંસ' "સોહંમ" માં બદલાઇ જાય છે.

૯ धनुष —આ શબ્દના અક્ષરો ઉપરથી ૯ની સંખ્યા ઊપજે છે. આ લીધે આ રાશી ૯ પ્રજાપતી દર્શાવે છે, જેઓ બ્રહ્માને સ્થુલ જગત ઉત્પન્ન કરવામાં સહાય આપે છે.

૧૦ मकर—'મ' અક્ષર ૫ની સંખ્યા દેખાડે છે, અને 'કર' એટલે ભૂજ, હાથ. હવે સંસ્કૃતમાં ત્રીભૂજમ એટલે ત્રીકોણુ એવો અર્થ થાય છે, કેમકે ભૂજ કે કરનો અર્થ 'લીટી' થાય છે. આ લીધે મકર-પંચ કર-એટલે પંચ કોણુ.

હવે મકર દશમી રાશી છે, અને સંસ્કૃતમાં 'દશદીશા' શબ્દ સૃષ્ટિની સર્વે બાજુઓ દર્શાવે છે; આ શબ્દ જણાવે છે કે સૃષ્ટિના આકારની સપાટી પંચકોણોની બનેલી છે. આ ભૂમીતીની આકૃતી પ્રમાણે બ્રહ્મા સ્થુલ જગત રચે છે.

પૂર્વે માત્ર ૧૦ રાશી હતી, અને તોલા રાશી પછીથી ઊમેરવામાં આવી હતી, અને કન્યા તોલા, તથા વૃશ્ચક આ ત્રણુ જુદી જુદી રાશીઓને બદલે એકજ "કન્યા વૃશ્ચક" રાશી હતી. તે કાળમાં મકર રાશી ૮મી રાશી હોવી જોઇયે. અને શાસ્ત્રમાં આપણે 'અષ્ટ દીશા' શબ્દ પણુ જોઇયે છીએ; માટે જ્યારે રાશી ચક્રમાં ઊપલો ફેરફાર કરવામાં આવ્યો ત્યારે દીશાઓ પણુ આજથી ૧૦ કરવામાં આવી હશે.

વળી 'કર' એટલે આપણે  પંચકોણુના બહારના પાંચ ત્રીકોણુ એમ અર્થ સઇએ તો આ મકર રાશી 'પિંડ' સૂચવે છે. પરંતુ વૃશ્ચક રાશી 'પિંડ' નું ખરું ચિન્હ છે; પિંડનું સ્થુલરૂપ માણસનું શરીર છે; આ લીધે મકર રાશી "પિંડ તથા 'બ્રહ્માંડ' નું સ્થુલરૂપ દર્શાવે છે. જેમ પિંડને સ્થુલ શરીર અને સૂક્ષ્મશરીર હોય છે તેમજ બ્રહ્માંડને પણુ હોય છે. આપણી દ્રષ્ટીએ પડતી સૃષ્ટિ એ [illegible] જાણે સ્થુલ શરીર છે, પણુ આ સ્થુલ સૃષ્ટિનું મૂળ બીજ સૂક્ષ્મ સૃષ્ટિ છે, જે આ સ્થુલ સૃષ્ટિનો જાણે જીવ છે.

૧૧ कुंभ—આ શબ્દના અક્ષરોની સંખ્યા ગણતાં ૧૪ સંખ્યા ઊપજે છે. આ લીધે આ રાશી 'ચતુર્દશ ભૂવન' એટલે કે ૧૪ લોક દર્શાવે છે.

૧૨ मीन—આ શબ્દના અક્ષરો ઉપરથી ૫ ની સંખ્યા ઊપજે છે, અને આ લીધે આ

શબ્દ પંચ મહાભૂત સૂચવે છે, અને વળી દેખાડે છે કે 'જળ' (સાધારણ જળ નહિ) તત્વ આ સર્વે ભૂતોમાં વધારે અગત્યતા ધરાવે છે.

હવે આ બારે રાશી ઉપરથી સૃષ્ટિના ઇતિહાસના પહેલાં પ્રકરણની અનુક્રમણિકા સંક્ષેપમાં નીચે પ્રમાણે છે:

(૧) સ્વયંભૂ–અનાદિ બ્રહ્મ
(૨) પ્રણવ
(૩) અર્ધનારીશ્વર
(૪) પ્રણવની ચાર માત્રા–ચતુરાવસ્થા, બ્રહ્મની ચાર અવસ્થા, વીગેરે.
(૫) પંચ બ્રહ્મા–પંચબુદ્ધ, જે સર્વે મળીને જીવાત્મા દર્શાવે છે.
(૬) આકાશ–કુદરતની છ શક્તિઓ.
(૭) અવિદ્યાથી ઉત્પન્ન થયલાં ૨૬ તત્વો.
(૮) સૂક્ષ્મ સૃષ્ટિ–સ્વપ્નાવસ્થા.
(૯) બ્રહ્માના સહાયકાર–૯ પ્રજા પતીઓ.
(૧૦) બ્રહ્માના સંકલ્પમાં રહેલો સ્થુલ સૃષ્ટિનો આકાર.
(૧૧) ચોદ લોક.
(૧૨) પંચ મહાભૂત.

જગતના ઈતિહાસનું વર્ણન સાત પ્રકરણમાં લખ્યું છે, પણ સાતમું પ્રકરણ હજી પુરૂં થયું નથી.

પરિક્ષીત કથા. અર્જુનના પૌત્ર પરિક્ષીત રાજા વીશે કથા છે કે કોઇક રુષિને અપમાન આપ્યાથી તે રુષિના પૂત્રે સાત દીવસ પછી સર્પ દંશથી તેનું મૃત્યુ થશે એવો શ્રાપ આપ્યો હતો. હવે પરિક્ષીત રાજા એટલે શુદ્ધજીવ, જે સદા અધ્યાત્મ વિચાર કે બ્રહ્મ વિદ્યાના અભ્યાસમાં રોકાયલો રહે છે. તે શુક મહર્ષિ એટલે 'વાચ'નો બોધ શ્રવણ કરે છે, અને માયાના સર્વે બંધનથી મુક્ત થાય છે. દેહસપ્તધાતુમય છે,–રૂધીર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, વિર્ય તથા સ્નાયુ. શ્રુત છે કે 'સપ્તધાતુમય પિંડમ'; પરિક્ષીત રાજા સર્પ દંશથી સાત દીવસમાં મરણ પામે છે, એટલે કે જ્યારે તે સંપૂર્ણ સમજે છે કે આ સર્વે વિનાશી છે, અને તે લીધે પ્રાપ્ત કરવા યોગ્ય નથી, ત્યારે આત્મિક જીંદગી આ માયાવિ જીંદગીનો અંત લાવવા મેલે છે. જ્યારે જીવ સપ્ત ધાતુમય દેહની તપાસ કરે છે અને તેમનો ભેદ જાણે છે, ત્યારે તે પોતાના નાચલા ત્રણ તત્વોથી છુટી મુક્ત થાય છે.

આર્ય 'આર્ય' શબ્દનો અર્થ 'શ્રેષ્ઠ' એવો થાય છે; રુષિઓને આ વિશેષણ આપવામાં આવતું હતું કેમકે તેઓએ "આર્ય (શ્રેષ્ઠ) 'સત્યાની'" (સત્યો)ની માહીતી મેળવી હતી, અને તે સાથે નિર્વાણ કે મોક્ષના અતુંપાદી 'આર્ય માર્ગ' ઉપર ચાલતા હ

તા. આર્ય રૂષિઓના ચાર વર્ગ હતા*શ્રોતાપત્તિ, સકૃદાગામિન, વીગેરે. અને આ ચાર વર્ગના આર્યો નીચલા ચતુર્માર્ગ કે સત્યોની સાથે સંબંધ રાખતા. 'આર્ય સત્યાની' મહાપવિત્ર ચાર સત્યો નીચે પ્રમાણે છે: (૧) 'દુઃખ,'–એટલેકે સંસારની માયાવી જીંદગીમાં દુઃખ અને કષ્ટ ખમવા શીવાય છુટકો નથી; (૨) 'સમુદ',–એટલેકે વિષયોમાં આસક્ત રહેવાથી આ દુઃખ વધુ તીવ્ર અને અતી કષ્ટ જનક થઇ પડે છે; ૩) 'નિરોધ',–એટલેકે 'આર્ય (શ્રેષ્ઠ) માર્ગ' ઉપર ચાલતો પ્રવાસી આવી વિષયાસક્તિ અને દુઃખ તથા કષ્ટને રૂંધી શકે છે, તેમને અટકાવી શકે છે; અને (૪) 'માર્ગ',–એટલે જે 'કૃષ્ણ' માર્ગ ઉપર ચાલ્યાથી આવું આનંદજનક પરીણામ નીપજે છે (અર્હત પદ પ્રાપ્ત થાય છે).

બુદ્ધ જેનામાં સંપૂર્ણ 'બુદ્ધિ' તત્વ ખીલ્યું હોય છે તેને 'બુદ્ધ' કહે છે. 'બુદ્ધ' પદ્વી પ્રાપ્ત કરવા માટે ઇંદ્રીઓ તથા અહંકારને વશ કરવાં પડે છે, આત્માનુભવ મેળવવો પડે છે, અને આત્માની ઐક્યતા જાણવી પડે છે, અને અંગત અનુભવથી જાણવું પડે છે કે જગતમાં દેખાતી સર્વે વસ્તુ માત્ર માયા છે; અને સર્વે નાશવંત અને માયાવિ વસ્તુનો ત્યાગ કરી 'સત'માંજ નિમગ્ન રહી પૃથ્વી ઉપર અતી પવિત્ર રીતે રહેવું ઘટે છે. બૌધ ધર્મવાળા વેદાંતના 'ઇશ્વર'ને 'અવલોકીતેશ્વર' નામ આપે છે. 'અવલોકી' એટલે 'અવલોકન કરનાર' એટલેકે આત્મા, અને 'પદ્મ–પાણી' એટલે 'શુદ્ધ મનસ'; હવે "ઓં મણી પદ્મે હુમ" મંત્રનો વારંવાર ઉચ્ચાર કરવાનુ મુખ્ય કારણ આજ કે આ બન્નેની ભેગી સહાય માટે તેમનું (આત્મા તથા શુદ્ધ મનસનું) આવાહન કરવું.

જાતી જગતમાં જીવો સાત વર્ગોમાં વેહેંચાયલા છે. (૧) પ્રથમ ધ્યાનીઓ (અનુપાદક એટલે કે અયોનિજ); (૨) દેવો; (૩) મનુષ્યો; (૪) યક્ષો; (૫) પ્રાણીઓ; (૬) પીશાચો; અને (૭) જંતુઓ. આ સાત વર્ગના જીવો નીચલા ચાર પ્રકારે જન્મ લે છે: (ક) યોનિદ્વારા, જેમ મનુષ્યો તથા આંચળવાળાં પ્રાણીઓ વીગેરે જન્મે છે; (ખ) અંડજ—જેમ પક્ષીઓ વીગેરે ઇંડામાંથી જન્મ લે છે; (ગ) સ્વેદજ—જેમ જંતુઓ ભોનાસ, વાયુ વીગેરેમાં જન્મ લે છે; (ઘ) અનુપાદક જેમ ધ્યાનીઓ અને બોધી—સત્વો પોતાની મેળે યોગ બળે રૂપ બદલી અવતાર લે છે.

રાસ મંડળ કૃષ્ણનો ગોપીઓ સાથે રાસ ખેલવાની કથાનો અર્થ આ છે કે કૃષ્ણ એટલે સૂર્ય જેની આસપાસ ગ્રહો, રાણીઓ અને નક્ષત્રો (ગોપીઓ) ચક્રાકાર ફરે છે. આ કંઇ માત્ર એક અર્થ નથી તેમ આ વખતના અંધ શ્રદ્ધાવાળા કેવળ અક્ષરને અનુસરી અર્થ કરે છે તે પણ નથીજ.

સોમરસ આ રસ લીંગ દેહ સાથે આત્માને જોડે છે, અને આ ચમત્કારી ગુણવાળા રસનું પાન કર્યાથી લીંગ દેહ શ્રેષ્ઠ લોકમાં ચઢવા માંડે છે, અને જીવતાં જીવત સ્વર્ગ સુખ વીગેરેનો અનુભવ મેળવે છે. સોમરસ પાન કર્યાથી દીક્ષીત પુરૂષ નવો

* શ્રી શંકરાચાર્ય 'કુટીચક' 'હંસ', અને 'પરમહંસ' એવાં નામ આપે છે.

જન્મ લે છે, દ્રીજ બને છે, અને તેનું પુરૂષતત્વ એ પ્રકૃતિ તત્વ ઉપર વાસ કરે છે. આ રસથી દીવ્ય દ્રષ્ટી મળે છે, અને બ્રહ્મ લોકમાં જવાય છે. એવું કહે છે કે મંત્રના જોરે આ રસ ખરેખર સોમરૂપ બની રહે છે.

ત્રૈલોકય પુરાણુમાં સપ્ત લોક કહ્યા છે—ભૂ, ભૂવર, સ્વર, મહર, જન, તપ અને બ્રહ્મ લોક; પરંતુ ભૂ, ભૂવર અને સ્વર (મહર) સાધારણ રીતે ત્રૈલોકય ગણાય છે. આ ત્રણે મરણ પછીની અવસ્થા સુચવે છે. ભૂ—(કામલોક) અને 'માર'નું સ્થાન છે, તથા પ્રેતોનું રહેઠાણ છે. આ લોકના પણ સપ્ત વિભાગ છે, જેનો સૌથી કનીષ્ટ વિભાગ વાતાવરણમાં છે. અને સૌથી ઉંચા વિભાગમાં આપઘાત કે અકસ્માતથી મરણ પામેલા પુરૂષોના જીવો રહે છે. જે કાળ સુધી તેમનું (આ આપઘાત કે અકસ્માતથી મરણ પામેલાઓનું) જીવવું નિર્માણ થયું હોય તે કાળસુધી તેમના જીવો આ વિભાગમાં રહે છે, અને તે પછી તેમનું 'મનસ તત્વ' કામ'થી વીખુટું પડી કર્મ પ્રમાણે પૃથ્વી ઉપર જન્મે છે કે દેવખાન (સ્વર્ગ)માં જાય છે.

ભૂવર--(એને 'રૂપધાતુ' પણ કહે છે)—એટલે દેવખાન કે સ્વર્ગ, જ્યાં જીવો સાત જુદી જુદી માનસિક અવસ્થામાં પોતાની શુધ્ધિ પ્રમાણે રહે છે.

સ્વર અને મહર લોક એ બન્ને ને 'અરૂપધાતુ' કહે છે, જે પણ સાત ધ્યાન કે અવસ્થામાં વહેંચાયલાં છે, જેઓ નિર્વાણ અવસ્થા માટે લગભગ તૈયાર છે, તેઓ આ 'અરૂપધાતુ'માં રહે છે. તેઓ નિર્વાણીક અવસ્થાના ઉંબર આગળ આવી પુગ્યા છે, તેથી તેઓ નથી રૂપ ધરાવતા, કે નથી આ સ્થુલ જગત સાથે કાંઈ સંબંધ ધરાવતા.

ત્રી વિદ્યા ત્રણ વિદ્યા એ અધ્યાત્મ વિદ્યાના ત્રણ મૂળ સિદ્ધાંતો છેઃ—(૧) 'અનિત્ય,' એટલે સર્વે જગત નાશવંત અને માયાવિ છે; (૨) 'દુઃખ,'—માયામાં જે સર્વે જીવે છે તે સર્વે દુઃખ અને કષ્ટ ભોગવતાં રહે છે; અને (૩) 'અનાત્મા,'—એટલે કે સંસારી માયાવિ જીંદગી પાણીના પરપોટા પેઠે સ્વપ્ન સમાન મિથ્યા અને ક્ષણભંગુર છે.

વેદિક ત્રીમૂર્તિ જ્યારે પુરાણમાં બ્રહ્મા-વિષ્ણુ અને શીવની ત્રીમૂર્ત્તિ જણાવી છે ત્યારે વેદમાં અગ્નિ-સૂર્ય અને વાયુની ત્રીમૂર્ત્તિ આપી છે. માણસ (પિંડ)ના તત્વો સાથે વિશ્વ (બ્રહ્માંડ)ના તત્વો સરખાવતાં 'અગ્નિ' એટલે 'કામ,' વાયુ એટલે 'કામમનસ' (અશુધ્ધ મનસ), અને સૂર્ય એટલે 'મનસ' (શુદ્ધ મનસ). હવે જણાશે કે જેમ યુરોપના પંડીતો માને છે તેમ વેદના રચનારાઓએ કાંઇ કુદરતના બનાવોથી ચકીત થઇ વેદમાં પોતાના મનના ઉભરા જણાવ્યા નથી, કાંઇ વિશ્વ-પૂજા દર્શાવી નથી, પરંતુ તેમાં કાંઇ જુદુંજ સમાવ્યું છે, કાંઇ વિશ્વ અને મનુષ્ય સંબંધી ઊંડુ ગ્નાન આ અલંકારી ચિન્હમય ભાષામાં ઉતાર્યું છે.

બ્રહ્મા-વાચ-વીરજ

કથા છે કે બ્રહ્મા પોતાના શરીરના બે વિભાગ કરીને વાચ અને વીરજ ઉત્પન્ન કરે છે; એટલે કે બ્રહ્મા (વિશ્વ) વ્યક્ત થતાં પ્રકૃતિક સ્થુલ જગત (વીરજ) અને પુરૂષ (વાચ) ઉત્પન્ન કરે છે.

બ્રહ્મા--પૂત્ર

સનક, સનંદ, સનાતન અને સનત કુમારો—બ્રહ્માના માનસ-પુત્રો-(મનથી ઉત્પન્ન થયલા પૂત્રો) કહેવાય છે. આ ચાર નામો માણુસની બુધ્ધિમાં રહેલા જુદાંજુદાં પ્રમાણુ ધરાવતા ગુણો દર્શાવે છે. આ ચાર ઉપરાંત બીજાં ત્રણ નામ છે; સન, કપિલ અને સનતસુજાત; એ ત્રણે ગુપ્ત કુમાર છે; અને જન્મ અને પુનર્જન્મનો ભેદ આ નામોમાં સમાયલો છે.

ઓંકાર

પ્રણુવનો એક અર્થ લેતાં તેમાં तत्त्वमसि મહાવાક્યના જેવી મતલબ સમાયલી છે. એમાં ત્રણુ અક્ષર છે, અ+ઉ+મ. હવ 'મં' અક્ષર ૨૫ની સંખ્યા દર્શાવે છે, અને સાંખ્ય દર્શનમાં જીવાત્માને ૨૫મું તત્વ ગણેલું છે. 'અ' અક્ષર ૧ની સંખ્યા દર્શાવે છે. એટલે કે અદ્વૈત બ્રહ્મ 'ઉ' અક્ષરનો અર્થ સંસ્કૃતમાં एव (એજ) એવો થાય છે. આ રીતે ઔંનો અર્થ "જીવ એજ બ્રહ્મ" એવો થાય છે. ઓં આ પ્રમાણે અદ્વૈતમત સિદ્ધ કરે છે.

ખેચરી વિદ્યા

દરેક વસ્તુમાં જે ભાર કે વજન હોયછે તે માત્ર પૃથ્વીના આકર્ષણુ (ગુરૂત્વાકર્ષણુ) નુ પરીણામ છે. આપણે આ આકર્ષણુ દુર કરવાને શકિતવાન છીએ. માણુસના સ્થુલ શરીરની સ્થિતિ ઘણે દરજ્જે આપણી ઇચ્છાઓની ક્રીયા ઉપર આધાર રાખે છે. જો 'ઇચ્છા શકિત' ઉપર પુરતો અંકુશ રાખ્યો હોય તો કહેવાતા ચમત્કાર પણુ કરી શકાય. દરેક પદાર્થમાં રહેલી વીજળીક કે લોહચુંબક શકિત 'પ્રબળ' કે 'નિર્બળ' રૂપે વહે છે હવે વીજળીક નીયમ પ્રમાણે જો એક વસ્તુમાં પ્રબળ વીજળી હોય અને બીજી વસ્તુમાં નિર્બળ વીજળી હોય તો બન્ને વસ્તુ એક બીજા તરફ ધસવા માંડશે; પરંતુ બન્નેમાં પ્રબળ વીજળી હોય કે બન્નેમાં નિર્બળ વીજળી હોય તો બન્ને વસ્તુ એક બીજાથી દુર નાસવા માંડશે. આ નીયમ પ્રમાણે પૃથ્વીમાં એક પ્રકારની વીજળી રહેવાથી અને માણુસમાં બીજા પ્રકારની વીજળી રહેવાથી માણુસ પૃથ્વીને વળગેલો રહે છે. હવે જો એક માણુસ પોતાની 'ઇચ્છા શકિત' વાપરી પોતામાં રહેલી વીજળીને પૃથ્વીમાં જે પ્રકારની વીજળી છે તે પ્રકારમાં બદલી નાખે તો તેમ કર્યાથી પૃથ્વીનું તેના ઉપર થતુ આકર્ષણુ બંધ પડે છે, અને તેને માટે ગુરૂત્વાકર્ષણુ જેવું કાંઇ છેજ નહિ, અને આગળ જેમ ધરતી ઉપર રહેવાનું તેને માટે કુદરતી હતું, તેવુંજ તેને હવે હવામાં ઉડવું કે રહેવું કુદરતી થઇ પડે છે અલબત કયાં સુધી ઉંચે ઉડવું તે તેની ઇચ્છાશકિત અને યોગસિધ્ધી ઉપર આધાર રાખે છે. જો એકવાર શરીરમાં રહેલી વીજળીક શક્તિ ઉપર કાબુ મેળવાયો તો જેમ શ્વાસ લેવો તેને માટે સહેલ છે, તેમજ પોતાને ઘડીમાં 'ભારી' કે 'હલકો' કરવાનુ પણુ સહેલ થઇ પડે. હવે યોગીઓ પોતાની અષ્ટ સિધ્ધીઓ અણિમા, લઘિમા વીગેરે કેમ મેળવે છે તેનું કારણુ સ્પષ્ટ જણાશે. હવે માણુસ આ સિધ્ધી યોગાભ્યાસ વડે મેળવે છે, પણુ પક્ષીઓ પોતામાં રહેલી પ્રેરણા શકિત વડે તેમના શરીરમાં રહેલી વીજળીનો પ્રકાર બદલી પૃથ્વીથી ઉંચે ઉડે છે કે નીચે આવે છે; તેઓ

આ શકિત કુદરતીજ ધરાવે છે, જ્યારે માણસને તે પ્રાપ્ત કરવાને પ્રયત્ન કરવો પડે છે. સમુદ્રન. મચ્છોમાં પણ આ શકિત કુદરતી છે, જેથી તેઓ એક પલમાં પાણીની સપાટીએ આવે છે કે છેક તળીએ જઈ પડે છે. પૂરાણમાં આકાશ માર્ગે ગમન કરતા રુષીઓ વીશે અનેક વાર લખવામાં આવ્યું છે.

રૂષિ–દેવતા

શ્રુતીમાં જે અનેક દેવતા અને રુષિ જણાવ્યા છે, તેમના પણ સાત જુદાજુદા અર્થ થાય છે. પ્રથમ (૧) જ્ઞાન–દેવતાઓ જેઓ જોણે કુદરતના મૂળ કારણો છે; (૨) વિશ્વીક શકિતઓ; (૩) દીવ્ય શરીરો; (૪) ધ્યાન--યોહાનો; (૫) આધિદૈવીક અને અધ્યાત્મિક શકિતઓ; (૬) દેવતાઓના માનુષી અવતારો; અને (૭) પૃથ્વી ઉપરના મહા પરાક્રમી પુરૂષો. હવે સૃષિ કે દેવતા શબ્દ કેવા અર્થમાં વાપરવામાં આવ્યો છે તેની માહીતી સર્વે કાળમાં દીક્ષીતો ધરાવતા, કેમકે પ્રાચીન દીક્ષીત પુરૂષોએજ આ સંજ્ઞા દર્શકતી શોધી કાઢી હતી.

કર્મ માર્ગ-જ્ઞાનમાર્ગ

આપણે આગળ જણાવી ગયા કે તારા વીશે બૃહસ્પતિ અને સોમ વચ્ચે થયલુ યુદ્ધ તે જ્ઞાન–માર્ગ તથા કર્મ–માર્ગ વચ્ચેનો ફરક દેખાડે છે. અત્રે તે વીશે કાંઈક વધુ વીગત આપીશું. સ્વર્ગસુખ આપનાર કર્મક્રીયાને 'ધુમ્ર' એવી ઉપમા આપી છે, અને મોક્ષદાયી જ્ઞાનને 'અગ્નિ' એમ કહે છે. આ વીશે અનુગીતામાં આવેલા મુનીનારદ અને રુષિ દેવમતના સંવાદ રૂપ ઇતિહાસ ઉપર વિચાર કરીશું. નારદ મુની પ્રાણવાયુઓનું વર્ણન આપતાં કહે છે કે "અગ્નિ સર્વે દેવતારૂપ છે. આવી તેજ દેવની આજ્ઞા છે, તે આજ્ઞારૂપ ઉત્તમ બુધ્ધિવાળું જ્ઞાન બ્રહ્મને જાણનારાને થાય છે." અગ્નિ' એટલે પરમાત્મા, અને 'જ્ઞાન' એટલેકે સાધારણ લોક માટે બાહ્ય ક્રીયાના રૂપમાં જ્ઞાનાગ્નિને ગોઠવી મૂકવાની યોજના. આ કામ બ્રાહ્મણોનું છે. અને નારદ કહે છે કે તે અતી તેજવાળા દેવનો ધુમ્ર તમો ગુણ રૂપે દીસે છે. હવે જે (મુખ્ય અગ્નિ)માં હવિ નખાય છે તેથી સઘળું ઉત્પન્ન થાય છે;" એટલેકે જે શકિતવડે એક શિષ્ય કે ઉપાસક જે ધુમ્ર સત્ય (અગ્નિની જવાળા) આકાશ તરફ ઉંચે ચઢે છે તે સમજી શકે છે; જ્યારે જે વસ્તુ દેખીતી રીતે હોમવામાં આવે છે તે માત્ર સાધારણ લોકની નજરમાં ભકિતભાવનો એક પુરાવો જ ગણાય છે. કારણકે નારદ પછી શીખવે છે કે "જેઓ યજ્ઞને તેઓ સમાન અને વ્યાનને મુખ્ય હવિ સમજે છે," અને "પ્રાણ અને અપાનને માત્ર હવિનો ભોગ સમજે છે, અને તેઓના મધ્યમાં અગ્નિ છે. આ ઉદાનનું ઉત્તમ સ્થાન છે એમ બ્રહ્મને જાણનારા જાણે છે. હવે જે દ્વૈત રહિત એમ છે એ મારા કહેવાથી સાંભળો. દિવસ અને રાત્રિ આ જોડું છે તે એના મધ્યમાં હુતાશન છે.... સત અને અસત આ જોડું છે અને તે એના મધ્યમાં હુતાશન છે,—ઇત્યાદિ,' કહીને વળી કહે છે કે "આ ઉદાનનું ઉત્તમસ્થાન બ્રહ્મને જાણનારા જાણે છે."

હવે ઘણા લોકો સમજતા નથી કે સમાન અને માન, પ્રાણ અને અપાનનો, ઉદાનને ભોગ આપવાનો હેતુ શો ? હવે આટલું યાદ રાખવું કે " અગ્નિ " કે " હુતાશન ", નો અર્થ અત્રે આત્મા અને ઉત્કૃષ્ઠ દીવ્ય જ્ઞાન થાય છે. બ્રાહ્મણ જણાવે છે આવી રીતે "મે

આકાશમાં રહેલું અવિમુક્ત નામનું સ્થાન જોયું, જેમાં તે અદ્વૈત બ્રહ્મ છે. તે નાસિકાથી સુંઘાતું નથી, જીભથી ચખાતું નથી, સ્પર્શ નથી, તે અડાતું નથી, (પણ મનથી જણાય છે)…. જેથી સૃષ્ટિ વગેરેનો વ્યાપાર ચાલે છે અને જેમાં રહેલો છે તથા પ્રાણ (હૃદયના વાયુ), અપાન (ગુદાના વાયુ), સમાન (નાભિમાં રહેનારા વાયુ), અને વ્યાન, સર્વ શરીરમાં ફરનારો વાયુ), અને ઉદાન (કંઠમાં રહેનારો વાયુ), આ સર્વ તેથીજ પ્રવૃત્ત થાય છે અને તેમાંજ પ્રવેશ કરે છે…. આ રીતે દેહમાં ફરનારા એક બીજાનાં ભક્ષવાળા તે સર્વ વાયુઓના મધ્ય ભાગમાં સાત પ્રકારે કરી વૈશ્વાનર અગ્નિ પ્રકાશે છે. તે વૈશ્વાનરની જ્વાળાની નાસિકા, જીભ, ચક્ષુ, ચામડી કાન, મન અને બુદ્ધિ આ સાત જીભ છે.

રૂપ વૈશ્વાનરના સુંઘવાનું, જોવાનું, પીવાનું, સ્પર્શ કરવાનું સાંભળવાનું માનવાનું અને જાણવાનું, આ સાત, સામિધ (હોમવાના કાષ્ટ) છે. સુંઘનાર, જમનાર, જોનાર, સ્પર્શ કરનાર, પાંચમો સાંભળનાર, માનનાર, અને જાણનાર આ સાત ઋત્વિક (હોમ કરનારા) છે. "

હવે આ સાત ઋત્વિક એ માત્ર સાત તત્વો અને તેમની જુદીજુદી શક્તિઓ છે. નારદ જે કાંઇ બોલે છે તે મધ્યે તે ધર્મના " પ્રસિદ્ધ " અને " ગુપ્ત " એવા બે પ્રકાર વીશે કહે છે. આ પ્રમાણે (હઠ યોગના) પ્રાણાયામ કરતી વેળાએ સમાન અને વ્યાન વાયુ એ બન્ને પ્રાણ અને અપાનને વશ હોય છે, અને આ ચારે વાયુ ઉદાનને વશ હોય છે, અને તોપણ તેઓને મુખ્ય હવિ માનવામાં આવે છે; કેમકે જીવવા માટે તેમની ક્રીયા વધારે અગત્યની છે, અને તેથી તેમને યજ્ઞમાં (અગ્નિના) તમો ગુણ રૂપી ધુમ્ર (માત્ર બાહ્યક્રીયા) જણાવ્યા છે. પરંતુ પ્રાણ તથા અપાનને જો કે સમાન તથા વ્યાન કરતાં ઉતરતા (કારણ તેઓ ઓછા અશુદ્ધ છે) જણાવ્યા છે, તોપણ તેઓના મધ્યમાં અગ્નિ છે, એટલે કે આત્મા અને આત્મામાં જે ગુપ્ત જ્ઞાન ધરાવે છે તે. તેમજ શુભ અને અશુભ, સત્ અને અસત્, એઓની સમજણ પણ આજ છે. આ સર્વ દ્વંદ્વની મધ્યમાં અગ્નિ ('મૂળજ્ઞાન' આત્મિક દીવ્યજ્ઞાન) છે. જેઓ અગ્નિના ધુમ્ર (ધુમાડા)માં રહવા ખુશી છે, તેઓ ભલે તેમ રહે, એટલેકે જેઓ માત્ર બાહ્ય-કર્મમાં રહેવા ઇચ્છી જ્ઞાન--માર્ગે ચાલતા નથી તેઓ ભલે તેમ કરે.

જીવન અગ્નિ. બ્રહ્મ એ પરમાત્માનું અલંકારી નામ છે. જીવવાન અગ્નિનું ચિન્હ સૂર્ય છે જેના ચોક્કસ કારણોથી રોગીષ્ટ દેહમાં જીવન અગ્નિને પુષ્ટી મળે છે, મંદ મનને ભાવિષ્યનું જ્ઞાન મળતુ થાય છે, અને સાધારણ માણસમાં શીથિલ થઇ પડેલી એક ચોક્કસ દીવ્ય શક્તિને ચંચળ કરે છે. આની સમજણ અતી ગહન છે. સાધારણ અગ્નિ પણ બીજાં તત્વોની પેઠે સપ્તાંગી છે. જેમ માણસ આત્મા, મનસ, અને શરીર, અને બીજા ચાર રૂપોનું બનેલું છે, તેમ અગ્નિ પણ (૧) દેખાતિ જ્યોતિ (શરીર) અણદીઠ આકાશી અગ્નિ (મનસ), અને (૩) આત્મા ધરાવે છે; અને તેના ચાર રૂપો નીચે પ્રમાણે છે: ઉષ્ણતા (જીવ), તેજ (મન), વીજળી (કામિકશક્તિ–રજકણોમાં રહેલી શક્તિ), અને તેનું મૂળ સત્વ જેનાથી તે હસ્તીમાં આવે છે તથા પ્રગટ થાય છે.

ગુપ્તજ્ઞાન પ્રમાણે માણુસ કે જનાવરના વાળ, શરીરમાંથી જીવન ક્રિયા ચલાવનારી વાળ વીજળી બાહેર નીકળે છે, તેને પોતામાં ધારણ કરી રાખે છે. ભેજાની કેટલીક ક્રીયાઓ સાથે (જેમકે સ્મરણ શકિત) તેઓ ઘાડો સંબંધ ધરાવે છે. શરીર, શરીરની આરોગ્યતા; બળ, અને જીવવું પણ વાળની લંબાઇ સંબંધ રાખે છે. આ નીયમ જાણતા હોવાથી રુષી યોગીઓ સદા લાંબી જટા રાખતા અને રાખે છે. બૌધ ધર્મના ભીક્ષુકો વાળ ઉતરાવી નાખે છે તે જાણે જીંદગી પ્રત્યે પોતાનો તિરસ્કાર દેખાડવા માટે. ઘણા વૃધ્ધ પુરૂષોના જેમ જેમ વાળ ખરતા જાય છે તેમ તેમ તેમની સ્મરણ શકિત નબળી પડી જાય છે અને બળ પણ જવા માંડે છે. જે પથ કે જાતોમાં લાંબા વાળ રાખવાની રીત હોય છે તે લોકનું આયુષ્ય પણ લાંબું હોય છે.

હિરણ્ય ગર્ભ. હીરણ્ય ગર્ભ એટલે કે ઝળકતા તેજોમય પરમાણુઓ કે સૂક્ષ્મ ધાતુ(પદાર્થ), જે પરમાણુઓ વડે સૃષ્ટિ બાંધવામાં આવી છે.

માણુસ જાત. માણુસોની શારીરિક તથા નીતિમય બાંધા તરફ જોતાં તેઓ એકજ મૂળમાંથી ઉત્પન થયાં છે એમ જણાય છે. આ લાધે તેઓ ભ્રાતૃભાવથી જોડાયલું એક મહાન મંડળ બની રહે છે. પરંતુ જ્યાંસુધી તેઓ જેમ બહારથી મળતા આવે છે તે સાથે તેઓમાં જો માનસિક ભાઇબંધી ન હોય ત્યાંસુધી તેઓ પ્રાણી વર્ગના એક ઉંચ ઉપવર્ગ જેવા છે. માટે ઘટે છે કે માણુસોએ અન્યોઅન્ય અંતર વૃત્તિ ભાઇના જેવી રાખવી જોઇયે. જો તેઓ ખરેખર મનમાં સમજતા થાય કે તેઓની શુધ્ધ તથા વૃદ્ધિના આધાર તેમના સામટા પ્રયત્નો ઉપર રહેછે, તો તેઓ તુર્ત પરમાર્થિ વૃત્તિથી વર્તતા થાય, અને સકળ માણુસ જાતની શુદ્ધી અને વૃદ્ધિ ત્વરાથી આગળ વધતી જાય, એ નિ:સંશય છે.

કામરૂપ. સર્વે ઇંદ્રિઓ ધરાવતાં પ્રાણીઓ પ્રકૃતિક પદાર્થોને લગતા પોતાના માનસિક વિચારોથી કે શારીરિક કામના અને ઇચ્છાઓથી જે સુક્ષ્મ "વિચાર-આકારો" ઉત્પન્ન કરે છે, તે વિચાર-આકારોવડે 'કામરૂપ' બની રહે છે. મરણ પછી સ્થુલ શરીરના નાશ પામ્યા પછી પણ આ કામરૂપ 'કામલોક'માં પ્રેત કે પીશાચરૂપે ભટકતું રહે, જે વીશે લોકોમાં અનેક મત ફેલાયલાં છે. કોઇ ભૂત વગેરેને માને છે; કોઇ માનતાએ નથી અને માનનારાઓની હાંસી કરે છે; કો માનવું કે ન માનવું તે વિશે સંશયયુક્ત હોય છે. પણ થોડાં વર્ષ ઉપર યુરાપ તથા અમેરીકામાં જે બનાવો બન્યા છે, અને પ્રેત તથા ભૂતોને આવાહન કરવાની જે રીતીઓ શોધી કાઢવામાં આવી છે, તેથી વિદ્વાન પુરૂષો પણ આ વાતની સચ્ચાઇ વીશે કશો સંદેહ રાખતા નથી.

નિદાન. બૌધ-ધર્મમાં જીંદગીના બાર કારણોને 'નિદાન' કહે છે, એટલે કે જીંદગીનીકારણ-કાર્ય રૂપી બાર કડીની સાંકળી. બૌધ-ધર્મનો આ મૂળ સિધ્ધાંત છે, અને તેનો સમજણ મળ્યાથી જીંદગીનો ભેદ ખુલ્લો થાય છે; કેમકે આ સમજણથી જીંદગી નીરસ માલમ પડે છે, કુવાજેવી લાગે છે, અને માણુસ મનને નીર્વાણ માટે યોજવા મંડે છે.

આ બાર કડીઓ નીચે આપી છેઃ (પ્રથમ) જરા મરણનુ શું કારણ છે ? (૨) તેમનું કારણ 'જાતી' છે (એટલેકે જે ચતુર્યોની પ્રમાણે જીવો ૬ જાતીમાની એકમાં કર્મ પ્રમાણે જન્મ લે છે). (૩) જાતીનું કારણ 'ભાવ' છે–એટલે કે જે દરેક જીવને તેના કર્મ પ્રમાણે ત્રૈલોક્યમા આ કે તે પ્રકારની જીંદગીમાં જન્મ અપાવ છે તે. (૪) ભાવ 'ઉપાદાન' (જીવવાની ઇચ્છા) વડે ઉત્પન્ન થાય છે. (૫) ઉપાદાનનું કારણુ 'તૃષ્ણા' શુધ્ધ કે અશુધ્ધ છે. (૬) તૃષ્ણાનુ કારણુ 'વેદના' (ઇંદ્રીઓની ક્રીયા) છે. (૭) વદના સ્પર્શ વડ ઉત્પન્ન થાય છ. (૮) સ્પર્શનુ કારણુ સદાયતન (છ ઇંદ્રીઓ) છે. (૯) આ છ ઇદ્રીઓનુ મૂળ 'નામરૂપ' છે. જે સર્વ પદાર્થો આપણે જોઇયે છીએ તે વસ્તુતઃ દેખાતા નથી, પણુ આપણે તેમના માત્ર નામ અને રૂપજ દેખીયે છીએ (૧૦) નામ રૂપનું કારણુ 'વિજ્ઞાન' છે. વિજ્ઞાન એટલે દરક દેખાતી વસ્તુનુ સપૂર્ણ જ્ઞાન. (૧૧) વિજ્ઞાનનુ મુળ 'સંસ્કાર' માનસિક ક્રિયા છે. (૧૨) અને સંસ્કારનુ કારણુ 'અવિદ્યા'–એટલે કે અજ્ઞાન, ખરાં જ્ઞાનનો અભાવ.

ત્રીરત્ન બૌધોમાં આ શ્લોક અતી સાધારણુ છે. "નમો બુદ્ધ, નમો ધર્મ, નમો સંઘ." આ શ્લોકને ત્રીરત્ન કહે છે. સાધરણુ રીતે "હું ગૌતમ બુધ્ધને, તેના ધર્મને, અને તે ધર્મના ભીક્ષુકોને નમું છુ." એવો અર્થ કરવામા આવે છે. પણુ ખરો અર્થ જુદોજ છે. 'બુધ્ધ' એટલે 'આદિ–બુધ્ધ,' બ્રહ્મ, કે જ્ઞાન, 'ધર્મ' એટલે આ જ્ઞાનના નીયમો, અને 'સંઘ' એટલે આ નીયમો સમજાવનારાઓ. એટલે કે રુષિઓ કે અર્હતો, જેઓજ માત્ર શુધ્ધ ધર્મ અને જ્ઞાન સમજાવી શકે છે. આ રીતે "હું બુધ્ધ ધર્મ, તથા સંઘને નમસ્કાર કરૂં છું" એ કોઇ પણુ માણુસ બોલી શકે, અને નહિં કે માત્ર બૌધોજ.

ત્રીવિધદ્વાર શરીર, મુખ અને મનને ત્રણુ દ્વારા કહે છે, જે વડે કર્મ કરાય છે, વાણી ઉચ્ચારાય છે, અને વિચારો ઉત્પન્ન થાય છે. દેહ, વાણી અને વિચારનીર વચ્છતા, સદ કર્મ, સદ વચન, અને સદ વિચાર–એ ત્રણે બુદ્ધ–પદ પ્રાપ્ત કરવાને અવશ્યાર્થ છે. પારસીઓના દરક પ્રાર્થનામાં "મનસની, ગવસની, અને કુનસની" એ ત્રણુ આ જ અર્થદર્શક શબ્દો વારવાર આવે છે.

ત્રીવિક્રમ રૂગવેદમાં વિષ્ણુને આ વિશેષણુ તેના ત્રીપાદ (ત્રણુ પગલાં) ના સંબંધમાં આપવામાં આવ્યું છે. પ્રથમ પગલુ પૃથ્વી ઉપર (અગ્નિ રૂપે) મૂકયુ; બીજુ પગલું અંતરીક્ષમાં (વાયુ રૂપે) મૂકયુ અને ત્રીજુ આકાશમા (સૂર્ય રૂપે) મૂક્યુ ત્રણુ પગલાં ભરવાનો ખરો અર્થ આ છે. પણુ કેટલાક વળી એમ પણુ અર્થ કરે છે કે 'વિષ્ણુ એટલે સૂર્ય, અને તેના ત્રણુ પગલાં તે તેનુ ઉગવું, મધ્યાન્હે આવવું અને પછી આથમવું.

મનોધાતુ. મનોધાતુ અથવા મનસલોક એ માનસિક શક્તિઓના જુદા જુદા વિભાગો દર્શાવે છે. દરેક માણુસ પોતાની બુધ્ધિ તથા મનશક્તિના બળ પ્રમાણે અમુક મનોધાતુ વા. વિચાર–પંક્તિ ઉપર જવા ઇચ્છતો હોય તો તેને વધુ અભ્યાસ કરવાની તથા પોતાની દીવ્ય શક્તિઓ ખીલવવાથી જરૂર રહે છે. માણુસે કદી પણુ આળસાઇ કરવી નહિ, પણુ સદા ખંતથી મંડી પોતાની બુધ્ધિ તથા મન કેળવવા પાછળ

યત્ન કરતાં રહેવું, અને આમ કર્યાથી તે ઠોઠમાં ઠોઠ હશે. તો પણ જાતી પ્રયત્નથી વૃધી વિદ્વાન કે પંડીત થવા પામશે. કેટલાકો બાળપણમાં કે યુવાન અવસ્થામાં પોતાની વિદ્વતાથી કે પાંડીત્યથી લોકોને ચકીત કરે છે, પણ તેનું કારણ આ છે કે તેઓએ પૂર્વ જન્મમાં અભ્યાસ અને પ્રયત્ન કર્યાં છે, અને તેથી નવો જન્મ લેતાં તેઓ કાંઇ પોતાની ચંચળ બુદ્ધી અને ઉચી મન શક્તિ ખોઇ બેસતા નથી.

યાત્રાસ્થાન. ધર્મી પ્રવાસીઓને પોતાના પવિત્ર અર્થની યાત્રાએ જતાં જોઇને કેટલાક સુધરેલામાં ખપતા માણસો વહેમી ગણીને તેમને હસી કાઢે છે. પણ જાણવું જોઇયે કે આ યાત્રા પ્રવાસથી એક જાતની આત્મિક કેળવણી મળે છે. યાત્રાના મુખ્ય ધામો બળવંત આત્મિક કેંદ્રો છે, જ્યાંથી શુભ અને શુદ્ધ અસરો ચોતરફ ફેલાય છે. વગર આંચકીએ કહી શકીશું કે યાત્રાના દરેક મુખ્ય ધામમાં એક રૂષિ કે મહાન દીક્ષીતનો વાસો છે, જે યોગ્ય યાત્રાલુને ઉત્કૃષ્ઠ માર્ગ દેખાડવાને આતુર રહે છે. હવે હીંદુઓનું મહાન યાત્રા સ્થળ કાશી એ શબ્દનો અર્થ તપાસીશું. કાશી એટલે શું ? સત્યજ્ઞાનાનંદ તિર્થયતી કહે છે કે કાશી એ સત્-ચિત્--આનંદ શીવની મહાન શક્તિછે, શીવ (શાંતી) એ ચિદાકાશ વ્યોમ, છે, જે નાનું ચક્ર કે બિંદુ આકારની ઉપર મુકવામાં આવે છે તે. શીવના લલાટઉપરના અર્ધ ચંદ્રપર જે બીંદુ છે, તેનો બે ભવાંની વચ્ચે આવેલાં આજ્ઞાચક્ર સાથે સંબંધ છે. શંકરાચાર્ય કહે છે કે કાશી એટલે શક્તિ, જેની સાથે જો શીવ યુક્ત થતો નથી તો શીવથી કાંઇ પણ કલ્યાણ કરી શકાતું નથી. હરિ, હર, અને વિરચી એ ત્રણે શક્તિને પૂજે છે. ભેદી ભાષાનો ચાવી એકવાર ફેરવશુ તો જણાશે કે હરિ વા વિષ્ણુ એ વિશ્વની સ્વપ્નાવસ્થા, અંધકાર (સંહાર કરનાર હર) નું પ્રથમ વ્યક્ત રૂપ છે. હર અને શીવમાં ફરક છે; જેમ સુષુપ્તિથી પર તુર્યાવસ્થા છે, તેમ સહાર કરનાર હરથી પર શીવ (વિશ્વની પરાવસ્થા છે. 'શીવ' એટલે પરનિર્વાણ અને 'હર' એટલે નિર્વાણ. સાધારણ માણસો નિર્વાણ અને પરનિર્વાણ વચ્ચે ઝાઝો ફરક જોઇ શકતા નથી. હરિ એ વિશ્વનું પ્રથમ વ્યક્ત રૂપ છે. વિરંચી અથવા બ્રહ્મા એટલે દેખાતી સકળ સૃષ્ટિનો સમૂદાય જાણવો. આ લીધે શક્તિ આ ત્રણેથી પર છે, અને શીવની ભાર્યા છે. કાશીને ત્રીપૂરારિ઼હ્દા શા માટે કહે છે તે આ ઉપરથી સમજાશે. એટલે કે ત્રણ પૂરના હર્તાનું સ્થાન, એટલે કે વિશ્વના આ ત્રણ અવસ્થાથી પર તુર્યાવસ્થા. જીવાત્મા વીશે વિર્ચાર કરતાં આ ત્રણ પૂર તે સ્થુલ સુક્ષ્મ અને કારણ શરીર જાણવાં, જે ત્રણ શરીરથી પર આત્મા છે. (આ લીધે શીવને ત્રીપૂરારી કહે છે.) કાશી એટલે આ રીતે અનંત ચિન્માત્ર છે; વળી એક રૂપે પ્રાજ્ઞ છે કે જ્યાં तत्त्वमसि મહાવાક્ય અનુભવવામાં આવે છે. આ પ્રાજ્ઞ મુકિતની જાણે માતા છે. કાશી એજ પ્રાજ્ઞ, બુદ્ધિ, શકિત વા માયા છે. વળી કાશીને 'કાળી' કહે છે, કેમકે વિશ્વની અવ્યકત મુલપ્રકૃતિ અંધકારમય છે જેનીપર સુવર્ણમય આત્મા (પુરૂષ) છે.

કાશી વળી બુદ્ધિનું એક સ્વરૂપ છે. પ્રકૃતિમાં પ્રથમ બુદ્ધિ ઉત્પન્ન થાય છે. બુદ્ધિની ત્રણ અવસ્થા છે. પ્રથમ શુદ્ધઅવસ્થામાં પ્રકૃતિના સત્વ, રજો અને તમો ગુણ સમતોલ રહે છે. આ

બુદ્ધિ મુકિતની માતા છે. ખરૂં કહેતાં તેજ મુકિત છે. જ્યારે રજસની અસર તળે સત્વ ગુણુ પ્રબળ થાય છે ત્યારે ચાર વસ્તુ ઊત્પન્ન થાય છેઃ— ધર્મ. વૈરાગ્ય, ઐશ્વર્ય અને છેવટે મુકિત કે જ્યારે સત્વ ગુણુના પ્રબળ વડે બુદ્ધિ પોતાની અસલી શુદ્ધિ પુનઃ પ્રાપ્ત કરે છે. જ્યારે તમો ગુણુ પ્રબળ થાય છે ત્યારે આ ચારથી ઊલટી વસ્તુઓ ઉત્પન્ન થાય છે. તમસ પોતાની આવરણ શકિત વડે વિશ્વમાં જે સત છે તેને માયા રૂપે દેખાડે છે, અને પછી રજસ પોતાની વિક્ષેપ શકિત વડે બંધન ઊત્પન્ન કરનારાં કામ ક્રોધાદિ ઊપજાવે છે.

બુદ્ધિની ત્રણુ અવસ્થા પ્રમાણે કાશીના ત્રણુ રૂપો છેઃ નિર્વિશેષ, શુદ્ધ (જ્યારે સત્વ ગુણુ પ્રબળ હોય છે) . તમો ગુણી માણુસ જડ કાશી નગરીને ખરી કાશી સમજે છે. સત્વગુણી માણુસ કુદરતને શુભ વા અશુભ જાણીને ધર્મ કરે છે. નિર્વિશેષ અવસ્થામા એ મહાદેવ શીવ અને મુકિતનું ધામ છે.

હવે કાશીમાં રહેવાથી બીજે ઠેકાણે કરેલાં પાપ સમગ્ર બળી જાય છે, પરંતુ ખુદ કાશીમાં કરેલાં પાપ કદી ક્ષમા થઇ શકતાં નથી, એમ જે લોક કહેણી છે તેની હવે સમજણુ પડશે. કેમકે સત્યજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી ચિદાગ્નિ કુંડમાંની જ્વાળાથી સર્વે પાપ બળી જાય છે; પણુ જે સત્ય જ્ઞાન પ્રાપ્ત કર્યા છતાં વામમાર્ગમાં પડે છે તે દુરાત્મા પાપી—પુરૂષ રૂદ્ર—પીશાચ બની "અવિચ્ચિ" નિર્વાણુમાં અધોગતી પામે છે.

કાશી, ચીદાંબરામ, રામનાથ, જગન્નાથ,- પ્રયાગ, એ સ્થળોના મંદીરોની બાંધણીમાં અને મૂર્તિઓમાં અનેક ગુપ્ત ભેદો સમાયલા છે, અને જો એમ પણુ કહીશું કે સકળ યોગ વિદ્યા તેમાં સમાવી દીધી છે તો તે ખોટું કહેવાશે નહીં. ગ્રંથો અને પુસ્તકો નાશ પામવાના ભયથી આ પ્રમાણે દેવાયલો તથા મૂર્તિઓની આકૃતીઓ વડે આ વિદ્યા જાળવી રાખવાનું જરૂરતું થઇ પડયું હતું.

એક સંસ્કૃત શ્લોક કહે છે કે યાત્રાના સપ્ત સ્થળમાં પ્રવાસ કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. એ સપ્ત સ્થળોનો નામ આ છેઃ ૧. અયોધ્યા, ૨. મથુરા, ૩. માયા (હરિદ્વાર), ૪. કાશી, ૫. કાંચી (કાંજીવરામ), ૬ અવંતિકા (ઉજ્જૈન,) અને દ્વારકા. હવે આ સપ્ત પવિત્ર સ્થળો આપણા શરીરમાં આવેલાં પ્રજ્ઞાના સપ્ત સ્થાન દર્શાવે છે, જેમને આપણે રામાયણુનું રહસ્ય સમજાવતાં સપ્તચક્ર કહ્યાં છેઃ ૧, સહસ્રમ (બ્રહ્મરંધ્ર) જે એનાં સમીપ છે, ૨. આજ્ઞા જે બે ભવાની વચ્ચે છે), ૩. વિશુદ્ધી ચક્ર (જે કંઠ મધ્યે છે અને કંઠ—કુપ કહેવાય છે), ૪. અનાહત ચક્ર (જે હૃદય પાસે છે), ૫. સ્વાધિસ્થાનમ, ૬. મણિપૂરકમ (જે નાભી સમીપ છે), અને ૭ મૂલાધારમ.

હવે કાશીમાં મૃત્યુ પામવાથી મોક્ષ મળે છે એ લોક—વિચારનું કારણુ જણાશે. શરીરમાં હૃદય આગળ જે અનાહત ચક્ર છે તે કાશી. કાશીને વારાણસી પણુ કહે છે કેમકે તેને અસી તથા વરૂણુ નદીઓની વચમાં, આનંદ વનમાં આવેલી જણાવી છે; તેને મહાસ્મશાન કહે છે, તેને ભ્રૂકુટી મધ્ય આવેલી અને ત્રીશુળ ઉપર ધારણુ કરેલી, અને બ્રહ્મનાળની મધ્યમાં આવેલી, તથા મણીના છેડા ઉપર આવેલી કહી છે. હવે આ સર્વ માત્ર અનાહત ચક્રનું સ્થાન

બતાવે છે. અસી તથા વરૂણુ નદીઓ એટલે ઇડા અને પીંગલા નાડી. જ્યારે પ્રાજ્ઞ કે ચૈતન્ય આ ચક્રમાં આવી રહે છે, ત્યારે પરમાનંદ અનુભવવામાં આવે છે. અને આ લીધે કાશીને આનંદવનમાં આવેલી કહી છે. હવે આ આનંદમય અવસ્થાની પૂર્વેની અવસ્થા જાણે સુષુપ્તિ (ગાઢ નિદ્રા) કહેવાઇ શકાય. આ ઉપરથી કાશી, એટલે કે અનાહત ચક્ર; જ્યાં એ અવસ્થાનો અનુભવ મળે છે, તે મહા સ્મશાન છે. જ્યારે આ પ્રાજ્ઞાવસ્થાનો અનુભવ થાય છે, ત્યારે જીવ અંતર દ્રષ્ટિ વડે ગૌરી (દીવ્યજ્યોતિ–જ્ઞાન)ને તેના ખરાં સ્વરૂપમાં સ્પષ્ટ જોતો થાય છે. આ લીધે તેને ગૌરીમૂખમાં આવેલી કહી છે. આ અવસ્થાએ આવી પહોંચતાં (૧) સાધારણ (૨) વિશ્વદૃષ્ટિમય, તથા (૩) સ્વર્ગમય, સ્થિતિનો પણ અંત આવે છે, અને આ ત્રણુ સ્થિતિ તે શીવના ત્રીશુળની જાણે ત્રણુ અણીઓ છે. વળી અનાહત ચક્ર સુષુમ્ના નાડી મધ્યે આવ્યું છે, આ નાડી બરડાની કરોડમાં આવેલી છે, અને તે મધ્યે જીવતી વીજળી (તેજસ્) વહેતી રહે છે. આ લીધે કાશીને 'બ્રહ્માનાળ'માં આવેલી કહે છે. પ્રણુવની ઉપર આવેલાં બીંદુથી આ અવસ્થા દર્શાવવામાં આવે છે, અને તેથી કાશીને મણીકર્ણીકા (પ્રણુવકર્ણીકા) કહે છે.

આ ઉપરથી જણાશે કે કાશી તે યોગીયોનું અનાહત ચક્ર છે. સહસ્રામ ચક્ર શરીરનો જાણે 'પ્રબળ ધ્રુ,' છે, અને મુલાધાર ચક્ર એ જાણે શરિરનો 'નિર્બળ ધ્રુ' છે; એ બન્નેમાં રહેલી શકિતઓના સંયોગથી અનાહત ચક્રમાં અનાહત શબ્દ ઉઠે છે. જ્યારે સુષુપ્તિના નાશ સાથે માયાવી જીંદગીના તોફાનનો અંત આવે છે. ત્યારે આ શબ્દ સાંભળવામાં આવે છે, અને માણુસ આ શબ્દે (જેને 'જીંદગીનું ગાયન' કહે છે) થી સજીવન થઈને 'દ્વીજ' * બને છે. આ ઉપરથી કહેવાય છે કે જ્યારે માણુસ કાશીમાં મરણુ પામે છે ત્યારે રૂદ્ર તેને અતી ગુહ્ય રહસ્ય જણુાવી મોક્ષ પ્રાપ્ત કરાવે છે.

આ પ્રમાણે બીજાં યાત્રા ધામોના સ્થળ–પુરાણોના ભેદ અને માર્મીક અર્થ જોણુતાં શરીરમાં આવેલાં ચક્રોની તથા યોગ વીધાના નીયમોની સમજ પડતી જશે.

ભાવપુષ્પ. યોગીઓ માનસિક ભાવરૂપ પુષ્પો વડે પરમાત્માને પૂજતા કહેવાય છે. ભાવના વડે કલ્પેલા આઠ જાતીના પુષ્પો ગણાય છે જેમકે : અહિંસા પુષ્પ, ૨. ઇંદ્રિય નિગ્રહપુષ્પ, ૩. સર્વ પ્રાણીમાં દયારૂપ પુષ્પ, ૪. ક્ષમા પુષ્પ, ૫. શમ પુષ્પ, ૬. તપ પુષ્પ ૭. ધ્યાન પુષ્પ, અને ૮ સત્ય પુષ્પ.

અર્હંત પદે પંહોચેલા મહાત્માઓ આ અષ્ટ ગુણુ સંપૂર્ણુ ધરાવે છે; તેઓમાં આ ગુણો સદા પ્રકાશે છે.

સંસ્કાર પુર્વ જન્મમાં મેળવેલા ગુણુ તથા વાસના રૂપી જે બીજ આ કે આવતા જન્મમાં ખીલતું થાય છે કે ખીલશે તે બીજને સંસ્કાર કહે છે.

લયમ. ' લય ' શબ્દ અત્રે વારંવાર વાપર્યો છે; ' લયમ્ ' એટલે કે તે બિંદુ કે અવસ્થા કે જ્યારે પ્રકૃતિ પોતાનું મુળ સ્વરૂપ ધારણુ કરી કાંઇ પણુ ક્રીયા કરતી કે વ્યકત થતી બંધ પડે છે.

---

* હાલ જનોઈ ધાલવાથી 'દ્વીજ 'કહેવાય છે, પણુ ખરેખર 'દ્વીજ' તો તે પુરૂષ છે કે જેણે તુર્યાવસ્થાનો અનુભવ મેળવ્યો હોય છે.

અરિષ્ટ વર્ગ. શાસ્ત્રમાં નીચલા ૭ દુર્ગુણોને આપણા અંતર શત્રુઓ ગણ્યા છે: ૧. કામ (કાંઇ પણ સ્વાર્થિ ઇચ્છા), ૨ ક્રોધ, ૩. લોભ, ૪. મોહ (અજ્ઞાન), ૫. મદ, ૬. મત્સર; પણ ગુપ્ત જ્ઞાન પ્રમાણે જે સર્વેથી દુષ્ટ શત્રુ છે તે શાસ્ત્રમાં જણાવ્યો નથી. આ સર્વથી મહા દુર્ગુણ તે દાંભિકપણું છે; જેઓ બાહારથી પવિત્રાઇનું ડોળ ઘાળી અંતરમાં મલીન દુર્ગંધી ભરી રાખે છે તેમના જેવા પાપી અને દુષ્ટ કોઇ નથી. આવા દંભ આચરણ પ્રમાણે વર્તતા પુરૂષો લોકને અને પોતાને પણ ઠગે છે.

શબ્દ બ્રહ્મ. વેદને શબ્દ—બ્રહ્મ એવું વિશેષણ આપવામાં આવ્યું છે. પરંતુ સકળ વ્યોમ (આકાશ) માં જે ચાલુ વીજળીનાં મોજાંઓ ફેલાયલાં રહે છે તે પણ ‘શબ્દ બ્રહ્મ’ કહેવાય છે.

અવિચ્ચિ. ‘અવિચ્ચિ’ એક સ્થાન નહિ પણ એક અવસ્થા છે; મરણ પામ્યા પછીજ નહિ પણ તેની પૂર્વે પણ નર્કાવસ્થા ભોગવવી પડે છે. અવિચ્ચિ એટલે નિત્ય (ચાલુ) નર્કાવસ્થા. શાસ્ત્રમાં જુદાં જુદાં પાતાળોના નામ આપતાં આઠમાં પાતાળને ‘અવિચ્ચિ’ નામ આપ્યું છે, જ્યાં “મહા પાપીઓને ચાલુ મૃત્યુ પામતા અને જન્મ લેતા જણાવ્યા છે, જો કે તેમને માટે પણ મુક્તિની આશા છેવટ સુધી રહે છે.” અર્થ આ છે કે અવિચ્ચિ એટલે વળી આ પૃથ્વી જ્યાં કેટલાક પાપી—પુરૂષોને ચોક્કસ ભયંકર અવસ્થા ભોગવવી પડે છે. ખરેખર જેઓ શીક્ષાને પાત્ર થઇ આ પૃથ્વી ઉપર જનમ્યા છે તેઓ માટે આ પૃથ્વી જાણે નર્કજ છે જે આઠ શીત અને ઉષ્ણ પાતાળ જણાવ્યાં છે તે માત્ર આપણી પૃથ્વીની હારના સાત ગ્રહના અલંકારી નામ છે, અને આઠમાં પાતાળ સાથે ચંદ્રનો સંબંધ ધારવામાં આવે છે. પૃથ્વી શીવાય બીજે ક્યાંયે પણ નર્કાવસ્થા ભોગવાતી નથી. સાધારણ માણુસો મરણ પછી થોડો કે લાંબો કાળ સ્વર્ગ ભોગવ્યા પછી ફરી પૃથ્વીપર જન્મે છે, અને પૂર્વ જન્મમાં જે પાપ પુણ્ય કર્યું હોય તેનું ફળ મેળવે છે. પરંતુ અતી પાપી પુરૂષો મરણ પછી કાંઇપણ સ્વર્ગ ભોગવ્યા વગર તુર્તજ પાછા પૃથ્વી ઉપર જન્મ લઇ પોતાના પાપની શીક્ષા પામે છે. નાના વયના જે બાળકો મરણ પામે છે તેઓ વીષે ગુપ્તજ્ઞાન કહે છે કે તેમનો જીવ તુર્તજ બીજા કોઇ અનુકુળ ગર્ભમાં જઇ ફરી જન્મે છે, નહિ તો કે થોડાં વર્ષ એક જાતની નિદ્રાંવસ્થામાં કાઢી પાછાં પૃથ્વીપર જન્મતાં થાય છે.

સંવર્ત્ત કલ્પ. સંવર્ત કલ્પ એટલે પ્રલય કાળ. માણુસની દરેક મુખ્ય જાત અને દરેક ઉપજાતી પ્રલયને આધીન હોય છે. હાલની પાંચમી મુખ્ય જાતને આવા પ્રકારની ૬૪ આફતમાંથી પસાર થવાનું છે, ૫૬ વાર અગ્નિથી, ૭ વાર જળથી, અને ૧ વાર વાયુ કે તોફાનથી.

દુષ્ટ ચરિત્ર. દશ દુષ્ટ ચરિત્ર મનુએ નીચે પ્રમાણે જણાવ્યાં છે: ત્રણ કાયિક પાપ—હિંસા, ચોરી, અને વ્યભિચાર; ચાર વાચિક પાપ—અનૃત (જુઠું), વિષય સંબંધી વાતો, ચાડીઆપણું તથા કઠોર ભાષણ; અને ત્રણ માનસિક પાપ—અદેખાઇ, વેર, અને નાસ્તિકતા, તેટલા કારણ માટે વાણી, શરીર, તથા મનવડે પુરૂષે

અશુભ ન આચરવું; શુભ તથા અશુભ કર્મ્મ કરનાર પુરૂષ અવશ્ય તે તે પ્રકારનું ફળ ભોગવેછે.

દેવનગરી કે સૂર–ભાષાને 'સંસ્કૃત' કહે છે, કેમકે આ દેવ ભાષા મંસ્કૃત ના મૂળાક્ષરો સંપૂર્ણ ગોઠવણથી રચવામાં આવ્યા છે. વાચ કે શબ્દ પ્રથમ નાભિ આગળ આવેલી કુંડલીનીમાંથી નીકળી નાડી માર્ગે બહાર આવી ઉચ્ચારાય છે. 'અ'થી 'અ:' પર્યંત અક્ષરો ઇડા નાડીમાંથી પસાર થાય છે; 'ક'થી 'મ' સુધીના અક્ષરો પીંગલા અને 'ય'થી 'ક્ષ' સુધીના અક્ષરો સુષુમ્ના નાડીમાંથી પસાર થાય છે. આ ત્રણે નાડીના અધિ દેવતા ચંદ્ર સૂર્ય અને અગ્નિ છે. આ માટે ઇડા નાડીમાંથી આવતા નાદોને "સૌમ્ય" કહે છે; પીંગલા નાડીમાંથી આવતા નાદને "ઉષ્ણ" કહે છે; અને સુષુમ્ના નાડીમાંથી પસાર થતા નાદને "વ્યાપક" કહે છે કેમકે તેમાં ઉપલા બન્ને સૌમ્ય તથા ઉષ્ણ મીશ્ર હોય છે.

વળી આ અક્ષરો ચોક્કસ તત્વો સાથ સંબંધ રાખે છે, જેમકે,

વાયુ=ક-ખ–ગ–ઘ–ઙ–અ–આ–ઋ-ઌ–શ–ય.

અગ્નિ=ચ--છ–જ–ઝ--ઞ--ઐ--ૠ–ક્ષ--ર.

પૃથ્વી=ટ–ઠ–ડ--ઉ--ઊ--વ–લ.

અપસ=ત–થ--દ–ધ–ણ–ૡ--સ.

આકાશ=પ–ફ–બ–ભ--મ--ઓ--ઔ--અં--અ:

આ અક્ષરોને લગતાં તત્વો તથા તેમને લગતી નાડીઓ એ બન્નેનો અન્યોઅન્ય સંબંધ જોઇને મંત્રો રચવામાં આવે છે. સાધારણ રીતે આઠ પ્રકારના મંત્ર જણાવ્યા છે. ૧. વશીકરણ (વશ કરી લેવું) ૨. આકર્ષણ. ૩. મોહન (મોહ પમાડવું), ૪. સ્થંભન, ૫ વિદ્વેષન (દ્વેષ ઉત્પન્ન કરવો), ૬. મારણ, ૭. ઉચ્છાટન (નાશ કરવું). ૮. આપ્યાયન (શાંત પાડવું).

મંત્રની અસર શુભ વા અશુભ હોય છે; વામ–માર્ગિઓ સદા દુષ્ટ મંત્રોનો ઉપયોગ કરે છે. મંત્રના શબ્દોનો ચોક્કસ સ્વર પ્રમાણે ઉચ્ચાર કર્યાથી આકાશ કે વ્યોમમાં એક જાતની ધ્રુજાણી ફેલાય છે, આ ધ્રુજાણી જે ચોક્કસ તત્વ કે તેને લગતા દેવતાઓ ઉપર અસર કરવી હોય છે તે ઉપર જઇ પડે છે, અને આથી ઇચ્છીત પેરીણામ નીપજે છે. આ દેવતાઓના પૃથ્વી દેવતાઓ, જળ દેવતાઓ, વાયુ દેવતાઓ, અગ્નિ દેવતાઓ એવા વર્ગો હોય છે. અગ્નિ દેવતાઓ સર્વેથી જ્ઞાની અને અતી દુર રહે છે. વાયુ દેવતાઓ પણ જ્ઞાની હોય છે; અને જળ દેવતાઓ અતી ભયંકર હોય છે, અને તેમના સમાગમમાં આવ્યાથી ભયભીત પરીણામ નીપજે છે. પૃથ્વી દેવતાઓ કોઇ કોઇવાર ઉંડી ખાણ ખોદનારાઓના જેવામાં આવે છે. જીન પરી વગેરેની જે વાર્તાઓ દરેક દેશમાં ચાલે છે તે આ જુદા જુદા દેવતાઓ ઉપરથી ઉભી થઇ હશે.

વિશ્વ દ્રષ્ટી એટલે ગમે તેવા સ્થુલ પદાર્થની આરપાર જોવાની શક્તિ. યોગીના વિશ્વ–દ્રષ્ટી ઇચ્છાબળ અને અંતર દ્રષ્ટી આગળ સ્થુલ પદાર્થ જાણે પારદર્શક થઇ રહે છે.

આ વિશ્વ-દ્રષ્ટી આગળ ભૂત, વર્તમાન કે ભવિષ્યના સર્વે બનાવો નજરે પડે છે, ગમે તેવી દુરની વસ્તુ પણ તુર્ત દેખાતી થાય છે.*

હીનાયન-અને મહાયાન જન્મના બાર કારણોને નિદાન કહે છે. દરેક નિદાન પોતાના પૂર્વના કારણનું કાર્ય કે પરીણામ છે, અને પોતાની પછીના કારણને ઉપજાવે છે; આ સર્વ નિદાનના પાયો બોધ ધર્મના હીનાયાન પક્ષના ચાર મહાન સત્યો ઉપર રચવામાં આવ્યો છે. જે કડોબંધ નિયમનો પ્રવાહ પાપ પુણ્ય ઉત્પન્ન કરે છે, અને જે છેવટે કર્મની ક્રીયાને પૂર જોશમાં ગતી આપે છે તે વીશેના સિદ્ધાંત સાથ આ નિદાનો સંબંધ રાખે છે. આ સિદ્ધાંતના મૂળમાં આ વિચાર રહ્યો છે કે પૂનર્જન્મથી સદા ભય પામતા રહેવું, કેમકે સંસારી જીંદગી મનુષ્યને માત્ર દુઃખ, કષ્ટ અને દરીદ્રતાનો અનુભવ કરાવે છે; મૃત્યુ પોતે પણ મનુષ્યનો આ સબંધમાંથી છુટકારો કરી શકાતું નથી, કેમકે મૃત્યુ એ માત્ર એક દ્વાર છે કે જેમાંથી માણસ પસાર થઇ પૃથ્વીના ઉંબર ઉપર (સ્વર્ગ ઉપર) સહજ વિરામ લઇ પુનઃ પૃથ્વી ઉપર બીજો અવતાર ધારણ કરે છે. હીનાયન પક્ષ અતિ પ્રાચીન કાળમાં ઊભો થયા હતા; પરંતુ મહાયન પક્ષ ગૌતમ બુદ્ધના મરણ પછી ઉભો કરવામાં આવ્યો હતો. તોપણ મહાયાન પક્ષ જે સિદ્ધાંતો શીખવે છે તે સિદ્ધાંતો રૂષિઓનું જ્યાં સ્થાન એવા હીનાલય પર્વત જેટલા પ્રાચીન છે; અને ખરૂં જોતાં બન્ને પક્ષ એકજ મત ધરાવે છે. હીનાયન=હીન+યાન, મહાયાન=મહા+યાન; લઘુવાહન અને મહાવાહન, બન્ને શીખવે છે કે માણસ જ્ઞાન અને બોધ પ્રાપ્ત કરી પુનર્જન્મના શ્રમથી અને સ્વર્ગના મિથ્યા સુખ વટાકથી પણ નાસી શકે છે, કેમકે માત્ર જ્ઞાન અને બોધજ માયા તથા અવિદ્યાના ફળોનો નાશ કરી શકે છે.

અલય--અને--પરમાર્થ 'અલય' અને 'પરમાર્થમાં' એ ચતુર સત્યમાનાં બે મહાન સત્યો છે, અને આ સત્યોના જુદા જુદા અર્થ કરતાં અનેક પક્ષો ઉભા થયા છે. 'અલય' એ 'આત્મા' છે, જે પોતાનો સ્વભાવ કાળાંતરે બદલ્યાં કરે છે. અલય ચઢ ઉતર ભૂવનાનાં વહેંચાઇ ગયુ છે અને તેના સર્વોચ્ચ શ્રેષ્ઠ ભૂવનો અવિનાશી અને અવિકારી છે, અને તેમને મનુષ્યો અને ધ્યાની-બુધ્ધો પણ પોહોચી શકતા નથી, તોપણ તેના નીચલા ભૂવનો મન્વંતર કાળમાં વિકાર પામે છે. તે કાળમાં ધ્યાની-બુધ્ધો અલયમાં લીન પામી શકે છે, એટલુંજ નહિ પણ એક યોગી પણ, અહંત આર્યસંગના કહેવા પ્રમાણે, તેમાં લીન થઇ શકે છે. આ કાંઇ નિર્વાણ નથી, પણ તેથી ઉતરતીજ અવસ્થા છે. આ લીધે પક્ષોમાં મતફેર પડયા છે. મહાયાનવાળો યોગાચાર્ય પક્ષ કહે છે કે 'અલય એ શૂન્ય અવકાશ છે અને તોપણ તે દરેક દ્રશ્ય કે અદ્રશ્ય વસ્તુનું મૂળ છે, અને

---

*સ્થુલ પદાર્થના આસપાસ જોઇ શકાય એમ હવે યુરોપના વિદ્વાનને પણ કબુલ કરવું પડે છે. એક નવી શોધ થઇ છે જેને આધારે એવું સાબીત થયું છે કે એક વસ્તુના અંદર મૂકેલી બીજી વસ્તુની છબી "ફોટોગ્રાફ" પાડી શકાય, ત્યારે મનુષ્યના દ્રષ્ટી પણ સ્થુળ પદાર્થના આરપાર જોઇ શકે એમાં કંઇ આશ્ચર્ય લાગશે નહિ.

જો કે તેનો અર્ક અવિનાશી અને અવિકારી છે, તો પણ 'શાંત સ્વચ્છ જળમાં ચંદ્રના પ્રતિબિંબની પેઠે વિશ્વની દરેક વસ્તુમાં પોતાનું પ્રતિબિંબ નાખે છે,' બીજા પક્ષો આ મત સ્વિકારતા નથી. તેમજ 'પરમાર્થ' વીશે પણ મતફેર છે. યોગાચાર્યો કહે છે કે પરમાર્થ પરતંત્ર છે, અને માધ્યમિકો કહે છે કે પરમાર્થ પરાનિર્વાણ સાથેજ સબંધ રાખે છે; એટલે કે આ બે સત્યના અર્થ જણાવતાં પહેલો પક્ષ માને છે અને કહે છે કે (આપણા સ્થુળ વિશ્વમાં તો) માત્ર સમવૃત્તિ—સત્ય હસ્તી ધરાવે છે, જ્યારે બીજો પક્ષ પરમાર્થ--સત્યની હસ્તી શીખવે છે. પરમાર્થ એટલે સંસ્કૃતમાં સ્વ—ચૈતન્ય, 'સ્વસમવેદના પરમ=સર્વેથી પર અને અર્થ=સમજણ અને સત્ય=ખરૂં કેવળ અસ્તિત્વ. આ પરમાર્થ--સત્યથી ઉલટું સમવૃત્તિ—સત્ય છે; સમવૃત્તિ એટલે 'મિથ્યા વિચાર,' અને તે માયાનું મૂળ છે. "હે ભીક્ષુકો, કોઇ પણ અર્હંત પરનિર્વાણમાં લીન પામ્યા વગર શુદ્ધ જ્ઞાન સંપાદન કરી શકતો નથી." 'પરિકલ્પિત અને 'પરતંત્ર' તેના બે મહાન શત્રુ છે. "પરિકલ્પિત" એટલે ભૂલ, જે ભૂલ જેઓ સર્વે વસ્તુનો મિથ્યા અને માયાવિ સ્વભાવ પારખી કાઢવાને અશક્ય છે તેઓ કરે છે; જે હસ્તી ભોગવતુ નથી તેને, જેમ કે અનાત્માને, તેઓ અસ્તિત્વ ધરાવતું માને છે. "પરતંત્ર તે છે કે જે કાંઇ કારણથી ઉત્પન્ન થાય છે, અને જ્યારે તેને જન્મ આપનાર કારણ નિસ્તેજ થાય છે ત્યારે તુર્તજ તે પણ નાશ પામે છે, જેમ કે એક કાકડાની જ્યોતિ. આ કાકડાનો નાશ કરતાં જ્યોતિ પણ નાશ પામે છે.

ગુપ્ત જ્ઞાન શીખવે છે કે દરેક વસ્તુ જીવ અને ચૈતન્ય ધરાવે છે, પણ સર્વે જીવ અને ચૈતન્ય કોઇ મનુષ્ય કે પ્રાણીના જીવ કે ચૈતન્ય જેવાં હોતાં નથી. જીવ એ પ્રકૃતિ મારફતે પ્રગટ થતું "જીવાત્માનું એક રૂપ" છે, અથવા જે, માણસમાં આત્મા, મનસ અને શરીર રૂપે દીસે છે. જીંદગીની આ પંક્તિ ઉપર પ્રકૃતિ મનસના પ્રગટવા માટે એક ઉપાધી કે વાહન છે, અને તેથી શ્રેષ્ઠ પંક્તિ ઉપર આત્માના પ્રગટવા માટે મનસ વાહન થઇ પડે છે, અને જીવ આ ત્રણેનું એકીકરણ કરે છે, કેમકે જીવ એ ત્રણેમાં (આત્મા, મનસ, અને પ્રકૃતિમાં) પ્રસરી રહ્યો છે. જેમ જેમ લોકો એક "મનુષ્ય રૂપી ઇશ્વર" વીશેના બેહુદા વિચારો મુકતા જાય છે તેમ તેમ તેઓ સર્વ વ્યાપક જીવનો વિચાર ધરાવતા થાય છે. એક સદી પૂર્વે જો "ખનિજ જીવ" વીશે કહ્યું હતે તો તે વિચાર હસી કાઢવામાં આવતે. યુરોપના વિદ્વાનો હવે વૃક્ષો અને રોપાઓની નાડીઓની શોધમાં છે, કેમકે જેમ જેમ પ્રાણીઓના શરીર નાડીઓ વડે વૃદ્ધિ પામે છે અને પોષાય છે તેમજ રોપાઓમાં પણ હોવુંજ જોઇયે. હાલ તો આ વિદ્વાનો 'બળ' કે 'શક્તિ' શબ્દો વાપરે છે, પણ થોડોક કાળ વીતી જતાં તેમને માનવાની ફરજ પડશે કે દરેક વસ્તુ, શું અણું કે ગ્રહ, સર્વે જીવ ધરાવે છે.

હવે ગુપ્ત જ્ઞાનમાં આ વીશે શું મત ધરાવવામાં આવે છે? ગુપ્ત જ્ઞાન પ્રમાણે અલયનો બેવડ કે ત્રેવડ અર્થ થાય છે. યોગાચાર્યો પ્રમાણે અલય એ આકાશ, અને વળી અલય એ આકાશ, અને વળી અલય એટલે અતી શુદ્ધ થઇ આગળ વધેલા અર્હંત કવિનો આત્મા,

"જે યોગમાં દૃઢ છે, તે ઇચ્છે ત્યારે પોતાના અલયને ધ્યાન વડે જીવના ખરા સ્વભાવમાં પેસાડે છે." આર્ય-સંગ, જે નાગાર્જુનનો હરીફ છે, તે કહે છે કે, "અલય કેવળ અનંત અસ્તિત્વ ધરાવે છે. એક અર્થમાં તે 'પ્રધાન' છે, જે વીશે વિષ્ણુ પુરાણમાં કહે છે કે 'વિષ્ણુનું જે અવ્યક્ત-રૂપ છે. તેને ઋષિસત્તમો કારણ, પ્રધાન, સૂક્ષ્મ પ્રકૃતિ એ રીતે કહે છે. વળી તે નિત્ય અને સદસદાત્મક (કાર્ય કારણ શક્તિ યુક્ત) છે." અત્રે 'પ્રકૃતિ' શબ્દ ખોટો છે, 'અલય' શબ્દ વધારે સારી સમજણ આપશે; કેમકે પ્રકૃતિ "અચિંત્ય બ્રહ્મ" નથી. બ્રહ્મ કાંઇ સૃષ્ટિ ઉત્પન્ન કરતું નથી, પણ માત્ર પોતાના વિવિધ રૂપો દર્શાવે છે, જે રૂપોમાનું એક રૂપ પ્રકૃતિ છે, જે વળી પ્રધાનનું એક રૂપ છે.

જે જીવાત્મા દરેક અણુમાં મંદ રહે છે, અને માણસમાં ચંચળ દીસે છે તે પોતાની મંદ વા ચંચળ સ્થિતિ પ્રમાણે ઓછું વધતું બળ ધરાવે છે.

અનુપદક — 'અનુપદક' શબ્દનો અર્થ 'અયોનિજ' એવો થાય છે. આ શબ્દ ધ્યાન ચોહાનો કે ધ્યાની-બુધ્ધો વીશે વાપરવામાં આવે છે. પણ તેઓ માનુષી બુધ્ધો અને બોધી-સત્વો સાથ મુકાબલો રાખતા હોવાથી, આ માનુષી-બુધ્ધો જ્યારે પોતાનું મનસ આત્મા-બુદ્ધિમાં મેળવી દે છે અને વજ્ર-સત્વ કે મહાત્મા બની રહે છે ત્યારે તેમને પણ અનુપદક કહે છે. ગુપ્તજ્ઞાનનો શ્લોક છે કે "પરમ ગુરૂ નાથ જે કૈવલ્યમાં લીન પામે છે તેને માતાપીતા હોતાં નથી, કેમકે તે તે સ્વયં-છે, અને "સ્વભાવતના શ્રેષ્ટ રૂપ સમાન છે." આ અનુપદક વર્ગનો ભેદ અતી મહાન છે, કેમકે આ વર્ગની શીખરે 'સર્વેશ' (સર્વેનો ઇશ) છે અને તેની નીચલી પગથીએ માનુષી-બુદ્ધ છે. વળી દરેક મનસ ધરાવનાર પુરૂષ આગળ ચાલતાં અનુપદક બનશે. ગુપ્તજ્ઞાન પ્રમાણે ધ્યાની-બુધ્ધો સાત છે જેમાંના પાંચ હાલ સુધીમાં પૃથ્વી ઉપર દેખાવ આપી ગયા છે, અને છઠ્ઠો અને સાતમો મુખ્ય માણસ જાતીમાં બીજા બે હજી આવવાના છે. પૃથ્વી ઉપર જે દરેક માનુષી-બુધ્ધ પ્રગટ થાય છે તે દરેકની સાથ એક ધ્યાની-બુધ્ધ સંબંધ રાખે છે. આ પ્રમાણે ગૌતમ બુદ્ધના-ધ્યાની બુદ્ધનું નામ "અમિતાભ" છે, જે જ્યારે પણ આ મહાન આત્મા (મહાત્મા) પૃથ્વી ઉપર અવતાર લીએ છે ત્યારે તેની મારફતે પ્રગટ થાય છે. સૌથી છેલ્લો ઇ૦ સ૦ ૧૩૫૫માં તીબેટ (ઉત્તર કુરૂ)ના અમદો ગામમાં તે સોંગ-કા-પા નામ હેઠળ અવતર્યો હતો અને લામા-વર્ગમાં સુધારો કરી 'જીલુકપા' (પીળી ટોપીવાળા) પંથની સ્થાપના કરી કેમકે તે સમયમાં તે દેશ તરફ 'દુગપા' (લાલ ટોપી પેહેરતા વામ માર્ગી) પંથનું બળ અતી વધી ગયું હતું.

આ સાતે ધ્યાની-બુદ્ધોનું એકીકરણ 'અવલોકિતેશ્વર' છે, જે 'પ્રથમ-બુદ્ધ' કહેવાય છે. આ બુધ્ધો જાણે દયાના સાગર છે અને ચાલુ કલ્પમાં પૃથ્વી ઉપર અમલ કરે છે; તેઓ સર્વે અનુપદક છે એટલે કે આત્મિક જ્યોતિમાંથી પોતાની મેળે જન્મ લે છે. જ્યારે પણ ઉપાસક આ ધ્યાની-બુદ્ધ કનેથી સૌથી શ્રેષ્ઠ દીક્ષા મેળવે છે ત્યારે ઉપાસક એક બોધી-સત્વ બની રહે છે.

પુરાણમાં જેમને દેવ યા દેવતા કહ્યા છે તેમને ગુપ્તજ્ઞાન ધ્યાન-ચોહાન યા ચિત્તકળા વીગેરે નામ આપે છે. માણસ જાતની સંભાળ લેનાર અને શ્રેષ્ટ લોક ઉપર રહીને મનુષ્યની કામકાજ ઊપર દેખરેખ રાખનાર દેવતાઓને 'ચિત્ત કળા' કહે છે. તેઓમાંના કેટલાકે પોતાના અર્કમાંથી માણસને તેનું ચોથું અને પાંચમું તત્વ (કામ અને મનસ) અર્પણ કર્યું છે. બીજા કેટલાક પિતર દેવતા કહેવાય છે. 'ચિત્ત કળા' શબ્દનો ધાતુ "ચિત્ત' છે, 'ચિત્ત' એટલે 'તે કે જેથી આત્માના ઉપયોગ માટે અનેક પ્રકારના જ્ઞાનના અને કર્મોના પરીણામો તથા કાર્યો વીણી કઢાય છે,' એટલે કે તે કે જેમાંહેથી અંતઃકરણ માણસને ગુપ્ત સૂચના કરતું રહે છે. યોગીઓના મત પ્રમાણે ચિત્ત એટલે મહત; પણ ગુપ્ત જ્ઞાનમાં મહત એ ચિત્તનું મૂળ ગણાય છે, અને ચિત્ત એ 'બુદ્ધ-મનસ' નો એક ગુણ છે, કે જે ગુણ જ્યારે માણસમાં પૂરતો ખીલી રહે છે ત્યારે અધ્યાત્મિક સંબંધ વડે એક ચિત્તકળા (ધ્યાન-ચોહાન) ને પોતા પ્રત્યે ખેંચે છે. આ લીધે કહેવાય છે કે જે ચિત્ત એક નાદ છે કે જે ગુપ્ત જીંદગી ધરાવે છે અને ચિત્ત કળા બની રહે છે.

ગુપ્ત સૂર્ય

"સૂર્ય એ સૂર્ય મંડળનું હૃદય છે, અને તેનું ભેજું (દ્રશ્યમાન) સૂર્યની પછવાડે છુપાયલું છે. તે મધ્યેથી મંડળના દરેક પ્રાણ-બિંદુમાં લાગણીના વેદના દોડા આવે છે, અને પ્રાણ (જીવન-તત્વ)ના મોજા યા પ્રવાહ દરેક નસ અને રગોમાં વહે છે. ગ્રહો એ મંડળના અવયવો અને નાડીઓ છે." ગુપ્ત જ્ઞાન કહે છે કે સૂર્ય કાંઇ એક બળતો ગોળો નથી, પણ માત્ર એક ઝળકતો તેજ આપતો ગોળો છે કે જેની પછવાડે "ખરો" સૂર્ય છુપાયલો છે અને દેખાતો સૂર્ય આ ખરા સૂર્યનું માત્ર ઢાંકણું છે. સૂર્યના બિંબમાં જે પાંદડા સમાન લીટીઓ દેખાય છે તે જાણે સૂર્ય પ્રાણની ડાળીઓ છે; આ પ્રાણ એ જીવતી વીજળી છે કે જે સકળ સૂર્ય મંડળને જીવાડે છે. ગુપ્ત સૂર્ય આપણી નાની સૃષ્ટિનો ભંડાર છે, અને સતેજ જીવ મકતી એવી વીજળીને ઉત્પન્ન કરે છે, અને જેટલી વીજળી બહાર કાઢે છે તેટલી પાછી માંહે લીએ છે, અને દેખાતો સૂર્ય એ જાણે ખરા ગુપ્ત સૂર્ય રૂપી પ્રાસાદના કોતરી કાઢેલો એક બારી છે કે જેમાંથી અંદરની દીવાની આબેહુબ ચીતાર જણાઇ આવે છે.

આ પ્રમાણે સૂર્યમંડળનું હૃદય સૂર્ય છે તેમાં આ પ્રાણ (જીવન-તત્વ)" મન્વંતર કાળ પર્યંત જેમ માણસના શરીરમાં લોહી ફરી વળે તેમ નિયમીત ફર્યા કરે છે; જેમ લોહી હૃદયમાં પાછું ફરતાં હૃદય સંકોચ પામે છે તેમ સૂર્ય પણ પોતાનામાં પ્રાણ પાછો સંકોચ પામે છે. હવે માણસમાં એક પળમાં લોહી ફરી વળે છે પણ સૂર્યમાં દશ વર્ષે તેમાંથી નીકળેલો પ્રાણ પાછો ફરે છે અને તે વડે પોતાના "ફેફસા" સાફ કરી 'રગો' અને 'નસો માંથી' પસાર કરી સૂર્ય મંડળના નાડીઓમાં તે પ્રાણ-પ્રવાહને ફરી દોડાવવા પૂર્વે બીજું એક વર્ષ લાગે છે.

આ વાત જાણીતી છે કે અગીયાર અગીયાર વર્ષે સૂર્ય ઉપર ધાબાંઓની સંખ્યા ઓછી વધી થયા કરે છે; હવે આ સૂર્ય-હૃદય સંકોચ પામવાનું પરીણામ છે. જેમ પૃથ્વી ઉપર

દરેક જંતુ, વૃક્ષ અને વળી ખનિજ પદાર્થ પણ શ્વાસ લીએ છે તેમજ આપણી પૃથ્વી પણ ચોવીસ કલાકે એક શ્વાસ લેઇ રહે છે. હવે સૂર્ય ઉપર જે ધાબાં દેખાય છે તેનું કારણ આ છે. જો માણસના જીવતા અને ધડકતાં હૃદયના આકારને અતિ પ્રકાશીત રોશની વડે એક પડદા ઉપર દેખાડવામાં આવે તો લોહીના વહેવાથી અને હૃદયના સંકોચ પામવાથી, જેવાં સૂર્ય ઉપર ધાબાં દીસે છે તેવાંજ ધાબાં હૃદય ઉપર આવતાં જેના આકાર મધ્યે દર પળે જણાશે.

ગુપ્ત જ્ઞાન પ્રથમથીજ શીખવતું આવ્યું છે કે "જેમ ઉપર તેમ નીચે," પિંડે તેમ બ્રહ્માંડે. અને ખરું જોતાં સૃષ્ટીમાં નથી કાંઇ પુરૂષ કે નથી કાંઇ પ્રકૃતિ, પણ સર્વે માત્ર એક અદ્વિતિય અને સદા ગુપ્ત સતના અગણિત રૂપ વા આકાર છે. જેમ વિષ્ણુ પુરાણમાં કહે છે કે "વ્યક્ત (મહદાદિ) અવ્યક્ત (પ્રધાન) રૂપે તેમજ પુરૂષ રૂપે તથા કાળ રૂપે કરીને આ તમામ પ્રપંચ તે બ્રહ્મ રૂપજ છે. હે દ્વિજ, પરબ્રહ્મનું પ્રથમ રૂપ પુરૂષ, બીજું અવ્યક્ત (પ્રધાન, પ્રકૃતિ), ત્રીજું વ્યક્ત (મહદાદિ), અને તેનું ચોથું રૂપ કાળ છે. પ્રધાન, પુરૂષ, વ્યક્ત અને કાળ એ ચાર રૂપ કહ્યાં તે મધ્યે જે પરમ સિદ્ધ સ્વરૂપને વિદ્વાનો (જ્ઞાન દ્દષ્ટી વડે) જુએ છે તેજ વિષ્ણુનું પરમપદ જાણવું." "અતિ સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ, સદા વિકાર રહિત, અચ્યુત પુરૂષોત્તમ" જે સર્વ છે, હતું કે થશે, જે કાંઇ માણસના મનમાં કલ્પી શકાય, તેને સંસ્કૃતમાં તત્ "તે" કહે છે. "જ્યારે દિવસ રાત્રિ નહોતાં, જ્યોતિ કે અંધકાર, ભૂમિ કે આકાશ નહોતાં, ત્યારે શ્રવણાદીજન્ય બુદ્ધીવડે પ્રાપ્ત થવા યોગ્ય પ્રધાન રૂપ એક બ્રહ્મ પુરૂષ હતો. હે વિપ્ર, નીરૂપાધિક વિષ્ણુના શુદ્ધ સ્વરૂપથી વિલક્ષણ ઉપર કહેલાં માયાકૃત પ્રધાન અને પુરૂષ એ બે રૂપને પ્રલય સમયે વિયોગ કરીને રાખે છે તે રૂપની 'કાળ' સંજ્ઞા છે." પુરૂષ અને પ્રકૃતિ એ તત્‌ના દ્વિતિય માયાવિરૂપો છે.

અણુએ તથા દેવતાઓ કેમ જન્મે છે તે વીશે ગુપ્ત જ્ઞાનના ભાષ્યમાં કહે છે કે "અશ્વત્થ વૃક્ષ (અમરત્વ અને અસ્તિત્વનું વૃક્ષ)નું થડ પ્રારંભ કાળે (દરેક નવા મન્વંતરે) જીવ રૂપી હંસની બે કાળી પાંખોમાંથી ઉગે છે અને નીચે પેસે છે. બે સર્પો, એક સદા જીવતો અને બીજો તેનો છાયો (પુરૂષ અને પ્રકૃતિ) જેમના બે માથાં પાંખો વચ્ચે આવેલાં ત્રીજા માથામાંથી ઉગે છે, તે સર્પો દાંડાની આસપાસ એકેક સાથ દૃઢ કોટી કરી વિંટલાઇ નીચે ઉતરે છે. તેમની બે પૂંછડી પૃથ્વી ઉપર (પ્રગટ વિશ્વ ઉપર) એકત્ર થઇ જાય છે, અને આ, હે લાનું, મહામાયા છે."

અણુઓને ઉત્પન્ન કરવામાં આવતાં નથી, કારણકે તેઓ "અતિ સુક્ષ્મથી અતિ સૂક્ષ્મ" (બ્રહ્મ)ની સાનિધ્યમાં—જગદ્ યોનિમાં—સદા નિત્ય રહે છે. પ્રધાન જે દ્રશ્ય તથા અદ્રશ્ય પ્રકૃતિનું પ્રથમ સ્વરૂપ છે તે અને પુરૂષ સદા એકજ છે; પ્રલય કાળે તેઓ નિરૂપાધિક અને અનેં અવ્યય છે; પણ માયાવિક કાળે (મન્વંતર કાળમાં) વ્યય અને પરીણામી છે, એટલે કે જે વૃદ્ધિ પામી અંતે વિનાશ પામી અદ્રશ્ય થઇ જાય છે. યુરોપીયન વિદ્વાનો જેને 'શક્તિ' કહે છે તે

પૂરાણુનો 'સર્વંગ' (પુરૂષ) છે. જે કાળ સાથ યુકત રહી વિશ્વને મન્વંતર કાળ પર્યંત ચલાવે છે. આ 'કાળ--પુરૂષ--પ્રકૃતિ'ની ત્રીમૂર્ત્તિ માયાવિ ભૂવનો ઉપર જુદી જુદી વસ્તુ રૂપે ભાસે છે.

વિશ્વીક વીજળીના કારણો અને કાર્યો (પરીણામો) ને ઝયાન--ગ્રંથના શ્લોકમાં "ફોહાત" અને તેના સાત ભાઇ વા પુત્રો કહ્યા છે. આ પરીણામોને ગુપ્ત જ્ઞાનમાં વીજળીની સાત મૂળ શક્તિઓ ગણુવામાં આવે છે, જે શક્તિઓની સૌથી હલકી અસરો સાધારણ નજરે નાદ, રંગ, પ્રકાશ વીગેરે રૂપોમાં દેખાય છે. પાશ્ચાત્ય વિદ્યા કહે છે કે "કાનના પડદા ઉપર વાતાવરણના પરમાણુઓ અથડાઇને જે લાગણી ઉભી કરે છે તે 'નાદ' છે; આંખના પડદા ઉપર આકાશના અતી સુક્ષ્મ મોજાં અથડાય છે તેથી પ્રકાશની લાગણી ઉત્પન્ન થાય છે. પણ ગુપ્ત જ્ઞાન કહે છે કે નાદ એક એક અતી ભારે ગુપ્ત શક્તિ ધરાવે છે; અને તે શક્તિ એટલી બળવંત છે કે જો ગુપ્ત વીદ્યાના નીયમો પ્રમાણે તે શક્તી ઉપર અંકોશ મેળવી તેને દોડાવી હોય તો અતી ભયંકાર પરીણામો ઉપજાવી શકાય છે. એવા પ્રકારના નાદ ઉચ્ચારી શકાય કે પર્વતના પર્વત હવામાં અધર ઉંચકાય (જુઓ કૃષ્ણ વીશે ગોવર્ધન પર્વત ઉંચકવાની કથા), વા મરણાંતે આવી પડેલો પુરૂષ નવું બળ અને શક્તી મેળવી પુનઃ સજીવન થાય. કેમકે નાદથી એવાં તત્વો ખેંચાઇ આવે છે કે જે "ઓઝોન" "* નામનો એક જાતનો ચંચળ વાયુ ઉત્પન્ન કરે છે. જો એક માણસ કે પ્રાણીમાંથી તેનું સૂક્ષ્મ શરીર નીકળી ગયું ન હોય હોય તો તે માણસ કે પ્રાણીમાં તે વાયુ પેસી નવી જીવન શક્તી મૂકે છે. માડેમ બ્લાવાટસ્કી કહે છે કે તેણીને નાદની આ ચમત્કારીક શક્તિ વીશે કાંઇક અંગત અનુભવ છે કેમકે તેણીને પોતાને આજ નાદશક્તિ વડે ત્રણવાર મૃત્યુના મુખમાંથી બચાવી લેવામાં આવી હતી.

હાલ અમેરીકામાં **કીલી** નામના વિદ્વાને એવી એક શક્તિની શોધ કરી છે કે જેને એક અતી સાદા યંત્ર મારફતે વહેતી કરીને એક પળમાં એક આખા બળદને બાળીને ભષ્મ કરી શકાય છે. આ વિદ્વાનને પોતાની શોધમાં વધુ ફતેહ મેળવવામાં મહાત્માઓએ ગુપ્ત રીતે અટકાવ કર્યો છે, કેમકે આ શક્તિ ઉપર પૂર્ણ કાબુ મેળવાયો તો શત્રુના સકળ સૈન્યનો પણ થોડીક પળમાં ભૂકો કરી નંખાય એમ છે. હવે આ અટકાવ કરવાનું કારણ શું? ઉત્તર આ છે કે 'મશ-માક' નામની ભયાનક જાદુઇ શક્તિનો રાક્ષસો ઉપયોગ કરતા હતા તે શક્તિને આ ગ્રહસ્થે અંજાણમાં શોધી કાઢી છે. આ શક્તિને આર્ય ઋષિઓ પોતાના બ્રહ્મ-વીદ્યાના ગ્રંથોમાં જુદું નામ આપે છે, જે હાલ ગુપ્ત રાખવું ઠીક પડશે. ભવિષ્યમાં મનુષ્યો તે શક્તિનો રૂડો ઉપયોગ કરી શકશે. આ શક્તિને જો એક અગ્નિ-રથમાંથી શત્રુના સૈન્ય પ્રત્યે મૂકી હોય તો એક લક્ષ મનુષ્ય અને હાથીનો એક ઘડીમાં અંત લાવી મેલે આ શક્તિનું અલંકારી વર્ણન પુરાણોમાં આપ્યું છે, જેમકે કપિલ કથામાં; કપિલ મૂનીએ સગર રાજાના સાઠ હજાર પુત્રોને એકજ દ્રષ્ટી વડેજ રાખોડી સમાન કરી મૂકયા; આ 'કપિલાક્ષ' તે આજ શક્તિ છે.

* 'ઓઝોન' એ પ્રાણ વા શ્વાસ વાયુનો પ્રકાર છે.

હવે જો આવી જાદુઇ શક્તીના સંબંધમાં અમેરીકન વીદ્વાન ફીલીને વધુ શોધ કરવા દેવામાં આવેતો ભયંકર પરીણામો નીપજે. લોકો સાધારણ દારૂ ગોળા વડે કેટલી ખરાબી કરે છે અને તેનો કેવો પાપી ઉપયોગ કરે છે તે તો જાણીતી વાત છે. હાલ તો પૃથ્વી ઉપર જ્યાં જોઇશું ત્યાં લોકો બે છાવણીમાં વહેંચાઇ ગયા છે. એક વર્ગ અતી દરીદ્ર અને કંગાળ અવસ્થામાં જેમ તેમ જીંદગી ભોગવી લીએ છે, અને બીજો અતી શ્રીમંત અવસ્થામાં મોજ શોકમાં કાળ ગમન કરે છે અને પહેલા વર્ગની ખરી મેહેનત અને પરસેવાનું ફળ પોતે ખાઇ જાય છે, અને તેમને માટે નીરસ કુચા રહેવા દે છે; આ કંગાળ વર્ગને પોતાની મહેનતનો બદલો ભુખમરો, કષ્ટ, અને ટુંક પગારમાં મળી રહે છે. જ્યારે સઘળાં માણસોની વાજબી માંગણીઓ ઉપર ધ્યાન અપાતું થશે, જ્યારે મહેનતુ મજુર વર્ગ રોટલી માટે જે દયાજનક પોકાર મારે છે, અને જે ઉપર પૃથ્વી ઉપર કોઇ લક્ષ આપતું નથી તે બંધ પડશે, ત્યારેજ આ 'મશ માક શક્તિનો' ઉપયોગ કરવા દેવામાં આવશે, અને તેમ થવાને કાંઇ લાખો વર્ષ લાગશે. ફીલી વિદ્વાનને આ શકતીનો થોડોક પણ ઉપયોગ કરતાં યંત્ર કે તારની જરૂર પડે છે, પણ તે કાળમાં આવાં સાધનની પણ અગત્ય રહેશે નહિ અને તે વગર આ શક્તિનો ઉપયોગ કરી શકાશે. તે કાળ જલદી આવી લાગે તેટલા માટે સત વિચારનો પ્રસાર કરવો અવશ્ય છે.

જીવાત્મા — શુદ્ધ મનસ, બુદ્ધિ, અને આત્મા એ ત્રણે મળીને જીવાત્મા બને છે. આ ત્રીમૂર્તી સદા સાથે યુકત રહે છે, કેમકે માયાવિ જીંદગીનો જ્યારે છેડો આવે છે ત્યારે શુદ્ધ મનસ અને બુદ્ધી બંને આત્મામાં સમાઇ જાય છે. સૃષ્ટિ સર્ગના આરંભ પછી આ જીવાત્માના પ્રવાસ વીશે અને તેની નાશવંત ઊપાધીઓ (પૂનર્જન્મો લેતાં ધારણ કરવામાં આવતાં જુદાં જુદાં શરીરો) વીશે જાણી શકાય. પરંતુ પ્રલય કાળમાં જીવાત્મા પોતાનું નામ જેમ સમાધિ વા તુર્યાવસ્થામાં બ્રહ્મમાં લીન પામી ખોઇ બેસે છે, તેમ નિર્વાણ અવસ્થામાં પણ ખોઇ બેસે છે અને પરમાત્મામાં સમાઇ જાય છે; પછી તે જીવાત્મા કહેવાતો નથી. જ્યારે ઉપાસક સત્-ચિત્-આનંદ બ્રહ્મનો અનુભવ છે, ત્યારે જેમ એક નાટકકરિ પોતાનો વેષ કાઢી નાંખે છે તેમ જીવાત્મા પોતાનું ધારણ કરેલું માયાવિ શરીર છોડી દે છે; કારણ કે બુધ્ધી (આનંદ મય કોષ) એ પરમાનંદનો પ્રતીબીંબ આપતું દર્પણ છે, અને પ્રતીબીંબ અજ્ઞાન રહીત નથી અને કાંઇ પરમાત્મા પણ નથી, કેમકે તે પોતે બધ્ધ છે, પ્રકૃતીનું એક વીકારી રૂપ અને પરીણામ છે; આત્માજ માત્ર સર્વેનું નીત્ય મૂળ, સત અને જ્ઞાન, ક્ષેત્રજ્ઞ છે, ગુપ્ત જ્ઞાનમાં તેને (આત્માને) 'સાક્ષી' કહે છે, અને જ્યારે તે સ્વર્ગમાં વીશ્રાંતી ભોગવે છે ત્યારે તેને 'કર્મનો ત્રીસાક્ષી' કહે છે, કેમકે આત્માસાથ બુદ્ધી અને મનસ સ્વર્ગમાં યુક્ત રહે છે. આત્મા (આપણું સાતમું તત્વ) જ્યારે પરમાત્માનો અંશ છે ત્યારે જીવાત્મા કોને કહેવો? જે મૂળરૂપી 'સપ્ત' માંથી અગણીત કીરણો ફેલાય છે તેમાંથી નીકળતી તે એક ચીંગારી છે. અચિંત્ય, અનાદ્યંત આદી-બુદ્ધ (બ્રહ્મ) પોતાના અંધકાર માંહેથી એક પ્રકાશીત કીરણ બહાર કાઢે છે.

આજ "(પ્રથમ) ઇશ્વર" છે, વા વજ્ર-ધર મહાન બુદ્ધ છે. સર્વે ભેદોનો તે પતિ હોવાથી તે પોતે પ્રગટ થઇ શકતો નથી, પરંતુ પ્રગટ સૃષ્ટિ માંહે પોતાનું હૃદય—"વજ્ર સત્વ',

મોકલે છે. આ તેનું હૃદય—વજ્ર સત્વ—વિશ્વનો "બીજો ઇશ્વર" છે, જે મધ્યેથી સાત ધ્યાની—બુધ્ધો જેમને અનૂપદક (અપોનિજ) કહે છે તેઓ નીકળે છે. આ ધ્યાની-બુધ્ધો અરૂપ સૃષ્ટિમાંથી આવતા પ્રથમ જીવાત્માઓ છે. આ અરૂપ સૃષ્ટિમાંના બુધ્ધોને બૌધ ધર્મ પુસ્તકોમાં નામરૂપ રહિત જણાવ્યા છે, પરંતુ ગુપ્તજ્ઞાનમાં તેમનાં સાત જુદાં જુદાં નામ છે. આ ધ્યાની-બુધ્ધો પોતાના ધ્યાનબળવડે પોતામાંથી દીવ્ય બોધી-સત્વો ઉત્પન્ન કરે છે. પૃથ્વી ઉપર મનુષ્યની વસ્તીનો આરંભ થતાં તેઓ મૃત્યુવશ મનુષ્યો તરીકે અવતરે છે, અને પોતાના પૂણ્ય અને જ્ઞાનનાં બળ વડે માણસોમાં બોધી-સત્વ બને છે, અને પછી માનુષી-બુધ્ધો તરીકે પુનઃ પુનઃ દેખાવ આપે છે. આ અનૂપદક (વા ધ્યાની-બુધ્ધો) અને બ્રહ્માના માનસ-પુત્રો એ બન્ને એકજ છે, અને વળી તેઓને રૂષિ પ્રજાપતિ પણ કહે છે. અનુગીતામાં કહે છે "આ જગતમાં જે જંગમ અને સ્થાવર જીવો છે તેઓજ પ્રથમ પ્રલય પામે છે. પછી ભૂતોએ કરેલા ગુણો અને ગુણોથી પંચમહાભૂત, લય પામે છે. આ (આવો) પ્રાણીઓનો અધિક ઉદય છે. દેવો, મનુષ્યો, ગંધર્વો, પિશાચો અસૂરો અને રાક્ષસો આ સર્વ સ્વભાવ (પ્રકૃતિ)થી સ્રજેલા છે પણ નથી ક્રીયાઓથી કે નથી કારણથી સ્રજેલાં. અહીં વિશ્વને સ્રજનારાઓ (રુષિ પ્રજાપતિઓ) વારંવાર પૃથ્વી ઉપર જન્મે છે અને પંચમહાભૂતોથી થયેલા તેજ પંચમહાભૂતો (પાંચ, બલકે, સાત-બુધ્ધો જેઓ માણસ જાતના "ભૂતો" કહેવાય છે)માં કાળને અનુસરી જેમ તરંગો સમૂદ્રમાં લય પામે છે તેમ પ્રલય પામે છે. વિશ્વને સ્રજનારા સ્થૂળ જીવોથી સર્વ મહાભૂત (સૂક્ષ્મ ભૂતો વા તન્માત્રા) ઉત્તમ છે. અને જે આ પંચ તન્માત્રાથી પણ મુક્ત ઉત્તમ ગતિ પામે છે. (તન્માત્રા એ સ્થુળ ભૂતોનું મૂળ સ્વરૂપ છે). સમર્થ એવા પ્રજાપતિએ આ સઘળું મનથીજ સ્રજ્યું"; એટલે કે જેમ ધ્યાની-બુધ્ધોએ ધ્યાન વડે સ્રજ્યું તેમ. આ મૂળરૂપી ચૈતન્યવાન "ભૂતો" જે જીવો મનુષ્યો થવાના છે તેમને ઉત્પન્ન કરે છે, અને પછી સ્વર્ગ અને પૃથ્વી ઉપર પોતે બોધી-સત્વ કે બ્રાહ્મણ બની, અને (ખરૂં કહ્યું છે કે) "વિશ્વને-સ્રજનારા અહીં ફરી ફરી જન્મે છે." બૌધોમાં સાધારણ કહેણી છે કે દરેક બુદ્ધ જ્યારે પણ પૃથ્વી ઉપર સદ્ ધર્મનો પ્રસાર કરે છે ત્યારે તે ત્રણે સૃષ્ટિમાં સામટો દેખાવ આપે છે; અરૂપ-ધાતુમાં ધ્યાની-બુદ્ધ તરીકે, રૂપ-ધાતુમાં બોધી-સત્વ તરીકે, અને કામ-ધાતુમાં (પૃથ્વીલોકમાં) માનુષી-બુધ્ધ તરીકે પણ ગુપ્ત જ્ઞાન કહે છે કે શુધ્ધ આદિ-બુદ્ધિક જીવાત્મા બુધ્ધિ તરીકે (મહાબુધ્ધિ વા મહત તરીકે) પ્રગટ થાય છે. આ (મહાબુદ્ધિ) " અનંત અગ્નિમાંથી ફેલાતી જ્યોતિ પેઠે" વિશ્વમાં જીવ વા પ્રાણ રૂપે ફેલાઇ જાય છે. તે મધ્યેથી સાત અગ્નિમય જીભ્હા પેઠે સાત જ્યોતિ-પુત્રો નીકળે છે; પછી ધ્યાની-બુધ્ધો નીકળે છે જેઓ પોતાનાં પીતા—સાત જ્યોતિ પૂત્રો—ના સ્થુળ રૂપો છે અને જેઓને વેદિક મહાવાક્ય "તત્વમસિ" "તે (બ્રહ્મ)તું છે" લાગું પડે છે. આ ધ્યાની-બુધ્ધોમાંથી તેમની છાયાઓ (બોધી-સત્વો) અને માનુષી-બુધ્ધો અને છેવટ મનુષ્યો નીકળે છે. "સાત જ્યોતિ-પુત્રો"ને વળી "તારાઓ" પણ કહે છે. ગુપ્ત જ્ઞાન કહે છે કે જે તારા હેઠળ એક માણસ જન્મે છે તે તારો આખા મન્વતર પર્યંત તેના સર્વે અવતા-

રોમાં તેના તારા તરીકે ચાલુ રહેશે. પણ આ કાંઇ જ્યોતિષનો તારો ન સમજવો. જ્યોતિષ પ્રમાણે જે તારા હેઠળ મનુષ્ય જન્મે છે તે તારાંને શરીર સાથે કામ છે, પરંતુ અત્રે જણાવેલા તારાનો તેના જીવ સાથે સંબંધ છે. આ તારાનો અધિ-દેવ વા ધ્યાની-બુદ્ધ પોતાના ગર્ભમાંથી નીકળેલા જીવનો તેના (જીવના) દરેક પુનર્જન્મમાં અધ્યક્ષ બને છે, જો કે, મનુષ્યો તો આ વાતથી અજ્ઞાન રહે છે. દરેક મહાત્મા પોત પોતાના ધ્યાની-બુદ્ધ ધરાવે છે, અને તેઓ તેને "પીતા-જીવ" અને "પીતા-અગ્નિ" કહે છે. સર્વેથી છેલ્લી અને શ્રેષ્ઠ દીક્ષા લેતી વેળાજ તેઓ જ્યારે આ દીવ્ય "મૂર્તિ"ની સમક્ષ ઉભા રહી પ્રત્યક્ષ દર્શન કરે ત્યારેજ આ વાતની જાણ થાય છે.

વેદાંતિઓ કહે છે કે ઇશ્વર એ કુદરતમાં સર્વેથી શ્રેષ્ટ ચૈતન્ય છે. ગુપ્તજ્ઞાન કહે છે કે "ઇશ્વર એ સર્વે ધ્યાન-ચોહાનોનું સામટું ચૈતન્ય છે." શંકરાચાર્ય કહે છે કે "હે વિદ્વન, અનાત્મા એ આત્મા છે એ વિચાર છોડી દે." સર્વે જીવોનું મૂળ આ ઇશ્વરમાં છે. ધ્યાન-ચોહાનોના આવા સાત મૂખ્ય સમૂહો છે જે વીશે સર્વે ધર્મોમાં જણાવ્યું છે, કેમકે તેઓ મૂળ સપ્ત કીરણો છે. ગુપ્ત-જ્ઞાન કહે છે કે માણુસ જાત તેમની માનસિક, અધ્યાત્મિક અને શારીરિક સ્થિતિ પ્રમાણે સાત જુદા જુદા સમૂહોમાં વહેંચાયલી છે. વિવેક ચૂડામણીમાં શ્રી શંકર કહે છે કે "ઇશ્વર પ્રલય કાળે અવિકારી રહે છે," તોપણ "તેથી પણ પર આત્મા છે જેના સ્થાન આસપાસ અનંત માયાનો અંધકાર છે." જે "ત્રી-મૂર્ત્તિઓ" (આત્મા-બુદ્ધિ-મનસના યોગથી બનેલા જીવાત્માઓ) તેજ ગ્રહ હેઠળ જન્મે છે, એટલે કે જેઓ એકજ ધ્યાની-બુદ્ધમાંથી નીકળે છે, તેઓ પૃથ્વી ઉપર દરેક જન્મ વા અવતારમાં સાથેના સાથે રહે છે. (ખ્રીસ્તીઓની ત્રીમૂર્ત્તી"—'પીતા પૂત્ર—પવિત્ર ભૂત—એના અર્થ પણ આજ છે; પરમ-આત્મા એ બુદ્ધ અને મહત રૂપે પ્રગટ છે.) આ ઉપરથી એક બ્રહ્મ-જ્ઞાની કહે છે કે "દરેક બુદ્ધ પોતાની છેલ્લી દીક્ષા લેતી વેળા પૂર્વ યુગોમાં જે મહાત્માઓએ બુદ્ધપદ પ્રાપ્ત કર્યું છે તે સર્વેને મળે છે. અર્હતોનો દરેક વર્ગ પોતપોતામાં એક અમુક અધ્યાત્મિક વ્યવહારની ગ્રંથીથી બંધાયલા છે." આવા વર્ગ કે મંડળમાં દાખલ થવાના શક્ય અને ઉત્તમ માર્ગ આજ છે કે માણુસે પોતાના 'ઇશ્વર'માંથી (પોતાને લગતા ધ્યાન-ચોહાનિક સમુહમાંથી) જે દીવ્ય પ્રકાશ નીકળે છે તેની અસર તળે આવવું. જે જીવો એકજ અધ્યાત્મિક કારણમાંથી પોતાની જીવન શક્તિ અને પુષ્ટી મેળવે છે તેજ જીવો આવી ગ્રંથીથી બંધાય છે, અને જ્યારે "મધ્ય અધ્યાત્મિક સૂર્ય"માંથી સાત જુદા જુદાં કીરણો નીકળે છે ત્યારે અર્હતો અને ધ્યાન-ચોહાનો પણ સાત જુદા જુદા વર્ગોમાં વહેંચાઇ જાય છે.

આ રીતે આ "સાત જ્યોતિ-પૂત્રો, જેઓ સની, બ્રુહસ્પતિ, બુધ અને શુક્ર અને બીજા ચાર ગ્રહ (જેમના નામ હાલ ગુપ્ત રાખ્યાં છે) ઉપર રહે છે, તેઓ માણુસ જાતના "પીતા" છે. આ દેખાતા ગ્રહો મનુષ્યોને તેમના બાહ્ય અને અંતરના ગુણો આપે છે, પણ તે ઉપર વસતા તે (ગ્રહોના) અધિ-દેવો માણુસ જાતમાં માનસિક અધ્યાત્મિક શક્તિઓ મૂકે છે.

મત્સ્ય પુરાણમાં નારદ મુનીને બ્રહ્માનો પુત્ર કહ્યો છે, અને વિષ્ણુ પુરાણ નારદ તેને કશ્યપ અને દક્ષની પુત્રીની સંતતિ કહે છે. જો કે તે દેવર્ષિ છે તો પણ દક્ષ તથા બ્રહ્મા પણ નારદને શ્રાપ આપે છે. નારદ કંસને કહે છે કે દેવકીના આઠમાં સંતાનમાં ભગવાન અંશથી અવતરશે; અને તેમ કહીને કંસને કોપાવે છે, અને પછી વાદળાં ઉપર બેસી કેશીદૈત્યને મારનાર કૃષ્ણની સ્તુતી ગાય છે. નારદ અંહી, તંહી, સર્વત્ર છે; તે યોનિદ્વારા પ્રજા ઉત્પન્ન કરવાની રીતીનો મહાન શત્રુ છે. ગુપ્તજ્ઞાનમાં તેને "પેશ-હુન" (દેવ-દૂત) કહે છે, અને તે કર્મ, આદિ-બુદ્ધ (બ્રહ્મા)ની આજ્ઞા અમલમાં મેલનાર છે, અને તે કલ્પના આરંભથી તે અંત પર્યંત માણસોના કાર્યો ચલાવવા અને દોરવવા સદા જન્મ લયાં કરે છે. મન્વંતર કાળમાં પૃથ્વી ઉપર સૌથી મહાન અને વિરળ પુરૂષોનો તે અધ્યક્ષ છે અને તેમને ગુપ્ત સૂચના કરતો રહે છે. પુરાણમાં તેને ઘણા અપમાન ભરેલાં વિશેષણો કહ્યાં છે, જેમ કે કલહ-કાર (કંકાસ કરનાર), કપિ-વકત્ર (વાનર-મૂખી), પીશુન (જાસુસ,) વીગેરે. નારદ જે મનુષ્યોને પોતાનુ હથીયાર કરવા માગે છે તેઓને કાંઇ ને કાંઇ સૂચવીને તેમનુ હૈયુ નિર્દય કરે છે, પણ આ માત્ર લોક કલ્યાણ અર્થે અને સામાન્ય વૃદ્ધિ અને શુદ્ધિ આગળ વધારવા માટેજ. પુરાણોમાં જોઇયે છીએ કે નારદ પાતાળમાં પણ પેસી શકે છે, અને કલ્પોની ગણત્રીમાં તે શેષ (નાગ) કરતાં પણ વધારે પ્રવિણ છે. આપણા સુધારાનો અને પ્રજાના સુખદુઃખનો આધાર નારદ ઉપર રહે છે. તેજ લડાઇઓ ઉભી કરે છે અને પાછી બંધ પાડે છે. નારદે "ભવિષ્ય દર્પણિકા" નામનો ગ્રંથ રચેલો કહેવાય છે જે મધ્યે શેષનાગ (અનંતકાળ)ના હૃદયમાં આવેલા સર્વે કલ્પો અને યુગોનો ઇતિહાસ આપ્યો છે. આ ગ્રંથ ઉપરથી અસૂરમયે પોતાના ગ્રંથો રચ્યા છે. અસુર-મય વીશે કથા છે કે તે પશ્ચિમમા રોમક પુરમાં રહેતો હતો; કેમકે આ નામૂ 'રોમકપૂર' ત્રીજી મુખ્ય માણુસ જાતનો જે ભાગ સ્વેદમાંથી જન્મતો હતો તેમના ખંડ વિશે ઇશારો કરે છે. અસૂર-મય પોતે ચોથી જાતનો હતો અને સ્વેદજ જાતી જે ખંડ ઉપર વસતી હતી તે ખંડ અસુર-મયની પહેલાં ઘણા યુગોપૂર્વે ડુબી ગયોહતો; પણ અસૂર-મય પોતે જે જ્ઞાની વર્ગ કદી મરણ પામતો નથી તે વર્ગ ઉપરથી પાધરો ઉતરી આવ્યો હતો. સુર્ય (દેવ)ના આ શિષ્ય વીશે અનેક કથાઓ છે. સંસ્કૃતમાં રોમ-કુપ એટલે ચામડી ઉપરના વાળના નાકાં કે છીદ્ર જે દ્વારા સ્વેદ બહાર નીકળે છે તે. મહાભારતમાં કહે છે કે જ્યારે વિરભદ્રે દક્ષ-યજ્ઞનો નાશ કર્યો ત્યારે તેના રોમ-કુપમાંથી રૌમ્ય નામના વિચીત્ર પુરૂષો ઉત્પન્ન થયા. આ હકીકત બીજી અને પ્રથમની ત્રીજી સ્વેદજ જાત વીશે ઇશારો કરે છે.

ત્રીજો ખંડ અને તે ઉપર વસતી ત્રીજી જાત નાશ પામી તે પુર્વેજ "જ્ઞાનરૂપી ત્રીમૂર્તીના બીજોએ" (આત્મા-બુદ્ધિ--મનસ ધરાવનાર મહાત્માઓએ) પૃથ્વી ઉપર અમર રહેવાનો ભેદ હાથ કર્યો હતો; આ ભેદની પ્રાપ્તીથી એક મહાત્મા એક શરીર નબળુ પડી ગયું કે, તુર્ત બીજું શરીર ધારણ કરવાની શકિત મેળવે છે. કળીયુગમાં માનવી સ્થુળ દેહ બહુમાં બહુ ત્રણસે કે ચારસેં વર્ષ નીભી શકે છે, પણ તે માત્ર રુષિઓ કે અર્હતોનાજ સ્થુળ દેહો. આ મહા

પુરૂષોના સ્થુળ–દેહો વધારે સૂક્ષ્મ અને શુધ્ધ અણુઓના બનેલાં છે અને તે સાથે તેઓ કેટલીક ઔષધીઓ પણ જાણે છે કે જેથી જીંદગીની દોરી લંબાવી શકાય છે. પણ તેઓ ને પણ કાળ ધર્મને અનુસરીને ચાલવું પડે છે. અલબત્ત દ્વાપર કે ત્રેતા કે સત્ય યુગોમાં સાધારણ મનુષ્યોની અને અર્હતોની જીંદગી અતી લાંબી રહેતી, પણ, કળીયુગમાં પ્રકૃતિમાં ચાલુ થયેલી ક્રીયાઓ અને અસૂરોથી રુષિઓના સ્થુળ દેહ ત્રણ કે ચાર સદી ઉપરાંત વધુ નીભી શકતાં નથી. માટે જેવું એક શરીર નકામું થઇ પડે છે કે તુર્તજ આ પરમાર્થી સિદ્ધ પુરૂષો બીજું શરીર ધારણ કરે છે.

આ પુસ્તકના બીજા ખંડમાં જણાવ્યું છે કે મેરૂ ઉપરથી એક મહાન સિધ્ધ પુરૂષ મનુષ્યો ઉપર દ્રષ્ટી નાખતો રહ્યો છે. તેને વીશે ગુપ્ત જ્ઞાનમાં કહે છે કે "તે પોતાનું શરીર વારંવાર બદલે છે; તે સદા તેનો તેજ રહે છે, નથી કાંઇ વિરામ કે નથી કાંઇ નિર્વાણ જાણતો. સ્વર્ગ સુખને તુચ્છકારી કાઢતો, અને મનુષ્યોના ઉધ્ધાર અર્થે પૃથ્વી ઉપર સદા વસતો" સદા રહે છે. 'સાત કુમારોમાંથી ચાર કુમારોએ લોકના પાપને લીધે અને અજ્ઞાનોને શીક્ષણ આપવા અર્થે ચાલુ મન્વંતરના અંત પર્યંત પૃથ્વી ઉપરજ રહેવાનો મહા–ભોગ આપ્યો. જો કે તેઓ અણદીઠ છે તોપણ તેઓ સદા હાજર છે. જ્યારે તેમનામાના એક વીશે લોકો કહે છે કે 'તે મરણ પામ્યો,' ત્યારે જો કે તે જીવતો છે, અને બીજું નવું શરીર ધારણ કરે છે' "અમર જ્ઞાનરૂપી શરીરના તેઓ માથું, હૃદય, જીવ, અને બીજ છે. હે લાનુ, આ મહા વીશે લોક સમીપ તેમનું નામ ઉચ્ચારી કદી કાંઇ બોલીશ નહિ. જ્ઞાની પુરૂષોજ આ સમજી શકશે."

આ પ્રથ્વિ ઉપર ચાર કુમારો વીશે લીંગ પૂરાણમાં લખે છે કે વામદેવ (શીવ) દરેક કલ્પમાં (અત્રે કલ્પમાં એટલે દરેક મુખ્ય જાતમાં) કુમાર રૂપે પુનઃ પુનઃ અવતરે છે—ચાર સ્વેત; ચાર રક્ત; ચાર પિત; અને ચાર કૃષ્ણ વા ધુંઉ વર્ણિ. હવે આપણે સ્મરણમાં રાખવુ કે શીવ મુખ્ય કરીને એક તપસ્વી છે અને સર્વે યોગીઓ તથા અર્હતોનો અધ્યક્ષ છે; આ ઉપરથી કથાનો અર્થ સમજાશે. આ અમર કુમારોમાં (મહાત્માઓમાં) શીવ કાંઇ અવતરતા નથી, પણ શીવ એટલે અધ્યાત્મિક જ્ઞાન અને શુધ્ધ બ્રહ્મચર્ય પાળવાનો ગુણ જે તેમનામાં ઉતરે છે. જ્યારે રૂદ્રનો વિવાહ થાય છે, ત્યારેજ તે પોતાના ભયાનક તપસ્વીપણાથી મૂકાઇને શીવ નામથી ઓળખાય છે, અને માત્ર એક અતી સદગુણી અને દયાવાન એવો દેવતા થઇ પડે છે. આ "ચાર" (કુમારો)થી શ્રેષ્ઠ પૃથ્વી તથા આકાશ ઉપર માત્ર "એક"જ છે, જે ગુહ્ય અને એકાંત વસતા પુરૂષને "મહાન ભોગ આપનાર" કહે છે.

પુરાણમાં રુષિઓ પ્રજાપતિઓ, મનુઓ, તેમની સ્ત્રીઓ અને તેમની સંતતિઓ વીશે જે કાંઇ વર્ણન આપ્યું છે, તે સર્વે યોનિદ્વારા મનુષ્યો જન્મવા લાગ્યાં તે પૂર્વેના માણસોને લાગુ પડે છે. તેઓ જાણે મનુષ્ય જાતના "બીજ" છે. આ "બ્રહ્મ–પૂત્રો" તથા "માનસ–પૂત્રો" ની આસપાસ આપણા સ્થુળ શરીરો વૃદ્ધિ પામી હાલની સ્થિતિએ આવી પુગ્યાં છે, પુરાણમાં તેઓના જે ઇતિહાસ આપ્યો છે તે પૃથ્વી ઉપર તથા બીજા ગોળાઓ ઉપર આપણા

પોતાના જીવાત્માના અનેક અને અગણિત અવતારોનું વર્ણન 'આપે છે, જે સર્વેને પ્રાચીન રુષિઓએ પોતાના શીવ–ચક્ષુ (યોગ–દ્રષ્ટી) વડે જોઇને અલંકારી કથામાં ગોઠવી દીધું.

સ્વસ્તિક.

'આ 'સ્વસ્તિક ચિન્હ પાતાળમાં વસતા શેષ–અનંતના માથામાં છે. સૌથી વધારે ભેદો દર્શાવતું ચિન્હ સ્વસ્તિક છે. તે સકળ સૃષ્ટિ–સર્ગ 'કે પ્રગટી કરણની ક્રીયા ટુંકમાં જણાવે છે. સ્વસ્તિકના કાટખુણાએ વળેલા જે ચાર હાથો છે 卐 તે વિશ્વમાં રહેલી ગુપ્ત શકિતઓના ચાલુ ગતિ અને ક્રીયા દેખાડે છે. દેખાતી સૃષ્ટિમાં અને આપણી પૃથ્વી ઉપર દરેક ગ્રહ કે ગોળાની ધરી અને મધ્ય રેષાનું કાળ–યુગોમાં ફરવું દર્શાવે છે; સ્વસ્તિકની ઉભી અને આડી લીટી પુરૂષ અને પ્રકૃતિ જણાવે છે, અને તેની ચાર પાંખડીઓ ચક્ર મારતા યુગોની ગતી બતાવે છે. આ ચિન્હ માણુસ ઉપર લાગુ પાડતાં તે દેખાડે છે કે માણુસ સ્વર્ગ અને પ્રથ્વી વચ્ચેનો સાંધો છે; ઉંચો કરેલો જમણો હાથ સ્વર્ગ તરફ આંગળી દેખાડે છે, અને ડાબો હાથ નીચે પ્રથ્વી તરફ આંગળી બતાવે છે. આ ચિન્હના સાત ગુપ્ત અર્થ છે, જે સૃષ્ટિના સાત મહાન ભેદો જણાવે છે. જે પુરૂષ આ ચિન્હના અર્થ પરિપુર્ણ જાણે છે તે મહા માયાની જાળમાંથી સદાનો મુક્ત થાય છે.

'એકાનેક'

જ્યારે દેવ વા ધ્યાન–ચોહાનો "પ્રથમ કારણ"માંથી નીકળે છે (પ્રથમ કારણ કાંઇ પરબ્રહ્મ નથી, કેમકે બ્રહ્મ એ 'સર્વ--કારણ' છે અને તેને પ્રથમ કારણ કહી" શકાય નહિ; પૂરાણમાં પ્રથમ કારણને 'જગદ્ યોનિ ' કહે છે) ત્યારે વિશ્વના આ ચંચળ અને પ્રબળ કારભારીઓમાંથી માણુસ જાત ઉત્પન્ન થાય છે. પ્રથમ મનુષ્યો પેહેલી અને બીજી જાતમાં 'ભૂતાદિ'માંથી નીકળેલાં માત્ર 'ભૂતો ' હતાં; આ લીધે બીજા સર્વેની પેઠે મનુષ્યો પણ પ્રભવાપ્યય (કાર્યનું લય સ્થાન) માંથી નીકળે છે; જેમાંથી આપણી સ્થુળ ઇંદ્રીયો પણ આવે છે, અને જેમાંથી વળી 'પ્રથમ કારણ' પણ –નીકળે છે. પ્રથમ કારણને બ્રહ્મા, ઇશ્વર, કે પુરૂષ કહો તોપણ તે અને વિશ્વ એક હોવાથી, જેમ વિશ્વની ઉત્પત્તિ છે તેમજ તેની પણ (વિકરણની પણ) ઉત્પત્તિ છે અને તેને પણ અમૂક નિયમોને અનુસરવું પડે છે.

પ્રથમ અચિંત્ય અનંત બ્રહ્મ કહેવાઇ ને 'પુંડરિકાક્ષ' એકવાર 'સદૈક રૂપને' બદલે 'એકાનેક–રૂપ' કહેવાય છે, અને ત્યારે તે જે કારણ છે તે કાર્યો સાથે એકત્ર થઇ જાય છે, અને તેના નામનો ક્રમ આ પ્રમાણે છે,

૧—મહા પુરૂષ વા પરમાત્મા.

૨—આત્મા વા પૂર્વજ.

૩—ઇદ્રિયાત્મા વા હ્રષીકેશ=મહત.

૪—ભુતાત્મા.

૫—ક્ષેત્રજ્ઞ (ક્ષેત્રને જાણનાર), દેહધારી, જીવ, વા પુરૂષ પ્રકૃતિની બનેલી સૃષ્ટિ.

૬---ભ્રાંતિ દર્શન=મિથ્યા દર્શન, સ્થુળ જગત.

છેલ્લું નામ દેખાડે છે કે જે કાંઇ આકાર ધરાવતું જોવામાં આવે છે તે માયા છે. ધ્યાન ચોહાનો આ ક્રમ પ્રમાણે પોતાના ગુણ ધરાવતા થાય છે, અને પછી તેમના આ ગુણોના પ્રતિબિંબ મનુષ્યો ઊપર પડે છે, અને માણસનું દરેક તત્વ આ ધ્યાન-ચોહાનો 'અગ્નિઓ' નો (તત્વોનો) એક ભાગ છે. સ્થુલ શરીર શીવાય બાકીના સર્વે તત્વો આં ધ્યાન-ચોહાનોના અર્કમાંથી મનુષ્યોને મળતાં થાય છે.

નાગ-લોક.

અંડજ જોતી વીશે પુરાણમાં કસ્યપ કથામાં ઇશારો કર્યો છે. કશ્યપ એ બ્રહ્માના માનસ-પુત્ર મરિચીનો પુત્ર છે, અને તે નાગોને ઉત્પન્ન કરે છે. કશ્યપની સ્રી કર્દુએ પાતાળ વસાવવા એક હજાર નાગપુત્રોને જણ્યા. હવે પાતાળ એટલે અમેરીકા ખંડ. ભારત-વર્ષના એક ભાગને નાગ-દ્વિપ કહેતા જેમાં આજ નામના લોક વસતા હતા. ગુપ્ત જ્ઞાન પ્રમાણે ત્રીજી જાતમાં જે પવિત્ર સાધુઓ ક્રીયા--શક્તિ વડે ઇંડાંઓમાંથી જે યોગ-પુત્રો ઊત્પન્ન કર્યા તેઓને 'નાગ' નામ આપવામાં આવ્યું હતું. આ યોગ-પુત્રો વા નાગોની સંતતિએ પાતાળ (અમેરીકા ખંડ) વસાવ્યું. અમેરીકા પૃથ્વી ઉપર જંબુ દ્વીપની બરાબર સામે આવે છે તેથી તેને 'પાદ-તળ' પાતાળ કહે છે.

ખગોળ વિદ્યા તરફ જોતાં, નાગો તેમજ રૂષિઓ, અપ્સરાઓ, યક્ષો, યાતુધાનો અને દેવો બાર માસ પર્યંત સૂર્યના શેવકો છે; પરંતુ મનુષ્યોત્પત્તિ તરફ જોતાં તેઓ (નાગો) પૃથ્વી ઉપર અવતરતા દેવતાઓ અને મનુષ્યો છે. નાગ એટલે વળી મહાત્માઓ.

મધ્ય અમેરીકાના અસલી રહેવાસીઓના મુખ્ય જાદુગરને 'નાગળ' કહેતા. 'નાગળ' શબ્દ 'નાગ' શબ્દ ઊપરથી નીકળ્યો છે. એસીરીયાના મુખ્ય ધર્મ ગુરૂને નાર્ગળ કહેવામાં આવતો. આ એસીર્યન નાર્ગળ અને અમેરીકન નાગળ બંને એકજ જાતની શક્તિઓ અને દેવતાઓને વશ કરવાનું બળ ધરાવતા; અને વશ કરેલા દેવતાને મંદીરમાં કે ઘરમાં કોઇક પ્રાણીમાં કે તળાવમાં કે જંગલમાં કે રાખવામાં આવતો. યુરોપના લોકો કહે છે કે અમેરીકા નવો ખંડ છે. પણ એશીયાના લોકને આ ખંડ વીશે પુર્વથી જાણ હતી. કૃષ્ણના સખા અને શિષ્ય અર્જુન વીશે કથા છે કે તેણે પાતાળમાં જઇ નાગરાજ કૌરવ્યની પુત્રી નાગીની ઉલુપી સાથ વિવાહ કર્યો હતો. 'ઉલુપી' શબ્દ સંસ્કૃત ભાષાનો નથી એ તુર્ત દેખાય છે. અમેરીકાની એક અસલી ભાષાનો એક શબ્દ આ શબ્દને આબેહુબ મળતો આવે છે.

અશ્વત્થ વૃક્ષને જ્ઞાન અને અમરત્વનું વૃક્ષ કહે છે. આ વનના રાજાના વિશાળ અને ધાડા છાયા હેઠળ ગુરૂઓ પોતાના ચેલાઓને અમરપણા વીશેની પ્રથમ શિક્ષા આપે છે અને તેમને જન્મ મરણના ગુહ્ય ભેદોથી માહીત કરે છે. હાલમાં પણ ચીન અને ટીબેટથી વચ્ચે આવેલા 'કોન-લાંગ-સંગ' પર્વતના શીખર ઉપર બાંધેલાં બૌધ મંદીરમા 'રો-ત્યુ' (બૌધ ઉપાધ્યાય) 'સંગ-મીંગ-શુ' વૃક્ષ હેઠળ સર્વેથી શ્રેષ્ઠ ચમત્કાર કરી દેખાડે છે. 'સંગ--મીંગ શુ' એટલે 'જ્ઞાન અને અમરત્વનું વૃક્ષ', કેમકે અજ્ઞાન એ મૃત્યુ છે, અને જ્ઞાનજ અમરપણુ આપે છે. જેમ અનુગીતામાં બ્રાહ્મણ કહે છે કે: "ન જણાતાં એવાં અજ્ઞાન રૂપ મુળ ને અંકુરવાળું, બુદ્ધિ (મહત્તત્વ)

રૂપવાળું, મોટા અહકાર રૂપ મોટી શાખા વાળું, જેનાં કોટર(દર યા ખોલ)માં ઇંદ્રિયો રૂપિ કોટા છે એવું, મહાભુત રૂપ કળિઓવાળું, સ્થુળ કાર્યોરૂપ નાની શાળાઓવાળું, સદા સંકલ્પરૂપ પાંદડાંવાળું, સદા કર્મરૂપ ફળને ઉત્પન્ન કરનાર, સર્વે પ્રાણીયોની આજીવિકા. રૂપ, બ્રહ્મ રૂપ બીજવાળું," સનાતન ઝાડ છે. એ (બ્રહ્મ)ને જાણી જન જ્ઞાન રૂપ ઉત્તમ ખડ્ગથી તત્વોને કાપી અમરપણાને પામી મૃત્યુ તથા જન્મને તજે છે." એક રીતે અશ્વત્થ વૃક્ષ મનુષ્ય પોતે છે. ઉપર જણાવેલા ચમત્કારો દર ત્રણ વર્ષે કરવામાં આવે છે, જ્યારે આ પવિત્ર સ્થળ આગળ અગણિત બૌધ જાત્રાળુઓ એકઠા મળે છે. વૃક્ષ–પૂજા અને નાગ કે સર્પ–પૂજા અતી પ્રાચીન કાળથી ચાલતી આવે છે, અને હજી પણ દુનીયાના ઘણા ભાગોમાં લોકોમાં આજ પૂજા ચાલુ છે.

વળી કશ્યપની કથામાં કહ્યું છે કે તેની બાર સ્ત્રીઓએ નાગો, પેટે ચાલનારાં પ્રાણીઓ, પક્ષીઓ, અને બીજાં સરવે જાતના પ્રાણીઓને જન્મ આપ્યો; અને આ લીધે કશ્યપ સર્વે જાતના પ્રાણીઓનો પીતા હતો. હવે આ કથામાં હાલના કલ્પનો પ્રગટી કરણનો ક્રમ અલંકારી ભાષામાં જણાવ્યો છે, કશ્યપ વળી ગરૂડનો પીતા છે, જે પક્ષીનો રાજા કહેવાય છે, અને જે વળી નાગ જાતીના સકુટુંબી છે, અને જે પછીથી નાગ કુળનો વેરી શત્રુ થઇ પડે છે. ગરૂડ એ કાળચક્ર દર્શાવે છે; જ્યારે પ્રગટીકરણની ચોક્કસ હદે "જીવવા માટે કસાકસી કરતાં" પેટે ચાલનારા પ્રાણીઓમાંથી પક્ષીઓ ઉત્પન્ન થવાં લાગ્યાં, ત્યારે પછીથી આ પક્ષીઓ આ પેટે ચાલનારા પ્રાણીઓનોજ ભક્ષ કરવા લાગ્યાં, કેમકે કુદરતના કાયદાએ બીજી વધારે શુદ્ધ જાતો માટે જગ્યા કરવા તેમને તેવી પ્રેરણા કરી.

પ્રથમ પૃથ્વી ઉપર મનુષ્યો સૂક્ષ્મ શરીર ધરાવતા હતા; મનુષ્યોએ તજી દીધેલાં શરીરોમાંથી આ કલ્પમાં કરેક જીવ જંતુ અને પ્રાણી ઉત્પન્ન થયાં અને તે લીધેજ આ પ્રાણીઓનો બાંધો માણસના બાંધાને મળતો આવે છે. યુગો પર્યંત ત્રીજા અને ચોથા ફેરામાં માણસના શરીરમાંથી તેને પોતાને તેવી જાણ થયા વગર મગતરાં, પેટે ચાલનારાં પ્રાણીઓ, પક્ષીઓ, અને ચોપગાં જનાવરો ઉત્પન્ન થવા લાગ્યાં. આ લીધે કશ્યપને પ્રાણીઓનો પીતા કહ્યો છે. આ સર્વે હકીકત વીશે સપ્તર્ષીની કથામાં તથા મનુ–નૌકાની કથામાં અલંકારી વર્ણન આપ્યું છે.

"સાત મહર્ષિ, તેમની પુર્વેના ચાર મનુઓ એ મારા મનમાંથી જન્મ્યા. તેઓમાં મારો પ્રભાવ હતો અને તેઓથી આ સર્વે લોક ઉત્પન્ન થયા."

શ્રી કૃષ્ણ

અત્રે સાત મહર્ષિ એટલે રૂપ ધરાવતા ધ્યાન–ચોહાનોના સાત સમુહો સમજવા. તેઓ સર્વે જુદા જુદા કલ્પોમાં અને જાતોમાં પૃથ્વી ઉપર મનુષ્યાવતાર લેતા હતા. વળી 'તેમની પૂર્વેના ચાર મનુઓ' એટલે અરૂપ દેવોના ચાર વર્ગો જેવા કે કુમારો, રૂદ્રો, અસુરો, વીગેરે; જેઓ વીશે કહેવાય છે કે તેઓ પણ અવતર્યા હતા

સુપ્ત મહર્ષિની પેઠે આ ચાર કાંઈ પ્રજાપતિ નથી, પરંતુ આ ચાર અરૂપ દેવના વર્ગો મનુષ્યોમાં 'મનસ' મૂકતા દેવતાઓ છે,--જેમાંના કેટલાક ખુદ મનુષ્યોવતાર લીધો છે અને કેટલાકે માણુસોને માત્ર પોતાના વાહન બનાવ્યાં છે. જેમ શ્રી કૃષ્ણ--જે. વળી ઈશ્વરનો અવતાર છે--સત્ય કહે છે કે 'હું સર્વે ભૂતોને સમબુદ્ધિ રાખી જોઉં છું, મને નથી. કોઇ ઉપર દ્વેષ કે નથી કોઇ પ્રીય પરંતુ જે મને (એટલે 'બુદ્ધિ-મનસ'ને) ભજે છે તેઓ મારામાં છે અને હું તેમનામાં છું.' ઈશ્વર કાંઇ એક વ્યક્તિ નથી પરંતુ સર્વ વ્યાપક તત્વ છે, અને તેથી તેના મનમાંથી' ઉત્પન્ન થયલા દેવતાઓ જેઓને ગુપ્ત જ્ઞાનમાં 'શુદ્ધ અગ્નિઓ', 'માનસિક શ્વાસો' વીગેરે કહે છે તેઓ તે વર્ગના દેવતાઓ છે કે જેઓએ પોતાને સ્વતંત્ર કર્યા, એટલે કે જેઓએ મંદ અને શાંત સ્થિતિ તજી સ્વ-ચૈતન્યની ચંચળ પ્રબળ સ્થિતી પ્રાપ્ત કરી. આ વીશે સમજ પડતાં કૃષ્ણ અવતારનો ભેદ જાણવામાં આવશે. પૃથ્વી ઉપર જે કોઇ પણ મહાન સૂધારકો જનમ્યા છે અને જેમની કીર્તિ અદ્યાપી સચવાઇ રહી છે તેઓ દરેક (ક) 'ઇશ્વર'ના અવતાર હતા એટલે કે 'સપ્ત (ધ્યાન-ચોહાનિક) સમૂહમાંથી એકના અવતાર હતા; (ખ) અને પૂર્વના યુગોમાં પણ દેખાવ આપી ગયા હતા. આ કારણ લીધે 'ઝરથુસ્તના કાળ વીશે ગણુતી ચોક્કસ થઇ શકતી નથી; તેમજ રૂષિઓ અને મનુઓના કાળની બીના પણ તેવાજ અંધારામાં રહી જાય છે; કૃષ્ણ અને બુદ્ધ બંને કહેતા કે તેઓ પુનર--અવતાર હતા, કૃષ્ણ પોતાને રૂષિ નારાયણનો અવતાર જણાવતા, અને બુદ્ધ પણ પોતાના પૂર્વ જન્મોનું વૃત્તાંત પોતાના ભીક્ષુકો આગળ કહી સંભળાવતા. કૃષ્ણ વળી પોતાને પૃથ્વી ઉપર પરમાત્માનો અંશાવતાર કહે છે. ગુપ્ત જ્ઞાન કહે છે કે પૃથ્વી ઉપર તેઓ પ્રથમ ધ્યાન-ચોહાન તરીકે આવ્યા પછી પ્રકૃતિ સાથે મળી જઇને પ્રથમ ત્રીજી અને ચોથી માણુસ જાતને શીખવીને પછી રૂષિઓ અને ગુરૂઓ તરીકે પાંચમી આર્ય જાતીને શીક્ષણ આપવા લાગ્યા, અને પોતાનો ભોગ આપીને મનુષ્યોના કલ્યાણ અર્થે ચોક્કસ સમયે અવતરતા રહે છે, અને અવતરતા રેહેશે.

પૃથ્વી ઉપર મનુષ્યોને શીખવવા જે ધ્યાનીઓ અવતરવા લાગ્યા તેમને પૂરાણમાં દેવો, કિંપુરૂષ, અને દૈત્ય વા દાનવ કહે છે. ત્રીજી જાતમાં જે દેવતાઓ અવતર્યા તેઓ પોતે કહે છે કે "દેવતાંઇ સ્થિતિમાંથી પણ જેઓ ભારત-વર્ષમાં જન્મ લે છે તે ખરા ભાગ્યશાળી છે, કેમકે ત્યાંથીજ મોક્ષ-માર્ગનું દ્વાર જડે છે." ભારત-વર્ષ એટલે આપણો હિંદ દેશ જે જંબુદ્વીપનો સૌથી શ્રેષ્ટ ભાગ ગણાતો, કેમકે (અધ્યાત્મિક) "કર્મ-ભૂમી" શબ્દ સૌથી વધારે આ દેશને લાગુ પડતો કેમકે તેજ ભૂમી ઉપર દીક્ષા અને દીવ્યજ્ઞાન પ્રાપ્ત કરી શકાતું હતું.

પ્રકૃતિના જે ગુણ વીશે મનુષ્યોને પ્રથમ જાણ થઇ તે કાષ્ટ ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન કરવાની રીતી વીશે હતો. ગુપ્તજ્ઞાનના ભાષ્યમાં કહે છે કે "બીજા લોક ઉપરથી ફળ અને ધાન્ય, જેની તે દીવસ પર્યંત પૃથ્વી ઉપર હસ્તી હતી નહિ તે સર્વે પોતે જેઓની ઉપર રાજ્ય કરતા હતા તેમને અર્થે 'જ્ઞાનનાથો' લાવ્યા." અગ્નિ ઉત્પન્ન કરવાની રીત પ્રાણીઓને પાળવાની રીત, જુદાં જુદાં ધાન્ય ઉગાડવાની રીત એ સર્વે ચમત્કારી નજીવી જેવી લાગે છે.

હવે આતો ચોકકસ છે કે ઘંઉ પૃથ્વી ઉપર જંગલી હાલતમાં મળી આવતા નથી. બીજા સર્વે ધાન્યના મૂળ આકારો જંગલી ઘાસની જુદી જુદી જાતમાંથી મળી આવે છે, પરંતુ ઘઉં નું મૂળ શોધી કાઢવાના સર્વે યત્નો નિષ્ફળ નીવડયા છે. ઘંઉમાં સદા સાત પડ હોય છે અને અર્હતો જ્યારે મરણ પામે છે ત્યારે તેમના શરીર સાથ થોડા ઘંઉ અદ્યાપિ પણ રાખવાનો ધારો છે. ' અર્હતોનાં શરીરને ન બાળતાં તેમને ભૂમીમા દાટવાનુ કારણ આ છે કે તેમના શરીરના અણુઓ અતી શુદ્ધ હોય છે, અને તેમના શરીરમાંથી શુભ તેજસ વા જ્યોતિ બહાર નીકળે છે જેની અસર તળે આવવાથી શુભ પરીણામો નીપજે છે. માટે મરણ પછી પણ તેમના શરીરો મનુષ્યોને લાભકારી થઇ પડે છે. કેટલાક અર્હતો અને રુષિઓ શરીર તજતાં શરીરને પાષાણરૂપ કરી એક મૂર્તિ બનાવી દે છે.

આર્ય જાતીના મનુષ્યો પોતાની કળા વિદ્યા ચોથી જાત પાસથી શીખ્યા, જે વીશે મહાભારતમાં કહે છે કે મયાસુરે પાંડવો માટે દીવ્ય સભા બાંધી આપી. તેઓ પાસથીજ આર્ય લોકોએ અનેક વિદ્યા,–વાયુવિદ્યા, રત્નોના ગુપ્ત ગુણો, રસાયણ શાસ્ત્ર, ખનિજ વિદ્યા, ભૂસ્તર રચના વિદ્યા, તત્વ પદાર્થ વિજ્ઞાન અને ખગોળ વિદ્યા–, શીખી ગ્રહણ કરી.

પૂરાણમાં કહે છે કે "સત્ય યુગમા કપિલાદિ મુનીઓમાં વિષ્ણુ અવતાર લઇ લોક
વેદ. માં શુદ્ધજ્ઞાનનો પ્રસાર કરે છે. ત્રેતાયુગમાં બિષ્ણુ ચક્રવર્તિ રાજા તરીકે પાપીઓને દંડ દે છે અને ત્રૈલોકયનું (વા ત્રણે જાતનું) રક્ષણ કરે છે. દ્વાપર યુગમાં વેદવ્યાસ રૂપે એક વેદના ચાર વિભાગ પાડી તેમને સત (સેંકડો) શાખાઓમાં વેહેંચી નાખે છે." ખરેખર છે પણ તેમજ; કેમકે સૌથી પેહેલા આર્ય લોકનો વેદ લખવામાં આવ્યો તે પૂર્વે તે ત્રીજી અને ચોથી જાતના અસૂરો અને રાક્ષસોની દરેક પ્રજામાં પ્રસાર પામ્યો, અને હાલના સર્વે જુના ધર્મોના પ્રથમ બીજો રોપ્યાં. અમર જ્ઞાન–વૃક્ષની શાખાઓએ પોતાના ખરી પડેલાં પાંદડાં બાહુદી અને ખ્રીસ્તી ધર્મો ઉપર પણ વેરી દીધાં છે. અંતે કળીયુગનાં અંતમાં વિષ્ણુ કલ્કિરૂપે અવતરી પૃથ્વી ઉપર ધર્મની પુનઃસ્થાપના કરશે. તે કાળમાં રહેતા પુરૂષોના મન શુદ્ધ થઇ સ્ફટિક સમાન સ્વચ્છ અને પ્રકાશિત બનશે. "જે માણસો તે વિલક્ષણ કાળ (છઠ્ઠી જાત) ના ગુણ વડે સ્વભાવમાં આ પ્રમાણે બદલાઇ જશે તેઓ બીજાં મનુષ્યો માટે બીજરૂપ થઇ પડશે, અને એવી જાતીને જન્મ આપશે કે જે સત્ય યુગના શુદ્ધ ધર્મ પાળતી થશે;" એટલેકે સાતમી શ્રેષ્ટ જાતીને જન્મ આપશે, કે જે જાતનો મોટો ભાગ "દેવ–પૂત્રો" "અર્હતો" કે "બુદ્ધો" તરીકે જન્મવા લાગશે, જેઓ યોનિદ્વારા નહિ પણ પૂર્વની પેઠે જેમ દક્ષની પૂર્વેના કાળમાં બનતું હતું તેમ ક્રીયાશકિતના શુદ્ધ પવિત્ર ઉપયોગ વડે ઉત્પન્ન થવા માંડશે.

અગ્નિને (અગ્નિ–દેવતાને) રૂગવેદમાં વૈશ્વાનર કહે છે. હવે વૈશ્વાનર એક 'દાનવ'
વૃત્રાસુર. છે. (દાનવ એટલે દનુનો પૂત્ર એમ ભાગવત પૂરાણ કહે છે) આ દાનવને પુલોમા અને કાલકા નામની બે પુત્રીઓ છે જેઓ કસ્યપ રુષિને વરીને અગણિત

(ત્રણ ક્રોડ) દાનવોને જન્મ આપે છે જેઓ વાયુમાં ઉડતાં એવાં હિરણ્યપૂરમાં વસે છે. માટે ઇંદ્ર પણ કશ્યપના પૂત્ર તરીકે એક રીતે આ બેનો સાવકો પૂત્ર છે; અને આ અર્થ લેતાં કશ્યપ પોતેજ અગ્નિ (અગ્નિ–દેવતા) કે સૂર્ય (કશ્યપં–આદિત્ય) જણાય છે. સ્કંદ વા કાર્તિકેય પણ એઓની સાથનો છે, કેમકે તે એક કુમાર છે, જે તારક દાનવને મારવા અગ્નિમાથી ઉત્પન્ન થાય છે અને જે લીધે તે અગ્નિ–ભૂ કહેવાય છે. તારક દૈત્યના ભયંકર તપથી દેવતાઓ પણ ધ્રુજવા લાગ્યા, અને કુમારે તેને શક્તિવડે માર્યો. ઇંદ્ર પોતે વૃત્ર (અથવા અહિ=સર્પ) ને મારે છે અને તેથી તે વૃત્ર–હન કહેવાય છે. બ્રહ્માની સામે જે અસુરો થાય છે તેમની સાથે યુદ્ધ કરવા ઇંદ્ર દેવતાઓના સૈન્યની મોખરે થાય છે અને તેથી "જીષ્ણુ" કહેવાય છે. કાર્તિકેય પણ તારક–જીત, કુમાર–ગુહ, સીદ્ધ–સેન અને શકિત–ધર કહેવાય છે.

હવે આ કથાનો સાર આ છે. અહિ–વૃત્ર એટલે અતી ઉષ્ણ તપતા વાયુનો અધિદેવતા; ઇંદ્ર તેની સામે સદા યુદ્ધ મચાવે છે; અને પોતાની વિજળી અને ગર્જના વડે અહિ વૃત્રને પૃથ્વી ઉપર મેઘરૂપે વર્ષાવાની ફરજ પાડે છે અને પછી તેને હણે છે. આ કથાનો બીજો અર્થ આ છે. ઊપાસક મુક્તપદ પ્રાપ્ત કરવા યત્ન કરે છે, ત્યારે તેના કામ રાગાદિ (એક જાદુઈ ક્રીયાથી) આકારવાન થાય છે અને પછી તેમના વચ્ચે અતી ઘોર અને દારૂણ યુદ્ધ જાગે છે, જેમાં ઉપાસક આ 'અહિઓ'ને (સર્પોને) મારવામાં સફળ થાય છે કે નિષ્ફળ નીવડે છે. જો તે આ સર્પોને હણી શકે છે તો 'અહિ--હણ' કહેવાય છે, કેમકે તે હવે પોતાની જુની ચામડી ઊતારી, એક નવાજ શરીરમાં જન્મ લે છે, એટલે હવે 'દ્વિજ' કહેવાઇ જ્ઞાન તથા અમરત્વ વરાવતો થાય છે.

આ કથાનો ત્રીજો અર્થ આ છે; સૃષ્ટિ--સર્ગના આરંભ કાળમાં અવકાશમાં (વ્યોમમાં) કેટલીક ગડબડાટ અને ગેરવ્યવસ્થા ઉભી કરતી શક્તિઓ રહે છે. મહાન ધ્યાનીઓ પોતાના સૃષ્ટી--સર્ગના કાર્યમાં આ હરકત આપનારી શક્તિઓને હરાવી વશ કરે છે.

યુગો અને વિષ્ણુ અવતાર.

હાલ સુધીમાં ૬ મન્વંતર અને ૨૭ મહાયુગ વીતી ગયા છે; અને ૨૮મો મહાયુગ ચાલે છે, અને કળીયુગને ૪૯૯૭ વર્ષ થયાં છે હાલનું ચાલુ વર્ષ સ્વેત વરાહ કલ્પનું ૧,૯૭૨,૯૪૪,૯૯૭મું વર્ષ છે, અને પૃથ્વીને હજી સૂર્યની આસપાસ ૨,૩૪૭,૦૫૧,૦૦૩ ફેરા મારવાના બાકી રહ્યા છે.

સ્વેતવરાહ કલ્પ ૪,૩૨૦,૦૦૦,૦૦૦ વર્ષ પર્યંત ચાલશે. આ કલ્પમાં હાલ વૈવસ્વત મન્વંતર ચાલે છે. હાલ ૨૮માં મહાયુગનો કળીયુગ ચાલે છે.

સત્યયુગ શુકલ પક્ષમા રવીવારે વૈશાખ માસની ત્રીજે શરૂ થયો. તે યુગમાં ચાર અવતાર-મત્સ્ય, કૂર્મ, વરાહ. અને નરસીંહ–થયા. સઘળે ધર્મ હતો અને અધર્મ કયાંયે હતો નહિ. કુરૂક્ષેત્ર પવિત્ર સ્થળ હતું. મત્સ્ય અવતાર એટલે મત્સ્ય, મચ્છ, વીગેરેનો જમાનો સમજવો

અને કુર્મ અવતાર એટલે પેટે ચાલનારાં સર્પાદિ પ્રાણીઓનો જમાનો જાણવો. વરાહ અવતાર એટલે આંચળવાળા પ્રાણીઓનો જમાનો જે વખતે મુખ્ય કરીને હિંદમાં વરાહની જાતના વિચીત્ર પ્રાણીઓ અધિક હતાં. નરસીંહ અવતાર એટલે માણસનો જમાનો જે કાળના આરંભમાં માણસ પ્રાણી વર્ગ સાથે અતી મળતું આવતું. આપણે (ધ્યાનં) ઝયાન-ગ્રંથના શ્લોકો ચોથા ખંડમાં આપ્યા છે, જ્યાં જણાશે કે પૃથ્વી ઊપર પ્રથમ જાનવરના શરીર ઊપર માણસોનો જેવા માથાવાળાં કે માણસ જેવાં શરીર ઉપર જનાવરોના માથા ધરાવતાં પ્રાણીઓ ઉત્પન્ન થયાં હતાં. તે વેળા લીંગ દેહજ હતી–મરણ પણ સ્વેચ્છાને આધીન હતું, માણસો ૨૧ હાથ ઉંચા હતા, લાખ વર્ષની ઉમર રહેતી, અને સુવર્ણના પાત્રો હતાં, પ્રાણ મજ્જામાં રહેતો.

ત્રેતાયુગનો કાર્તિક માસની નોમે સોમવારે શુકલ પક્ષમાં આરંભ થયો. અવતારો–વામન, પરસુરામ, અને રામ. પુષ્કર એ તિર્થસ્થળ હતું.

બ્રાહ્મણો ગાર્હપત્ય અગ્નિ અતી સંભાળથી જાળવતા, પ્રાણ અસ્થિમાં રહેતો, મનુષ્યો ૧૪ હાથ ઉંચા હતા, દશ હજાર વર્ષની ઉમર રહેતી અને રૂપાનાં પાત્રો બનતાં. વામન પરસુરામ અને રામ એ ત્રણ અવતારો એકેકથી વધારે શુદ્ધ અવતારો હતા, જે દેખાડે છે કે મનુષ્યો હવે સુધરતા અને વૃદ્ધિ પામતા ગયા.

દ્વાપર યુગ ગુરૂવારે ભાદ્ર માસની તેરસે કૃષ્ણ પક્ષમાં શરૂ થયો. આ યુગમાં અવતાર એકજ–શ્રી કૃષ્ણનો–થયો, ધર્મ અધર્મ પણ સમાન હતા, અને નૈમિષારણ્ય તિર્થ સ્થળ હતું. પ્રાણનું સ્થાન રૂધીરમાં હતું માણસ ૭ હાથની ઉંચાઇ ધરાવતાં, હજાર વર્ષ જીવતાં, અને પાત્ર ત્રાંબાનાં બનતાં, (એટલે કે તે તે કાળમાં આ ધાતુઓ શોધી કાઢી વપરાસમાં આણી હતી).

કળીયુગ શુક્રવારે માઘ માસની પૂનેમે બેઠો. બુદ્ધ અને કલ્કિ એ આ યુગના બે અવતારો, અને ત્રણ ભાગ અધર્મ અને માત્ર એક ભાગ ધર્મ. બ્રાહ્મણો પણ અગ્નિ વગરના (એટલે કે ખીલેલાં લીંગ દેહ રહિત) છે. ત્રણી પ્રાણનો આધાર અન્ન લેવા ઉપર રહેવા લાગ્યો. ગંગા એ તિર્થ, માણસનું કદ ૩½ હાથ, ઊમર ૧૨૦ વર્ષ, અને કોઈ પણ ધાતુના પાત્ર. થનાર કલ્કિ અવતાર; એટલે આમ જાણવું કે હવે પછીના કાળમાં મનુષ્યો અતી શુદ્ધ થશે અને તેમનામાં વિષ્ણુ વાસો કરશે, અર્થાત તેમને આત્માનુભવ થવા માંડશે. આ અવતારો વીશે અત્ર એકજ અર્થ આપ્યો છે, પણ આ કથાઓમાં બીજા મહાન ગુહ્ય ભેદો સમાયલા છે.

પ્રાજ્ઞાવસ્થા. સાધારણ રીતે ત્રણ અવસ્થા જણાયલી છે: જાગ્રત, સ્વપ્ન, અને સુષુપ્તિ. આ દરેક અવસ્થાના વળી ત્રણ ત્રણ પ્રકાર છે, અને આ રીતે નવ પ્રકારની અવસ્થા થાય છે.

જાગ્રત
- જાગ્રત—આપણી દીવસ સમયે સાધારણ હાલત.
- સ્વપ્ન—રાત્રે નિદ્રામાં થતો સ્વપ્નનો અનુભવ.
- સુષુપ્તિ—સ્વપ્ન રહિત ગાઢ નિદ્રા.

સ્વપ્ન
- જાગ્રત —દીવ્ય દ્રષ્ટિ કે વિશ્વ-દ્રષ્ટિ.
- સ્વપ્ન—જે સ્થિતિમાં કેટલાક મનુષ્યો ઉંઘમાં હોવા છતાં, હાલી ચાલી શકે છે, વાંચી શકે છે, ઇત્યાદિ.-નિદ્રા જાગરણ.
- સુષુપ્તિ—કામલોકમાં ભટકતાં કામરૂપો (ભૂતપ્રેતાદિની સ્થિતિ).

સુષુપ્તિ
- જાગ્રત—દેવલોકની સ્થિતિ; સ્વર્ગસુખ ભોગવતા જીવોની સ્થિતિ.
- સ્વપ્ન—માણુસ જાત એક ગ્રહમાં ફેરા પુરા કરી બીજા ગ્રહમાં જાય છે તે પૂર્વે એક પ્રકારની સુષ્પાવસ્થા કેટલાક કાળ પર્યંત ભોગવે છે તે: બે ગ્રહની વચ્ચેનો અંતરકાળ.
- સુષુપ્તિ—પૃથ્વીના સાતે ગ્રહોમાં ફેરો મારી રહીને ફરી બીજો ફેરો શરૂ કરવા પૂર્વે ભોગવવામાં આવતી અરૂપ પ્રાજ્ઞાવસ્થા.

આ નવ અવસ્થા ઉપરાંત પ્રાજ્ઞ કે ચૈતન્યની શ્રેષ્ઠ તૂર્યાદિ અવસ્થા જે છે તેનો અનુભવ જ્ઞાનીઓજ મેળવે છે.

જ્યારે જીવ એક ચોક્કસ અમૂક વર્ગના પદાર્થો જુએ છે, ત્યારે આપણે કહીયે છીયે કે ચૈતન્યની અમૂક અવસ્થા ચાલુ (ચંચળ) છે.

જ્ઞાની મંડળની મૂખ્ય ફરજ આજ છે કે ભૂલમાં ડોલતા મનુષ્યોને ધર્મોપદેશકો પૂરા પાડવા. પરંતુ આ જ્ઞાન-માર્ગમાં એક ચોક્કસ "તાવીજ" વગર ચાલવું મહા કઠીણ અને ધાસ્તીમય છે. આ તાવીજ એજકે મનુષ્યોમાં સત ધર્મનો પ્રસાર કરવા માટે શુદ્ધ ભાવવડે લેશપણ સ્વાર્થ વગર મંડેલા રહેવું.

જાગ્રત અવસ્થામાં ૧૦ ઇંદ્રીઓ અને તે સાથ અંતઃકરણ (મન, બુધ્ધી અહંકાર અને ચિત્ત) એ પણ ક્રીયા કરે છે. સ્વપ્નાવસ્થામાં એકલું અંતઃકરણજ ક્રીયા કરે છે. સુષુપ્તિ અવસ્થામાં માત્ર ચિત્તજ ક્રીયા કરે છે.

જાતિમય જીંદગી અને ચિત્તશુધ્ધિ

શ્રી શંકર કે ગૌતમબુદ્ધના ગ્રંથોનો અભ્યાસ કર્યાથી પરોક્ષ જ્ઞાન મળે છે, પરંતુ જ્યાંસુધી (અનુભવ, યુક્તી, અને શ્રુતિ એ ત્રણના યોગથી સત્ય નિર્ણય પ્રાપ્ત કરી) શુદ્ધ નીતિ પળાતી નથી ત્યાંસુધી અપરોક્ષ જ્ઞાનનો અનુભવ પ્રાપ્ત થતો નથી, અને આ રીતે મોક્ષ કે નિર્વાણનો અમૂલ્ય લાભ મળતો નથી. પરમાત્મામાં એકરૂપ થવા પેહેલાં આપણી સર્વ પ્રકારની કાયિક વાચિક અને માનસિક ક્રીયાઓ કુદરતની ક્રીયાને અનુકુળ હોવી જોઇયે.

યોગાભ્યાસીને પ્રથમથીજ મનુષ્યોના લાભ અર્થે પોતાથી બનતી કુમક અને સહાય આપવાને શીખવવામાં આવે છે. જો સંસારી અને માયાવિ જીંદગી તરફની વળણ તોડવી

હોય તો આપણે જે સ્થિતિમાં જન્મ લીધો છે તે સ્થિતિને લગતી સર્વ ફરજો (સ્વધર્મ), કોઈપણ સ્વાર્થ ઊપર નિષ્ઠા રાખ્યા વગર નિષ્કામ વૃત્તિએ અદા કરવી જોઇએ. આ રીતે વર્તવાથીજ ચિત્ત શુદ્ધિ પ્રાપ્ત થાય છે, અને ચિત્ત શુદ્ધિ વગર અધ્યાત્મ વિદ્યા ગ્રહણ કરવી અશકય છે.

માટે જો મોક્ષાનંદ કે નિત્યાનંદ પ્રાપ્ત કરવો હોય તો કુદરતની ક્રીયાઓને અનુસરીને ચાલવું ઘટે છે. હવે વિચાર કરતાં જણાશે કે કુદરતની સર્વે ક્રીયાઓની સામાન્ય નેમ વૃદ્ધિ કે સુધારા તરફ છે; માટે આપણી સર્વ ક્રીયાઓ પણ આ મહાક્રીયાને પૂષ્ટિ આપનારી થવી જોઇએ. તે પ્રમાણે ન ચાલવાથીજ ભયંકર પરીણામ નીપજે છે. હવે માત્ર નીતિ પાળવાથીજ કુદરતની મહા ક્રીયાની વૃદ્ધિ તરફની વળણને પુષ્ટિ મળે છે, અને આજ આપણો ધર્મ છે. આ વીશે એક ઉદાહરણ લઇએ.

યોગાભ્યાસીએ સત્ય બોલવું કે અનૃત ગ્રહણ કરવું? હવે જ્યાં સુધી આપણામાં લાગણીઓ ચાલુ રહે છે ત્યાં સુધી આપણે જીવીએ છીયે આમ લાગે છે; જ્યારે લાગણીઓ શુન્ય મારી જાય છે ત્યારે આપણે બેભાન સ્થિતીમાં રહીયે છીયે. હવે જ્યારે માણસના મનમાં ચોક્કસ લાગણીઓ ઉભી થાય છે, અને પછી તે માણસ ડોળ ઘાલે છે કે તે લાગણીઓ તો કાંઇ જુદીજ છે, અર્થાત સત્ય મૂકીને જાણીજોઇ ખોટું બોલે છે, ત્યારે તેનુ પરીણામ આ ઉપજે છે કે કુદરતના જે કાયદા પ્રમાણે જીવન ક્રીયા ચાલે છે, તેની સામે તે માણસ પોતાની ઇચ્છા-શકિત વાપરી એક જાતનો જાણે આપઘાત કરે છે. આ પ્રમાણે માનવ ધર્મ-શાસ્ત્રમાં દશ દૂષ્ટ ચરિત્ર વીશે જે કાંઇ લખ્યું છે, અને તેથી દુર રહેવા આજ્ઞા કરી છે તેની સ્પષ્ટ સમજણ પડશે.

સમાધી કે તૂર્યાવસ્થામાં મનુષ્યો પોતાની સર્વે શકિતઓનો ઉપયોગ કરી શકે છે; અને જ્યારે પણ એક રૂષિ કે અર્હંત પરમાત્મામાં લીન પામે છે, ત્યારે તે કુદરતની માત્ર એક શુભ શકિતરૂપ બની રહે છે. દરેક પુરૂષને ઘટે છે કે અહંકાર માત્રને વજી સ્વાર્થ રહીત થઇ આ પરમાર્થીક અર્હતો પેઠે કુદરતની ક્રીયાને સહાય આપનાર અને નહિ કે તે મધ્યે ગેરવ્યવસ્થા ઊત્પન્ન કરનાર થવું. આમ કર્યાથીજ તેમનું સાર્થક થાય છે, તેમનો જન્મ સફળ થાય છે અને પરોપકારી સાધુઓના આ મહાભારત કાર્યમાં આ રીતે સામેલ થવાથી તેમની કૃપા દૃષ્ટિ કે દર્શણ વટીક પણ સંપાદન કરી શકાય છે. ત્રણ વસ્તુ અતી દુર્લભ ગણાય છે; તેમની પ્રાપ્તિ અતી શુભ કર્મનુ પરીણામ કહેવાય છે. ભારત વર્ષમાં જન્મ, મહાત્માઓનુ દર્શન અને મોક્ષ. અને આ ત્રણેને પ્રાપ્ત કરવા અર્થે મન, વાચા, અને કર્મે કરીને નીતિમય જીંદગીની નીસંશય અગત્ય છે અને નીતી આ માટે પાળવી જોઇએ તેનાં વાસ્તવીક કારણ ઉપર સ્પષ્ટ જણાવ્યાં છે.

ખંડ. ૬.

માર્ગ પ્રકાશિની.

△

૧

સર્વે ઉપાસકો માટે આ નિયમો લખવામાં આવ્યા છે. તે ઉપર લક્ષ આપો.

[તેજ પુરૂષ ઉપાસક કહેવાય છે કે જે શુદ્ધ મને અને દ્રઢ શ્રદ્ધા તથા ભક્તિભાવથી ગુરૂ પાસ જઇ ઉપદેશ ઇચ્છે છે; તેજ પુરૂષ આ સરવોત્તમ ઉપદેશ શ્રવણ કરવાનો અધીકાર ધરાવે છે. શ્રદ્ધા એટલે કાંઇ આંધળો વિશ્વાસ ન સમજવો; મનુ કહે છે કે "તેજ પુરૂષ ધર્મ સમજે છે કે જે યુક્તિ પૂર્વક તર્ક કરી શકે છે; અને અને આ શ્રુતિ પ્રમાણ છે." સત્ય ધર્મને તર્કશાસ્ત્રથી કે વિદ્યાથી બીહવાનું કાંઇ નથી, કેમકે સત્ય ધર્મનો પાયો શ્રુતિ યુક્તિ અને અનુભવ એ ત્રણેપર ચણાયલો છે.

ઉપર આપણે 'માર્ગ' શબ્દ વાપર્યો છે. આ માર્ગ એટલે 'સત્'નો માર્ગ, સત એટલે પરબ્રહ્મ; માણસની છેવટની નેમ આ 'સત્' છે, અને પ્રથમથીજ માણસનું મન આ 'સત્' પ્રત્યે જવાનો માર્ગ શોધવાની વેતરણમાં પડે છે. આ અતી વિકટ માર્ગ ઉપર–જેમ અર્જુન શ્રી કૃષ્ણને કહે છે કે 'હે કૃષ્ણ, તારો માર્ગ અતી કઠણ છે,'–આ કઠણ માર્ગ ઉપર, નીચે દર્શાવેલા નિયમો સૂચના રૂપે પ્રકાશ નાખે છે. અને તેઓ પ્રવાસીને તેના આ વિકટ માર્ગ ઉપર ઉપયોગી થઇ પડશે.

હવે આપણે જોયું કે કેવા પ્રકારનો ઉપદેશ કેવા પ્રકારના પુરૂષને આપવાનો છે. આરાંભમા ઉપાસકો માટે થોડીક મૂળ સૂચનાઓ કરી છે].

ચક્ષુઓ જોવાને સમર્થ થાય તે પૂર્વે તેઓ તેમનામાંથી કદી પણ અશ્રુપાત ન થાય એવાં થવાં જોઇયે. કર્ણ સાંભળી શકે તે પુર્વે તેની તીક્ષ્ણ લાગણી શૂન્ય મારી જવી જોઇયે. ગુરૂઓ સમક્ષ જીવ્હા ઉપાડી શકાય તે પૂર્વે તેનામાંથી કઠોર વચન કહેવાની શક્તિ જતી રહેવી જોઇયે. ગુરૂઓ સમક્ષ જીવ ઉભો રહી શકે તે પૂર્વે તેના પગ હૃદયમાંથી વહેતાં રૂધીરમાં ધોવા જોઇયે.

[અર્થાત ઉપાસકે ઇંદ્રીઓ વશ કરી શુધ્ધ અંતઃકરણ ધરાવવું જોઇયે. સર્વે વેળાએ અને સર્વે સંજોગ વચ્ચે તેનું મન સ્વસ્થ અને શાન્ત રહેવાની અગત્ય છે. અમૃતનાદ ઉનિષદ્ કહે છેઃ "તેણે જાણે આંધળો હોય હોય તેમ સર્વે વસ્તુઓ જોવી; જાણે બહેરો હોય તેમ સર્વે અવાજો સાંભળવા, અને પોતાના શરીરને કાષ્ઠ સમાન ગણવું."

મનુએ પણ આજ્ઞા કરી છે કે 'કદી પણ તેણે એક અશ્રુપણ ખરવા દેવું ન જોઇએ.'

શ્રી કૃષ્ણ પણ ગીતાના આરંભમાજ અર્જુનને શોકાતુર થવા માટે ઠપકો આપી બોધ દેચ્છે.*

કર્ણ વીશે ગીતામાં કહ્યું છે કે 'કર્ણાદિ ઇંદ્રીઓને અંકોશના અગ્નિમાં હોમી દે.' વાણી વીશે મનુ કહે છે 'સર્વ વસ્તુનો અર્થ વાણીથી સિદ્ધ થાય છે; વાણી મધ્યે તેમનું મૂળ સમાયલું છે; અને આ લીધે જે વાણીનો ગેરઉપયોગ કરે છે તે જાણે સર્વ વસ્તુનો ગેરઉપયોગ કરે છે.'

પાંચ જ્ઞાનેંદ્રીઓ અને પાંચ કર્મેન્દ્રિયોના સંબંધમાં આ સૂચનાઓ આપી છે. પરંતુ વાણી અને કર્મ એ બંને શુદ્ધ રાખવા ઊપરાંત મન પણ શુદ્ધ રાખવાની અગત્ય છે. માણુસે પોતાની જીભ અટકાવવી કે હાથ પાછો ખેંચી લેવો એ સહેલ છે, પરંતુ વીજળીથી પણ વધારે ઉતાવળથી વહેતા વિચારના પ્રવાહને અટકાવવા અતિ વિકટ છે. તોપણ મન વશ કરવા શિવાય છુટકો નથી; અને જો ઊપાસકમાં દ્રઢતા, પરમાર્થ બુદ્ધિ, અને ધૈર્ય હોય છે તો તેણે નિશ્ચય જાણવું કે તેનો વિજય થવાનો પુરતો સંભવ છે. નિસંશય એ કામમાં ઉપાસકને દુ:ખપણ ખમવું પડશે, અને તેના હૃદયમાંથી રૂધિર પણ વહેતું થશે, પણ તેણે ધૈર્ય રાખી તે પાછળ ખંતથી યત્ન કરવો જોઇએ. આજ રૂધિરમાં જીવ પોતાના પાદ ધોઈ ગુરૂઓ સમક્ષ ઉભો રહી શકે છે. તેજ ખરો ઉપાસક છે કે જે પોતાના હૃદયમાંથી પાપનું મૂળ કાપી તેમાંથી વહેતાં રૂધીરને હર્ષથી પગ તળે કચડવા લાગે. કહ્યું છે કે 'જીવ ઉભો રહી શકે,'—અર્થાત કે મરણ પછી પણ જીવને ઉપદેશ અને જ્ઞાન તેના અનેક જન્મોમાં વળગેલું રહેશે; આથી ગુરૂઓ સમક્ષ શરીરને નહિ પણ જીવ માત્રને ઉભું રહેવું પડે છે.]

"

૧. લોભનો વધ કર. ૨. જીવવાની તૃષ્ણાનો વધ કર. ભોગ વિલાસના વિચારનો વધ કર. ૪. પરંતુ લોભીઓ જેમ વર્તે છે તેમ વર્ત. જે પ્રમાણે જે લોકો જીંદગીને ઇચ્છે છે તે પ્રમાણે જીંદગીનો સત્કાર કર. અને જેઓ સુખચેન અર્થેજ જીવે છે, તેઓની પેઠ સુખી રહે.

લોભ રાખ્યાથી દરેક કર્મ કરવામાં ફળની ઇચ્છા રહે છે. વળી લોભથી અદેખાઇ, વૈરાદિ દુર્ગણો ઉત્પન્ન થાય છે. મનુ કહે છે કે 'જેમ અગ્નિમાં ઘી હોમવાથી તે બૂજાતો નથી પણ ઉલટો વધારે ભડકો લઇ ઉઠે છે, તેજ પ્રમાણે ઇચ્છેલી વસ્તુ ભોગવ્યાથી ઇચ્છા તૃપ્ત થતી નથી.'

વળી મોહ તેમ દ્વેષ એ બંન્ને ખોટાં છે, બંન્ને માણુસના શત્રુઓ છે—પણ જ્યારે માણુસ આ દ્વંદ્વનું પોતા ઉપર આકર્ષણ થવા દેતો નથી ત્યારે સર્વ શોક નાશ પામે છે, અને તે સ્થિર વૃત્તિથી રહી શકે છે. ઉપર કહ્યું છે કે 'લોભીઓની પેઠે વર્ત'; ગીતામાં કહે છે કે સ્વધર્મ તો પાળવોજ જોઇયે, પણ તે કર્મ નિષ્કામ વૃત્તિએ (ફળની કાંઈ પણ ઈચ્છા રાખ્યા વગર) કરવું જોઇએ. તેવી રીતે કરેલાં કર્મ જાણે કુદરતી બનાવો હોય તેમ થઇ રહે છે,

* જ્યારે ઉપાસક પોતાની અસલની ટેવો, ઇદ્રીઓના વિષયોને મુકી દેવા તૈયાર થાય છે ત્યારે એ વસ્તુઓ વીશે રહેલો તેનો અસલનો પ્રેમ તેને શોકાતુર કરે છે. એ શોક થવો નહિ જોઇએ, એટલે કે ત્યાગ તે આનંદમય ત્યાગ હોવો જોઇએ. શોકમય નહિ.

આને કરનારને આ લીધે કાંઈ અસર લેવતી નથી. જેમ જળમાં કમળ રહ્યા છતાં તેને જળ સ્પર્શ કરતું નથી, તેમજ નિષ્કામ રહેવાથી માણસ કર્મથી લેપાતો નથી.

હવે જીવવાની તૃષ્ણા વિશે બોલીશું. શા માટે આપણે આ ઇચ્છા રાખવી જોઇએ? આપણા જીવને તો મરણ છેજ નહિ તે કેવળ અનાદિ, અવિનાશી અને અજન્મ છે, પરંતુ જે શરીરમાં તે વસે છે તેજ માત્ર વિનાશી અને સજન્મ છે. વળી શરીરના સંબંધમાં પણ આવી ઇચ્છા રાખવાની વ્યર્થ છે, કારણ કે જે કાંઇ જન્મે છે તે મરણાધીન છે, વળી જીંદગીમા કેવાં કેવાં દુઃખો અને કષ્ટો ખમવાં પડે છે તે સર્વની જાણમાં છે. વળી સગાં કે મીત્રો અર્થે જીવવાને ઇચ્છવું એ પણ યોગ્ય નથી, કેમકે આપણા મરણથી તેઓ સદા કાંઇ શોક નથી કરતાં. યાજ્ઞવલ્કય પણ કહે છે કે સ્ત્રી પણ સ્વાર્થ બુદ્ધિથી ભર્તાને પ્રીય ગણે છે, અને પુત્રો પણ સ્વલાભ અર્થ પ્રીય લાગે છે: મરણ કાળે નથી પીતા કે નથી માતા કે નથી સ્ત્રી પુત્ર સાથે આવતાં; જીવને તેના કર્મ શિવાય બીજું વળગતું નથી. આને લીધે જીવવાની ઇચ્છા શા માટે રાખવી? પણ આ ઉપરથી એમ ન સમજવું કે જીવવા ન ઇચ્છતાં મરણ ઇચ્છવા મંડી જવું. મરણ કે જીવન, હર્ષ કે શોક એ વીશે કાંઇ પણ દરકાર રાખ્યા વગર માણસ માત્રે પોતાનો જીવન કાળ ગાળવો જોઇયે. આપઘાત કર્યાથી કાંઇ જીંદગી ખતમ થતી નથી. માણસને ફરી ફરીને જન્મવાનું તો છેજ. વળી કર્મ પણ સાથેનું સાથેજ છે. માટે શરીર છોડયાથી કાંઇ દુઃખથી કે કષ્ટનો અંત આવતો નથી. માટે ખરૂં પરાક્રમ તો એમાં સમાયલું છે કે શરીરથી છુટવાના યત્નો કરવા કરતાં ફરીથી દેહ ધારણ કરવો ન પડે એ વિશે યત્ન કરતા રહેવું. આ રીતે જન્મ કે મરણ આપણને ફરી બાધ કરતાં નથી ત્યારે જ આપણે અમરપણું પ્રાપ્ત કરીએ છીએ.

ત્રિજો નિયમ કહે છે કે સુખ સગવડનો વિચાર ન રાખવો, પણ તે સાથે ઉમેરે છે કે જેઓ સુખ સગવડ ઇચ્છે છે તેઓની પેઠે રહેવું. આનો ખુલાસો મનુ આપે છે; "સુખ ઇચ્છે તેણે દ્રઢ સંતોષ જાળવી રાખવો; સરવે ઇચ્છાઓને વશ કરવી; સંતોષ એ સુખનું મૂળ છે; અસંતોષ એ દુઃખનું મૂળ છે." પૃથ્વી ઉપર એવી કોઇ વસ્તુ નથી કે જેથી સંપૂર્ણ સુખ મળે. તેજ ખરો સુખી છે કે જે પોતાની સ્થિતિ વિશે સંતોષ માની લે છે].

હૃદયમાંથી આ પાપના મૂળને શોધી ઉખેડી કાઢ; તે જેમ સાધારણ તૃષ્ણાન્વિત માણસના હૃદયમાં રહી ફળ આપતું રહે છે તેજ પ્રમાણે શ્રદ્ધાવાન ઉપાસકના હૃદયમાં પણ ફળ આપતું રહે છે. બળવંત પુરૂષોજ તેનો નાશ કરી શકે છે. નિર્બળ પુરૂષે તો તેની ઉત્પત્તિ, તેની વૃદ્ધિ અને છેવટે તેના મરણની વાટ જોવી. તે પ્રલય સુધી પર્યંત જીવે છે અને વૃદ્ધિ પામે છે. જ્યારે માણસ અગણિત જન્મોનો સંગ્રહ કરે છે ત્યારે તે ફુલ આપવા માંડે છે. સિદ્ધિ માર્ગમાં પેસવા ઇચ્છે, તેણે આ દુષ્ટ વસ્તુને પોતાના હૃદયમાંથી ખેંચી ઉખેડી નાખવી જોઇયે; ત્યારે તેના હૃદયમાંથી રૂધીર વહેતું

થશે; અને તેને એવું લાગશે કે જાણે સર્વે જીંદગીનો અંત આવ્યો. પરંતુ આ ભારે પરિક્ષામાં પસાર થવુ પડશે; જે સીડીવડે અમર જીંદગીના માર્ગ ઉપર જવાય છે તે ભયાનક સીડીના પ્રથમ પગથીઆં આગળજ તે ભારે પરિક્ષાનો કાળ આવે; કે નહિ તો છેલ્લે પગથીએ પહોંચતાં આવે.

[આ પાપનું મૂળ તો ઉપાસકના હૃદયમાં તે ઉપાસક થયો તેની પૂર્વેથીજ રોપાયલુ છે. તે કાંઇ આજકાલનું રોપાયું નથી, પરંતુ અગણિત પૂર્વે જન્મોમાં ઉગીને અંદર જડ ઘાલી બેઠું છે. આ મૂળને ઉખેડી નાખવું એ અતિ ભારે કામ છે. મલીન પ્રકૃતિ સામે યુદ્ધ કરવામાં માત્ર અતિ પરાક્રમી પુરૂષોજ ફાવી શકે છે. અને તેમને પણ જ્યાંસુધી એક ગુરૂની યોગ્ય સહાય, સ્વચ્છ જગ્યા, એકાંત સ્થળ, અને મન વશ રાખવાની શક્તિ હોતી નથી, ત્યાંસુધી તે કામમાં ફાવવાની આશા રાખવી લગભગ ફોકટ છે. પરંતુ કામ ગમે તેવું ભારે હોય, માટે હિમ્મત હારી જઇ તે કામ મુકી દેવું ન જોઇયે. જ્યાંસુધી જીવ પાપની અસરથી લિપ્ત છે, ત્યાંસુધી મોક્ષ અશક્ય છે; માટે કોઇ પણ વેળાએ આ મુળને તો કાપવુંજ પડશે, અને જેમ વધારે વાર લગાડશું તેમ તેના મૂળ વધારે ઊંડાં પેસતાં જશે, તે એટલે સુધી કે તેમને પાછાં ઉખેડી કહાડવાનું અશક્ય થઇ પડે; માટે આ સર્વોત્તમ અગત્યના કાર્યપર જેટલી ઉતાવળથી મથીયે તેટલું બહેતર છે. કઠોપનિષદ્‌માં કહ્યું છે કે "ઉઠ, હે ઉપાસક, મહાન ગુરૂઓને પ્રાપ્ત કર, અને આ વાત ઉપર તુર્ત લક્ષ આપ. જ્ઞાનીઓ કહે છે કે જેટલું છરીની ધારપર ચાલવું વિકટ છે તેવુંજ આ માર્ગ ઉપર ચાલવું વિકટ છે." ઉપાસક પોતાનું હૃદય ઘાયલ થવાની ધાસ્તી ન રાખે તે માટે નીચલી શીખામણ આપી છે:]

પરંતુ, હે ઉપાસક, સ્મરણમાં રાખ કે તે ખમવા શિવાય છુટકો નથી; તારા જીવની સર્વે શક્તિઓ આ કામ પછવાડે લગાડ; નહિ વર્તમાનમાં કે નહિ ભવિષ્યમાં જીવ, પણ સદા અનંતમાં રહે. તેમ કર્યાથી આ રાક્ષસી વૃક્ષ ફુલ આપતું બંધ થશે; જીંદગીનું આ દુષણ અનંત સંકલ્પની હવા માત્રથીજ ભૂસાઇ જશે.

[પાપનું મૂળ કાપવા સાથે આ પણ અગત્યનું છે કે તે મૂળ ફરી ન ઉગે તેની સંભાળ લેવી. જ્યાંસુધી વર્તમાન કે ભવિષ્યમાં જીવવાની ઇચ્છા રાખે ત્યાંસુધી આ મૂળ જડ ઘાલી રહેશેજ. એક સારાં માણસનો દાખલો લેવો. પોતાના પુન્યના બળે તે સ્વર્ગમાં જશે. વળી પૂનર્જન્મ લઈ પૃથ્વિ ઉપર સુખ ભોગવશે. પણ આ સર્વે થોડા કાળનું છે. આ સુખ કાંઇ નિત્ય રહે એવું નથી. જ્યાંસુધી પૂનર્જન્મ ચાલુ છે ત્યાંસુધી આ મૂળ ફરી ઉગી નીકળવાનો ભય રહે છે. આવાં સુખનો વિચાર છોડી દીધાથીજ તે સ્વતંત્ર થાય છે; પછી તેના હૃદયમાં એવી માટીજ નથી કે જેમાં પેલું પાપી વૃક્ષ ઉગી શકે કે ફુલ આપે. "અનંતમાં રહેવું," એટલે કે મોક્ષની શ્રેષ્ઠ અવસ્થામાં, જેથી જન્મ મરણના બંધનથી મુક્ત થવાય છે. આજ

અનંત છે. આજ સત્–ચિત્ત–આનંદ છે.

હવે ઉપાસક બીજી કયી વાતથી દુર રહેવું જોઇયે તે જણાવે છે:]

૫. અહંકારનો વધ કર. ૬. ઇન્દ્રિય સુખની ઇચ્છાનો વધ કર. ૭. વૃદ્ધિ પામવાની ભૂખનો વધ કર. ૮. તોપણ એકલો અને એકાંત ઉભો રહે, કારણકે જે કાંઇ દેહધારી છે, જે કાંઈ અહંકાર ધરાવે છે, જે કાંઇ અનંતની બહાર છે, તે કાંઇ પણ તને સહાય આપશે નહિ. ઇન્દ્રિય સુખમાં થતી લાગણીઓ ઉપરથી શીખ અને તેમનું અવલોકન કર, કારણકે આમ કર્યાથીજ સ્વાનુભાવ વિધાનો તું આરંભ કરશે, અને સીડીની પ્રથમ પગથી ઉપર પગ મુકતો થશે. જેમ એક પુલ પોતાની મેળે ઉગે છે તેજ પ્રમાણે તારા જીવને અનંત સમક્ષ અતિ આતુરતાથી ખીલવ અને ઉગાડ. પણ તારં બળ અને સૌંદર્ય અને તેજ બહાર લાવવું જોઇયે, પણ નહિ કે વૃદ્ધિ પામવાની ઇચ્છાથી કારણકે જણાવેલી પ્રથમ રીત પ્રમાણે તું સ્વચ્છતા અતિ ખીલવી શકશે; પણ છેલ્લી રીત પ્રમાણે જો સ્વ–વૃદ્ધિ માટે દ્રઢ ઇચ્છા ધરાવશે તો ઉલટો તું વધારે જડ બનશે.

[બ્રહ્મ તો અદ્વૈત છે, પરંતુ તે વ્યષ્ટિ અને સમષ્ટિ રૂપે ભાસે છે. સર્વેનો આત્મા આ કારણથી અભિન્ન છે. આજ કારણથી માણસે અહંકાર રાખી બીજા માણસોથી પોતાને જુદો સમજવો એ કેવળ મૂર્ખાઇ છે. સર્વે માણસોને સામટાં લઇ તેમનો વિચાર કરવો જોઇયે, અને એમ વિચાર કર્યાથી દરેક જણ આખાનો માત્ર એક ભાગ જણાશે. એક માણસ જે શુભ વા અશુભ કર્મ કરે તેની અસર આખી માણસ જાત ઉપર લાગુ પડે છે. એકનું કર્મ આમ સર્વે બીજાના કર્મ સાથે ઓતપ્રોત થાય છે. એક માણસને પાપી સમજીને તેનો તિરસ્કાર કરી દૂર રહેવું એ કદી ક્ષમા ન થાય એવો ગર્વ છે. ઉપાસકે યાદ રાખવું કે તેનો તેમજ બીજાઓનો આત્મા શુધ્ધ છે; જેવી રીતે તેનો આત્મા તેની દેહ સાથે સંબંધમાં આવ્યો, તેજ પ્રમાણે બીજાઓનો આત્મા પણ તેમના દેહની સાથ સંબંધમાં આવ્યો; અને જે તેમ માટે તે પોતે યત્ન કરે છે, તેજ તેમપર બીજાઓને પણ મંડવુંજ છે. માટે તેઓ પણ પણ સહગામી પ્રવાસીઓ છે અને ‘સત્’ના માર્ગ ઉપર આવવાને યત્ન કરે છે; પરતું કાદવ ભરેલા માર્ગ ઉપર ચાલતાં થાકી જાય છે. સદ્‌ભાગ્યે જે નીતિના નિયમો પાળવાનું ઉપાસકથી બની આવે છે તે નિયમોનો જાણતાં કે અજાણતાં ભંગ થવાથી પેલા બીજાના પ્રવાસમાં માત્ર ઢીલ પડી જાય છે. તે માટે તે તિરસ્કાર પાત્ર ઠરતો નથી, પણ ઉલટો તેને દિલાસો આપવો ઘટે છે. ઉપાસકે આટલો વિચાર કરવો કે હજી તેં ઉપાસક છે, અને તેના કરતાં બીજા જે કેટલાક અતિ પવિત્ર પુરૂષો છે, તેઓ મહત્–પદ પ્રાપ્ત કર્યાથી ઉપાસકનો કાંઇ તિરસ્કાર કરતા નથી. માટે ઉપાસકે યાદ રાખવું

કે પોતાથી કોઇ હલકા પુરૂષને તિરસ્કાર કરવાથી જેઓ તેનાથી શ્રેષ્ઠ છે તેઓ ઉલટો પોતાનોજ તિરસ્કાર કરશે. વળી ઉપાસકે આ પણ ગોખી રાખવું કે એક વસ્તુ કે માણુસ માટે તિરસ્કાર ધરાવ્યાથી દિલમાં અહંકારની લાગણી ઉત્પન્ન કરી તો એક જાતનું કર્મ ઉભું કરાશે, કે જે કર્મ વડે તે વસ્તુ કે માણુસ સાથે ઉલટો બંધનમાં આવશે, અને જ્યાંસુધી તે એમ જાણશે નહિ કે આવી રીતની જુદાઇ કદી પણ રાખી શકાય નહિ ત્યાંસુધી આ બંધનમાંથી મુક્ત થશે નહી. માટે સર્વોપર આત્મભાવ રાખવો અવશ્ય છે.

હવે આ પ્રમાણે સર્વેપર પ્રેમ ધરાવ્યાથી જો કે ફળ તો સારૂં નિપજે છે, પણ સર્વે સ્થૂળભૂત વસ્તુ અંતે નાશ પામે છે. માટે આવી વર્ત્તણુકથી આપણે સીડીની એક પગથી ચઢી શકીએ, પણ તેથી કાંઇ જોઇતી સંપૂર્ણ સહાય આવી મળતી નથી. અવિનાશી સુખ માત્ર અવિકારી વસ્તુમાંથી પ્રાપ્ત થાય. માટે તેવી વસ્તુની શોધ ઉપર મંડવુ જોઇયે. હવે કંયી વસ્તુ અંનત છે ? તેજ વસ્તુ અનંત છે કે જે સર્વેના નાશ પામ્યાં છતાં પોતે નાશ પામતી નથી. તે આત્મા છે. પ્રકૃતિને સર્વે ઠેકાણે અંતવાન અને પરતંત્ર જોઇયે છીએ, પણ આત્મા સર્વે ઠેકાણે કેવળ અને સ્વતંત્ર જણાય છે, માટે આપણુને માનવાની ફરજ પડે છે કે પ્રકૃતિની—તેના સર્વે રૂપમાં—અસ્તિનું કારણુ આત્મા છે. માટે આત્માને "પુત્ર કરતાં પણ વધારે પ્રિય. દ્રવ્ય કરતાં પણ વધારે પ્રિય, સર્વે બીજી વસ્તુ કરતાં પણ વધારે પ્રિય ગણવો જોઇયે; કેમકે તેજ અનંત છે." (ઉપનિષદ્ વાક્ય). માટે ઉપાસકે અવશ્ય કરીને આત્માનું ધ્યાન ધરવા ઉપર ઉમંગથી મંડવુ જોઇયે. ઉપાસકને સાથે લાગું વળી એ પણ કહ્યું છે કે તેણે 'એકલા ઉભા રહેવું અને અનંતમાં રહેવું';—અર્થાત—માણુસ જાતપર પ્રેમ રાખી તેમનો સત્કાર કરવો, અને અનંતને પહોંચવા યત્ન કરવો. પેહેલું એ સાર્વત્રિક ભ્રાતૃભાવ દર્શાવે છે; બીજું આત્મ-વિદ્યા સૂચવે છે પેહેલાંથી સીડીની એક પગથી ચઢાય છે, બીજાથી ઉપાસક સીડીને મથાળે પહોંચે છે.

હવે "લાગણી" વીશે બોલીશું. ઇન્દ્રિય દ્વારા જે અસર મન ઉપર પહોંચ્યાથી મનની સ્થિતિમાં જે ફેરફાર કરે છે તેને લાગણી કહે છે. માનસિક સ્થિતિમાં થતા આવા દરેક ફેરફારથી અંતર-શાંતિને હરકત નડે છે, અને માણુસ અસ્થિર બને છે. અને આ ચિત્ત શુધ્ધિની ક્રિયાને હાની-કારક છે. આવી મનપર થતી સર્વે અસરો બંધ પાડવી જોઇયે, એટલુંજ નહિ પણ તેઓથી કાંઇ પણ લાગણી ઉત્પન્ન થવી ન જોઇયે. બહારની વસ્તુઓથી ઉભી થતી લાગણીઓને અટકાવવી એટલુંજ નહિ પણ તે સાથે આપણે સભાળ લેવી જોઇયે કે આપણાથી બીજાઓના મન ઉપર કાંઇ લાગણી કે અસર કરાય નહિ. જે સત્ય હોય તેજ માત્ર કરવું, અને તે પણ આપણો ધર્મ સમજીને, તથા આપણા કામથી આપણા પોતા ઉપર કે બીજા ઉપર જે કાંઇ અસર નીપજે તે પ્રત્યે કાંઇ પણ ધ્યાન આપ્યા વગર આપણું કાર્ય કરતા રહેવું.

પણ આપણને થતી લાગણીમાં કાંઇક લાભ પણ છે. જ્યારે પણ આપણને લાગણી લાગે, ત્યારે તે ઉપર બારીકાઇથી ધ્યાન આપી તે જે કાંઇ શીખવે છે તે ગ્રહણ કરવું જોઇયે. કારણ કે આ રીતી માણસને જાતી સ્વભાવ જાણવાનું ઉત્તમ સાધન પુરૂં પાડે છે, અને આ રીતી અમલમાં આણવાથી આપણી આસપાસ જે કાંઇ છે તેમના સારા ગુણો ગ્રહણ કરવા અને દુષ્ટ ગુણ વર્જવા શીખીએ છીએ. મનુ કહે છે તેમ વિષમાંથી પણ અમૃત ઉત્પન્ન થાય છે. પણ આમ લાગણીનું બારીક અવલોકન કરતાં કાંઇક સાવચેતી અને સ્વ–અંકોશ રાખવાની અતિ અગત્ય છે.

સાતમો નિયમ કહે છે કે ઉપાસકે "વૃદ્ધિની ભૂખ મારી નાખવી જોઇયે;" વૃદ્ધિ એટલે શરિર, સત્તા, પદ્વી, દ્રવ્ય, બુદ્ધિ અને સર્વે બીજી વસ્તુની વૃધ્ધિની કાંઇ પણ થોડા કાળ નીચે એવી જગતની કોઇ પણ વસ્તુ આપણી પાસે વધે એવી ઇચ્છા કદી પણ ન રાખવી. આટલું ધ્યાનમાં રાખવું કે વૃદ્ધિ પોતામાં તો (અને નહિ કે લોકમાં મોટાઇ જણાવા માટે કે કાંઇ બીજા અર્થે) સ્તુતિ પાત્ર છે. આ વીશે જે ફુલનું ઉદાહરણ આપ્યું છે તે વીચારી જોવું. એક ફૂલ ઉગે છે, પણ તે પોતે જાણતું નથી કે તે ઉગે છે, અને વળી તે કાંઇ પોતાનું સૌંદર્ય દેખાડવા માટે કે કાંઇ પણ બીજા પોતાને ગમતા હોય એવા હેતુ અર્થે ઉગતું નથી. તે ઉગે છે, અને અતિ આતુરતાથી ઉગે છે, તે આટલાજ માટે કે જાણે હવામાં પોતાની પાંખડાઓ ખુલ્લો મૂકે. ઉપાસક પણ આજ પ્રમાણે ઉગવું (વૃદ્ધિ પામવા) જોઇયે. તેણે નિયમસર માત્ર પોતાના ધર્મ તરીકે ઉગવું જોઇયે, અને તે પણ સહજ પણ મોટાઇ કે વડાઇ દેખાડયા વગર, અને માત્ર જ્ઞાનની હવામાં પોતાનો જીવ ખુલ્લો મૂકવા માટેજ. જેમ કુદરતજ ફૂલનું બળ અને સૌંદર્ય ખીલવે છે અને નહિ કે ઉગવાની ઇચ્છા, તેજ પ્રમાણે વૃદ્ધિ પામવાની ઇચ્છાએ નહિ પણ કેવળ અનંતેજ ઉપાસકનું બળ અને સૌંદર્ય ખીલવવું અને વધારવું જોઇયે. જે કાંઇ સર્વે અનંત છે તેજ માત્ર શુધ્ધ આનંદનું મૂળ છે; અને જ્યારે અનંતથી માણસનું બળ અને સૌંદર્ય ખીલે છે, ત્યારે તેઓ સંપૂર્ણ શુધ્ધ બની રહે છે. પણ જો કાંઇ સ્વાર્થિ ઇચ્છાથી આપણું બળ અને સૌંદર્ય ખીલવીએ છીએ તો એમજ કહેવાશે કે આપણે એક ક્ષણભંગુર કો ઇચ્છાયે છીએ, અને આ ઇચ્છા જો વારંવાર થવા માંડી તો આપણને વિષયાસકત બનાવી ખરી ચિત્ત શુધ્ધિને બારે હાનીકારક થઇ પડે છે. પહેલા આઠ નિયમો ઉપાસક સદગુણી થવા માટે શું ન ઇચ્છવું જોઇયે તે દર્શાવે છે. પણ જો કે સદગુણી વર્તણુકથી કેટલાંક રૂડાં પરિણામ નિપજે છે, તોપણ તેઓ ખરેખર અને સંપૂર્ણ અસરકારક નીવડે તે માટે આ અવશ્યનું છે કે સ્વાભાવિક રીતે આ ધૈર્ય-તત્ત્વ આપણે ધરાવવા જોઇયે, અને નહિ કે કાંઇક કચવાટથી કે બેદીલીથી. કાયદાની જાળમાં ફસાઇ ન પડાય તેવી બીકથી સદગુણ ધારણ કરવાના કરતાં, લોક મતની ધાસ્તી રાખીને નીતિમાં રહેવાના કરતાં, અથવા વખાણ મેળવવા કે સ્વર્ગ–સુખ મેળવવા માટે દાન કરવા કરતાં, જ્યારે માત્ર ખરી દીલની લાગણીથીજ સદગુણ ગ્રહણ કરાય છે અને

નીતિ પળાય છે, ત્યારેજ માત્ર તેઓ સપૂર્ણું ફળદાયક નિપજે છે.

'હવે શામાટે ઉપાસકે આવી દુનિઆઇ ઇચ્છાઓ મૂકી દેવી જોઇએ તેનું ખરૂં કારણ આ છે; પાશ્ચાત્ય વિધાએ પુરવાર કર્યું છે કે માણસનું સ્થૂળ શરિર પોતાનામાં રહેલા પરમાણુઓ નીરંતર બદલ્યાં કરે છે; જો તે પોતાની ઇચ્છાઓને તૃપ્ત કરવામાં અટકાવ કરતો રહે, તો ચોકકસ વખત પછી જે પરમાણુઓ તેનું આગળનું વિષયાસકત શરિર બનાવી રહ્યાં હતાં અને જેમના ઉપર દુષ્ટ અસરોની છાપ પડી હતી તેઓ સર્વે બહાર નીકળી જશે. આ સાથે આવી વિષયી લાગણીઓ બંધ પડવાથી નવા પરમાણુઓ આવતા થશે તેઓ વધારે શુધ્ધ અને આ દુષ્ટ અસર વગરના આવતાં રહેશે. આ રીતે ચોકકસ દુર્ગુણોથી દુર રહેવામાં આવું ખાસ પરિણામ નિપજે છે, તોપણ વળી બીજું સાધારણ પરિણામ આ નિપજશે કે માણસનું શરિર ઓછું સ્થુગ થઇ રહેશે; કેમકે શરિરમાં હવે વધારે સૂક્ષ્મ અને વધારે સ્વચ્છ પરમાણુઓ આવી રહેશે. પાશ્ચાત્ય પંડીતોએ વળી દેખાડી આપ્યું છે કે જો કોઇ પણ પરમાણુ કે અવયવ કે ઇંદ્રીનો ઝાઝો વપરાસ ન થાય તો તેઓ સુન્ય મારી જઇ પોતાની શકિત ખોઇ બેસે છે.

ઉપાસકે આ પણ ધ્યાનમાં રાખવું કે જેમ કર્મ શુધ્ધ હોવું જોઇયે, તેમ મન પણ શુધ્ધ રહેવું જોઇયે. "પાપી અને વિષયી વિચારોથી અતિ સંભાળ રાખવી. વિધાએ પણ સાબીત કર્યું છે કે વિચારમાં પણ ગતિ છે.* માણસનું સૂક્ષ્મ શરિર પણ પરમાણુઓનુંજ બનેલું છે, અને વિચારોની અસર પ્રથમ તેમને પહોંચી તેમની મારફતે સ્થુળ શરિરના પરમાણુઓ ઊપર આવી પડે છે. વળી આ પણ કુદરતનો કાયદો છે કે જો એકવાર એક ક્રિયા કરી તો તે ક્રિયા ફરી કરાય એવી તેમાં સ્વાભાવિક લાગણી રહી જાય છે. વળી ચોકકસ કામો સ્વચ્છ વિચારને પ્રતિકુળ એવી શારીરિક સ્થિતિ ઉત્પન્ન કરે છે, અને તેથી ચિત્ત શુધ્ધિને પણ અડચણ નડે છે.

ટુંકમાં, દીલમાં વિષયી ઇચ્છા રાખીને બહારથી નીતિમાન રહેવું નિરૂપયોગી છે. માહેની ઇચ્છાનેજ નાબુદ કરવી એજ માત્ર અવશ્યક છે; તે વગર બહારથી નીતિમાન રહેવાનો ડોળ ઘાલવો એ એક જાતનો ખુલ્લો ઢોંગ અને ફોકટની ગુલામગીરી છે."

હવે ૯માં નિયમથી ઉપાસકે શું ઇચ્છવું જોઇયે તે દર્શાવવામાં આવે છે. જે જે ઇચ્છાઓમાં મનને શુધ્ધ કરવાની વળણ છે, અને જે જે ઇચ્છાઓ ઉપાસકની ચિત્ત શુધ્ધિના

* આ વીશે પ્રખ્યાત ફ્રેંચ વિદ્વાન ડાકટર બેરેડૂક જે શોધ કરી છે તે જુઓ. તેણે સાબીત કર્યું છે કે વિચારને ગતિ છે એટલુંજ નહિ પણ તેનાં રૂપ પણ બંધાય છે. આ વિદ્વાન આવાં રૂપોની છબી પણ પાડી રાકયા છે.

કાર્યમાં સહાય કરે એવી હોય છે, તો તે ઇચ્છાઓ હવે જણાવવામાં આવે છે. ઉપનિષદ્ વાક્ય છે કે "જ્યાં આત્મા માત્રેજ ઇચ્છા હોય છે, અને જ્યાં બીજી કાંઈ ઇચ્છા હોતી નથી, ત્યાં કોઇ પણ શોક નથી." હવે આપણે ઉપર જણાવ્યું છે કે ઇચ્છા માત્ર હોવી ન જોઇએ. નિરાલંબ ઉપનિષદ્ કહે છે કે સંસારમાં રહેવાની ઇચ્છા કે સંસારમાંથી નિવૃત્ત પામવાની ઇચ્છા એ બન્ને ઇચ્છાઓજ છે, અને જરીક રમુજમાં પણ સત્ય રીતે કહે છે કે 'કાંઇ પણ ન ઇચ્છવાની ઇચ્છા રાખવી' એ પણ ઠપકા પાત્ર છે. આ ઉપરથી ઉપાસકે જાણવું જોઇયે કે જ્યારે તેને કહેવામાં આવે છે કે તેણે જીવ અર્થે આ કે પેલી ચીજ ઇચ્છવી, ત્યારે તેનો હેતુ આ છે કે તેણે એવી રીતની વર્ત્તણુક અખત્યાર કરવી કે જે, પોતાની મેળે, તેની પોતાની કાંઇ પણ ઇચ્છા વગર, તેની ચિત્ત શુધ્ધિને સહાયકારી નિવડે: અને આ લીધે જેપણ કાંઇ શુભ કર્મ કરવામાં આવે તે ધર્મ તરીકેજ કરવું જોઇયે, કેમકે તેમ કરવાની આપણી ફરજજ છે અને તેમ કરવું અવશ્ય પણ છે; અને નહિ કે કાંઇ ફળ કે લાભની ઇચ્છાથી કે વળી મોક્ષની ઇચ્છાથી.

હવે જો એમ પ્રશ્ન કરવામાં આવે કે ઇચ્છા વગર કે માગ્યા વગર મોક્ષ કેમ મળે, તેનો ઉત્તર રગ્વેદનું ૭મું મંડળ (૪૯ સુક્ત, ૧૨ મંત્ર) આપે છે, જ્યાં કહે છે કે જેમ 'ઉર્વારક' ફળ જેવું સંપુર્ણ પાકી રહે છે કે તેવુંજ પોતાની મેળે શાખાપરથી તુટી પડે છે, તેજ પ્રમાણે જે પુરૂષ મોક્ષ લાયક છે તેને મોક્ષ પ્રાપ્ત થાય છે. વિષ્ણુ પુરાણ પણ કહે છે કે "બ્રહ્મ રૂપ પરમાત્માનું ચિન્તન કરતાં બ્રહ્મને ચિન્તન કરનારને જેમ લોહચુંબક આકર્ષણશક્તિ વડે પાસેના લોહને પોતા પ્રત્યે ખેંચે છે તેમ ખેંચી પોતાના સ્વરૂપમાં મેળવી દે છે."]

૯ જે તારા અંતરમાં છે તેજ માત્ર ઇચ્છ. ૧૦. જે તારી બાહાર છે તેજ માત્ર ઇચ્છ. ૧૧ જે અપ્રાપ્ય છે તેજ માત્ર ઇચ્છ. ૧૨ કારણકે અંતરમાં જગત જ્યોતિ છે. માર્ગ ઉપર માત્ર આજ જ્યોતિ પ્રકાશ નાખે છે. જો અંતરમાં તે જોવાને તું અશક્ત છે, તો બીજે કયાંયે જોવું નિરૂપયોગી છે. તે તારી બાહાર છે, કારણકે જ્યારે તું તેને પહોંચીશ કે તું પોતારૂપ રહેશે નહિં. તે અપ્રાપ્ય છે, કેમકે તે સદા દુરની દુરજ જતી જાય છે. તું પ્રકાશમાં પેસી શકીશ, પણ કદી પણ જ્યોતિને અડકી શકીશ નહિં.

(હવે જે ઉપાસકની અંદર, તેની બાહાર અને સર્વે બીજે સ્થળે છે, અને જે અપ્રાપ્ય છે, તે અનંત છે. સર્વે જગ્યાએ જેની ઇચ્છા કરવી જોઇયે અને જે શોધી કાઢવું જોઇયે તે આ અદ્વૈત અનંત છે, અને તેની સર્વ વ્યાપકતા ઉપાસકના ધ્યાન ઉપર ઠસાવવા માટે તેનું અંદર બાહાર વિગેરે જણાવ્યુ છે. જે ઉપાસકની અંદર છે તે પરમાત્મા છે. તેજ સત્ય નું સત્ય છે. તેજ મહા પ્રકાશ છે. ઉપાસકે આજ પ્રકાશ શોધી કાઢવાનો પ્રયત્ન કરવો જોઇયે; જો તે યત્ન નિષ્ફળ નિવડયો તો બીજે કયાંયે પણ તે જડવાનો નથી. પણ જો તે યત્ન સફળ થયો તો સર્વે બીજે ઠેકાણે તે પ્રકાશ દેખાતો થવાની આશા રહેશે. કેમકે

ઉપનિષદ્‌માં કહેછે તેમ "જે આપણી માટે છે તેના દર્શન વડે, શ્રવણ વડે, મનન વડે અને ધ્યાન વડે, સકળ વિશ્વ જાણવામાં આવે છે." તેનું કારણ આ છે કે "જે પ્રકાશ માણસમાં છે તેજ પ્રકાશ તેની બહાર આ આકાશ ઉપર, સર્વે ઉપર, સર્વોત્તમ લોકની પણ ઉપર કે જેનીપર બીજો કોઇ પણ લોક નથી ત્યાં પણ પ્રકાશે છે." (છાંદોગ્ય ઉપનિષદ્) જો ઉપાસક માત્ર અંદર જોઇને બાહાર નથી જોતો તો તેનો શ્રમ નિરૂપયોગી થઇ પડે છે. જે ઇચ્છા વાનું તે અનંત છે, અને "એ નીચે, ઉપર' પાછળ, આગળ, જમણે પાસે અને ડાબે પાસે, છે; આ સર્વ અનંતજ છે." (છાંદોગ્ય ઉપનિષદ્) "બાહાર છે"; જો તે માણસ કે વસ્તુની બહાર ન હોય તો અનંત કહેવાયજ કેમ ? જ્યારે ઉપાસક જે તેની અંદર અને વળી બાહાર છે તેને જોવાનો યત્ન કરે છે ત્યારે અનંતમાં સમાઇ જાય છે, અને ત્યારે તે અનંતનો મહાસંકલ્પ સમજતો થાય છે. અને આમ કર્યાથીજ તેના મહાભારત કાર્યમા જય પ્રાપ્ત કરવાની આશા રહે છે. "અનંત એ પરમાનંદ છે. જે કાંઇનો અંત છે તેમાં આનંદ સમાયલો નથી. અનંત માત્ર આનંદછે, અમે આ અનંતનેજ ઇચ્છીયે છીએ અને જાણીએ છીએ.' (૭૭)

હવે ૧૦મો નિયમ કહે છે કે તે અપ્રાપ્ય છે. એટલે કે આ અનંત માત્ર જાણવા માં આવે અને નહીં કે તેને હાથ લગાડી શકાય. જો તે હાથ અડકાડી શકાય એવી વસ્તુનો અંત હોય, તેનામાં કાળ અને વિસ્તાર સંબંધી કાંઇ હદ હોય; પણ આપણને તો જેને કાંઇ પણ સીમા નથી કે જેને કાંઇ પ્રકારનો બાધ નથી તેજ માત્ર શોધવું છે. પણ આટલું ધ્યાનમાં રાખવું કે જો કે તે હાથમાં ધરાય એવું નથી, તો પણ જ્યારે તે સત્, તેજ, પરમ પ્રકાશ, છે, ત્યારે દરેક યોગ્ય પુરૂષ તેની અસર તળે આવી શકે; જો કે જ્યોતિને હાથ લગાડવાનું ન બને, તોપણ તેના પ્રકાશમાં પેશી શકાય.

જો એક ઇચ્છા સિદ્ધ કરવાના સાધન હાથ હોય નહિં તો તે ઇચ્છાજ નકામી છે. માટે ઉપાસકે હવે આ પરમ ઇચ્છા સિદ્ધ કરવાનું કયું સાધન ધરાવવું જોઇયે તે નીચલા નિયમો દર્શાવે છે.)

૧૩ આતુરતાથી બળ ઇચ્છ ૧૪ ભક્તિથી શાંતી ઇચ્છ. ૧૫. સૌથી પેહેલાં સંપતિ ઇચ્છ. ૧૬. પરંતુ તે સંપત્તિ શુદ્ધ જીવને લગતીજ હોવી જોઇયે; અને તેને લીધે સર્વે શુદ્ધ જીવોએ તે સરખી રીતે ધરાવવી જોઇએ. અને આ રીતે જ્યારે તે સર્વે અકઠી કરાય ત્યારે તે સર્વેની ખાસ મિલ્કત હોવી જોઇએ. જે સંપત્તિ પવિત્ર જીવ ધરાવી શકે તેજ માલ સંગ્રહ કર, કે તેમ કરીને જે આત્મા અને જીવ જોડાઇને તારૂં સ્વરૂપ દર્શાવે છે તે માટે દ્રવ્ય ભેગું કરાય. જે શાંતિ તારે ઇચ્છવી જોઇયે તે તે પવિત્ર શાંતિ છે કે જે કશા થી પણ ન ચળે, અને જે મધ્યે જેમ શાંત સરોવરમાં પવિત્ર ફૂલ ઉગે છે તેમ તારો જીવ ઉગે. જે બળ ઉપાસકે ઇચ્છવાનું છે તે એવું જોઇયે કે જેથી તે લોક દ્રષ્ટિએ તુચ્છ લાગે.

"(ઉપાસકને બળની તો જરૂર છે. પણ હવે કેવા પ્રકારનું બળ તેણે પ્રાપ્ત કરવાનું છે! નિઃસંશય તે કાંઇ પૃથ્વી ઉપર મોટાઇ મેળવવાનું બળ નથી. વિષ્ણુ પુરાણમાં પૃથ્વિને પોકારતી જણાવી છે કે "આ બુદ્ધિમાન રાજાઓનો પણ આ મોહ કેવો કે જેઓ આ ફીણ જેવા ક્ષણભંગુર દેહમાં વિશ્વાસ કરે છે! તેઓ પ્રથમ પોતા ઊપર જય મેળવવા પૂર્વે મંત્રિઓને જીતવા ઇચ્છે છે; પછી ભૃત્ય લોકને, પછી જનોને, તેમજ પછી શત્રુઓને જીતવા ઇચ્છે છે. આ અનુક્રમે સમૂદ્ર પર્યંત પૃથ્વિને જીતીશું, એવા વિચારમાં આસક્ત બુદ્ધિઓવાળા મોં આગળ ઉભેલા મૃત્યુને દેખતા નથી. આત્મજયથી સપ્તાવરણને ન જીતતાં સમુદ્રાવરણવાળા મારા મંડળને જીતવાથી શું ફળ છે? જેમ મને છોડીને તેના પૂર્વજો ચાલ્યા ગયા તેમ તે પણ મને છોડી જશે છતાં તે મૂઢ મને જીતવા માટે વૃથા પરિશ્રમ શાને કરે છે? મારે માટે મોહમમતાને લીધે પિતા પુત્ર, અને ભાઇઓમાં કલેશ ચાલે છે. આ બધી પૃથ્વી મારી છે, તે બધી મારા વંશવાળાની પાસે સદા રહેશે. જે જે કુબુદ્ધિવાળા રાજા મારામાં થઇ ગયા અને હવે થશે એ બધા એવાજ વિચારના જાણવા. પહેલાના રાજા મરે છે તે મને અહીંજ છોડી જાય છે એવું દેખતાં છતાં તેની પછીના રાજાની મારા વીશે મમતા કેમ બંધાય છે તે હું જાણી શકતી નથી! જે રાજાઓ પોતાના દૂતની સાથે શત્રુઓને કહાવે છે કે 'આ પૃથ્વી મારી છે, તું તેને સત્વર તજી દે' એવા રાજાઓ વિશે મને અતિ હસવું આવે છે, પણ વળી તેઓને મૂઢ જાણી દયા ઉપજે છે!"

જ્યારે સાર્વભૌમ રાજાઓની આવી અવસ્થા છે, ત્યારે એક સાધારણ માણસ તે ગમે તેટલો શ્રીમંત કે મોટો હોય તો તેના બળ અને દ્રવ્ય વીશે શું કહેવું! વળી વિષ્ણુપુરાણ આપણને કહે છે કે "દ્રવ્ય મેળવવામાં, જાળવવામાં અને ખોવામાં પુરૂષને અનેક દુઃખ થાય છે. તેમ જે ઇષ્ટ મિત્ર છે તેના વિયોગમાં દુઃખ શિવાય બીજું કશું નથી. પુરૂષને જે જે વસ્તુ પ્રિયંકર હોય તેજ દુઃખ રૂપ વૃક્ષનું બીજ જાણવું. વળી પુરૂષને સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય આદીથી જેટલું દુઃખ પ્રાપ્ત થાય છે તેટલું સુખ નથી મળતું. આ રીતે સંસાર જાણે દુઃખનો સૂર્ય છે; તેના તાપે તપેલા પ્રાણીઓને મુક્તિરૂપ વૃક્ષની મીઠી છાયા વિના બીજે ક્યાં સુખ છે? ગર્ભ, જન્મ અને જરાદિમાં અધ્યાત્મિક આદિ ત્રણ દુઃખોથી પીડિત જનોને ઔષધ રૂપ સુખ દેવાવાળી શ્રી પરમાત્મામાં આત્યંતિક પ્રીતિ શાસ્ત્રે માનેલી છે."

આજ પ્રકારનું બળ ઉપાસકે મેળવવું જોઇએ; આજ બળથી તે અનંત સુખ પ્રાપ્ત કરી શકશે, અને નહિ કે દુનીઆઇ વસ્તુને લગતાં બળથી. સંસારી માણસો જે બળ ઇચ્છે છે તે છેવટે માત્ર દુઃખ રૂપ છે. માટે ઉપાસકે તેજ બળ કેળવવાનું છે કે જેથી તે પરમાત્માના અનંત તેજના દર્શન પ્રાપ્ત કરવાને શક્તિવાન થાય.

આ બળ મેળવવાનું પ્રથમ પગલું આ છે કે શાંતિ પ્રાપ્ત કરવી. શાંતિ એટલે ઇન્દ્રિય નિ-ગ્રહ, સર્વ ઇંદ્રીઓ ઉપર સંપૂર્ણ અંકુશ, સર્વે ઊપર અચળ સ્વચ્છ પ્રેમ, અને પરમાત્મા

વિશે શુધ્ધ ભક્તિ. જેઓ સંસારમાં લપટાયલા છે, અને જેઓ સંસારી મોજ અને મોટાઇમાં મન ઘાલી રહ્યા છે તેઓ કદી પણ આ અચળ સ્થિર શાંતિ ભોગવી શકે નહિ. "જેમ માટીનું ઘર ટકવાને વાસ્તે માટી અને જળથી લીપે છે, તેમ આ પૃથ્વીથી ઉપજેલો દેહ માટી અને જળથો (એટલે કે અન્ન પાણીથી) લીંપવામાં આવે છે. જ્યારે પંચ ભૂતથી બનેલા ઉપભોગ વડે પંચ ભુતવાળા શરિરને પાળવા પોષવામાં આવે છે ત્યારે તે વિશે પુરૂષે ગર્વ કેમ કરવો ? આ જીવ અસંખ્ય હજાર જન્મમાં ભટકતો થકો મોહભ્રમને એટલે કર્તા અને ભોક્તા પણાના અભિનિવેશને પામી વાસના રૂપ ધુળે કરી છવાયો છે. જ્યારે જ્ઞાન રૂપ ગરમ જળથી વાસનારૂપ ધુળને ધોઇ નાખે ત્યારે સંસારમાના વટેમાર્ગુ રૂપ જીવનો મોહભ્રમ દૂર થાય. મોહભ્રમ નાશ થવાથી અંતઃકરણ શુદ્ધિદ્વારા પુરૂષ સકળ દોષ રહિત મોક્ષપદને પામે." (વિષ્ણુ પૂરાણ.) શાંતિ કેમ પ્રાપ્ત કરવી તે બૃહદારણ્યક ઉપનિષદમાં સ્પષ્ટ જણાવ્યું છે. ત્યાં મહાન પ્રજાપતિ દેવતાઓને અને બીજા જ્ઞાતાઓને ધર્મ સમજાતાં કહે છે કે "ઇચ્છાઓને વશ કરો; દાન કરો; દયાવાન થાઓ." એમ બોલી રહ્યા પછી તુર્તજ આકાશ ધ્વની પણ "દ-દ-દ" પોકારી ગરજી રહ્યા-દ-દ-દ આમ ત્રણ વાર દ બોલે દમ-દાન-અને દયા. માટે ધર્મની આ ત્રીમૂર્તિ સર્વેએ પુજવી જોઇયે.

આ ત્રણ દીવ્ય આજ્ઞામાં સર્વ નિતિ શાસ્ત્ર સમાપ્ત જાય છે. અને તે પ્રમાણે ચાલ્યાથી જે શાંતિ ઉપાસકે ઇચ્છવી જોઇયે તે તુર્ત તેને પ્રાપ્ત થશે.

જ્યારે આવા પ્રકારનું બળ અને આવા પ્રકારની શાંતિ પ્રાપ્ત કરી કે ચિત્તશુધ્ધિ માટે જે અવશ્ય સાધન જોઇયે તે હવે ઉપાસક ધરાવતો થાય છે. શુધ્ધ જીવને લગતું આજ સાધન છે. ૧૬માં નિયમમાં કહ્યું છે કે "આ સંપત્તિ સર્વે શુધ્ધ જીવો સરખીરીતે ધરાવે છે," વીગેરે. હવે જુઓ કે વિષ્ણુ પુરાણમાં મહાત્મા પ્રહ્લાદ શું કહે છે:—"આ મારૂં કૃત્ય મંત્રાદિક વડે કરેલું કિંવા સ્વાભાવિક નથી; પણ જેના હૃદયમાં વિષ્ણુ (અનંત) વસે છે તેનો આ સામાન્ય સ્વભાવ છે. હે તાત, જે પોતાના દુઃખની પેઠે બીજાઓના પાપ અને તેથી થતાં દુઃખને ચિંતવતો નથી તેને પરદ્રોહાદિ નિમિત્તનો અભાવ હોવાથી પાપાગમ થતુ નથી. જે કોઇ કર્મ, મન અને વાણી વડે પરને પીડા કરે છે તે પર પીડાથી જન્મરૂપ બીજ રોપાય છે અને જન્મનું અશુભ (દુઃખરૂપ) ફળ થાય છે. વાસ્તે હું સર્વે ભૂતોમાં તેમજ મારામાં રહેલા કેશવ ભગવાનને ચિંતવતો છતો એ પરપીડનરૂપ પાપને ઇચ્છતો નથી, કરતો નથી કે ઉચ્ચારતો નથી. સર્વ જગામાં શુભ છે ચિત્ત જેનું એવો જે હું તેને દેવાદિ થકી કે મહાભૂત થકી શરીર સંબંધી વા મન સંબંધી દુઃખ ક્યાંથી હોય? એ પ્રકારે સર્વ ભૂતમય હરિને જાણી જ્ઞાનીઓએ સર્વ ભૂતો વિશે શુધ્ધ ભક્તિ કરવી."

સાધારણ રીતે બોલતાં ઉપાસકને આજ બળ, શાંતિ અને સાધન જોઇયે છે, પણ તેમનો ખાસ અર્થ લેતાં આ શાંતિ બળ અને (સાધન) યોગાભ્યાસવડે ઉપાસક પ્રાપ્ત કરે છે.

યોગ શબ્દ સંસ્કૃત યુજ જોડાવું, એ ધાતુ ઉપરથી થયો છે, અને આ ઉપરથી આત્માનો પરમાત્માની સાથે જે વડે સંયોગ થાય છે તેને "યોગ" કહે છે. યોગાભ્યાસ કરવાની રીત જુદી જુદી હોય છે, અને ઉપાસકે પોતાને માટે કઇ રીતી અનુકુળ છે તે વિશે યોગ્ય ગુરૂને પુછી ચાલવું ઘટે છે. (આ હિંદ દેશમાં ગુરૂઓ પોતાના શિષ્યોને પોતાની રચેલી ખાસ રીત પ્રમાણે યોગાભ્યાસ કરાવે છે અને તે રીતી અતિ ગુપ્ત રાખે છે. પરંતુ ઉત્તર કુરૂ દેશ (ટીબેટ)માં સર્વે ગુરૂઓએ નિર્માણ કરેલી એકજ રીતી પ્રમાણે સર્વે લાનુઓ (ચેલાઓ) ને યોગાભ્યાસ કરાવવામાં આવે છે) સાધારણરીતે યોગના આઠ અંગ છે: ૧. યમ (અહિંસા, સત્ય બોલવું, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય પાળવું, અને અપરિગ્રહ) ૨. નિયમ (શૌચ–મન, વાણી અને કર્મની શુધ્ધતા–,સંતોષ, સ્વાધ્યાય–ધર્માભ્યાસ–,તપ, અને નિયતાત્મા–એટલે જીતેંદ્રય થઇ પરબ્રહ્મમાં મન રોકવું) ૩. આસન–પદ્માસન, સિદ્ધાસન વીગેરે, પગવાળીને બેસવાની રીતી) ૪ પ્રાણાયામ (રેચક, પૂરક અને કુંભક;–પ્રાણ અને અપાન વાયુને થંભાવી ધીરે ધીરે છોડવો તે 'રેચક', વાયુને ઉંચો ખેંચવો તે 'પૂરક, અને વાયુને રોકવો તે કુંભક. આ રીતે વાયુને જીતવાનો જે અભ્યાસ તેને પ્રાણાયામ કહે છે.) ૫. પ્રત્યાહાર (ઇંદ્રીઓને વશીભૂત કરી ચિત્તને શુભસ્થાનમાં લગાડવું.) ૬ ધારણા (પરમાત્માપર મન લગાડવું.)

૭ ધ્યાન (બ્રહ્મનુ ધ્યાન ધરવું.) અને ૮. સમાધી (બ્રહ્મમાં આત્માનું લીન થવું—તુર્યા અવસ્થા) યોગીના બે ભેદ છે: યોગ સિદ્ધિ હજી પ્રાપ્ત કરી નથી એવા યોગાભ્યાસીને (યોગયુક્ કહે છે, અને સિધ્ધ થયા પછી તે બ્રહ્મોપલબ્ધીમાન (બ્રહ્મજ્ઞાની) કહેવાય છે.

યોગાભ્યાસથી અંતર દ્રષ્ટી ખીલે છે, અને માણસની જે ઉત્કૃષ્ટ મનશક્તિઓ છે તે મંદ સ્થિતિમાંથી ચંચળ થઇ ખીલવા માંડે છે. યોગી પુરૂષનું અંતઃકરણ સર્વેભૂત ઉપર કોઈ પણ જાતનો ભેદ ન રાખતાં દયા, સમભાવ, અને દાનવી છવાઇ જાય છે, સકળ વિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, સર્વે પૂર્વે જન્મોનું તથા વર્તમાન, અને ભવિષ્ય બનાવોની જાણ તે મેળવે છે. આ ઉપરાંત કુદરતના નિયમો ઉપર કાબુ મેળવી દીવ્ય સિદ્ધિઓ પણ સંપાદન કરે છે, અને આ સર્વે પ્રકારની પ્રાપ્તિથી તે પરમાત્માને અંતરમાં, બાહાર, અને સર્વે ઠેકાણે જોવાને સમર્થ થાય છે. યોગની દીવ્ય વિદ્યાના અભ્યાસનું આ પરિણામ છે, અને આજ બળ અને સાધન ઉપાસકને ઇચ્છવાની અને મેળવવાની જરૂર છે.

અત્રે આ સોળ નિયમોનો સારાંશ જણાવીશું. આરંભમાં ઉપાસકનું અંતઃકરણ શુદ્ધ કરવા અને તેનું મન સ્થિર કરવા વીશે નિયમો દર્શાવ્યા છે. ૧. થી ૪. સુધીના નીયમો (લોભ, જીવવાની તૃષ્ણા, અને સુખચેનની ઇચ્છા વિશેના) દેખાડે છે કે ઉપાસકે પોતે પોતાની પ્રત્યે કેમ વર્તવું જોઇયે. ૫. થી ૮ સુધીના નિયમો (અહંકાર, વેદના, વૃધ્ધિ વિશેના) જણાવે છે કે ઉપાસકે સંસાર મંડળમાં બીજાઓ પ્રત્યે કેવી વર્તણુક રાખવી. ૯થી ૧૨ સુધીના નિયમો (દીવ્ય બળ, શાંતિ, અને સાધન ધરાવવા વિશેના) ઉપદેશ દે છે કે ઉપાસકે આ મહા પ્રવાસ નિર્ભય રીતે પુરો કરવા કેવાં સાધન હાથ કરવાં જોઇયે.

જ્યારે ઉપાસક આ સર્વે નિયમો સમજી તે પ્રમાણે વર્ત્તે છે ત્યારે તે છાંદોગ્ય ઉપનિષદ્-માંના નીચલા શબ્દો બોલવાને યોગ્ય થાય છે; "હું સત્ય જ્યોતિ, પરમ જ્યોતિ પ્રખ્યું છું. હું હવે કદી પણ સ્વેત, દાઢ વગરની સર્વ ભક્ષક કાદવવાળી વસ્તુ (ગર્ભસ્થાન)માં પેસીશ નહિ. હું હવે અમર, સર્વવ્યાપક આત્મા–પ્રજાપતિની સભામાં પ્રવેશ કરીશ. આ પ્રજાપતિની સભામાં જવાનો માર્ગ ૧૭ અને તેપછીના નિયમો દર્શાવે છે.

૧૭. માર્ગ શોધી કાઢ. ૧૮. માહે બસઇને માર્ગ શોધી કાઢ. ૧૯. બાહાર હિમ્મતથી આગળ વધીને માર્ગ શોધી કાઢ.

[ઉપાસકે પહોંચવાની જે નેમ–અનંત–તે એકજ છે, પરંતુ ત્યાં જઇ પહોંચવાના માર્ગ એકથી વધારે છે. સાધારણ રીતે એમ કહેવાઇ શકાય કે માર્ગ બે છેઃ એક માણસ જાતની માહે અને બીજો બાહાર; બાકીના બીજા માર્ગો આ બે મુખ્ય માર્ગના ફાંટાઓ છે. મૈત્રેય ઉપનિષદ કહે છે કે "છેટેના સૂર્ય મધ્યે જે સુવર્ણમય સત્ પ્રકાશે છે" અને "જે માણસના હૃદય–કમળમાં છે." તે બન્ને અભિન્ન નથી. હૃદય–કમળ એટલે આકાશ (તત્વ) જે સકળ સૃષ્ટિમાં માણસના હૃદય સુધાંત વ્યાપી રહેલું છે. માટે માણસના હૃદયમાં વ્યાપી રહેલાં કે વિશ્વમાં વ્યાપી રહેલાં એ બન્ને આકાશને કમળ કહી શકાય; દરેક કમળ પોતાની પાંખડીઓ ધરાવે છે, એટલે કે દશે દિશાઓ દર્શાવે છે. હવે અનંતને બે મુખ્ય માર્ગે શોધી કાઢવાનું છે. એકતો માહે બસઇને, અને બીજો બાહાર આગળ વધીને. યુગોપર્યંત દુર્ગુણો સામે યુદ્ધ કરતાં અને દુર્ગુણો છોડતાં મળેલો જય આપણે માટે શુભ અસર ઉત્પન્ન કરશે, અને ભવિષ્યમાં શુભ કર્મ આસપાસ વીંટલાય એવું એક કેંદ્ર કે મધ્ય બિંદુ બનાવી મુકશે: અને આપણી માહે રહેલો જીવ આપણે માટે આ શુભ ધન જાળવી રાખશે. આજ ધન હાથ કરવાનું છે, અર્થાત્ ૧૭માં નિયમમાં સૂચવ્યા પ્રમાણે માર્ગ શોધી કાઢવાનો છે. જ્યારે આ ભેદ પ્રગટ થાય છે ત્યારે ઉપાસકનો બાકીનો પ્રવાસ સહેલ થઇ પડે છે, અને તે પછી ૧૯માં નિયમમાં જણાવ્યા પ્રમાણે કુદરત, સત, વીગેરેના બીજા કાયદાઓનો અભ્યાસ કરવા બાહાર આગળ વધીને માર્ગ શોધી કાઢવાને સમર્થ થશે.

હવે આ માર્ગો કેમ શોધી કાઢવા જોઇએ તે ૨૦માં નિયમમાં સુચવ્યું છે.)

૨૦—(ક) કોઇ પણ એકજ રસ્તે આ માર્ગ શોધીશ નહીં. દરેક સ્વભાવને માટે એક રસ્તો છે, જે તેને માટે અતિ અનુકુળ દીસે છે.

જો કે માણસોના શરિરો અને આત્મા ઘણે પ્રકારે મળતાં છે, તોપણ યુગોના યુગો પર્યંત તેઓ જે શુભ વા અશુભ કર્મનો સંગ્રહ કરે છે તેથી દરેક માણસમાં એટલો તો ફેરફાર થાય છે કે કોઇ પણ બે માણસ, તેમની બુધ્ધિ કે નીતિ તરફ જોતાં, બધી રીતે મળતા આવતા નથી; તે એટલે સુધી કે આપણે પુરતી ખાત્રીથી કહી શકીયે કે દરેક માણ

સનો સ્વભાવ જુદો છે, બલકે દરેક બીજાના સ્વભાવથી બદલાઇ ગયો છે. આ લીધે જે માર્ગે એક માણુસ ચાલી શકે તે બીજા માણસને કદાચજ અનુકુળ થઇ પડે. શ્રી કૃષ્ણ પણ કહે છે કે "મનુષ્ય પોતાની પ્રકૃતિને અનુસરીને ચાલે છે. પ્રાણી માત્ર પોતાની પ્રકૃતી પ્રમાણે વર્તે છે." અને પછી ઉમેરે છે કે દરેક માણુસે પોતા માટે પોતાની ખાસ અવસ્થાને અનુકુળ આવે એવો માર્ગ શોધવો, અને જે ધર્મ (એટલે કે મોક્ષપદ પ્રાપ્ત કરવા ધરેલી રીતી) દરેક પુરૂષ આમ પોતાને માટે અખત્યાર કરે છે તે જો કે બીજાના ધર્મ કરતાં ઉલટો હોય અને જો કે તે પારકો ધર્મ ગમે તેવી સારી રીતે પાળવામાં આવે તોપણ સ્વધર્મ તેથી ઉત્તમ છે. આ પ્રમાણે આપણી પ્રકૃતિ અને અવસ્થાને અનુકુળ એવો ધર્મ પાળતાં મરણ પામવું એ ખરેખર ફળદાયક છે, અને પરધર્મ પકડવાથી ઉલટાં ભયંકર પરિણામો નીપજે છે: કેમકે

स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः

આટલું ધ્યાનમાં રાખવું કે દરેક પુરૂષે પોતાને માટે એક માર્ગ શોધી કાઢવાનો છે, તોપણ તે માર્ગ ઉપર ચાલવાની રીત અનેક છે.)

૨૦—(ખ) માત્ર ભકિતથી, કે માત્ર ધાર્મિક ધ્યાનથી કે માત્ર દ્રઢ અભ્યાસથી, માત્ર સ્વભોગજનક શ્રમથી, કે માત્ર જીંદગીના બારીક અવલોકન વડે માર્ગ જડતો નથી. આ સર્વે માંહેથી એકજ રીત ઉપાસકને એક પગથીથી વધારે લઇ જશે નહિ. સીડી પુરી ચઢી રહેવાને સર્વે પગથીઓ ચઢવા અવશ્ય છે.

(મુંડુકય ઉપનિષદમાં કહે છે કે: "કોઇ પણ પુરૂષ બળ વગર માત્ર વૈરાગ્ય વડે કે માત્ર ભકિત વડે કે માત્ર જ્ઞાન વડે આત્માનુભવ પ્રાપ્ત કરી શકતો નથી; પણ જો બુદ્ધિમાન પુરૂષ આ સર્વ ઉપાયો સાથે યત્ન કરે છે તો તે બ્રહ્મસ્થાને પહોંચે છે." મનુ પણ કહે છે કે દરેક ઇંદ્રી વશ થવી જોઇયે; નહીં તો જેમ પાત્રમાં એકજ કાણું હોય તો સર્વ જળ ખાલી થઇ જાય છે, તેજ પ્રમાણે જો એક પણ ઇંદ્રી વશ કર્યા વગર રહી ગઈ, તો સર્વે દિવ્યજ્ઞાન ખોઇ દેવાય છે. પણ જ્યારે વૈરાગ્ય, જ્ઞાન વીગેરે સર્વ પ્રકારના યત્ન સામટા થાય છે ત્યારે સીડી ઉપર ચઢી જવાનું સહેલ થઇ પડે છે)

૨૦--(ગ) જેમ.જેમ માણુસના દુર્ગુણો એકેક પછી એક નાશ પામે છે, તેમ તેમ તેઓ, સીડી ઉપર ચઢવાના પગથીયાં થઇ રહે છે. માણસના સદગુણો પણ ખરેખર પગથીયાં છે, તેમની પણ અગત્ય છે--તેમના વગર તો કદી પણ ચાલી શકાય નહિ.

[નિઃસંશય દરેક સદગુણી કામ ફળદાયી છે, અને સીડીના પગથીયાં આગળ આપણને લાવે છે; પરંતુ એક દુર્ગુણનો નાશ કરીને જે પગલું ભરાય છે તે સદગુણથી ભરાતાં પગલાં

કરતાં વધારે મજબુત થઇ પડે છે. કારણ કે જો એક માણુસ કોઇ પણ એક જાતના દુર્ગુણની પીછાણ કર્યા વગર સદગુણુ પાળતો જાય છે, તો કોઇ પણ ઘડીએ તેવ દુર્ગુણથી લલચાઇ તુટી પડે છે, અને તેમાં એવો તો દ્રઢ ફસી પડે છે કે તેના બંધનમાંથી છુટવું બહુ કઠણ થઇ પડે છે; પણ જે માણુસે દુર્ગુણના ફળ ચાખ્યાં છે, અને જેણે જાતી અનુભવથી જોયું છે કે દુર્ગુણથી ઊત્પન્ન થતુ શુખ કેવું ક્ષણભંગુર, માયાવી, અને હાનિકારક છે, તેની હાલત જુદીજ છે; તે તો તે દુર્ગુણો પાળવા માટેજ શરમીંદો થાય છે; અને પશ્ચાતાપમાં પડીને તેમનાથી દુર રહેવાના વિચાર વીશે ખરાં અંતઃકરણથી સાવચેત રહેતાં શીખે છે. આવા પુરૂપ વિશે ફરી તેજ દુર્ગુણમાં ફસાઇ પડવાની હવે બીક રહેતી નથી; તે તેની ઉપરવારી થાય છે; અને આ રીતે જેવું જોઇયે તેવું મજબુત પગલું સીડી ઊપર મેલે છે. પણ આ ઊપરથી એમ ન સમજવું કે સીડી ઊપર સાવધ ચઢવા માટે વ્યસનમાં ડુબવું જરૂરનું છે. જેઓ જન્મમાં કાંઇ પણ વ્યસનમાં પડયા નથી, અને જેઓના મન દુર્ગુણી લાલચોથી મોહ પામ્યાં નથી, તેઓ ખરે શુખી છે,—અને નિઃસંશય શુદ્ધિની સીડી ઊપર તેમનું ચઢવું જેટલું ચોક્કસ છે તેટલું સાવધ છે. પણ સઘળાઓ આમ ભાગ્યશાળી હોતા નથી. ઘણાઓ ચુકી જાય છે; અને ઊપલું આ બતાવવા માટે લખ્યું છે કે આવા ચુકી જતાં માણુસો માટે પણ આશા રહે છે, એટલુંજ નહિ પણ જો તેઓ પોતાની ચુક શુધારી હવે પછી પોતાના આગલા વ્યસનોથી દુર રહેવાનો દ્રઢ વિચાર રાખે તો સીડી ઉપર બીજાઓ કરતાં વધારે મજબુત પગલું ભરવાને તેમનાથી, બની આવે એવું પણ છે.

જેમ શ્રી કૃષ્ણ કહે છે કે "જો કે તું કદાપી સર્વેથી અત્યંત પાપી હોય, તોપણ જો જ્ઞાન રૂપ નૌકાપર આરૂઢ થઇશ તો પાપ–સમૂદ્ર પણ તરી જવાને સમર્થ થઇશ. હે અર્જુન, જેમ પ્રદિપ્ત અગ્નિ કાષ્ટને ભષ્મ રૂપ કરે છે, તેમ જ્ઞાનરૂપ અગ્નિ સર્વે કર્મને બાળી ભષ્મ કરે છે."

હવે નીતિવાન પુરૂષો અને જેઓ વ્યસન મુકી નીતિમય થવાનો યત્ન કરે છે તેઓ વિશે વધુ કહેવામાં આવે છે:—)

૨૦—(ઘ) તોપણ જો કે તેઓ સ્વચ્છ હવા અને સુખી ભવિષ્ય ઊત્પન્ન કરે છે, તોપણ જો તેઓ એકલા હોય છે તો નિરૂપયોગી થઇ પડે છે. માર્ગમાં જે કોઇ દાખલ થવા ઇચ્છે છે તેણે માણુસનાં સમગ્ર સ્વભાવનો ઉપયોગ કરવો ઘટે છે. હરેક માણુસ કેવળ પોતાનોજ માર્ગ, સત્ય, અને જીંદગી બને રહે છે. પણ આમ તે ત્યારેજ બને છે કે જ્યારે તે પોતાના સર્વે અહંકારને દ્રઢ પકડે છે અને પોતાની જાગ્રત થયલી દીવ્ય ઇચ્છાશક્તિ વડે સમજે છે કે પોતે તે અહંકાર નથી. પણ તે એક વસ્તુ છે કે જે તેણે પોતાના ઉપયોગ માટે કષ્ટથી ઉત્પન્ન કરી છે અને જેના વડે જેમ જેમ તેની શુદ્ધિ, સાથે તેની બુદ્ધિ ખીલે છે તેમ તેમ અહંકારથી જે પર

(અમર) જીંદગી છે તેને પહોંચવાને ઇચ્છે છે. જ્યારે તે જાણે છે કે આજ માટે તેની વિલક્ષણ મીશ્રિત સ્વતંત્ર જીંદગી નીભે છે ત્યારે ખરેખર અને ત્યારેજ માત્ર તે ખુશ માર્ગપર છે.

(ઉપાસકે તન અને મનથી માર્ગમાં પેસવું જોઇયે, અને જે શ્રી કૃષ્ણ કહે છે તે સ્મરણમાં રાખવું કે "પોતાથીજ પોતાને ચઢાવવાનો તારે યત્ન કરવો, કેમકે આત્મા આત્માનો મિત્ર છે." તેણે પોતાની ચંચળ થયલી ઇચ્છા (જે પવિત્ર ઇચ્છા નીતિવાન વર્તણુકથી જાગ્રત થાય છે) વડે આ વાત જાણવી કે અહંકાર (હું પણું) કાંઇ તેના જીવનો ભાગ નથી, પણ શરિર સાથ જીવનો સંબંધ થયા પછી અયોગ્ય વર્તણુકથી તે ઉત્પન્ન થાય છે. ઊપાસકે આ અહંકારથી બાહાર રહેતી (અમર) જીંદગી પ્રાપ્ત કરવાનો યત્ન કરવો. આનો અર્થ શો છે તે નીચે સમજાવ્યો છે).

૨૦—(૧) તારા સૌથી ઉંડા અંતરમાંની ગુપ્ત અને પ્રકાશીત કોતરોમાં ડુબકી મારીને તે શોધી કાઢ. સર્વ અનુભવ જાણીને, સર્વ ઇંદ્રીઓને ઉપયોગમાં આણીને તે શોધી કાઢ, કે જેથી જીવની વૃદ્ધિ તથા અર્થ અને જે બીજા દીવ્ય અવયવો તારી સાથે ઉભ રહીને યત્ન કરે છે અને જેઓ તું જે જાતનો છે તે જાતને બનાવે છે તેઓની સૌંદર્યતા અને ગહનતા સમજવાને તું સમર્થ થાય.

(ઉપાસકે પ્રથમ જાણવું જોઇયે કે તેના દીલની સૌથી ઉંડી કોતરોમાં કયું ગુપ્ત ધન જાળવી રખાયલું છે; અને તેમ કરતાં ઇંદ્રીઓનો યોગ્ય ઉપયોગ કરીને સર્વ અનુભવની તપાસ લેવી જાઇએ. એમ ન સમજવું કે તે જાણવાને માટે ઇંદ્રીઓની મોહીનીને વશ થાય.

જ્યારે એકવાર માર્ગ પસંદ કરી તેમાં દાખલ થયો કે આ મોહીનીને વશ થવામાં તે શરમાયા વગર રહે નહિં. તોપણ ભયરહીત થઇ તે વિશેનો અનુભવ તે મેળવી શકે; એટલે કે આ ઇંદ્રીઓનું તોલ કરે, તેમનું અવલોકન કરે, તેમને કસી જોય, અને જે કાળે તેઓ તેની ઉપર અસર કરતી બંધ પડે તે કાળ માટે વિશ્વાસમય ધીરજથી વાટ જુએ. પણ તે સાથે તેણે, આપણે જેમ એક વેળા કહ્યું છે તેમ જે બીજાઓ આ મોહીનીને વશ થાય છે તેમનો તિરસ્કાર ન કરવો: પણ તેથી ઉલટું સહગામી પ્રવાસી તરીકે પોતાનો હાથ તેની તરફ લંબાવવો. તેણે એક ઘડી પણ એવો વિચાર ન કરવો કે તે સર્વે બીજાં મનુષ્યોથી જુદો છે. જ્યારે માર્ગને તે શરૂ થતો જોય છે કે તેના અંતઃકરણ માહે રહેલો તારો પોતાનો પ્રકાશ દેખાડશે, અને તે જોશે કે કેવા અંધકાર વચ્ચે તે પ્રકાશ પ્રકાસે છે. જ્યાં સુધી ઉપાસક જીતેંદ્રિય રહી પ્રથમના ભારે યુદ્ધમાં જય નથી મેળવતો

ત્યાં સુધી મન, અંતઃકરણ, મગજ સર્વ કાળાશ અને અંધકારમાં રહે છે. પણ આ દેખાવ થી ભયભીત થવું નહીં. તેણે પોતાની દ્રષ્ટી પોતાના અંતઃકરણ માહેના તારારૂપ નાની જ્યોતિ પ્રત્યે ફેંકવી, અને તે વધતી જશે. અને તેને લાભ આપતી થશે: તેના અંતરમાં જે અંધકાર છે તેનામાં પણ લાભ સમાયલો છે. જેઓએ તે જ્યોતિ જોઇ નથી, અને જે ઓનો જીવ ઘોર અંધકારમય છે, તેઓ કેવા સહાય વિનાના છે તે જાણવાને આથી બની આવશે. આ વાત ધ્યાનમાં રાખી ઉપાસકે કોઇને ઠપકો આપવો નહિ, તેમનાથી દૂર નાસવું નહીં: પરંતુ જગતનું ભારે કર્મ સહેજ ઊંચકવાનો યત્ન કરવો, અને જે થોડાક બળવંત પુરૂષો (પરમાર્થીક મહાત્માઓ) અંધકારની કાળી શક્તિઓ (દુગપા કે પાપ-પુરૂષો, વામમાર્ગી વીગેરે)ને સંપૂર્ણ જય મેળવવામાં અટકાવ કરે છે, તેમના સહાયકારી થવું. આમ કર્યાથી ઉપાસક આનંદમાં ભાગીદાર થાય છે. એથી ખરે ભયંકર કષ્ટ અને અગાધ શોક ઉત્પન્ન થાય છે, પણ તેની સાથે નિરંતર વધતો જતો હર્ષ પણ ઉત્પન્ન થાય છે.

આવી રીતે અંતરમાં શોધ કર્યા પછી, અને ઇંદ્રિયોનો યોગ્ય ઉપયોગ કરી સર્વ અનુભવની પરિક્ષા લઇ, ઉપાસકે 'બાહાર' વધીને એક પગલું આગળ ચાલવું.)

૨૦—(ચ) સતના નિયમો, કુદરતના નિયમો, જે કુદરતથી પર છે તેના નિયમો, એ સર્વ નિયમોના અભ્યાસવડે તે શોધી કાઢ.

(વિશ્વમાં જે પદાર્થો અને દેખાવો નજરે પડે છે તે ઉપર ધ્યાન આપ્યાથી ઘણું શીખાય છે. આપણી તર્કશકિતને કેળવ્યા વગર અને કુદરતના નિયમો અને વ્યવસ્થા વીશે સંશોધન કર્યા વિના જેની આપણે શોધમાં છીએ તેની ખરી ખુબી જાણવાને અને પારખવાને અસમર્થ થઇશું નહિં. વિશ્વ એ બ્રહ્માંડ છે; માણસ એ પિંડાંડ છે; બન્નેનો અન્યોઅન્ય સંબંધ છે, અને એકને ખરી રીતે સમજવાને બીજાના અભ્યાસની અગત્ય છે માટે જો ઉપાસક પોતાના દીલના સાંકડા ઘેરાવામાં શોધ કરી રહી તેની બાહાર જે કાંઇ છે તે સામું આંખ મીંચશે તો તેનાજ લાભને હાની લાગશે. યાદ રાખવું કે "બ્રહ્મ તે છે કે જેનું કેંદ્ર સર્વે સ્થળે છે પણ જેની પરિધિ કોઇપણ સ્થળે નથી"

હવે પછી બીજું શું ?

૨૦—(છ) જે જ્યોતિ તારા અંદર પ્રકાશે છે તેને તારા જીવવડે સત્કારપૂર્વક નમસ્કાર કરી તે શોધી કાઢ. સ્થિર ઉભો રહી જેમ તું તેને જોતો અને પૂજતો રહેશે તેમ તેનો પ્રકાશ ઘાટો થતો જશે. ત્યારે તારે જાણવું કે માર્ગનો આરંભ જડયો છે. જ્યારે તને માર્ગનો અંત જડશે, ત્યારે તેનો પ્રકાશ એકાએક અનંત પ્રકાશ થઇ પડશે.

[ઉપાસકે અંદર (પોતા માટે) અને બાહાર (વિશ્વમાં) શોધ કરી, છેવટે પોતાનાં અંતરાત્મા પ્રત્યે વળવું; કારણ કે જે જોવાની તે શોધમાં છે તેને તે ત્યાંજ જોશે. છાંદોગ્ય ઉ-

પનિષદ્ કહે છે: "છેવટે પોતાના આત્મા પાસે જાઇને, અને શાંતિથી ધ્યાન ધરીને, તેણે સ્તુતિ કરવી." અને પરિણામ આ નિપજશે કે આપણે આપણાં દીલ માંહે આ અલૌકિક પ્રકાશ દેખીને, અને સર્વે અંધકાર ઉપર તે પ્રકાશ પડતો દેખીને આપણે જે પરમ નાથ અને શ્રેષ્ઠ પ્રકાશ, જે દીવ્ય સૂર્ય તેમાં પહોંચીશું.

માર્ગ જડયા પછી ઉપાસકે શું કરવું તે નિચલા નિયમમાં દર્શાવ્યું છે.]

૨૧.—(ક) તોફાન પછી જે શાંતિ આવે ત્યારેજ ફુલને ખીલતું જો: તે પૂર્વે તો નહીજ.

[જીવ આટલે લગી આવીને ચોભે છે તેજ ઘડીએ તે આશ્ચર્ય પામે છે, અને બીજીજ ઘડીએ આનંદ પામે છે: આજ તે શાંતિ છે.

ઉપાસકને માર્ગ તો જડયો છે, પણ હાલ તુરત તો માત્ર માર્ગનું મૂળજ જડયું છે. રોપાનો પેહેલો ફણગો ફુટયો છે, પણ રોપાનું ફુલ હજી માત્ર કળી રૂપે છે. જ્યાં સુધી ફુલ પોતાને નડતી અને અડચણ આપતી વસ્તુઓ સામેના યુદ્ધથી વિરામ નથી પામતું, ત્યાં સુધી તેના ખીલવાની આશા કવચિતજ રાખી શકાય. તેજ પ્રમાણે માણસની પણ સ્થિતિ છે. જ્યાંસુધી ઉપાસક ઇંદ્રીઓ અને વિષયોની મોહીની સામેના યુદ્ધથી વિરામ નથી પામતો, ત્યાંસુધી જ્ઞાનના ફુલને ખીલવાની આશા રાખી શકાય નહિ. આ વિશે મૈત્રેય ઉપનિષદ્‌માં એક સુંદર ઉદાહરણ છે; "ઓંકાર એ શબ્દ છે, તેનો અંત શાંત, શૂન્યમય, શોક કે ભય રહિત છે, હર્ષ અને આનંદથી તદરૂપ છે; સ્થિર દ્રઢ, અવિનાશી છે." છાંદોગ્ય ઉપનિષદ્ પણ કહે છે કે ઓંકાર સર્વે રસોનો રસ છે, વેદનું શ્રેષ્ઠ તત્વ છે, શરિરનું જીવન તત્વ છે, પરમ પૂજ્ય છે, પરબ્રહ્મજ છે. આ ગુહ્ય અને પવિત્ર શબ્દને પૂજવાની, જપવાની, અને ફરી ફરીને જપવાની આજ્ઞા કરી છે. પ્રણવમાં ત્રણ અક્ષર અ-ઉ-મ છે; પણ છેવટે શબ્દ ઉચ્ચારી રહ્યા પછી અને મુખ્ય કરીને અંત શાંત મને વારંવાર તેનો ઉચ્ચાર કર્યા પછી જે શાંતિ આવે છે તેને અર્ધ-માત્રા કહે છે. આ પરમ પવિત્ર શબ્દ ઇંદ્રીઓ અને વિષયોના સર્વે ડાઘ દુર કરે છે, અને ઉપાસકને સંપૂર્ણ આનંદમય શાંતિ પ્રાપ્ત કરાવે છે. આજ શાંતિએ ઉપાસકે પહોંચવું જોઇયે; અને આજ શાંતિમાં (જ્ઞાનનું) ફુલ ખીલવા માંડશે.

પણ તે પૂર્વે બીજ તો ફુટવા માંડે છે. આપણને ખાતરી આપવામાં આવે છે કે,]

૨૧.—(ખ) જ્યાંસુધી યુધ્ધ ચાલુ છે ત્યાંસુધી તે ઉગતું રહેશે; તે ઉપર ફુટી નીકળશે; તેને શાખાઓ અને પત્રો આવવા માંડશે, અને કળીઓ બંધાવા માંડશે; પરંતુ જ્યાંસુધી માણસનું માયાવી સ્વરૂપ ગળી ન જાય કે પીગળી ન જાય,—જ્યાંસુધી તેવું એક ગંભીર અખ્તરા તરીકે અને અનુભવ પ્રાપ્ત કરવા માટે તે સ્વરૂપ ઉ-

ર્પણ કર્યું છે એવો જે અંશ (આત્મા) તે તે સ્વરૂપને પકડે નહિ,—જ્યાંસુધી સકળ સ્વભાવ આત્માને વશ અને આધીન ન થાય, ત્યાંસુધી ફુલ ખીલી શકશે નહિં. ત્યારપછી, ઉષ્ણકટીબંધ વચ્ચે આવેલા પ્રદેશમાં ભારે વાવાઝોડાં પછી જે શાંતિ ફેલાય છે, અને કુદરત એવી ઉતાવળથી ક્રિયા કરતી જણાય છે કે જાણે કોઇ તેની આ ક્રિયા જોઇ શકે એવું દીસે છે, તેવી શાંતિ આવી લાગે છે. કષ્ટાયલો જીવ ત્યાર પછી આવી શાંતિને પામે છે.

[જ્યાંસુધી તોફાન અને યુદ્ધ ચાલુ છે ત્યાં સુધી આ રોપો ઉગ્યો જાય છે, પણ આ સમયમાં તેની ઉપર મોહોર આવવાનું બની શકતું નથી. ઘણી વેળા આપણે પાંદડાઓથી ભરાઈ ગયલું અને ફેલાયલી શાખાઓવાળું અને જાડાં થડવાળું વૃક્ષ જોઇયે છીએ, અને તોપણ તેને સંપૂર્ણ ખીલવી શકે એવા ચોક્કસ સંજોગની ગેરહાજરીને લીધે, નથી તે ઊપર ફળ રહેતાં કે નથી તે ઉપર ફુલ આવતાં. તેવોજ હાલ માણસનો છે માણસ ખરો માર્ગ શોધી કાઢે, આગળ વધવાની તેનામાં શક્તિ પણ હોય, તોપણ જો તે દીશા તરફ જવાને દ્રઢ યત્ન નથી કરતો તો તેનું આગળ વધવું અટકી પડે છે. આટલે લગી આવી ઉપાસક જ્યારે પોતાના ભાઇબંધોથી વધારે ઉંચી પંક્તિએ પહોંચે છે કે તેનો ધર્મ છે કે પોતાનું સર્વે સાંમર્થ વાપરી પ્રફુલ્લિત અને પોતાનું કર્મ ભોગવી લેવું. આમ કર્યાથીજ તે શાંતિ પ્રાપ્ત કરશે, અને આ શાંતિમાં તે (જ્ઞાનનું) ફુલ પોતાના સરવે સૌંદર્ય અને સુગંધ યુક્ત ખીલી રહેશે; અને જ્યારે તે મનની આ સંપૂર્ણ શાંતિ સંપાદન કરે છે ત્યારે તે જેની શોધમાં હતો તેને પોતાના આત્મામાં દેખતો થાય છે.

પછી શું બને છે તે નિચે જણાવ્યું છે].

૨૧.—(અ) અને આ અગાઢ શાંતિમાં, તે ગુપ્ત બનાવ બનશે કે જે પૂરવાર કરી આપશે કે માર્ગ જડયોજ છે. તેને ગમે તે નામ આપો; તે એક નાદ છે જે જ્યાં કોઈ પણ શબ્દ કરનાર નથી તોપણ શબ્દ કરે છે; જે આવે છે તે એક દુત છે—પણ રૂપ કે દેહ રહિત છે; કિંવા તે આત્માનુ ફુલ છે કે જે હવે ખીલી રહ્યું છે. કોઇ પણ ઊપમાં આપ્યાથી તે વર્ણવી શકાતું નથી. તોપણ ગાજી રહેલાં તોફાનની વચમાં પણ તે અડકાઇ કે જોવાઇ કે ઇચ્છી શકાય.

[આ એક અતિ પવિત્ર અને ગુહ્ય બનાવ છે અને તે દર્શાવવાના સર્વે યત્ન વ્યર્થછે. "મનને અગાઢ ધ્યાનથી પોતાની મલીનતા ધોઈ નાંખ્યા પછી, અને પોતાને આત્મામાં લીન કર્યા પછી આનંદ થાય છે તે શબ્દવડે વર્ણવી શકાય નહિ; માત્ર અનુભવથીજ તે જાણવામાં આવે." (મૈત્રેય ઉપનિષદ). ફુલનું ખીલતાં થવું એ તેજ મહાભારત કાળ છે કે જ્યારે અં-

તર-દૃષ્ટિ જાગ્રત થાય છે; જ્યારે તે સમય આવી પહોંચે છે કે, તે સાથે વિશ્વાસ? જ્ઞાન શ્રદ્ધા પણ સાથે આવતાં થાય છે].

૨૧.—(ઘ) આ શાંતિ એકજ પળ નીભે કે હજાર વર્ષ પણ નીભે. પણ તેનો અંત નિશ્ચય છે. તોપણ તેનું બળ તારી સાથે લઇ ચાલી શકીશ. આ યુધ્ધ ફરી ફરીને મચાવવું પડશે અને ફરી ફરીને તેમાં વિજયી થવું પડશે. માત્ર થોડા વખતજ કુદરત શાંત રહે છે.

[માણસના દેહપાત અને દેહ ધારણ કર્યા વચ્ચે કુદરત શાંત રહે છે, અને આ અંતર કાળ દરેક માણસના પાપ પુણ્ય પ્રમાણે લાંબો કે ટુંકો હોય છે. આ ગમે તેમ હોય, તોપણ જે એકવાર મેળવ્યું તે ફરી ખોઈ દેવાતું નથી. એકવાર જો તોફાનમાંથી પસાર થઈ શાંતિ પ્રાપ્ત કરી કે પછી ઉપાસક અચકાય કે ઢીલ કરે કે પાછો ફરે તોપણ હવે શીખવાનું કદી પણ અશક્ય નથી. શાંતિનો નાદ તેના અંતરમાંજ રહે છે, અને જો કે તે માર્ગ સદંતર મૂકી દે છે તોપણ એક દીવસ તે (નાદ) ગર્જના કરી તેનું હૃદય ચીરી નાખશે, અને તેની ઉત્તમ દીવ્ય શક્તિઓને તેના હવસોથી જુદી પાડશે. ત્યારે ભારે દુઃખ સાથે અને તજી દીધેલા હવસોની નિરાશામય બુમો વચ્ચે તે પવિત્ર માર્ગ પ્રત્યે પાછો વળશે. શ્રી કૃષ્ણ કહે છે કે "જે પણ માણસ શુભ કર્મ કરે છે તે કદી પણ દુર્ગતિ પામતો નથી". અત્રે પ્રથમ ભાગ સમાપ્ત કરીને નીચલા વિચારો જણાવ્યા છે:]

જે નિયમો વિદ્યાલયની દીવાલો ઉપર લખ્યા છે તેનો ઉપર દર્શાવેલા નિયમો પ્રથમ ભાગ છે. માગે તેને મળશે. જેઓ વાંચવા ઇચ્છતા હશે તેઓ વાંચશે. જેઓ શીખવા ઇચ્છતા હોશે તેઓ શીખશે.

[આ 'વિદ્યાલય'ને છાંદોગ્ય ઉપનિષદમાં "પ્રજાપતિની સભા" એવું નામ આપ્યું છે; અને મૈત્રેય ઉપનિષદમાં "બ્રહ્મ-શાળા" કહી છે. હવે વિદ્યાના આ મંદીરની દીવાલ ઉપર લખેલા નિયમો એટલે બ્રહ્મ જ્ઞાનને લગતા નિયમો સમજવા. આ શાળામાં પેસવું એટલે કે આવા નિયમો શીખવાનું બની આવે એવી યોગ્ય અવસ્થા પ્રાપ્ત કરવી.

જેઓ આ નિયમો માગશે તેમને મળશે. પણ જ્યારે એક સાધારણ પુરૂષ (જે અધીકારી નથી) માગે છે, ત્યારે તેનો અવાજ સંભળાતો નથી, કારણ કે તે મનથીજ માગે છે, અને મનનો અવાજ જે પંક્તિ ઉપર મન ક્રિયા કરે છે ત્યાંજ સંભળાય છે. આ શીખે જ્યાંસુધી જેઓએ આ ૨૧ નિયમો જાણ્યા છે તેઓ શીવાય બીજા જે કોઇ માગે તેમને મળે એમ કહેવાય નહિ. "માગવું" એટલે કે અંતરમાં તે વીરોની ભૂખ લાગવી-ચિત્ત શુદ્ધિ લઇ દૃઢ ઉત્સાહ ધરાવવો. 'વાંચવાને સમર્થ થવું' એટલે કે તે ભૂખ સહજ પણ મટાડ-

વાની શક્તિ સંપાદન કરવી. 'વાંચવું' એટલે કે આત્મ—ચક્ષુવડે અને નહિ કે શરિરના' ચક્ષુ વડે.

જેઓ શીખવાને ઇચ્છે છે તેઓ શીખશે. એમજ હોવું જોઇયે. જ્યારે ઉપાસક પ્રજ્ઞશાળામાં પ્રવેશ કરવાને સામર્થ ધરાવે છે, ત્યારે તે પોતાનો ગુરૂ મેળવ્યા વગર રહેશે નહિ; અને જ્યારે ઊપાસક શીખવાને તૈયાર હોય છે ત્યારે તેને આવકાર દેવાય છે, સત્કાર કરાય છે, અને શિષ્ય તરીકે કબુલ કરાય છે. કેમકે તેણે દીપકને સળગાવ્યો છે, અને તે પ્રકાશ હવે ગુપ્ત રહેતો નથી.

આ પ્રમાણે પ્રથમ ભાગ ઉપાસકને નીચલી આશીષ આપી સમાપ્ત થાય છે.]

॥તને શાંતિ પ્રાપ્ત થાઓ.॥

[આ શાંતિ કે સ્વસ્તિ શબ્દનો હેતુ આ છે કે જે ઉપાસક જ્ઞાનની આડે આવતી અડચણોને દુર કરવાને યત્ન કરે છે, અને મનની શાંતિ ઇચ્છે છે, તેને આશીષ આપવી. આ આશિર્વાદ ગુરૂ પોતાના પ્રિય શિષ્યો (જેઓને તે પોતા સરખા ગણે છે) ને આપે છે; અને આ શિષ્યો કાંઇ એકજ ચોક્કસ સ્થળે વસતા નથી. પુર્વમાં તેમજ પશ્ચિમમાં અને સર્વ ઠેકાણે તેઓ મળી આવે છે

"માણસ (જ્યાં પણ તે હોય ત્યાં) માયાવી ક્ષણભંગુર જગતને લગતા સર્વે પદાર્થો તજી શુદ્ધ સુખ અને શાંતિ ભોગવે છે." (ઇશ ઉપનિષદ્).]

△

ભાગદ્વિતીય.

(પ્રથમ ભાગમાં ઉપાસકને ઉપદેશ દેવામાં આવ્યો હતો કે તેણે શું તજવું અને શું ઇચ્છવું, તેને કહેવામાં આવ્યું હતું કે કામ તથા હવસો સામે વીજયી યુદ્ધ કર્યાથી તેના કષ્ટાયલા જીવને શાંતિ પ્રાપ્ત થશે, અને કે તે ગાઢ શાંતિ મધ્યે એક અતિ ગુહ્ય બનાવ બનશે કે જે પુરવાર કરશે કે માર્ગનું મૂળ જડયું છે.

હવે આ દ્વિતીય ભાગમાં જણાવેલા નિયમોના હેતુ ઉપાસકને સલાહ આપવાનો છે કે તેણે આગળ વધવા કેવી રીતે વર્તવુ. એક રીતે આ બીજા ભાગમાં સુષુપ્તિમાંથી તુર્યાવસ્થામાં પ્રવેશ કરવાનો ભેદ દર્શાવ્યો છે. સુષુપ્તિ એટલે અત્રે ગાઢ નિંદ્રા ન સમજવી. જ્યારે સુક્ષ્મ અને સ્થૂળ શરિરમાં પ્રાણની વ્યાપ્તી સદંતર અટકાવવામાં આવે ત્યારે જે અવસ્થા ઉત્પન્ન થાય છે તેને સુષુપ્તિ જાણવી. જે છેલ્લા ભેદ વીશે આ લઘુ ગ્રંથમાં જણાવ્યું છે "તું આત્મ

રહેલી છે. દીક્ષાના ભેદો પ્રગટ કર્યા વગર આ વિષય સ્પષ્ટ સમજાવી શકાય એવો નથી. વળી ઉપાસક હવે એવી હદે આવી પહોંચ્યો છે કે જે જેટલી ભેદી તેટલી પવિત્ર છે, અને વળી સાધારણ ઇંદ્રિયો અને મનથી પણ અગોચર છે; હવે ઉપાસકના સંબંધમાં જે બનાવો બનવાના છે તેનું લખીત વર્ણન કરવું ફોકટ છે. ઉપાસકે હવે પોતાના અંતરજ્ઞાન અને અનુભવ ઉપર આધાર રાખવો, અને જે જે ભેદ તેની નજરે પડતો જાય તે તે નામાં જે દીવ્ય પ્રકાશ અમુક રીતે ઝળકી રહ્યા છે તે વડે સમજવાનો યત્ન કરવો. તેણે દીપક સળગાવ્યો છે અને તે વડે જે હદ શુધી આવી પુગ્યો છે ત્યાં જે કાંઇ જોવાઇ શકાય તે જોવું. હવે તેની માહે રહેલા મૂળમાંથી અને નહિ કે તેની બાહાર રહેલા મૂળમાંથી— સર્વ શિક્ષણ આવવું જોઇએ. તે હવે પરમાત્માના ઉબર આગળ આવી પહોંચ્યો છેઃ હવે તેને ન કાંઇ સૂચના અપાય કે ન કોઇ ભોમીઓ મળે. અને વળી હવે જે કાંઇ બનવાનું છે તે ઊપાસકે પોતાથીજ જોવાઇ અને જાણી શકાય; અને નહિ કે બીજાથી કહી શકાય. તોપણ નીચે જે ખુલાસો આપ્યો છે તે વડે આ અતિ ભેદી બાબદ ઉપર કાંઇક અજવાળું પડશે.

જ્યારે આ હદ શુધી ઉપાસક આવી પહોંચે છે અને જ્યારે દીપક સળગાવી માર્ગ શોધી રહે છે, ત્યારે જો તે પોતાનું સામર્થ ઢીલું પાડી નજીક આવેલી પ્રકાશિત નેમને એવી આશાથી છોડી દે કે ભવિષ્યમાં કોઇ બીજી વેળાએ તે પાછી પ્રાપ્ત કરી શકીશ, તો તેની ચિત્ત શુદ્ધિને આવી ઢીલ અતિ હાનીકારક થઇ પડશે. કાળ વહી જાય છે; જે કાંઇ આપણે ખોયું હોય તે પુનઃ પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ વહી ગયલો જે કાળ તે કદી પણ પાછો હાથ આવતો નથી. કાળ આવી અમુલ્ય વસ્તુ છે, માટે ઉપાસકે જીવતાં જે કાળ મળે તેનો ઉત્કૃષ્ટ ઉપયોગ કરવો ઘટે છે. ઉપાસકને નીચલી તાકીદ કરવામાં આવી છે.)

શાંતિની જે ચુપકીદી છે તે માંહેથી ગર્જના કરતો અવાજ પ્રગટ થશે અને આ નાદ કહેશે કે, આ ઠીક નહિ; તેં લણ્યું છે, હવે ફરી તારે વાવવું. અને આ નાદને શાંતિજ જાણીને, તારે તે પ્રમાણે ચાલવું.

ઉપાસકે જે પણ કાંઇ ફતેહ મેળવી હોય તેથી ફુલાઇ જવું નહિ. તેણે જે કાંઇ મેળવ્યું છે તે માર્ગનું મૂળ છે; અને જો તે બેદરકાર બને છે, તો તે આગળ વધતો અટકશે એટલુંજ નહિ પણ જેટલો થોડો તે આગળ વધી રહ્યો છે તે પણ એટલું કાચું થઇ જશે કે ફરીથી નવા અને બળવંત યત્ન શિવાય આગલો પ્રકાશ પાછો હાથ આવશે નહિ. નિઃસંશય પોતાની આગલી મહેનત અને શ્રમનું શુભ ફળ તેણે મેળવ્યું છે, પણ જ્યાં શુધી સદ્ગુણનું બીજ ફરીથી વાવશે નહિ ત્યાં શુધી જે પાક તેની ભવિષ્યની શુદ્ધિ માટે

પુષ્ટિકારક અને બળદાયી થઇ પડે તે તે મેળવી શકતો નથી. આમ આવાં બીજ વાવ્યાથી અંતે તે શ્રેષ્ટ પદ પ્રાપ્ત કરે છે કે જ્યાં તેને માટે નથી જન્મ કે મરણ.

જેઓ આ ચુપકીદીમાંથી પસાર થઇ, ત્યાંની શાંતિ અનુભવી બળયુકત બન્યા છે તેઓ (એટલે મહાત્માઓ) ઇચ્છે છે કે ઉપાસક પણ તેમની પેઠે તેમાંથી પસાર થાય; અને તે સાથે ઉપાસકે સાવધ રહી બેવડા સામર્થ્યથી પોતાના માર્ગ ઉપર ચાલતા રહેવું; ખચીત કરીને જ્યારે તેણે ઘણુંક એવું મેળવ્યું છે કે જે માર્ગમાં આગળ વધવાને યોગ્ય જોગવાઈ કરી આપશે, અને જેમ કરતાં છેવટ જય પામવાની પણ સંપૂર્ણ આશા રહેશે. ઉપાસક શું શું મેળવ્યું છે તે નીચે જણાવ્યું છે.

તું, કે જે હવે ઉભો રહેવાને, સાંભળવાને, સામર્થ્ય ધરાવતો ઉપાસક થયો છે, જેણે તૃષ્ણા જીતી સ્વજ્ઞાન સંપાદન કર્યું છે, જેણે પોતાના આત્માને ખીલતો જોઇ તેને ઓળખ્યો છે, અને જેણે શાંતિનો શબ્દ સાંભળ્યો છે, તે તું બ્રહ્મ-શાળામાં પ્રવેશ કર અને તારે માટે ત્યાં જે કાંઇ લખ્યું હોય તે વાંચ.

(ઉભો રહેવાની શકિત ધરાવવી એટલે વિશ્વાસ ધરાવવો; સાંભળવાની શક્તિ ધરાવવી એટલે કે આત્માના દ્વાર ખોલવાં; જોવાની શક્તિ ધરાવવી એટલે ખરું સ્વરૂપ પીછાનતાં આવડવું; બોલવા સમર્થ થવું એટલે બીજાને સહાય થવાની શક્તિ ધરાવવી; તૃષ્ણાને જીતવી એટલે કે મન વશ કરી તેને વાપરતા જાણવું; સ્વજ્ઞાન મેળવવું એટલે કે તે અંદરના કિલ્લામાં દાખલ થવું કે જ્યાંથી આપણું બાહ્ય સ્વરૂપ અપક્ષપાતપણે જોઇ શકાય; આત્માને ખીલતો જોવો એટલે કે તૂર્યાવસ્થાનો સહજ અનુભવ થવો; અને આત્માને ઓળખવો એટલે કે નેત્ર વીચી ગયા વગર અને ભયથી જાણે ભૂત હોય તેમ નાસી ગયા વગર અતી પ્રકાશીત તેજને સ્થિર દ્રષ્ટીએ જોવાના ભારે કામમાં જય મેળવવો. થોડાક એમ પાછા હટે છે અને ઉપાસકે આ વીશે અતિ સભાળ રાખવા દૃઢ રહેવું. તેણે મન સ્થિર રાખી હિમ્મત પકડવી; કેમકે શું બનનાર છે તેની ચેતવણી પૂર્વથી તેને મળી છે, અને વળી આ બનાવ તેના પોતાના આત્માને લાભકારી છે. જો તે ભયથી આ પ્રકાશથી પાછો હટે છે, તો સમુદ્ર તરી કીનારે ડુબવા જેવું થશે, અને હાથમાં આવતી ફતેહ પણ જતી રહેશે.

શાંતિનો શબ્દ સાંભળવો એટલે કે એમ સમજવું કે ખરી સૂચના માત્ર પોતાનામાંથી જ આવે છે; અને બ્રહ્મ-શાળામાં દાખલ થવું એટલે કે જે અવસ્થામાં તે જ્ઞાન મેળવાય છે તે પ્રાપ્ત કરવી. ત્યાં ઉપાસક માટે ઘણું લખવામાં આવશે, અને તેપણ એવા પ્રકાશીત ઝળકતા અક્ષરોથી કે તે સહલથી વાંચી શકશે. કારણકે જ્યારે ઉપાસક તૈયાર હોય છે ત્યારે ગુરૂ પણ તૈયાર હોય છે. આ વિશે મૈત્રેય ઉપનિષદ અલંકારી ભાષામાં કહે છે કેઃ "સંસારી બાબદો, ઇંદ્રીયો, અને તેમના વિષયોથી સ્વતંત્ર થઇ, અને જે મનુષની પણ [illegible]

કુમી-છે તથા જેનું કામઠું ધૈર્ય છે તે ધનુષમાં પરમાર્થરૂપી બાણ સાધી-ઉપાસક બ્રહ્મ-દ્વાર આગળ ઉભેલા પ્રથમ પેહેરેગીરનો નાશ કરે છે."

ઉપર જોવા અને સાંભળવા વીશે કહ્યું છે. એટલે કે બાહ્ય ઇંદ્રીયોની નહિ પણ અંતરમાં રહેલી સૂક્ષ્મ ઇંદ્રિયો વડે સમજવું. હવે બાહ્ય ઇંદ્રીયો પણ કાંઇ નિરૂપયોગી નથી. વિષ્ણુ પુરાણમાં કહે છે કે 'જ્ઞાન બે પ્રકારનું છે. એક શાસ્ત્ર પઠણ શ્રવણઆદિ કરવાથી અને બીજું આપોઆપ વિવેકથી ઉત્પન્ન થાય છે. શાસ્ત્રથી ઉપજેલાં જ્ઞાનને શબ્દ બ્રહ્મજ્ઞાન કહે છે અને વિવેકથી ઉપજતાં જ્ઞાનને પરબ્રહ્મજ્ઞાન કહે છે. તેમાં શાસ્ત્રથી ઉત્પન્ન થતું જ્ઞાન તો ઇંદ્રિય દ્વારા દીપરૂપ પ્રગટ થઇ અજ્ઞાન અંધકારને દૂર કરે છે; અને જે વિવેકથી ઉપજેલું જ્ઞાન છે તે સૂર્ય સમાન પ્રકાશમાન સજ્જનોના અજ્ઞાન અંધકારને ટાળે છે". આ પ્રમાણે બાહ્ય ઇંદ્રીઓ દ્વારા મેળવેલી વિદ્યા દીપક જેવી છે, જ્યારે અંતર જ્ઞાનથી મેળવેલી વિદ્યા સૂર્યની પેઠે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે. મંડુકય ઉપનિષદમાં જ્ઞાનચક્ષુ તથા દીવ્ય ચક્ષુ વીશે જણાવવામાં આવ્યું છે. અને તેમને ખીલવવાની રીતીઓ પાતંજલ યોગસૂત્રો વીગેરેમાં આપી છે. આ વિશે ત્રીજા ભાગમાં વધારે વિવેચન કરીશુ. હવે ઉપાસકને નીચલો ઉપયોગી ઉપદેશ આપવામાં આવે છે.

૧. થનારા યુદ્ધમાં દૂર ઉભો રહે, અને જો કે લડશે તો તું, તોપણ યોધ્ધો તું થઇશ નહીં

૨. યોદ્ધાને શોધી કાઢી, તારામાં તેને યુધ્ધ કરવા દે.

૩. યુધ્ધ માટે તેની આજ્ઞા લઇ તેમને પાળ.

૪. જાણે તે સેનાપતિ હોય તેમ તે આજ્ઞા ના પાળતો, પરંતુ તે જાણે તુંજ હોય એમ જાણી અને તેના ઉચ્ચારેલા શબ્દો જાણે તારી ગુપ્ત ઇચ્છાઓનું ઉચ્ચારણ હોય એમ માની તે આજ્ઞાઓ પાળ; કારણ કે તે તુંજ છે, તોપણ તારા કરતાં તે અતિ ઘણો વધારે બળવાન અને જ્ઞાની છે. તેને શોધી કાઢ, કે રખેને યુદ્ધના આવેશ અને ગડબડ વચ્ચે તું તેને ચુકી જાય; અને જ્યાંસુધી તું તેને ઓળખશે નહિ ત્યાં સુધી તે તને ઓળખવાનો નથી. જો તારી પ્રાર્થના તેના આતુર કર્ણ ઉપર પડશે ત્યારે તે તારામાં લડશે, અને અંદરની મંદ ન્યતાને પુરી દેશે. અને જો આમ બનશે તો, તું યુદ્ધમાં દુર ઉભો રહી અને તેને તારે માટે લડવા દઇ શાંત મને અને શ્રમીત થયા વગર પસાર થઇશ. ત્યારે તું એક પણ ફટકો ચુકી જાય એમ થવું અશકય બનશે. પરંતુ જો તેને શોધી ન કાઢીશ, જો તું તારી નજર ચુકવશે, તો તારે માટે કાંઇ પણ સલામતી નથી. તને ફેર આવવા માડશે, તારૂં દીલ અસ્વસ્થ થશે; અને રણસંગ્રામની ધુળ વચ્ચે તારાં ચક્ષુ અને ઇંદ્રીયો પોતાનું કામ ચુકી જશે, અને શત્રુ કે મિત્ર પીછાણી શકીશ નહિ.

તેં તુંજ છે તોપણ તું નાશવંત અને ભુલ ખાય એવો છે. તે અનંત અને સાવધું છે. તે અવિનાશી સત્ય છે. જ્યારે તે એકવાર તારામાં પ્રવેશ કરી તારો યોધ્ધો થાય છે, ત્યારે કદી પણ તને તે સદંતર તજશે નહિ, અને મહાશાંત્તિના દીવસે તે અને તું એકરૂપ થઈ જશો.

[૧થી તે ૪ સુધીના નીયમોમાં જે યુદ્ધ વીશે જણાંવ્યું છે તે ઇંદ્રીયો અને વિષય વાસના સામેનું યુધ્ધ છે. જેમને વશ કરી અંકુશમાં રાખવાની જરૂર છે. જે યુધ્ધ કરવાનો છે તે માણસ છે—જે શરીર અને જીવ એ બેનો બનેલો છે. તેઓનો આરસપરસ સંબંધ છે: જીવ વગર શરીર નિરૂપયોગી છે: અને જીવ જ્યાંશુધી તે શરીરમાં છે ત્યાં શુધી શરિર મારફત તે ક્રીયા કરે છે. શરીર એ જીવનું વાહન છે. અને તેમના સંબંધથીજ માણસ હાલી ચાલે કે જીવી શકે છે; પણ સાધારણ નજરે શરીર રૂપી રથમાં બેસનાર જીવ અગદીઠ છે. લોકો વાહનને હાલતું ચાલતું જુએ છે, અને સમજે છે કે શરીરજ સર્વ છે અને તેજ માણસ છે. પરંતુ ઉપાસક વિવેક શીખ્યો છે અને તેથી તેને આજ્ઞા કરવામાં આવે છે કે ખરા યોધ્ધા માટે પોતાની અંદર જોવું.—જે અંતર પુરૂષ, જે વાહન કરનાર, શરીર રૂપી રથમાં આરૂઢ થયલો જીવ પોતે છે, અને તેની પાસે યુદ્ધ પ્રવર્તાવવું. જો કે સાધારણ દેખાવે તો એમજ જણાશે કે એ તો માત્ર પેલું વાહનજ—બાહ્ય પુરૂષ—યોધ્ધો બની યુધ્ધ કરે છે. જીવનેજ યુદ્ધ કરવાનું છે તેનું સાદું કારણ આજ છે કે બાહ્ય પુરૂષથી, શરીરથી, યુધ્ધમાં જય મેળવાય એમ કદી પણ બની શકે નહિં. શરીર એ નાશવંત છે, મૃત્યુવશ છે; અને બીજું આ કે પોતાની ઇંદ્રીયો ગમેતેમ વાપરી શકે એવી હાલતમાં શરીરને કાંઇ પણ સલામતીથી છુટું મુકી શકાય નહિ "જે મનુષ્ય વિષયોનું ચિંતન કરે છે તેની તેનામાં પ્રીતી બંધાય છે. આ પ્રીતીથી ઇચ્છા ઉત્પન્ન થાય છે, ઇચ્છેલી વસ્તુ ન મળવાથી દ્વેષ ઉત્પન્ન થાય છે, દ્વેષ મોહને ઉત્પન્ન કરે છે, મોહથી સ્મૃતિ નાશ પામે છે. વિસ્મૃતિથી બુદ્ધિ નાશ પામે છે, અને બુધ્ધિના વિનાશથી સર્વં નાશ પામે છે." (ભગવદ્ ગીતા).

આ રીતે ૧લા નીયમનો અર્થ આ છે કે જો કે બાહારથી શરીર લડતું જણાય છે, તોપણ ખરો યોધ્ધો તે નથી, કેમકે તેમ હોય તો તે નિષ્ફળ નીવડી હારી બેસે એ તો નિશ્ચય છે. હવે આ યોધ્ધો કોણ છે? કોઇજ નહિ પણ જીવ. તેજ અવિનાશી છે અને શરીર કરતાં વધારે બુદ્ધિમાન અને બળવત્તર છે, અને તેથી યુદ્ધ કરવાને વધારે યોગ્ય છે. તે શરીર વગર પણ ક્રીયા કરી શકે છે; પણ હાલ તો યુદ્ધમાં બન્નેને સાથે રહેવાનું છે, પણ શરીરને જીવના હાથ નીચે અને તેને આધીન રહેવાનું છે. "શરીર રથ છે; ઇંદ્રીયો અશ્વ છે; મન એ લગામ છે. જીવ (આત્મા) પોતે રથી છે." જો અશ્વોને સારથી વગર છોડી મુકયા હોય તો કેવાં હાનીકારક પરીણામ નીપજે તે વર્ણવાની દેખઇતી જરૂર નથી.

પણ શરીરે જીવથી પોતાને જુદું ન ગણવું. એક રીતે તેઓમાં વિરોધ દીસે છે; પણ જ્યાંસુધી જીવ શરીરમાં છે ત્યાંસુધી બન્ને સાથે મળી એક માણસ બનાવે છે. આ અર્થ લેતાં અંતર પુરૂષ તેજ બાહ્ય પુરૂષ છે; અને અંતર પુરૂષની આજ્ઞાઓ તે માત્ર બાહ્ય પુરૂષની ગુપ્ત ઇચ્છાઓ છે. સંપૂર્ણ જય મેળવવા માટે બાહ્ય પુરૂષે અંતર પુરૂષની સહાય માગી તેની આજ્ઞા પ્રમાણે વર્તવું જોઇયે. ત્રીજા નિયમનો અર્થ આજ છે.

આ પ્રમાણે જીવને ઓળખી અને તેને શુદ્ધ કરવા દઇ, ઉપાસકે તેની સલાહ સાંભળી તે પૂર્ણ બજાવી લાવવી.]

૫. જીવ–ગીતને સાવધ રહી સાંભળ.

૬. જે મધુર ગીત્ નાદ સાંભળે તે તારી સ્મૃતિમાં દ્રઢ સ્થાપી રાખ.

૭. તે માહેથી બ્રહ્મ–ગીત્ નાદનો પાઠ શીખ.

[એક શુધ્ધ જીવ જે શિક્ષણ આપે છે તે જાણે જીંદગીનું ગાયન છે. દરેક માણસના હૃદયમાં એક કુદરતી રાગણીનો ગુપ્ત ઝરો છે. પેહેલાં તો ઉપાસક તે જોઇ શકે નહિ અથવા તો ત્યાં માત્ર બેસુર સ્વરો સાંભળે. પણ તેણે વધારે ઉંડુ જોવું; અને જો તે નિરાશ થાય તો થોડો વાર થોભી હજી વધારે ઉંડુ જોવું; અને ત્યારે તે શોધી કાઢશે; કારણકે તે ત્યાંજ છે. તે ઝરો ઢંકાઇ ગયો હોય અને સદંતર પુરાઇને ભરાઇ ગયો હોય, પણ છે તો ત્યાંજ. માણસની પ્રકૃતિની તળીયે જોઇશું તો શ્રધ્ધા, આશા અને પ્રેમ જણાશે; જે પુરૂષ દુર્ગુણ પસંદ કરે છે તે માત્ર આ લીધેજ કે તે પોતાની અંદર જોવાને ના પાડે છે કે ચુકી જાય છે, અને પોતાના અંતઃકરણમાંથી નીકળતા મધુર સ્વર સામે પોતાના કાન ઢાંકે છે, અને પોતાના આત્માના પ્રકાશ પ્રત્યે આંખ મીચે છે. તે પોતાની ઇચ્છાઓ અને વિષય વાસના મધ્યેજ રહેવાનું વધારે સહેલ સમજે છે, અને તેમને તૃપ્ત કરવા શીવાય બીજા કશા અર્થે દરકાર રાખતો નથી. પણ સર્વે જીંદગીની હેઠળ એક બળવંત વેગવાન ઝરો વહ્યો જાય છે; તે કદી પણ અટકાવી શકાતો નથી; ખરેખર તે જાણે સાગરજ ઉલટી રહ્યો છે. ઉદ્યોમથી શોધ, અને તું તે જોઇ શકીશ. કંગાલ માણસ પણ માત્ર તેનો ભાગ છે, જો કે તે પોતે તે વીશે ગમે તેવો અજ્ઞાન હોય. આ અર્થ લેતાં આપણે વ્યાજબી રીતે કહી શકીએ કે જે સઘળાં વચ્ચે આપણે યત્ન કરતા મથી રહ્યા છે તે સર્વે પરમાત્માના અંશ છે. જે માયા મધ્યે આપણે રહીયે છીએ તે એટલી તો આપણને છેતરે છે કે કોના દીલમાં આ મધુર સ્વર પ્રથમ શોધી કાઢીશું એ પારખવું અતિ કઠણ છે. પણ આટલું તો આપણે જાણવું કે આપણા દીલમાં તો તે નિશ્ચય છેજ. માત્ર તેને શોધવાનીજ જરૂર છે; જો એકવાર તે સ્વર સાંભળ્યો, તો આપણી આસપાસ પણ તે વધારે સહેલાઇથી પારખી શકાશે.

સાધારણ રીતે આ મધુર ગાયનને શુદ્ધ અંતઃકરણનો અવાજ કહે છે. માણસનો બાંધો તેનું શરીર. અને તેના સ્વભાવ પ્રત્યે જોતાં તે પોતેજ પોતા માટે એક કાયદો છે. તેના

અંતરમાંજ સત્ય માર્ગ દર્શાવતો નિયમ છે. કેટલાક આ નીયમ ચુકી જાય છે તેથી એમ નથી ઠરતું કે આ નિયમની હસ્તીજ નથી. અંતઃકરણ એ હક્કદાર રાજા છે અને અખત્યાર પણ તેનેજ ઘટે છે. પણ તે સાથે તે ખરેખર રાજ્ય ગાદીપર નથી, અને તે સીધે તેની આજ્ઞાઓ પાળવી કે તોડવી એ માણસની મરજીપર છે.

જ્યારે તેની આજ્ઞાનું આમ ઉલ્લંઘન થાય છે ત્યારે જાણે જે દેશમાં અંધેર અને બળવાના કાળમાં હક્કદાર રાજાને ગાદી ઉપરથી ઉઠાડી મેલ્યો હોય તે દેશના જેવી સ્થિતિમાં અંતઃકરણ આવી પડે છે; પણ જેમ કહેણી છે કે 'દેશનો રાજા મરતો નથી" (એટલે કે દેશમાં કોઇને કોઇ રાજ્ય તો કરે છે), તેમ અંતઃકરણ પણ મરણ પામતું નથી. તે થોડો વાર મંદ થઇ પડે: પણ તે છતાં તે જીવે છે તો ખરૂં. એટલુંજ અગત્યનું છે કે માણસે પોતાના અંતઃકરણના અવાજ ઉપર (જીવગીત નાદ ઉપર) ધ્યાન આપવું, અને તે પછી તે સીધે માર્ગે જતો થશે. આ શક્તિ કુદરતીજ માણસના દીલમાં રહે છે અને તે ઝટ ખરાં કે ખોટાં વચ્ચેના ફરક બતાવી આપે છે. યુરોપના વિદ્વાનો પણ આ સત્ય માર્ગ દર્શાવનારી શક્તિ કબુલ રાખે છે.

ઉપાસકે જીંદગીના આ ગાયનને સાંભળી તેનો સત્કાર કરવો; તે જે બોધ આપે છે તે સ્મૃતિમાં ભરી મુકવો, અને તેમાંથી કેમ વર્તવું તે શીખતા થવું. આ પ્રમાણે આ ગાયનની આજ્ઞા ગ્રહણ કરવાથી નીચલું પરીણામ નીપજશે.)

૮. જે યોધ્ધા તે પોતે છે અને જે તારો રાજા છે, તેની આજ્ઞા પાળીશ તો, યુદ્ધના ગડબડાટ વચ્ચે પર્વતની પેઠે અચળ તું હવે ઉભો રહી શકીશ. તેની આજ્ઞા પાળવા શિવાય બીજી બધી વાતે યુદ્ધમાં નચિંત રહી, યુદ્ધનું શું પરીણામ આવશે તે વીશે બેદરકાર રહી,—કેમકે એકજ ચીજ અગત્યની છે, અને તે આ કે યોદ્ધો જય મેળવે, અને તું જાણે છે કે તેની હાર તો અશક્ય છે,—આ પ્રમાણે, સ્થિર અને સાવધ ઉભો રહી, જે સાંભળવાની શક્તિ તેં દુઃખ વડે અને દુઃખના નાશ વડે પ્રાપ્ત કરી છે તેને ઉપયોગમાં આણ. જ્યાં સુધી તું માત્ર માણસ છે ત્યાં સુધી તે મહાન ગાયનના થોડા ભાગોજ માત્ર તારા કાનને અથડાશે. પણ જો તું તે સાંભળે તો તે એવું દૃઢ સ્મરણમાં રાખજે કે જે તેં સાંભળ્યું છે તે કદી પણ ભૂલી જવાય નહિ; અને તેમાંથી જે ભેદ તારી આસપાસ છે તેનો મર્મ જાણવાનો યત્ન કરજે. વખત જતાં તને ગુરૂની પણ જરૂર રહેશે નહિ. કારણ કે જેમ માણસ અવાજ ધરાવે છે તેમ જેમાં માણસ રહે છે તે પણ અવાજ ધરાવે છે. જીંદગી પોતે અવાજ ધરાવે છે કદી મૌન્ય રહેતી નથી. અને તેનો અવાજ જેમ તું બહેરો ધારે તેમ, એક બુમ નથી; તે એક મધુર ગાયન છે. તેનાથી શીખ કે જીવ-ગીત નાદ એ બ્રહ્મગીત નાદનો અંશ છે;

તેમાંથી બ્રહ્મગીત નાદને અનુસરીને વર્તતાં શીખ.

(આ આઠમાં નિયમ વીશે આપણે આગળ જોઇતો ખુલાસો આપી ગયા છીએ. ઉપાસકે અંતરં પુરૂષને શોધી કાઢી અને તેની પાસે યુદ્ધ કરાવી, જે કાંઈ તેની બાહાર છે તે તરફ બેદરકાર રહેવું.ન જોઇયે. તેને નીચલો બોધ દેવામાં આવે છે.)

૯. તારી આસપાસ જે કાંઇ છે તે ગંભીરાઇથી જો.

૧૦. માણુસના ભીતરમાં બુદ્ધિ પૂર્વક જોતાં શીખ.

૧૧. તારાં પોતાના ભીતરમાં અતિ ગંભીરાઇથી જો.

૧૨. કારણ કે જે તેજ જીંદગી ઉપર પ્રકાશ પાથરી તારી દૃષ્ટિ આગળ તેને ખુલ્લી દેખાતી કરે છે તે તે તારા ભીતરમાંથીજ પ્રગટશે.

માણુસનાં હૃદયનો અભ્યાસ કર કે તું જાણતો થાય કે જેમાં તું રહે છે અને જેનો તું એક ભાગ થશે તે દુનિઆ કેવી છે. તારી આસપાસની નિરંતર બદલાતી અને હાલતી ચાલતી જીંદગી ઉપર લક્ષ આપ, કેમકે તે જીંદગી મનુષ્યોના હૃદયોની બનેલી છે; અને જેમ જેમ તું તમનો બાધો અને અર્થ જાણતો થશે, તેમ તેમ રફતે રફતે જીંદગીના વધારે ધાડા શબ્દને વાંચવાને સમર્થ થઇશ.

(પોતાના અને બીજા માણુસોના દીલમાં જોવાનું, અને આસપાસની જીંદગી વિશે પણ મનન કરવાનું આ કામ ઉપાસકે કાંઈ પણ અંગત વિચાર વિના કરવું; નહિ તો તેની આંખે સર્વે અશુધ્ધ જણાશે. માટે અંગત વિચારથી રહિત કેમ થવું તે જાણવું જોઇયે. હે ઉપાસક, સમજકે 'બુદ્ધ,' અપક્ષપાત છે; કોઇ માણુસ તારો શત્રુ નથી; કોઇ માણુસ તારો મિત્ર નથી. સઘળા સરખા રીતે તારા ગુરૂઓ છે. જો તું એમ માને કે અમૂક માણુસ તારો શત્રુ છે તો તારો શત્રુ એક અવો ભેદ બની રહે છે કે જેનો અર્થ યુગો લાગે તો પણ તારે શોધી કાઢી કાઢવો પડશે; કેમકે માણુસને ઓળખવોજ જોઇયે. તારો મિત્ર તારા પોતાનો એક ભાગ બની રહે છે, તારા જાણે વધારો થઇ પડે છે, અને આ પણ એક ભેદ છે કે જે સમજવો ભારી છે. આના કરતાં સમજવાને બાજી એકજ ચીજ વધારે અઘરી છે,—અને તે તારૂં પોતાનું દીલ છે. જ્યાં સુધી અહંકારથી સ્વતંત્ર થવાતું નથી (અહંકાર દુર થતો નથી) ત્યાં સુધી આ ઉંડો ભેદ સમજી શકાતો નથી. અહંકાર તજવાથીજ આ ભેદ ખુલ્લો થવા માંડે છે ત્યારે, અને માત્ર ત્યારેજ, તું તારી સર્વે શક્તિઓનો ઉપયોગ કરવાને સમર્થ થઇશ, અને તેમને યોગ્ય કામમાં રોકી શકીશ.

પરંતુ પરસેવા બજાવી શકે તે પૂર્વે ઉપાસકે બોલવાની શક્તિ ધરાવવી જોઈએ, તે વિષે કહે છે:)

૧૩. જ્ઞાનની પ્રાપ્તિ સાથ વાણી પણ પ્રાપ્ત થશે. જ્ઞાન પ્રાપ્ત કર અને તું વાણી પ્રાપ્ત કરી શકીશ.

[જ્યાં સુધી ઉપાસકે ચોક્કસ જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી ત્યાં સુધી પારકાને સહાય કરવું નહિ બની શકે એવું છે. જ્યારે તે પેહેલા ૨૧ નીયમો શીખી, ખીલેલી સિધ્ધિઓ સાથ જીતેંદ્રિય થઇ બ્રહ્મ-શાળામાં પ્રવેશ કરે છે, ત્યારે તે જોશે કે તેનામાં એક ઝરો છે જેમાંથી વાણી વહેતી થશે-એટલે કે એવી વાણી કે જેથી બીજાઓને સહાય કરવા તે સમર્થ થશે.

હવે ઉપાસકે જે જે મેળવ્યું છે તે જણાવી તેનો પ્રવાસ કેટલો પુરો થયો છે તે નીચલા શબ્દોમાં કહે છે:]

૧૪. અંતર ઇંદ્રિયોનો ઉપયોગ કરતાં શીખી, બાહ્ય ઇંદ્રીયોની તૃષ્ણાઓ જીતી લઇ, મનની પણ તૃષ્ણાઓ વશ કરી, અને જ્ઞાન સંપાદન કરી રહી, હવે હે ઉપાસક, માર્ગ ઉપર પેસવા માટે ખરેખર તૈયારી કર. માર્ગ જડયો છે; તે ઉપર ચાલવા તૈયાર થા.

[ઉપાસકે શું શું સામગ્રી લેવી જોઇયે, એટલે કે માર્ગ ઉપર ચાલવા અને પોતાનો લાંબો પ્રવાસ સફળ પુરો કરવા શું પગલાં લેવાં જોઇયે તે નીચલા ત્રણ નિયમોમાં જણાવ્યા છે.]

૧૫. પૃથ્વી, વાયુ, અને જળને તારે માટે જે ભેદો તેઓ ધરાવે છે તે પુછવા માંડ. તારી અંતર ઇંદ્રીયો ખીલ્યાથી એમ કરવાને તું સમર્થ થઇશ.

[ઉપાસકે સૃષ્ટિને નીહાળીને તેનો અભ્યાસ કરવો. પણ જેમ પાશ્ચાત્ય પંડીતો કરે છે તેમ માત્ર સ્થૂળ પદાર્થોની ઉપરટપકેની તપાસ ન કરવી અને માત્ર બાહ્ય ઇંદ્રીયો ન વાપરવી. સૃષ્ટિ એ એક મહાન ઇતિહાસ કર્ત્તા અને મહાન ગુરૂ છે. જગતના ઇતિહાસમાં જે કાંઈ, માણસના વિચારો કે સંકલ્પો સુદ્ધાં બને છે તે સર્વે પૃથ્વી, વાયુ, જળ અને આકાશમાં પરિપૂર્ણ નોંધાઇ રહે છે. યંત્ર શાસ્ત્રના મૂળતત્વો પ્રમાણે ઘાત અને પ્રત્યાઘાત સમાન બળ ધરાવે છે,—પોતાના કર્મ, વાણી અને વિચારથી માણસ આકાશ, વાયુ, જળ અને પૃથ્વી પર જે જે અસર ઉત્પન્ન કરે છે તે આ દરેક ભૂત (તત્વ)માં એવો ફેરફાર કરે છે કે તે ફેરફારોનો કદી અંત આવતો નથી. દ્રષ્ટાંત તરીકે મોંમાથી જે શબ્દ ઉચ્ચારીએ છીએ તે વાયુમાં ધ્રુજણીના મોજાં ઉત્પન્ન કરે છે, અને આ મોજાંઓ સર્વે દીશાઓમાં ફેલાઇને સકળ વિશ્વમાં ફરી વળે છે. તેજ પ્રમાણે જળ પણ દરેક હાલચાલ (દાખલા તરીકે સમુદ્ર પસાર કરતાં વહાણથી ઉત્પન્ન થતી હાલચાલ)ની નીશાની જાળવી રાખે છે. અને પૃથ્વી પણ જે જે અસર માણસ તે ઉપર કરે છે તે દ્રઢ ધારી રાખે છે. આ ઉત્પન્ન થતી ધ્રુજણી અને અસરોના માર્ગ અને નોંધ ચોક્કસ હોય છે, અને ગણીતશાસ્ત્રના નિયમોને આધીન હોય છે.

પણ પૃથકકરણ કરવાની શ્રેષ્ઠ શક્તિ ધરાવ્યાથીજ આ અવાજો, અસરો, અને સંકલ્પોની નોધ જોઇ અને જાણી શકાય છે. અને જ્યારે આ સર્વે પ્રકૃતિક નિયમોને આધીન છે, તે લીધે માણસ તે સર્વે જાણી શકે એમ છે; અને જેણે પોતાની અંતર ઇંદ્રિયો ખીલવી છે એવો ઉપાસક તો કુદરતના ભેદો વાંચવા અને સાંભળવા સમર્થ છે. પણ આ છતાં હજી તો તે માત્ર ઉપાસક છે, અને તે લીધે તેને સહાયની જરૂર છે. તેને કહેવામાં આવે છે કે:]

૧૬. પૃથ્વીપર પવિત્ર આત્માઓએ તારે માટે જે ભેદો જાળવી રાખ્યા છે તે પુછવા માંડ. બાહ્ય ઈંદ્રીયોને જીતવાથી આમ કરવાનો તને હક રહેશે.

[શ્રી કૃષ્ણ પણ એવોજ બોધ આપે છે: "તત્વવેત્તા જ્ઞાનીને દંડવત નમસ્કાર કરીશ, પુનઃ પુનઃ પ્રશ્ન કરીશ અને ભક્તિથી સેવા કરીશ તો તે જ્ઞાની તને જ્ઞાનનો ઉપદેશ દેશે, અને તે ગ્રહણ કરી તું અવિદ્યામાં ફરી પડીશ નહિ, અને સર્વે ભૂતમાં આત્મા જોઇશ." ઉપાસકે સ્વાર્થ તજ્યાથી અને પરમાર્થ બુદ્ધિ પ્રાપ્ત કર્યાથી મહાન ઋષિઓ પાસ શિક્ષણ ગ્રહણ કરવાનો હક મેળવ્યો છે.

અને છેવટે કહેવામાં આવે છે કે:]

૧૭. અંતરમાં વસી રહેલા અદ્વૈત પાસ જે ભેદો તારે માટે તે યુગો સુધી ધરાવી રહ્યો છે તે પુછવા માંડ.

[શિક્ષણની સીડીનું આ છેલ્લું પગથીઉં છે. ઉપાસક હવે એવી હદે આવી પહોંચ્યો છે કે જ્યારે તે ચોક્કસ કહી શકે કે "આત્મા પોતાનોજ આશ્રય છે." (ભ. ગીતા).

પણ આટલું યાદ રાખવું કે આ નિયમોમાં એકેક પછી જણાવેલી શીખવાની જુદી જુદી રીતીઓ પ્રાપ્ત કરવી સહેલ નથી.]

૧૭.—(ક) માણસના અહંકારી માયાવી સ્વરૂપની ઇચ્છાઓ વશ કરવાના કાર્યમાં મહાન અને ભારે વિજય પ્રાપ્ત કરતાં યુગોના યુગો વહી જાય છે; માટે યુગોના યુગો સુધી અનુભવ સંગ્રહ કરવાની પૂર્વે તેનું ફળ હાથ કરવાની આશા રાખીશ નહિ.

(નિરાશા પેદા ન થાય માટે આ ચેતવણીની જરૂર છે, કેમકે કેટલાકનો સ્વભાવ ધીરજ શું છે તે જાણતો નથી. ગીતામાં પણ કહ્યું છે કે: "દશ હજાર માણસોમાં થોડા શુદ્ધિ અર્થે યત્ન કરે છે; અને વળી આ યત્ન કરનારામાના માત્ર થોડાજ શુદ્ધ થઇ પરમાત્માને જાણે છે. પણ કોઇ પણ માણસે સહજ પણ કર્મ આચર્યું હોય તો તે દુર્ગતિ પામશે નહિ. મૃત્યુ પામવાથી જેની ભક્તિ અટકી પડી છે,—તે ઉત્તમ લોકમાં પોતાના સદ્‌ગુણનું ફળ સેંકડો વર્ષ પર્યંત ભોગવીને—અંતે કોઇ યોગ્ય પવિત્ર શ્રીમંત પુરૂષના ઘરમાં કે કોઇ બુદ્ધિમાન સાધુ (યોગી)ના કુટુંબમાં જન્મ લે છે. આ પ્રમાણે જન્મ લેતાં પૂર્વ જન્મમાં પ્રાપ્ત કરેલી તેની બુદ્ધિ પાછી પ્રાપ્ત થાય છે અને અહીં ફરી ઉત્તમ સિદ્ધિ મેળવવા યત્ન કરે છે...આ

પ્રમાણે શમ વડે યોગાભ્યાસ કરનાર પાપથી મુકાઇ અનેક જન્મમાં પ્રાપ્ત કરેલાં યોગ સાધન વડે જ્ઞાન સિદ્ધ કરે છે અને પછી ઉત્તમ ગતિને પામે છે." આ બીના ધ્યાનમાં રાખી ઉપાસકે ધીરજથી પોતાના કામપર મંડવુ, એવા દૃઢ વિશ્વાસથી કે જ્યાં નીતી-ત્યાં જય.)

૧૭.—(ખ) જ્યારે આ ૧૭મો નિયમ શીખવાનો સમય આવી પહોંચે છે, ત્યારે માણસ માણુસ કરતાં પણુ શ્રેષ્ટ થવાના ઉંબર આગળ છે.

(આ એક મહાન લાભ છે, અને આ આનંદમય સ્થિતિ સંપાદન કરવા ઉપાસકે ઊદ્યોગ અને ખંતથી યત્ન કરવો, પણુ આટલી સંભાળ રાખવી કે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેનો કાંઇ ગેર-ઉપયોગ કે આડો ઉપયોગ થાય નહિ. આ વિશે નીચે કહે છે કે:)

૧૮. જે જ્ઞાન તને પ્રાપ્ત થયું છે તે આટલા માટે પ્રાપ્ત થયું છે કે તારો જીવ સર્વે શુધ્ધ જીવો સાથ અને અંતરાત્મા સાથ ઐક્યતા પામ્યો છે. તારે આ જ્ઞાન જાણે પરમાત્માએ તને રક્ષણુ કરવા તારા કબજામાં આપ્યું છે એમ ગણુવું. તારા જ્ઞાનનો ભંગ કર્યો કે ગેરૂપયોગ કર્યો કે તે વીશે બેદરકાર રહયો તો હજી પણુ એમ બની શકે કે જે શ્રેષ્ટ સ્થિતિ તેં સંપાદન કરી છે તેપરથી ફરી તું નીચે તુટી પડે. મહાન પુરૂષો પણુ પોતા ઉપર રહેલા જોખમનો ભાર ખમવાને અશકત હોવાથી, છેક ઊંબર આગળ આવ્યા પછી પણું પાછા હટી જાય છે—માટે, સદા ગંભીર અને ધ્રુજતો આ ઘડીની વાટ જોઇ રહે, અને યુદ્ધ માટે સજ્જ થા.

[આ ઊપયોગી ચેતવણી આપીને, આ છેલ્લા યુદ્ધમાં કેવી વર્તણુક રાખવી તે નીચે જણાવે છે.]

૧૯. લખેલું છે કે જે પુરૂષ પરમાત્માના ઉંબર આગળ આવી પહોંચ્યો છે તેને માટે નથી કાંઇ કાયદા કે નથી કોઇ ભોમીયો. તોપણ ઉપાસકને કાંઇ જાણુ આપવા આ છેલ્લું યુદ્ધ આમ વર્ણવી શકાય:

(ક) નથી જે કાંઇ વસ્તુ, નથી જેને કાંઈ જન્મ, તેને દૃઢ વળગી રહે.

૨૦. ઘોષ રહિત શબ્દ ઉપર લક્ષ આપ.

૨૧. અંતર અને બાહ્ય ઇંદ્રીયો એ બન્નેને જે અદ્રશ્ય છે તેજ માત્ર જો.

[આ હદ આવી પહોંચ્યા પછી જે પદાર્થો સ્થૂળ કે લીંગ શરીર સાથ સબંધ રાખે છે તેમની સાથ ઉપાસકને હવે કાંઇ લાગતું વળગતુ નથી. જે તત્વોથી તેનું સ્થૂળ અને લીંગ શરીર બનેલું છે, તે તત્વો કરતાં અતિ સૂક્ષ્મ અને શુધ્ધ તત્વો વાળા કોશમાં તેનો જીવ રહેવા માંડે છે; અને પરમાત્માનું શુદ્ધ ધ્યાન ધરવા હવે તે યોગ્ય અવસ્થા પ્રાપ્ત કરી શકે

૭. આ લીધે ૧૯. (ક), ૨૦, અને ૨૧મા નિયમો ઉપાસકને માત્ર પરમાત્માનું જ ધ્યાન ધરવા સુચવે છે; કેમકે આ ત્રણ જુદા જુદા નિયમોમાં જે અજડ અને સ્પર્શ રહિત, ઘોષ રહિત, અણદીઠ તરીકે જણાવ્યું છે, તે માત્ર પરમાત્માના. સંબંધમાં વપરાતાં વિશેષણો છે. ૧૯ (ક). નીયમમાં પરમાત્મા વીશે કહ્યું છે કે નથી.તે કાંઇ વસ્તુ કે નથી તેને કાંઇ જન્મ. તે ખરેખર, વસ્તુ તો છેજ નહિ, કેમકે તે અજ અને અનાદિ પુરુષ (ચૈતન્ય) છે. અને તેને જન્મ પણ નથી. જેમ રૂગવેદ કહે છે કે "અસતમાંથી, સત નીકળ્યું." અર્થ આ છે કે સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં, જે કાંઇ આપણ હાલ જોઇયે છીએ તેમની હસ્તી હતી નહિ; એટલે કે તેઓ હજી વ્યક્ત થયાં ન હતાં. વળી રૂગવેદમાં બ્રહ્મ વીશે કહે છે કે તે અસત્ અને સત્ બન્ને છે; સત્ આ માટે કે તે સદા ગુપ્ત સ્થિતિમાં હસ્તી ધરાવે છે, અને અસત કહેવાનું કારણ આ કે પ્રથમ તે અવ્યક્ત રહેલું હતું; આ રીતે બન્ને શબ્દનો અર્થ એકજ છે. વળી અત્રે કહેવું જોઇયે કે રુગવેદનું એક સૂત્ર જણાવે છે કે "અસત્ કે સત કાંઇપણ હતું નહિ;" આ તે કાળ વીશે કહ્યું છે કે જ્યારે સૃષ્ટિસર્ગના આરંભની વેળા આવી હતી, અને તે વેળા એમ ન કહેવાય કે આ બ્રહ્મ વ્યકત હતું કે અવ્યકત હતું; કેમકે તે વ્યકત થવાની અણી ઉપર હતું; માટેજ કહ્યું છે કે "અસત્ કે સત્ કાંઇ હતું" નહિ.

આજ અર્થમાં કહ્યું છે કે બ્રહ્મ જન્મરહિત, શૂન્યમય, અને અણદીઠ છે. પરબ્રહ્મની આ આ સર્વોત્તમ અવસ્થા છે. જ્યારે એમ છે ત્યારે આપણે પૂછીશું કે જે અજ, સ્પર્શરહિત છે તેને ઉપાસક કેવી રીતે વળગે, જે ઘોષરહિત છે તેનો શબ્દ કેમ સાંભળે, જે અણદીઠ છે તેને કેમ જુએ ? આની સમજ મેળવવા આપણને પ્રથમ જે બ્રહ્મનું ધ્યાન ધરવા ઉપાસકને કહ્યું છે તે બ્રહ્મની અવ્યક્ત સ્થિતિનો કાંઇક ખ્યાલ કરવો જોઇયે, અને પછી આ મહાન કાર્ય પૂરું કરવા જેજે શક્તિઓ ઉપાસકે મેળવી છે તેમના ગુણ અને વિસ્તાર જાણવાં જોઇયે. જે બોધિત માત્ર (અંશરહિત), અનોપમ (સર્વ જ્ઞાનથી વિલક્ષણ), સત્તા માત્ર, અલક્ષણ, પ્રશાંત, શુદ્ધ, અભય, અભિવ્યાપ્ય અને આશ્રય રહિત, અને આત્મ સંબોધ વિષય એવા બ્રહ્મથી પરમ સ્થીતીનો વીચાર કરીએ.

બ્રહ્મની આ અવ્યક્ત સ્થિતિપર જેનું ચિત્ત આસક્ત છે તેને ભારે કલેશ ખમવો પડે છે. ઉપાસકે બાહ્ય ઈંદ્રિયો વડે જોવાનું કે સાંભળવાનું કે વળગવાનું નથી. હવે ઉપાસકના અંતરમાં દીવ્ય પ્રકાશ વ્યાપી રહેલો છે, અને તે પ્રકાશ વડે પરમ પ્રકાશ જે બ્રહ્મ તે જાણવાને સમર્થ છે. માર્ગમાં આટલે સુધી આવ્યા પછી ઉપાસકને સમાધીનો અનુભવ મળવા માડે છે. જ્યારે મનના કે ઇંદ્રિયોના કાંઇપણ યત્ન વગર વિચાર માત્ર પર-બ્રહ્મના ધ્યાનમાં લીન પામે છે, અને સકળ શક્તિઓ આજ વીચારમાં ગર્ક થાય છે, ત્યારે તે અવસ્થાને તુર્યાવસ્થા કે સમાધી કહે છે. હવે જે અપ્રાપ્ય છે તેને વળગવું, જે ઘોષરહિત છે તેને સાંભળવું, અને જે અણદીઠ છે તેને જોવું, આનો અર્થ સમાધી અવસ્થાનો અનુભવ મેળવવો એ થાય છે.

જ્યારે ઉપાસક આ સર્વથી પવિત્ર સ્થિતિએ પહોંચે છે ત્યારે બૃહદારણ્યક ઉપનિષદ્‌ના નીચલા શબ્દો બોલવાને યોગ્ય થાય છે: "મેં અડકીને સાંકડો, લાંબો, અને પ્રાચીન માર્ગ પ્રાપ્ત કર્યો છે; જે માર્ગે બ્રહ્મ પ્રત્યે જવાય છે, જે માર્ગપર વિવેકી, બ્રહ્મજ્ઞ, અને તેજસ્વી સ્વભાવ વાળો પુરૂષ ચાલે છે".

અત્રે બીજો ભાગ સમાપ્ત થાય છે, અને આવી આનંદજનક અવસ્થા પ્રાપ્ત કરવા માટે ઉપાસકને નીચલા શબ્દોમાં ધન્યવાદ આપે છે.

॥તને શાંતિ પ્રાપ્ત થાઓ.॥

△

ભાગ ૩.

કર્મ.

[પેહેલા અને બીજા ભાગમાં આપેલા નિયમોથી જણાશે કે આ મહાભારત કાર્યમાં જય મેળવવાનો સઘળો આધાર ઉપાસકના પોતા ઉપરજ રહે છે. જેમ શ્રી કૃષ્ણ ભાર મૂકીને કહે છે કે "આત્મા આત્માનો મિત્ર છે, અને વળી આત્મા પોતાનોજ શત્રુ છે". હવે જીંદગીના મહાન ભેદોનો સંતોષકારક ખુલાસો મેળવવા માટે અને આ મહાન વીચાર સમજવા માટે જે મૂળ નિયમો ઊપરથી કર્મ વીશેનો સિદ્ધાંત રચાયો છે તે ઉપાસકે જાણવો જોઇયે; એટલેકે, બીજા બોલોમાં, તેણે બરાબર સમજવું જોઇયે કે કેવી રીતે તેના પોતાના કામો, શબ્દો, અને વિચારો એ સર્વે સાથે મળી, આ જન્મમાં અને ભવિષ્યના જન્મોમાં તેની સ્થિતિ ઉપર અસર કરે છે; કારણકે જે કાંઇ તે કરે છે, બોલે છે કે વિચારે છે તેનું પરીણામ તો ચોકકસજ નીપજે છે, અને સંસારી બાબદોમાં કે ચિત્ત શુધ્ધિની બાબદમાં તેને સુખી કે દુ:ખી કરવાની શક્તિ ધરાવે છે.

આ લીધે ગ્રંથમાં કર્મનું વિવેચન કરવા એક આખો જુદો ભાગ રોકયો છે.

વેદમાં અને સર્વે પ્રાચીન આર્ય ગ્રંથોમાં જણાવ્યું છે કે કર્મનો નિયમ કુદરતના મૂળ નિયમોમાનો એક છે; જેવું કરવું તેવું પામવું; જેવું કારણ તેવું કાર્ય; અને આ રીતે તે એક અનાદિ નિયમ છે. માણસને 'પુરૂષ' કહે છે, અને તે બે પ્રકારનો સ્વભાવ ધરાવે છે; એક મૃત્યુવશ (નાશવંત), બીજો અમર (અવિનાશી). મૃત્યુવશ પુરૂષને 'ક્ષર' કહે છે, અને આ નામ દેહને આપવામાં આવે છે, જે દેહમાં અમર પુરૂષ વસે છે. આ અમર પુરૂષને 'અક્ષર' (અવિનાશી) કહે છે. તેને નથી જન્મ કે નથી મરણ. આ બેવડો પુરૂષ—જેમ દરેક વસ્તુ છે તેમ—એક ત્રીજા શ્રેષ્ઠ પુરૂષથી વ્યાપી રહેલો છે, જેને પુરુષોત્તમ કહે છે અને જે અજ,

અનંત છે. આ લીધે તેહને બ્રહ્મપુરી—બ્રહ્મનું રહેઠાણ કરી કહે છે. મૃત્યુવશ પુરૂષ (એટલે કે શરીર) પ્રકૃતિનો બનેલો છે. સૃષ્ટિનું ઉપાદાન કારણ આ પ્રકૃતિ છે, અને પુરૂષોત્તમ સાથે તેના સંબંધથી સર્વે જડ કે અજડ, પ્રલયની પૂર્વે કે પછી, ઉત્પન્ન થયું: આ લીધે પ્રકૃતિને અલંકારી શબ્દોમાં 'જગધાત્રી'—જગતની માતા કહે છે, અને પુરૂષોત્તમને 'પીતા' કહે છે. સંસ્કૃત प્ર પ્રગટ કરવું અને कृति બનાવવું, જે ઉપરથી 'પ્રકૃતિ,' જેથી સૃષ્ટિ પ્રગટ થવા માંડી. પ્રકૃતિથી બનેલાં શરીરને 'પુરી' કહે છે, અને તેમાં વસતા જીવને 'પુરૂષ' કહે છે. આ લીધે પુરૂષોત્તમની પેઠે પ્રકૃતિ પણ અનાદિ છે. રૂગવેદમાં तत् અને तम ની મૂળ હસ્તી વીશે જણાવ્યું છે. तत् એટલે પુરૂષોત્તમ અને तम એટલે પ્રકૃતિ. અને આ બન્નેનો સંબંધ દર્શાવતાં રૂગવેદમાં લખે છે કે "પ્રથમ બીજ જળ મધ્યે હતું. આના ખોળામાં જે શયન કરી રહયો તે અજ હતો;' પ્રથમ બીજ તથા અજ એટલે પુરૂષોત્તમ; અને જળ, અપ, એટલે પ્રકૃતિ.

આ લીધે પ્રકૃતિ, પુરૂષોત્તમ (પરમાત્માં), અને પુરૂપ (જીવાત્મા) એ ત્રણે અજ (જન્મરહિત) છે. આ ત્રણમાંથી પરમાત્મા અને જીવાત્મા અવિકારી છે, પરંતુ પ્રકૃતિ વિકારી છે, અનેક આકાર કે રૂપ પકડી શકે છે. આ લીધે પ્રકૃતિના બે પ્રકાર છે; પેહેલે અવ્યક્ત પ્રકૃતિ જેને મૂળપ્રકૃતિ કહે છે અને પંચ તન્માત્રામાં તેના જે અણુઓ છે તે અનાદિ અને અનંત છે; પછી વ્યકત પ્રકૃતિ; પ્રકૃતિની આ સ્થિતિ અનિત્ય છે. તેને આરંભ અને અંત બન્ને છે. આ બીજી વ્યક્ત સ્થિતિમાં પ્રકૃતિ, સૃષ્ટિ અને મનુષ્યનું ઉપાદાન કારણ છે. "જળ એ મૂળ (કારણ) હતું. અને સૃષ્ટિ એ તુલ (ફણગો—કાર્ય." એમ ઐતર્ય અરણ્યક કહે છે. જ્યારે સૃષ્ટિ નાશ પામે છે અથવા જ્યારે માણસ મરણ પામે છે ત્યારે પ્રકૃતિક પરમાણુના બનેલા આકારો નાશ પામે છે, પણ આ પરમાણુઓ પોતાના પ્રથમ મૂળમાં, એટલે મૂળ પ્રકૃતિમાં પાછાં મળી જાય છે.

આ રીતે જે રૂપ કે આકારનો નાશ થાય છે તેને માણસનો મૃત્યુવશ કે ક્ષર ભાગ કહે છે. આ લીધે જ્યારે જન્મ અને મરણ શબ્દો વપરાય છે ત્યારે માત્ર આજ સમજવું કે પરમાણુઓથી શરીરનો જે આકાર બંધાય છે, તે આકાર નાશ પામે છે. પણ પરમાણુનો નાશ થતો નથી, અને તે સાથે જીવાત્મા પણ મરણ પામતો નથી. હવે માણસના આ નાશવંત ભાગ વીશે કાંઇક કહીશું; કેમકે આ નાશવંત ભાગથી સ્વતંત્ર થયા પછીજ માણસ પોતાની છેવટની નેમમાં ફાવી શકે છે.

પ્રકૃતિના અનાદિ અનંત પરમાણુઓને સૂક્ષ્મ તત્વો કે તન્માત્રા કહે છે. આ પાંચ તન્માત્રામાંથી પાંચ સ્થુળ તત્વો, પંચ મહાભૂતો, ઉત્પન્ન થાય છે; પૃથ્વી, અપ, તેજ, વાયુ અને આકાશ આ પાંચ ભૂતના સયોગથી બ્રહ્માંડ (વિશ્વ) અને તે સાથે પિંડાડ (માણસ) એ બન્ને બને છે. શરીરમાં રહેલો અગ્નિ તે તેજ છે, ઇંદ્રીયોના દ્વાર તે આકાશ છે; રૂધીર, મેદ અને વિર્ય એ અપ છે; શરીર એ પૃથ્વી છે; અને શ્વાસ એ વાયુ છે. માણસ આ રીતે

પંચ કોષથી વિંટળાયલો છે. તેનું બહારનું કોષ એ અન્નમય કોષ કહેવાય છે, કેમકે તે અન્નથી પોષાય છે અને તે આ પંચ મહાભૂતનું બનેલો છે. તેની માંહે પ્રાણમય કોષ છે. જે પ્રાણ વાયુનું બનેલું છે. તેની માંહે મનોમય કોષ છે જે "મનસ"નું બનેલું છે, અને જેથી જીવાત્માને સંકલ્પ કરવાનું અને નિશ્ચય કરવાનું બની આવે છે. અને જેથી પ્રાણ વાયુ આ કોષમાં રહી શકે છે. એની માંહે વિજ્ઞાનમય કોષ છે જે માત્ર બુધ્ધિનો બનેલો છે, અને જેથી અહંકાર ઉત્પન્ન થાય છે. અને આની માંહે આનંદમય કોષ છે જે શુદ્ધ જ્ઞાનનો બનેલો છે. આ પંચ કોષ, અને તેમા વસતો જીવાત્મા, અને જે પુરૂષોત્તમ આ કોષોમાં અને સર્વે વસ્તુઓમાં વ્યાપી રહેલો છે તે મળીને માણસના સાત મુખ્ય તત્વો બની રહે છે. આટલું યાદ રાખવું કે આ સાત તત્વો માણસમાં સદા પ્રગટ નથી હોતાં; તેમના બીજ ત્યાં છે; પરંતુ આ બીજને નીયમીત રીત પ્રમાણે ખીલવવાની અગત્ય છે.

પેહેલો કોષ એ સ્થૂળ શરીર કહેવાય છે, કેમકે તે સ્થૂળ પદાર્થનું બનેલું છે. મરણનો સંબંધ આ સ્થૂળ શરીર સાથ છે. મરણ કાળે જીવ સ્થૂળ શરીર તજીને બીજા કોષ સાથે બાહાર નીસરી પડે છે. આ બીજા કોષને સૂક્ષ્મ શરીર કહે છે. કેમકે તે પ્રકૃતિના સૂક્ષ્મ અણુઓનું બનેલો છે, પણ આ અણુઓ એટલાં બારીક અને સૂક્ષ્મ હોય છે કે જ્યારે સ્થૂળ શરીરમાંથી સૂક્ષ્મ શરીર નીકળે છે ત્યારે તે સાધારણ માણસને દેખાતું નથી. જ્યારે તે આખી નીકળે છે ત્યારે સ્થુળ શરીર જે સૂક્ષ્મ શરીરમાં રહેલા સ્વાભાવિક ગુણોની ગરમી વડે ગરમ રહ્યું હતું તે ટાઢું થઈ જાય છે; શરીરમાં વિકાર થવા માંડે છે, અને તેના અણુઓ પોત પોતાના મૂળમાં પાછાં જઇ મળે છે; અને જીવ સૂક્ષ્મ શરીરથી વિંટલાઇને જન્મ–ચક્રમાં અનેક લોક ભોગવતો ફરે છે. જ્યાં સુધી મોક્ષપદ પ્રાપ્ત થતું નથી, ત્યાંસુધી તે આ કોષમાં વીંટલાઇ રહે છે. પણ આ મોક્ષપદ એકદમ પ્રાપ્ત થતું નથી. પંચ કોષમાંથી પ્રથમ અન્નમય કોષ નાશ પામે છે. પછી પ્રાણમય કોષ વીખેરાઈ જાય છે. અને એમ પાંચે કોષ અંતે વીખરાઇ જાય છે ત્યાર પછી પરમાત્મામાં જીવાત્મા લીન પામે છે, અને આ મોક્ષ કહેવાય છે. આ જુદા જુદા કોષ વેદમાં અલંકારી ભાષામાં જણાવ્યા છે. ત્યાં ભૂમી (સ્થૂળ દેહ), અસુ (લીંગ દેહ), અસ્રજ (રૂધીર), અને આત્મા શબ્દો વાપર્યા છે.

દેહપાત થવા પછી જીવ સ્વર્ગ સુખ વીગેરે પોતાના કર્મ પ્રમાણે ભોગવી ફરી સ્થુળ દેહ ધારણ કરે છે. જ્યાંસુધી જીવ સૂક્ષ્મ શરીરથી પણ સ્વતંત્ર થતો નથી ત્યાંસુધી જન્મ અને મરણ, દેહ છોડવી અને દેહ ધારણ કરવી ચાલુ રહે છે. હવે જ્યારે માણસ મરણ પામે છે, ત્યારે ઇંદ્રીયો તો નાશ પામે છે, પણ જીવતાં જીવત કરેલાં સર્વે કાર્યો, બોલેલા શબ્દો, અને કરેલા વિચારો વાસના રૂપે જીવને વળગી રહે છે. કેમકે માણસ જ્યારે, કાંઇ કર્મ કરે છે કે કાંઇ બોલે છે, કે કાંઇ વિચારે છે, ત્યારે તે કર્મ, શબ્દ કે વિચાર સાથે તેના શરીરમાંથી કાંઇ તેજસ કે જ્યોતિ નીકળે છે, અને આ તેજસ કાંઇક જીવ ધરાવે છે અને ચોક્કસ પરીણામ નીપજાવે છે; પણ આ તેજસ પ્રકૃતિક તત્વનું બનેલું છે, અને

તેના અણુઓ જો કે અતિ સૂક્ષ્મ છે તો પણ જાણે જીવતી ચીંગારીઓ કે વીજળીક તાર હોય તેમ સૃષ્ટિમાં વ્યાપી રહેલાં આકાશમાં જઇ મળે છે; અને આ વીજળીક તેજસ એવડું તો બળ ધરાવે છે કે જેબી કાંઇ વસ્તુને તેનો સ્પર્શ થાય છે તે ઉપર અસર કરી શકે છે, અને પછી ઘાત અને પ્રત્યાઘાતના જાણીતા નીયમ પ્રમાણે જે માણુસમાંથી તે બહાર નીકળે છે ત્યાં પાછી ફરે છે.

આ તેજસ કે વાસનામય બીજમાંથી શુભ વા અશુભ ફળ આપતું વૃક્ષ ઉગી નીકળે છે, અને એના ફળો તે માણુસને પુનર્જન્મોમાં ખાવાં પડે છે. આ બીજને વેદાંતમાં 'કારણ શરીર' કહે છે, કેમકે તે માણુસના સુખ કે દુઃખનું કારણ છે. આ કારણશરીર પાંચમા આનંદમય કોષનું બનેલું છે, અને જ્યાંસુધી જીવ સ્થુળ કે સૂક્ષ્મ શરીરમાં રહે છે ત્યાં સુધી તેને વળગી રહે છે; અને જ્યારે જીવ સ્થુળ અને સૂક્ષ્મ એ બન્ને શરીરના બંધનમાંથી મુક્ત થાય છે, ત્યારે કારણશરીર અગ્નિદાહ થઇ જાય છે; કેમકે ત્યારે જીવ પોતાની પુર્વની શુદ્ધિ પુનઃ પ્રાપ્ત કરે છે, અને કારણશરીર સુદ્ધાં દેહ સાથના પોતાના સંબંધની સર્વે નીશાની બાળી દે છે. જ્યારે જીવ મોક્ષપદ પ્રાપ્ત કરવાને યોગ્ય થાય છે, ત્યારે આમ બને છે. પણ ત્યાંસુધી કારણશરીર બીજરૂપે, પૂર્વે કરેલા કર્મોના ફળ રૂપે, ક્રીયા કરતું રહે છે, અને માણુસના કામો ઉપર કાબુ ધરાવે છે.

આ ક્રિયાને કર્મ કહે છે. કર્મનો મૂળ અર્થ કામ થાય છે; પણ સાધારણ રીતે તેનો અર્થ કારણ–કાર્ય, કામ અને તેનું પરીણામ, એમ કરવામાં આવે છે. માટે કર્મ એ કારણ કાર્યનો નીયમ છે; જે પ્રમાણે ભૂત કે વર્તમાન કાળમાં જે જે ટેવો પાડી હોય તેના પરીણામ પ્રમાણે માણુસનું ભવિષ્ય નક્કી થાય છે. ખરેખર કર્મ એજ ધર્મ, શુદ્ધ ન્યાય, છે, જે માણુસને જે ઘટે, સારૂં કે માઠું, તે ચુકવી આપે છે. આ ઉપરથીજ યમરાજાને "સમવર્ત્તિ," એટલે સર્વે સાથે અપક્ષપાત રીતે વર્તનાર, અથવા "ધર્મરાજા" કહેવામાં આવે છે.

કર્મ ઉપર આ રીતે માણુસના સુખ કે દુઃખનો આધાર રહે છે, પણ તેને સાધારણ માણુસ જોઇ શકતું નથી. તેના ફટકા છુપાજ પડે છે, અને તેથી તેને 'અદ્રષ્ટ' કહેવામાં આવે છે. લોકોમાં નસીબ, કીસમત વગેરે વિચારો પ્રસરી રહ્યા છે તેનું મુળ આ કર્મનો નીયમ છે. સંસ્કૃતમાં કર્મ વીશે ઘણા શબ્દો છે. તેને ભાગ્ય (ભાગ આપનાર), નિયતી (પૂર્વે જે નિર્માણ કરી મૂક્યું છે), વિધિ (જે પૂર્વેથી નક્કી થયલું છે) એવા નામ આપ્યાં છે; કેમકે જ્યારે પણ માણુસ એક કામ કરે છે ત્યારે તેજ કામના જોરે નક્કી કરે છે કે તેની ભવિષ્યની સ્થિતિ આ પ્રમાણે, એટલે કે તેના કામની ખાસીયત પ્રમાણે, સારી કે માઠી, થશે. હવે માણુસના હરેક કામમાં તેના પૂર્વ કર્મની અસર હોય છે. શ્રી કૃષ્ણ કહે છે કે એક કામ પુરૂં કરવા માટે પાંચ ચીજની જરૂર છે; ૧. કરનાર, ૨. દ્રઢ ઇચ્છા; ૩. કરવાના સાધન, હાથ, જીભ વીગેરે; ૪. તે સાધનનો ઉપયોગ; અને છેવટે ૫. પુર્વ કર્મની અસર. હવે

શરીર, વાણી, અને મનની દરેક વાજબી કે ગેરવાજબી ક્રીયામાં આ પાંચ તત્વો હાજર હોય છે.

હવે કર્મના નિયમ ઉપર ધ્યાન આપતાં જણાશે કે માણસ પોતે ચાહે તેમ કરે એવી છુટ છે; નહિ તો કે તે પોતાના કામ માટે જવાબદાર ગણાય નહિ, અને તેના કામથી ઉત્પન્ન થયલાં પરીણામ પણ તેના ઉપર અસર કરે નહિ. હવે માણસને પોતાના શારીરિક, માનસિક અને નીતિમય નીયમોની હદમાંજ ગમે તેમ કરવાની છુટ છે. તે જે કાંઇ કરે છે તેનો સબબ કે કારણ તો છે; પણ કરવું કે ન કરવું તે તેના હાથમાં છે; જો પોતે ન ઇચ્છતો હોય, તે વીશે તેની પાસે કોઇ ઇચ્છા કરાવી શકાતું નથી; અને ઊપર જણાવેલી હદમાં તે ગમે તેમ કરી શકે એમ છે. એટલું ઠીક છે કે તેને આ છુટ મુકી છે; કેમકે તે જાણે છે કે તેના સુખ કે દુ:ખની વાત તેના પોતાના હાથમાં છે, અને આ રીતે પોતાની મન શક્તિનો યોગ્ય ઉપયોગ કરવાની અને શુભ કર્મ કરવાની તેને સદા લાલચ રહે છે. જો વિચારીશું તો એમ જણાશે કે દરેક માણસને અંદરથી ખાતરી છે કે એક કામ કરવું કે ન કરવું તે તેની પોતાની મરજીસર છે; અને આવી છુટ તેને મળી છે તે વિચારથી તે સમજતો નથી થાય છે કે યોગ્ય કર્મ આચરવું અને અયોગ્ય કર્મ કરવાથી દુર રહેવું એ જાણે તેનો સ્વભાવિક ધર્મ, તેની કુદરતી ફરજજ છે.

છાંદોગ્ય ઉપનિષદ્ કહે છે કે "માણસ વિચારથી બને છે. આ જન્મમાં તેના વિચારો પ્રમાણે તેનો આવતો જન્મ થશે. માટે તેણે આ વિચારો અને ઇચ્છાને શુધ્ધ રાખવાં."

વિષ્ણુ પૂરાણ પણ કહે છે કે "મનુષ્યનું મન એજ બંધ મોક્ષનું કારણ છે. તેમાં વિષય વાસના કરવી તે બંધ, અને વિષય-વાસનાનો ત્યાગ કરવો તે મુક્તિ છે. વાસ્તે વિજ્ઞાની જન સ્ત્રી પુત્રાદિક વિષય વાસનાથી મનને ખેંચી મોક્ષને માટે બ્રહ્મરૂપ પરમાત્માનું ચિન્તન કરે." આ સીધે ઇંદ્રિયો વશ કરવામાં મળતી ફતેહનો આધાર મનપર રહે છે. રૂગવેદમાં એક રુષિ માગે છે કે "મને યુધ્ધમાં દ્રઢ મન આપ."

લોકોમાં કર્મ વીશે એક ભુલ ભરેલો વિચાર ફેલાયલો છે. જ્યારે કાંઇ દુ:ખ આવી પડે છે કે તેઓ બોલી ઉઠે છે કે આ દૈવ્ય છે, અને એમ સમજે છે કે એવી દેવની આજ્ઞા છે. પણ એવું કાંઈ નથી. દૈવ્ય એ પારિભાષિક શબ્દ છે, અને મત્સ્ય પૂરાણ દૈવ્યનો અર્થ કરતાં કહે છે કે "પૂર્વ જન્મમાં કરેલાં આપણા પોતાના કર્મનું ફળ, અસર કે પરીણામ" તે દૈવ કહેવાય છે. માણસ પોતેજ કર્મનું જાળું પોતાની આસપાસ વીંટાળે છે, અને તેને પોતેજ તે જાળમાંથી મૂક્ત થવાનું છે. ટુંકમાં દરેક માણસ શુભ યા અશુભ કર્મ કર્યાથી પોતાને તારનાર કે મારનાર થાય છે. દૈવ્ય શબ્દ માત્ર કર્મના નીયમની મહત્તા દર્શાવવાને વાપરવામાં આવ્યો છે, એમ જણાવવા કે મહાન અનાદિ નીયમોમાનો તે એક નીયમ

છે. ૠગવેદમાં એક ઠેકાણે કહે છે કે " એકજ વૃક્ષ ઉપર બે પક્ષીઓ મિત્ર તરીકે રહે છે. એક મધુર ફળ ચાખે છે, જ્યારે બીજું, તેમ ન કરતાં, માત્ર જોયાં કરે છે. " હવે આ વૃક્ષ એટલે શરીર સમજવું, અને ફળ એટલે કર્મનું પરીણામ જાણવું; ફળ ખાતું પક્ષી તે જીવાત્મા છે, અને માત્ર જોયાં કરતું પક્ષી તે પરમાત્મા છે. હવે જોનાર તે કરનાર કેમ કહેવાય!!

વેદમાં પાપના મૂળ વીશે નીચે પ્રમાણે જણાવ્યું છે. " પાપ (અનૃત) નું કારણ આપણે નથી, પણ આપણી સ્થિતિ છે. એજ મદ, ક્રોધ, જુગટું, અને અજ્ઞાન છે. શ્રેષ્ટ અને નીચ બન્ને સમીપ છે. સ્વપ્ન પણ પાપ કરાવે છે. " " રત્ " એટલે ધર્મ, ન્યાય. હવે અનૃત યા જીવનુ ધર્મથી ભ્રષ્ટ થવાનું કારણ શું? જીવ ઉત્તર આપે છે કે કારણ તે પોતે નથી, કેમકે જીવ નિર્વાણમય (સ્વચ્છ) છે, પણ જીવની સ્થિતિ એટલે કે જીવનો દેહ સાથ નો સંસર્ગ તેજ કારણ છે. ઇંદ્રીઓવાળાં શરીરમાં જીવના વસ્યાથી પ્રીતી અને દ્વેષ ઉત્પન્ન થાય છે, અને તેઓ વળી બે પ્રકારના સ્વભાવ ઉપજાવે છે; એક ઉત્કૃષ્ઠ (શુદ્ધ) અને બીજો કનીષ્ઠ (વિષયી) જે વીશે આપણે ઉપર કહ્યું છે કે શ્રેષ્ટ અને નીચ બંન્ને સમીપ છે; આ બન્ને માણસને પોતા તરફ આકર્ષે છે. ગીતા કહે છે કે " માણસ વિષયનું ચિંતન કરતાં તે આસક્ત બને છે, આશક્તિથી ઇચ્છા ઉત્પની થાય છે, ઇચ્છા તૃપ્ત ન થયાથી ક્રોધ ઉત્પન્ન થાય છે, ક્રોધથી મોહ, મોહથી વિસ્મૃતિ, વિસ્મૃતિથી બુદ્ધિ નાશ પામે છે, અને બુદ્ધિના નાશ પછી સર્વેનો નાશ થાય છે. " આ રીતે વેદ ચેતવે છે કે દરેક વાતમાં, તે અતિ નજીવી હોય તો પણ, સંભાળ રાખવી, કેમકે " સ્વપ્ન પણ પાપ કરાવે છે. "

આવો કર્મનો નીયમ છે. અને કર્મની અસર આવી છે. હવે આપણો ગ્રંથ સમજાવે છે કે સૃષ્ટિ અને સકળ માણસ જાતને સામટી રીતે જોતાં કર્મનો નીયમ અનાદી અને અનંત છે, પણ માણસોને છુટાં છુટાં લેતાં કર્મને અંત રહે છે.

અનેક રેસાઓથી કર્મ જાણે બનેલું છે, તે રેસાઓ એકેક સાથ જોડાઇ તે કર્મ કરનારનેજ નહિ પણ બીજાઓ ઉપર પણ અસર કરે છે; અને કે કેવી રીતે માણસો કર્મની અસરથી મૂક્ત થઇ શકે છે.

માણસાઇ જીંદગી કર્મની બનેલી છે. કર્મ વગર માણસાઇ જીંદગીનો વિચાર કરવો અશક્ય છે. આ કુદરતના કારણ કાર્યના અનાદિ નીયમનું પરીણામ છે. આ કારણો પણ વળી તેમની પૂર્વેના કારણોના કાર્ય (પરીણામ) છે, અને તે કારણ–કાર્યો એક ચક્ર બની (સંસાર ચક્ર) કલ્પથી તે કલ્પ સુધી ભ્રમણ કર્યાં કરે છે. આ માટે કર્મ નિત્ય કહેવાય છે, અને આપણો ગ્રંથ પણ કહે છે કે:)

૧. જાણ કે માણસની જીંદગી એક પાસ (દોરડું) છે. જે અનંત સુધી લંબાય છે, અને નથી તેનો કાંઇ આરંભ કે નથી તેનો કાંઇ છેડો; વળી તે તુટી પણ

શકતો નથી. આ પાસ અગણિત સૂક્ષ્મ રેસાઓનો બનેલો છે, જેઓ અતિ સમીપ રહીને તેની જાડાઇ બનાવે છે'

[ટુંકમાં અર્થ આ છે કે આકાશ (વ્યોમ) અને કાળ એ બન્ને અનંત છે; અને માણસાઇ જીંદગી જે, સાધારણ રીતે બોલતાં, અનંત આકાશ અને અનંત કાળમાં ફેલાય છે, તે પણ અનંત છે. વ્યોમ અને કાળ એ કાંઇ ખ્યાલી વિચારો નથી. તેઓ વ્યાપ્તી અને વખતના માપ છે. વ્યોમ એ આકાશ તત્વથી ભરેલું છે, અને કાળ એ બનાવોની એક ચાલુ સાંકળ કે હાર છે.

તૈતર્ય ઉપનિષદમાં વ્યોમને પરમાત્માનું એક રૂપ કહ્યું છે, અને આ રીતે તે અનંત છે. આ રીતે તેનો કાંઇ છેડો કે સીમા નથી, અને કાંઇ પણ ગણત્રીથી તેનો વિસ્તાર જાણી શકાય નહિ. સિદ્ધાંત શીરોમણી જણાવે છે કે: " પૃથ્વી, પર્વત, દેવ, બ્રહ્માંડ દાનવ, મનુષ્ય, પ્રાણીઓ, નક્ષત્રો અને ગ્રહો, અને સર્વ લોક (ભૂવન) આ સર્વે બ્રહ્માંડ (બ્રહ્મ+અંડ=વિશ્વ) માં સમાઇ જાય છે. અને આ સકળ સૂર્ય મંડળનો ઘેરાવો ૧૮,૭૧૨,૦૬૯,૨૦૦,૦૦૦,૦૦૦, યોજન (એક યોજન લગભગ ૧૦ માઇલ થવા જાયછે) છે. એટલે કે સૂર્યના તેજસ્વી કીરણો આટલા વિસ્તારમાં ફેલાઇ રહે છે."

હવે આ પ્રાચીન આર્ય જ્યોતીષની ગણત્રી સાથે હાલના પાશ્ચાત્ય ખગોળવેત્તાઓની ગણત્રી સરખાવો. તેઓ કહે છે કે એક તોપના ગોળાની ગતિ કલાકના ૪૦૦થી ૮૦૦ માઇલ સુધી છે; હવે જો એક વસ્તુ આજ ઝડપથી ચાલે તોપણ સઊથી નજદીકનાં તારા ઉપર પહોંચતા તેને ૪,૭૦૦,૦૦૦, વર્ષ થાય. આજ દ્રષ્ટાંત આપણા સૂર્ય મંડળનો વિસ્તાર બતાવી આપેછે. હવે આપણું અર્થશાસ્ત્ર કહે છે કે એવાં તો કાંઇ અનેક બ્રહ્માંડ છે.

આ રીતે આપણે જોયું છે કે વ્યોમના વિસ્તારની કાંઇપણ સીમા નથી. વિષ્ણુપૂરાણ કહે છે કે કાળ પણ પરમાત્માનું એક રૂપ છે, માટે તે પણ અનંત છે. જ્યોતીષની ગણત્રી પ્રમાણે બ્રહ્માનું સો વર્ષનું આયુષ્ય પુરૂં થતાં ૩૧૧,૦૪૦,૦૦૦,૦૦૦,૦૦૦, વર્ષ (એક મહા કલ્પ) થાય છે. આ આંકડાઓ કાંઇ ખ્યાલી નથી; યુરોપના કેટલાક વિદ્વાનોએ પણ આ આંકડાઓ તપાસી જોઇ તેમની સચ્ચાઇ બતાવી આપી છે. હવે આવા કાંઇ કરોડો મહાકલ્પ વીતી ગયા છે અને હજી વીતવાના છે. એટલે કે ભુતકાળને નથી કાંઇ આરંભ, અને ભવિષ્ય કાળને નથી કાંઇ અંત. સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, લય પામે છે, અને ફરી ઉત્પન્ન થાય છે, અને આમ નિરંતર બનતું રહે છે.

હવે માણસો અનંત પુરૂષ (આત્મા) તથા પ્રકૃતિના અનંત અણુઓના બનેલાં છે; અને અનંત વ્યોમના સપાટી ઉપર વસવાથી, અને અનંત કાળમાં રહેવાથી, તેઓ પણ અનંત છે. આ તો ખરૂં છે કે એક અમૂક માણસ અનંત કહેવાય નહીં, કેમકે તેનો જીવ અમૂક

વખતે દેહ ધારણ કરે છે અને અમૂક વખતે દેહ છોડે છે. પણ વિશ્વમાં તે એકલો નથી. તેના જેવા કરોડો માણસો છેઃ અને દરેક જન્મે છે, મરણ પામે છે, અને કાંઇ હજારો વાર ફરી ફરીને જન્મ લે છે, અને આ અગણિત જન્મોમાં અનેક ગુણો પ્રાપ્ત કરી બીજાઓ સાથ સ્નેહાકર્ષણથી જોડાઇ જાય છે; માટે એમજ કહેવાઇ શકાય કે એક દેહ ધારણ કરેલા જીવનુ ભાગ્ય બીજા સર્વે દેહધારી જીવોના ભાગ્ય બરાબર છે, અને કે એક માણસનું પાપ યા પૂણ્ય એ આખી માણસ જાતના પાપ કે પૂણ્યનો ભાગ થઇ રહે છે. આ રીતે એકનું કર્મ બીજા સર્વેના કર્મ સાથે ઓતપ્રોત થઇ જાય છે. માણસ પોતાનાજ કર્મથી સુખ દુઃખ નથી પામતો, તેમાં બીજાના પણ કર્મની અસર હોય છે.

આમ માણુસ જાતને સામટી લેતાં, માણસાઇ જીંદગી અને કર્મ બંન્ને અનંત છે. પ્રલય વખતે તે લય પામે છે, પણ આવતા સૃષ્ટિસર્ગમાં ફરી તે ચાલુ થાય છે, કેમકે બીજ સદા જીવતું રહે છે. પૂર્વેના અગણિત જન્મોમાં કરેલાં કર્મની સામટી અસરથી હાલની માણસાઇ જીંદગી બની છે. દરેક કામ ગમે તેટલું નાનું હોય, જાણે કે રૂના સૌથી બારીક રેસાઓ જેમના સેંકડો રેસા એક ફૂંકજ વડે ઉડી જાય, એવા હોય; તોપણ જ્યારે આ રેસાઓને એકઠા કરી વાળવામાં આવેછે ત્યારે એવું તો મજબુત દોરડું થઇ રહે છે કે હાથી કે વહાણ પણ ખેંચી શકે છે; તેજ પ્રમાણે માણસના કામ ગમે તેટલાં નજીવાં હોય, તો પણ એકેક સાથ મળી જવાથી કુદરતી ક્રીયાથી એવો તો મજબુત કર્મ પાસ બને છે કે તે માણસને પણ ખેંચી શકે, એટલે કે તેની વર્તણુક ઉપર શુભ યા અશુભ અસર ઉપજાવે. આ રીતે સાધારણ કહેણી છે કે માણસ કર્મ-બધ્ધ છે.

[હવે આપણો ગ્રંથ કર્મના આ રેસાઓના ગુણ અને ખાસીયત વીશે જણાવે છે કેઃ]

૨. આ રેસાઓ રંગરહિત છે; સીધાઇ, બળ, અને લીસાઇના ગુણો સંપૂર્ણ ધરાવે છે. આ પાસ, સર્વે સ્થળોમાંથી પસાર થવાથી, વિચીત્ર અકસ્માતો ભોગવે છે. ઘણી વેળા એક રેસો ભેરવાઇ જાય છે, અને વળગી જાય છે, કે કદાચ તેના સીધા માર્ગથી જોરથી આડો ખેંચાઇ જાય છે. ત્યારે લાંબા કાળ પર્યંત તે ગુંચવાઇ રહે છે, અને સર્વે બીજા રેસાઓને ગુંચવી નાંખે છે. કોઇક વેળા ધુળ કે રંગથી એકાદ રેસો ખરડાઇ જાય છે; અને આ ડાઘ ફેલાઇને વધવા માંડે છે એટલુંજ નહિ પણ બીજા રેસાઓને પણ ખરડી બીગાડે છે.

"[હવે આ દ્રષ્ટાંતની સમજણ આ છે. જીવ પોતે શુદ્ધ છે, પણ જ્યારે દેહ સાથે સંસર્ગમાં આવે છે ત્યારે તે અશુદ્ધ અને રંગથી ખરડાય છે, અને અગણિત જન્મોમાં આવા દેહ આત્મના સંસર્ગથી પેદા થતી વિષયી ઇચ્છા અને કામનાઓ ભોગવતો થાય છે. જીવ પોતે નિર્વાણમય, શુદ્ધ છે, અને તે સાથે પ્રકૃતિના જે અણુઓનું શરીર બનેલું છે તે પણ

શુદ્ધ છે. પણ જ્યારે પ્રકૃતિ વ્યક્ત કે પ્રગટ થાય છે, એટલે કે રૂપ અને આકાર પકડે છે, ત્યારે એક ભેદી કુદરતી ક્રીયાથી તે ત્રણ મુખ્ય ગુણ ધરાવતી થાય છે: સત્વ ગુણ, રજોગુણ અને તમોગુણ. ગીતામાં કહ્યું છે કે: " સત્વ ગુણ નિર્મળ અને નિરૂપદ્રવ છે અને પુરૂષ (આત્મા) ની આસપાસ સુખ અને જ્ઞાનની સંગતી લાવી આપે છે. રજોગુણ રાગ રૂપ છે, પ્રાપ્તિની ઇચ્છા ઉપજાવે છે, અને પુરૂષને કર્મના પરીણામોથી ઘેરે છે. અને તમોગુણ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે, અને પુરૂષને અભિમાન અને મોહમાં નાખી પ્રમાદ, આળસ અને નિંદ્રાની સંગતી કરાવે છે. આ ગુણો પુરૂષને બાંધવાને અને પોતા પ્રત્યે ખેંચવાને શક્તિ ધરાવે છે. સત્વ પ્રબળ થવાથી સુખ ઉપજે છે, રજસ પ્રબળ થવાથી કર્મ ઉત્પન્ન થાય છે, અને તમસના પ્રબળ થવાથી પ્રમાદ ઉપજે છે. આ લીધે પુરૂષ, જે પ્રકૃતિ(થી બનેલાં શરીર)માં રહે છે તે પ્રકૃતિના આ ત્રણ ગુણોથી લિપ્ત થાય છે. અને જે કારણોથી પુરૂષ (આત્મા) શુભ કે અશુભ દેહ પ્રાપ્ત કરે છે તે કારણો આ ત્રણ ગુણમાંથી ઉત્પન્ન થાય છે." વિષ્ણુપૂરાણ કહે છે કે: " આ આત્માતો સદા કાળનો નિર્વાણમય, જ્ઞાનમય તથા નિર્મળ છે અને દુઃખ, અજ્ઞાન મળાદિ તો પ્રકૃતિના ધર્મ છે, આત્માના નહિ. જેમ જળનો સંસર્ગ અગ્નિથી નથી થતો પણ તે જળ જે પાત્રમાં હોય તે પાત્ર અગ્નિ ઉપર ચઢાવવામાં આવે છે તેનોજ સંસર્ગ બને છે, પણ જેમ જેમ વાસણમાં અગ્નિનું તેજ લાગે છે તેમ તેમ પાણી પણ ઉષ્ણ થઇ ઉછળવા અને શબ્દ કરવા માંડે છે. તેમ પ્રકૃતિના સંસર્ગથી અહંકારાદિવડે દૂષિત બની આત્મા પણ પ્રકૃતિના ધર્મને ભજે છે. પણ વાસ્તવિક રીતે એ આત્મા અવ્યય, શુદ્ધસ્વરૂપ, અને પ્રકૃતિના ગુણોથી વ્યતિરેક છે.... મોહ રૂપ અંધકારથી ઘેરાયલો કુમતિ જીવ આ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, અને આકાશ એ પાંચ તત્વથી બનેલા દેહમાં આવી કહે છે કે ' હું આવો છું, આ મારૂં છે,' એમ મિથ્યા માને છે. નહિતો આકાશાદિ તત્વોથી નિરાળો રહ્યો છતો મિથ્યા કલેવરમાં આત્મ ભાવ કોણ કરે? દેહથી જુદો આત્મા છતે દેહને ઉપભોગ્ય ઘર ખેતર આદિને કયો પંડીત પોતાના માને! જ્યાં દેહનું ઠેકાણું નહિ ત્યાં દેહથી ઉત્પન્ન પુત્ર પૌત્રાદિ ઉપર કયો વિદ્વાન પોતાનું સ્વામિત્વ કરશે? માણસો બધાં કર્મ દેહનાં ઉપભોગ માટે કરે છે, જ્યારે પુરૂષનો દેહ પરાધીન છે તેને માટે કરેલાં કર્મ બન્ધનજ થાય છે." મૈત્રેય ઉપનિષદ આ રીતે કહે છે કે: " પંચ તન્માત્રા ' ભૂત ' કહેવાય છે; પંચ મહાભૂત પણ ' ભૂત ' કહેવાય છે અને આ ભૂતોના સમૂહને શરીર કહે છે. શરીરમાં જે રાજ્ય કરે છે તે ભૂતાત્માં કહેવાય છે. આ પ્રમાણે કમળપત્ર પરના જળના બિંદુ પેઠે જીવનો અમર સ્વભાવ પ્રકૃતિના ઉપર કહેલા ભૂતાદિના ગુણોથી લેપાય છે, અને આ પ્રમાણે લેપાઇને ભૂલમાં ગુંચવાય છે; અને તે લીધે અંતરયામિ ભગવંતને જોઇ શકતો નથી. ગુણોના પ્રવાહથી ધસડાઈ હંકેરાઇ જતો, ઢીલો અને ડોળતો, જ્ઞાન રહિત, ઇચ્છાવાન, અને એકલો, તે અભિમાનને વશ થાય છે. 'હું,' 'તે,' ' આ મારૂં છે' એમ સંકલ્પ કરતો, જેમ પક્ષી પોતે પોતાને જાળમાં ફસાવે છે તેમ પોતાથી સીકડાઈ જાય છે. પોતાના કર્મના પરીણામથી બંધાઈને, તે ઉચ્ચ કે નીચ અવતાર ભોગવે છે; તે ઉપર કે હેઠળ જાય છે; અને અનેક દ્વંદ્વ (હર્ષ શોક, ટાઢ તડકો, વીગેરે)

થી વૈરાગ્યને અંહી તંહી ભટકે છે."

હવે જીવ જે કષ્ટ અને દુઃખ ભોગવે છે તેનું કારણ તેની પોતાની વર્ત્તણુક છે; માટે આમ પણ બની શકે કે આ પ્રવાસમાં સર્વોત્તમ માર્ગ શોધી કાઢી અને તે ઉપર ચાલી પરમ સુખ પ્રાપ્ત કરે. કેમકે જીવ તે ઇચ્છે તો પોતાની વર્તણુક ઉપર કાબુ રાખી શકે, પોતાની ઇંદ્રીયો વશ કરી શકે. "તેને માટે ત્રણ માર્ગ ખુલ્લા છેઃ સદ્‌ગુણ (સ્વર્ગ-માર્ગ), દુર્ગુણ (નર્ક-માર્ગ), અને સત્ય જ્ઞાન (મોક્ષ-માર્ગ); અને જે માર્ગ તે પસંદ કરે તે ઉપર તેના જય કે હારનો આધાર રહે છે.'' અને "જ્યારે જીવ શરીરમાં રહેલા ત્રણ ગુણોની ઉપરવારી થાય છે, ત્યારે તે જન્મ મરણ, જરા અને દુઃખથી છુટે છે, અને અમૃત પાન કરે છે." (ભ. ગીતા).

આપણે ઉપર જોયું કે રેસાઓ પ્રથમ સ્વચ્છ હતા, પણ પછીથી દુષ્ટ સ્પર્શથી બગડી ગયા; અને તેઓ પાછા પ્રથમની પેઠે સ્વચ્છ બને એ શકય છે. હવે આપણે આગળ જણાવ્યું છે કે કર્મ અનંત છે, પણ તે આખી માણસ જાતનું કર્મ જાણવું. દરેક માણસનું પોતાનુ કર્મ તો તેના દેહ ધારણ કર્યા પછી શરૂ થાય છે, અને જ્યારે શરીરથી મુક્ત થાય છે કે તેના કર્મનો અંત આવે છે, જો આમ ન હોય તો મોક્ષપદ કદી પણ પ્રાપ્ત કરી શકાય નહિ.

હવે કોઇ પૂછશે કે કેવી રીતે કર્મ આ અને હવે પછીના જન્મમાં માણસ ઉપર સારી કે માઠી અસર ઉત્પન્ન કરે છે. તેનો ઉત્તર નીચે આપો છેઃ]

૩. અને યાદ રાખ કે આ રેસાઓ વિજળીક તારની પેઠે જીવતા છે, વધુ, ધગ ધગતી નાડીઓ પેઠે છે. કેટલે દુર, ત્યારે, તે ડાઘ કે આડું ખેંચાણ ફેલાઇ શકે!

[આપણે જોઇયે છીએ કે સાધારણ રંગીત રસીનો રંગ રંગનારને તેમજ બીજો જે કોઇ તે રસીને સ્પર્શ કરે તેને લાગે છે; પણ આ (કર્મની) રેસાઓ તો જીવતા વિજળીક તાર જેવા છે, અને ત્યારે આપણા ઉપર અને બીજાઓ ઉપર તેમની અસર અતિ વધારે લાગવી જોઇયે. એક કોલસાના કટકાને હાથ લગાડયાથી માત્ર કાળો ડાઘ પડશે, પણ જો તે કટકો બળતો હશે તો હાથ દઝાડીને દુઃખ આપશે. કર્મ પણ તેમજ છે. કર્મ-પાસના રેસાઓ જીવતા હોવાથી માણસની વર્તણુક ઉપર ભારે અસર કરે છે.

હવે એક કામ કેમ થાય છે તે જોઇયે. એક કામ કરવા પૂર્વે તે કામ કરવા વિશે પ્રથમ મનમાં ઇચ્છા ઉત્પન્ન થાય છે; આ ઇચ્છા આપણી શકિતને ચંચળ કરે છે, અને આ શકિત સ્નાયુઓને ઉશ્કેરે છે; આ સ્નાયુઓ પછી હાથ પગાદિ અવયવોને ગતિ આપે છે, અને ધારેલું કામ કરાવે છે. પણ કામ પુરૂં થયું કે ચંચળ થયલી શકિત શાંત પડી પડી જતી નથી. માણસની ઇચ્છાનું તે જાણે બાળક છે, અને તે લીધે કાંઇક વિજળીક

અસર ઉત્પન્ન કરે છે; અને આ જીવતી શકિત શરીરમાંથી તેજસ કે જ્યોતી રૂપે, ઘોષ, રંગ અને ગંધ સહિત બહાર નીસરે છે; અને આકાશમાં ફેલાઇને આસપાસની સર્વે વસ્તુઓ ઉપર જે ઇચ્છાથી તે પોતે જન્મ પામી તે ઇચ્છાના ગુણો લાગુ પાડે છે; અને પછી ઘાત અને પ્રત્યાઘાતના જાણીતા નિયમ પ્રમાણે જે માણસમાંથી બહાર નીકળી તે માણસમાં સારાં કે માઠાં કાજે (મૂળ સદ્ઇચ્છા કે દુષ્ટેચ્છા પ્રમાણે) પાછી ફરે છે. કર્મની સમજણ આ છે. તે વિશે એક મહાત્મા કહે છે; "માણસનો દરેક વિચાર, ઊત્પન્ન થયા પછી, આકાશમાં ફેલાય છે, અને આકાશમાં રહેતા એક ચોક્કસ દેવતા (એટલે કે કુદરતના પ્રાંત ભેદોને લાગતી અર્ધ-ચૈતન્ય ધરાવતી શક્તિઓ) સાથ જોડાઇને એક વ્યકિત બને છે. મૂળ વિચારમાં જેવું બળ હોય તે પ્રમાણે લાંબા કે ટુકા કાળ સુધી તે ચંચળ સ્થિતિમાં રહે છે. આમ એક શુભ વિચાર એક ચંચળ રૂડી શકિત રૂપે ચાલુ રહે છે; એક દુષ્ટ વિચાર એક દુષ્ટ રાક્ષસ રૂપે ચાલુ રહે છે અને આ પ્રમાણે માણુસ નિરંતર પોતાની આસપાસ પોતાના વિચારો, ઇચ્છાઓ, કામનાઓ, લાગણીઓ, અને હવસોનો પ્રવાહ વહેતો મૂકે છે; અને જે કોઇ તીક્ષ્ણ લાગણીવાળું માણસ તે પ્રવાહને અથડે છે, તેનામાં તેની અસર લાગુ પડયા વગર રહેતી નથી. બૌધો આને 'સ્કંધ' કહે છે, હીંદુઓ 'કર્મ' કહે છે. એક મહાત્મા કે રુષિ આ આકારો સ્વેચ્છાથી ઉત્પન્ન કરે છે; બીજા સાધારણ માણસો અજાણમાં ઉત્પન્ન કરતા રહે છે."

ઇચ્છાથીજ કાંઇ પણ કામ કરવાની ઉશકેરણી મળે છે. જ્યાં ઇચ્છા નથી ત્યાં કર્મ પણ નથી; જેમકે બાળકો અને ઘેલાઓથી, તેઓમાં ઇચ્છાથી ગેરહાજરીને લીધે, કાંઈ પણ કર્મ કરાતું નથી. માટે માણસની પોતાના કર્મ વિશેની જવાબદારીનો આધાર તેના ઇચ્છા ધરાવ્યા ઉપર રહે છે. માણસ કોઇ વેળા પોતાના કાંઈ કામથી અતિ ખરાબ પરિણામ ઊપજાવે છે. હવે પ્રથમ આ જોવું જોઇયે કે તેની મૂળ ઇચ્છા કેવી હતી. કામના પરિણામ કરતાં તેની મુળ ઇચ્છાના હેતુ ઉપર કર્મનો નિયમ વધારે ભાર મૂકે છે.

હવે વિદ્વાનોએ પુરવાર કર્યું છે કે કોઈ પણ કામ, શબ્દ કે વિચારથી શરીરમાં રહેલી જીવન શક્તિ (તેજસ) ચંચળ થઇ ભેજાની ઉપર અને આખા શરીરમાં ચોકકસ વિજળીક અસર કરે છે.

તેજસ એ અગ્નિ (જે સર્વે પ્રકાશ અને ગરમી આપતી વસ્તુનું મૂળ છે) નું બીજું નામ છે. અગ્નિના ઘણા પ્રકાર છે. વિષ્ણુપૂરાણમાં તે અલંકાર રૂપે વર્ણવ્યું છે. "અગ્નિના ત્રણ પુત્રો છે. સુચી, પવમાન અને પાવક" સુચી એ સૂર્યાગ્નિ છે; પવમાન કાષ્ઠાઘર્ષણથી ઉત્પન્ન થતો અગ્નિ છે; અને પાવક એ વૈધ્યુત્ય અથવા વિજળીક અગ્નિ છે. આ ત્રણ અગ્નિનું મૂળ એ વેદના "સૂર્ય" (સુચી), "ઇંદ્ર" અને કોઇવાર, "વાયુ" (મેઘ વર્ષાવનાર દેવતા એ પાવક), અને "અગ્નિ" (એટલે કાષ્ઠ ઘર્ષણથી ઉત્પન્ન થતો પવમાન અગ્નિ) દેવતાઓ છે. આ ત્રણે એકજ મુળ

અગ્નિ (જેને બ્રહ્માનો પુત્ર જણાવ્યો છે) ના પ્રકાર છે. હવે આ ત્રણે અગ્નિના વળી ઉપવિભાગો છે. સુચીના, સૂર્યના અગ્નિના, સુર્યના કીરણોના ગુણ પ્રમાણે કેટલાક વિભાગ પડે છે. (જુઓ સૂર્યના સપ્ત કીરણો). કાષ્ઠાર્થણથી ઉત્પન્ન થતા અગ્નિને પણ તેના ઉપયોગ પ્રમાણે જુદાં જુદાં નામો આપ્યાં છે, જેમકે આહવાન, ગ્રાહપત્ય વિગેરે. અને પાવક (વૈદ્યુત્ય)ના પણ ઘણા પ્રકાર છે. એક પ્રકાર અન્ન પાચન કરે છે, એક પ્રકારને વૈશ્વાનર (વિશ્વ=સર્વે, અને નર=માણસ) 'સર્વે માણસોમાં રહેલો અગ્નિ' કહે છે, જે શરીરમાં પ્રસરી રહ્યો છે. શરીરમાં રહેલા આ વિજળીક અગ્નિની ક્રિયાઓ અતિ અગત્યતા ધરાવે છે. જેમ એક સ્થંભ ઘરને ટેકવી આપે છે તેમ આ અગ્નિ માણસને ટેકવે છે, અને તેથી તેને માણસની નાભી કહે છે. નાભીમાં આવેલા નાભી-ચક્રને આ લીધે મૂળાધાર કહે છે; અને નાભીમાં રહેલા આ અગ્નિના સ્થાનને અગ્નિ-મંડળ કહે છે, અને તેને શ્વાસના વાયુથી ફુંકાતો દર્શાવ્યો છે. આજ વૈદ્યુત્ય અગ્નિ વૈશ્વાનર રૂપે માણસ તેમજ સૃષ્ટિનો સ્થંભ અને નાભી છે. વિજળી, લોહચુંબક શક્તિ, પ્રકાશ, ઉષ્ણતા, વિગેરે આ વૈશ્વાનર અગ્નિના રૂપ છે. આ અગ્નિ માણસના શરીરમાં પણ રહેવાથી તેને "શરીરાગ્નિ" કહે છે. અને ઇચ્છા પ્રથમ જે જીવન-શકિત કે તેજસને ઉશ્કેરે છે તે આ શરીરાગ્નિ છે. આ તેજસ મારફતેજ રુષિઓ પારકાના વિચાર વાંચી જાણે છે કે પોતાના વિચાર દુર મોકલી શકે છે; તેમજ માંદા માણસને સારાં કરવામાં કે આશીષ આપવામાં, અને બીજાં કામોમાં આજ તેજસ કે શરીરાગ્નિનો ઉપયોગ કરવામાં આવે છે. રુષિઓનું તેજસ અતિ બળ ધરાવે છે, અને તેથી તે બ્રહ્મ-તેજ કહેવાય છે. હવે આ તેજસ કે શરીરાગ્નિ રંગ અને ઘોષ એ બન્ને ધરાવે છે. રંગ, પ્રકાશ, અને ઘોષના ઉપયોગથી જુદા જુદા તત્વોમાં રહેતા દેવતાઓ સાથ વહેવાર રખાઇ શકાય છે.

પ્રાચીન કાળમાં ધર્મ-ગુરૂઓ આ તેજસના ગુણ અને બળની માહીતી ધરાવતા હતા, અને આ જ્ઞાન તેમના ધર્મનો જાણે પાયો હતો, અને વૈદાંનો મુખ્ય આધાર આ તેજસ ઉપર હતો. વૈદ જ્યારે શરીર ઉપર ધ્યાન આપતો, ત્યારે ધર્મ-ગુરૂઓ આત્મા ઉપર લક્ષ આપતા. પ્રાચીન કાળમાં આ બન્ને ધંધા સાથેજ ચલાવવામાં આવતા; ધર્મ-ગુરૂ તેજ વૈદ પણ હતા.

હવે આ તેજસ માણસમાં છે, તેમ દરેક પદાર્થ કે વસ્તુમાં પણ રહે છે. ઘણું કરીને સાધારણ માણસમાંથી કે વસ્તુમાંથી સર્વે બાજુએ વહે છે, પણ તેના અણુઓ અતિ સૂક્ષ્મ હોવાથી દેખાઇ શકાતાં નથી.

આ પરમાણુઓ કેટલાં સૂક્ષ્મ હોય છે તે વિશે ગણત્રી કરી છે કે એક ટાંકણીના માથામાં આસરે ૮,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ પરમાણુઓ સમાય છે. પણ આ તેજસ કે-શરીરાગ્નિના પરમાણુઓ આથી પણ અતિ વધારે સૂક્ષ્મ હોય છે. આ લીધે જ્યારે શરીરમાંથી કે વસ્તુમાંથી આ પરમાણુઓનું બહાર નીકળવું થાય છે ત્યારે તેને આપણ જોઇ શકતા નથી. પુરાણમાં આ ચાલુ ક્રીયાને નિત્યપ્રલય કહે છે. હવે જો વસ્તુઓમાંથી આ પરમાણુઓ ન નીકળતાં હોત તો આપણી કર્ણ, નેત્ર વિગેરે ઇંદ્રીયો નકામી થઇ પડી હોત. કેમકે વસ્તુમાંથી

નીકળતા આ અતિ સૂક્ષ્મ પરમાણુઓ જ્યારે આપણા કર્ણ, નેત્ર કે નાસિકાના પડદા ઉપર આવી અથડે છે, ત્યારેજ આ ઇંદ્રીયો ઉશ્કેરાઇ ચંચળ થાય છે, અને ત્યારેજ આપણે જોવાને કે સાંભળવાને, કે સુંઘવાને સમર્થ થઇએ છીએ.

હવે માણસમાંથી નીકળતું આ તેજસ યોગ્ય રૂપ અને રંગ પકડીને આકાશમાં ફેલાય છે, અને શરીરમાંથી નીકળતી બીજી ચીજો પેઠે ગંધ અને અવાજ પણ ધરાવે છે; અને જ્યારે પણ ઇચ્છા આ તેજસ કે શરીરાગ્નિને ગતિ આપે છે, ત્યારે તે માણસના દરેક કામ (તે ગમે તેવું ગુપ્ત હોય તોપણ)ની ખરી ખાસીયત દર્શાવે એવું રૂપ અને રંગ પકડે છે. અને આમ આપણો અતિ ધીરેથી ઉચ્ચારેલો શબ્દ કે આપણો અતિ ગુપ્ત વિચાર પ્રગટ કરી દે છે. આ રીતે આપણે આપણા વિચારો ગમે તેટલા દુર પણ મોકલી શકીએ છીએ. એટલુંજ નહિ પણ આ તેજસ જીવને તેના પૂનર્જન્મોમાં સદા વળગી રહે છે; અને આ રીતે કર્મની ક્રીયા સાથે આ તેજસ નિકટ સંબંધ ધરાવે છે.

વસ્તુ માત્રને આકાર હોય છે, એટલે કે લંબાઇ, પહોળાઈ, અને જાડાઇ; દરેક વસ્તુ નાની કે મોટી, લાંબી કે ટુંકી, હોય છે. હવે આકારવાળી લગભગ દરેક વસ્તુ રંગ પણ ધરાવે છે. જે જે તત્વો એક વસ્તુમાં હોય છે, તે મધ્યે રોશનીના ચોક્કસ કીરણો પાછા ફેંકવાનો કુદરતી ગુણ છે, અને તે ઉપર વસ્તુના રંગનો આધાર રહે છે. પૃથ્વી, જળ, અને અગ્નિ એ ત્રણમાં રંગ વિશેષ જણાય છે. રંગીત ફૂલ અને ફળથી મઢી લીધેલી લીલી ચાદર પૃથ્વી ઉપર બીછાવેલી નજરે પડે છે. તેમજ અગ્નિ અને જળ પણ રંગ ધરાવે છે. જો એક વસ્તુ પોતા ઉપર પડતાં રોશનીના સપ્ત રંગી કીરણોમાંથી લીલા રંગ સીવાય બીજા રંગો પોતામાં સમાવી દે છે અને લીલો રંગ પાછો ફેંકે છે, તો તે વસ્તુ લીલી દેખાય છે. રાતી, પીળી વસ્તુઓ વિશે પણ આમજ બને છે. કેટલીક વસ્તુઓ પોતાનો રંગ બીજી વસ્તુઓ પાસથી જાણે ઉધાર લે છે. જેમકે આકાશનો રંગ આસમાની દીસે છે, કેમકે હવાની રજકણો અને તેમાં રહેલાં પાણીના સુક્ષ્મ બિંદુઓ આસમાની કીરણ પાછાં ફેંકે છે. સમુદ્રના જળનો રંગ કોઇક વેળા આસમાની કે કોઇક વેળા લીલો દેખાય છે. આ રંગ ઉપરથી વસ્તુના ગુણની પણ પરિક્ષા થઈ શકેછે. શાસ્ત્રમાં બ્રહ્મને જ્યોતી, પ્રકાશ, પરમપ્રકાશ, શુદ્ધ અગ્નિ વિગેરે વિશેષણો આપ્યાં છે, અને વળી તેને હેમાંગ, સુવર્ણમય, સુવર્ણ—જ્યોતીપણ કહ્યું છે. આ પ્રકાશીત પીળાવર્ણનો ગુપ્ત અર્થ યોગીઓ જાણે છે, અને આ મૂળ રંગ છે. વળી શાસ્ત્રમાં 'પુરૂષ'ને શ્યામ વર્ણી અને 'પ્રકૃતિ'ને રક્ત વર્ણી જણાવ્યાં છે. અને આ ત્રણ રંગ, પીળો, શ્યામ અને રક્ત-ત્રણ મૂખ્ય રંગ કહેવાય છે. પીળો રંગ જે પ્રકાશનું સ્થાન છે. તે 'પુરૂષ'ની જ્યોતી દેખાડે છે; શ્યામ વર્ણ જે શાંત અને વિજળીક છે તે 'પુરૂષ'ના બળ અને દયા દર્શાવે છે; રક્ત વર્ણ જે ગરમી અને કામ (વિષય વાસના)નું સ્થાન છે તે પ્રકૃતિના ગુણ જણાવે છે

આ ત્રણ મૂળ રંગમાંથી બીજા બધા રંગ અને વર્ણ ઉત્પન્ન થાય છે. શ્વેત વર્ણ સર્વથી પ્રકાશીત છે, અને તેથી સ્વચ્છતા અને શુદ્ધતાના ચિન્હ રૂપે વપરાય છે; કાળો રંગ તેથી ઉલટા ગુણોનું ચિન્હ ગણાય છે; રક્ત રંગ આ બેની વચ્ચેની જગ્યા રોકે છે, અને શુભ અને દુષ્ટ ગુણની મેળવણી દર્શાવે છે.

આ પ્રમાણે કાર્યોના ગુણ પ્રમાણે તેમના ત્રણ ભેદ થયા છે—સત્વગુણી, રજોગુણી, અને તમોગુણી; અને 'પુરૂષ' સાથે પ્રકૃતિના સબંધથી આ ગુણો ઉત્પન્ન થાય છે તે કારણથી પ્રકૃતિના ગુણોને આજ નામ આપ્યાં છે-સત્વગુણ (શુક્લ વર્ણ), રજોગુણ (લોહીત વર્ણ), અને તમોગુણ (કૃષ્ણ વર્ણ). તેમજ 'પુરૂષ'ની ત્રણ શકિતઓ, બ્રહ્મા (સર્ગ), વિષ્ણુ (સ્થિતિ), અને રૂદ્ર (સંહાર),—જેને વળી અનિરૂદ્ધ, પ્રદ્યુમન, અને સંકર્ષણ પણ કહે છે-જેઓ પ્રકૃતિના ઉપલા ત્રણ ગુણો ઉપર અસર કરે છે, તેઓ પણ અનુક્રમે લોહીત, શુક્લ, અને કૃષ્ણ કહેવાય છે. 'પુરૂષ'નો પ્રકૃતિ સાથનો સંબંધ સાધારણ રીતનો નથી; જેમ માણસના મન ઉપર સુગંધથી અસર થાય છે, તેજ પ્રમાણે પ્રકૃતિ ઉપર 'પુરૂષ' અસર કરે છે. આવોજ અર્થ લેતાં પ્રકૃતિના રજોગુણ ઉપર અસર કર્યાથી 'પુરૂષ' (ઉત્પન્ન કરનાર) 'બ્રહ્મા' થયો; પ્રકૃતિના સત્વગુણ ઉપર અસર કરતાં 'પુરૂષ' વિષ્ણુ (પાળક) થયો; અને પ્રકૃતિના તમોગુણ ઉપર અસર કરતાં 'પુરૂષ' રૂદ્ર (સંહારક) બન્યો. આ ત્રીમૂર્તિની ઐક્યતા ઓંકારમાં દર્શાવી છે. ઓં શબ્દ આખો લેતાં તે 'પુરૂષ' દર્શાવે છે, અને તેના ત્રણ અક્ષર અ-ઉ-મ છુટા લેતાં બ્રહ્મા, વિષ્ણુ, અને રૂદ્રની ત્રીમૂર્તિ દર્શાવે છે, જે અર્ધ-માત્રા કે ગુંગણો અવાજ જે આ શબ્દના ઉચ્ચારણ પછી નીકળે છે તે આ ત્રણે શકિતનું મૂળ એટલે 'પુરૂષ' દર્શાવે છે. વળી અર્ધ-માત્રા સાથે મળી આ ત્રણ અક્ષરો 'પુરૂષ'ની ચાર અવસ્થા દર્શાવે છે-વિશ્વ, તેજસ, પ્રાજ્ઞ, અને આત્મા, જેને બીજા શબ્દોમાં જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, અને તૂર્યા અવસ્થા કહે છે.

આપણે જોયું કે પીળો, શ્યામ, અને લોહીત એ ત્રણ મૂળવર્ણ છે, અને શ્વેત કૃષ્ણ અને રક્ત એ ત્રણ સર્વ વસ્તુઓના ગુણ દર્શાવનાર મુખ્ય રંગ છે. પ્રકાશ વડે રંગ દેખવામાં આવે છે, અને પ્રકાશનું મૂળ સૂર્ય છે. જેમ આકાશમાં સૂર્ય એ ચંદ્રાદિ ગ્રહો ઉપર અને આખા જગતમાં પ્રકાશ નાખે છે, અને રાત્રીની કાળાશ દુર કરે છે, તેમજ જે દીવ્ય (આત્મિક) સૂર્ય માણસના હ્રદય-કમળમાં રહે છે તે માણસમાં પ્રકાશ પાથરી પાપની કાળાશ દુર કરે છે. હ્રદય મધ્યે જે અષ્ટ-દળ કમળ છે, એટલે કે જે આકાશ નામનું સૂક્ષ્મ તત્વ છે, તે સૂર્યમાં પણ છે, અને તેની આઠ પાંખડીઓ અષ્ટ દીશા દર્શાવે છે.

જેમ સૂર્યનું સુષુમ્ણા નામનું કીરણ સર્વેથી બળવંત છે, અને ચંદ્રને પ્રકાશ આપે છે, તેમજ માણસમાં સૂષુમ્ણા નાડી તેવીજ બળવંત છે, અને આત્મા ઉપર પ્રકાશ નાખી મોક્ષ-માર્ગ દર્શાવે છે. વળી આ સૂષુમ્ણા નાડીને વિશ્વ-ધર (સર્વેને ધારણ કરનાર) એવું આપ્યું છે; તે નાભી માહેના મૂળાધાર ચક્રમાંથી નીકળી, વીના-દંડ (ખરડાના કાંટા)માંથી પસાર

યઇ બ્રહ્મરંધ્ર (ટાલકાં) સુધી લંબાય છે, જ્યાં તેમાંથી આનંદજનક શ્યામ પ્રકાશ નીકળે છે, જે દરેક ઋષિ કે અર્હત જોઇ શકે છે; એજ પ્રમાણે સૂર્ય પણ જગતના સુખ અર્થે શ્યામ પ્રકાશ ફેંકે છે. (સૂર્યનો ખરો રંગ નીલ છે) અને જેમ સૂર્યના કીરણ સાત રંગમાં સર્વ સ્થળે ફેલાય છે, તેમજ શરીરમાંની નાડીમાંથી નીકળતાં કીરણો આપણી આસપાસના આકાશ તત્વમાં ફેલાયે છે. સૂર્ય અને નાડી એ બન્નેના કીરણોને એકજ નામ-"રશ્મિ" આપવામાં આવે છે. સૂર્યમાં જે રંગ અને ગુણ છે તે શરીરમાંના દીવ્ય (આત્મિક) સર્યમાં પણ છે. સૂર્યના કીરણો નાડીમાં પ્રવેશ કરે છે, અને ત્યાંથી ફરી બહાર ફેલાય છે. જેમ સૂર્યમાં મુખ્ય કરીને પીળો, શ્યામ, રક્ત, અને શ્વેત રંગ જણાય છે, તેમ માણસ માહેના દીવ્ય સૂર્યમાં પણ આજ રંગો હોય છે.

જે પંચ મહાભૂતનું શરીર બન્યું છે, તે પાંચ ભૂતો પણ રંગ ધરાવે છે. પૃથ્વી અને જળ વિશે ઉપર કહી ગયા છીએ. વાયુના પાંચ પ્રકાર છે; પ્રાણ રક્ત છે, અપાન વાયુ ઇંદ્રગુપ્ત (શ્વેત-રક્ત) છે, વ્યાન અર્ચિં (ઝળકતો પીળો) છે, ઉદાન અપેંદ (શ્વેત) છે, અને સમાન વાયુ ગો-શીર (ધવળ) છે. તેમજ આકાશ (વ્યોમ, પંચકર)ના પાંચ પ્રકાર છે,-આકાશ, પરાઆકાશ, મહાકાશ, સૂર્યાકાશ, અને પરમાકાશ, જે દરેકનો જુદો જુદો રંગ છે. આ સર્વે તત્વો શરીરમાં હોવાથી શરીર પણ રંગ ધરાવે છે. હૃદયને અષ્ટદળ પદ્મ કહે છે; ૧ પૂર્વની પાંખડી શ્વેત છે; ૨ દક્ષીણ-પૂર્વે આવેલી પાંખડી રક્ત છે; ૩ દક્ષીણે કૃષ્ણ છે; ૪. દક્ષિણ-પશ્ચિમે નીલ છે; ૫. પશ્ચિમે સ્ફટિક છે; ૬ ઉત્તર-પશ્ચિમે માણિક્ય છે; ૭. ઉત્તરે પીત છે; અને ૮. ઉત્તર પૂર્વે આવેલી પાંખડીનો વર્ણ વૈદુર્ય સમાન છે.

આ રીતે માણુસ જાતની શારીરિક, માનસિક, અને નીતિમય સ્થિતિનો રંગ સાથે સંબંધ છે; રંગથી માણુસના કાર્યો ઉપર અસર થાય છે, અને માણુસનું કર્મ આ રંગ વડે પ્રગટ થાય છે. હૃદયાકાશમાં વસતો જીવ ગતિમાન છે, અને તે લીધે અમૂક વખતે જે અમૂક પાંખડી ઉપર જીવનું સ્થાન હોય છે, તે પાંખડીના ગુણ પ્રમાણે માણુસનું કરેલું કાર્ય શુભ અશુભ વા મિશ્ર હોય છે; દાખલા તરીકે જો જીવ પૂર્વની શ્વેત પાંખડી ઉપર હોય છે ત્યારે માણુસના કાર્યની વળણ સદગુણ પ્રત્યે હોય છે; જ્યારે બીજી રક્ત પાંખડી ઉપર હોય છે, ત્યારે કાર્યની વળણ આલસ્ય પ્રત્યે જાય છે; જો ત્રીજી પાંખડી ઉપર જીવનું સ્થાન હોય છે તો દ્વેષ તરફ વળણ રહે છે; જો ચોથી ઉપર હોય છે તો દુર્ગુણ તરફ જાય છે; જો પાંચમી ઉપર હોય છે તો વિષય તરફ વળણ રહે છે; જો છઠ્ઠી ઉપર તો ગડબડાટ તરફ વળણ રહે છે; જો સાતમી ઉપર હોય છે તો સંતોષ તરફ; અને જો આઠમી પાંખડી ઉપર જીવનું સ્થાન હોય છે તો માણુસના કાર્યની વળણ દયા તરફ હોય છે. કમળને વળી આઠ મુખ્ય પાંખડી શીવાય બીજી ઉપ-પાંખડીઓ પણ હોય છે, અને તેથી માણુસના કાર્યો પણ અનેક ગુણ ધરાવે છે. હવે આટલું યાદ રાખવું કે માણુસના મનમાં એક વિચારની સાથે બીજા અનેક વિચારો સામટા ઉભા થાય છે, ત્યારે પ્રગટ થતાં તેજસમાં પણ તે રંગો મિશ્રિત થઇ જાય છે. માટે માણુસમાંથી નીકળતા રંગીત

તેજસને ઉપરથી તેના ગુણ દોષ પારખવાના યત્ન કરવામાં સંભાળ વાપરવી જોઈયે છે. પણ ગીતામાં આ નીચલો સામાન્ય નિયમ સૂચવ્યો છે. સત્વગુણી કર્મનો રંગ સ્વેત છે, રજોગુણી કર્મનો રંગ રકત છે, અને તમો ગુણી કર્મનો વર્ણ કાળો છે.

માણસની અંદર અને આસપાસ વીંટલાયલા આ તેજસના રંગ ઉપરથી તેના કર્મનું માપ થઇ શકે છે, અને તે સાથે તે સદ્ કે દુષ્ટ માર્ગ ઉપર કેટલો વધ્યો છે તે પણ જણાય છે. મહાભારતમાં માણસના ગુણ દોષ દર્શાવનારા આ રંગોનાં સાત વિભાગ પાડ્યા છે: કૃષ્ણ, ધુમ, નીલ, રકત, હરીદ્ર, શુકલ, પર-શુકલ; અતિ મલીન માણસના તેજસનો રંગ કૃષ્ણ હોય છે; પણ જેમ જેમ તે નીતિમાં ચઢતો જાય છે તેમ તેમ તેના તેજસનો રંગ સુધરતો જાય છે, પ્રથમ ધુમ રંગ પકડી તે પછી નીલ વર્ણાં થાય છે. અને જ્યારે નીચ કામ વૃત્તિ અને ઉચ્ચમનોવૃત્તિ વચ્ચે યુદ્ધ ચાલે છે ત્યારે રક્ત વર્ણ પકડે છે; તેમનામાં તમોગુણને બદલે હવે રજોગુણ પ્રવર્તે છે. જો આ યુદ્ધમાં જય પ્રાપ્ત થાય છે તો તેઃ તેજસ હરીદ્ર (પીત) વર્ણ પકડે છે, અને જો તેની શુદ્ધિ નિત્ય વધતીજ જાય છે તો સ્વેતવર્ણ પકડી, છેવટે શુદ્ધ સ્વેત રૂપે દીસે છે અને ત્યારે તે શુદ્ધ સત્વગુણી બની રહેછે.

આપણે પૂર્વે જણાવ્યું છે કે પ્રકાશ (રંગ) અને નાદ વચ્ચે નીકટ સંબંધ છે. 'નાદ'નો ધાતુ આ છે: ना=પ્રાણ અને द=અગ્નિ વા તેજસ, જે પ્રાણવાયુના હલાવ્વાથી શરીરમાંથી નીસરે છે; આ રીતે નાદ અને તેજસનું મૂળ એકજ છે. વળી શરીરમાંથી બહાર નીકળતું તેજસ ગંધમય હોય છે. આ કારણથી માણસના કર્મના ગુણ દોષ, આ તેજસના રંગ, નાદ, ને ગંધથી પ્રગટ થાય છે.

જ્યારે ઉપાસક તેના ભીતરમાં અનાહત શબ્દ એકાગ્ર ચિત્તે સાંભળે છે, અને આ નાદ મધ્યે રહેલી જ્યોતી દેખે છે, અને જ્યારે તેનું મન આ જ્યોતીમાં લીન પામે છે ત્યારે પોતાના આત્મ સ્વરૂપનો અનુભવ મેળવે છે, અને તેના પ્રવાસનો અંત આવે છે.

તેજસ ગતિમાન અને વિજળીક હોવાથી વ્યોમમાં ફેલાઇ જાય છે. વ્યોમમાં (દિગંતર) કાંઇ ખાલી નથી, પણ અતિ સૂક્ષ્મ અમે અતિ પ્રકાશિત આકાશ તત્વથી વ્યાપી રહેલું છે; તે જાણે વિશ્વનું જીવન-તત્વ છે, સમષ્ટિ પ્રાણ છે; ખરેખર તે સર્વ વ્યાપક બ્રહ્મનું એક રૂપ માત્ર છે. યુરોપના વિદ્વાનોને પણ આ સૂક્ષ્મ તત્વની હસ્તી કબુલ કરવી પડે છે, અને તેઓ કહે છે કે કુદરતની ક્રિયાનો તે એક કામદાર છે, એટલુંજ નહિ પણ બીજા કામદારોના કામની નોંધ પણ રાખે છે. હવે આ બીનાની આપણા આર્ય રુષિઓને અતી પ્રાચિન કાળથી માહિતી હતી. જે શક્તિ વડે માણસના કાર્યોના ચિત્ર જાણે કુદરતના પુસ્તકમાં નોંધાઇ રહે છે, તેને તેઓએ "ચિત્ર ગુપ્ત" એ નામ આપ્યું હતું. સ્કંદ પુરાણમાં ચિત્રગુપ્તને વિશ્વ-ચરીત્ર લેખક કહ્યો છે; અગ્નિ પુરાણમાં કહે છે કે ચિત્રગુપ્તનું કામ માણસોના શુભાશુભ

કાર્યો નોંધી રાખવાનું અને અત્યાંતિક પ્રલય કાળે તે નોંધ ધર્મરાજા એવા યમને જણાવવાનું છે. વ્યોમમાં ફેલાયલું આકાશ જાણે એક મહાન પુસ્તકશાળા કે ભંડાર છે.

ઘાત અને પ્રત્યાઘાત સમાન છે. એક વસ્તુ જમીન ઉપર પડે છે, તો જમીન તે વસ્તુ ઉપર સામી અસર કરી તેને અટકાવે છે કે પાછી ઊછાળે છે. વળી જો એક સ્થુળ વસ્તુ ઉપર પ્રકાશ પડે છે, તો તે વસ્તુ તે પ્રકાશને પોતાના આકાર સહીત આપણી દ્રષ્ટિ ઉપર પાછો ફેંકે છે, અને ત્યારેજ આપણે તે વસ્તુનો આકાર દેખિયે છિએ. જો એક શબ્દ ઉચ્ચાર્યો તો તે પણ હવામાં મોજાંઓ ઉત્પન્ન કરી ચોબાજુ ફેલાઈ જાય છે; તેમજ પૃથ્વિ, જળ, અને આકાશ વિશે સમજવું. ખરેખર કુદરત સર્વે કાળે સર્વે ઠેકાણે સર્વે વસ્તુઓની છબી પડવામાંજ જાણે રોકાઈ છે. આકાશ તો જાણે ચિત્રોનું પ્રદર્શન કે સંગ્રહસ્થાન છે. હવે આ ચિત્રો સાધારણ આંખે દેખી શકાતાં નથી. પણ તે માણસની અંતર દ્રષ્ટિ વડે જોઈ શકાય છે. શરીરની માહે આવેલાં આ અંતર-ચક્ષુ વડે તેજનો પ્રકાશ અને રંગ જોઇ શકાય છે. આ દીવ્ય ચક્ષુનું સ્થાન કપાળની અંદર એક સૂક્ષ્મ દર કે બાકામાં કહે છે. આ દર તેજસ (વૈશ્વાનર અગ્નિ)ની જાણે ટાંકી છે, જે પ્રાણ વાયુના વા ઢોળાવાથી શરીરમાં પથરાઇ જાય છે. "જેમ એક બંધ ઓરડીમા મૂકેલા મણીના પ્રકાશના કીરણો બારણાના તાળાંના નાકા આગળ એકત્ર થાય છે, તેમજ હૃદયમાં રહેલા (તેજસના) સત્ત્વનો પ્રકાશ કપાળના આગળના પેલા દરમાં એકત્ર થાય છે; અને તે વડે યોગી કે યોગ-સિદ્ધ પુરૂષ સર્વે દુર કે સમીપ વસ્તુઓને સર્વે ઠેકાણે અને સર્વે કાળમાં જોઇ શકે છે." આ અંતર-દ્રષ્ટિના અનેક નામ છે: મૂર્ધન-જ્યોતી, અમૃતસ્થાન, ભ્રૂચક્રમ, લલાટ નેત્રમ, કાળનેત્રમ, જ્ઞાનચક્ષુ, દીવ્યચક્ષુ કે દીવ્યદ્રષ્ટિ, ઇત્યાદિ. શ્રી શંકરાચાર્ય કહે છે કે રૂદ્રનું ત્રીજું નેત્ર તેજ યોગીઓનું આ દીવ્ય-ચક્ષુ છે.

આ દીવ્ય-દ્રષ્ટિના અનેક ઉપયોગ કરવામાં આવે છે, પણ તે ખીલવવાનો મુખ્ય હેતુ આત્મ-જ્ઞાન પ્રાપ્ત કરવાનો છે. ગ્રંથમાં જે માર્ગ મોક્ષ અર્થે શોધી કાઢવાનો છે તે આજ દીવ્ય-ચક્ષુની શોધ અને ખીલવણી છે. આ આત્મ-જ્ઞાન આપનારી દીવ્ય-દ્રષ્ટિ ખીલવવાની વિદ્યા તેજ યોગ વિદ્યા કહેવાય છે. યોગાભ્યાસથી જે સિધ્ધિઓ મેળવાય છે તે યોગિક સિધ્ધિ કહેવાય છે. કોઈકવાર સાધારણ માણસો પણ દીવ્ય-દ્રષ્ટિ ધરાવતા જણાય છે, જેમકે એક બાળક બોલે છે કે "મારૂં દીલ કહે છે કે મારો ભાઈ કાલે જશે." અભ્યાસ વગર આ પ્રમાણે ભવિષ્ય વર્તી શકવું એ લૌકીક સિધ્ધિ કહેવાય છે, અને તે પૂર્વ જન્મના અભ્યાસનું કે કાંઇ શારીરિક રોગનું પરિણામ હોય છે. ઘણા માણસોનાં હાથમાં જો કોઇક પુરૂષના વાળ કે કાંઇ પણ બીજી વસ્તુ આપી હોય છે, તો તે પુરૂષનો દેખાવ ગુણ દોષ, ચાલ ચલણ સર્વે સ્પષ્ટ કહી આપશે; કેમકે વાળ કે તે પુરૂષની બીજી કાંઇ પણ વસ્તુ આસપાસ તે પુરૂષનું તેજસ વીંટલાયલું છે, અને ઉપર જણાવ્યું છે તેમ અંતર-દ્રષ્ટિ વડે આ

તેજસના તેજ, રંગ, આકારાદિ ઉપરથી તે પુરૂષના ગુણદોષની પરિક્ષા થઇ શકે છે. આ વિદ્યા વિશે પાશ્ચાત્ય દેશોમાં હાલ વધારે પ્રયોગ થતા જાય છે અને તે તરફના વિદ્વાનોએ આ વિદ્યાને "આત્મ-પરિક્ષા" એવું નામ આપ્યું છે.

આ તેજસમાં રહેલી ગુપ્ત અસરને લીધેજ કેટલાંક વૃક્ષો અને કેટલાક મણીઓ ચોક્કસ રોગોને અટકાવવા માટે વપરાશમાં આવતાં; જેમકે વૃક્ષોમાં અશ્વત્થ, પાતાશ, તુલસી, બીલ્વ, લીંબ, મૂંજ, અને સોમ; અને મણીઓમાં ઇંદ્રજાલ, શાલીગ્રામ, અને સ્ફાટિક. કેટલીક વસ્તુઓમાં દુષ્ટ અસરોથી રક્ષણ કરવાનો કુદરતી ગુણ રહે છે; અને કેટલીક વાર કેટલીક વસ્તુઓમાંથી કળાથી આવો ગુણ સમાવવામાં આવે છે; જેમકે અંજન; ભૂતાંજન આંખને લગાડયાથી ભૂત વીગેરે દેખી શકાય છે, વશ્યાંજન લગાડયાથી સર્વે વસ્તુ વશ થઇ શકે છે, અદ્રશ્યાંજન લગાડયાથી માણસ અણદીઠ થઇ જાય છે, ગરૂડાંજન લગાડયાથી ગરૂડ જેવી તીક્ષ્ણ નજર થાય છે, અને વળી રસાંજન, કુસુમાંજન, નાગાંજન લગાડયાથી નેત્રરોગ દુર કરી શકાય છે. વળી માણસોમાં રેખા માદળીઆં વીગેરે પહેરવાનો ચાલ છે તે શા ઉપરથી નીકળ્યો છે તે હવે સમજ પડશે.

જ્યારે વૃક્ષો અને મણીઓનાં તેજસથી માણસો ઉપર આવી અસર થાય છે, ત્યારે ગ્રહોના તેજસ અને કીરણોથી તેઓ ઉપર અતિ વધારે અસર થાય છે. સૂર્યનું તેજસ તો સર્વે પદાર્થને પોતા પ્રત્યે ખેંચે છે. તેમજ ચંદ્ર પણ માણસ ઉપર અને વનસ્પતિ વર્ગ ઉપર અતિ અસર કરે છે. બીજા ગ્રહો સહજ ઓછી અસર કરે છે. જ્યોતિષ વિદ્યાનો પાયો આ હકીકત ઉપર રચાયો છે.

રોગી માણસમાંથી નીકળતાં તેજસ મારફતે રોગો ફેલાય છે; અને રોગો ઉડે છે તેનું કારણ આજ છે. આથી ઉલટું પ્રાણવિનીમયમાં સ્વચ્છ તેજસ રોગીની દેહમાં મુકયાથી તે સાજો થાય છે. નજર લાગવી, દુષ્ટ સ્પર્શથી દુષણ થયલાં પાત્રોને જુદી જુદી રીત પ્રમાણે શુદ્ધ કરવાં વિગેરે વિચારોનું કારણ પણ આ તેજસ છે. હવે કેટલાક પુરૂષો આ તેજસ ઉપર કાબુ મેળવી જ્યાં ઇચ્છે ત્યાં તે મોકલી શકે છે. આ માટે પ્રથમ ઇચ્છા-શકિત દ્રઢ હોવી જોઇએ બીજું આ કે ઇચ્છા પણ શુદ્ધ અને સ્વચ્છ હોવી જોઇએ. (જો એમ ન હોય તો વામ-માર્ગમાં પડી અધોગતિની પ્રાપ્તી થાય છે); અને ત્રીજું આ કે વચમાં કાંઇપણ નડતી અડચણોની ગેરહાજરી હોવી જોઇએ. જો એક માણસમાં આ ત્રણે યુકત હોય તો તે ઇચ્છે ત્યાં આ તેજસ મોકલી શકે છે. આ તેજસ ઘણું કરીને માથાં, નેત્ર અને આંગળીઓમાંથી વહેતું રહે છે, અને ત્યાં ઘાડું પણ હોય છે. આ લીધેજ જપ કરતી વેળા કે ધ્યાન ધરતી વેળા આંગળીઓ વડે અનેક પ્રકારની મૂદ્રા કરવામાં આવે છે. વળી આર્ય પ્રજામાં સ્નાન કરવું એ એક ધાર્મિક ક્રિયા ગણાય છે. તેનું કારણ આજ કે જે દુષ્ટ તેજસ આપણા

શરીરને વળગ્યું હોય તે સ્નાન કર્યાથી ધોવાઇ દુર થાય છે. આજ લીધે દુષ્ટ માણસ કે પ્રાણી કે વસ્તુનો સ્પર્શ થયાથી સ્નાન કરવું પડે છે. ખરાબ ખબર મળ્યા પછી પણ સ્નાન કરવાની આનેજ લીધે જરૂર છે. આથી ઉલટું પવિત્ર પુરૂષો કે વસ્તુઓ, જેમકે ગૌ, ઘી વીગેરેનો સ્પર્શ શુભ કહેવાય છે; કેમકે તેઓમાંથી વહેતું તેજસ શુભ અસર ધરાવે છે. તાવીજ માદળીઆં વીગેરે પણ તેમાં રહેલાં શુભ તેજસ અર્થે પંહેરવામાં આવે છે.

આપણાં તેજસમાં બીજાઓ ઉપર અસર કરવાના આવા ચમત્કારિક ગુણ હોવાથી રુષિઓની આજ્ઞા છે કે આપણે રૂડા વિચાર કરવા અને સદા મન, વાણી, અને કર્મ શુદ્ધ રાખવાં, અને દુષ્ટ પુરૂષોની મિત્રાઈ કે સંગતી ન રાખવી. અને વળી આ તેજસ આપણા શરીરમાંથી નીકળી ફરી ઘાત તથા પ્રત્યાઘાતના નિયમ પ્રમાણે આપણામાં પાછું ખેંચાઇ આવે છે. આ લીધે પણ મન, વાણી અને કર્મ શુદ્ધ રાખવાની અગત્ય છે. આમ ચાલવાથી શુભ કર્મનો સંગ્રહ થાય છે. દરેક પુરૂષ પોતાની વર્તણુંક પ્રમાણે શુભ વા અશુભ ફળ મેળવે છે. ન્યાય પણ એવોજ હોવો જોઇયે. દુષ્ટ પુરૂષને સુખી જોતાં એમજ જાણવું કે તે તેના પૂર્વ—જન્મના કાંઇક શુભ કર્મનું શુભ ફળ ભોગવે છે. સંસારમાં માણસ ઉપર ત્રણ પ્રકારનાં દુઃખ પડે છેઃ (૧) અધ્યાત્મિક તાપ જે કાયિક અને માનસિક ભેદથી બે પ્રકારનો છે. તેમાં-નાં શરીર સંબંધી તાપ જેવાં કે જ્વર, અતિસાર વિગેરે શારીરિક રોગો કાયિક તાપ કહેવાય છે; અને કામ, ક્રોધ, ભય, શોકાદિને માનસ તાપ કહે છે. (૨) આધિભૌતિક તાપ; મૃગ, પશુ, પક્ષી, મનુષ્ય, ભૂત, પ્રેત, પીશાચ, સર્પ, રાક્ષસ આદિથી થનાર તાપને આધિભૌતિક કહે છે. તથા (૩) જે તાપથી ઉષ્ણ વાયુ, વર્ષા જળ, અને વિજળી આદિથી થાય છે તેને આધિકદૈવિક તાપ કહે છે.

આ ઉપરથી જણાય છે કે જન્મ એજ દુઃખનું મૂળ છે, અને જન્મ એ પૂર્વ કર્મનું પરિણામ છે. આ રીતે કર્મજ માણસનું ભાગ્ય હોરે છે; અને જ્યાં સુધી સંસાર ચક્રમાં ભ્રમણ ચાલુ છે, ત્યાં સુધી કર્મના રેસાઓ રંગેલા રહેશે, અને આ ત્રણ પ્રકારના તાપથી માણસ ઘેરાયલો રહેશે. પણ ત્યારે શું આ દુઃખનો કાંઇ છેડો નથી ? હા, છે. અને નીચે લખ્યા પ્રમાણે માણસ આ દુઃખમાંથી મુક્ત થાય છે.]

૪. પણ અંતે તે લાંબા તાંતો, તે જીવતા રેસાઓ, જેઓ એકત્ર થઇને માણસને બનાવે છે, તેઓ ઓળામાંથી પસાર થઇ પ્રકાશમાં આવે છે. ત્યારે રેસાઓ રંગ રહિત નહિ પણ સુવર્ણમય બને છે; ફરી એકવાર તેઓ સરખા રહેલા શુભ્ર છે, અને અંતર સ્વૈક્ય વડે બાહારના મહાન સ્વૈક્યનું જ્ઞાન થાય છે.

[જીવ ચિત્ત શુદ્ધિ મેળવીને મૃત્યુના પાસથી મુક્ત થાય છે, અને ત્યારે કર્મના રેસાઓ સ્વચ્છ થઇને સુવર્ણમય બને છે—કેમકે જીવ બ્રહ્મપદ પ્રાપ્ત કરવાને યોગ્ય બને છે. પણ આ

સુવર્ણમય રંગ પકડતાં કાંઇક જન્મોના જન્મ જાય છે. પણ ગમે તેટલા કાળ પછી પણ આ પરમ આનંદનો અનુભવ યોગ્ય પુરૂષ પ્રાપ્ત કરે છે.

અનુગીતામાં કર્મ વિશે લખે છે કે: "અંહિ સારા તથા નઠારાં કર્મોનો નાશ નથી. શરીરને પામી તે રીતે તે રીતે ફળ આપે છે. જે રીતે ઉત્પન્ન થયલુ વૃક્ષ બહુ ફળ આપે છે તે રીતે શુદ્ધ મનથી કરેલું કર્મ મોટું પુણ્ય રૂપ થાય અને પાપવાળાં મનથી કરેલું કર્મ મોટાં પાપ રૂપ થાય; કેમકે આત્મા આ મનને આગળ કરી કર્મમાં પ્રવૃત્ત થાય છે. હવે જે રીતે કર્મ યુક્ત, કામ તથા ક્રોધે વિંટલાયલા નર ગર્ભપ્રત્યે પ્રવેશ કરે છે તે પણ ઊત્તર સાંભળો. વીર્ય સ્રીના રૂધીરથી મળેલુ, ગર્ભના સ્થાનમાં ગયેલું, કર્મથી થયેલાં શુભ અથવાં અશુભ શરીરને પામે છે...અક્ષરરૂપ છતાં જીવ ગર્ભના જુદા જુદા સર્વ અંગોમાં પ્રવેશ કરી ઝટ ઇંદ્રિયોના સ્થાનકોમાં રહેલો ચિત્ત વડે ધારણ કરે છે. પછી ચેતન (જીવ)વાળો તે ગર્ભ અંગોને ફરકાવે છે. જે રીતે થોડો પણ સુવર્ણનો રસ સેચન કરવાથી ત્રાંબાની મૂર્તિને તે રૂપ કરી દે છે (સોનામય કરી દે છે). તે રીતે ગર્ભમાં જીવનો પ્રવેશ જાણો. જેમ અગ્નિ લોહના પિંડને પ્રવેશકરી અતિ તપાવે છે તેમજ તમે ગર્ભમાં જીવનો પ્રવેશ થયલો જાણો. જે પ્રમાણે ઘરમાં પ્રકાશતો દીવો પ્રકાશ પામે છે એ પ્રમાણેજ ચેતના શરીરને પ્રકાશિત કરે છે. જો કે સારૂં અથવા નઠારૂં જે જે કર્મ કરે છે તે સર્વ પ્રથમના દેહે કરેલું કર્મ અવશ્ય ભોગવવું પડે છે. ભોગવ્યા પછી ક્ષય પામે છે. અને જ્યાં સુધી મોક્ષના ઉપાયમાં રહેલા ધર્મને નથી જાણતો ત્યાં સુધી પાછું બીજું કર્મ વધે છે."

. પણ જો એક વેળા આ શીખવામાં આવ્યું તો પરમપદની પ્રાપ્તી ચોક્કસ છે. હવે ગ્રંથ કહે છે:]

૫. આ દ્રષ્ટાંત સત્ય વાતનો એકજ ભાગ, એકજ પાસું જણાવે છે; એક ભાગ કરતાં પણ ઓછું જણાવે છે. તોપણ, તે ઊપર વિચાર કર; તેની સહાયવડે તું વધારે જાણવાને શક્તિવાન થઇશ. આ જાણવાનું પ્રથમ અગત્ય છે કે વર્તમાનમાં કરેલાં જુદાં જુદાં કાર્યોથી ભવિષ્ય બનતું નથી, પણ સકળ ભવિષ્યનું વર્તમાન સાથે, જેમ વર્તમાનનું ભૂત સાથે છે તેમ ચાલુ જોડાણ છે. એક રીતે એક બાજુ તરફથી જોતાં પાસના ઉપમા યોગ્ય દીસે છે.

[આ પાસનો દ્રષ્ટાંત અધુરો છે, કેમકે સાધારણ પાસ કે દોરડાના રેસાઓ જડ અને નિરજીવ છે, પણ કર્મ પાસના રેસાઓ જીવતા અને વિજળીક છે, અને માણસ તથા સકળ પ્રજા ઉપર અસર કરે છે. તો પણ સમજણ માટે આજ દ્રષ્ટાંત અતિ અનુકુળ થઇ પડે છે. સંસ્કૃતમાં દોરડાં માટે સાધારણ શબ્દ 'ગુણ' છે; હવે પ્રકૃતિના ગુણો પણ માણસને

સંસાર ચક્ર સાથે દોરડાંની પેઠે બાંધે છે: અને આ ગુણોની ક્રિયાથી કર્મ ઉત્પન્ન થાય છે, અને માણસને એક જન્મથી બીજે જન્મ બાંધે છે, અને તેથી અલંકારમાં તેને પણ "કર્મ પાસ" કહ્યું છે.].

૬. ગુપ્ત વિદ્યા ઉપર સહજ લક્ષ આપ્યાથી મહાન ક્રમિક પરિણામ નિપજે છે. કારણ આ કે જે સાધારણ રીતે શુભ તથા અશુભ કહેવાય છે તે વચ્ચે ચોક્કસ પસંદગી કર્યા વીના ગુપ્ત વિદ્યા ઉપર સહજ પણ લક્ષ આપવું અશક્ય છે. ગુપ્ત વિદ્યામાં પ્રથમ પગલુંજ ઉપાસકને જ્ઞાન-વૃક્ષ સમીપ લાવી મૂકે છે. ઉપાસકે તોડીને ખાવુંજ જોઈએ; તેણે (સારાં કે નઠારાં, શુભ કે અશુભ વચ્ચે) પસંદગી કરવીજ જોઈયે. હવે પૂર્વની પેઠે અજ્ઞાનથી અચકી જવાય નહિ. તેણે રુદ્ર વા દુષ્ટ માર્ગે પડવુંજ જોઈએ. અને કોઈપણ માર્ગે ચોકસાઈથી અને જાણી જોઈને એકપણ પગલું ભરવાથી મહાન ક્રમિક પરિણામ નીપજે છે. માણસોનો મોટો ભાગ તેમની નેમ શું છે તે નક્કી જાણ્યા વગર અથડાતો ચાલે છે; તેમની વર્તણુકનું માપ પણ નક્કી નથી; આ લીધે તેમનું કર્મ આડી અવળી ક્રીયા કરે છે. પરંતુ જો એકવાર જ્ઞાનના ઉંબર સમીપ આવી પહોંચાય છે, ત્યારે ગડબડાટ ઓછો થવા માંડે છે, અને તે લીધે ક્રમિક પરિણામ અતિ વધી પડે છે, કેમકે હવે સર્વે પરિણામ સર્વ પંક્તિ ઉપર સીધોજ માર્ગ લીયે છે; કારણ કે ગુપ્ત વિદ્યાના (અભ્યાસી) સેવકથી નથી અર્ધાં-દીલથી કામ કરાતું કે નથી ઉંબર ઓળંગ્યા પછી પાછું ફરાતું. જેમ માણસ પાછો બાળક થઈ જાય એ જેવું અશક્ય છે તેમજ આ બન્ને ચીજ બને એ અશક્ય છે. જીવાત્મા શુદ્ધ થઈને જવાબદારીની સ્થિતિએ આવી પહોંચ્યો છે; તે સ્થિતિથી પાછું હટી શકાય નહિ.

[જ્યારે એક બાળક ચાલતી ધારનાં ચપ્પુને પકડવાને બીતું નથી, ત્યારે ઉમરે પહોંચેલો માણસ તે પકડતાં અતિ ઘણી સાવચેતી વાપરે છે. જ્યાર સાધારણ માણસ સોમલને માત્ર સફેદ ભૂકી સમજે છે, ત્યારે વૈદ તેને ઝેર જાણીને સભાળથી તે સાથે કામ લે છે. તેજ પ્રમાણે જ્યારે સાધારણ માણસ કોઈ બનાવ કે વસ્તુને નિરજીવ સમજે છે; ત્યારે ગુપ્ત વિદ્યા ભણેલો પુરુષ અતી ગંભીરાઈથી તેના પરિણામ જોતો રહે છે; કેમકે તે પોતાની અંતર દ્રષ્ટિ વડે સાધારણ માણસ કરતાં વધારે ઊંડુ જોઈ શકે છે, અને તે લીધે સાધારણ માણસો કરતાં પોતાની જોખમદારી વધારે જાણે છે. આ ઉપરથીજ કહેવાય છે કે ગુપ્તવિદ્યા ઉપર સહજ ધ્યાન આપ્યાથી ભારે ક્રમિક પરિણામ નીપજે છે. ખરેખરે જેમ સાધારણ માણસોને બાળકો તથા ગાંડા માણસો કરતાં વધારે સાવચેતીથી વર્તવાની ફરજ છે, તેમજ ગુપ્તવિદ્યાના અભ્યાસીને સાધારણ માણસો કરતાં વધારે સંભાળથી ચાલવાની ફરજ છે]

૭. જે કર્મના બંધનમાંથી મુક્ત થવા ઇચ્છતો હોય તેણે પોતાના જીવાત્માને અંધકારમાંથી પ્રકાશમાં લાવવો; પોતાની જીંદગી એવી શુદ્ધ રાખવી કે આ રેસાઓ એવી રીતે બેરવાઇ ન જાય કે વાંકા ખેંચાઇ આવે. જે પંક્તિ ઉપર કર્મ ક્રિયા કરે છે તે પંક્તિની બહાર તે (ઉપાસક) માત્ર પોતાને મૂકે છે. તે કારણ માટે તે જે કાંઇ જીંદગી અનુભવે છે તે સમાપ્ત નથી કરતો. જમીન ખડબચડી અને મેલી હોય વા રંગ નાંખતા દાણાવાળા સુંદર પુષ્પોથી અને વળગી જતાં અને મોહ ઉત્પન્ન કરતા મધુર પદાર્થોથી ભરાઇ ગએલી હોય-પણ માથા ઉપર તો સદા નિર્મળ આકાશ છે. જે કર્મ રહિત થવા ઇચ્છે છે તેણે વાયુમાં પોતાનું ઘર કરવું; અને તે પછી આકાશ (તત્વ) માં જે સકામ શુભ કર્મ કરવા ઇચ્છે છે તે અતિ ગુંચવણમાં ફસી પડશે, અને પોતાના પાક માટે ઉત્તમ બીજ વાવવાના યત્ન કરતાં માત્ર હજારો નકામા ઝાડવાંઓ વાવશે, અને તેમની મધ્યે રાક્ષસી ઝાડવું પણ હોય. તારા લણવા અર્થે કાંઇ પણ બીજ રોપવાને ના ઇચ્છ; જે બીજના ફળથી જગતને પુષ્ટિ આપી શકાય તેજ બીજ વાવવાની ઇચ્છા કર. તું જગતનો એક ભાગ છે; અને જગતને અન્ન આપતાં તું પોતાને અન્ન આપતો થશે. હજી આ વિચારમાં પણ એક મોટો ભય છુપાઇ રહ્યો છે, જે કુદી ઉઠી ઉપાસકની સામે આવી ઊભો રહે છે, એવા ઉપાસકની સામે કે જે લાંબો વખત એમજ ધારે છે કે હું સારા અર્થે કામ કરૂં છું. પણ જે પોતાના અંતઃકરણમાં પાપજ જોઇ રહે છે; એટલે કે તે ધારે છે કે હું લોકને મોટો લાભ કરી આપું છું, પણ સઘળી વાર અજાણમાં કર્મના વિચારમાં મન ઘાલી રહ્યો છે અને જે મહાન લાભ માટે યત્ન કરે છે તે લોક માટે નહિ પણ પોતા માટેજ છે. એક માણસ પોતાને ફળનો વિચાર કરતાં અટકાવી શકે. પણ આમજ કરતાં આ બીના સ્પષ્ટ થાય છે કે તે ફળ ઇચ્છે છે. ઊપાસક માટે પોતાની ઇચ્છાઓ ડાબી યત્ન કરવો વ્યર્થ છે. જીવને કશો બાધ ન હોવો જોઇએ, ઇચ્છા સ્વતંત્ર હોવી જોઇયે. પણ જ્યાં સુધી તેઓ તેજ સ્થિતિને વળગી રહે છે કે જ્યાં નથી ફળ કે નથી શીક્ષા, નથી શુભ કે અશુભ ત્યાં સુધી સર્વે યત્ન વ્યર્થ છે. તે આગળ વધતો દેખાશે, પણ કોઇ દિવસ તે પોતાના આત્માની સમક્ષ ઉભો રહેશે, અને જાણશે કે જ્યારે તે જ્ઞાન-વૃક્ષ સમીપ આવ્યો ત્યારે તેણે મધુરને બદલે કડવું ફળ પસંદ કર્યું; અને ત્યારે પડદો સદંતર ઉઘડી જશે અને તે પોતાની સ્વતંત્રતા મૂકી દઇને ઇચ્છાનો દાસ થઇ પડશે. માટે તું કે જે ગુપ્ત વિદ્યાના અભ્યાસમાં જીંદગી ગાળવાં ઇચ્છે છે તે સાવધ રહે. હમણાથીજ જાણ કે ઇચ્છાને માટે કાંઇ ઔષધ નથી, ફળની ઇચ્છા માટે કાંઇ ઔષધ નથી, તૃષ્ણાના દુઃખ માટે કાંઇ

એ પથ નથી શિવાય કે તું તારા ચક્ષુ અને કર્ણને જે અદ્રશ્ય તથા ઘોષ રહિત છે તે ઊપર લક્ષ આપતાં કરે. આમ કરવાનો અત્યારથીજ આરંભ કર કે હજારો સર્પો તારા માર્ગમાંથી દુર રહે. અનંતમાં જીવ.

[આ ઉપલો ફકરો ઉપાસકને ચેતવણી આપે છે કે તેનામાં લેશપણ સ્વાર્થ રહેવો ન જોઇએ, અને માત્ર પરમાર્થિક લાગણીથીજ તેણે મહાભારત કાર્ય ઉપર મંડવું જોઇયે.]

૮. જયાં સુધી જે હદ પછી કર્મના નિયમો તેની ઊપર અસર ન કરે તે હદે ઉપાસક પહોંચતો નથી, ત્યાં સુધી તેણે આ નિયમોની ક્રિયાનો અભ્યાસ ન કરવો. દીક્ષીત મહાત્માને કુદરતના ભેદો અને માણુસાઇ જીંદગીને દોરવતા નિયમો જાણવાને હક છે. પ્રકૃતિની સીમાથી બહાર જઇ અને માણસાઈ જીંદગી ઉપર કાબુ રાખતા નિયમોથી સ્વતંત્ર થઇ તે મહાત્મા આ હક મેળવે છે. તે જે કાંઇ આત્મિક છે તેના એક ભાગ તરીકે ગણાતો થાય છે, અને જે કાંઇ ક્ષણિક છે તેની અસર તળે વધુ આવતો નથી. ત્યારે તે જે નિયમો ક્ષણભંગુર સ્થિતિ ઉપર સત્તા ભોગવે છે તે નિયમોનું જ્ઞાન મેળવે છે. માટે તું કે જે કર્મના નિયમ જાણવાને ઇચ્છે છે તે તું પ્રથમ પોતાને આ નિયમોની સત્તાથી મુક્ત કરવાને યત્ન કર; અને આ ત્યારેજ બની શકે કે જ્યારે તું જે આ નિયમોની અસર બાહાર છે તે ઊપર તારૂં લક્ષ લગાડે.

[પ્રથમ સંસારથી સ્વતંત્ર થઇ અનંત અને અનાદિ સત્‌નું ધ્યાન ધરવા વગર કર્મના નિયમો સમજવાને બની ન આવે. પણ આ ઉપરથી એમ ન સમજવું કે ઘરબાર છોડી દેઇ વનમાં જઇ બેસવું. આજ જરૂરનું છે કે માણુસે પોતાનું કામ નિષ્કામ વૃત્તિએ કર્યા જવું; સદ્‌ગુણ અને પવિત્રાઇ પોતામાંજ સારાં છે એમ ગણી સદ્‌ગુણ અને પવિત્રાઇ પાળવાં; અને એકાગ્ર ચીત પરમાત્માનું ધ્યાન ધરવું. માણુસ આમ કરવાથી, જેમ પદ્મને જળમાં રહેવા છતાં જળ વળગતું નથી તેમ, સંસારમાં રહીને જીતેન્દ્રિય થઇ સંસારથી લેપાતો નથી.

હવે આપણે ગ્રંથ સમાપ્ત કરીશું. આ વિષય જેવો તે અતિ ભેદી અને ગહન છે તેવોજ તે મહા પવિત્ર છે. સર્વ વિદ્યા કરતાં સર્વોત્તમ વિદ્યા આ છે; સર્વ કાળમાં આજ વિદ્યા નીભી રહે છે; કેમકે તે આત્મ-વિદ્યા છે, અનાદિ અનંત આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાની મહાન વિદ્યા છે.

પ્રથમ ભાગ શીખવે છે કે જીવાત્મા સત્ય અને અમર છે, જ્યારે શરીર મૃત્યુવશ (ક્ષર)અને વિનાશી છે; અને ઉપદેશ આપે છે કે આત્માનુભવ [illegible] પુરૂષે શું ઇચ્છવું જોઇયે અને શું વર્જવું જોઇયે.

બીજો ભાગ પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાના સાધન અને માર્ગ દર્શાવે છે. અને ત્રીજો ભાગ સમજાવે છે કે કર્મ કેમ ઉત્પન્ન થાય છે અને કેવી રીતે નાશ પામે છે.

આ ગ્રંથ જે માર્ગ ઉપર પ્રકાશ નાખે છે તે દેવ-યાન (માર્ગ) છે, જે માર્ગે બ્રહ્મમાં જવાય છે, જે માર્ગે જવાથી પ્રવાસી સંસારચક્રથી મુક્ત થાય છે. આ માર્ગે આ પ્રકાશની સહાય વડે ચાલીને, ભક્તિમગ્ન પ્રવાસી જીવાત્માને દેખી પરમાત્મામાં લીન પામે છે, અને ત્યારેજ તેના સર્વે સંદેહ મટી જાય છે, અને તેનું સર્વે કર્મ જ્ઞાનાગ્નિથી બળી ભષ્મ-રૂપ બને છે.

ગુરૂ અને ઉપાસક બન્ને તેજસ્વી થાઓ; આપણો અભ્યાસ તેજસ્વી થાઓ; કાંઇ પણ અડચણ આપણને નડો નહિ. ૐ ! [તૈત્તર્યઉપનિષદ્].

शांतिः शांतिः शांतिः॥

(સમાપ્ત.)

શૂદ્ધી પત્ર.

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩	૩	લાયકને	લાયકનો
,,	૪	ફૂરજો	ફૂરજો
૫	૯	જ્ઞાનોલાની	જ્ઞાનોબાની
,,	૨૭	કરવાને	કરવાનો
૮	૨૯	તેમ	તેમના કેહેવા પ્રમાણે
૧૫	૪	પ્રસગ	પ્રસંગ
૨૪	૧૭	સત્વ	સત્તા
૩૧	૮	વગા	વર્ગો
૩૨	૭	નિવાણ	નિર્વાણ
૩૬	૩૩	૨૭	૧૪૯,૧૫૦
૩૮	૮	સભવ	સંભવ
૩૯	૫	નાદી	નાડી
,,	૧૨	વગના	વર્ગના
૪૬	૧૪	વેદ-સહીતા	વેદ-સંહીતા
૫૩	૨૧	"વપ્રકૃતિમાં	દૈવ પ્રકૃતિમાં
૫૫	૧૧	મકયું	મૂકયું
૫૬	૧૬	તીએ	શ્રુતીએ
,,	૧૮	સવ	સર્વ
૫૭	૨૯થી ૩૨ લીટી ૫૮ મે પાને "કલાપ ગ્રામ" ઉપર ટીપ્પણ છે		
૬૨	૨૬	આચાય	આચાર્ય
,,	૨૯	ત?'	તે
૬૩	૧૩	(ત્ય)	(દૈત્ય)
૬૪	૬	નિમાણ	નિર્માણ
,,	૧૨	શીવ-ચક્ષ	શીવ-ચક્ષુ
૬૯	૪	સકલ્પથી	સંકલ્પથી
૭૦	૧	વિનાદડ	વિના દંડ
,,	૧૧	ભગ	ભંગ
૭૧	૧૭	ચાદ	ચૌદ
૮૦	૫	મડળે	મંડળે
,,	૬	સપ્તાગી	સપ્તાંગી
,,	૧૦	યત્ર	યંત્ર
૮૨	૩૩	ળકોના	બાળકોના
૮૫	૨૬	રંગન	રંગના
૮૯	૩૦	માતા	માત્ર
૯૧	૩૩	સંધ	સંબંધ
૯૨	૧૪	શરરીના	શરીરના
,,	૩૧	પવત	પર્વત

પૃષ્ઠ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૯૫	૩૨	બિસષ્ઠ	વસિષ્ઠ
૯૬	૧૬	અવા	એવી
૯૮	૨૩	હતે	હતો
૧૦૦	૧૯	[વસુઓ	૮વસુઓ
૧૦૫	૧૪	કડે	પકડે
૧૧૦	૧	હવ	હવે
૧૧૧	૩		
,,	૧૪	તજસ્વી	તેજસ્વી
,,	૨૨	અપૂણાંક	અપૂર્ણાંક
૧૧૮	૧૪	ધ્યાનીબુદ્ધ	ધ્યાની-બુદ્ધો
,,	૧૯	અર્થ	અર્થે
૧૧૯	૭	ચક્રાને	ચક્રોને
૧૨૦	૪	વષ	વર્ષ
૧૨૨	૨૬	અને માનાસક	એક માનસિક
૧૨૪	૧૨	(ષ્ઠ)	(શ્રેષ્ઠ)
૧૨૬	૨૨	ચેથી	ચોથી
૧૩૨	૧૫	અનો	અને
૧૩૪	૨૬	।કથ	કથા
૧૩૫	૩૨	પાંત્ર	પાત્ર
૧૩૬	૧૮	માણુસોમ	માણુસોમાં
૧૩૮	૩૦	પુરૂષાથ	પુરૂષાર્થ
૧૩૯	૫	ૅાતાની	પોતાની
૧૪૨	૧૪	નિમાણુ	નિર્માણુ
૧૪૨	૨[illegible]	સમપિ	સમર્પિ
૧૪૭	૧૧	ફોરવા	ફોરવો
,,	૧૩	અત	અંતે
,,	૧૭	અન	અને
,,	૧૮	બન્ન	બન્ને
,,	૧૯	,,	,,
,,	૧૯	સધાય	સંધાય
,,	૨૦	બજાવ	બજાવે
,,	૨૬	રાતે	રીતે
,,	૨૮	અન અંત	અને અંતે
૧૫૩	૨૦	પ્રશાણે	પ્રમાણે
,,	૩૧	અહાવે	[illegible]વે
૧૫૫	૧૪	રૂષીઓના	[illegible]ષીઓના
૧૫૬	૧૨	નાવ	નાદ
૧૫૭	૨૩	આજથી	૮થી
૧૬૨	૧[illegible]	તી	રીતી
,,	૩૧	માન	ભાન

પૃષ્ઠ		લીટી		અશુદ્ધ		શુદ્ધ
૧૬૩	...	૨૨	...	તમ	...	તેમ
,,	...	૨૬	...	મનન	...	મનુને
૧૬૪	...	૮	...	પય	...	પથ
,,	...	૨૫	...	કો	...	કોઈ
૧૬૫	...	૧૮	...	બોધેજ	...	બોધોજ
૧૬૯	...	૨	...	કાધ	...	ક્રોધ
,,	...	૧૧	...	પૂવ	...	પૂર્વે
૧૭૦	...	૧૧	...	ગ	...	ખ
૧૭૧	...	૧૪	...	સિદ્ધાંતા	...	સિદ્ધાંતો
,,	...	૨૦	...	પરમાયમાં	...	પરમાર્થમાં
,,	...	૨૪	...	તમન	...	તેમને
૧૭૪	...	૨૧	...	મકતી	...	મૂકતી
,,	...	૨૩	...	કોતરા	...	કોતરી
૧૭૭	...	૨૪	...	દપણ	...	દર્પણ
૧૮૧	...	૧૨	...	અજ્ઞાનોને	...	અજ્ઞાનીઓને
,,	...	૧૭	...	પ્રથ્વિ	...	પૃથ્વિ
૧૮૪	...	૩૧	...	અવતયા	...	અવતર્યા
૧૯૨	...	૩૦	...	વમર	...	વગર
૧૯૩	...	૧	...	લેવતી	...	યતી
૧૯૪	...	૫	...	હદય	...	હૃદય
૧૯૬	...	૪	...	બંદ્ધનમાં	...	બંધનમાં
૧૯૭	...	૨૩	...	સ્વાથિ	...	સ્વાર્થિ
,,	...	૨૪	...	કહેવાશ	...	કહેવાશે
૨૦૦	...	૧૨	...	(છ૩)	...	(છાંદોગ્ય ઉપનિષદ)
૨૦૬	...	૨	...	તેવ	...	તેવા
૨૧૫	...	૨૪	...	ન્યતાને	...	સૂન્યતાને
૨૨૮	...	૧૪	...	સમજતો નથી થાય		સમજતો થાય
૨૨૯	...	૮	...	સ્ત	...	રેત
૨૩૨	...	૨૨	...	ઉપ્તન્ન	...	ઉત્પન્ન
૨૩૭	...	૩૦	...	એવું આપ્યું	...	એવું નામ આપ્યું
૨૩૯	...	૨૨	...	વ્યોમનાં	...	વ્યોમ
૨૪૦	...	૧૪	...	મણીન	...	મણીના
૨૪૬	...	૫	...	પાતારા	...	પધારા

થિઓસોફિકલ સોસાયટી.

જીજ્ઞાસુઓને સૂચના.

सत्यात् नास्ति परो धर्मः

"સત્યથી શ્રેષ્ઠ બીજો કોઈ ધર્મ નથી."

તા૦ ૧૭મી નવેમ્બર ૧૮૭૫ને દીવસે અમેરીકાના ન્યુયોર્ક શેહેરમાં "થિઓસોફિકલ સોસાયટી" એ નામના સાર્વજનીક મંડળની સ્થાપના થઇ હતી. તેના સ્થાપકોએ એવી આશા રાખી છે કે, ધર્મ અને વિદ્યા એ બેઉના લાભ સંસ્કૃત, પાલી, જંદ અને એવીજ બીજી ભાષાઓનાં પ્રાચીન લખાણોનું પુનઃસ્થાપન કર્યાથી વધશે, કે જે ભાષાઓમાં અસલના મહાત્માઓ અને ઋષિ મુનિઓએ માણસ જાતના ઉપયોગ માટે માણસ અને સૃષ્ટિ વિષેના સત્ય સિદ્ધાન્તોનો અમૂલ્ય સંગ્રહ કરી રાખ્યો છે. આ મંડળી ધર્મને લગતી હોવા છતાં કોઈ પણ ધર્મ તરફથી કે તેનાં સંબંધમાં રહીને કામ કરતી નથી. તે સર્વ ધર્મોથી વેગળી છે, તેનો હેતુ સર્વ ધર્મોના સત્યપરાયણ બુદ્ધિના શોધકો, અભ્યાસીઓ, પંડીતો, અને શાસ્ત્રીઓ, એ સર્વેમાં પરસ્પર સમભાવ છે. આ મંડળીના હેતુઓ એ છે કેઃ—

૧લો—જાત, ન્યાત, ધર્મ, રંગ, વર્ણ, વગેરેનો તફાવત રાખ્યા વગર જગતમાં માણસજાત વચ્ચે ભ્રાતૃભાવ વધારવો.

૨જો—આર્ય અને પુર્વ તરફના દેશોના શાસ્ત્રો, ધર્મપુસ્તકો, અને વિદ્યાઓનો અભ્યાસ વધારવો.

૩જો—પીંડ અને બ્રહ્માંડમાં ગુપ્ત રહેલી આત્મશક્તિઓ વિષે ખોળ કરવી.

આ મંડળે એવું સ્વપ્ને પણ ધાર્યું નથી કે સમસ્ત જનસમુહમાં ભ્રાતૃભાવનો એકદમ પ્રસાર કરી દેવા તે સમર્થ છે. તેનો ઉદ્દેશ માત્ર એટલોજ છે કે ભ્રાતૃભાવનુ મુળ રહસ્ય ધ્યાનમાં રાખી તે પ્રમાણે વરતી શકે એવા મનુષ્યોનું મધ્ય સ્થળ સ્થાપી ભવિષ્યને માટે પાયો નાંખી મુકવો. વળી આ મંડળમાંના ઘણા એમ પણ માને છે કે પુર્વના તેમજ હાલના જે જે શાસ્ત્ર છે તે સર્વેનું આગ્રહથી અને કેવળ નિઃપક્ષપાત રીતે અવલોકન કીધાથી એમ સિદ્ધ થયા વિના રહેશેનાહિ કે સર્વનું મુળ એકજ છે અને તેજ સત્ય છે. આથીજ ઠરી એ મંડળે

"सत्यात् नास्ति परो धर्मः"

એ સુત્ર પોતાનો મુદ્રાલેખ કરી રાખ્યો છે. આમ છે એટલે કોઈ અમુક ધર્મ, માર્ગ કે સંપ્રદાય, કે મત વિગેરે પોતાનો કરી તેનો બોધ એ મંડળ તરફથી થતોજ નથી. કોઇ અમુક ધર્મ વિગેરે વિષે સમ વિષમતા ન હોવાથી સર્વ ધર્મ, માર્ગ, સંપ્રદાયના મનુષ્યો એમાં દાખલ થઈ શકે છે અને તેઓ પોતાનો ધર્મ નિર્ભય રીતે પાળવી શકે છે.

આ મંડળમાં દાખલ થવાથી કોઇ રીતનું બંધન થતું નથી. એના હેતુઓમાંના સર્વ માન્ય રાખવાજ જોઇએ એવો આગ્રહ નથી. દાખલ થવા અવશ્યનું એટલુંજ છે કે એ મંડળનો પ્રથમ હેતુ અનુભવ સિદ્ધ કરી શકવા માટે યથાશક્તિ પ્રયત્ન કરવા અથવા બીજાને તેમાં સહાય કરવા તત્પર રહેવા દઢ નિશ્ચય હોવો જોઇએ.

આ મંડળની આજ સુધી યુરોપ, અમેરિકા, હિંદુસ્તાન, ઓસ્ટ્રેલેશીઆ, સિલોન, જાપાન વિગેરે દેશોમાં બધી મળી આસરે ચારસો શાખાઓ સ્થપાઇ છે, અને બીજી ઘણી સ્થપાતી જાય છે.

સુરતઃ—થિઓસોફિકલ સોસાઇટીની એક શાખા સુરત શેહેરમાં ગોપીપરામાં પોલીસ ચોકી પાસેના એક મકાનમાં છે ત્યાં દર રવીવારે જુદા જુદા વિષયોપર ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં વ્યાખ્યાનો થાય છે ત્યાં સર્વેને આવવાની છુટ છે.

મુંબઇ ઇલાકામાં સુરત ઉપરાંત વડોદરા, ભાવનગર, પુણા અને મુંબઇમાં આ મંડળીની શાખાઓ સ્થપાઇ છે. અને અમદાવાદમાં એક ટુંક મુદતમાં સ્થપાશે એવી આશા છે.